
સત અસત

ડૉ. મનીષા મનીષ



VISIT…

LANZAROTE Caliente.COM

સત અસત



ડૉ. મનીષા મનીષ



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

eBook

સત–અસત

નોખા યુવાનની અનોખી કથા

ડૉ. મનીષા મનીષ

પુસ્તક વિશે

ભારતનો એક હોનહાર વિજ્ઞાની નિમિત્ત જર્મનીના વિશ્વવિખ્યાત રિસર્ચ ઇન્સ્ટટ્યૂટમાં પ્રવેશ પામ્યો અને જે દિવસે એ બ્રહ્માંડનું રહસ્ય જગત સમક્ષ મૂકવાની તૈયારીમાં હતો તે જ દિવસે કાર અકસ્માતમાં ભયંકર ઇજા પામ્યો. એ અકસ્માત હતો કે એ માટે ષડયંત્ર જવાબદાર હતું? જર્મની પહોંચેલા એના નાનાભાઈ અનુજને પણ મનોમન આ જ પ્રશ્ન પજવતા હતો. બિગબેન્ગની માફક સત્યકથાના બીજમાંથી રહસ્ય અને રહસ્યવાદના ચકરાવે ચડેલી નવલકથા.

લેખક વિશે

ડૉ. મનીષા મનીષ ૨૫ વર્ષથી મૅનેજમૅન્ટના પ્રોફેસર છે અને મૅનેજમૅન્ટના વિષય ઉપર Ph.D. કર્યું છે. એમનાં માર્ગદર્શન હેઠળ Ph.D. કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી નથી. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પરિષદોમાં તેમનું પ્રદાન વખણાયું છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારના વિષય ઉપર લખાયેલી આ સૌપ્રથમ નવલકથા છે. તેઓ ગુજરાતનાં આશાસ્પદ લેખક તથા અસરકારક વક્તા છે. ડૉ. મનીષા મનીષે ગુણવંત શાહનાં બે પુસ્તકો : 'મરો ત્યાં સુધી જીવો' અને 'કૃષ્ણં શરણં ગચ્છામિ'નું અદ્‌ભૂત સંપાદન કર્યું છે. તેથી બંને પુસ્તકો બેસ્ટસેલર બની શક્યાં છે. તેમણે અને શ્રી ગુણવંત શાહે મળીને લખેલું પુસ્તક The Boss ગુજરાતી ભાષામાં મૅનેજમૅન્ટ ઉપરનું માઇલસ્ટોન પુસ્તક ગણાય છે.

અર્પણ

સત-અસતની
પાર રહેલા
પરમ સતના પાઠ
ભણાવનાર માતા-પિતાને.

આભાર

મનીષ પાનવાલા

અવંતિકા શાહ

અમીષા શાહ

મૃગાંક શાહ

વિવેક શાહ અને બતુલ

ચિંતન શેઠ

અનુષ્કા-હેતવ-શીતલ-રીજુતા

કિશોર શાહ

શેઠ પરિવાર અને દેસાઈ પરિવાર

કેફિયત

આ નવલકથા લખ્યા પછી 'synchrodestiny' ફક્ત શબ્દ ન રહેતાં સ્વ-અનુભૂતિ બની ગઈ છે. મેં તે અનુભવી છે. થોડી માંડીને વાત કરું?

ભાઈ [1] ને બરોડામાં હાર્ટઍટેક આવ્યો. એમનું ઑપરેશન બરોડાની બેન્કર હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં થયું. હું એ ગાળામાં obviously ત્યાં જ હતી. પોસ્ટ ઑપરેટિવ દિવસોમાં, બે-ત્રણ ડૉક્ટર્સ ભાઈને મળવા આવ્યા. એમાંના એક ડૉક્ટર હતા ડૉ. ચિરાગ શેઠ. ભાઈએ વાતવાતમાં પૂછ્યુંઃ 'પિતાજી કેમ છે?' પુસ્તક અંગે એકાદ-બે વાક્યોની આપ-લે થઈ. ડૉ. ચિરાગભાઈ મને શરમાળ અને ઓછાબોલા લાગ્યા. આટલી વાત પછી તેઓ રૂમમાંથી વિદાય થયા. પૂછપરછનો સ્વભાવ નહીં પરંતુ વાતચીત દરમ્યાન મને રસ પડ્યો એટલે મેં ભાઈને વધુ પૂછ્યું. જાતુષ (જિગર) એક વિજ્ઞાની, એસ્ટ્રોફિઝિક્સ વિષય, ભાઈનું પુસ્તક (કૃષ્ણનું જીવનસંગીત) વાંચનારા, અચાનક અકસ્માત થયો, જાતુષના પિતાજી અને તેમના સ્વજને મળીને પુસ્તક બહાર પાડ્યું. જાતુષ ગુણવંત શાહનાં પુસ્તકોનો ખાસ ચાહક હોવાથી ગુણવંત શાહે પુસ્તક માટે ખાસ સંદેશો લખી આપેલો. આટલી માહિતી અનાયાસ મળી એટલામાં હોસ્પિટલમાં જ નવલકથાનું બીજ મનમાં રોપાઈ ગયું. કોઈ મહાન શોધને આરે આવો અકસ્માત?

તે જ દિવસે હૉસ્પિટલથી ઘરે આવીને બાને વાત કરી. બા કહેઃ ''હા. 'ડૂબેલા સૂરજનું અજવાળું' નામનું પુસ્તક છે. પછી તને આપીશ.'' આ જ સમયગાળામાં ભાઈની ચિંતા, હૉસ્પિટલના આંટાફેરા, મહેમાનોની અવરજવર વચ્ચે ઘરના ટેબલ પર એક બીજું પુસ્તક પડેલું. એ હતું Deepak Chopraનું 'Synchrodestiny'. Deepak Chopra મારા ગમતા લેખકોના લિસ્ટમાં આવે નહીં. મેં આ પહેલાં એમનું એક પણ પુસ્તક વાંચેલું નહીં, પણ 'Synchronicity', 'Synchrodestiny' શબ્દો મારા favorite, એટલે લેખક કરતાં પુસ્તકના ટાઇટલને કારણે પુસ્તક વાંચવાનું ચાલુ કર્યું. પુસ્તક મન પર ઊંડી છાપ પાડી ગયું.

આ વાતને મહિનાઓ વીતી ગયા. એકવાર પ્રવચન માટે ભાઈ-બા સુરત આવ્યાં ત્યારે બા યાદ રાખીને 'ડૂબેલા સૂરજનું અજવાળું' પુસ્તક લેતી આવી. એ પુસ્તક મારી લાઇબ્રેરીમાં મહિનાઓ સુધી પડી રહ્યું. નવલકથાનો વાર્તાતંતુ મનમાં રમ્યા કરે. આ ગાળામાં Astrophysics, Stephen Hawkingનાં પુસ્તકો, 'The Theory of Everything', 'The Grand Design' વાંચી ગઈ. એક ડાયરી રાખવાનું ચાલુ કર્યું અને નવલકથાનો પ્લોટ લખવા બેઠી. અંતે 'Interstellar' પિક્ચર જોયું પછી રહેવાયું જ નહીં અને ૪-૧૨-૨૦૧૪ના દિવસે નવલકથા લખવાનું શરૂ થઈ ગયું! રોજ સવારે, ક્યારેક સાંજે, ક્યારેક મધરાતે લખાતું ગયું. ૬-૧-૨૦૧૫ના રોજ સાંજે ૬ વાગ્યે છેલ્લું પ્રકરણ લખીને ઊભી થઈ. નવલકથાનો પહેલો ડ્રાફ્ટ એક મહિનો અને બે દિવસમાં પૂરો કર્યો.

હૉસ્પિટલથી માંડીને Interstellar પિક્ચર જોયું, તે સમજવા ફરી Stephen Hawkingનું પુસ્તક વાંચ્યું. તે બધા સમયગાળા વચ્ચે રહેલી synchrodestiny મેં અનુભવી છે.

'ડૂબેલા સૂરજનું અજવાળું' પુસ્તક વાંચતાં જાતુષ મને મારા નાના ભાઈ જેવો જ લાગ્યો. જાતુષ, એનું ઘર, એના મિત્રો, એનાં સ્વજનો મને એટલાં પોતીકાં લાગ્યાં કે જાણે વર્ષોથી એમની સાથે નાતો ન હોય!

જાતુષને અને મને જોડતો સેતુ તે ભૌતિકવિજ્ઞાન, અધ્યાત્મ, ગુણવંત શાહ [2] , કનૈયાલાલ મુનશી અને મનુભાઈ પંચોળી. કનૈયાલાલ મુનશીનું 'કૃષ્ણાવતાર' મેં નાનપણમાં કેટલીય વાર વાંચ્યું હશે! 'કૃષ્ણનું જીવનસંગીત'ના પ્રત્યેક પાન સાથે તો મારો અંતરંગ સંબંધ! જાતુષને મળ્યા વગર પણ લાગ્યું કે હું એને ઓળખું છું, વર્ષોથી!

સત્યઘટનાના એક બીજમાંથી વિજ્ઞાન, અધ્યાત્મ, રહસ્યવાદ, ગીતા અને ઉપનિષદના તાણાવાણા વણાતા

ગયા અને નવલકથા રચાતી ગઈ. બિગબેંગની જેમ જ ‘Singularity’માંથી વાર્તાનું વિસ્તરણ થતું જ ગયું! મનથી ક્યારેક જર્મની, ક્યારેક રણપ્રદેશ, ક્યારેક જંગલમાં અઘોરીઓની વચ્ચે પણ અચાનક પહોંચી ગઈ!

આ પહેલાં નવલકથા લખવાનો મને કોઈ અનુભવ નથી. થોડી છૂટક વાર્તાઓ, કવિતાઓ લખવાનો અને સંપાદનનો જ અનુભવ છે. ગુજરાતના વાચકો મને અને મારી નવલકથાને આવકારશે તેવી આશા રાખું છું.

– મનીષા મનીષ

1 ગુણવંત શાહ. મારા પપ્પાને અમે ઘરમાં ભાઈ કહીએ છીએ.

2 ‘કૃષ્ણાવતાર’, ‘ગીતા’, ‘કઠોપનિષદ’, ‘રામાયણ’, ‘મહાભારત’ તથા પ્રસિદ્ધ લેખકચિંતક ગુણવંત શાહના... વગેરેના વિચારોની ઊંડી છાપ હતી તેમજ જિગરને પત્રોમાં આમાંથી અવતરણો ટાંકવાની ટેવ હતી. ‘ડૂબેલા સૂરજનું અજવાળું’ જયેશ કોઠારી (પાન-૨)

“જન્મદિવસે તેથી જો જીવનને, મૃત્યુને અને પેલા પરમતત્ત્વને યાદ ન કરીએ તો આપણે ‘આપણે’ શાના? ‘કૃષ્ણનું જીવનસંગીત’ તને ખરેખર ગમશે. આ આપવાનીય અમારી હસ્તી કેટલી?”
(જાતુષે મિત્ર જિજ્ઞેશને લખેલા પત્રમાંથી તા. ૨૩ ડિસેમ્બર, ૧૯૯૭, ‘ડૂબેલા સૂરજનું અજવાળું’ પાન-૧૨૩)

નોંધ: જાતુષનું લાડકું નામ જિગર પણ હતું. આ પુસ્તકની પ્રસ્તાવના ડૉ. ગુણવંત શાહે લખેલી, તે એમના હસ્તાક્ષરમાં છપાયેલી છે. (પરિશિષ્ટ-૧)

નિમિત્તની નિયતિ

હજી તો સાંજના પાંચ વાગ્યા હતા, પરંતુ એવું લાગતું હતું કે મધરાતનો અંધકાર છે. નિમિત્તને આ અંધકાર સૂર્યોદય પહેલાનો અંધકાર લાગી રહ્યો હતો. નિમિત્ત માટે આજનો દિવસ એના જીવનનો સૌથી મહત્ત્વનો દિવસ હતો. જર્મનીના મ્યુનિક નજીક આવેલા ગાર્ચિંગ શહેરમાં હતો. એનું મન તો સમગ્ર બ્રહ્માંડનો ચકરાવો મારી રહ્યું હતું. એની આંખો જાણે બ્રહ્માંડને જોઈ રહી હતી. સોનેરી રંગનો એક મોટો ગોળો હતો. એક મોટો વિસ્ફોટ થયો, અનેક સૂર્ય મંડળો ફૂટતાં અને અવકાશમાં વિખેરાઈ ભારે ઝડપથી વિસ્તરવા લાગ્યાં. નવા નવા તારાઓ ફૂટી રહ્યા હતા. તારાઓ, નિહારિકાઓ, તારાઝૂમખા એની નજર સમક્ષ ફૂટતાં હતાં અને ગતિમાન થતાં હતાં. સમગ્ર બ્રહ્માંડમાં ચકરાવો મારીને એનું મન ફરી વર્તમાનમાં આવી ગયું. નિમિત્ત એના હોચબ્રુક પરામાં આઇનસ્ટાઇનસ્ટ્રાસે (Einstainstrasse) લેનમાં આવેલા ઘર 465માં હતો.

નિમિત્ત સ્ટડી ટેબલ પરની વેરવિખેર વસ્તુઓ આટોપી રહ્યો હતો. જરૂરી કાગળિયાં, ફાઇલ્સ વગેરે એક બ્લૅક લેધરની બૅગમાં મૂકી રહ્યો હતો. એપલનું સફેદ રંગનું લેપટોપ એક છેલ્લી વખત જોઈને, બંધ કરીને બૅગમાં મૂકી દીધું. તૈયાર થવા માટે એ બેડરૂમમાં ગયો. કબાટમાંથી કપડાં કાઢી બેડ પર ગોઠવી દઈ બાથરૂમમાં જઈ, શાવર લઈને તૈયાર થયો. કેટલીય રાતોના ઉજાગરા પછી પણ એના ચહેરા પર જે તાજગી અને તેજ હતું, તેનું ખરું કારણ બીજું જ હતું!

નિમિત્તનું સમગ્ર જીવન એક ઘટનાબિંદુ તરફની ગતિ જેવું હતું. આજે એ ઘટનાબિંદુ સાકાર થવાનું હતું. અરીસામાં એ પોતાને જોતો હતો અને એની નજર ત્યાં જ થંભી ગઈ! પાંચ ફૂટ આઠ ઈંચની ઊંચાઈ, ચોરસ અને ગોળાકાર મિશ્ર ઘઉંવર્ણો ચહેરો, પાતળો કહી શકાય તેવું યોગથી ઘડાયેલું ટટ્ટાર શરીર, તેજથી ઉભરાતો ચહેરો અને બખોલમાં બેસાડી હોય તેવી થોડી ઊંડી અને નિર્દોષ આંખો. અરીસામાં દેખાતા પોતાના પ્રતિબિંબને એ માનથી જોતો જ રહ્યો. એ પ્રતિબિંબ સામે હસ્યો, આંખથી પલકારો માર્યોઃ એનો લાક્ષણિક પલકારો.

"વેલ ડન નિમિત્ત! આઇ એમ પ્રાઉડ ઑફ યુ." એણે પોતાની જાતને જ કહ્યું. ત્યાં જ ડ્રૉઇંગરૂમમાંથી આવતા ફોનનો રણકાર સાંભળ્યો. બહાર આવીને એણે ફોન ઉપાડ્યો,

"નમસ્તે પપ્પા."

"...................."

"હા, હું કૉન્ફરન્સમાં જવા જ નીકળું છું."

"...................."

"બસ, આ દિવસ, આ પળની જ રાહ જોતો હતો."

"...................."

"તમારા અને મમ્મીના આશીર્વાદથી જ બધું થયું છે. આજે તમે લોકો અહીં હોત તો મને વધારે આનંદ થયો હોત. મમ્મી, ભાઈ, ભાભી અને તોફાની બારકસ અંશને યાદ."

"...................."

"આવીને ફોન કરીશ."

"...................."

"જરૂરથી પપ્પા. જય શ્રીકૃષ્ણ. આજે મને લાગે છે કે હું કૃષ્ણની ખૂબ જ નજીક છું."

ફોન મૂકીને નિમિત્ત એકાદ મિનિટ ત્યાં જ ઊભો રહ્યો. ફોન પાસે જ એણે કુટુંબના બધા સભ્યોના ફોટા રાખ્યા હતા. વચ્ચે કૃષ્ણનો ફોટો અને એની આજુબાજુમાં માતા-પિતા, ભાઈ-ભાભી અને એમના નાનકડા દીકરા અંશનો ફોટો. ફોટામાં દેખાતા સૌ સાથે નજર મેળવી એણે બધાનું અભિવાદન કર્યું. આજે એને સૌની ખોટ વરતાતી હતી. જીવનની મહત્ત્વની ક્ષણે કુટુંબના સભ્યોની ખોટ વધુ સાલે છે. એકલતા કનડે ત્યારે હૂંફાળો કલરવ ગમે.

તૈયાર થઈ નિમિત્ત પાછો સ્ટડી ટેબલ પર ગયો. બૅગ લીધી. કિચનમાં જઈને કૉફી મેકરમાં કૉફી બનાવી. કૉફી પી લઈ કપને પ્લૅટફૉર્મ પર મૂકી ઘરની બહાર નીકળ્યો. બહાર એની સફેદ ઓપેલ ઇનસીગ્નિયા ગાડીનો દરવાજો ખોલી બૅગ અને લેપટોપ મૂકી ડ્રાઇવર સીટ પર બેઠો. સીટ બેલ્ટ બાંધ્યો. એકવાર એણે પોતાના ઘર તરફ નજર કરી, ગાડીનું startનું બટન દબાવ્યું. ગાડીના એન્જિનનો નહીંવત્ અવાજ આવ્યો.

'એ બિગ જર્ની બિગિન્સ વિથ એ સ્મોલ સ્ટેપ!' – વાંચેલું વાક્ય યાદ આવી ગયું. આજે ફરી આ ઘરે પાછો ફરશે ત્યારે આ નિમિત્ત પછી એનો એ નિમિત્ત નહીં હોય! આજે એણે જે સ્ટાર્ટ બટન દબાવ્યું છે એ એને ક્યાં લઈ જઈને અટકશે, એનો અંદાજ સુધ્ધાં ન હતો. સ્ટ્રીટ હમેશની માફક શાંત હતું. આજુબાજુનાં ઘરોની લાઇટ્સ ચાલુ હતી. ઘણી બધી ગાડીઓ પાર્ક કરેલી હતી. એક ગાડી અંધકારમાં એક તેજ લિસોટો પાથરતી જતી હતી.

/ / /

જેવી નિમિત્તની ગાડી નીકળી એવી જ દૂર ઊભેલી બીજી એક ગ્રે કલરની ગાડી સ્ટાર્ટ થઈ. ગાડીમાં બે જણ બેઠેલા હતા. એકના હાથમાં ફોન હતો. નિમિત્તની ગાડી જતી જોઈને એણે ફોન ઉપર વાત કરી. ડ્રાઇવરને ઇશારો કર્યો અને ગાડી સ્ટાર્ટ થઈ. સહજ અંતર રાખીને એ ગાડી નિમિત્તની ગાડીને ફોલો કરવા લાગી.

/ / /

અજાણ્યા સ્થળે આવેલી એક નાનકડી ઑફિસમાં બીપ... બીપ... અવાજ આવ્યો. કમ્પ્યૂટરના સ્ક્રીન પર લીલા રંગનાં ટપકાંનું હલનચલન શરૂ થયું. એનું અવલોકન કરતો માણસ ચમક્યો. એણે ફોન ઉપાડ્યો અને નંબર જોડ્યો.

/ / /

ફોન મૂક્યા પછી વિકાસભાઈના ચહેરા પર ગૌરવના ભાવ ઊપજ્યા.

"જય શ્રીકૃષ્ણ બેટા. તું કૃષ્ણની ખૂબ નજીક છે એ હું ક્યારનો જાણું છું."

પૂજાના ઓરડામાં દીવો કરી રહેલા નિમિત્તની મમ્મીને એમણે કહ્યું,

"નિમિત્તનો ફોન હતો. કૉન્ફરન્સમાં જવા નીકળે છે. પછી નિરાંતે ફોન કરશે.". શર્વરીબહેને સાંભળ્યું. મંદિરનો દીવો અધિક તેજોમય થયો. મંદિરમાં રહેલી મૂર્તિઓ ઝળીહળી ઊઠી! એ પ્રકાશે શર્વરીબહેનના ચહેરા પર ઉજાસ પાથર્યો. આંખ બંધ કરી શર્વરીબહેન બોલ્યાં:

"જય શ્રીકૃષ્ણ."

/ / /

જર્મનીના બાવરિયા રાજ્યમાં, પર્વતની તળેટીમાં આવેલા રિંગબર્ગ કૅસલની ભવ્યતા અદ્વિતીય હતી. લીલાંછમ વૃક્ષોની વચ્ચે આ ભવ્ય મહેલ પરીકથાના વર્ણનમાં વિખ્યાત એવા મહેલ જેવો જ સુંદર હતો. બાવરિયા ઉપર જેમણે આઠસો વર્ષ રાજ કર્યું હતું તેવા વિટલબૅચ ફૅમિલીના છેલ્લા ડ્યૂક લ્યૂઇટપોલ્ડે બનાવેલો એ સુંદર મહેલ હતો. કોઈ વારસદારના અભાવે તેમણે એ મહેલ મેક્સ પ્લેન્ક સોસાયટીને ભેટ આપ્યો હતો. મેક્સ પ્લેન્ક સોસાયટી દ્વારા સંચાલિત ઍૅસી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની કૉન્ફરન્સ અને સેમિનાર આ મહેલમાં જ યોજાતી રહેતી. આ જગ્યા વિજ્ઞાનીઓ માટે મળવાનું અને વૈજ્ઞાનિક શોધખોળને પ્રગટ કરવા માટેનું અગત્યનું

મહત્ત્વનું કેન્દ્ર બની ગયું હતું.

કૉન્ફરન્સ હૉલની બહાર ચહલપહલ ચાલુ હતી. એક ટેબલ પર ડિશમાં બિસ્કિટ અને કૂકીઝ પડેલાં હતાં. એકત્ર લોકો કૉફી પીતાં પીતાં હળવા સાદે વાત કરી રહ્યા હતા. દુનિયાના લોકો માટે આજે કોઈ મોટો દિવસ ન હતો. દર ત્રણ મહિને ભરાતી એ રૂટીન કૉન્ફરન્સ હતી. દુનિયાભરના વિજ્ઞાનીઓને ભેગા થવાની એ તક હતી. જે કોઈપણ વિજ્ઞાની પોતાની રિસર્ચ ઉપર બોલવા માગે તેને બોલવાની છૂટ હતી. જેને પોતાની શોધ ઉપર કોઈ ડાઉટ હોય કે કોઈ ટિપ્પણી જોઈતી હોય એ બધાં જ આ કૉન્ફરન્સમાં આવતા. ખૂબ ખુલ્લા મને ચર્ચાઓ થતી. મહત્ત્વના મુદ્દાઓ, અભિપ્રાયોની લેવડ-દેવડ થતી. વીડિયો કૉન્ફરન્સિંગ અને આજની ઈ-સુવિધાઓને ધ્યાનમાં રાખનારી આ પ્રકારની કૉન્ફરન્સની એટલી જરૂર ન હતી, પરંતુ મૅક્સ પ્લેન્ક સોસાયટીની ગરિમાવાળી પરંપરા સૌ વિજ્ઞાનીઓને ખૂબ ગમતી. આજે કોસ્મોલૉજીના મોટા મોટા વિજ્ઞાનીઓ ભેગા થવાના હતા. કૉફી અને બિસ્કિટ ખાતાં ખાતાં સૌ એકબીજાની સાથે વાતો કરી રહ્યા હતા. આજે કોણ બોલવાનું છે એની પૂછપરછ થઈ રહી હતી. ત્યાં જ એક જણનો મોબાઇલ રણક્યો. થોડીક નારાજગીથી એમણે મોબાઇલ ગજવામાંથી કાઢ્યો. નંબર જોઈને તરત જ બધાથી દૂર થઈ ધીમે સાદે વાત કરવાની શરૂ કરી...

* * *

ગાડીમાં નિમિત્ત એની ફેવરિટ CD પર લતા મંગેશકરના સ્વરે ગવાયેલા ગીતાના શ્લોક સાંભળી રહ્યો હતો. રિંગબર્ગ કેસલનો રસ્તો જાણીતો હતો અને નિમિત્ત હવે જર્મનીમાં ગાડી ચલાવવા ટેવાયેલો હતો. આ પહેલા અનેક વખત નિમિત્ત આ રિંગબર્ગ કેસલના કૉન્ફરન્સ હૉલમાં વિખ્યાત વિજ્ઞાનીઓનાં પ્રવચનો સાંભળી ચૂક્યો હતો. આ ભવ્ય મહેલ ફ્રેડરિક એટનહ્યુબર નામના આર્ટિસ્ટ અને આર્કિટેક્ટ ધગશથી બંધાવ્યો હતો. કલાના ઉત્તમ નમૂના જેવો સુંદર મહેલ એણે સંશોધન કરવામાં મગ્ન રહેનારા વિજ્ઞાનીઓને સમર્પિત કર્યો હતો. રિંગબર્ગ કૅસલ જેમ જેમ નજીક આવતો જતો હતો તેમ તેમ નિમિત્તની ઉત્તેજના વધતી જતી હતી. જર્મનીના હાઇવે ઓટોભાન A9 પરથી ટર્ન લઈ એણે exit લેવાનું છે અને પછી 3 કિ.મી. લાંબી ટનલ, પછી બે સ્ટ્રીટ ક્રૉસ કરીએ ત્યાં એનું 'મંદિર' આવી જશે! આ રિંગબર્ગ મહેલ જ્ઞાનનું મંદિર જ છે ને! અહીંથી જ બધા વિજ્ઞાનીઓ પોતાની શોધ અને સંશોધન પ્રગટ કરતા રહ્યા છે. જર્મનીના મ્યુનિક નગરની નજીક આવેલો ગાર્ચિંગ વિસ્તાર સમગ્ર વિશ્વના વિજ્ઞાનીઓની ઉપાસનાનું સ્થાન જ છે ને! આજે કૉન્ફરન્સમાં એ કૃષ્ણના અગિયારમા અધ્યાયમાં બતાવેલા વિશ્વરૂપદર્શનની ઝાંખી સૌને કરાવવાનો છે. આજે જ્યારે એ પોતાની શોધ દુનિયાભરના વિજ્ઞાનીઓ સમક્ષ જાહેર કરશે ત્યારે...

"અલ્યા! તું તો હોંશિયાર નીકળ્યો ને! ધાર્યો નહોતો કે તું આટલી મોટી શોધ કરશે! જોજે લ્યા, બહુ ફુલાઈ ના જતો!"

જાત સાથે વાત કરવાની નિમિત્તને ટેવ હતી.

ઓટોભાન A9 પરથી બહાર નિકળવાનું exit લઈ, સામે એક ટર્નિંગ આવ્યું. ટર્નિંગ અને પછી 3 કિમી લાંબી ટનલ. ટર્ન લઈ એ ટનલમાં પ્રવેશ્યો. થોડેક આગળ ગયો ત્યાં સફેદ પ્રકાશ જાણે સામેથી તેજ ગતિએ આવતો જણાયો. અચાનક ગાડીનાં ટાયરોની ચિચિયારીઓ... ગાડી અથડાવાનો ભયંકર અવાજ અને પછી બધું શાંત થઈ ગયું...... ખૂબ શાંત થઈ ગયું!!!



અંધારી રાત અને પવનના ભેદી સુસવાટા !

એક મોટો ઓરડો હતો. ઓરડામાં અનેક સ્તંભ હતા. પ્રત્યેક સ્તંભ પર એક મશાલ સળગતી હતી. ઓરડાના મધ્યભાગમાં પંદર યુવાનો ઊભા હતા. સૌએ માથાથી પગ સુધી શ્વેત રંગનું પહેરણ ધારણ કર્યું હતું. સૌ આતુરતાપૂર્વક કોઈકના આગમનની રાહ જોતાં ઊભા હતા. મશાલના ઉજાસમાં ઊભેલા બધા જ યુવાનોની આંખમાં ચમક હતી. સૌ મૌન ઊભા હતા. થોડીવારે ઓરડાના દૂરના ભાગમાંથી કોઈ આવતું હોય તેવો અવાજ આવ્યો. વાતાવરણમાં એક જાતની ઉત્તેજના વ્યાપી ગઈ. સૌ યુવાનો સતેજ થઈ એ દિશામાં જોવા લાગ્યા. એક નાનકડું સફેદ વાદળ તેજ ગતિએ આવી, તેમની સૌની સામે આવીને સ્થિર થઈ ગયું. શ્વેત વસ્ત્રથી ઢંકાયેલી વ્યક્તિ એમની સામે ઊભી રહી. માથા પરનું વસ્ત્ર પાછળ કર્યું. સફેદ વાળ ખભા સુધી પથરાયેલા હતા. આંખો અને ચહેરાનું તેજ વર્ણવી શકાય તેમ ન હતું. શરીર પરથી, સ્ફૂર્તિ પરથી ઉંમર જાણવી અશક્ય હતી. સફેદ વાળ પરથી એટલું કહી શકાય એ વૃદ્ધાવસ્થા હતી. સફેદ વાળ સિવાયની કોઈ બીજી નિશાની ઉંમર દર્શાવતી ન હતી. પરંતુ સામે ઊભેલા યુવાનોને ખબર હતી કે ઉંમરની ગણતરી પણ ભુલાઈ ગઈ છે. સો વર્ષથી વધુ, બસો વર્ષ કે એથી વધુ પણ હોઈ શકે. સમયની ગણતરીમાં માનતું આ ટોળું ન હતું. સમય અને સ્થળથી પર એવા એ નોખા-અનોખા લોકો હતા. આજુબાજુ ચાલતા પવનના સુસવાટા પરથી જાણી શકાતું હતું કે એ કોઈ વેરાન જગ્યા હતી.

સૌ યુવાનો પોતાના સ્થળ પર ઊભા રહ્યા. ત્યાં ફક્ત સળગતી મશાલો અને પવનના સુસવાટા હતાં. સામે મધ્યમાં ઊભેલી વ્યક્તિની પારદર્શી આંખોએ એક એક યુવાનને નીરખી લીધી! એની તેજ નજરે જાણે કે પ્રત્યેક વ્યક્તિને આરપાર જોઈ નાખી. આરપાર શરીરનો જ નહીં, મનનાં ઊંડાણ, હૃદયની ગુફાઓ અને તેમના ભૂત-ભવિષ્યની આરપાર પણ જોઈ લીધું. સામે ઊભેલા યુવાનો કેવળ એમ જ એકત્ર નહોતા થયા. યુવાનો પણ જાણતા હતા કે તેઓ સૌ 'chosen ones' છે. કપરી પરીક્ષા પછી અહીં ઊભા રહેવાની તક મળી હતી. તેઓ બધા એક જ દેશના પણ નહોતા. પૃથ્વીના દરેક ખૂણામાંથી તેમને પસંદ કરવામાં આવ્યા હતા. આજે હવે તેઓ સૌ એક ગાંઠે બંધાઈ જશે. તેઓ પણ તૈયાર હતા. નજરથી નજર મિલાવીને સૌ ત્યાં ઊભા હતા. થોડીવારે સાગરના ઊંડાણમાંથી આવતો હોય તેવો ધીર ગંભીર અવાજ આવ્યો. ભાષા અજાણી હતી, પણ સૌ સમજી રહ્યા હતા. અહીં ઊભેલા સૌ શબ્દોથી પર હતા.

"તમે સૌ તૈયાર છો?"

"હા."

"સહેલી વાત નથી."

"ખબર છે."

"તાલીમ દરમ્યાન કષ્ટ પડશે."

"અમે તૈયાર છીએ."

"એક વાર અંદર ગયા પછી બહાર નીકળવાનો રસ્તો નથી. મૃત્યુનો માર્ગ પણ ખુલ્લો નથી."

"મંજૂર છે."

"હજી પાછા ફરીને જઈ શકો છો. સવારે ઊઠશો ત્યારે બધું ભુલાઈ ગયું હશે. સ્વપ્નમાંથી ઊઠતાં હો એવી રીતે ઊઠી જશો."

"પાછા ફરવું નથી."

"માર્ગ કઠિન છે. ભૂલની સજા મૃત્યુ કરતાં પણ ખતરનાક છે. પાછા ક્યારેય ફરી શકશો નહીં."

"મંજૂર, મંજૂર... મંજૂર."

છેલ્લીવાર સૌ સાથે નજર મિલાવી. નજરથી છેલ્લીવાર પૂછી લીધું. નજરથી જ છેલ્લીવાર સૌ યુવાનોએ સંમતિ આપી.

એમણે હાથમાંનો દંડ ઊંચો કર્યો. એ દંડ સફેદ રંગનો હતો. બે સર્પ એકબીજાંથી વીંટાળાયેલા હોય તેવા વળવાળો એ અલૌકિક દંડ હતો. દંડ ઉપર હાથા પાસે બંને સર્પનું મોઢું સામસામે હોય તેવો આકાર હતો. સફેદ રંગનો ચમકીલો, લીસો દંડ શાનો બન્યો હશે તે કહેવું મુશ્કેલ હતું. એ તો એમના હાથમાં અપાર શક્તિના પ્રતીક જેવો શોભી રહ્યો હતો!

એમણે માથું ફરી શ્વેત વસ્ત્રથી ઢાંકી દીધું અને ફરીને ઝડપથી આવ્યા હતા એ દિશામાં ચાલવા લાગ્યા. સૌ યુવાનોએ પણ માથું ઢાંકી દીધું અને એમની પાછળ ચાલવા લાગ્યા. મોટા ઓરડાના ખૂણે આવેલો દરવાજો ખૂલ્યો. સામે સફેદ રેતીનું વિશાળ રણ હતું. આકાશ નિરભ્ર હતું. અનેક તારાઓ ટમટમતા હતા.

સૌ દરવાજાની બહાર નીકળ્યા. એક મોટું વાદળ જાણે જમીન પરથી સરકતું સરકતું દૂર દૂર જઈ રહ્યું!



વિસ્મયની બારાખડી

અંતરિક્ષમાં અનેક તારામંડળો ઘૂમી રહ્યાં છે. સેંકડો તારાઓ ફૂટી રહ્યા છે. અનેક સૌરમંડળો ગતિ કરી રહ્યાં છે. એમાંનું એક સૌરમંડળ તે સૂર્ય, તેની આજુબાજુ ફરતા અનેક ગ્રહો... એમાંનો એક ગ્રહ તે પૃથ્વી...એમાંનું એક સ્થળ તે ભારત... એમાંનું એક રાજ્ય તે ગુજરાત... એમાંનું એક શહેર તે વડોદરા... એમાં એક સોસાયટી... ઊર્મિ... એમાં એક ઘર... 'સ્વજન'... એનો એક વરંડૉ... એમાં પડતા સૂર્યનાં કુમળાં કિરણો. આ ઊગતા સૂર્યની સમક્ષ હાથ જોડીને ઊભેલા બે જણ, એક વૃદ્ધ અને બીજો ચાર વર્ષનો બાળક.

ૐ ભૂર્ભૂવઃ સ્વઃ ।
તત સવિતુર્વરેણ્યં ।
ભર્ગો દેવસ્ય ધી મહિ ।
ધિયો યો નઃ પ્રચોદયાત ।
ૐ શાંતિઃ શાંતિઃ....શાંતિઃ ॥

હે સૂરજદાદા! મને ડાહ્યો બનાવજો!
હે સૂરજદાદા! મને ખૂબ ભણાવજો!
હે સૂરજદાદા! મારી પાસે સારાં સારાં કામો કરાવજો!
હે સૂરજદાદા! મારી પાસે લોકોની સેવા કરાવજો!
હે સૂરજદાદા! મને આજે ચોકલેટ અપાવજો!
હે સૂરજદાદા! મને સાંજે કમાટી બાગ ફરવા લઈ જજો!
હે સૂરજદાદા...!

"નિમિત્ત"

"હં... દાદાજી... હું તો સૂરજદાદાને પ્રાર્થના..."

બાજુમાં ઊભેલા દાદાજીએ નિમિત્તને વહાલથી ઊંચકી લીધો. દાદાજી એટલે ગાંધીયુગના સ્વરાજની લડત વખતે ગાંધીજીની હાક સાંભળીને ઝંપલાવેલ યુવાવર્ગમાંના એક યુવાન. આઝાદી પછી બાકીનું ભણતર પૂરું કરી વડોદરાની શાળામાં શિક્ષક બની ગયેલા. ઘરમાં ગાંધીવિચારો ખરા પણ આકરા નિયમો નહીં. પત્નીને ગુમાવ્યા પછી એકના એક પુત્ર વિકાસના માતા અને પિતા બંને બની ગયેલા. હવે નાના નિમિત્તના પ્રિય અને હંમેશના સાથીદાર. દાદાજી અને નિમિત્તનો આ નિત્યક્રમ હતો – રોજ સવારે ઘરના વરંડામાં ઊગતા સૂર્યની પ્રાર્થના કરવાનો. દાદાજી ગાયત્રીમંત્ર બોલે અને નાનકડો નિમિત્ત એની પ્રાર્થના! પ્રાર્થનાને અંતે સૂરજદાદાને રોજની એ જ ફરમાઈશ!

"નિમિત્ત! દૂધ પીવા આવ બેટા!" મમ્મીનો રોજનો સાદ.

"પિતાજી! તમારી ચા તૈયાર છે."

સૂર્યને પ્રણામ કરીને બંને ઘરની અંદર ગયા. ડાઇનિંગ ટેબલ પર વિકાસભાઈ છાપું વાંચતાં, ચા-નાસ્તો કરી રહ્યા હતા. સંસ્કારી, સેવાભાવી માતા-પિતાના પુત્ર વિકાસભાઈએ વડોદરાની M.S. યુનિવર્સિટીમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ કર્યા બાદ વડોદરામાં જ GEBમાં નોકરી મળી જતાં ત્યાં જ સેટલ થયા હતા. વધુ

મહત્ત્વાકાંક્ષા નહોતી એટલે નિષ્ઠાપૂર્વક નોકરી કરી રહ્યા હતા. શર્વરીબહેન અંદરથી દૂધનો ગ્લાસ અને ચાનો કપ લઈ આવ્યાં. શર્વરીબહેન પણ વડોદરાનાં જ રહેવાસી. હોમસાયન્સનાં વિદ્યાર્થિની. સહેજપણે જ ધાર્મિકવૃત્તિનાં, ઘરને જ મહત્ત્વ આપનારાં, બાળકને બાળગોવિંદ ગણનારાં, માતૃત્વથી ભરેલાં. પારકાને પોતાના કરી લેવાની આવડતને કારણે સગાસંબંધીમાં પ્રિય.

"ભાઈ! નિમિત્તની આજની ફરમાઇશ વાયા સૂરજદાદા આવી ગઈ છે." પિતાજી ખુરશી પર બેસતાં બોલ્યા.

"કેમ ભાઈ! આજની શું ફરમાઈશ છે?" વિકાસભાઈએ હસતાં હસતાં છાપામાંથી ડોકું બહાર કરતાં પૂછ્યું.

"સૂર્યનાં કિરણો આજે વહેલી સવારે પૃથ્વી પર આવેલાં. તેમણે વડોદરા શહેરના કોઈ ઘરમાંથી એક બાળકની પ્રાર્થના સાંભળી છે. એ કિરણો પાછાં સૂરજદાદા પાસે ઉપર પ્રાર્થના લઈને ગયાં. સૂરજદાદાએ એને મંજૂર કરીને એ કિરણોને મારી પાસે મોકલ્યાં. એ કિરણોએ મને સૂરજદાદાની આજ્ઞા સંભળાવી. હવે મારે તો કેવું છે ભાઈ કે, હું તો સૂરજદાદાનો વર્ષોથી ભક્ત છું! મારાથી એમની આજ્ઞાનો ભંગ થાય એમ નથી. એટલે મારે તો આજે ચૉકલેટ લેવા જવું જ પડશે અને સાંજે નિમિત્તને કમાટીબાગ ફરવા પણ લઈ જવો પડશે. ઉપરથી ઑર્ડર છે."

દાદાજી નાટકીય ઢબમાં બોલ્યા. નિમિત્ત દૂધ પીતો બધી વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો. શર્વરીબહેન અને વિકાસભાઈ પણ હસતાં હસતાં પિતાજીની વાતો સાંભળી રહ્યાં હતાં. નિમિત્તની આંખોમાં તો વિસ્મય જ વિસ્મય.

"દાદાજી! સૂર્યનાં કિરણો સાચ્ચે આપણી વાત સાંભળે! એ કિરણો આટલે દૂરથી આપણી પાસે આવે! એ કિરણો અહીંથી બધાની વાતો સાંભળે. એ પાછાં કેવી રીતે જાય! એકબીજાં સાથે અથડાઈ ન જાય! ઉપર સૂરજદાદાનું ઘર હોય? એમને ઓરેંજ કલર બહુ ગમે? એમનું ઘર ઓરેંજ કલરનું છે? એમને... ગરમી..."

"બસ બસ બેટા. હું તો અહીં રહીને એમની પ્રાર્થના કરું છું. ક્યારેય એમની પાસે ગયો નથી."

"કેમ નથી ગયા? કોઈ હજી સુધી ગયું છે ખરું? જવાય ખરું?"

"એ બધું વધારે તો વિજ્ઞાનીઓ જાણે, આપણે જાણીએ નહીં."

"એમ? તે આ વિજ્ઞાનીઓ કોણ છે? એ ક્યાં રહે?"

"બસ ભાઈ, તું મોટો થાયને ત્યારે તને બધી ખબર પડશે. આજે તો તને ચૉકલેટ મળશે અને કમાટીબાગ ફરવા પણ મળશે. ખુશ!" દાદાજીને એમનું નાટક ભારે પડી ગયું.

"હા...હા... ખૂબ ખુશ. કમાટીબાગમાં આપણે પેલી ટ્રેનવાળી જગ્યાએ..."

"કોઈ આવ્યું લાગે છે. ઘરનો ઝાંપો ખખડ્યો છે."

શર્વરીબહેન ચાના કપનો છેલ્લો ઘૂંટો ભરી ઊભા થતાં બોલ્યાં.

વિકાસભાઈ ઘરના વરંડા તરફ કોણ આવ્યું છે તે જોવા ગયા.

"નમસ્તે શાસ્ત્રીજી! આવો, આવો." વિકાસભાઈએ હાથ જોડીને પ્રણામ કર્યાં.

"પ્રણામ", હાથ ઊંચા કરી આશીર્વાદ આપતાં શાસ્ત્રીજીએ ચંપલ કાઢી અને વરંડામાં હીંચકા પર બેઠા.

"પિતાજી! શાસ્ત્રીજી આવ્યા છે." વિકાસભાઈએ ઘરમાં સાદ કર્યો.

"આજે સવારે થયું, ચલો 'સ્વજન' જઈએ. એટલે સવારનો વર્ગ પતાવી અહીં આવ્યો."

ઉચ્ચ વિચાર ધરાવતા, સમાજસેવાને સમર્પિત જીવન, યોગ, વેદાભ્યાસ કરનાર ગુરુકુલના શિષ્ય. હિમાલયમાં પણ અનેક વર્ષો ગાળેલાં. શાસ્ત્રીજી વડોદરામાં એક આશ્રમ જેવી સંસ્થા 'કલ્લોલ' ચલાવી રહ્યા હતા. બાળકોને સંસ્કૃત, વેદ-સંસ્કૃતિ, અને યોગાભ્યાસ જેવી પ્રવૃત્તિઓ કરાવી બાળઘડતરનું કામ કરતા. ઉંમર

સિત્તેર વર્ષની પણ લાગે સાંઠના. બાળ-ઘડતર અને ગીતા ઉપર પ્રવચનો કરવા ગુજરાતની શાળાઓમાં જાય. સારા કુટુંબો સાથે નાતો રાખે અને એમના એકાકી જીવનને સંતોષથી ભરી દે. વ્યવહારશુદ્ધિ, આચારશુદ્ધિ અને વિચારશુદ્ધિ એમના વ્યક્તિત્વ સાથે એવા ઘડાયેલા કે અલગ જ ન પાડી શકાય.

"નમસ્તે શાસ્ત્રીજી." પિતાજી બહાર વરંડામાં આવીને હીંચકા પાસેની ખુરશીમાં બેઠા.

પાણીનો ગ્લાસ લઈને આવેલાં શર્વરીબહેનની સાથે નિમિત્ત પણ આવ્યો.

"પ્રણામ શાસ્ત્રીજી. શું લેશો?" શર્વરીબહેને વિવેક કર્યો.

"ચા પીશ. કેમ દીકરા? કેમ છે તું?" શાસ્ત્રીજીએ શર્વરીની પાછળ ઊભેલા નિમિત્તને બોલાવ્યો.

"નમસ્તે કરો બેટા." શર્વરીબહેને નિમિત્તને આગળ કરતા કહ્યું.

"નમસ્તે" નિમિત્તે બે હાથ જોડીને પ્રણામ કર્યાં. દાદાજીની બાજુમાં ખુરશી પર બેઠો અને એકીનજરે શાસ્ત્રીજી તરફ જોઈ રહ્યો. શર્વરીબહેન ચા મૂકવા રસોડામાં ગયાં.

"કેમ ચાલી રહ્યા છે તમારા ક્લાસ અને બાળઘડતરની વિવિધ પ્રવૃત્તિઓ?" પિતાજીએ વાતચીતનો દોર શરૂ કર્યો.

"બસ, મનગમતી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહું છું એટલે જીવન મોજમાં છે. રોજ બાળકોને મળવાનું થાય છે. બાળપણ જેવી નિર્દોષ અવસ્થા બીજી કોઈ નથી. એમ થાય કે આજ બાળકો મોટાં થાય ત્યાં સુધીમાં કેવા બદલાઈ જતાં હોય છે. આપણો સમાજ એવું તે શું કરી નાખતો હશે કે આ જ ભોળાં બાળકો કોઈવાર ગુનેગાર પણ બની જાય!"

"વાત તો સાચી જ છે. સમાજવ્યવસ્થામાં કાંઈ ગરબડ તો છે જ. આપણી ભણતર પદ્ધતિઓમાં ક્યાંક મોટી ખોડ છે." પિતાજીએ કહ્યું.

"અરે, આપણા નિમિત્તની સવારવાળી વાત કરોને." વિકાસભાઈ ઉત્સાહમાં બોલ્યા.

"આજે સવારે એણે અમને એવા એવા સવાલો પૂછ્યા કે અમારી પાસે એનો કોઈ જવાબ જ નહીં."

"કેમ? એવું તે શું પૂછ્યું બેટા તેં કે તારા માસ્તર દાદાજી જવાબ ન આપી શક્યા?"

દાદાજીએ કિરણોવાળી વાત કરી. પોતાના વિશે થતી વાત સાંભળીને નિમિત્ત શરમાઈ ગયો.

વાત સાંભળીને શાસ્ત્રીજીની આંખો પહોળી થઈ ગઈ. એમનું મન વિચારમાં પડી ગયું. નિમિત્તની સામે ધ્યાનથી બે-ત્રણ મિનિટ જોયા કર્યું. નિમિત્તથી આટલું બધું attention સહન ન થયું. એ ઊભો થઈને ઘરના દરવાજાની પાછળ સંતાઈ ગયો.

"વિકાસ, આ છોકરામાં મને સ્પાર્ક દેખાઈ રહ્યો છે. એના સવાલો બતાવે છે કે એનું મગજ તર્કવાળું છે. એક કામ કરો, અમારી સંસ્થામાં ધ્યાન-યોગ-સંસ્કૃતના જે વર્ગો ચાલે છે એમાં એને યથાયોગ્ય લાગે તેમ મોકલતા રહો. વ્યક્તિત્વને ઘાટ આપવાનો યોગ્ય સમય બાળપણ જ છે."

દરવાજાની પાછળથી ડોકિયું કરતા નિમિત્તને શાસ્ત્રીજીએ વહાલથી બોલાવ્યો. શર્વરીબહેન ચા લઈને આવ્યાં. એની પાછળ પાછળ નિમિત્ત પણ આવ્યો.

"આવ બેટા, શરમાય છે કેમ?" શાત્રીજીએ હાથ પકડીને નિમિત્તને બાજુમાં હીંચકા પર બેસાડ્યો.

"તને આવું બધું જાણવાનું ખૂબ ગમે. મોટો થઈને ખૂબ ભણજે હોં."

શાસ્ત્રીજીની તેજ નજર નિમિત્તનું બરાબર અવલોકન કરી રહી હતી. નિમિત્ત પણ એકીટશે શાસ્ત્રીજી તરફ જોઈ રહ્યો હતો. બંનેની મળેલી નજર અર્થસભર હતી. શાસ્ત્રીજીની નજર વર્તમાન નિમિત્તને જ નહીં, પણ ભવિષ્યના નિમિત્તને જોઈ રહી! શાસ્ત્રીજીની નજરમાંથી નીકળેલાં કિરણો, નિમિત્તની આંખ દ્વારા એના મન-બુદ્ધિ-ચેતનાને પાર કરી ભવિષ્યમાં પહોંચીને ત્યાંથી પાછા ફર્યાં. નિમિત્ત નજર હટાવી શક્યો નહીં. જોનાર દાદાજી, વિકાસ અને શર્વરીબહેનને ખાસ ખબર પડી નહીં, પરંતુ પળવારમાં શાસ્ત્રીજીએ ઘણુંબધું સમજી

લીધું. નિમિત્તને શું થયું એનો ખ્યાલ ન આવ્યો, પરંતુ કાંઈક થયું એવું એ પામી ગયો.

"ચાલો બેટા નિમિત્ત! તૈયાર થઈને બાલવાડીએ જવાનો સમય થઈ ગયો." ચાનો કપ લઈ નિમિત્તને લઈને શર્વરીબહેન અંદર ગયાં.

"વિકાસ, આ રવિવારથી નિમિત્તને અમારી સંસ્થામાં મોકલજો. હું જાતે જ એના પર ધ્યાન આપીશ."

"જી. શાસ્ત્રીજી. આ રવિવારથી એ આવશે. તમારી વાત સાચી છે. કુમળા છોડને વાળીએ તેમ વાળી શકાય. તમે છો એટલે અમારે તો કોઈ ચિંતા જ નથી."

"ચાલો ત્યારે. હું પણ ઊપડું, હજી બીજાં એક-બે કામ છે. એ પતાવીને સંસ્થામાં પહોંચીશ ત્યારે જમવાનો સમય થઈ ગયો હશે."

"આવજો." પિતાજી અને વિકાસભાઈ ઊભા થયા. નમસ્તે કર્યા. ટટ્ટાર ખાદીધારી શાસ્ત્રીજી ગયા.

"વિકાસ! શાસ્ત્રીજીએ આજે આપણા નિમિત્તને બરાબર નિહાળ્યો. એમને લાગે છે કે નિમિત્તમાં ઘણી શક્યતા છે. મને પણ એવું લાગે છે કે નિમિત્તને આપણે દર રવિવારે સંસ્થામાં મોકલીએ. સંસ્કૃત, ધ્યાન, યોગ આ બધું કુમળી અવસ્થામાં બાળકને આપીએ તો વધારે સારું. એના વિકાસમાં આ બધાંનો ફાળો ખૂબ સારો રહેશે." પિતાજી આમ બોલતી વખતે વિચારમાં ગરકાવ થઈ ગયાં.

"હા, પિતાજી. હું પણ એ જ વિચારતો હતો. ચાલો હું તૈયાર થઈ જાઉં. મારે પણ દસ વાગે નીકળવાનું છે." વિકાસભાઈ એમના રોજિંદા કામકાજમાં પરોવાયા.

, , ,

"મમ્મી, ચાલો, વાર્તા કહેવાનો સમય થઈ ગયો છે. હું નાઇટડ્રેસ પહેરીને તૈયાર થઈ ગયો છું." નિમિત્તે મમ્મીને સાદ પાડ્યો.

રાત્રે નવ વાગ્યા છે. સફેદ કફની-પાયજામા, નાહીને તૈયાર થયેલો નિમિત્ત ખૂબ જ સોહામણો લાગતો હતો. શર્વરીબહેન બધાંને જમાડીને બસ રસોડામાંથી પરવારતાં જ હતાં. રોજ રાત્રે નિમિત્તને ઉંઘાડતાં પહેલાં વાર્તા કહેવાનો એમનો નિત્યક્રમ હતો. નિમિત્તનો તો એ સૌથી ફેવરિટ ટાઇમ હતો. એના રૂમમાં એક નાનકડી લાઇબ્રેરી પણ બનાવી દીધી હતી. નિમિત્ત જાતે જ એમાંથી વાર્તાની ચોપડી લઈ આવે. પછી શર્વરીબહેન એ વાર્તા કહે. એક જ વાર્તાથી થોડું ચાલે? બે-ત્રણ વાર્તાઓ વગર તો ધરવ થાય જ નહિ ને!

"ચાલો! આજે કઈ વાર્તાનો વારો છે, બેટા." શર્વરીબહેને રૂમમાં આવતા પૂછ્યું.

નિમિત્ત પલંગ પર સૂઈ ગયો. શર્વરીબહેન એની બાજુમાં સૂઈ ગયાં. ઘણી બધી વાર્તાઓ નિમિત્ત જાણતો જ હતો, પરંતુ એને ફરી ફરી વાર્તાઓ સાંભળવાનો શોખ હતો.

"આજે તો મમ્મી મને ધ્રુવની વાર્તા કહે. મને ધ્રુવ ખૂબ ગમે છે."

"એ તો તને ખબર જ છે ને...." શર્વરીબહેને ઓછામાં ઓછી સો વાર ધ્રુવની વાર્તા કહી હશે.

"ના, મને આજે ધ્રુવની વાર્તા જ સાંભળવી છે. તને ખબર છે, દાદાજીએ મને ધ્રુવનો તારો જોતાં શીખવાડી દીધું છે. મને પણ શોધતાં આવડે છે. તને કાલે રાત્રે ધ્રુવનો તારો બતાવીશ. હું તો રોજ રાત્રે જોઈ લઉં છું. એ મને સામેથી મટકું મારે છે. બતાવું કેમ?" નિમિત્તે એની મમ્મીની સામે જોઈ આંખનો પલકારો કર્યો. શર્વરીબહેન હસી પડ્યાં.

"અચ્છા, આમ!" શર્વરીબહેને સામેથી પલકારો માર્યો. બંને હસી પડ્યાં.

"એક રાજા હતો. એને બે રાણી હતી..." શર્વરીબહેન નિમિત્તને માથે હાથ ફેરવતાં જાય અને વાર્તા કહેતાં જાય. થોડીવારે વાર્તા પૂરી થઈ એટલે નિમિત્ત શર્વરીબહેનના પેટ પર હાથ ફેરવવા લાગ્યો.

"મમ્મી. હજી ભાઈને બનવામાં કેટલી વાર લાગશે?"

"બનવામાં? એટલે?"

"કેમ તું તારા પેટમાં ભાઈને બનાવી રહી છે ને, તે કેટલો બન્યો? અડધો ભાઈ બની ગયો?" બહુ સહજ નિર્દોષતાથી નિમિત્ત બોલી રહ્યો હતો. શર્વરીબહેન એકદમ હસી પડ્યાં.

"મારો મીઠડો દીકરો! પહેલા તો એ ભાઈ છે એની તને કેવી રીતે ખબર પડી? બહેન પણ હોઈ શકે છે."

"ના, ભાઈ જ છે. મેં ધ્રુવના તારાને કહી દીધેલું કે તું જ નીચે આવીને મારો ભાઈ બનજે."

"હું..."

"હા, એણે સામેથી મટકું મારેલું. બીજે દિવસે રાત્રે એ ત્યાં આકાશમાં જ હતો. એટલે મેં પૂછ્યું કે તું અહીં મમ્મીના પેટમાં કેમ નથી?"

"પછી?"

"પછી એણે બીજું મટકું માર્યું અને કહ્યું એનાથી નહીં અવાય. ભગવાને બધા તારાઓને આકાશમાંથી બીજે જવાની ના પાડી છે. પછી ફરી પાછું મટકું મારીને કહ્યું કે એ એક બીજો ભાઈ મોકલે છે ધ્રુવ જેવો જ. એટલે મને ખબર છે કે તારા પેટમાં જે બને છે, તે ધ્રુવ જેવો જ ભાઈ છે."

"હેં! એમ વાત છે!" શર્વરીબહેને આંખો પટપટાવીને કીધું.

"હા, પણ બનતાં કેટલી વાર લાગે છે? જરા જલદી ન બનાવે? તું રોજ રસોઈ તો કેટલી જલદી બનાવી દે છે."

"બેટા, ભગવાને જ નક્કી કર્યું છે કે નવ મહિના લાગે. હજી તો ત્રણ મહિના થયા છે. બીજા છ મહિના લાગશે. જલદી કરું ને કાંઈ ગરબડ થઈ તો? ચાલો હવે પ્રાર્થના કરો અને સૂઈ જાવ."

"ઓ ઈશ્વર ભજીએ તને,
મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ,
થાય અમારાં કામ,
હેત લાવી હસાવ તું,
સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે
તો પ્રભુ કરજે માફ."

રોજની પ્રાર્થના કરી નિમિત્ત સૂઈ ગયો. લાઇટ બંધ કરી શર્વરીબહેન પથારીમાંથી ઊઠ્યાં. પોતાના પેટ પર હાથ ફેરવીને બોલ્યાં:

"હે ભગવાન! મારા વહાલા નિમિત્તની પ્રાર્થના સાંભળજે."

* * *

"આવો! આવો! વિકાસભાઈ."

"નમસ્તે, શાસ્ત્રીજી, આ નિમિત્તને લઈને આવી ગયો છું."

"હું રાહ જ જોતો હતો. આવ બેટા નિમિત્ત."

નિમિત્તે પપ્પાનો હાથ છોડી શાસ્ત્રીજીનો હાથ પકડ્યો.

"હવે તમે બે કલાક પછી લેવા આવજો. આ બે કલાક નિમિત્ત અમારો! ચાલો બેટા, તને તારા વર્ગમાં લઈ જાઉં. અહીં તને ખૂબ મજા આવશે. તારા જેવાં બીજાં બાળકો પણ છે."

નિમિત્ત કુતૂહલતાથી બધું જ જોતો હતો. ગભરાયેલો નહોતો પણ અવલોકન કરી રહ્યો હતો. શાસ્ત્રીજી એને લઈને એક વર્ગમાં ગયા.

વર્ગમાંથી સંસ્કૃત શ્લોકોના અવાજો આવી રહ્યા હતા.

"બાળકો, આ ગાયત્રીમંત્ર છે."

એક શિક્ષક બાળકોને શ્લોકો બોલાવી રહ્યા હતા. બધાં બાળકો નિમિત્તની ઉંમરનાં જ હતાં. શાસ્ત્રીજી વર્ગમાં દાખલ થયા એટલે બધાં ઊભાં થયાં.

"નમસ્તે" સૌ બાળકો એક સાથે બોલ્યાં.

"નમસ્તે બાળકો! બેસો." શાસ્ત્રીજીએ બાળકોને બેસવાનો ઇશારો કર્યો.

"જુઓ, આજથી તમારી સાથે એક નવો મિત્ર પણ આવે છે. એનું નામ નિમિત્ત છે. બધાં એનું અભિવાદન કરો!" શાસ્ત્રીજીના વર્ગની આ પ્રણાલી હતી. બધાં જ બાળકો આ રીતે નવા આવનાર બાળકોનું અભિવાદન કરતા.

"આવો મિત્ર નિમિત્ત. અમે તારા મિત્ર બનીશું."

બધાં બાળકો એકસાથે બોલ્યાં. નિમિત્તના નિર્દોષ ચહેરા પર સ્મિત પથરાઈ ગયું. એણે શાસ્ત્રીજી સામે જોયું. શાસ્ત્રીજીએ એક ખાલી જગ્યા પર બેસવાનો ઇશારો કર્યો. નિમિત્ત ત્યાં જઈને બેસી ગયો. શાસ્ત્રીજીએ થોડી મિનિટ શિક્ષક સાથે વાત કરી અને પછી વર્ગખંડમાંથી બહાર નીકળી ગયા.

"ચાલો બાળકો ફરી શ્લોક બોલો! સૌના ઉચ્ચાર સ્પષ્ટ હોવા જોઈએ."

"ઓમ..." બધાં બાળકોએ શ્લોક બોલવાનું શરૂ કર્યું.

❜ ❜ ❜

"નિમિત્ત, ચલો બેટા, હૉસ્પિટલ જઈએ, ભાઈને જોવો છે ને? જો તો મમ્મીએ બરાબર બનાવ્યો છે! કોઈ ભૂલ નથી કરી ને!"

"પપ્પા, આવું છું. આ બટન બંધ નથી થતાં."

"લાવ હું કરી આપું?"

"ના, મમ્મીએ કહ્યું છે જાતે જ કરવાનું છે."

નિમિત્ત જાતે તૈયાર તો થયો પણ શર્ટનાં બટન ઊંધાં-ચત્તાં હતાં. વિકાસભાઈએ સરખાં કરી આપ્યાં. નિમિત્ત અને વિકાસભાઈ બંને હૉસ્પિટલમાં જવા નીકળ્યા. નિમિત્ત ખુશખુશાલ હતો. દિવસે ધ્રુવનો તારો જોવાય નહીં પણ એણે ઉપર આકાશ સામે નજર કરી. લાક્ષણિક આંખનો પલકારો કર્યો અને પપ્પાની બાજુમાં ગાડીમાં બેસી ગયો. જોઈએ હવે, ધ્રુવનો મોકલેલો અને મમ્મીએ નવ મહિનામાં બનાવેલો ભાઈ કેવોક છે?

મમ્મી ખાટલામાં સૂતી હતી. પગ પાસેના નાનકડા ઘોડિયામાં કપડામાં વીંટાયેલું નાનકડું બાળક હતું. ઓહ! મમ્મીએ તો ગિફ્ટ-રેપ પણ કરી રાખ્યું છે ને!

"આવ બેટા, તારી જ રાહ જોતી હતી. જો તો, મમ્મીએ ભાઈને બરાબર બનાવ્યો છે કે નહીં?" શર્વરીબહેને તકિયાનો ટેકો લઈ બેસવાની કોશિશ કરી. નર્સ રૂમમાં જ હતી. એણે નિમિત્તને સ્મિત આપ્યું અને ઘોડિયામાંથી બાળકને બહાર કાઢ્યો.

"લે જો તારા નાનાભાઈને, જો તો કેવોક મીઠડો લાગે છે!" નર્સે બાળકને શર્વરીબહેનના ખોળામાં મૂક્યો. શર્વરીબહેને નિમિત્તને નજીક બોલાવ્યો. નિમિત્ત મમ્મી પાસે જઈ, નાનકડા ભાઈને જોવા લાગ્યો. એણે બધું જ બરાબર જોયું. હાથ, પગ, પેટ બધાં જ પર હાથ ફેરવ્યો. ખોળામાં રહેલો ભાઈ પણ એને ધારી ધારી જોવા લાગ્યો. બંને વચ્ચે બરાબર મૈત્રી થઈ જતી લાગી. અચાનક નિમિત્તનું ધ્યાન એના મોં પર ગયું. એનાથી ચીસ નીકળી ગઈ. શર્વરીબહેને કહ્યું,

"કેમ શું થયું? મમ્મીએ બનાવામાં કોઈ ભૂલ કરી?" નિમિત્તનો ચહેરો આખો ચિંતામય થઈ ગયો.

"કેમ શું ભૂલ કરી?"

"મમ્મી, તેં ભાઈના દાંત જ બનાવ્યા નથી. હવે ભાઈ જમશે કેવી રીતે?" નિમિત્ત તો ચિંતાથી અડધો થઈ

ગયો. એનો ચહેરો રડવા જેવો થઈ ગયો. આજુબાજુ ઊભેલાં વિકાસભાઈ, નર્સ અને તે જ વખતે પહોંચેલા ડૉક્ટર હસી પડ્યાં. નિમિત્ત ખિસિયાણો પડી ગયો.

"કાંઈ વાંધો નહીં નિમિત્ત, ભાઈ હવે એના દાંત જાતે જ બનાવી લેશે." ડૉક્ટરે કહ્યું. નિમિત્તની ચિંતા ઓછી ન થઈ. એણે મમ્મી તરફ જોયું. મમ્મીના ચહેરા પરનું સ્મિત જોઈ એને નિરાંત થઈ.

"બેટા, નાના બાળકને જન્મે પછી દાંત આવે. તને પણ એવી રીતે જ આવેલા. બધું બરાબર છે." શર્વરીબહેને હાથ ફેરવતા કહ્યું.

"મમ્મી, ભાઈ ઘરે ક્યારે આવશે?"

"બસ ત્રણ દિવસ પછી ઘરે ભાઈ-મમ્મી બંને આવી જશે. તું ડાહ્યો થઈને રહે છે ને? પપ્પા-દાદાને પજવતો નથી ને?"

"અરે, પજવતો નથી, અમને મદદ કરે છે. નિમિત્ત તો બહુ હોંશિયાર છે.'' વિકાસભાઈએ વખાણ કરતાં કહ્યું.

/ / /

"દાદાજી, આ આકાશમાં આટલા બધા તારા દેખાય છે તે ક્યાં છે?"

દાદાજી અને નિમિત્ત અગાસીમાં સૂતા હતા. નિમિત્તને ઉનાળો ઘણો વહાલો હતો કારણ કે ઉનાળામાં એને અગાશી પર સૂવા મળતું. રાત્રે જમી-પરવારીને એ દાદાજી સાથે અગાસી પર પહોંચી જતો. સૂતાં સૂતાં ચાંદ-તારા ભર્યો આકાશનો નજારો જોયા જ કરતો. દાદાજીને પ્રશ્નોની ઝડીઓ વરસાવી પરેશાન પણ કરી દેતો. દાદાજીને તો ઊંઘ આવી જતી પણ નિમિત્ત તો આકાશ તરફ અનિમેષ નજરે જોઈને જાણે વિચારોમાં ખોવાઈ જતો.

"ક્યાં છે એટલે? આકાશમાં છે." દાદાજીએ કહ્યું.

"હા, પણ આકાશ ક્યાં છે? ક્યાં સુધી છે? આકાશની પેલે પાર શું છે?"

"બેટા, એ બધું તું મોટો થશે ને ત્યારે તને સ્કૂલમાં શિક્ષક–સાહેબ ભણાવશે."

"તમે તો મોટા થઈ ગયા. તમને નથી ભણાવ્યું?"

વાતનો તર્ક સાંભળીને દાદાજી હસી પડ્યા.

"હું ભણ્યો ખરો, પછી અમે લોકો દેશની આઝાદી માટે લડવા ગયા એટલે આ બધું ભણવાનું રહી ગયું! હવે તું આ બધું જાણજે અને મને પણ જણાવજે."

"હંમ... હું તો મોટો થઈને જાણીને જ રહીશ! પણ દાદાજી કોની પાસેથી જાણીશ? આ બધું કોને ખબર હશે?"

નિમિત્ત ચિંતામાં પડ્યો. ત્યાં તો આકાશમાં એક તેજ લિસોટો થયો.

"જુઓ! જુઓ! દાદાજી ખરતો તારો!"

દાદાજીએ જેટલું આવડતું હતું તે નિમિત્તને શિખવાડેલું. એટલી વારમાં દાદાજી તો સૂઈ ગયેલા. નિમિત્ત આકાશને જોતો જોતો જંપી ગયો.

/ / /

"અરે! નિમિત્ત! આમ આંબાના ઝાડ નીચે કેમ સૂતો છે? અહીં હીંચકા પર આવી જા!"

ઉનાળાના વૅકેશનમાં એક દિવસ, કેરીનો રસ ખાધા પછીની મઝાની બપોરની ઊંઘ પછી જ્યારે દાદાજી વરંડામાં હીંચકે બેસવા આવ્યા તો જોયું કે નિમિત્તભાઈ આંબાના ઝાડ નીચે શેતરંજી બિછાવીને, આંખ ખુલ્લી રાખીને પડ્યા છે.

"દાદાજી! મને ડિસ્ટર્બ નહીં કરો. હું વિચારમાં છું."

"એમ! શાના વિચારમાં છે ભાઈ? કેરીઓ ગણે છે?"
"ઉં...હું... તમે મને વિચાર કરવા દો ને."
થોડીવારમાં નિમિત્ત ઊભો થઈને વરંડામાં દાદાજીની પાસે હીંચકા ઉપર બેસી ગયો.
"દાદાજી, તમે મારા વિચારોમાં ભંગ પડાવ્યો. અમારા એક શિક્ષકે ન્યૂટનની વાર્તા કહી હતી. એ એક દિવસ સફરજનના ઝાડ નીચે આવી જ એક બપોરે સૂતો હતો. એવામાં એક સફરજન નીચે પડ્યું. એ જોઈને ન્યૂટને કોઈ મહાન નિયમ બનાવ્યો હતો. આપણે ત્યાં સફરજનનું ઝાડ નથી, પણ આંબાનું તો છે ને! એટલે હું કેરી પડવાની રાહ જોતો, વિચાર કરતો હતો કે મને પણ કોઈ મહાન નિયમ સૂઝે છે કે નહીં! તમે ભંગ પડાવ્યો અને કોઈ કેરી પણ ઉપરથી પડી નહીં. મારો મહાન નિયમ શોધવાનો રહી ગયો! હવે પાછો કાલે વિચાર કરીશ. અત્યારે હવે મને ક્રિકેટ રમવાનો વિચાર આવે છે!"



થપ્પડ આશીર્વાદ બની ત્યારે

"નિમિત્ત! બહાર આવજે બેટા, શાસ્ત્રીજી આવ્યા છે." વિકાસભાઈએ વરંડામાંથી નિમિત્તને ઘરમાં સાદ દીધો.

"આવ્યો પિતાજી!"

"આવો આવો, શાસ્ત્રીજી, પ્રણામ." શાસ્ત્રીજી એમની વર્ષો જૂની ટેવ મુજબ સવાર સવારમાં સત્સંગ કરવા આવ્યા.

"નમસ્તે, શાસ્ત્રીજી, પ્રણામ." શર્વરીબહેન પણ સત્કારવા બહાર આવ્યાં.

"ચા મૂકું છું. આજે તો નાસ્તો પણ ચાલશે. હમણાં જ નિમિત્ત અને અનુજ માટે બટાકાપૌંઆ બનાવ્યા. અનુજ સવારે ક્રિકેટ રમવા જાય એટલે નાસ્તો વહેલો બનાવ્યો."

"હા, આજે નાસ્તો ચાલશે. નિમિત્ત સાથે થોડી વાતો કરવી છે."

"નમસ્તે, શાસ્ત્રીજી." નિમિત્ત જીન્સ પર કફની પહેરીને, તૈયાર થઈને બહાર આવ્યો. યુવાનીને ઉંબરે ઊભેલો નિમિત્ત રૂપાળો લાગી રહ્યો હતો. ઊંચાઈ વધીને પાંચ ફૂટ આઠ ઈંચની થઈ ગઈ હતી. ચહેરા પર યુવાનીની તાજગી હતી. એની ઊંડી નિર્દોષ આંખો એના વ્યક્તિત્વને વધુ ઓપ આપતી હતી.

"આવ બેટા, આજે તો તને જ મળવા ખાસ આવ્યો. તારા રિઝલ્ટ પછી તને મળાયું નહીં એટલે તારી ભેટ તો બાકી જ રહી ગઈ." તેમણે હીંચકા પર બેસતા કહ્યું.

"ભેટ લેવા જેવું રિઝલ્ટ ક્યાં આવ્યું છે? મેં કોઈની પાસે ભેટ લીધી નથી. મને ભેટ લેવા જેવું કાંઈ લાગતું જ નથી."

નિમિત્ત ખિન્નતાથી બોલ્યો. વિકાસભાઈ, શર્વરીબહેન અને શાસ્ત્રીજીની નજર મળી. શર્વરીબહેનની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. શાસ્ત્રીજીએ આંખથી જ એમને સાંત્વન આપી દીધું.

"અરે એવું વિચારવાનું જ નહીં દીકરા. બેસ, અહીં હીંચકા પર, મારી પાસે બેસ. એટલે જ આજે નિરાંત લઈને આવ્યો છું."

'હા, હા, બેસો તમે બંને. હું પાંચેક મિનિટમાં આવ્યો." વિકાસભાઈ કામનું બહાનું કાઢીને અંદર ગયા. હીંચકા પર શાસ્ત્રીજી અને નિમિત્ત બેઠા.

"શું થાય છે દીકરા, આમ નાસીપાસ નહીં થવાનું. આ તો બારમાનું રિઝલ્ટ જ છે ને? જીવન તો નથી પતી ગયું ને?"

"કારકિર્દી તો પતી જ ગઈ ને! આટલા ટકા સાથે ક્યાં ઍડ્મિશન મળવાનું છે! હવે ડૉક્ટર તો બનાશે જ નહીં ને!"

"તેં મહેનત તો બરાબર જ કરી હતી ને, એમાં કોઈ કસર છોડી હતી?" શાસ્ત્રીજીએ પૂછ્યું.

"મહેનત તો બરાબર કરી હતી. પેપર પણ સારાં ગયાં હતાં, એટલે અપેક્ષા હતી."

"તો પછી જે રિઝલ્ટ આવે તે સ્વીકારી લેવાનું. કર્મ કરવાનું જ આપણું કર્તવ્ય છે. કર્મ પર આપણો અધિકાર, કર્મના ફળ ઉપર નહીં. તું તો વળી ગીતાનો અભ્યાસી છે."

"રિઝલ્ટ આવ્યું અને પર્સન્ટેજ જોયા ત્યારથી મારા ગીતાના અભ્યાસનું બાષ્પીભવન થઈ ગયું છે. હું મારી જાતને સમજાવી શકતો નથી. કોઈનો દોષ નથી કાઢતો પણ હું ક્યાં કાચો પડ્યો એ વિચારીને દુખી થયા કરું છું."

"હં...મ્ મહેનત કરી હોય તો અપેક્ષા બંધાય."

"મને મારો વાંક બતાવી દો કે; 'નિમિત્ત તેં આ કર્યું તે ખોટું કર્યું. એટલે તારા માર્ક્સ નહીં આવ્યા.' તો હું માની લઉં. મારી ભૂલ. મારી સજા. મેં બરાબર આખું વર્ષ મહેનત કરી, ક્યાંય કચાશ રાખી નથી. પેપર પણ બધાં સારાં ગયાં હતાં, એટલે મેં અપેક્ષા રાખી હતી. એમાં મેં શું ખોટું કર્યું? એમાં મારો ક્યાં વાંક?"

દાદાજીના મૃત્યુ બાદ નિમિત્ત શાસ્ત્રીજીને જ વડીલ માનતો હતો. શાસ્ત્રીજીને પણ એ રોલ ફાવી ગયો હતો. હજી પણ એ નિયમિતપણે શાસ્ત્રીજીની શાળાએ જતો. યોગ, ગીતા અને સંસ્કૃતનો અભ્યાસ શાસ્ત્રીજીની દોરવણી મુજબ કરતો.

"તારી બધી વાત બરાબર દીકરા. હવે રિઝલ્ટ આવી ગયું! અપેક્ષા કરતા નીચું આવ્યું. પણ આવી ગયું. હવે એનો સ્વીકાર કરવો જ પડે. કાંઈ છૂટકો છે આપણી પાસે?"

"સ્વીકાર નથી થતો એ જ વાંધો મને પણ છે. સ્વીકાર કેવી રીતે કરું?" નિમિત્ત અકળાયેલો હતો.

"ચાલ મને કહે, હવે આગળ શું કરવું છે?"

"હવે મારે બધે ઍડ્મિશનની ભીખ માગવાની છે. જે કોઈ મને દયા ખાઈને ઍડ્મિશન આપે તે કૉલેજમાં આગળ જઈને ભણવાનું છે. બીજો કોઈ છૂટકો નથી. મારે માનભેર મેડિકલ કૉલેજમાં ભણવા જવું હતું. હવે દયા ઉપર નભવાનું છે." નિમિત્તના અવાજમાં આક્રોશનો ભાવ હતો.

"દયા શાની? એમાં દયા ક્યાંથી આવી? જે કૉલેજમાં ઍડ્મિશન મળશે એમાં તો તું વટભેર માનથી જ જવાનો! એવી કોઈ કૉલેજ નથી જે તમને દયા પર ઍડ્મિશન આપે. ઍડ્મિશન તો ટકા ઉપરથી જ મળવાનું એટલે દયાની વાત તો આવતી નથી."

"પણ કઈ કૉલેજ? કઈ લાઇન લેવી? મને અત્યારે સૂઝતું નથી. અર્જુનનો વિષાદયોગ બરાબર સમજાય છે. મારા તો ગાંડીવમાં જ પ્રૉબ્લેમ છે!"

"કોઈ વિષાદયોગ નથી, નિમિત્ત. આવા ભારે ભારે શબ્દો અમથો અમથો બોલ માં."

"ચાલો, ચા-નાસ્તો કરો."

શર્વરીબહેન ચા-નાસ્તાની ટ્રે લઈ આવ્યાં. વિકાસભાઈ પણ બહાર આવી બેઠા. ઊભરો કાઢીને નિમિત્ત થોડો સ્વસ્થ થયો.

"શર્વરીબહેન! તમે આપેલાં સ્થળ-સમય મુજબ નિમિત્તના જન્માક્ષર બનાવીને લઈ આવ્યો છું."

"મારા જન્માક્ષર? મમ્મી તું કયારથી આ બધામાં વિશ્વાસ રાખતી થઈ ગઈ? મારા જન્માક્ષર કેમ કઢાવ્યા?" નિમિત્તને નવાઈ લાગી.

"અરે બેટા, જન્માક્ષર તો જોઈએ જ ને. જીવનના કેટલાક મહત્ત્વના પ્રસંગોએ જન્માક્ષર જ આપણને માર્ગદર્શન આપી શકે." શર્વરીબહેને બંનેને બટાકાપૌંઆની ડિશ આપતા કહ્યું.

-"મમ્મી, હું તો જન્માક્ષરમાં માનતો જ નથી. આખી વાત જ વાહિયાત છે."

"વાહિયાત તો નથી નિમિત્ત! એ તો આપણી પ્રાચીન વિદ્યા છે, નક્ષત્ર અને ગ્રહોના અભ્યાસ પછી આપણા પૂર્વજોએ વિકસાવેલી છે. માનવજાતને એના દ્વારા વર્ષોથી મદદ મળતી રહી છે." શાસ્ત્રીજીએ વાંધો ઉઠાવતાં કહ્યું.

"હમણાં સાબિત કરું કે વાહિયાત છે? આપણું રામાયણ જ સાબિત કરી દે કે જન્માક્ષર અને મુહૂર્ત એ વાહિયાત બાબત છે. રાજા દશરથને ત્યાં વસિષ્ઠ જેવા મહાન આચાર્ય છે. એમણે જાતે જ રામના રાજ્યાભિષેકનું શુભ મુહૂર્ત કાઢ્યું હતું ને! શું થયું? રાજ્યાભિષેકના સમયે જ વનમાં જવાનું થયું! વસિષ્ઠે તો રામની જન્મકુંડળીમાં ક્યાંય ભાખ્યું ન હતું કે રામ રાજા બનવાની જગ્યાએ વનમાં જશે. તો પછી આપણા જેવા સામાન્ય માણસના, સામાન્ય જ્યોતિષાચાર્યો શું કરવાના હતા?" નિમિત્તે તર્કનો બરાબર ઉપયોગ કર્યો.

"હા, ભાઈ હા, મેં પણ આ તર્ક સાંભળેલો છે. હું તો પૂરેપૂરો સહમત નથી. મેં તો જન્માક્ષરો જોયા છે,

માર્ગદર્શન આપ્યું છે અને લોકોનું ભલું પણ થયું છે.”

“અરે બીજું પણ એક કારણ છે. આપણી zodiac sign છે, તે બાર છે, બરાબર? સૂર્ય એક વર્ષ ભ્રમણ કરે ત્યારે આ બાર રાશિસ્થાનો ઉપર જાય, એનો અભ્યાસ તમે કરો. જન્મના સ્થળ અને સમય વખતની ગ્રહોની સ્થિતિ અને ત્યારપછી સૂર્યના આ નક્ષત્રના ભ્રમણનો અભ્યાસ એટલે આ જન્માક્ષર, બરાબર! પરંતુ હકીકતમાં બાર નહીં પણ તેર નક્ષત્રો છે તેની તમને ખબર છે? ગ્રીક માયથોલૉજીમાં આફ્યુિકસ કરીને એક નક્ષત્ર છે. એ એપોલો નામના દેવતાનો દીકરો હતો અને મરેલાંને જીવતાં કરવાની શક્તિ ધરાવતો હતો. હેડસ નામના બીજા ગ્રીક દેવતાએ, દેવતાઓના દેવતા એવા Zeusને સલાહ આપી કે આ શક્તિ નુકસાનકર્તા છે, ophiucusને મારી નાખો. Zeus એ સલાહ માનીને એક વીજળીના વજ્ર વડે તેને મારી નાંખ્યો અને નક્ષત્ર બનાવીને તારાઓ સાથે ગોઠવી દીધો. આ નક્ષત્ર ophiucus જૂના જમાનાથી જાણીતું છે. એને સર્પન્ટેરિયસ – serpent holder તરીકે પણ ઓળખવામાં આવે છે. એક મોટો સાપ પકડીને ઊભેલા માણસ તરીકે દર્શાવવામાં આવેલો છે. ઓફિક્યુક્સનું શરીર આ મોટા સાપને બે ભાગમાં વહેંચતું હોય તેવો એનો સિમ્બૉલ છે. આજ સિમ્બૉલ આજે Asclepius – medical staff તરીકે વપરાય છે. જ્યોતિષીઓ એને રાશિ ગણતરીમાં લેતા નથી કારણ કે સૂર્ય ફક્ત 19 દિવસ જ આ રાશિમાં રહે છે. એટલે જ્યોતિષીઓ વૃશ્ચિકરાશિ – વૃશ્ચિક નક્ષત્રમાંથી સીધા સેગિટેરિયસની રાશિની ગણતરી કરે છે. હકીકતમાં સૂર્ય વૃશ્ચિક રાશિમાંથી આ ઓફિક્યુક્સ રાશિમાં 19 દિવસ રહે છે અને પછી સેગિટેરિયસ રાશિમાં પ્રવેશ કરે છે.

આ એક જ નક્ષત્ર એવું છે કે જેનું નામ એક જીવંત વ્યક્તિ પરથી પડ્યું છે. વાયકા છે કે આવો એક સાચો માણસ ઈ.સ. પૂર્વે 27મી સદીમાં રહેતો હતો. એનું નામ ઇમ્હોટેપ હતું, આ માણસ ગુહ્ય વિદ્યાનો જાણકાર હતો. ખાસ કરીને Medicine વિદ્યાનો જાણકાર હતો. માનવજાતને આર્ટ ઑફ હીલિંગની વિદ્યા એણે આપી એમ કહેવાય છે. ટૂંકમાં, આપણે જે રાશિ ગણતરી અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે ગણીએ છે તે ભૂલ ભરેલું છે, કારણ કે એમાં તો 19 દિવસનો ફેર છે. [1]

હવે કહો, હું કેવી રીતે જન્માક્ષરમાં માનું?” તર્કની વાત આવે એટલે નિમિત્ત મૂડમાં આવી જાય.

“હા, ભાઈ હા, તારી સાથે દલીલમાં કોણ જીતી શકે!” શાસ્ત્રીજીએ નમતું જોખી દીધું.

“મેં તારા જન્માક્ષર જોઈ લીધા છે. તું ખૂબ ભણવાનો છે અને આગળ વધવાનો છે એ વાત નક્કી છે. આગળ વધે ત્યારે આ મારી ભવિષ્યવાણી યાદ રાખજે હં....”

“આ રિઝલ્ટ સાથે ક્યાં આગળ વધવાનો?” વળી પાછો મૂડ બદલાયો.

“આ બધી વાત છોડ. લે તારી ભેટ લઈ લે. વળી પાછું ભૂલી જઈશ.”

શાસ્ત્રીજીએ એમના ખાદીના થેલામાંથી પુસ્તક કાઢ્યું અને નિમિત્તના હાથમાં મૂકી દીધું.

“કૃષ્ણનું જીવનસંગીત!’’ અરે વાહ, મારે આ પુસ્તક વાંચવું જ હતું. તમે એ જ પુસ્તક આપ્યું. ખૂબ ખૂબ આભાર. આજથી જ ચાલુ કરી દઈશ.” નિમિત્ત ખૂબ ખુશ થઈ ગયો. શાસ્ત્રીજી ઊઠ્યા. બધાંએ પ્રણામ કર્યાં. નિમિત્ત એમને ઝાંપા સુધી મૂકવા ગયો.



1 સાચી ગણતરી મુજબ:

1. Aries – April 19 – May 13 2. Taurus – May 14 – June 19
3. Gemini – June 20 – July 20 4. Cancer – July 21 – Aug 9
5. Leo – Aug 10 – Sep. 15 6. Virgo – Sep 16 – Oct 30
7. Libra – Oct 31 – Nov 22 8. Scorpio – Nov 23 – Nov 29
9. Ophiuchus – Nov 30 – Dec 17 10. Sagittarius – Dec 18 – Jan 16
11. Capricorn – Jan 19 – Feb 15 12. Aquarius – Feb 16 – March 11
13. Pisces – March 12 – April 18

મૃત્યુનું ગૂઢ રહસ્ય

"નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ
નૈનં દહતિ પાવકઃ...

આપણું શરીર પંચમહાભૂતોનું બનેલું છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. આપણા મૃત્યુ સમયે આ તત્ત્વો પાંચ મહાભૂત તત્ત્વોમાં વિલીન થાય છે. આપણું શરીર નષ્ટ થઈ જાય છે, પરંતુ આત્મા અમર છે. તે પરમાત્મા સાથે વિલીન થાય છે.

મૃત્યુ સમયે શરીરમાંથી પંચતત્ત્વોના વિસર્જનની, આત્માની પરમાત્મામાં વિલીન થવાની એક વિશિષ્ટ પ્રક્રિયા હોય છે. સૌ પ્રથમ વારો પૃથ્વી તત્ત્વનો આવે છે. પૃથ્વીતત્ત્વ જળતત્ત્વમાં ખેંચાય છે. આ સમયે આંખોની શક્તિ જવા માંડે છે. દૃષ્ટિ જતાં જ બધા આકાર, ચહેરાઓ મૃગજળની માફક ધૂંધળા અને અસ્પષ્ટ દેખાય છે. મૃત્યુના બીજા તબક્કામાં જળતત્ત્વ અગ્નિતત્ત્વમાં ભળે છે. શરીરમાં રહેલું જળતત્ત્વ સુકાવા માંડે છે, સંવેદનાઓ ઓગળવા લાગે છે, બુદ્ધી થઈ જાય છે. આંખને આકાર દેખાવાનું બંધ થાય પછીના આ તબક્કે કાનની શક્તિ જતી રહે છે. કાન અવાજો સાંભળી શકતું નથી.

ત્યારપછીના ત્રીજા તબક્કે અગ્નિતત્ત્વ, વાયુતત્ત્વમાં ભળે છે, શરીરને ઠંડી લાગે છે. શ્વાસ લેવામાં તકલીફ પડે છે. નાકની ઘ્રાણશક્તિ જતી રહે છે. શરીર જાણે આગિયાઓના ઝૂંડમાં કે અગ્નિઓના તણખાઓથી ઘેરાયેલું લાગે છે. ત્યારબાદ ચોથા તબક્કે વાયુતત્ત્વ આકાશતત્ત્વમાં ભળે છે ત્યારે શરીરનો શ્વાસ બંધ થઈ જાય છે. શરીરનું શક્તિ – ભ્રમણ (energy circulation) શરીરના મધ્યસ્થ ચેતાતંત્ર(central nervous system)માં સ્થગિત થઈ જાય છે. શરીરનાં સ્વયંસંચાલિત કાર્યો બંધ થઈ જાય છે. જીભ જાડી થાય છે. સ્વાદ જતો રહે છે. બધી જ પંચેન્દ્રિયો કાર્ય કરતી બંધ થાય છે. શરીરની અંતિમ ક્ષણમાં મનુષ્ય જાણે દીવાની જ્યોતથી ઘેરાયેલો હોય એવી લાગણી થાય છે.

ડૉક્ટર આ ચોથા તબક્કાના અંતમાં મૃત્યુ થયેલું જાહેર કરી દે છે. A person is clinically dead. શરીરની બધી જ પ્રક્રિયાનો અંત થઈ જાય છે. મગજ, હૃદય અને શરીરના તમામ અવયવો કામ કરતા બંધ થઈ જાય છે,

પરંતુ મૃત્યુના આઠમાંથી આ ફક્ત ચાર જ તબક્કા થયા. ત્યારબાદ પણ ચાર તબક્કાઓ છે પરંતુ તે સૂક્ષ્મ છે. આત્મા અનુભવી શકે છે, શરીર નહીં. પહેલા ચાર તબક્કામાં સ્થૂળ શરીરમાંથી આત્મા ખેંચાય છે. ત્યારબાદ શરીરની સ્થૂળ પ્રક્રિયાનો અંત આવે છે. પહેલા ચાર તબક્કા દરમ્યાન સ્થૂળ ચેતનાનું મૃત્યુ થાય છે. આપણી સાદી ભાષામાં તો સ્થૂળ ચેતનાનું જવું એટલે જ મૃત્યુ.

ચાર તબક્કામાં સ્થૂળ મૃત્યુ બાદ સૂક્ષ્મ ચેતનાના તબક્કાઓ શરૂ થાય છે. પાંચમા તબક્કામાં ચેતના મગજમાંથી આપણી મધ્ય, હૃદય પાસે આવેલા ચેતાતંત્રમાં ઊતરી આવે છે. એક શ્વેત રંગનું તેજોબિંદુ મગજ પાસેથી હૃદય તરફ ઊતરી આવે છે. આત્માને જાણે કે એ ચંદ્રના સફેદ પ્રકાશવાળા આકાશમાં પહોંચી ગયો એમ લાગે છે. ત્યારબાદ એક રક્તબિંદુ શરીરના લૈંગિક ભાગમાંથી ઉપર હૃદય તરફ આવે છે. આત્માને એક નારંગી પ્રકાશવાળા આકાશનો ભાસ થાય છે. આમ મૃત્યુના પાંચમા તબક્કામાં ચંદ્રનો સફેદ પ્રકાશ અને છઠ્ઠા તબક્કામાં નારંગી આકાશનો ભાસ થાય છે. મૃત્યુના સાતમા તબક્કામાં આ બંને, મગજ તરફથી હૃદય તરફ આવતું શ્વેત બિંદુ અને નીચેના ભાગથી હૃદય તરફ આવતા રક્ત તેજો બિંદુનું મિલન થાય છે. ત્યારબાદ તેજોમયપ્રકાશમાંથી તેજ જતું રહે છે અને આકાશ કાળું ધબ્બ અથવા તો આછા અંધકારવાળું બને છે. એકાત્મક ચેતનાનો અનુભવ કરતો જીવ એક અર્ધપારદર્શક, ફક્ત સ્વચ્છ પ્રકાશમય પ્રદેશમાં પહોંચી જાય છે.

આ છે મૃત્યુનો સાતમો તબક્કો.

મૃત્યુના આઠમા અંતિમ તબક્કે એક મહત્ત્વની આંતરિક ઘટના બને છે. આપણાં હૃદયમાં ડાબા-જમણા હૃદયને જોડતી છ વળવાળી ગાંઠ [six fold knot] હોય છે, જે ગર્ભાધાન સમયે બંધાઈ જતી હોય છે. આપણા ચેતાતંત્રનો વિકાસ, હૃદયનો વિકાસ આ છ વળવાળી ગાંઠની આજુબાજુ થાય છે. મૃત્યુના આ અંતિમ તબક્કામાં આ ગાંઠ છૂટી જાય છે અને જીવ આ શરીરના બંધનથી મુક્ત થઈ જાય છે. ખરેખરી મૃત્યુની ઘડી આ છે. કોઈ પણ અસ્તિત્વની સૂક્ષ્માતીત સૂક્ષ્મ અવસ્થા આ તબક્કે હોય છે. જીવ-આત્મા હવે મુક્ત બની જાય છે. સમયાતીત, સ્થળાતીત, દ્વન્દ્વમુક્ત ચેતના બની જાય છે. જીવ-શિવનું મિલન, આત્મા-પરમાત્માનું મિલન થાય છે. મૃત્યુની પ્રક્રિયા સમાપ્ત થાય છે."

શાસ્ત્રીજીનો અવાજ સંભળાતો બંધ થયો એટલે નિમિત્તની ધ્યાનાવસ્થા તૂટી અને આજુબાજુના વાતાવરણનો ફરી અહેસાસ થવા માંડ્યો. ધ્યાનાવસ્થામાં દૂરથી સંભળાતો શાસ્ત્રીજીનો અવાજ હવે નજીકથી સંભળાયો.

"ધીમે ધીમે આંખો ખોલ નિમિત્ત."

ધ્યાનમાં બેઠેલા શાસ્ત્રીજીએ પણ આંખ ખોલી. બંનેની આંખો મળી. બંને થોડીવાર મૌન રહ્યા. નિમિત્ત માટે એક અદ્ભુત અનુભવ હતો. શાસ્ત્રીજીની રૂમમાં સૂર્યોદયના પહેલાં કિરણોએ પ્રવેશ કર્યો. થોડી વાર મૌન રહ્યા બાદ શાસ્ત્રીજીએ નિમિત્તને પાણી પીવડાવ્યું. દસ વર્ષની ધ્યાનની ટ્રેનિંગ પછી શાસ્ત્રીજીએ નિમિત્ત પાસે દસ દિવસના ઉપવાસ કરાવ્યા. ત્યારબાદ એક રાતે આશ્રમમાં પોતાના રૂમમાં બોલાવ્યો. રાત્રે બાર વાગ્યાથી બંને જણા સામસામે ધ્યાનમાં બેસી ગયા. પૂરા ત્રણ કલાક ધ્યાન કર્યા પછી સમાધિની એક ઊંચી અવસ્થા દરમ્યાન શાસ્ત્રીજી એ મૃત્યુની પ્રક્રિયાનું જ્ઞાન નિમિત્તને આપ્યું. ધ્યાનસ્થ રીતે નિમિત્તે એને ગ્રહણ કર્યું. સવારે છ વાગે ધ્યાન પૂરું થયું.

શાસ્ત્રીજીએ હિમાલયના તાંત્રિક ગુરુ પાસે મેળવેલું આ જ્ઞાન હજી સુધી કોઈને આપ્યું નહોતું. હવે પછી કોઈને ક્યારેય આપવાના પણ ન હતા. હવે પછી કોઈ નિમિત્ત જેવો સુપાત્ર શિષ્ય કદાચ મળવાનો ન હતો. શાસ્ત્રીજીએ ખૂબ વિચારીને તેમના ગુરુજીની સંમતિ લઈને આ જ્ઞાન નિમિત્તને આપ્યું હતું. શાસ્ત્રીજીએ હિમાલયમાં રહેતા એમના ગુરુને પૂછ્યું પછી ગુરુજીએ જવાબ આપવામાં વિલંબ કર્યો હતો, પણ છેવટે સંમતિ આપી હતી. નિમિત્ત એ જ્ઞાનની પ્રાપ્તિ માટે સુયોગ્ય હતો.

નિમિત્તે આંખ ખોલી, આંખમાં આંસુ ઊભરાયાં. શાસ્ત્રીજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યાં. એના શરીરમાં દસ દિવસના આકરા તપ પછી જાણે ચેતના સિવાય કશુંય ન બચ્યું.

"થોડીવાર બેસ બેટા, પછી મારી સાથે પારણાં કરીને ઘરે જા. તારા ઉપવાસ પૂર્ણ થયા." થોડીવારમાં નારિયેળ પાણીથી પારણાં કરીને નિમિત્ત ઘરે આવ્યો.

શાસ્ત્રીજીએ આજ્ઞા કરી હતી કે આ વાત કોઈને કરવી નહીં. એમણે કહેલા બીજા શબ્દો પણ હજી નિમિત્તના કાનમાં ગુંજતા હતા:

"જીવનમાં હવે આપણે ક્યારેય આ વિશે એકબીજાં સાથે પણ વાત નહીં કરીએ. મારા અંતિમ સમયે તું બધા સાથે બેસીને વિલાપ નહીં કરતો. મારા આ નશ્વર દેહની અંતિમક્રિયા કરવા માટે પૂરતા લોકો હશે. તું તે વખતે બધાથી દૂર ધ્યાનાવસ્થામાં બેસી જજે. આજ મારી ગુરુદક્ષિણા હશે. વચન આપ કે તું આમ જ કરીશ."

"વચન આપું છું, ગુરુજી, પણ એવામાં હું તમારા પહેલા......" ભાવાવેશમાં નિમિત્ત ક્યારેક જ કરતો એવું ગુરુજીનું સંબોધન કર્યું. શાસ્ત્રીજીએ સાંભળ્યું પણ ખરું પરંતુ અધવચ્ચેથી વાક્ય પૂરું ન થવા દીધું.

"એવું નહીં બને!" એમનો સત્તાવાહી અવાજ સાંભળીને નિમિત્તે આગળ તર્ક કરવાનો રહેવા દીધો.

આજનો અનુભવ તર્કાતીત હતો. તર્કની ઉપર અનુભૂતિનું પણ એક વિશ્વ છે તે એ જાણી ચૂક્યો હતો.

'કિલ્લોલ' પરથી ઘરે આવ્યો ત્યાં સુધીમાં એ ફરી આ સ્થૂળ ભૂમિ પર આવી ચૂક્યો હતો. રિક્ષાવાળાઓ હોર્ન મારીને વાહનો ચલાવી રહ્યા હતા.મોટર બાઇક ચલાવનારા યુવકો ગમે તેમ ઑવરટેક કરી ચાર ચારની લાઇન બનાવી રસ્તો રોકતા હતા. કડક બજાર પાસે ફ્રૂટ અને શાકભાજીઓની લારીઓ ગ્રાહકો આવે તે માટે તૈયાર હતી. બ્રિજ ઉપર એક ટ્રેન છૂટવાની વ્હિસલનો અવાજ આવી રહ્યો હતો. આખો સંસાર એમનો એમ હતો પણ નિમિત્તની દૃષ્ટિ બદલાઈ ગઈ હતી!

ઘરે પહોંચ્યો ત્યારે મમ્મી-પપ્પા હીંચકે બેઠાં એમની વર્ષો જૂની ટેવ પ્રમાણે ચા-નાસ્તો કરી રહ્યાં હતાં.

"આવ બેટા, નાસ્તો કરવાનો?"

"ના, મમ્મી કરીને જ આવ્યો છું. હવે તૈયાર થઈ કૉલેજ જાઉં, બધા પ્રોફેસર્સને મળીને આવું."

બે દિવસ પછી નિમિત્ત પુણે જવાનો હતો, અહીં તેનું M.Sc. પતી ગયું હતું. તે ગોલ્ડમેડલિસ્ટ બની ગયો હતો. આગળ ડૉક્ટરેટ કરવા માટે એ પુણેની IUCAA (Inter University Centre For Astrophysics and Astronomy)માં બે વર્ષ માટે જવાનો હતો. તેની તૈયારી પૂરજોશમાં ચાલી રહી હતી.

"જમવા માટે આવશે? આજે તો ઉપવાસ નથી ને!"

"ના. ઉપવાસ તો નથી પણ પ્રોફેસર્સને મળીને મિત્રોને પણ મળવાનું છે. રાત્રે જમીશ."

નાહીધોઈને નિમિત્ત તૈયાર થયો. સ્કૂટર પર કૉલેજ જવા નીકળ્યો. સવારની અવર્ણનીય અને અકલ્પનીય ઘટના હજી તેના મન પરથી ઊતરી ન હતી, પરંતુ ધ્યાનને કારણે મનની કેળવણી પૂરેપૂરી હતી એટલે વાસ્તવિક દુનિયાથી અધ્ધર નહોતો થઈ ગયો. આજે શાસ્ત્રીજીએ એમના પ્રિય શિષ્યને મૃત્યુની સ્થિતિનો અનુભવ ધ્યાનાવસ્થામાં કરાવ્યો હતો. મૃત્યુ સમયનું જ્ઞાન કેમ આપ્યું હશે એવો પ્રશ્ન નિમિત્તને ન થયો. શાસ્ત્રીજી જે જ્ઞાન આપે તે ગ્રહણ કરવામાં નિમિત્ત પાછળ પડતો નહીં.



પ્રિય આત્મન્...

પ્રિય આત્મન્,

ઘણે દિવસે જાત સાથે વાતો કરવાનું શરૂ થયું છે. શું કરું? તને જ વચન આપેલું કે કર્મનિષ્ઠ થઈશ ત્યારે જ ફરી તને મળીશ. વચન પળાયું એટલે લખવા બેઠો છું. છેલ્લા મહિનાઓમાં ઘણું બધું પરિચિત છૂટી ગયું અને ઘણું બધું નવું મળી ગયું. મારું M.Sc. પતી ગયું. ગોલ્ડ મેડલ પણ મળી ગયો. બારમાના ખરાબ રિઝલ્ટનો ઘા રુઝાઈ ગયો. જીવનનું ધ્યેય મળી ગયું. ભગવાન ક્યારેક થપ્પડ મારીને આપણું ભલું કરે છે. ડૉક્ટર બનવાનું ધ્યેય મારું ન હતું પણ હું હોંશિયાર છું તેવું પુરવાર કરી સમાજને દેખાડવાનું હતું તેવું આજે સમજાય છે.

ખેર, હવે હું નવા પ્રદેશમાં આવી ગયો છું. નવી જીવન દિશા તરફ મક્કમપણે ચાલવાનો છું. પુણેની IUCAAમાં ઍડ્મિશન લઈ લીધું છે. હવે હું બે વર્ષ માટે પુણેમાં જ રહેવાનો છું. IUCAAમાં ઍડ્મિશનની બધી ફૉર્માલિટી પતી ગઈ છે. કૅમ્પસ પર જ રહેવા માટે રૂમ મળી ગયો છે. ભારતભરમાંથી મારા જેવા દસ વિદ્યાર્થીઓ આવ્યા છે. કૅમ્પસનું લીલુંછમ શાંત વાતાવરણ છે, સરસ સગવડ છે એટલે ભણતર પર જ ધ્યાન. હું મારી જાતને ભાગ્યશાળી સમજું છું કે મને આવી સરસ તક મળી.

આત્મન્! મેં તને પ્રોમિસ આપ્યું હતું કે હું મારા અભ્યાસને મારો કર્મયોગ ગણીશ! હું એમ જ કરવાની કોશિશ કરી રહ્યો છું. મારા પરિચિતોમાં માતા-પિતા, ભાઈ અને વડીલો તો આવે જ છે પણ મારા મિત્રો પણ મારા હૃદયની એટલા જ નિકટ છે. મારાથી કોઈના કોમળ હૃદયને ઠેસ પહોંચાડાય છે, એનો ખેદ જિંદગીભર રહેવાનો છે. નિકટ હોય અને ખૂબ પ્રિય હોય એવી વ્યક્તિને દુ:ખ પહોંચાડવું ગુનો છે. મારો ગુનો અક્ષમ્ય છે એ જાણું છું, પરંતુ હું મજબૂર છું. જેના નામનો અર્થ જ અમૃત છે તેવી વ્યક્તિને તરછોડીને મેં એને ઝેરનો કટોરો પીવડાવ્યો છે. પણ આત્મન હું શું કરું? મારા આ વિકટ જ્ઞાનમાર્ગમાં મારે અનેક કષ્ટોનો સામનો કરવાનો છે. હું મારા સમગ્ર અસ્તિત્વની આહુતિ આપીને જ્ઞાનમાર્ગે આગળ વધવાનો છું. મારા એક કેન્દ્રીય માર્ગમાં એને અન્યાય કરી બેસું એવો મને ભય છે. અમે બંનેએ સમજીને આ જુદાઈ સ્વીકારી છે. મારા આગ્રહથી એણે સ્વીકારી એમ કહેવું વધું યોગ્ય છે. મેં જીવનમાં જ્ઞાનનો માર્ગ અપનાવ્યો છે અને સંસારનો માર્ગ તરછોડ્યો છે. અમારા માર્ગ ક્યારેય મળવાના નથી. મેં જીવનની જે વાટ પકડી છે તેમાં શીતળ છાંયડાનો મને હક્ક નથી. મારા ગુનાની સજા મને મળશે જ એની મને ખાતરી છે. મને સજા મંજૂર છે. આત્મન્, તું યાદ રાખજે મારા શ્વાચ્છોશ્વાસમાં ભળી ગયુ એ નામ ક્યારેય હોઠથી નહીં ઉચ્ચારું.

અહીં સવારે લેક્ચર હોય છે, તે સાંભળીને પછી હું લાઇબ્રેરીમાં જઈને રેફરન્સ પુસ્તકો વાંચી લઉં છું. નોટ્સ બનાવી લઉં છું. અહીંની સમૃદ્ધ લાઇબ્રેરીમાં દુનિયાભરનાં શ્રેષ્ઠ પુસ્તકો છે. હું ખૂબ વાંચું છું. હા, સમય મળે ત્યારે મારાં પ્રિય પુસ્તકો 'કૃષ્ણાવતાર' અને 'કૃષ્ણનું જીવનસંગીત' પણ વાંચું છું. જ્ઞાનના માર્ગે આગળ વધવાનો મારો સંકલ્પ છે.

આત્મન્! તને મળું ત્યારે હું જાણે મારા પ્રતિબિંબને જોઉં છું. હું અને તું એક જ છીએ ને! તને તો હું મારા મનની બધી વાતો કરી શકું ને. તારી સામે તો આ પાગલ (ક્વાર્ક) લવારા કરી જ શકે ને! માતા-પિતા, ભાઈ મારાથી ખૂબ નજીક, પણ મારો 'સ્વ'તો તું જ ને! બહારથી તો હું સૌનો ડાહ્યો નિમિત્ત, પણ અન્દરથી તો ક્વાર્ક જ ને!

જીવનમાં ક્યારેક હતાશા આવે તો મારા ડામાડોળ થતા 'સ્વ'ને તું જ એન્કર બનીને સ્થિર કરજે. હું તને મારી આજની વાત કરું? આજે મેં લાઇબ્રેરીમાં 'મૉડલ – ડિપેન્ડન્ટ – રિયાલિઝમ' અંગે વાંચ્યું. ઉપનિષદના મંત્રમાં હોય તેવી સત્ય ઉપાસનાની મહાન વાત મને લાગી. જો તને સમજાવું?

રિયાલિઝમ એટલે હકીકત – સાચી વસ્તુસ્થિતિ, વાસ્તવિક ચિત્રણ કે નિરૂપણ. મૉડલ એટલે નમૂનો. જેમકે ઘરમાં પડેલો પૃથ્વીનો ગોળો એ પૃથ્વીનો આકાર તથા સ્થળ દર્શાવતું એક મૉડલ છે.

મનુષ્ય આજુબાજુ રહેલી વાસ્તવિકતા એટલે કે રિયાલીઝમને કઈ રીતે જાણે છે? બહારની વાસ્તવિકતાના બધા જ સંદેશાઓ મગજને પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા મળે છે. આંખ જુએ છે, કાન સંભાળે છે, નાક સૂંઘે છે, જીભ સ્વાદ પારખે છે અને ચામડી સ્પર્શ દ્વારા બહારની વાસ્તવિકતા સાથે સંપર્કમાં રહે છે.

'મૉડલ – ડિપેન્ડન્ટ – રિયાલિઝમ' એમ કહે છે કે મનુષ્ય વાસ્તવિકતાને સમજવા માટે કોઈ ને કોઈ મૉડલ ઉપર આધાર રાખે છે. જેમકે પ્રાચીન સમયમાં એવું મનાતું હતું કે સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્ર પૃથ્વી છે. બ્રહ્માંડની વાસ્તવિકતા જાણવા માટેનું આ એક મૉડલ છે. વર્ષો પછી કોપરનિકસ નામના વિજ્ઞાનીએ કહ્યું કે ગ્રહો સૂર્યની આજુબાજુ પરિભ્રમણ કરે છે એટલે બ્રહ્માંડનું કેન્દ્ર સૂર્ય છે. આ એક બીજું મૉડલ થયું. હવે આપણે જાણીએ છીએ કે સૂર્ય પણ સ્થિર નથી, એટલે હવે કોઈ બીજા મૉડલ પ્રમાણે આપણે વાસ્તવિકતા જાણીએ છીએ. નવા નવા મૉડલ વાસ્તવિકતા, રિયાલીઝમ અંગે નવું દર્શન આપતા જાય છે.

પ્લેટોથી માંડીને બીજા સત્યશોધકોએ વાસ્તવિકતાને દર્શાવવા માટે કોઈ ને કોઈ મૉડલનો ઉપયોગ કર્યો છે. વિજ્ઞાનીઓ વાસ્તવિકતા જાણવા માટે ઘટના – તેનું અવલોકન – હંગામી નિયમો – પ્રયોગો – વળી પાછા અવલોકનો સાથે નિયમો અને સિદ્ધાંતો, એ પ્રક્રિયા પ્રમાણે કુદરતી ઘટનાને દર્શાવતા નિયમો બનાવે છે. વિજ્ઞાનના નિયમો એ પ્રણાલી ઘટના–અવલોકન–હંગામી નિયમો-પ્રયોગો દ્વારા સિદ્ધ થતા થતા અનેક પડાવ પાર કરીને બનેલા છે. તું સમજે છે ને આત્મન્!

બીજી મહત્ત્વની વાત એ છે કે વિજ્ઞાન એવું સ્વીકારે છે કે અવલોકનકારથી અળગું એક બાહ્ય વિશ્વ છે જે વિશિષ્ટ ગુણધર્મ ધરાવે છે. જેમ કે એક દડો છે, એનો પરિઘ છે, વજન છે. આ દડો, એનું વજન તેનો પરિઘ તે માપનારથી ભિન્ન છે. કોઈ પણ અવલોકનકાર એ માપશે તો એ એકસરખું જ આવશે. મતલબ કે દડાની વાસ્તવિકતા તેના માપનારથી ભિન્ન છે. દડાનું અવલોકન અને તેનું અવલોકન કરનાર એકબીજાંને અસર કરતું નથી.

કેમ આપણી સાદી સમજ, આપણી common sense એમ જ કહે ને? મારા અવલોકનથી મને કે દડાને કોઈ અસર કેવી રીતે થાય? મારા અવલોકન માત્રથી દડા કે મારામાં કોઈ ફેરફાર કેવી રીતે શક્ય છે?

આત્મન્! તું વિચારતો હશે કે હું આ બધું કેમ કહેતો હઈશ? તો લે હવે મજ્જાની વાત સાંભળજે!

આ ક્વૉન્ટમ વિજ્ઞાન, 'મૉડલ – ડિપેન્ડન્ટ રિયાલિઝમ'થી સાવ જ ઊલટું વર્તન કરે છે! ક્વૉન્ટમ વિજ્ઞાન પદાર્થના સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ કણનો અભ્યાસ છે, તે તો તું જાણે જ છે. વિજ્ઞાનીઓ એમ કહે છે કે ક્વૉન્ટમ લેવલ પર, એટલે કે પદાર્થના સૂક્ષ્મ કણો, અણુ, પરમાણુ અને તેથીય સૂક્ષ્મકણો કોઈ ગુહ્ય નિયમોનું પાલન કરે છે. આપણી કોમન સેન્સ પ્રમાણે નહીં, પણ કોઈ બીજા જ નિયમોનું પાલન કરે છે. આ તો અજબ છે ને ભાઈ! અત્યાર સુધી ચાલતું આપણું 'મૉડલ – ડિપેન્ડન્ટ – રિયાલિઝમ' હવે બદલવું પડશે. જ્યારે કોપરનિક્સે કહ્યું કે પૃથ્વી નહીં પણ સૂર્ય કેન્દ્ર છે ત્યારે જેવો આંચકો લાગ્યો તે હવે આ ક્વૉન્ટમ વિજ્ઞાન આપી રહ્યું છે. ક્વૉન્ટમ વિજ્ઞાને પુરવાર કરી દીધું છે કે સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ સ્તરે કોઈપણ પદાર્થ, તેનું અવલોકન અને અવલોકન કરનાર એકબીજાંથી ભિન્ન નથી. મતલબ, વાસ્વિકતા, તેનું અવલોકન અને અવલોકન કરનાર એકબીજાંમાં ઓતપ્રોત છે. વિજ્ઞાન હજી પ્રયોગો કરી રહી છે. વિજ્ઞાનીઓ સમક્ષ એક નવો પડકાર છે, ખાસ કરીને ભૌતિકશાસ્ત્ર સામે. જો આ પુરવાર થયું અને થઈ ગયું જ છે તો તેની અસર વિજ્ઞાનની અન્ય શાખા ખાસ કરીને જીવ વિજ્ઞાન ક્ષેત્રે પડશે.

આત્મન્, મારી સામે તો રહસ્યની નવી દુનિયા ખૂલી રહી છે. હવે પછીનો સમય વિજ્ઞાન ક્ષેત્રે ખૂબ મહત્ત્વનો છે. વિજ્ઞાન એક ચોરાહા પર ઊભું છે. વિજ્ઞાને નવેસરથી વાસ્તવિકતા સમજવા માટે નવું મૉડલ

સ્વીકારવું પડશે. આ મૉડલ અત્યાર સુધીનાં મૉડલો કરતાં ભિન્ન હશે. વિજ્ઞાનિકોનું એક જૂથ, જેમાં આઇનસ્ટાઇન પણ આવી જાય, તે નવી વાસ્તવિકતા સમજવા માટે અધ્યાત્મ તરફ નજર માંડે છે. તેમને ખાસ કરીને ભારતીય અધ્યાત્મ તરફથી વિજ્ઞાન સમક્ષ ઊભા થયેલા નવા પ્રશ્નોનો જવાબ મળે તેવી અપેક્ષા છે.

આજે અમારા પ્રોફેસર સાથે ચર્ચા થઈ તો મારા સહઅધ્યાયીઓમાં પણ બે વર્ગ પડી ગયા. એક વર્ગ એવું માને છે કે વિજ્ઞાન અને અધ્યાત્મ ક્યારેય મળી શકે નહીં. ધર્મ, અધ્યાત્મ, ભગવાન – બધું ધર્મગુરુઓએ ઊભું કરેલું તૂત છે. સમાજને ભગવાનનો, પાપ-પુણ્યનો ડર બતાવી, જુનવાણી વ્યવસ્થા જાળવી રાખવાનો પ્રયત્ન છે. સૃષ્ટિનો સર્જનહાર છે તેમ કહીને પ્રજાને કાબૂમાં રાખવાનો પ્રયાસ છે. બ્રાહ્મણો રાજા અને પ્રજાને કાબૂમાં રાખી પોતાનો પાવર વધારતા હતા. વિજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મ ક્યારેય એક થઈ ન શકે. બીજો વર્ગ, જેમાં હું પણ છું. તે એવું માને છે કે નવા પડકારનો ખુલ્લા મને અભ્યાસ કરવો જોઈએ.

હું ભાગ્યશાળી છું કે વિજ્ઞાનના આવા નિર્ણાયક સમયે હું પણ મારું યોગદાન આપીશ. હું ખૂબ વાંચું છું. હું અભ્યાસ કરીને મારી શોધને નવી દિશા આપવાનો છું. આજનો દિવસ યાદ રાખજે આત્મન્, આજે મેં એક નવી દિશામાં પગ માંડ્યા છે.

વડોદરાનાં સ્વજનો મને ખૂબ યાદ આવે છે, પરંતુ હવે મારો અભ્યાસ, મારી શોધ જ મારા નવાં સ્વજનો છે!

લિ. નિમિત્ત



પંખી ઊડ્યું અપરિચયના આકાશમાં

એક ટૅક્સી છત્રપતિ શિવાજી ઇન્ટરનૅશનલ ઍરપૉર્ટ પર આવીને ઊભી રહી. દરવાજો ખૂલ્યો અને અંદરથી નિમિત્ત બહાર નીકળ્યો. ડિકીમાંથી સામાનની બે મોટી બૅગ કાઢી. હાથમાં હૅન્ડબૅગ લગેજ હતું. ટૅક્સીવાળાને પૈસા ચૂકવ્યા અને ક્યાં જવું એની મૂંઝવણમાં ઊભો. આજુબાજુ બધા લગેજ એક ટ્રોલીમાં મૂકીને લઈ જતા હતા. નિમિત્ત પણ ટ્રોલી લઈ આવ્યો અને સામાન એમાં મૂકી દીધો. ઍરપૉર્ટમાં અંદર ગયો. ઍરપૉર્ટમાં અંદર ચહલપહલ હતી. ટ્રોલીઓ ભરેલો સામાન લઈને સૌ આમતેમ જતાં હતા. દરેક ઍરલાઇન્સના કાઉન્ટરો હતાં. કાઉન્ટર ઉપર એ ઍરલાઇનનો ડ્રેસ પહેરેલો સ્ટાફ ઊભો હતો. ટ્રોલીઓ લઈને પેસેન્જરો લાઇનમાં ઊભા હતા. તેઓ સામાન કાઉન્ટર પાસેના કન્વેયર બેલ્ટ પર મૂકી દેતા. તે કાઉન્ટરનો સ્ટાફ બૅગનું વજન ચેક કરી, લગેજ ઉપર ટેગ લગાવી અંદર બીજા મોટા કન્વેયર બેલ્ટ પર જવા દેતા. બૉર્ડિંગ પાસ ઉપર લગેજનું સ્ટિકર લગાવી આપતા અને હૅન્ડ લગેજ પર ટેગ લગાવી દેતા. કેટલી બધી ઍરલાઇન અને કેટલા બધા કાઉન્ટર!

નિમિત્ત એક મિનિટ ઊભો રહીને આજુબાજુ જોવા લાગ્યો. પહેલીવાર જ એ ઇન્ટરનૅશનલ ઍરપૉર્ટ પર આવ્યો હતો. ટિકિટ, પાસપોર્ટ હાથમાં પકડી તે લુફ્થાન્સા(Lufthansa)નું કાઉન્ટર શોધવા લાગ્યો. Oh Yes!! મળી ગયું. Dustsche Lufthansa, યુરોપની સૌથી મોટી airline. 'લુફ્ત' જર્મન ભાષાના શબ્દનો અર્થ થાય છે, હવા અને હાન્સા એટલે મંડળ. લુફ્થાન્સાનો લોગો છે પીળા રંગના વર્તુળાકાર વચ્ચે નેવી બ્લ્યુ કલરનો ઊડતો બગલો. નિમિત્તે તે ઓળખી કાઢ્યો અને એના કાઉન્ટર તરફ ટ્રોલી લઈ ગયો. ત્યાં લાઇન હતી એટલે શાંતિથી ઊભો રહ્યો. લુફ્થાન્સાના લોગો વાળું સફેદ શર્ટ અને બ્લ્યુ સ્કર્ટ પહેરેલી બે યુવતીઓ કાઉન્ટર પર ઊભી રહીને પેસેન્જરને સ્મિત આપી કાર્યદક્ષતાપૂર્વક કામ કરી રહી હતી. નિમિત્તનો વારો આવ્યો એટલે એ કાઉન્ટર પર જઈને ઊભો રહ્યો. યુવતીએ સ્મિત આપ્યું.

"ગૂડ ઇવનિંગ સર."

"ગૂડ ઇવનિંગ."

નિમિત્તે ટિકિટ આપી અને પોતાની બૅગો ટ્રોલી પરથી બેલ્ટ પર ગોઠવી. યુવતીએ Boarding Pass, લગેજ ટિકિટ અને હૅન્ડ લગેજ માટે ટેગ આપ્યું. આભાર માનીને નિમિત્ત બોર્ડિંગ પાસ, પાસપોર્ટ લઈને હળવો થઈ ગયો. હાશ! બૅગનો ભાર ઊંચકી ઊંચકીને ફરવાનું નહીં! LH-7402, પ્લેનનો નંબર હતો. હવે એણે ઇમિગ્રેશન અને પછી સીક્યુરિટી કરીને ગેટ નંબર ૨૭ પર પહોંચવાનું હતું. ભારતીય લોકોની સાથે સાથે બીજા દેશોના લોકો પણ હતા. હાથમાં હવે ફક્ત હૅન્ડ લગેજ જ હતું. આજુબાજુની દુનિયા નિહાળતો ઇમિગ્રેશન તરફ ગયો. ત્યાંની લાઇન જોઈને તરત જ ઘડિયાળમાં જોયું. આટલી લાંબી લાઇન! પ્લેન તો નહીં ચૂકી જવાય ને! ઇમિગ્રેશનની લાંબી લાઇન ધીમે ધીમે આગળ વધતી હતી. હવે ખબર પડી! ફ્લાઇટના સમય કરતા ત્રણ કલાક વહેલા ઍરપૉર્ટ પર કેમ જવાનું. બરાબર એક કલાક પછી એનો નંબર આવ્યો. ઑફિસરે પાસપોર્ટ જોયો. ફોટો ચેક કર્યો. ક્યાં જવાના, કેમ જવાના વગેરે પૂછ્યું. બધું ક્લીયર હતું. જર્મની, મ્યુનિક ઍરપૉર્ટ પર ઊતરીને ગાર્ચિંગ જવાના અને ત્યાંથી Max Planck Institute of Astrophysics (MPA)માં ફેલૉશિપ મળી તે કાગળ બતાવ્યો. ઑફિસરે થપ્પો મારીને પાસપોર્ટ પાછો આપ્યો. હવે વારો સીક્યુરિટી ચેકનો. ત્યાં પણ લાઇન! ભારે થઈ ભઈ! સ્કેનર પાસે બેલ્ટ ઉપર બૅગ મૂકી. બેલ્ટ, શૂઝ, મોબાઇલ, કમ્પ્યૂટર કાઢી ટ્રેમાં મૂકી એ પણ એક્સ-રે મશીનમાં જવા દીધાં અને પોતે લાઇનમાં ઊભો રહ્યો. વારો આવ્યો એટલે

શરીર પર મેટલ સ્કેનર ફેરવીને સીક્યુરિટીએ જવા દીધો. હેન્ડ લગેજના ટેગ ઉપર સિક્કો માર્યો. હવે બંદા તૈયાર! ગેટ નંબર ૨૭ જવા આગળ વધ્યો. બધે નિશાની અને સૂચનાઓ લખેલી હતી એટલે વાંધો ન હતો. બસ દેશ છોડવાની ઘડી આવી ગઈ! ગેટ નંબર ૨૭ પાસે એક ખાલી સીટ પર બેસીને આજુબાજુની દુનિયા જોવા લાગ્યો. ફ્લાઇટની ઍનાઉન્સમૅન્ટ થાય એટલે એ ગેટ પાસે બેઠેલું ટોળું ઊભું થાય. બોર્ડિંગ પાસ ચેક કરીને ગેટ તરફ જાય. બસમાં બેસે એટલે બસ દૂર ઊભેલા પ્લેન પાસે જઈ ઊભી રહે. પેસેન્જરો ઊતરીને પ્લેનમાં ચઢે. ઍરહોસ્ટેસ વેલકમ કરવા ઊભી જ હોય. સીટ પર બેસી જવાનું. થોડીવાર રન-વે પર, પછી આકાશમાં... બસ બધું જાણીતું છોડીને અજાણ્યા આકાશમાં. એનું મન તો હજી 'સ્વજન' પર જ હતું.

જર્મની જઈને એણે ખગોળશાસ્ત્રમાં આવિષ્કારો કરવા હતા, પરંતુ મમ્મી, પપ્પા, ભાઈ-ભાભી, અંશ અને સૌ મિત્રો, માસી, કાકા બધાને છોડીને જવાનું પણ મન ન હતું. છેલ્લા કેટલાય દિવસોથી ઘરમાં મહેમાનોની અવરજવર ચાલતી હતી. મમ્મી અને ભાભી તો થાકી જતાં હતાં. નિમિત્ત માટે નાસ્તો બનાવવાના કામમાં. ભાભી તો બજારમાં દોડે પછી ઘરનું કામ, પછી મહેમાનોનું કામ! નિમિત્ત કુટુંબનાં સૌ વડીલોને પગે લાગી આવ્યો. કૉલેજના પ્રોફેસરોના આશીર્વાદ લઈ આવ્યો. એના પ્રિય મંદિર, ફત્તેહગંજમાં આવેલા ઈ.એમ.ઈ. ટેમ્પલ પર તો કેટલીય વાર જઈ આવ્યો. ત્યાં જઈને દક્ષિણામૂર્તિની પ્રતિમા સામે બેસીને, ધ્યાનમય પ્રાર્થના કરવાની એને નાનપણની આદત હતી. કૃષ્ણભક્ત હોવા છતાં એને આ શિવમંદિર ખૂબ ગમતું.

ઍરપોર્ટ પર બધી ચહલપહલની વચ્ચે એને એકલું લાગવા માંડ્યું. વડોદરામાં તો બધા સૂઈ ગયા હશે. છેલ્લે ઍરપોર્ટ પર નીકળતી વખતે માસીને ત્યાંથી 'સ્વજન' વાત થઈ હતી. હવે જર્મની જઈને પછી ફોન કરી શકશે. બધાં બરોડામાં થાક્યાં એટલે સૂતાં હશે. પણ બધાંનાં સપનાંઓ તો નિમિત્ત ભણીનાં જ હશે. કુટુંબની ગમતી પરંપરા મુજબ છેલ્લે એણે સૌને સંબોધીને લખેલા પત્રો આપ્યા અને બધાએ પણ એને ભેટ સાથે પત્રો આપ્યા. સૌના પત્રો સાથે હૅન્ડબૅગમાં જ રાખ્યા. આ એકલતાની વચ્ચે એની પાસે હૂંફનાં તાપણાં જેવા આ બધા પત્રો હતા. છેલ્લે જ્યારે શાસ્ત્રીજીને પગે લાગવા ગયો ત્યારનું દૃશ્ય એને યાદ આવ્યું. શાસ્ત્રીજી એમની આરામખુરશીમાં બેઠા હતા. ચહેરા પર ઉંમર દેખાઈ આવતી હતી. આંખ નબળી પડી હતી પણ વાંચવાનો નિયમ ચાલુ હતો. હવે ચશ્માંની સાથે બિલોરી કાચથી વાંચતા હતા.

"નમસ્તે શાસ્ત્રીજી."

"આવ નિમિત્ત. તારો જ વિચાર કરતો હતો. હવે કેટલા દિવસ બાકી છે?" શાસ્ત્રીજીએ ચશ્માં અને બિલોરી કાચ બાજુના ટેબલ પર મૂકતાં પૂછ્યું.

"બસ પરમ દિવસે રાત્રે બરોડા એક્સપ્રેસમાં નીકળીશ અને બીજે દિવસે રાત્રે – બરાબર બાર વાગે ઍરપોર્ટ પર. ફ્લાઇટ ત્રણ વાગ્યાની છે. આજે તમારા આશીર્વાદ લેવા આવ્યો છું."

"ખૂબ ખૂબ આશીર્વાદ, તારી ભેટ તૈયાર છે. પણ તારે જ કબાટમાંથી કાઢવાની. જો કબાટ ખોલ. ત્યાં બીજા ખાનામાં પ્રકાશક R. R. Shethની કોથળી પડી છે. એ આખી તારી છે."

"અરે વાહ તમે તો મોટો ખજાનો જ આપી દીધો ને!"

"તારા ગમતા લેખકનાં પુસ્તકો છે. સંભવામિ ક્ષણે ક્ષણે, અસ્તિત્વનો ઉત્સવ, પતંગિયાની આનંદયાત્રા, પતંગિયાની અવકાશયાત્રા, તારી પાસે બૅગમાં જગ્યા છે દીકરા?"

"અરે, પુસ્તકો માટે તો જગ્યા હોય જ, બાકીનો સામાન કાઢી નાખીશ. પણ આ પુસ્તકો તો લઈ જઈશ જ. એકાદ પુસ્તક તો ફ્લાઇટમાં જ વાંચી લઈશ." નિમિત્ત ઉત્સાહમાં આવી ગયો.

"જો દીકરા હવે આપણે મળીશું કે નહીં એ નક્કી નથી, તું ફરી બરોડા આવે ત્યારે આપણે મળીએ કે ન પણ મળીએ. કદાચ જીવતો હોઉં તો પણ તબિયત ખૂબ નબળી હોય, પણ એટલું યાદ રાખજે મારા આશીર્વાદ હંમેશાં તારી સાથે જ છે. તું ખૂબ પ્રગતિ કરવાનો છે. તારું ભવિષ્ય તને નથી ખબર, તું તો જન્માક્ષરમાં માનતો

નથી ને! પણ મને ખબર છે એટલે પ્રગતિમાં અવરોધે એવા પ્રલોભનો ટાળજે. ક્યારેક પત્ર લખજે.”

“હા, શાસ્ત્રીજી. તમારા લોકો વગર મને પણ ક્યાં ગમવાનું છે. મનથી અને તનથી ત્યાં હોઈશ, પણ હૃદયથી હંમેશાં અહીં જ હોઈશ ને!”

નિમિત્ત ઍરપૉર્ટ પર એકલો હતો. મનથી તે એક પછી એક બધા સ્નેહી-મિત્રોના ચહેરાઓ, એમની સાથેના વાર્તાલાપ યાદ કરી રહ્યો હતો. જૂનું આકાશ છોડીને પંખી નવા આકાશ તરફ જઈ રહ્યું હતું. આકાશ અજાણ્યું હતું. આકાશ વિશાળ હતું, પણ પંખીની પાંખમાં જોર હતું. પંખીની આંખમાં સ્વપ્નાંઓ હતાં. પંખી તૈયાર હતું. ગમે તેટલું મોટું આકાશ, પંખીની પાંખથી તો નાનું જ છે!

ફ્લાઇટની ઍનાઉન્સમૅન્ટ થઈ એટલે નિમિત્ત ઊઠ્યો. ગેટ ૨૭ની બહાર નીકળી, ઍરપૉર્ટ બસમાં બેઠો. મધ્યરાત્રિનું આકાશ હતું. તારાઓ ટમટમી રહ્યા હતા. ધ્રુવનો તારો જડતો ન હતો. બસ લુફ્થાન્સાના પ્લેન તરફ ઊપડી. સફેદ રંગનું પ્લેન, પાછળનો ભાગ નેવી બ્લ્યુ રંગનો અને વચ્ચે લુફ્થાન્સાનો બગલાવાળો લોગો. બોઇંગ 737-300. લુફ્થાન્સાની પૉલિસી પ્રમાણે પ્લેનના નામકરણ કરેલાં હતા. એના પ્લેનનું નામ જર્મનીના એક શહેર પરથી પાડેલું ‘ફ્રૅન્કફર્ટ’ હતું. છેલ્લીવાર જાણીતા આકાશ તરફ નજર કરી નિમિત્ત વિમાનમાં પ્રવેશ્યો. હાથ જોડીને સ્મિત કરતી ઍરહોસ્ટેસ દરવાજા પર આવકારવા ઊભી હતી. નિમિત્ત પોતાની સીટ શોધતો અંદર ગયો. બારી પાસેની સીટ હતી, હૅન્ડબૅગમાંથી જરૂરી સમાન કાઢી વિન્ડો સીટ પાસે ગોઠવાઈને પરિચિત આકાશને જોઈ રહ્યો. બારીની બહાર બીજાં વિમાનો દેખાઈ રહ્યાં હતાં. સામાનનું ટ્રેલર જઈ રહ્યું હતું. ઍરપૉર્ટનું પણ એક અનોખું વિશ્વ હોય છે. થોડીવારે પ્લેનનો દરવાજો બંધ થયો. સલામતી માટેનું ડેમોન્સ્ટ્રેશન થયું. પ્લેન રન-વે ઉપર દોડીને આકાશમાં પહોંચી ગયું. નિમિત્તના હૃદયના ધબકારા વધી ગયા. કાન બંધ થઈ ગયા. હાઇટ પકડીને પ્લેન સ્થિર થઈ ગયું. બધી ઍરહોસ્ટેસોએ એમનું રોજિંદુ કામ ચાલું કર્યું. કોઈ પેસેન્જર ઊઠીને બાથરૂમ તરફ ગયા. કોઈએ પાણી માગ્યું, પ્લેનમાં એક નાનકડો સંસાર ચાલુ થઈ ગયો. કોઈ બાળકનો રડવાનો અવાજ સંભળાયો. નિમિત્ત અવાજ વગર રડ્યો. હવે જ્યારે લેન્ડિંગ થશે ત્યારે એ ‘સ્વજન’થી કેટલો દૂર પહોંચી ગયો હશે! ફરી જ્યારે આ પરિચિત દેશમાં ક્યારે આવી શકશે? બારીની બહાર અંધારામાં તાક્યા કરતો બેઠો હતો ત્યાં જ કોઈએ નામથી બોલાવ્યો.

“Hello! Are you Nametee?” જર્મન ઍરહોસ્ટેસે સ્મિત સાથે એના નામનો મુરબ્બો બનાવી દીધો! નિમિત્તને પોતાના નામનું આવું ઉચ્ચારણ સાંભળીને હસવું આવી ગયું.

“Yes, I am નિમિત્ત.”

“Your Dinner Sir, Hindu vegetarian meal! Thank you.” ઍરહોસ્ટેસે એક લંબચોરસ પ્લેટ પકડાવી દીધી.

“Thank you.”. નિમિત્તે સામે સ્મિત આપી ડિશ લઈ લીધી.

આટલી લાંબી આંતરાષ્ટ્રીય ફ્લાઇટનો એને પહેલો અનુભવ હતો. એ બધું જ બારીકાઈ અને અચરજભરી નજરે નિહાળી રહ્યો હતો. બધા જ અનુભવોનું મનોમન એક લિસ્ટ બનાવતો હતો. ફોન કરે ત્યારે ઘરે બધાંને બધું જ કહેવાનું હતું. એ કાંઈ એકલો થોડો પ્લેનમાં બેઠો હતો! એ તો આખું ‘સ્વજન’ લઈને ઊડતો હતો. પપ્પા-મમ્મી, ભાઈ-ભાભી. અને નાનકો અંશ. છેલ્લા દિવસો તો કેટલા ઝડપથી ગયા! એકબાજુ જર્મની જવાની તૈયારી, બીજી બાજુ મિત્રો, સગાં-વહાલાં બધાને સતત મળવાનું. મમ્મીનું તો રસોડું પતે જ નહીં. નાસ્તા બનાવ્યે જ રાખે. ભાભી બજારમાં જઈને બધું લઈ આવે. કપડાં, ગરમ કપડાં, રસોડાનો સામાન, તૈયારીઓ જ તૈયારીઓ. આ બધી તૈયારીઓની વચ્ચે એણે તો માનસિક રીતે તૈયાર થવાનું અને બધાંને તૈયાર કરવાનાં, મમ્મી-પપ્પાને તૈયાર કરવાનાં, નાનકડા અંશને એના કાકા કેટલા યાદ આવશે. અમી, જિજ્ઞેશ, નૌશાદ, કૌશર, ઋષિ, સુકેતુ, રામાનુજ, વિક્રમ, ઉમેશ, મહેન્દ્રસિંહ તથા અન્ય મિત્રો તો રોજ સાંજે આવીને

બેસે. ઘરમાં સતત અવરજવર, ફોન ઉપર બધાનાં અભિનંદન, સલાહો, શુભેચ્છાઓ, ત્રણ મહિના સતત બધાથી ઘેરાયેલો. છેલ્લે દિવસે રાત્રે બરોડા એક્સપ્રેસમાં સ્ટેશન પર જતા તો એવું લાગ્યું કે નિમિત્તની જાન નીકળી છે.

આ બધા ચહેરાઓ એના પ્લેનની નાનકડી બારીની બહાર, હવામાં એને 'હાય' કરીને ઓગળી જતા હતા. આ બધાં મિત્રો હવે ક્યારે મળવાનાં? શાસ્ત્રીજી નબળી તબિયતે પણ છેલ્લે દિવસે સવારે મળવા આવ્યા. એમની ઉંમર હવે દેખાતી હતી, ચાલ નબળી પડી હતી. શાસ્ત્રીજી અને નિમિત્ત બંને જાણતા હતા કે લગભગ આ એમની અંતિમ મુલાકાત હતી. નિમિત્ત ત્રણ વર્ષ સુધી તો નહીં જ આવી શકે. આવે ત્યારે શાસ્ત્રીજી કદાચ આ દુનિયામાં ન પણ હોય! હોય તો પણ કદાચ નબળી યાદશક્તિથી ઓળખી પણ ન શકે. ખૂબ ભેટ્યા. નિમિત્ત પૂરી નિષ્ઠાથી એમને પગે લાગ્યો. નિમિત્તના ઘડતરમાં શાસ્ત્રીજીનો ખૂબ મોટો ફાળો હતો. દરેક મહત્ત્વના તબક્કે એમણે સાચી સલાહ આપી હતી. પહેલા દાદાજી અને પછી શાસ્ત્રીજી. હવે નિમિત્ત એમના વગર અજાણ્યા આકાશમાં ઊડવાનો હતો. નિમિત્તની આંખો ભીની થઈ ગઈ. બાજુની સીટમાં બેઠેલા ભાઈને ખબર ન પડે તેમ એણે આંખો લૂછી નાખી. સામે મૂકેલી 'Hindu vegetarian meal' વાળી ટ્રે ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. મધરાતે ભોજન કરવાની ટેવ ન હતી, પણ ઍરપૉર્ટ પરની વિધિઓ અને પછીના લાંબા વેઇટિંગ પછી એને ભૂખ લાગી હતી. ટ્રે ઉપરનું પ્લાસ્ટિકનું કવર કાઢીને જોયું. સલાડમાં તો છોડ પરથી ચૂંટીને મૂકી દીધેલાં પાંદડાં, મોટું બન, એક ખાનામાં ભાત અને બીજા નાનકડા ખાનામાં પનીરનું શાક.

'ચાલો જે મળે તે ખાવ! અલ્યા નિમિયા! તને શું લાગે તારી મમ્મીના ગરમ ગરમ થેપલાં અને શાક મળશે? જે મળે તે ખા! ત્યાં જર્મનીમાં તો આટલુંય નહીં મળે.' નિમિત્ત પોતાની જાત સાથે વાત કરતો રહ્યો.

જેમ-તેમ સાંકડી જગ્યામાં, ટેસ્ટ વગરનું ભોજન કરી નિમિત્ત પરવાર્યો. ઠંડી લાગી એટલે બ્લેન્કેટ ઓઢીને બારીની બહાર જોવા માંડ્યું. બહાર અંધકાર હતો.

છેલ્લાં ત્રણ વર્ષમાં જીવને કેવો નવો વળાંક લઈ લીધો! વડોદરાથી પુણે અને પુણેથી જર્મની. જર્મની જતી વખતની એની લાગણીઓ ખૂબ મિશ્રિત હતી. જ્યારે ગોકુળ છોડીને મથુરા ગયા હશે ત્યારે કૃષ્ણને પણ કદાચ આવી જ લાગણીઓ થઈ હશે! સલામતીનો પ્રદેશ છોડીને અસલામતીની ભોમમાં પરાક્રમ કરવા ગયા હશે ત્યારે. જાણીતા ચહેરાઓ છોડીને અજાણ્યા ચહેરાઓના વનમાં ગયા હશે ત્યારે. પરંતુ એ તો યુગાવતાર કૃષ્ણ હતા. હું તો એક માનવી. મારું ભવિષ્ય કેવું હશે? હું મારી પ્રતિભાને પ્રગટ તો કરી શકીશ ને! સૌએ મૂકેલો વિશ્વાસ, બધાની અપેક્ષાઓ પૂરી કરી શકાશે? હવે એ ફક્ત વડોદરાનો જ નહીં, ભારતનો વિજ્ઞાની છે. ભારતનું ગૌરવ એના થકી વધવાનું છે. છેલ્લા કેટલાક દિવસોની દોડાદોડ, માનસિક વ્યસ્તતા અને લાગણીઓના અતિરેકથી થાકેલો નિમિત્ત બારી ઉપર જ મસ્તક ઢાળી આંખ બંધ કરી સૂઈ ગયો.



જર્મની આવી ગયું !

નિમિત્ત હજી ઊંઘમાં હતો, સ્વપ્નામાં હતો અને અજાણ્યો અવાજ સંભળાયો.

"We are happy to announce..." પાઇલટનો અવાજ હતો. પ્લેન હવે દસ મિનિટમાં લેન્ડ કરશે. જર્મનીના બાર્વરિયા સ્ટેટનું કેપિટલ હતું મ્યુનિક. તેનું આ ઇન્ટરનૅશનલ ઍરપૉર્ટ ફલગહફેન મ્યુનિકન (Flughafen Munichen) યુરોપનું ફ્રૅન્કફર્ટ પછીનું સૌથી busy airport હતું. દુનિયાના પેસેન્જર ટ્રાફિક પ્રમાણે તે ચૌદમું busy ઍરપૉર્ટ હતું. તેનું નામ બાર્વરિયાના પહેલાના પ્રેસિડન્ટ ફ્રેન્ક જોસેફ સ્ટ્રોસ પરથી પડેલું અને તે ફ્રેઇઝિંગ નામના જૂના શહેર પાસે, મ્યુનિકથી ૨૮ કિલોમીટર ઉત્તરે આવેલું છે. બિઝી ઍરપૉર્ટ હોવાને કારણે આ ઍરપૉર્ટ પર બે રન-વે અને બે ટર્મિનલ આવેલાં છે. નિમિત્તનું પ્લેન ટર્મિનલ નંબર બે પર લૅન્ડ થયું.

નિમિત્ત પ્લેનમાંથી એરોબ્રિજને કારણે સીધો ઍરપૉર્ટની અંદર આવી ગયો. સૌ પેસેન્જર પણ હૅન્ડબૅગ લઈને લાંબી કૉરિડૉર તરફ ચાલવા લાગ્યાં. જમીન કાર્પેટથી ઢંકાયેલી હતી. વચ્ચે વચ્ચે લાંબા Escalator પરથી ઝડપભેર જઈને ઇમિગ્રેશન કાઉન્ટર પરની લાઇનમાં ઊભો રહ્યો. ઍરપૉર્ટ પર થતા ઍનાઉન્સમૅન્ટની ભાષા બદલાઈ ગઈ હતી.. જર્મન ભાષા અને અંગ્રેજી ભાષામાં ઍનાઉન્સમૅન્ટ થતાં હતાં. નિમિત્ત માટે ઉચ્ચારો નવા જ હતા. અહીંના સમય પ્રમાણે સવારના અગિયાર વાગ્યા હતા. ઇમિગ્રેશન લાઇનમાં એનો નંબર આવ્યો એટલે ઇમિગ્રેશન કાઉન્ટર પર પાસપોર્ટ, બોર્ડિંગપાસ આપીને ઊભો રહ્યો. જરૂરી કાગળની ફાઇલ હાથવગી રાખી.

"Guten morgen!" ઑફિસરે પાસપોર્ટ લેતા કહ્યું. નિમિત્તને બહુ સમજ પડી નહીં પણ સ્મિત આપીને એને પણ વળતું કહી દીધું;

"good morning." ('morgen' એટલે 'morning' જ હશેને!)

"Wie ist ihr name?" નિમિત્તના હાવભાવ જોઈને ઑફિસરે ફરી અંગ્રેજીમાં પૂછ્યું.

"What is your name?"

"My name is Nimitt." સીધું સીધું અંગ્રેજીમાં જ બોલોને ભાઈ!

"You are Nametee" ઑફિસરે પાસપોર્ટમાં જોઈ કહ્યું. નિમિત્તને પોતાના નામનો ઉચ્ચાર વિચિત્ર લાગ્યો. પણ પ્લેનમાં ઍરહોસ્ટેસે આવો જ ઉચ્ચાર કરેલો એટલે નિમિત્તે યસ કહીને ડોકું હલાવ્યું.

"ભાઈ નિમિત્ત! ભાઈ ક્વાર્ક! આજથી આ તારું નવું નામ!"

ઑફિસરે MPAના ફેલૉશિપનાં કાગળિયાં જોયાં, બીજા એકાદ બે સવાલો પૂછ્યા અને ઇમિગ્રેશનનો સીલ મારીને, પાસપોર્ટ અને કાગળિયાં આપતાં, નહીં જેવું સ્મિત કરતાં કહ્યું:

"G uten tag!"

એ વળી કયું ટૅગ! નિમિત્તે કંઈ બોલ્યા વગર થૅંક્યુ કહીને, સ્મિત આપીને, પાસપોર્ટ લઈને આગળ વધી ગયો! હવે એ કાયદેસર જર્મનીમાં પ્રવેશ્યો. લગેજ લેવા માટે ક્યાં જવાનું? ઉપર સાઇન બોર્ડ પર જોયું તો એનું લગેજ બેલ્ટ નંબર ૩ પર આવવાનું હતું એટલે એ તરફ ગયો. ખૂબ મોટું અને સરસ ઍરપૉર્ટ હતું, સ્વચ્છ પણ એટલું જ! ટ્રોલી લઈને કન્વેયર બેલ્ટ પાસે ગયો. બધી બૅગો આવી રહી હતી. નિમિત્ત એની બૅગની રાહ એવી રીતે જોતો હતો કે જાણે બૅગ નહીં પણ મિત્રની રાહ જોતો હોય. આજુબાજુ બધા જાણીતા ચહેરાઓ હતા! કેમ આટલા કલાકની ફ્લાઇટમાં સૌ સાથે જ હતા ને! ત્યાં જ લાલ રંગની રિબન હૅન્ડલ પર ભાભીએ બાંધેલી તે દૂરથી આવતી દેખાઈ. બૅગ ઊંધી ઊંધી જ આવતી હતી. એની પાછળ બીજી લાલ રંગના ફૂમતાવાળી બૅગ! એની બૅગ બધી જ બૅગોમાં કેટલી અલગ તરી આવતી હતી! ટ્રોલીમાં સામાન ગોઠવી

નિમિત્ત Exit તરફ ગયો. MPAમાંથી મેઇલ આવ્યો હતો કે મિ. ડેવિડ કરીને કોઈ ઍરપોર્ટ પર લેવા આવશે. પણ ક્યાં? ત્યાં જ સામે રીસીવ કરવા આવેલા લોકો હાથમાં નામ લખેલો દંડ પકડીને ઊભા હતા. નિમિત્તને થયું કે મિ. ડેવિડ પણ અહીં જ... એણે નામ વાંચવાનું શરૂ કર્યું. એક આધેડ વયના જર્મનના હાથમાં દંડ હતો અને ઉપર Mr. Nimitt, MPA નામ લખ્યું હતું. આ જ મિ. ડેવિડ હોવા જોઈએ એમ માની નિમિત્ત એમના તરફ ગયો.

"Mr. David?'' એ વ્યક્તિની સામે જોઈને સ્મિત આપતા પૂછ્યું.

"Mr. Nametee!!!! Guten morgan! Ich heibe David."

એમણે પોતાનો હાથ આગળ કરતાં કહ્યું. આ વળી પાછું ગુટન.... નિમિત્તે મનમાં ને મનમાં કહ્યું. હજી તો લેન્ડ થયાને માંડ એક કલાક થયો! જર્મન ભાષા ક્યાંથી સમજ પડે!

"Good morning Mr David. I am Nimitt." નિમિત્તે તો અંગ્રેજીમાં જ ચલાવ્યું.

"Wie geht es Ihnen?" નિમિત્તના ચહેરા પરના હાવભાવ જોઈ હસીને.

"How are you? I know You are not familiar with German language. Just trying to familiarize you."

"I am fine Thank you. I don't know German language yet. But I think I will have to learn."

"Shall we go?" મિ. ડેવિડે પૂછ્યું.

"Yaah, sure."

બંને Parking તરફ ગયા. મિ. ડેવિડની ગાડી જોઈને તો નિમિત્ત [illegible] જ બની ગયો. મિ. ડેવિડની ગાડી તો Mercedes Benz હતી. નિમિત્તે તો આ ગાડી ભારતમાં બહુ જ માલદાર લોકો પાસે જ જોયેલી! જિંદગીમાં પહેલીવાર એ Mercedes ગાડીમાં બેઠો. 'સ્વજન' ઉપર ફોન કરે ત્યારે આ વાત તો કહેવી પડશે! મિત્રોને પણ કાગળ લખે ત્યારે Mercedes વાળી વાત તો કહેવી પડશે! મિ. ડેવિડ બહુ મોટા માણસ તો નહોતા તો પણ મર્સિડીઝ કાર! વાહ ભાઈ વાહ! બંને ગાડીમાં ગોઠવાયા, સીટ બેલ્ટ પહેર્યો અને ઍરપોર્ટ પરથી Exit કરીને ગાડી જર્મનીના ફ્રી-વે કે એક્સપ્રેસ વે Autobahn A9 પર ચાલવા લાગી. પૃથ્વી પરની બીજી કોઈ જગ્યા નહીં પણ એ બીજા ગ્રહ પર આવી ગયો તેવું લાગતું હતું. English ફિલ્મોમાં જોયું હતું, પરંતુ સ્વ-અનુભવ અલગ જ વાત હતી.

'ચલ, નિમિયા તારા સ્વપ્નાની ભૂમિ પર આવી ગયો છે. જો કૃષ્ણે તને તારી કર્મભૂમિ પર મૂકી દીધો છે. હવે નિમિયા, ચઢાવ તારું બાણ. એને મોકલ અંતરિક્ષામાં!'

નિમિત્ત આ નવી ધરતી, નવા આકાશને નિહાળતો જ રહ્યો. પહેલીવાર પશ્ચિમના દેશમાં આવનારની આંખો પહોળી થાય એવી જ નિમિત્તની પણ થઈ. પહોળા રસ્તા, એક સરખી સડસડાટ ચાલતી ગાડીઓ, વાહ!

એ લોકોએ મ્યુનિકથી ગાર્ચિંગ પહોંચવાનું હતું. ગાર્ચિંગ બે મ્યુનિક (garching bii munichen) અથવા ગાર્ચિંગ, જર્મનીના બાવરિયા રાજ્યમાં આવેલું, મ્યુનિકની ઉત્તરે, ઈસર નદીને કિનારે આવેલું સુંદર શહેર છે. અહીં ઘણીબધી સંશોધન કરતી સંસ્થાઓ આવેલી છે. જર્મનીના સંશોધનનું કેન્દ્ર. દેશ-વિદેશથી વિદ્યાર્થીઓ અહીં સંશોધન કરવા માટે આવે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન અને તેની બધી જ પ્રશાખાઓનું સંશોધન અહીંની વિવિધ સંસ્થાઓમાં થાય. મેક્સ પ્લેન્ક સોસાયટી દ્વારા સંચાલિત ઍંશી જેટલી સંશોધન સંસ્થાઓ આ વિસ્તારમાં ફેલાયેલી છે. નિમિત્ત અહીં મેક્સ પ્લેન્ક ઇન્સ્ટિટયૂટ ફોર એસ્ટ્રોફીઝિક્સ(MPA)માં સંશોધન કરવાની ફેલોશિપ હેઠળ આવ્યો હતો. અહી ફેલોશિપ મળવી એ ખૂબ

અઘરું અને ગૌરવપૂર્ણ ગણાતું. નિમિત્ત થોડાક ગૌરવની લાગણીથી આ વિસ્તાર જોઈ રહ્યો હતો. એ એની કર્મભૂમિ બની રહેવાની હતી.

આ ગાર્ચિંગ શહેરની શેરીઓનાં નામ વિજ્ઞાનીઓ, ગણિતશાસ્ત્રીઓ પરથી પાડવામાં આવેલાં હતાં. કેટલો સરસ વિચાર! એક સ્ટ્રીટનું નામ 'આઇનસ્ટાઇનસ્ટ્રાસ, એકનું 'હેઝનબર્ગસ્ટ્રાસ, 'સ્ટ્રાસ' એટલે શેરી! આવી શેરી પર ચાલતાં જ કેટલો આનંદ થાય! આઇનસ્ટાઇનને રૂબરૂ મળ્યાનો સંતોષ મળે!

મિ. ડેવિડ ગાર્ચિંગ અને જર્મની વિશે વાતો કરતા હતા અને નિમિત્તભાઈ બધુ બાળકની નજરે નિહાળતા હતા. ઓટોભાન A9 પરથી exit લઈને આગળ ગયા ત્યાં થોડીવારે સામે મેક્સ પ્લેન્ક ઇન્સ્ટિટ્યૂટ ઑફ એસ્ટ્રોફિઝિક્સનું સફેદ રંગનું ભવ્ય બિલ્ડિંગ દેખાયું. આ ઇન્સ્ટિટ્યૂટના ગેસ્ટહાઉસમાં જ એના રહેવાની વ્યવસ્થા કરી છે એવો ઇ-મેઇલ આવ્યો હતો. નિમિત્તે કેટલીય વાર આ બિલ્ડિંગનાં સપનાંઓ જોયાં હતાં. કેટલી મહેનત પછી એ અંતે એની સ્વપ્નનગરીમાં આવી ગયો હતો. હવે એ અહીંથી અંતરિક્ષામાં કૂદકો મારવાનો હતો. MPAના ગેસ્ટહાઉસ પાસે મિ. ડેવિડે ગાડી પાર્ક કરી, સામાન કાઢ્યો. નિમિત્તને એના રૂમની ચાવી અને જરૂરી માહિતીના કાગળિયાની ફાઇલ આપી. આજે તો શનિવાર એટલે બધું બંધ હતું. ઇન્સ્ટિટ્યૂટ સૂમસામ લાગતી હતી. મિ. ડેવિડે નિમિત્ત સાથે હેન્ડશેક કરી વિદાય લીધી.

"I take your leave now Mr Nametee. Rest. Auf wiedersehen means good bye."

"Thank you and good bye Mr. David."

Good bye પહેલાંનો અઘરો શબ્દ યાદ રાખવાની તસ્દી નિમિત્તે લીધી નહીં. સામાન લઈને ગેસ્ટહાઉસમાં ગયો. એનો રૂમ નંબર બે, કૉરિડૉરના અંતમાં હતો. રૂમનો દરવાજો ખોલીને અંદર ગયો તો રૂમ જોઈને આભો જ બની ગયો. આટલો સરસ, આટલો મોટો રૂમ!!

''વાહ ભાઈ વાહ નિમિત્ત!!. તારો રૂમ તો બહુ સરસ છે ને ભાઈ! વટ છે તારો તો!'' નિમિત્ત નાના બાળકની જેમ રૂમમાં બધે ફર્યો. આટલા મોટા રૂમમાં તો આખું 'સ્વજન' આવી જાય પછી પણ વાંધો નહીં. 'સ્વજન'નો વિચાર કરી ઇન્ટરનૅશનલ કોડ લગાવીને બરોડા ફોન લગાવ્યો.

''હલો પપ્પા હું પહોંચી ગયો છું. રૂમ મળી ગયો છે. રૂમમાંથી જ ફોન કરું છું. તમે બધા કેમ છો?''

''ફોનની જ રાહ જોતા હતા. બધા મઝામાં છે.'' વિકાસભાઈએ જણાવ્યું.

''પપ્પા! હમણા જ પહોંચ્યો છું. પછી નિરાંતે ફોન કરીશ. જયશ્રી કૃષ્ણ.''

''જયશ્રી કૃષ્ણ બેટા."

✓ ✓ ✓

વહાલાં પપ્પા-મમ્મી અને સૌ,

(ટેવ મુજબ પુણે લખવા જતો હતો પણ) જર્મનીથી નિમિત્તનાં પ્રણામ. જર્મનીથી લખાય રહેલો આ પ્રથમ પત્ર છે. આવીને પંદર દિવસ ક્યાં વીતી ગયા ખબર પણ ન પડી. આજે રવિવાર છે. અહીં રવિવારના દિવસે બધું સૂમસામ થઈ જાય, આખું કૅમ્પસ જાણે ખાલી થઈ જાય. બધા આખું અઠવાડિયું ખૂબ કામ કરે અને શનિ-રવિ ભરપૂર માણે. આજે બહાર વાદળછાયું વાતાવરણ છે. બહાર જવાનું મન નથી. રૂમમાં એક તરફ દીવાલને બદલે મોટા કાચની દીવાલ છે. પડદો ખોલી નાખ્યો એટલે સરસ મજાનું કૅમ્પસ દેખાય છે. આજે હું શાંતિથી દિવસ વિતાવવાનો છું. જાત સાથે, માનસિક રીતે તમારી સાથે. આજે બસ એમ થાય કે લાંબો કાગળ લખી તમને અહીંની મારી વાત કરું.

જર્મની આવ્યો ત્યારથી શરૂ કરીને આજ દિન સુધીની વાત કરું. ફોન પર વાત કરવાની મઝા આવે છે પણ પત્ર એટલે પત્ર! જે વાત પત્રમાં કહી શકાય તે ફોન પર નથી કરી શકાતી. નાનપણની ટેવો કેમ વિસરાય?

ચાલો! વાતની માંડણી કરું, તમે બધાં આજુબાજુ બેઠાં હોવ એવો મને ભાસ થાય છે. તમને બધાંને

છોડીને મુંબઈ ઍરપોર્ટ પર બેઠો ત્યારે એકાદ મિનિટ મને થયું પ્લેનમાં જાઉં જ નહીં. ઍરપોર્ટ પરથી જ પાછો વળી જાઉં. 'સ્વજન' પર પહોંચી જાઉં. એમ.એસ. યુનિવર્સિટીમાં ટીચિંગ જોબની ઑફર છે જ. તે લઈ લઉં, ત્યાંથી રિસર્ચ કર્યા કરું. જર્મની જવાનું શું કામ છે! તમારા બધાંથી દૂર જઈને મારું શું વળવાનું છે, કઈ ખુશી મળવાની છે!

અર્જુનની યુદ્ધ પહેલાની મનોસ્થિતિ મને બરાબર સમજાઈ ગઈ. 'સીદંતિ મમ ગાત્રાણિ' એટલે શું તે સમજાયું. રાત્રિના એક વાગે અજાણ્યા ચહેરાઓ અને અજાણી ચહલપહલની વચ્ચે મને અર્જુનની જેમ જ ભાન થયું કે આ બધું વ્યર્થ છે. સ્વજનોની હૂંફ છોડીને મને કોઈ પ્રતિષ્ઠા કે પ્રાપ્તિ જોઈતી નથી. સ્વજનો જ મારી પ્રાપ્તિ છે. તમારા બધાંનો પ્રેમ છોડીને મને અંતરિક્ષ મળે તો પણ જોઈતું નથી. હું કેમ ભાન ભૂલીને જર્મની જવાનું નક્કી કરી બેઠો? મને કઈ નબળી ક્ષણે આવી કુબુદ્ધિ સૂઝી કે મેં Max Planckમાં apply કરી દીધું? વળી દુર્ભાગ્યે હું સિલેક્ટ પણ થઈ ગયો. પુણેના IUCAAના બધા colleguesએ પણ મને પ્રોત્સાહિત કર્યો. હું પણ વાંદરા જેવો! નિસરણી મળી એટલે ચડી ગયો! પણ હજી મોડું નથી થયું 'અલ્યા વાંદરા!' ઊતર નીચે' મેં મારી જાતને કોસી પણ ખરી. આવી નિરાશાજનક અંધારી રાતે કોઈ કૃષ્ણ મને માર્ગદર્શન આપવા આવ્યા નહીં, હું એકલો ખુરશીમાં આંખમાં આંસુ સાથે બેસી રહ્યો, ન ઊભો થયો, ન પોક મૂકીને રડી શક્યો. થોડી વારે રૂમાલ કાઢવા બૅગ ખોલી ત્યાં તમારો અને શાસ્ત્રીજીનો કાગળ હાથ આવ્યો. 'કૃષ્ણનું જીવન સંગીત' પુસ્તકમાં મૂકેલો. પ્લેનમાં ફરી વાંચીશ એ વિચારીને મૂકેલો. મને ચમત્કાર લાગ્યો. ડૂબતાને તરણું મળે એમ મેં એ પુસ્તક અને તેમાં રહેલા પત્રોને ખોલ્યા વગર હાથમાં પકડી રાખ્યા. ઇચ્છા હતી કે શરમ બાજુએ મૂકીને ખુલ્લા મને રડી પડું. થોડીવારે પુસ્તક ખોલ્યું. જે પાન ખૂલ્યું એ જ વાંચ્યું અને સ્વજનો! કોણે કહ્યું કૃષ્ણ આપણને 'મદદ' નથી કરતાં! હું તો અર્જુનનો હજારનો 'હજારમો' ભાગ પણ નથી! છતાં કૃષ્ણ પુસ્તક થકી, શબ્દો સ્વરૂપે મારો હાથ પકડવા તૈયાર થઈ ગયા. જુઓ કહું કયુ પાનું ખુલ્યું તે! કયા શબ્દો મેં વાંચ્યા. પાના નંબર ૬૬ પર લખ્યું છે:

'સ્વધર્મે નિધનં શ્રેયઃ' અર્જુનનો સ્વધર્મ એના સ્વભાવની નીપજ હોઈ શકે. એ સ્વભાવે લડવૈયો, ક્ષત્રિય અને યુદ્ધનું નામ પડે ત્યાં ઉત્સાહમાં આવી જનારો હતો. મોહને કારણે કોઈ સંત મહાત્માને શોભે તેવા શબ્દો બોલવા લાગી ગયો. એમ કરવામાં એ પોતાના સ્વભાવની અને તેથી સ્વધર્મની ઉપેક્ષા કરી રહ્યો હતો. અહિંસાધર્મ મહાન ગણાય, પણ મહાન હોવા છતાં અર્જુન માટે એ પારકો ધર્મ ગણાય. આમ સ્વધર્મ એટલે માણસના સ્વભાવને અનુરૂપ એવો સહજ ધર્મ. એ ધર્મ શોધવા જવાની જરૂર નથી. એ પ્રાપ્ત કર્મ રૂપે માણસને આવી મળે છે.'

મારો સ્વભાવ વિજ્ઞાન છે! મારું કર્મ વિજ્ઞાન છે! મારું કર્મક્ષેત્ર-ધર્મક્ષેત્ર જર્મની છે! પછી હું ટટ્ટાર થયો. હજી મધરાત જ હતી પણ મને દૂર પૂર્વાકાશમાં સૂર્યોદયનો અણસાર મળ્યો. પ્રત્યેક અંધારી રાતને એક સૂર્યોદય હોય છે. મેં મારો વિષાદ ખંખેર્યો. એક નવા આકાશ તરફના ઉડ્ડયનને સ્વીકારી હું તૈયાર થઈ ગયો!

જર્મની આવીને મને આ રૂમ તરત જ મળી ત્યારે શનિવાર હતો. રવિવાર તો સૂવામાં જ ગયેલો. સોમવારે ઇન્સ્ટિટ્યૂટમાં ગયો તો મારે co-ordinator Mr. Johnને મળવાનું હતું. એમણે મારા બધાં જ કાગળિયાં તૈયાર રાખ્યાં હતાં. મને બધે જ ફેરવ્યો. લૅબોરેટરી બતાવી, કમ્પ્યૂટર સાથે કામ પાડવા માટેના નંબર આપ્યા. બૅંક એકાઉન્ટ ખોલાવી આપ્યો. ઇન્સ્ટિટ્યૂટ અને આજુબાજુના વિસ્તારના મેપ અને જરૂરી માહિતીઓ બધું જ આપી દીધું. શું કાર્યક્ષમતા! શું વ્યવસ્થા!

MPA એ મેક્સ પ્લેન્ક સોસાયટીની ૮૦ સંશોધન સંસ્થાઓમાંની એક સંસ્થા છે. દરેક સંસ્થાના હેડ એક સિનિયર વિજ્ઞાની હોય છે. તે આ મેક્સ પ્લેન્ક સોસાયટીના 'સાયન્ટિફિક મેમ્બર' હોય છે. અમારા હેડ અને ડિરેક્ટર મિસ્ટર ડેવિડ છે. હું એમને મળ્યો. એમનો સ્વભાવ મિલનસાર લાગ્યો. એમની સાથે કામ કરવાનું મને

ગમશે. અહીં એમનો ઘણો આદર છે.

મારી ઑફિસ પણ તૈયાર જ હતી. ઑફિસ નંબર 241, બીજા માળે. અમારી ઇન્સ્ટિટ્યૂટ એક ગોળાકાર પોલિગોનિક ઇમારત છે. ત્રણ માળની બનેલી છે. ત્યાંની કમ્પ્યૂટર સિસ્ટમમાં મારો એકાઉન્ટ પણ ખોલી આપ્યો છે. કામ કરવાની આટલી બધી સગવડની આપણે ફક્ત કલ્પના જ કરી શકીએ. અહીં જાણે વિજ્ઞાનીઓ માટેનું સ્વર્ગ છે. ખૂબ બધી અદ્યતન સગવડ અને કામ કરવાની અપાર સ્વતંત્રતા! બસ આથી વિશેષ શું જોઈએ?

મારો રહેવાનો રૂમ ઇન્સ્ટિટ્યૂટની બાજુમાં આવેલા ગેસ્ટહાઉસમાં છે. આટલો મોટો રૂમ એક વ્યક્તિ માટે હોય તે મારી કલ્પનાની બહાર છે. બે બૅડનો મોટો પલંગ છે. લાકડાનો કબાટ છે. લાકડાની અભરાઈ અને અભ્યાસ માટે સુંદર ટેબલ-લેમ્પ, T.V., સોફાસેટ, ગોળાકાર મેજ અને આજુબાજુ ચાર ખુરશીઓ આપણે ત્યાં ફાઇવ સ્ટાર હોટલનો સ્યૂટ હોય એવું લાગે છે. તમે બધા રૂમમાં રહેવા આવી જાવ તો પણ નાનો ન પડે! હા મમ્મી-ભાભીને અકળામણ થાય કારણ કે આટલો સરસ રૂમ છે પણ રસોડું રૂમમાં નથી. આ ફ્લૉર પરની બધી રૂમ વચ્ચે કોમન રસોડું છે. જેમાં રસોઈનાં બધાં સાધનો છે. મેં હજી કશુંય વાપર્યું નથી. આપણા કરતાં અલગ છે એટલે પહેલાં શીખવું પડશે! ગરબડ થઈ ગઈ તો! કોમન બાથરૂમો છે. ડોલ જેવું તો કાંઈ છે જ નહીં. નહાવા માટે લિકવિડ સોપ છે. શેમ્પુ, સાબુ અંદર હોય જ. શાવરમાં સરસ ગરમ પાણી આવે છે. ટુવાલ પણ ત્યાં જ હોય જે વાપરીને બાસ્કેટમાં નાખી દેવાનો! ત્યાં જ બે-ત્રણ વૉશિંગ મશીન અને સૂકવવાના ડ્રાયર પડ્યાં હોય. મને હજી વાપરતાં આવડતું નથી. શીખું પણ કોની પાસે? સૌ પોતપોતાની રૂમમાં જ હોય. હજી કોઈ સાથે દોસ્તી થઈ નથી. અહીં સૌ પોતપોતાનામાં વ્યસ્ત રહે છે. સામે મળે તો સ્મિત અને અભિવાદન કરે, પણ બસ એટલું જ! હું તો આપણાં થેપલાં, અથાણું, ચવાણાં અને ગોળપાપડી પર જીવું છું! ગયા શનિ-રવિ મેપ લઈને ચાલવા નીકળ્યો હતો. અહીંયા બધાં બાઇસિકલ ખૂબ ચલાવે. કૅમ્પસ પર પડી જ હોય. જેને જવું હોય તે લઈ જાય. અહીંની સાઇકલો ગીઅરવાળી હોય છે એટલે મને ચલાવતા આવડતી નથી. આપણે તો બે પગવાળી સાઇકલ પર નીકળી પડ્યા. સરસ તડકો અને ખુશનુમા વાતાવરણ. હવે ઠંડીથી ટેવાતો જાઉં છું. ચાલતાં ચાલતાં ગાર્ચિંગ વિલેજ નામના નાનકડા ગામમાં આવી ગયો. ત્યાં તો મને ખજાનો જ મળી ગયો. કહું શું શું મળ્યું? કાન દઈને સાંભળો,

૧. મને જાણવા મળ્યું કે આટલું સરસ નાનકડું ગામ MPAથી ફક્ત બે કિલોમીટર દૂર છે. આરામથી ચાલતા જવાય અને અવાય, કસરત પણ મળી જાય.

૨. ત્યાં ઘણીબધી ઈટાલિયન, ચાઈનીઝ, થાઈ, એશિયન રેસ્ટોરાં છે. મારે માટે તો આ એટલું બધું અગત્યનું છે કારણ કે પેટપૂજા કરવાની તકલીફ છે. લંચ, ડિનર, નાસ્તા બધાંમાં એકલી ખારી શિંગ થોડી ચાલે!

૩. અહીં 'Nature Garten' કરીને એક દુકાન છે. આ દુકાન જોઈને તો હું નાચવા લાગું એટલો આનંદ થયો. અહીં ફળ, શાકભાજી, દૂધ, દૂધની બનાવટો અને સૌથી સરસ વાત કે ગરમ કરીને ખવાય એવી શાકાહારી વસ્તુઓ મળે છે. મેં ત્યાંથી દૂધ, કોર્નફ્લેક્સ, બ્રેડ, જામ, પિઝા, બર્ગર, ચિપ્સ એવું બધું લીધું. સામાનનું વજન જરા વધી ગયું પણ બંદા તો ખુશ!

૪. અહીં આજ દુકાનમાં એક એવી પણ સર્વિસ મળી કે જે કુરિયર દ્વારા વસ્તુઓ ઇન્ડિયા મોકલે છે. એના થકી હું તમને નિયમિત રીતે ભેટો અને કાગળો મોકલી શકીશ. પત્રો અને થોડી ચૉકલેટ્સ આ રીતે જ મોકલ્યાં છે. મને ફોન અને ઇ-મેઇલ ગમે છે પણ પત્ર એટલે પત્ર! હવે વાંધો નહીં આવે. તમે પણ મને મોકલી શકશો અને હું પણ તમને મોકલી શકીશ. આપણું પાર્સલ ઍક્સ્ચેન્જ ચાલુ!

૫. અહીં એક સરસ મજાના ગાર્ડન જેવું પણ છે. ત્યાં સરસ મઝાના બાંકડા છે. હું શનિ-રવિવારે એકલો પડું તો અહીં બાંકડા પર બેસીને પુસ્તકો વાંચીને સમય પસાર કરી શકું. MPAના સૂમસામ કૅમ્પસની

સરખામણીમાં અહીં વસ્તી સારી છે. બાળકો, ફેમિલી, વૃદ્ધો અહીં આવીને ગાર્ડનમાં બેસે છે. ત્યાં મને સારું લાગે છે.

જોયું એકબે કિલોમીટર દૂર આવવાનો ફાયદો! આજે સવારે તો મેં પેટ ભરીને નાસ્તો કર્યો. પછી જરા નિરાંતે નાહ્યો અને રૂમમાં સૂતો. સરસ ઊંઘ આવી ગઈ. ઘણા દિવસે 'કૃષ્ણાવતાર' વાંચીને હું તો જાણે વૃંદાવનમાં પહોંચી ગયો!

હવે હું અહીં સેટ થવા માંડ્યો છું. મને કામ કરવાની ખૂબ મજા આવે છે. હવે તમારા આશીર્વાદથી હું મારા રસ્તે ચાલવા માંડ્યો છું. આકાશ નવું છે, ઉડ્ડયન પણ નવું છે પરંતુ નાની પાંખવાળું આ પક્ષી હવે તૈયાર છે. બધાંને નમસ્તે. ભાભી તમારો નાસ્તો ખાઉં છું ત્યારે ખૂબ યાદ કરું છું. વહાલનો સ્વાદ જ અનેરો હોય છે! અંશને માટે ચૉકલેટ મોકલી છે. એને મારા તરફથી ખૂબ વહાલ આપજો.

જયશ્રી કૃષ્ણ.

લિ. નિમિત્ત



ક્વૉન્ટમ ઉપનિષદ

પ્રિય આત્મન્,

મને સમજાતું નથી કે ધર્મ, અધ્યાત્મ અને વિજ્ઞાન આમને-સામને આવ્યાં ક્યાંથી? ત્રણેનો મુખ્ય હેતુ તો આ બ્રહ્માંડને સમજવાનો જ છે ને?

૨૦૦,૦૦૦ B.C વર્ષ પૂર્વે, આફ્રિકાના સહારા વિસ્તારમાં પ્રથમ આદિ માનવ, (હોમો સેપિયન) અસ્તિત્વમાં આવ્યો ત્યારથી શરૂઆત કરીને માનવજાતે કેટલી પ્રગતિ કરી! આજુબાજુ બનતી કુદરતી ઘટનાઓને ડર અને વિસ્મયથી જોયા પછી ધીમે ધીમે કરતાં કુદરતી ઘટનાના નિયમોને સમજી તેના પર પ્રભુત્વ મેળવ્યું. અચંબા અને અહોભાવથી વરસાદની પૂજા કરી અને પછી નાઇટ્રોજન સાઇકલ સુધી પહોંચ્યો! આજે તો એ કેટલો વરસાદ પડશે તે પણ ભાખી શકે છે.

જ્યારે નાઇટ્રોજન સાઇકલની સમજ ન હતી ત્યારે એ વરસાદને ડર અને અહોભાવથી નિહાળતો હતો ને! ઇન્દ્રદેવ એટલે વરસાદનો દેવ! કૃષ્ણ ભગવાને ઇન્દ્ર દેવના પ્રકોપથી બચાવવા જ ગોવર્ધન પર્વત ઊંચકેલોને, તો પછી જ્યારે નાઇટ્રોજન ચક્રની સમજ આવી પછી પણ કુદરતને એટલા જ અહોભાવથી કેમ નિહાળતો નથી? વરસાદ માટેનો જે અહોભાવ છે તે નાઇટ્રોજન ચકરાવા માટે કેમ નથી? કુદરતની આવી યોજના માટે પણ તેટલો અહોભાવ ન થવો જોઈએ? વિજ્ઞાની બન્યા પછી તર્કાતીત પ્રતીતિને એ આટલું નકારે કેમ છે?

માનવજાતે શરૂઆતમાં કેટલાં દેવદેવીઓ બનાવ્યાં! ડર અને અહોભાવની પ્રત્યેક ઘટના કે વસ્તુને દેવી-દેવતાનું નામ આપી દીધું! આકાશના દેવતા, વાયુના દેવતા, સૂર્યદેવ, ઇન્દ્રદેવ, અગ્નિદેવ, નાગદેવ. પશ્ચિમમાં પણ કેટલાક દેશોમાં 'પેગન' સાથે જોડાયેલી મૂર્તિ પૂજા હતી.

જેમ જેમ મનુષ્ય પ્રગતિ કરતો ગયો તેમ તેમ કુદરત માટે અહોભાવ ઓછો થતો ગયો. સમાજ વહેંચાઈ ગયો. વિજ્ઞાનમાં ઇન્દ્રિયજન્ય, સાબિતીજન્ય, નિયમજન્ય અને તર્કસિદ્ધ નિયમોમાંની બોલબાલા વધતી ગઈ. ધર્મમાં ક્રિયાકાંડ અને અંધશ્રદ્ધાની બોલબાલા વધી ગઈ. અધ્યાત્મ આ બંને અંતિમો વચ્ચે સત્યશોધ કરતું રહ્યું. વિજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મ અળગાં થતાં ગયાં.

વર્ષો સુધી આ પ્રમાણે જ ચાલ્યું. ત્રણે વચ્ચે જાણે એક જડબેસલાક ભેદરેખા બની ગઈ. વિજ્ઞાનમાં માને તે ધર્મને હડે હડે કરે. ધર્મ કહે વિજ્ઞાન બાલિશ છે અને જો ભગવાનના ક્ષેત્રમાં દખલ કરશે તો શિક્ષાને પાત્ર થશે.

હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે? જડબેસલાક ભેદરેખા પર પ્રશ્નો ઊઠી રહ્યા છે. ધર્મ, અધ્યાત્મ અને વિજ્ઞાનની પ્રગતિ અટકી ગઈ છે. જો આ ભેદરેખા એટલી જ જડબેસલાક રહેશે તો સમાજની ઉત્ક્રાંતિ અટકી જશે. સમયની આ માંગ છે, માનવ સમાજની પ્રગતિની માંગ છે. વર્ષોથી થતી માનવઉત્ક્રાંતિની વાત છે કે આ ત્રણ એક થાય. ત્રણેમાં રહેલા જ્ઞાનને એકત્ર કરીને ફરી માનવ સમુદાયને આગળ વધારે.

હાલમાં વિજ્ઞાનિઓમાં બે મત પ્રવર્તે છે. એક મત છેઃ ફક્ત તર્ક અને સાબિત થાય એ જ સ્વીકારવું. બીજો મત ખુલ્લા મને ધર્મ અને અધ્યાત્મમાં રહેલા જ્ઞાનને સ્વીકારવાનો છે. આજે અમારા મિત્રોમાં અમે ચર્ચા કરી તો બધાના વિચારો ભિન્ન હતા. પીટર અને બીજા અનેક મિત્રો એકદમ તર્ક અને સાબિતીપ્રિય વિજ્ઞાની છે. ધર્મ એના સ્થાન પર મહાન છે, પરંતુ વાસ્તવમાં તો સમાજને સખણો રાખવાનું એક શસ્ત્ર જ છે. અધ્યાત્મ તો સુખી લોકોની બૌધિક હૉબી છે. મારા વિચારો અલગ છે. હું બંને અંતિમો વચ્ચે છું. મેં વાંચ્યું કે ઘણા મોટા વિજ્ઞાનીઓ ભગવદ્‌ગીતા, ઉપનિષદ વાંચે છે. એમાંથી પ્રેરણા મેળવે છે. હું તો મારું મન ખુલ્લું રાખીશ.

સાબિતીના પ્રદેશથી પર એવા પ્રતીતિના પ્રદેશમાં પહોંચવાની મારી મથામણના આરંભબિંદુ પર હું ઊભો છું. સાબિતી એ વિજ્ઞાનની શક્તિ છે, જ્યારે પ્રતીતિ એ અધ્યાત્મની ઊર્જા છે. બંને પ્રદેશની સરહદ પર હું ઊભો છું. મને મારી દિશાનું ભાન છે. આ જ મારો સ્વધર્મ!

ભૌતિકવિજ્ઞાન ક્ષેત્રે નિયમો અને થિઅરીના બે વિભાગ પડી ગયા છે એ તો હું જાણું છું. એક છે ક્લાસિકલ થિઅરી અને બીજી છે ક્વૉન્ટમ થિઅરી. અત્યાર સુધી વિજ્ઞાન જે પદ્ધતિનો ઉપયોગ કરી રહ્યું હતું તે હવે બદલાઈ રહ્યું છે. ભૌતિકવિજ્ઞાન બૃહદ અને સૂક્ષ્મ એમ બંને પદાર્થોનો અભ્યાસ કરી રહ્યું છે. નવી ટૅક્નૉલૉજી અને અદ્યતન ઉપકરણોને કારણે બ્રહ્માંડમાં આવેલાં તારા, નિહારિકા, આકાશગંગા એવા બૃહદ પદાર્થ અને સૂક્ષ્મતમ કક્ષાએ ક્વાર્ક, બેરિયોન, મેસોન્સનું અવલોકન અને અભ્યાસ થઈ રહ્યો છે. સૂક્ષ્મ કક્ષાએ આપણે અણુ, પરમાણુ, ક્વાર્ક સુધી પહોંચ્યાં છીએ. બધા જ પદાર્થ કણો ક્વાર્કના બનેલા છે અને ક્વાર્ક પણ ત્રણ પ્રકારના આવે છે: લાલ, લીલા અને વાદળી. વળી પ્રત્યેક ક્વાર્કનો વિરોધી ક્વાર્ક પણ હોય છે. આમ ક્વાર્ક અને એન્ટિ-ક્વાર્કના કૉમ્બિનેશનથી જ જુદા જુદા પદાર્થના કણો અસ્તિત્વમાં આવે છે. ત્રણેય રંગના ક્વાર્ક મળે ત્યારે એક સ્થિર કણ બને તેને બેરેયન કહેવાય. બૃહદ કક્ષાએ આકાશી પદાર્થ ન્યૂટન થિઅરી કે ક્લાસિકલ થિઅરીના ભૌતિક નિયમોનું પાલન કરે છે, પરંતુ સૂક્ષ્મ કક્ષાએ પદાર્થ કણોનું વર્તન ક્લાસિકલ થિઅરીના ભૌતિક નિયમોનું પાલન કરતું નથી એવું પ્રયોગોમાં જણાયું.

આત્મન્! આ તો કેવી અજબ જેવી વાત છે! જો તને સાદી ભાષામાં સમજાવવું હોય તો એમ કહી શકાય કે હાલના ભૌતિકવિજ્ઞાનમાં બટાકા અને એનાથી મોટા શાક માટે પણ ક્લાસિકલ થિઅરીના નિયમો છે અને રાઈ જેવા નાના પદાર્થ માટે ક્વૉન્ટમ વિજ્ઞાનના નિયમો છે!

હવે સમજ્યો મારી દ્વિધા? વિજ્ઞાન એવું કેવી રીતે સ્વીકારી શકે? અમારી સામે મોટો પડકાર આવ્યો છે ભાઈ? હવે કમ્પ્યૂટરને કારણે બૃહદ અને સૂક્ષ્મ પદાર્થોને લગતી ખૂબ બધી વિશાળ માહિતીનું વિશ્લેષણ શક્ય છે. અત્યારે વિજ્ઞાન ક્ષેત્રે એવા કમ્પ્યૂટર પ્રોગ્રામની જરૂર છે, જે આવી માહિતીનું મહત્તમ વિશ્લેષણ કરી શકે. તો જ વિજ્ઞાનનો આ કોયડો ઉકેલી શકાય!

પ્રિય આત્મન્, મારી બુદ્ધિ બહેર મારી ગઈ છે. હવે મારી શોધ પતે પછી હું નવું ઉપનિષદ લખવાનો છું.

ક્વૉન્ટમ ઉપનિષદ!

લિ. નિમિત્ત



આકાશ આખું તૂટી પડ્યું

અનુજ મુંબઈ ઍરપૉર્ટ પર હતો. મગજ શૂન્યમનસ્ક હતું. જિંદગીમાં આવો દિવસ આવશે એની એને કલ્પના નહોતી કરી. અનુજ જ શા માટે? આવી કલ્પના તો કોઈએ નહોતી કરી. જે કલ્પનાની બહારનું હોય છે તેને જ કદાચ નિયતિ કહેતા હશે! પરંતુ આ નિયતિ? શા માટે? એ ગોઝારો ફોન આવ્યાને ફક્ત ત્રણ દિવસ જ થયા હતા. ત્રણ જનમથી પણ વધુ લાંબો સમય લાગતો હતો. ભાઈ નિમિત્ત સાચું જ કહેતો હતો સમય સાપેક્ષ છે. આ છેલ્લા ત્રણ દિવસ કેમ વીત્યા એ તો અનુજ જ જાણતો હતો. પપ્પા-મમ્મીને સાચવવાનાં, વીઝાની ગોઠવણ કરવાની, ઍરટિકિટ બુકિંગ. હવે આગળ જઈને શું વીતવાનું છે એની પણ ક્યાં ખબર છે? બસ એક ફોન આવ્યોઃ નિમિત્તને જર્મનીમાં ઍક્સિડન્ટ થયો છે. હૉસ્પિટલમાં છે. ખૂબ જ ક્રિટિકલ છે. વધારે માહિતી આપવી મુશ્કેલ છે. ઘર પર તો અચાનક વીજળી પડી. સારું થયું કે ફોન અનુજે જ ઉપાડ્યો. હજી અડધો કલાક પહેલા તો ભાઈનો ફોન હતો. કૉન્ફરન્સમાં પ્રેઝન્ટેશન હતું. અચાનક શું બની ગયું?

અનુજ, નિમિત્તનો નાનો ભાઈ. ચહેરા પરથી પણ જાણી શકાય એવો મળતો ચહેરો. એ જ ઘઉંવર્ણો ચહેરો અને સુંદર આંખો. ઊંચાઈ પણ એટલી જ. ફક્ત ચશ્માનો ફેર. અનુજને ચશ્માં હતાં. વડોદરાની મેડિકલ કૉલેજમાંથી હમણા જ M.B.B.S.ની ડીગ્રી મેળવી હતી. અનુજ ડૉક્ટર હતો. આવી પરિસ્થિતિ અનેક વાર હૉસ્પિટલમાં જોઈ હતી. પેશન્ટનાં સ્વજનોને એ આશ્વાસન અને હિંમત આપતો હતો. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ. મુંબઈના ઇન્ટરનૅશનલ ઍરપૉર્ટ ઉપર ગેટ નંબર ૨૬ પર બેઠો હતો. કેટલા દિવસ લાગશે? કેવી પરિસ્થિતિ આવશે? ભાઈને કઈ હાલતમાં જોશે? કશું જ નિશ્ચિત ન હતું.

ફ્લાઇટ એનાઉન્સ થઈ એટલે ઊભો થયો. કપરો કાળ હતો પણ અનુજને હિંમત હારવાની છૂટ ન હતી. એણે આ કપરોકાળ વિતાવવો જ પડશે. સમય જેટલી પરીક્ષા લે તેટલી પરીક્ષા આપવી જ પડશે.

ભાઈ એને કેટલીય પરીક્ષા માટે તૈયાર કરતો હતો! પરીક્ષા આવે એટલે અનુજ મોટાભાઈને શરણે. ભાઈ અનુજને શરણે લેવા આતુર જ! બંનેનો રૂમ તો એક જ. નાનકડો 12 બાય 14નો રૂમ. સામસામેની દીવાલને અડીને બંનેના ખાટલા, ત્રીજી બારીવાળી દીવાલ પર, પલંગની વચ્ચે, દીવાલને અડીને બંનેના ભણવાનાં ટેબલ, સામે દરવાજો અને ત્યાંની દીવાલ પર બંનેનું એક કબાટ. બંને સતત વાંચતા જ હોય. સાંજનું ભોજન પતે એટલે થોડી વાર મમ્મી-પપ્પા પાસે બેસે અને પછી બંને ભાઈઓ વાંચવા બેસી જાય. રૂમની લાઇટો બંધ અને પોતપોતાના ટેબલલૅમ્પ ચાલુ. શાસ્ત્રીજીએ સમજાવેલું કે એકાગ્રતાથી વાંચવું હોય તો આ રીતે વાંચવું. પ્રકાશ ફક્ત તમારા પુસ્તક ઉપર રાખવો. વાંચીને કંટાળે એટલે બંને પોતપોતાની કૉલેજની વાતો કરે. એકબીજાના વિષયો સમજાવે અને પછી નિયત સમયે બ્રેક લઈને નાસ્તો કરવા પણ જાય. શર્વરીબહેન રાત્રે વાંચતી વખતે ચાલે એવા મજાના નાસ્તાઓના ડબ્બા ભરી રાખે. મોડી રાત સુધી બંને વાંચે અને પછી સૂઈ જાય. બંને એકબીજાંને પોરો ચઢાવે.

"હજી તો બાર જ વાગ્યા છે. એટલામાં શું સૂઈ જવાનું!"

"ઊંઘ આવે છે."

"ચાલ મોઢું ધોઈ આવ. એક મજાની વાત કરું, ચાલ હવે એક કલાકમાં સૂવા જવા દઈશ, બસ!"

લગભગ અનુજને જ વહેલી ઊંઘ આવે. જેમ જેમ પરીક્ષા નજીક આવે તેમ તેમ ઊંઘ વધતી જાય. નિમિત્ત એને વંચાવે. આમ તો અનુજ મેડિકલમાં અને નિમિત્ત એમ.એસસી. ફિઝિક્સમાં. પણ વાંચે નિમિત્ત

વધારે. વળી પાછો વચ્ચે ઘરની અગાસી પર પણ લઈ જાય.

"ચાલ અગાસીમાં લટાર મારી આવીએ, તને તારા બતાવું. હમણાં તારાઓ બહુ સ્પષ્ટ દેખાશે."

અનુજને પણ તારાઓ જોવાનો ચસકો ખરો. ભાઈ હળવે હળવે વાતો કરીને, વંચાવીને, પરીક્ષામાં કેમ લખવું એની ટિપ્સ આપીને પરીક્ષા માટે તૈયાર કરી દે.

"જો પરીક્ષામાં પેપર આપે ને પછી તરત લખવા નહીં માંડવાનું. પહેલા બધા જ પ્રશ્નો વાંચવાના. પછી જે સૌથી સરસ આવડતો હોય તે પહેલાં લખવાનો. ત્રણ કલાકનું પેપર હોય એટલે 180 મિનિટ અને 100 માર્ક, બરાબર! પ્રશ્નના કેટલા માર્ક છે તે જોઈને સમય પ્રમાણે અને પૂછ્યું હોય એટલું જ લખવાનું. કોઈ એક સવાલ આવડે છે એટલે લખ્યા જ કરવાનો એવું નહીં. વળી પ્રશ્નમાં જે પૂછ્યું હોય તે લખવાનું. પ્રશ્ન ઘણીવાર અટપટી રીતે પુછાયો હોઈ શકે. જવાબ મુદ્દાસર લખવાનો."

મોટો ભાઈ બરાબર સમજાવે અને નાનો ભાઈ બરાબર સમજે. મોટા ભાઈએ કહ્યું અને પથ્થર પર લખાઈ ગયું! અનુજ મોટા ભાઈને ભગવાન જેમ જ માને. હવે આ જીવનની અઘરી પરીક્ષા માટે અનુજને તૈયાર કોણ કરશે?

ઍનાઉન્સમૅન્ટ થયું એટલે સૌ પ્રવાસીઓ ઊભાં થયાં. ફ્લાઇટમાં અનુજ ગોઠવાઈ ગયો. બારી પાસેની સીટ હતી. આજુબાજુ બધા પોતાની સીટમાં ગોઠવાઈ રહ્યાં હતાં. કૅબિન લગેજ ગોઠવાઈ રહ્યું હતું. ઍર હોસ્ટેસ બધાંને સસ્મિત મદદ કરી રહી હતી. થોડી વારમાં કૅપ્ટનનો અવાજ આવ્યો. સીટની સામેના સ્ક્રીન પર સાવચેતી રાખવાની, ઇમરજન્સી લેન્ડિંગ, સીટબેલ્ટ બાંધવાની ફિલ્મ ફ્લેશ થતી હતી. અનુજ આ બધાંથી પર હતો. બહાર ચારે બાજુ અંધકારનું સામ્રાજ્ય હતું. હૃદયનો અંધકાર અને બહારનો અંધકાર ઓતપ્રોત થતો જતો હતો. વિમાને રનવે પર દોડવાનું શરૂ કર્યું અને અંધકારમાં જ ટેક-ઑફ થઈ ગયું. અનુજને ભવિષ્ય પણ અંધકારમય હોય એમ જ લાગ્યું.



અમાસની રાતે અઘોરીઓના અડ્ડામાં

આ જે અમાસની ભેંકાર રાત હતી. ધરતી પર અંધકારનું સામ્રાજ્ય હતું. તારાઓ પણ ગભરાઈને ટમટમતા હતા. પવન એકદમ મંદ પડી ગયો હતો. પાંદડાં પણ ડરના માર્યાં ફરફરવાનું ભૂલી ગયાં હતાં. વૃક્ષો બધાં સ્તબ્ધ બનીને ઊભાં હતાં. ચામાચીડિયાઓ ક્યારેક ક્યારેક લટાર મારી લેતાં હતાં. વચ્ચે વચ્ચે શિયાળની લાળી સંભળાતી હતી. સ્મશાનની બાજુમાં ખળખળ વહેતી નદીનો અવાજ અઘોરીની ડુગડુગી જેવો આવતો હતો. સ્મશાનમાં બે-ત્રણ લાશો બળતી હતી પણ ડાઘુઓ નજરે પડતા ન હતા. આવી અંધારી રાતે લાશને અડધી બળતી મૂકીને સૌ ગામભણી ચાલી ગયા હતા.

વડલાની નીચે એક અઘોરી અને તેના પંદર શિષ્યો ધૂણી ધખાવીને બેઠા હતા. શરીર પર વસ્ત્રને નામે ફક્ત એક લંગોટ હતી. સ્મશાનભસ્મથી સૌના શરીર ચોળાયેલાં હતાં. માથા પર વર્ષોથી કાંસકી નહીં ફરી હોય તેવી લાંબી જટાઓ ખુલ્લા બરડા પર ફેલાયેલી હતી. સૌની આંખો લાલઘૂમ હતી. ચલમમાંથી ઊંડા શ્વાસ ભરીને સૌ નશો કરી રહ્યા હતા.

"અલખ..."

વડલાની નીચે બેઠેલા મોટા ગુરુ જેવા જણાતા અઘોરીએ જોરથી ચીપિયો ખખડાવ્યો. સૌ અઘોરીઓ ગોળાકારે બેઠા. મોટા અઘોરીએ વડલાના થડની બખોલમાંથી એક સફેદ દંડ કાઢ્યો. સૌની વચ્ચે જમીન પર ખોસ્યો. સૌ અઘોરીઓ શાંત થઈ ગયા. મોટા અઘોરીએ જાપ ચાલુ કર્યો.

'ઓમ હ્રીં... હ્રીં... હ્રીં... નમઃ...'

સૌ અઘોરીઓ મંત્રોચ્ચારમાં સાથે જોડાયા. થોડીવારે સૌ શાંત, ધ્યાનમગ્ન થઈ ગયા. ફક્ત નદીનો ખળખળ અવાજ, લાશને બાળતા લાકડાનો તડતડવાનો અવાજ અને આમતેમ ઊડતાં ચામાચીડિયાંનો ફડફડાટ. થોડી વારે આકાશમાંથી એક તેજ લિસોટો ધરતી પર, દંડ તરફ તેજ ગતિએ આવીને દંડમાં સમાઈ ગયો. દંડની ફરતે એક નાનું તેજોવર્તુળ ગોળાકારે ફરવા લાગ્યું. ધીમે ધીમે એ તેજોવર્તુળ વિસ્તરતું ગયું, વિસ્તરતું ગયું અને ગોળાકારે બેઠેલા સૌ અઘોરીઓની ફરતે ફરવા લાગ્યું. તેજોવર્તુળમાં વિવિધ રંગના ઇયળ આકારના કણો સળવળતા હતા. કણોએ આકાર બદલ્યો. થોડાક કણો ચોકડી X અને થોડાક કણો Y આકારના થઈ ગયા. થોડીવાર એવા જ આકારમાં ફર્યા પછી મૂળ સ્થિતિમાં આવી ગયા. તેજોવર્તુળ સંકોચાવા લાગ્યું.. સંકોચાતું સંકોચાતું એ ફરી દંડમાં સમાઈ ગયું અને દંડમાંથી નીકળીને ફરી એક તેજલિસોટો બનીને આકાશ તરફ જઈ અદશ્ય થઈ ગયું. વાતાવરણમાં સ્તબ્ધતા આવી ગઈ. અઘોરી શિષ્યો અને ગુરુ ધ્યાનમગ્ન સ્થિતિમાં જ બેઠેલા રહ્યા. થોડા સમય બાદ ધીરગંભીર, સાગરના પેટાળમાંથી આવતો હોય તેમ અઘોરી ગુરુનો અવાજ સંભળાયો:

"આ સમગ્ર સૃષ્ટિ ફક્ત બે જાતિમાં જ વહેંચાયેલી છે. એક છે નર અને બીજી છે માદા. સમગ્ર બ્રહ્માંડ, તેમાં રહેલાં તત્ત્વો, શક્તિ સમગ્ર પદાર્થ નર અને માદા એમ બે જ જાતિમાં વહેંચાઈ જાય છે. પ્રખર સૂર્યપ્રકાશ નર છે અને ચન્દ્રની શીતળ ચાંદની માદા છે. ઋતુમાં ધોમ ધખતો ઉનાળો પુરુષતત્ત્વનું પ્રતીક છે અને ભીની વર્ષા, સ્ત્રીતત્ત્વનું પ્રતીક છે. વેરાન રણ પુરુષતત્ત્વનું પ્રતીક છે અને વહેતી નદી, તેનો ફળદ્રુપ પ્રદેશ સ્ત્રીતત્ત્વનું પ્રતીક છે. ધરતી પર જીવસૃષ્ટિનો મહાન નિયમ પ્રગટ થાય ત્યારે એ સ્ત્રી અને પુરુષ, નર અને માદા બની જાય છે.

શિવ સમગ્ર સૃષ્ટિમાં રહેલા પુરુષતત્ત્વનું પ્રતીક અને પાર્વતી સમગ્ર સૃષ્ટિમાં રહેલા સ્ત્રીતત્ત્વનું પ્રતીક છે.

અર્ધનારીશ્વર એટલે જ આ પુરુષતત્ત્વ અને સ્ત્રીતત્ત્વનું મિલન. દરેક પુરુષતત્ત્વમાં સ્ત્રીતત્ત્વ અને સ્ત્રીતત્ત્વમાં પુરુષતત્ત્વ આવેલું હોય છે. જાતિ વિભાજન ફક્ત સ્થૂળ કક્ષાએ જ નહીં પરંતુ માનસિક અને આધ્યાત્મિક કક્ષાએ પણ વિભાજીત છે. આ પુરુષતત્ત્વ અને સ્ત્રીતત્ત્વ એકબીજાંનાં પૂરક છે. આ બંનેના મિલનથી જ સૃષ્ટિનું સર્જન શક્ય બને છે. કોઈપણ એક જ જાતિનું વર્ચસ્વ સૃષ્ટિ માટે ઘાતક પુરવાર થઈ શકે છે. તેમનું મિલન સર્જન, તેમનું સંતુલન એટલે સૃષ્ટિનું વહન અને તેનું અસંતુલન એટલે વિનાશ. આ સૃષ્ટિનો મહાન નિયમ છે. સૃષ્ટિના સર્જનનું રહસ્ય આ નિયમમાં સમાયેલું છે. આ નર-માદા તત્ત્વના મિલન દ્વારા જ સૃષ્ટિનું સર્જન-પાલન-વિસર્જન થાય છે. જે આ નિયમ જાણે છે તે જ સૃષ્ટિના રહસ્યને પામે છે. નર અને માદા તત્ત્વનું મિલન એટલે જ સર્જન. ધોમધોખતા તાપ વગર પાણીનું બાષ્પીભાવન શક્ય નથી. બાષ્પીભવનને કારણે જ વરસાદ વરસે છે. વરસાદ વગર પૃથ્વી પર વનસ્પતિ થતી નથી અને વનસ્પતિ વગર પોષણ શક્ય નથી. આજે તમને આ મહાન નિયમનું જ્ઞાન આપવામાં આવ્યું છે તે ગ્રહણ કરો અને આજુબાજુ રહેલી સૃષ્ટિને નવી નજરે નિહાળો." ગુરુની વાણી સૌ ધ્યાનપૂર્વક ગ્રહણ કરી રહ્યા હતા.

'ઓમ હ્રીં... હ્રીં... હ્રીં... નમઃ..." સૌ અઘોરી શિષ્યો ફરી મંત્રજાપ કરવા લાગ્યા. થોડીવારે સૌ ઊભા થયા. અઘોરી ગુરુએ જમીનમાં ખોસેલો દંડ બહાર કાઢ્યો. સ્મશાનમાં બળતી લાશ હવે લગભગ બળી ચૂકી હતી. રાત્રિનો અંધકાર, દૂર પૂર્વાકાશમાં છવાયેલી લાલિમામાં ઓગળી રહ્યો હતો. બળેલી લાશની તાજી, ગરમ રાખ સૌ અઘોરીઓએ પોતપોતાના શરીર ઉપર ચોપડી દઈને ફરી ચલમ લઈ બેસી ગયા. અઘોરી ગુરુ વડલાની નીચે મંત્રજાપમાં બેસી ગયા.

વર્ષોની તપસ્યા પછી પસંદગી પામેલાને જ આ ગુહ્ય જ્ઞાન આપવામાં આવે છે. આ પંદર અઘોરીઓ જનમોજનમની તપસ્યા પછી જ આ જ્ઞાનને લાયક બન્યા એટલે જ્ઞાન આપ્યું. પરંતુ ક્યાંક કચાશ હતી. કોઈના મનમાં ખોટ હતી. અઘોરી પરંપરામાં આવી ખોટ ચલાવાતી નથી. ગુરુએ એમના ગુરુઓને જણાવવું પડશે. તેમને જણાવવું એમની ફરજ બને છે. ઉપરથી સંદેશો આવશે. થોડીવારે ધ્યાનમાં જ ઉપરથી સંદેશો આવી પણ ગયો.

સાવચેતી, ખૂબ સાવચેતી રાખવાની છે.



એમી અને પીટર સાથે મૈત્રી

નિમિત્તને જર્મનીમાં આવ્યાને મહિનો થઈ ગયો હતો. હવે એ સેટ થઈ ગયો હતો. ભારતથી લાવેલો નાસ્તો ખૂટવા લાગ્યો હતો. શિંગદાણા પતી ગયાં હતાં. નિમિત્ત રહેતો હતો ત્યાં ગાર્ચિંગ વિલેજમાં, 'Nature Garten' નામની દુકાનમાં ઘણી સામગ્રી મળતી હતી. જો આ કોમન કિચનમાં રહેલાં ઉપકરણો વાપરતાં આવડી જાય તો રાહત મળી શકે એમ હતી.

'ચાલો! આજે કોશિશ કરી જોઈએ.' એમ વિચારી નિમિત્ત રૂમમાંથી બહાર નીકળ્યો. આજે શનિવાર છે. જો આ ઉપકરણો વાપરતાં આવડી જાય તો સાંજે ગાર્ચિંગ વિલેજ વૉક પર જાય, જમતો આવે અને supplies પણ લેતો આવે. હવે હિંમત કરીને ઉપકરણોનો વપરાશ શીખવો જ પડશે.

"Hallo. Gunten morgan!" કિચનમાં એક જર્મન યુવતી રસોઈ બનાવી રહી હતી. નિમિત્ત ખચકાયો પણ યુવતીએ સામેથી જ અભિવાદન કર્યું. આપણે ત્યાં કોઈ અજાણી યુવતી, અજાણ્યા યુવકને સામેથી અભિવાદન કરે તો ગેરસમજ સિવાય બીજું કશું ન થાય. યુવતી ઊંચી હતી. શરીર સૌષ્ઠવ સપ્રમાણ હતું. ચહેરો આકર્ષક હતો. હજુ પૂરેપૂરી પરિપક્વતા આવી ન હતી. આંખો પહોળી, કપાળ મોટું હતું. ચહેરા પર તાજગી હતી. અહીંના વાતાવરણમાં જે તાજગી હતી તે ત્યાં રહેતા, સૌ લોકોની ચાલ અને વર્તણૂકમાં જણાતી. લોકો ફટાફટ ચાલે, હસમુખા, અભિવાદન કરનારા અને વળી પાછા પોતપોતાના વિશ્વમાં જ વ્યસ્ત રહેનારા. નિમિત્ત પણ સંકોચ છોડીને અભિવાદન કરતાં શીખી ગયો હતો.

''હલો! ગુટન મૉર્ગન, હું નિમિત્ત.'' ["Hallo! Gunten morgan, I am Nimitt"] એણે પણ યુવતી સામે સ્મિત કર્યું. જર્મન ભાષામાં 'hello'ને બદલે 'Hallo' ઉચ્ચાર કરે છે તે નિમિત્ત શીખી ગયો હતો.

''હું એમી. શું તમે ઇન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલ છો?'' ["I am Amy. Are you with the institute?"] એમીનો ચહેરો પ્રસન્ન અને મિત્રતાપૂર્ણ હતો.

''હા, હું MPAમાં વિજ્ઞાની છું. હાલમાં થોડા દિવસ પહેલા જ આવ્યો. તમે પણ વિજ્ઞાની છો?'' ["Yes, I am a Scientist with MPA. I just came few days back. Are you also a Scientist?"]

''હા અને ના બંને.'' ["Yes and no both."] નિમિત્તની આંખમાં આશ્ચર્ય જોઈ એ હસી પડી.

''ગૂંચાઈ ન જાવ. હું વિજ્ઞાની છું એટલે હા પણ MPA સાથે સંકળાયેલી નથી એટલે ના! મને તમારું ખગોળવિજ્ઞાન નથી સમજાતુ. અટપટું છે. મોટી મોટી અવકાશી વાતો કરે છે!'' ["Don't get confused. Yes because I am a Scientist but No because I am not with MPA. I don't understand astrophysics, too big, too complicated!"] એમીને હાથ અને આંખનો ઉપયોગ કરીને બોલવાની ટેવ હતી.

હજી નિમિત્તની આંખમાં આશ્ચર્ય જોઈ એણે આગળ ચલાવ્યું.

''હું મેક્સ પ્લેન્કની લિપઝિગ સ્થિત બીજી સંશોધન સંસ્થા 'મેક્સ પ્લેન્ક ઇન્સ્ટિટ્યૂટ ફોર કગ્નિટિવ એન્ડ બ્રેઇન સાયન્સ' સાથે સંકળાયેલી છું. મારું સંશોધન મનુષ્યના મગજ અને ચેતાતંત્ર સાથે સંકળાયેલું છે. મારો મિત્ર પીટર અહીં MPAમાં છે તેને મળવા આવી છું. તે હજી સૂતો છે અને મને કકડીને ભૂખ લાગી એટલે અહીં કોમન કિચનમાં પાસ્તા બનાવવા આવી છું. તમે પાસ્તા લેશો?'' ["I am with Max Plank Institute for Human Cognitive and Brain Sciences Leipzig. I do research in brain and neuro sciences. My friend Peter is with MPA. I came to visit him. He is sleeping. I am

hungry so cooking Pasta in this common kitchen. Would you like to share?"]

''ઓહો! માનવીના મગજ અને ચેતાતંત્ર પર સંશોધન. રસપ્રદ. મારી ચાંચ જીવવિજ્ઞાનના વિષયોમાં નથી ડૂબતી. ખેર, ભૂખ તો મને પણ ખૂબ લાગી છે પણ, અહીંનાં ઉપકરણો વાપરતાં મને આવડતું નથી એટલે...'' ["Oh I see brain and neuro sciences? I don't understand much about biology. Anyway, I am hungry too, but don't know how to operate all these equipments. So...."] નિમિત્તે સહજપણે જણાવ્યું.

''તમારો મતલબ આ હોટપ્લેટ અને માઇક્રોવેવ સાથે છે? એ વાપરવાં ખૂબ સહેલાં છે. શીખવાડું?'' ["Oh! these hot plates and microwave? They are simple. Want me to show you, how to handle them?"]

''મને શીખવાડો તો ખૂબ આભાર. વાત એમ છે કે ઘરેથી લાવેલો નાસ્તો ખૂટવા આવ્યો છે. વળી હું શુદ્ધ શાકાહારી છું તેથી ખાવાના વિકલ્પ મર્યાદિત છે.'' ["That would be a great help. You see I am low on food stuff, I got from home. I am a vegetarian and have limited options for eating."]

નિમિત્તે પોતાની દુ:ખભરી કહાણી વર્ણવી. પરદેશમાં હોવું અને શાકાહારી હોવું કેટલી જટિલ સમસ્યા છે એ તો જે અનુભવે તે જ જાણે.

''ઓહ સમજી. મારી સંસ્થામાં પણ ભારતથી આવેલા શાકાહારીઓને તકલીફ પડે છે. ચાલો, તમને ઉપકરણો વાપરતાં શિખવાડી દઉં.'' ["Ahhha. I understand. In my institute too, there are people from India, who don't eat non-veg. Let me show you the basics of these equipments."] નિમિત્તને Amy દેવે મોકલેલી દૂત જેવી લાગી.

એણે નિમિત્તને ત્યાંનાં સાધનો વાપરવાની રીત બતાવી. માઇક્રોવેવમાં ફક્ત ગરમ જ નહીં પણ બીજી રસોઈ બનાવવાનું ઑપ્શન, ફ્રોઝન ફૂડ હોય તો ડિફ્રોસ્ટ કેમ થાય તે બતાવ્યું. હોટ પ્લેટ એટલે ગૅસ વગરનો સ્ટવ!!! નિમિત્તે પણ આટલા સારા ટીચર નહીં મળે એમ સમજીને બધું પૂછી લીધું અને જાણી લીધું. રૂમમાં નુડલ્સનાં પૅકેટ્સ પડ્યાં હતાં તે લઈ આવ્યો. 'ટીચર'ના માર્ગદર્શન હેઠળ નુડલ્સ બનાવ્યાં. કૉફી બનાવી. નિમિત્ત તો ખુશ થઈ ગયો. હાશ, હવે પેટ ભરીને ખાઈ શકશે.

બે મગ કૉફી બનાવી અને બે બાઉલમાં નુડલ્સ અને પાસ્તા ભરી એમીને રૂમમાં આમંત્રિત કરી. એમીને ખાસ આગ્રહની જરૂર જ ન પડી. નિમિત્તને હવે આ લોકોની રીતભાત સમજાઈ ગઈ હતી. અહીં અજાણ્યા પુરુષની રૂમમાં જઈ સાથે ખાવાની એટલી બધી નવાઈ ન હતી. યુવાન અને યુવતીની સહજ મૈત્રી અહીં શક્ય હતી.

નિમિત્તે એના સંસ્કાર પ્રમાણે રૂમનો દરવાજો ખુલ્લો રાખ્યો. રૂમમાં વચ્ચે ગોળાકાર ટેબલ પર નુડલ્સનાં બૉલ્સ અને કૉફીના મગ મૂકી બંને સામસામે બેઠાં. દરવાજો ખુલ્લો રાખ્યો એવું એમીના ધ્યાનમાં પણ નહીં આવ્યું. એમી ઉષ્માપૂર્ણ અને મિત્રતાપૂર્ણ જણાઈ.

''તો... નામિટે. તમારો પરિચય આપો, સૉરી. તમારા સંશોધન વિશે જણાવતા નહીં, મને તેમાં બિલકુલ સમજ પડશે નહીં.'' ["So! Nametee. Tell me about you self. Sorry! I am not interested in your work because I won't understand."] એમી પોતાની મજાક પર હસવા માંડી. નિમિત્ત પણ હસ્યો.

''ચોક્કસ. મારા સંશોધનની વાતો કરીને તમને બૉર નહીં કરું. હું ભારતમાં આવેલા ગુજરાત રાજ્યમાંથી આવું છું. ગુજરાતમાં આવેલા વડોદરા શહેરનો રહેવાસી છું. ત્યાં મારાં માતા-પિતા, ભાઈ-ભાભી –

ભાઈની પત્ની અને તેમનો તોફાની બારકસ દીકરો અંશ બધા સાથે જ રહે છે. હું અહીં સંશોધન માટે આવ્યો છું જેમાં તને રસ નથી! મને મારું કામ ખૂબ ગમે છે. આજે હું ખુશ છું. મને 'કોઈકે' અહીંના અટપટાં ઉપકરણો વાપરતા શિખવાડ્યું. હવે મારાથી રસોઈ બનાવી પેટપૂજા કરી શકાશે. એટલે ભૂખમરો નહીં વેઠવો પડે. હું મારા નવા શિક્ષકનો આભાર માનું છું.'' ["Sure. I won't bore you into my work. I am from India, Gujarat state. The name of my city is Vadodara. My parents, brother-bhabhi – my brother wife, and my naughty nephew Ansh, they all stay together. I am here for my research, about which you don't want to know. I am enjoying my work. I am very happy today because somebody taught me how to cook with these complicated equipments and so I am thankful to my new teacher because now I can cook and so won't starve."]

નિમિત્ત સહૃદયતાથી બોલી ગયો. એમીની સહૃદયતા એની આંખ, એના હાવભાવમાંથી વ્યક્ત થતી હતી.

જર્મની આવ્યા પછી નિમિત્તને પહેલીવાર મિત્રતા જેવી લાગણી થઈ. અહીં સૌ અભિવાદન સરસ કરે. સ્મિત પણ આપે પરંતુ પછી તરત બારી બંધ થઈ જાય. પછી સૌ પોતપોતાની દુનિયામાં જતાં રહે. કોઈ એકબીજાંના કામમાં માથું ના મારે. બીજા શું કરે છે, વિચારે છે એ જાણવાની કોઈ ઉત્સુકતા નહીં.

એમી નિમિત્તની વાત સાંભળીને મુક્તપણે હસી પડી.

''ઓહો! આ નવા શિક્ષક પણ તેજસ્વી વિદ્યાર્થી પામીને પ્રસન્ન થયા. એને એની ફી પણ મળી ગઈ!'' ["Oh! the new teacher is honoured to have an intelligent student. She got her fees too!"] એને કૉફી અને નુડલ્સ તરફ ઇશારો કરતા કહ્યું.

''અરે! એ કાંઈ ફી થોડી કહેવાય! તમે ગોળપાપડી ખાશો?'' ["Oh. This is no fees. Would you like to eat gol papdi?"] નિમિત્તને ગોળપાપડી યાદ આવી.

નિમિત્ત એકદમ વિચારમાં પડી ગયો. હવે આ ગોળપાપડીનું ઇંગ્લિશ શું કરવું? ગોળપાપડી.... એ જાતે જ હસી પડ્યો. જર્મની આવ્યા પછી 'સ્વજન'માં કરાય એવું મુક્ત હાસ્ય એણે પહેલી વાર કર્યું. આજે શનિવાર સુધરી ગયો!

''શું.. ગોલ...પા... એ વળી શું છે?'' ["W hat's that? a...gol...what?"] એણે હાથ ઊંચા કરી હાર સ્વીકારી લીધી.

''એને ગો...લ...પા...પ...ડી.. કહે છે.'' ["It is called Gol-papdi.''] હવે 'ગોળ'ની જગ્યાએ 'ગોલ' તો અંગ્રેજીના નામનું કરી નાંખ્યું! પણ આ પાપડીનું શું કરે? એને થયું કે બીજી રીતે સમજાવું.

''તે ગોળ, ઘી, ઘઉંમાંથી...'' ["It is made from... Jaggery...gheee and wheat..."]

''ઘી? એ વળી શું છે?'' ["Ghee? what is that?] એમીની આંખમાં મોટું પ્રશ્નાર્થ ચિહ્ન હતું.

''થોભ. પહેલાં ચાખી જો. ભાવે તો આપણે ગોળપાપડીના કલા-કૌશલ્યમાં જઈએ. આટલા ભવ્ય બ્રેકફાસ્ટ પછી ડિઝર્ટ સમજીને ચાખ. હું માઇક્રોવેવમાં ગરમ કરીને લઈ આવું એટલે વધારે સ્વાદિષ્ટ પણ લાગશે અને મારી પરીક્ષા પણ થઈ જશે!'' ["Wait, wait. Eat first. See if you like it. Then we go into the technicalities. O.K. it's a sweet dish anyway, you think of it as a dessert after a grand... breakfast!... Wait let me try my lessons and warm it in microwave. It will taste better that way."]

નિમિત્તે ડબ્બામાંથી ચાર-પાંચ પીસ ગોળપાપડીના કાઢ્યા. ડિશમાં ગોઠવ્યા અને બાજુમાં કોમન કિચનમાં માઇક્રોવેવમાં ગરમ કરવા ગયો. ગડમથલ કરી પણ આવડી ગયું. દસ સેકન્ડ પર સેટ કરી માઇક્રોવેવ ચાલુ કર્યું.

ગોળપાપડીની ડિશ લઈ રૂમમાં આવ્યો. એમી ખુરશી પરથી ઊભી થઈ રૂમમાં બુકશેલ્ફ પાસે ઊભી પુસ્તકોનું અવલોકન કરી રહી હતી.

''તમારા વિષય ઉપરાંત બીજા વિષયોના પણ પુસ્તકો છે.'' ["You have many books beside your subject."] એમીએ અવલોકન કર્યું.

''મને વાંચવાનો શોખ છે. MPA પછીના સમયમાં હું એકલો હોઉં છું એટલે વાંચવાનો ઘણો સમય મળી જાય છે.'' ["I am very fond of reading. After MPA I am all by myself. I get ample time to read.]

''અંગ્રેજી ઉપરાંત બીજી ભાષાનાં પણ પુસ્તકો છે. તમારી માતૃભાષાનાં પુસ્તકો છે? નવલકથા? કયા પ્રકારના પુસ્તકો વાંચો છો?'' ["Beside English there are books in other languages too. Is it in your mother tongue? Are they novels? Which kind of books do you read?"]

એમીને નિમિત્તમાં રસ પડતો લાગતો હતો. એને જવાની કોઈ ઉતાવળ ન હતી. એ કદાચ પીટરના ઊઠવાની રાહ જોઈ રહી હતી. ગમે તે કારણ હોય એમીને નિરાંત હતી. કોઈ ડર કે ખચકાટ ન હતો. નિમિત્તને ખૂબ સારું લાગી રહ્યું હતું. કામ સિવાયની વાતચીત અહીં ક્યારેય કરી ન હતી. દૂર પ્રદેશમાં એકલતા તો લાગી જ રહી હતી! એમીમાં એને એક મિત્રભાવ જણાયો.

''થોડી નવલકથાઓ છે. તે ઉપરાંત આધ્યાત્મિક પુસ્તકો, આત્મકથાઓ અને મારા વિષયની રેફરન્સ બુક્સ પણ છે.'' ["There are a few novels, some are spiritual books, some autobiographies and some are my reference books too."]

નિમિત્તની લાઇબ્રેરી ઘણી સમૃદ્ધ હતી. વળી બધાં જ પુસ્તકો એના હૃદયની નજીક હતાં. નિમિત્ત પુસ્તક વાંચતી વખતે બૉલપેન સાથે જ રાખે. ગમતાં વાક્યો નીચે લીટી દોરે. બાજુના હાંસિયા ઉપર પોતાની કોમેન્ટ પણ લખે. એ પુસ્તકો એનાં આત્મજનો હતાં. એ પુસ્તકોએ જ નિમિત્તને ઘડ્યો હતો. આત્મજન કહો, મિત્ર કહો, ગુરુ કહો, જે કહો તે પણ નિમિત્ત માટે તો એ પુસ્તકો નિર્જીવ પાનાંઓ નહીં પણ સજીવ સ્વજનો હતાં.

''અધ્યાત્મિક પુસ્તકો? તમને અધ્યાત્મમાં રસ છે? તમે તો વિજ્ઞાની છો! તમને અધ્યાત્મ, ધર્મમાં કેવી રીતે રસ પડે? ધર્મ, અધ્યાત્મ, વિજ્ઞાન પરસ્પર વિરોધી નથી?'' ["Spiritual books? Are you interested in spirituality? But you are a Scientist! How can you be interested in religion and Sprituality? Are religion, spirituality and Science not opposites?"] એમીની આંખો વિસ્મયથી પહોળી જ થઈ ગઈ.

''હું વિજ્ઞાની છું, ધાર્મિક પણ છું અને અધ્યાત્મિક પણ છું. હા. હું ત્રણેય એકસાથે છું!'' ["I am a Scientist, yes. I am a religious person yes. I am a spiritual person yes. I am all the three together."] નિમિત્તે વિશ્વાસપૂર્વક કહ્યું.

નિમિત્તે આવા હેરતભર્યા હાવભાવ પહેલાં પણ ઘણીબધી વાર જોયા હતા. વડોદરાના મિત્રો માટે આટલી બધી નવાઈ ન હતી. નવું કમ્પ્યૂટર આવે તો એનું સ્વાગત ઉપર કંકુ-ચોખા ચડાવીને કરવાની રીત હતી. નિમિત્તનું નવું લેપટોપ આવ્યું ત્યારે એની પર શર્વરીબહેને કંકુનો ચાંદલો કરેલો, ચોખા ચઢાવેલા અને મંદિરમાં ભગવાનની મૂર્તિ પાસે જઈને ફૂલ પણ ચઢાવેલાં! મંદિરમાં દીવો કરીને લેપટોપ ભગવાનનાં ચરણો પાસે રાખીને ભગવાનના આશીર્વાદ લઈને પછી જ લેપટોપનું ઉદ્‌ઘાટન કરેલું. વિજ્ઞાન, અધ્યાત્મ અને ધાર્મિકતા ભારતમાં તો અડખેપડખે જ હતી.

પુણેમાં નવાઈ હતી ખરી. પુણેમાં જ્યારે એ સેન્ટર ફોર એસ્ટ્રોફિઝિક્સ ઍન્ડ એસ્ટ્રોનોમી [IUCAA]માં હતો ત્યારે એના સહાધ્યાયીઓ એને 'બોચિયો' કહેતા. એ લોકો વિજ્ઞાનને માનતા અને ધાર્મિકતાની મજાક

ઉડાવતા. ભારતની ધાર્મિકતા અંધશ્રદ્ધાથી ભરેલી છે, આધ્યામિકતા ખોખલી છે – એમ ઉદાહરણ આપીને સમજાવતા. રામ કરતા રાવણ સારો છે એમ કહેતા. રામે સર્ગભા સીતાને તરછોડી દીધી અને બહેન શૂર્પણખાના અપમાનનો બદલો લેવા ભાઈ રાવણે સીતાને ઉપાડી લીધી. તો રાવણ જેવો ભાઈ સારો કે રામ જેવો પતિ સારો? આવા અનેક પ્રકારના પ્રશ્નોનો બૌદ્ધિક અને તાર્કિક ઉપહાસ કરતા. પુણેમાં આવેલા રજનીશ આશ્રમ વિષે જાતજાતની વાતો કરી ભારતની આધ્યામિકતા કેટલી ખોખલી છે એનું એનાલિસિસ સ્મોકિંગ, ડ્રિંક અને ચિકન- ટીકા ખાતા ખાતા કરતા. નિમિત્ત પહેલા ચર્ચા કરી પોતાનો મત જણાવવાની કોશિશ કરતો, પરંતુ પછી એણે છોડી દીધું. દરેકને પોતાનાં મંતવ્યોનો હક છે. નિમિત્ત ચોક્કસ એવું જાણતો હતો કે ધર્મ-વિજ્ઞાન-અધ્યાત્મને જોડતી કડી છે. એમાં જે આંતરવિરોધ જણાઈ રહ્યો છે તે ઉપરછલ્લો છે. નિમિત્ત પોતે એ કડી પર કામ કરી રહ્યો હતો. વિજ્ઞાનની સમક્ષ આવેલી કટોકટી પાર કરવા માટે વિજ્ઞાને ધર્મ અને અધ્યાત્મનો સહારો લેવો જ પડશે.

'હૃદયેન હી સત્યં જાનાતિ'. સત્યને હૃદયથી જ જાણી શકાય છે. પરંતુ વિજ્ઞાન હૃદયનો નહીં મગજનો વિષય છે એવું સૌ માને છે. એમીના આશ્ચર્યની નવાઈ નિમિત્તને ન લાગી!

"તેઓ પરસ્પર વિરોધી નથી?" ["Are they not opposites?"] એમીએ પણ પોતાનો વિચાર વ્યક્ત કર્યો.

"ના. મારા નમ્ર મત મુજબ ધર્મ, વિજ્ઞાન અને અધ્યાત્મ પરસ્પર વિરોધી નથી." ["Not to me. In my opinion religion, Science and Spirituality are not opposites."]

"કેવી રીતે? ધર્મ અને અધ્યાત્મ શ્રદ્ધાનો વિષય છે અને વિજ્ઞાન માહિતી, હકીકત, પ્રયોગ અને સાબિતીનો વિષય છે. આ ત્રણેયનો મેળ કેવી રીતે પડે?" ["Come on. Religion and spirituality is based on faith. While as science is based on facts, proof and experiments. How can they be connected?"] એમી વર્ષોથી જ્ઞાન-વિજ્ઞાને દોરેલી ભેદરેખાની વાત કરી રહી હતી.

"તને ભૌતિકશાસ્ત્રમાં રસ નથી એટલે આખો પ્રયોગ નહીં વર્ણવું પરંતુ થોડાં વર્ષો પહેલાં થયેલા એક પ્રયોગે ભૌતિકવિજ્ઞાનમાં ખાસો ખળભળાટ મચાવ્યો છે. ભૌતિકવિજ્ઞાનના ખાસ કરીને ન્યૂટોનિયન અને કલાસિકલ ભૌતિકવિજ્ઞાનના પાયા હચમચી ગયા છે. એ પ્રયોગનું નામ છે 'ડબલ સ્લીટ'નો પ્રયોગ. તેની સાબિતીએ વિજ્ઞાનીઓને અચંબામાં પાડી દીધા છે. એમી તું પણ વિજ્ઞાની છે. વિજ્ઞાનની થિઅરી કે નિયમ બનવાની પ્રક્રિયા તો તું જાણે જ છે ને!" ["You are not interested in Physics so I will not explain the experiment but an experiment called double-slit experiment conducted few years back has created havoc in physics. This experiment challenged the classical, Newtonian theories in Physics. The proof of this experiment shook the fundamental laws of physics. Amy you too are a Scientist. You know how scientific laws or theories are made."]

"તારો મતલબ વિજ્ઞાનની પદ્ધતિ?" ["You mean Scientific process?"]

"હા. મારો મતલબ કોઈ પણ શોધ કે સંશોધન દ્વારા અસ્તિત્વમાં આવતા વિજ્ઞાનના નિયમો. વિજ્ઞાનના સંશોધનની પ્રક્રિયા." ["Yes. I mean, the process by which scientific laws come into existence. The way of scientific research."]

"વિજ્ઞાન ઘટનાનું અવલોકન – તેની પેટર્ન શોધે છે. પછી હંગામી અનુમાન કરે છે. પ્રયોગો કર્યા બાદ ફરી અવલોકન દ્વારા સિદ્ધ થાય તો સ્વીકાર નહીં તો અસ્વીકાર કરે છે. બરાબર?" ["Science implies observation, then it identifies the pattern and makes hypothesis to explain, conducts

experiments to prove it and then again makes the observation and then proves or disproves it, Right?"]
"એકદમ બરાબર. ધારો કે ન્યૂટને ઝાડ પરથી સફરજન પડતું જોયું. આ એક સફરજનના અવલોકન પછી, એણે બીજા અવલોકનો કરી એક ભાત કે પેટર્ન જાણી. ફક્ત સફરજન જ નહીં, ઉપર ઉછાળેલી, કે પડતી પ્રત્યેક વસ્તુ ધરતી પર જ પડે છે! આ પેટર્ન પરથી એણે હંગામી ઉત્કલ્પના કરી કે નક્કી કોઈ બળ, દરેક વસ્તુને તેની તરફ ખેંચતું હશે. આ બળને તેણે ગુરુત્વાકર્ષણ નામ આપ્યું હશે. ત્યારબાદ આ ધારણા કરેલા બળ ઉપર બીજા અનેક પ્રયોગો કરીને પછી જ ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમો શોધાયા. અવલોકનો અને ધારણા સુસંગત થતાં તેનો નિયમ તરીકે વિજ્ઞાને સ્વીકાર કર્યો. વધુમાં આ નિયમો આપણા રોજબરોજના અનુભવ સાથે પણ સુસંગત છે. બરાબરને એમી?" ["Absolutely right. For example Newton observed an apple falling from a tree. He then observes a pattern that not only an apple but all things fall towards earth. He tries to explain the phenomena and construct a hypothesis that there is a force that pulls things towards it. He labels it as 'gravity'. He then conducts experiements to prove it. He conducts more experiements to find out laws of gravity. Because they match with the observation, they are proved. Science accepts it. It also matches with our day to day experience. Right Amy?"] નિમિત્તે પોતાનો મુદ્દો સમજાવ્યો.
"એકદમ બરાબર. અવલોકન – પેટર્ન – હંગામી ધારણા – પ્રયોગો – વિજ્ઞાનના નિયમો. તો એમાં નવું શું છે?" ["Absolutely right. Observation - Pattern - Hypothesis - Experiments - Scientific laws, so what's new?"]
એમી નિમિત્તની વાત બરાબર સમજવાની કોશિશ કરી રહી હતી.
"ના, નવી રીત નથી શોધી. પણ આ ડબલ સ્લીટના પ્રયોગે વિજ્ઞાનની આ સ્વીકૃત પદ્ધતિ પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દીધું છે." ["Nothing new but this double - slit experiment has put a question mark on this accepted Scientific process."] નિમિત્તે જણાવ્યું.
"કેવી રીતે? સમજાવો તો. જો કે, ધર્મ અને અધ્યાત્મને કેવી નિરાંત છે! કોઈ પુરાવાની જરૂર જ નહીં. ન્યૂટન બિચારાએ પ્રયોગો કરી કરીને, સાબિતીઓ આપી આપીને ગુરુત્વાકર્ષણ બળના નિયમો બનાવવા પડ્યા. તેનું ગણિતિક સૂત્ર પણ બનાવવું પડ્યું. ન્યૂટન જો વિજ્ઞાનીને બદલે ધર્મગુરુ હોતે તો તેણે આ ગુરુત્વાકર્ષણ બળને 'ગુરુત્વાકર્ષણ દેવ' બનાવી દીધું હોત! લોકોએ સહર્ષ સ્વીકાર કરી લીધો હોત અને ઊંચાઈ પર જતાં પહેલાં 'ગુરુત્વાકર્ષણ દેવને' નારિયેળ વધેરીને પ્રાર્થના કરી હોત, 'હે દેવ અમારું રક્ષણ કરજો!'"
["How? Please explain. However religion and spirituality has an advantage. They don't need proof. Newton had to conduct so many experiements, give so many evidences. He has to make laws and equations. Had he been a religious or spiritual leader he would have just declared the gravitation force as 'Gravitation God.' People would have accepted and would have prayed to the God for protection before going on heights!"] એમીએ હાથ ઊંચા કરી નમન કરતાં કહ્યું. એમીને વાતમાં બરાબર રસ પડતો હતો. બંને વિજ્ઞાની હતા એટલે બુદ્ધિઆંક મળતો હતો.
"તમારી વાત સાચી છે એમી. ધર્મ અને અધ્યાત્મમાં પ્રત્યક્ષ સાબિતીનો અભાવ હોય છે. પહેલાનો

મનુષ્ય કુદરતને વિસ્મય અને ભયથી નિહાળતો. ધર્મનું રાજ ચાલ્યું. ધાર્મિક ગુરુઓનું રાજ ચાલ્યું. પછી વિજ્ઞાન આવ્યું. દરેક કુદરતી ઘટના પાછળ રહેલા વિજ્ઞાની સિદ્ધાંતો શોધી કાઢ્યા. વિજ્ઞાનને લાગ્યું કે બધું નિયમો પ્રમાણે થાય છે, ભગવાન જેવું કશું નથી. વિજ્ઞાનની સીમાઓ વિસ્તરતી ગઈ. વિજ્ઞાનનું રાજ ચાલ્યું. ત્યાં એક પ્રયોગે વિજ્ઞાનને, તેની પદ્ધતિને પડકાર ફેંક્યો.'' [''You are right Amy. There is no need of proof in religion and spirituality. Mankind in earlier times always saw nature with fear and wonder. Religion ruled. Religious leaders ruled. Then come science with Scientific Laws and proof. They negated the existance of God. All natural phenomena were explained by Science. Science started dominating. Then an experiment challenged science and its process.'']

''ડબલ-સ્લીટનો પ્રયોગ? એણે શું પડકાર ફેંક્યો? [''Double-slit experiment? What kind of challenge?''] એમીની ઉત્સુકતા વધી ગઈ.''

''વારુ. ધ્યાનથી સાંભળ. પ્રયોગ પહેલા, યાદ રાખજે પહેલાં એવું માનવામાં આવતું હતું કે ઘટના અને તેનું અવલોકન કરનાર બંને સ્વતંત્ર છે. સમજે છે એમી?'' [''O.K. Listen carefully. It was, remember, it was believed before this double-slit experiement that any observed phenomena is independent of the observer. Do you understand, Amy?'']

''હા પણ એમ જ હોય ને! ઘટના અને ઘટનાનું અવલોકન કરનાર બંને સ્વતંત્ર જ હોય ને! એમાં નવું કે હેરતભર્યું શું છે? આ તો સાદી સમજ છે.'' [''Yes. But that is true. Phenomena and the observer of the Phenomena will be independent of each other. What is new. This is common sense.''] એમીને અચંબાભરી વાત સાચી નહીં.

''સાંભળ! ઘટના અને અવલોકનકાર બંને અલગ અને સ્વતંત્ર છે એવું ડબલ-સ્લીટના પ્રયોગ પહેલા માનવામાં આવતું હતું.'' [''Listen further. It was believed before double slit experiment that both are independent of each other.'']

નિમિત્તે દરેક શબ્દ પર ભાર મૂક્યો.

''પણ એમ જ હોય ને! હું આ ખુરશીનું અવલોકન કરી રહી છું તો મારા અવલોકનની ખુરશી પર શી અસર પડી શકે? આટલી સાદી સમજ...'' [''But that is how it is. Suppose I am observing this chair, how will the chair be affected by my observing it? This is common sense...'']

''ડબલ-સ્લીટના પ્રયોગે આ સાદી સમજ પર જ પ્રહાર કર્યો છે.'' [''Double-slit experiment challenged this common sense.'']

''કેવી રીતે?'' [''How?'']

''એટલે એમ કે ઘટના અને તેનું અવલોકન કરનાર એકબીજાંથી સ્વતંત્ર નથી. સમજાયું?'' [''Meaning thereby that Phenomena is not independent of its observer. Do you understand?'']

''તારા કહેવાનો મતલબ એ છે કે મારા ખુરશીના અવલોકનથી ખુરશીને ફેર પડે છે! નિમિત્ત આ તો નૉનસેન્સ છે. આ કોઈ પડકાર નથી. આ ના તો ધર્મ છે, અધ્યાત્મ છે કે વિજ્ઞાન છે.'' [''Do you mean to say that this chair is affected by my obseration! This is pure non-sense Nametee. This is not science neither spirituality nor religion.''] એમીએ હાથથી નકારો ભણી દીધો. તેની તર્કબુદ્ધિએ ધરાર વિરોધ કરી દીધો.

''તારી વાત સાચી છે. આ પ્રયોગ ખરેખર 'Non-Sense' ઇન્દ્રિયથી પર છે. પરંતુ પુરવાર થયેલો, વિજ્ઞાને

સ્વીકારેલો પ્રયોગ છે, જાતે યુ-ટ્યૂબ પર જોઈ લે જે.'' [''You are right when you say it is nonsense. It can not be sensed by our usual senses. But it is a proven experiment. Science has accepted it. Check it out your self. It is visually shown on you tube.'']
''હું ભૌતિકવિજ્ઞાન ન ગમતું હોવા છતાં વાંચીશ અને યુ-ટ્યૂબ પર જોઈશ. માનવામાં નથી આવતું.'' [''I will read and see even if I don't like Physics. Can't believe.''] એમીને સ્વીકાર કરવાનું અઘરું લાગતું હતું.
''હું તારા અચરજને સમજી શકું છું. મારી હાલત પણ તારા જેવી જ થયેલી. આપણી આજુબાજુ રહેલું વિશ્વ ત્રણ કક્ષામાં વહેંચાયેલું છે. પહેલું તે સ્થૂળ અથવા ભૌતિક જગત. આપણી નરી આંખે દેખાતું, ઇન્દ્રિયજન્ય જગત. ખુરશી, ટેબલ, મારું શરીર, તારું શરીરનું ભૌતિક જગત. બીજી કક્ષા તે સૂક્ષ્મજગત. અણુ-પરમાણુ અને તેથીય સૂક્ષ્મ કણો મેસન, ક્વાર્કનું સૂક્ષ્માતીત જગત. હવે અદ્યતન ટેક્નૉલૉજીને કારણે આપણે આ સૂક્ષ્માતીત જગતને નિહાળી શકીએ છીએ. ત્રીજું ચેતનાનું અસ્થાનિક જગત. જેના વિશે આપણે જાણતાં નથી. આ ક્વોન્ટમની સૂક્ષ્મ દુનિયા, હાલના ભૌતિક વિજ્ઞાનના નિયમો પ્રમાણે વર્તન કરતી નથી.'' [''I can understand. I was amazed when I read about it. The world around us exists at three level. The first level is Physical level. The gross level of chair, table, my body, your body. The second level is known as quantum level. We now know about quantum level because advance technology made it possible for us to 'see' them at microscopic sub-atomic level. The proton, neutron, quarks, mesons etc. The third level is the universal consciousness level about which we do not know. The problem is the behaviour of sub atomic level, or quantum level. They are not following the existing laws of physics.'']
''હંમ... સમજી. સ્થૂળ, સૂક્ષ્મ અને ચેતનાનું વિશ્વ પરંતુ...'' [Hmm... I am understanding. Physical, quantum and conscious world but...]
''આપણું વિજ્ઞાન સ્થૂળ જગતના નિયમો બનાવી તે દ્વારા કુદરતને સમજી રહ્યું છે. આ સ્થૂળ જગતમાં અવલોકન અને નિયમો સુસંગત થતા રહે છે. સૂક્ષ્મ કક્ષાએ ઘટના અને અવલોકનકાર એકબીજાથી સ્વતંત્ર નથી એવું આ ડબલસ્લીટના પ્રયોગે પુરવાર કરી દીધું છે. સફરજનના અવલોકનની અસર સ્થૂળ કક્ષાએ સફરજન પર પડતી નથી પરંતુ સૂક્ષ્મ કક્ષાએ, ક્વોન્ટમ કક્ષાએ અસર પડે છે!'' [''Our Science made theories and laws for the first level of nature. There the observation and laws match. At quantum level the phenomena and the observer are not independent of each other as proved by double-slit experiment. An apple at quantum level is affected by the observation of it.'']
નિમિત્તે એમીની આંખ સામે જોતાં કહ્યું.
''હવે? પડકાર?'' [''So now? The challenge?'']
''પડકાર એ છે કે ભૌતિક વિજ્ઞાનમાં હાલમાં મોટા પદાર્થો માટે એક પ્રકારના નિયમો અને સૂક્ષ્મકણો માટે બીજા પ્રકારના નિયમો લાગુ પાડવામાં આવે છે.'' [''The challenge in Physics is that there are presently two sets of laws. One for large size and other for quantum level.'']
''એમ બે પ્રકારના નિયમો કેવી રીતે ચાલે?'' [''How can you have two sets of laws?'']
એમી ફરી અચંબામાં પડી ગઈ.

"તે જ તો પડકાર છે. ગ્રહો, નિહારિકા અને બીજા મોટા અવકાશીય પદાર્થો માટે ન્યૂટોનિયન થિઅરી અને સૂક્ષ્મકણો માટે ક્વોન્ટમ થિઅરી." ["That is exactly the challenge, Newtonian theory for large bodies like nebula, galaxie, stars and quantum theory for sub atomic particals."]

એમી વિચારમાં પડી ગઈ. થોડીવારે પ્રતિભાવ આપ્યો.

"હંમ... હવે સમજી. તમારા ભૌતિકશાસ્ત્ર માટે તો આ પડકારનો કપરો કાળ છે. વિજ્ઞાન બે પ્રકારના નિયમો કેવી રીતે ચલાવી શકે?" ["Hm... Now I understand. This is really a challenging time for physics. How can you have two sets of laws in science."]

"આ બંને પ્રકારના નિયમોને એકત્રિત કરે તેવા મહાનિયમની શોધ એ જ હાલના ભૌતિક વિજ્ઞાનનું લક્ષ્ય છે. એને જ 'ધ હોલી ગ્રેઇલ ઑફ ફિઝિક્સ' કહે છે." ["Physics is looking for a grand unification Theory which will combine both the laws. This would be the 'Holy Grail of Physics'."]

"તને ખબર છે! હમણાં અમારા જીવવિજ્ઞાનના ક્ષેત્રે પણ સંકટ સમય છે. એક જીવવિજ્ઞાની છે જેના પ્રયોગો અને સાબિતીએ જીવવિજ્ઞાનીઓને અચરજમાં નાખી દીધા છે." ["You know what! There is a similar dilema in biology too. There is a biologist whose experiment and proof has astonished other biologist."] એમીએ જણાવ્યું.

"ગ્રેટ. વિજ્ઞાનક્ષેત્રમાં આવી રહેલા પડકારોના માનમાં આપણે ગોળપાપડી ખાઈએ!" ["Great. Let us honour the challenges faced by Science by eating Gol Papdi."] નિમિત્તે હસતાં હસતાં કહ્યું.

"Holy Grail of Physics."

એમીએ ગોળપાપડી લઈ હાથ ઊંચો કરતાં કહ્યું.

"હંમ... સ્વાદિષ્ટ છે. એક બીજી લઉં..." ["Hm... Very tasty. Can I have one more."]

"Sure."

નિમિત્તે પ્લેટ આગળ કરતાં કહ્યું.

નિમિત્તે ચાર-પાંચ ગોળ પાપડી ગરમ કરેલી. જાણે તાજી જ બનાવી હોય એટલી સરસ લાગી. હવે તે જાતે ખાવાનું બનાવી શકશે. આજે તો શનિવાર ફળી ગયો.

"એમી મારે હજી બીજાં ઉપકરણો વાપરતાં શીખવાં છે તે શીખવાડશે?" ["Amy can you still teach me... few things?"]

"ચોક્કસ. બોલ ભૌતિક વિજ્ઞાન શીખવું છે?" ["Sure. Want me to teach you Physics?"] એમીને મજાક કરવાની મજા પડી ગઈ. તેની સેન્સ ઑફ હ્યુમર સરસ હતી.

"ના. ના. ભૌતિકવિજ્ઞાન નહીં, મારે તો અહીંના વોશિંગ મશીન અને ડ્રાયર વાપરતાં શીખવાં છે." ["No. Not Physics, I want to learn to operate Washing machines and dryers."]

"ચોક્કસ. હજી એક ગો...લ... જે હોય તે ખાઈને જઈએ." ["Sure, let us go after I finish one more of this gol...pa... what ever it is.]

નિમિત્તે સારા વિદ્યાર્થીની જેમ બંને મશીન શીખી લીધાં. એમીએ નિમિત્તનાં કપડાંના એક લોડને ધોવા નાખી દીધો. મશીનની જરૂરિયાત પ્રમાણે જુદા જુદા સેટિંગ બધું જ શીખવાડી દીધું. સહેલું હતું. નિમિત્ત જાતે કરી શક્યો હોત, પણ તે મશીનને બગાડવા નહોતો માંગતો. મશીન ચાલુ કરીને બંને ફરી કૉરિડૉરમાં આવ્યાં ત્યાં જ પીટર સામે ઊભો હતો.

"ક્યાં હતી? હું તને જ શોધતો હતો." ["Hey where have you been? I was searching for

you."]

હમણાં જ ઊંઘમાંથી ઊઠ્યો હોય તેવો એનો ચહેરો હતો. વિખરાયેલા વાળ હતા. ટ્રેકપેન્ટ અને ચોળાયેલું ટી-શર્ટ પહેર્યું હતું. પીટર પણ એક જર્મન હતો. છ ફૂટ પાંચ ઈંચની ઉંચાઈ હતી. હૃષ્ટપૃષ્ટ શરીર હતું. ચહેરો અપરિપક્વ હતો. હજી એણે નિમિત્તની હાજરીની તો નોંધ જ નહોતી લીધી.

''હેય જાનુ. મને ભૂખ લાગી એટલે પાસ્તા બનાવવા આવી. ત્યાંજ નામિટે મળ્યો. એને હોટ પ્લેટ અને માઇક્રોવેવ ઑવન ચલાવતાં શિખવાડ્યું. કૉફી, નૂડલ્સ બનાવ્યાં, સરસ મજાની ગો...લ...પા...ડી ખવડાવી. તને ઉંઘ્યા પછી તાજગી લાગતી હશે.'' ["Hey sweet heart. I come to cook pasta in the kitchen, meet Nametee. Taught him how to operate hot plate and microwave. Ate noodles, pasta, drank coffee, tasted Gol...pap....thing. How are you feeling after a long sleep? feeling fresh?"]

''હેય નામિટે...'' [''Hey Nametee...''] પીટરને હવે નિમિત્તની હાજરી વરતાઈ!

''હેય પીટર એમીએ ઘણા ઉપકરણો વાપરતાં શિખવાડ્યુ.'' [''Hey Peter. Amy taught me many equipments.'']

''ગ્રેટ. મને ભૂખ લાગી છે. કૉફીને નાસ્તો બનાવું છું. કોઈને રસ છે?'' [''Great. I am hungry. Making coffee and things. Anybody interested.'']

પીટરે કિચનમાં જતાં પૂછ્યું.

''ના, પીટર તું પણ ગોળપાપડી ચાખ ને!'' [''No thanks. Why don't you also taste my Gol Papdi.'']

''ચોક્કસ. કૉફી પછી.'' [''Sure. After Coffee.'']

પીટર અને નિમિત્ત ઇન્સ્ટિટ્યૂટમાં સાથે જ કામ કરતા હતા. બાજુ બાજુમાં જ કૅબિન હતી, પરંતુ બંને મિત્ર ન હતા. કામ પૂરતી કામની વાતો કરતા. આજે એમીને કારણે પહેલી વાર 'social talk' કરી રહ્યા હતા.

પીટરે કૉફીનો મોટો મગ ભર્યો. બે-ત્રણ ટોસ્ટ બનાવ્યા. નિમિત્તે એમી અને પીટરને પોતાના રૂમમાં બોલાવ્યાં. ત્રણેય ગોળ ટેબલ પાસે ખુરશીમાં બેઠાં.

''તો તને આ ઉપકરણો વાપરતાં ન્હોતું આવડતું? ભારતમાં આવાં ઉપકરણો નથી'' ["So! You did not know how to use these equipments? You don't have it in India?"] પીટરને નવાઈ લાગી.

''ભારતમાં આ બધાં ઉપકરણો આવી ગયા છે, પરંતુ મેં વાપર્યાં નથી એટલે મને આવડતાં નથી.'' [''They are available in India but, I don't know. I have never used it."] નિમિત્તે નિખાલસપણે જણાવી દીધું.

"I see." પીટરે કૉફીનો ઘૂંટડો ભરતાં કહ્યું.

''એમીએ આજે મને શિખવાડી દીધું છે એટલે હવે હું વાપરી શકીશ. આમ તો સરળ છે.'' ["But Amy taught me. Its simple. I will be able to use it now."]

''હજી કંઈ શીખવાનું બાકી છે, પ્રિય વિદ્યાર્થી?'' ["Still anything left to be learned dear student."] એમી હસતાં હસતાં આંખ પટપટાવતાં બોલી.

''જી. ટીચર. હજી એક વસ્તુ બાકી છે.'' ["Yes Teacher! One more thing to be learned."] નિમિત્તે પણ હસતાં કહ્યું.

''કઈ?'' ["What?"]

''બહાર પડેલી સાઇકલ. મને એ ચલાવતાં પણ શીખવું છે.'' ["The bicycle outside. I want to learn

to use it too."]

"તને સાઇકલ ચલાવતાં નથી આવડતું. તેમાં તો પહેલા બેલેન્સ જાળવતાં શીખવું પડે!" ["You don't know how to ride a bicycle? you need be learn Balancing."] પીટરે હાથ પહોળા કરતાં કહ્યું.

"મને સાઇકલ ચલાવતાં તો આવડે છે અને બેલેન્સ કરતાં પણ આવડે છે. બાળપણમાં શાળાએ પણ સાઇકલ ઉપર જ જતો." ["I can ride bicycle. I know the balancing of the bicycle. I fact during my childhood. I used to go to school on a bicycle."

"તો પછી?" ["Then?"]

"મેં હંમેશાં સાદી સાઇકલ જ ચલાવી છે જ્યારે અહીંની તો ગીઅરવાળી છે." ["Here they are geared ones. I have always used the simple one."]

"ઓહો. તે તો સહેલું છે. હવે સમજાયું કે તું બધે ચાલીને કેમ જાય છે. મને એમ કે તને ચાલવાનું ગમે છે!" ["Oh! Then it's easy. So that's the reason you walk. I thought you preferred walking."]

"મને ચાલવાનું પણ ગમે છે. સાઇકલ ચલાવવાની પણ મજા છે. તને ફાવે ત્યારે મને શીખવાડજે." ["I love walking. But I love cycling too. Will learn whenever you like."]

"ચોક્કસ આજે જ. નાસ્તો કરીને ફ્રેશ થઈને શીખવાડું" ["Sure. Today. After breakfast, let me get fresh.] નાસ્તો કરીને પીટર અને એમી જવા માટે ઊભાં થયાં.

"તને એકાદ કલાક પછી બોલાવું." [''will call you in an hour or so."]

"સરસ. બપોર પછી ગાર્ચિંગ વિલેજ જઈને જરૂરી વસ્તુઓ લઈ આવું. અને સાંજે મજાનું ડિનર બનાવું." ["Fine. I am planning to go Garching village today afternoon. Will bring supplies and cook my dinner tonight."] નિમિત્ત ખુશ થતાં કહ્યું.

"મળીએ." ["See ya then."]

"મળીએ." ["See ya."]

એમી અને પીટર ગયાં. નિમિત્તે ટેબલ સાફ કર્યું. બચેલી ગોળપાપડી ખાધી, મનમાં હસ્યો. એને એમીનો ચહેરો યાદ આવી ગયો.

'ગોલ...પા... whatever...' એણે એમીની નકલ કરતાં કહ્યું.



વામનની આંખે વિરાટનું દર્શન !

પ્રિય આત્મન્,

આજે તારો 'quark' ફરી વિચારે ચઢ્યો. આજે ફરી મારા 'ક્વાર્કવેડા' શરૂ થયા. જેમ જેમ હું ખગોળશાસ્ત્ર વિશે જાણતો જાઉં છું, તેમ તેમ હું વધારે 'કૃષ્ણમય' થતો જાઉં છું. 'કૃષ્ણના મોંમાં બ્રહ્માંડ જોવા માટે યશોદાની આંખો જોઈએ'. આ વાક્ય મારા હૃદયની ખૂબ નજીક છે. હું વિજ્ઞાનચક્ષુની મદદથી બ્રહ્માંડમાં રહેલા કૃષ્ણને ભાળવા ઇચ્છું છું. પરમાણુની દુનિયામાં ઇલેક્ટ્રોનની રાસલીલા ચાલતી રહે છે. સૂર્યની આજુબાજુ ગ્રહો ગરબે ઘૂમે છે! સૂર્ય નિહારિકાઓની આજુબાજુ ઘૂમે છે. બસ કૃષ્ણની રાસલીલાનાં જ દર્શન મને સમગ્ર સૃષ્ટિમાં થાય છે. નરસિંહ મહેતા સમજાવે ત્યારે સમજાય છે.

પવન તું, પાણી તું, ભૂમિ તું,
ભૂધરા વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે!

હમણાં તો હું હાલના મહાન વિજ્ઞાની સ્ટિફન હોકિન્સનો ભક્ત બની ગયો છું. એમનાં બધાં જ પુસ્તકો વાંચી નાખ્યાં. મને તો નવી દૃષ્ટિ મળી. આજે બ્રહ્માંડની ઉત્પત્તિની થિઅરી વાંચતો હતો. મારા મનમાં તો એટલા બધા પ્રશ્નો ઉદ્‌ભવ્યા.

આત્મન્, અમે વિજ્ઞાનીઓ જેનો ઉત્તર શોધીએ છીએ તે પ્રશ્નો તો તને કહું ને? અમારા પ્રશ્નો જાણ્યા વગર તું ઉત્તર કેવી રીતે આપશે? સાંભળઃ

વિજ્ઞાનીઓ એટલું જાણી શક્યા છે કે બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ ત્યારે એક મહાન વિસ્ફોટ (બિગ બૅન્ગ) થયો અને તે ખૂબ જ ગરમ હતો. સમય જતાં એ વિસ્તરતો ગયો અને ઠંડો પણ પડતો ગયો. પરંતુ સ્ટિફન હોકિન્સના કહેવા મુજબ:

1) તે વિસ્ફોટ આટલો ગરમ કેમ હતો?
2) બ્રહ્માંડ બધી જ દિશામાં આટલું એકસરખું કેવી રીતે હોય છે? કૉસ્મિક માઇક્રોવેવ બ્રેકગ્રાઉંડ રેડિયેશનનું ટેમ્પરેચર (CMBR) બધી જ દિશામાંથી માપીએ તો એક સરખું કેમ?
3) વળી બ્રહ્માંડનો વિસ્તરવાનો દર આટલો વિશિષ્ટ કેમ? કેટલો વિશિષ્ટ! આ બ્રહ્માંડનો વિસ્તરવાનો દર હજી વિસ્ફોટ પછી દસ હજાર મિલિયન (દસ લાખ) વર્ષો પછી પણ આટલો જ શી રીતે? વળી જો વિસ્ફોટની એક સેકન્ડ પછી આ વિસ્તરવાનો દર જો એક સેકન્ડના સો હજાર મિલિયનમાં ભાગ જેટલો પણ ઓછો હોત તો આજનું બ્રહ્માંડ ફરી પાછું સંકોચાઈ ગયું હોત! વળી જો એ સેકન્ડના એટલા દરથી જરા જેટલું પણ વધુ હોત તો એટલું વિસ્તરતું ગયું હોત કે લગભગ ખાલીખમ હોત. આટલો વિશિષ્ટ દર શા માટે? આ પાછળનો હેતુ શું? શું આવો અતિ વિશિષ્ટ દર રાખવા પાછળ કોઈ મહાસત્તાનો હાથ છે? શું એટલો વિશિષ્ટ દર ફક્ત એક સુયોગ છે? આમ કરવા પાછળ કોઈ પ્રયોજન છે? પ્રયોજન હોય તો પ્રયોજનકાર છે? ધર્મ અને અધ્યાત્મ કહે છે તેમ કોઈ સર્જનહાર કે પરમ સત્તા (સત્‌+તા) છે? ધર્મ કહે છે તેમ સૃષ્ટિના સર્જન માટે તથાકથિત ભગવાન જવાબદાર છે?
4) બ્રહ્માંડ આટલું શિસ્તબદ્ધ અને એકસરખું હોવા છતાં વચ્ચે વળી તારામંડળો અને તારાઓનાં ઝૂમખાંઓ પણ છે. આ તારાઓ અને તારામંડળો બ્રહ્માંડના જુદાં જુદાં ક્ષેત્રોની ઘનતાના તફાવતને કારણે અસ્તિત્વમાં આવ્યાં છે એ તો સમજી શકાય છે. તો પછી આ ઘનતાના તફાવતનું કારણ શું?

વિજ્ઞાનદેવ, અધ્યાત્મદેવ અને મારા કૃષ્ણજી મને સમજાવો કે આ બ્રહ્માંડના ઉત્પત્તિની વિશિષ્ટ સ્થિતિઓ,

જે આટલી બધી ચોક્કસ છે અને એ જો ન હોત, તો અમારું અસ્તિત્વ જ ન હોત ને! તો આ બધાની પાછળ વિશિષ્ટ કારણ છે? શું આજ તમારી કરુણા છે? શું આજ તમારું 'એકો'હમ્ બહુસ્યામ' છે?

આત્મન્, મેં જ્યારે ભૌતિકશાસ્ત્રમાં વપરાતી વિભાવના 'singularity' વિષે વાંચ્યું ત્યારથી આપણા ઉપનિષદનો શબ્દ 'એકો'હમ્'નો જપ કરું છું. આ શબ્દ સદીઓ પહેલા આપણા ઋષિઓને મળ્યો ક્યાંથી?

કઠોપનિષદમાં 'મહતોમહિયાન' અને 'અણોરઅણિયાન' શબ્દો આવ્યા કેવી રીતે? શું ક્વૉન્ટમ થિઅરી વિશ્વના અણોરઅણિયાનનું સંશોધન કરે છે? ક્વાર્ક, બોર્સન, મેસન, એ બધા સૂક્ષ્મતમ ફન્ડામેન્ટલ પદાર્થકણ, એટલે અણોરઅણિયાન અને અંતરિક્ષ, તારામંડલ, મિલ્કી વે એટલે મહતોમહિયાન.

જો યશોદાએ કૃષ્ણના મુખમાં બ્રહ્માંડ જોયું તો એનું રહસ્ય શું? એ જ વામનની આંખે વિરાટનું દર્શન! આંખની કીકી નાની, પણ જોઈ શકે આખું આકાશ! કૃષ્ણ એ જ તારી કરુણા અમારા સૌ પર! જો એમ જ હોય તો ઉપનિષદના મંત્રોમાં વિજ્ઞાનની મદદે આવે એવું સત્ય હોઈ શકે? મને તો ચોક્કસ લાગે છે કે અધ્યાત્મ અને વિજ્ઞાન એકબીજાંને મદદ કરીને જ બ્રહ્માંડના સત્યને પામી શકે.

ચાલ, ક્વાર્કિયા! હજી ગાંડાં કાઢમાં!

હવે બસ કરને ભાઈ, આ આત્મન્ પણ તારાથી બોર થઈને સૂઈ ગયો!

લિ. નિમિત્ત



અનુજ પહોંચ્યો જર્મની

લાંબી, ચિંતાજનક અને અનકમ્ફરટેબલ પ્લેન જર્નીના અંતે અનુજ જર્મનીના ઍરપૉર્ટ પર ઊતર્યો. અનુજ પહેલીવાર આવી કોઈ ડેવલપ્ડ કન્ટ્રીમાં આવ્યો હતો. કોઈ જુદી જ દુનિયામાં ઊતર્યો હોય તેવો આભાસ થતો હતો. ભારતના દરેક ખૂણામાંથી આવતા કોલાહલનું સ્થાન શાંતિએ લઈ લીધું હતું. ક્યાંય બૂમો નહીં, ઘાંટાઓ નહીં, બધાંના અવાજને જાણે સાઇલેન્સર લાગી ગયું હતું! તેઓ એકબીજાં સાથે વાતો નહીં પણ ગુફ્તગો કરી રહ્યા હતા. આટલું મોટું ઍરપૉર્ટ. જાણે કે એક નાનકડી દુનિયા! બહાર રનવે પરથી એક પછી એક વિમાનો ઊડી રહ્યાં છે. દર બીજી-ત્રીજી મિનિટે એક વિમાન લૅન્ડ થાય છે. અનેક સ્થળે રાખેલા સ્ક્રીન પર સતત ફ્લાઇટની જાહેરાત થાય છે. આ એક વિરાટ ગોફણ છે અને અહીંથી બધી જ દિશામાં દુનિયામાં દરેક ખૂણામાં વિમાનો ફંગોળાતાં રહે છે.

ઍરપૉર્ટની બધી વિધિઓ પતાવી અનુજ બહાર નીકળ્યો. સારું થયું જૅકેટ બહાર રાખ્યું હતું. ઍરપૉર્ટના હૂંફાળા વાતાવરણમાંથી બહાર નીકળી ખુલ્લી હવાએ તો ધ્રુજાવી દીધો. જૅકેટ પહેર્યું, મફલર પહેર્યું તો પણ અનુજને ઠંડી લાગવા માંડી. Instituteમાંથી કોઈ એને લેવા આવવાનું હતું Mr. John. એ શોધતો હતો ત્યાં જ અનુજને પોતાનું નામ લખેલું બોર્ડ પકડેલી વ્યક્તિ દેખાઈ. અનુજ એમની તરફ ગયો.

''હલો, હું અનુજ, તમે મિ. જ્હોન હશો.'' ["Hello. I am Anuj. You must be Mr. John."]

''હલો મિ. અનુઝી'' [''Hello, Mr. Anuzee?"] મિ. જ્હોને હૅન્ડશેક કરતાં કહ્યું.

''મળીને આનંદ થયો.'' ["Glad to meet you."]

મિ. જ્હોન ઊંચા અને મજબૂત બાંધાના આધેડવયના હૅન્ડસમ જર્મન હતા. જેમ્સ બોન્ડના પિક્ચરમાં આવે તો ચાલે તેવા હતા. એમના ચહેરા પર અનુભવની રેખાઓ અંકિત થયેલી હતી. માયાળુ વ્યક્તિત્વ લાગી રહ્યું હતું.

''આવવા બદલ આભાર. જઈશું?'' ["Thanks for coming. Shall we?"] મિ. જ્હોને ગાડી તરફ જવાનો રસ્તો બતાવ્યો.

''ચોક્કસ.'' ["Sure."]

સામાન ગોઠવી ગાડીમાં બેઠા. ગાડીનું હીટર ઓન હતું, હૂંફ મળવાથી અનુજને સારું લાગ્યું. અનુજ જર્મનીને મોટાભાઈ નિમિત્તની નજરે જોવા લાગ્યો. ભાઈ પહેલીવાર આવ્યો તો એને કેવું લાગ્યું હશે? ભાઈએ પણ આ જ બધા દૃશ્યો જોયાં હશે. ભાઈની પણ આંખો પહોળી થઈ હશે ને! ભાઈને લેવા પણ કોઈ આવ્યું હતું ને! અનુજને પત્રો દ્વારા નિમિત્તે વર્ણવેલા ઘણાંબધાં દૃશ્યો યાદ હતાં. નાનપણમાં પાડેલી ટેવોને કારણે હજી પણ તેઓ હાથે લખીને એકબીજાંને પત્રો લખતા. કુટુંબની પરંપરા જ માની લો ને! વર્ષગાંઠ પર ભેટ તો હોય જ પણ સાથે એક મજાના કવરમાં મૂકેલો પત્ર હોય. બાળપણમાં માતા-પિતાએ પરંપરા ચાલુ કરેલી. નાનકડો કાગળ ભેટ સાથે વર્ષગાંઠને દિવસે, પરીક્ષાઓના દિવસે, મહત્ત્વના દિવસોએ હોય હોય ને હોય જ. પછી તો નિમિત્ત અને અનુજ પણ પત્રો લખતા–માતા-પિતાને, મિત્રોને અને એકબીજાને, હજી સુધી પરંપરા જળવાયેલી. જર્મની આવ્યા પછી પણ ઇ-મેઇલ, સ્કાઇપ, વૉટ્સેપ એવા બધા જ social media વચ્ચે પણ એ પત્ર લખવાની પરંપરા ચાલુ જ રહી. સરસ મજાના કવરમાં પત્રો આવી જ જાય. ભાઈ અંશ માટે, અનુજ-ઈશા માટે, મમ્મી-પપ્પા માટે ભેટો મોકલે. સૌ ભેટોની સાથે પોતપોતાનો પત્ર courier બૉક્સમાંથી શોધી લે. વાંચી લે. સૌથી મૂલ્યવાન ભેટ તો એ જ ગણાય! પછી બધા પોતપોતાનું પૅકેટ ખોલે અને નિમિત્તે બધા માટે વિચારીને

ગમતી ભેટો મોકલી જ હોય. અહીં ઇન્ડિયાથી પણ જે કુરિયર જાય તેમાં નિમિત્તે મંગાવેલો નાસ્તો અને ચીજવસ્તુઓ તો હોય જ, પણ સાથે બધાએ લખેલા પત્રોનાં કવર પણ હોય જ. નિમિત્ત પાસે બધાના અને બધા પાસે નિમિત્તના પત્રોની થપ્પીઓ હતી. તમે પત્ર થકી જે લાગણીઓ દર્શાવી શકો, તમારી જાતને વ્યક્ત કરી શકો એ બીજા કોઈ માધ્યમ દ્વારા ન જ કરી શકો. અનુજને એના કુટુંબની પત્ર-પરંપરા પર ખૂબ ગર્વ હતો.

જર્મનીના પહોળા અટપટા રસ્તા. એક સરખી રીતે જતી ગાડીઓ. અનુજ આજુબાજુનાં દશ્યો નિહાળીને થોડો આભો જ બની ગયો.

''તમે સંસ્થા સાથે સંકળાયેલા છો મિ. જ્હોન?'' ["Are you with the institute Mr. John?"] અનુજે જ્હોન સાથે વાતચીત શરૂ કરી.

''હા, હું પણ સંસ્થા સાથે સંકળાયેલો છું. હું ત્યાં ઍડમિનિસ્ટ્રેટિવ હેડ અને કો-ઓરડીનેટર છું. નામિટે મારો ફેવરિટ છે એટલે તને લેવાં હું જાતે આવ્યો છું.'' ["Ahhe, yes. I am the head of the administration, a co-ordinator there, Nametee is my favourite. Good boy. That is why I personally came to receive you."]

''ભાઈ પણ તમારા નામનો ઘણીવાર ઉલ્લેખ કરતો.'' ["He mentioned your name many times."]

''દુઃખદ, દુઃખદ. અમને આંચકો લાગ્યો છે. હું એને માટે પ્રાર્થના કરું છું.'' ["Sad, sad. We are shocked, I pray for him."] મિ. જ્હોનના અવાજમાં લાગણી જણાઈ આવતી હતી.

''આભાર. આપણા સૌની પ્રાર્થનાની એને જરૂર છે. આપણે ક્યાં જઈ રહ્યા છીએ?'' ["Thank you. He needs all our Prayers. Where are we going?"]

''પ્રથમ હોસ્પિટલમાં જઈને ડૉક્ટરને મળીએ. ત્યારબાદ તને નામિટેના ઘરે મૂકી દઉં, બરાબર છે? પરંતુ સૌથી પહેલા તને નાસ્તો કરાવવા લઈ જઉં તને ભૂખ લાગી હશે.'' ["First I take you to the hospital, we meet the doctors, and then I drop you to Nametee's house. Is that o.k? we eat before we go to the hospital. You must be hungry."]

''ખાસ ભૂખ નથી. ડૉક્ટરને મળવું છે. ફરી એક વખત આભાર મિ. જ્હૉન.'' ["I am not hungry. I want to meet the doctors. Thank you Mr. John once again."]

''મારો આભાર માનવાની જરૂર નથી. નામિટે માટે મને પણ લાગણી છે વળી તું અમારો મહેમાન પણ છે.'' ["Don't mention. I love Nametee too. Besides you are our guest."]

ઓટોભાન A-9 પરથી ટર્ન લઈને બંને કોઈ રસ્તે આવતી રેસ્ટોરાંમાં અલ્પાહાર માટે ગયા. અનુજને તો શું ખાવું એ બહુ મોટો પ્રશ્ન થઈ પડ્યો. આલુભાજી, વડાપાંઉ, ઈડલી, ખમણ એવું બધું યાદ આવી ગયું. અહીં તો બર્ગર પણ માંડ મળ્યું. મોટા મોટા બ્રેડની વચ્ચે બેત્રણ ટામેટાં સ્લાઇસ અને લેટસનું પાંદડું મૂકી પધરાવી દીધું. કૉફીના નામે ગરમ પાણી. થોડું અમસ્તું દૂધ અને ખાંડના સેચે. અનુજને થયું આના કરતા તો પ્લેનનું ખાવાનું સારું હતું. જ્હોને તો મસ્ત મોટી ટ્રે ભરીને ખાવાનું લીધું. અનુજ પોતાના વિચારોમાં ખોવાયેલો હતો. જ્હોનનું ધ્યાન ખાવા ઉપર હતું.

જર્મન લોકો શારીરિક રીતે ભારતીયોની સરખામણીમાં કદાવર અને જોરાવર લાગે. ખોરાક પણ સારો. જ્હોનની ટ્રેમાં જે બ્રેકફાસ્ટ હતો તે તો અનુજના આખા દિવસના ખોરાક કરતા પણ વધારે હતો. યુરોપના શિયાળાની વાતો ભાઈ પાસેથી સાંભળી હતી. આજે અનુજ જાતે જ અનુભવી રહ્યો હતો. પેટમાં થોડો ખોરાક અને ગરમાટો ગયો એટલે શરીરમાં શક્તિનો સંચાર થયો. જ્હોનનો બ્રેકફાસ્ટ પત્યો એટલે બંને વળી પાછા કારમાં ગોઠવાઈ ગયા. સીટબેલ્ટ પહેરી ફરી રસ્તે પડ્યા. બધી જ નિશાનીઓ જર્મનભાષામાં, લિપિ રોમન

હતી, એટલે વંચાય ખરું પણ સમજ પડે નહીં. પહેલીવાર આવે અને જર્મનભાષાનું અધકચરું જ્ઞાન પણ ન હોય તેવા લોકોને તકલીફ પડે. સૌ પોતપોતાની કારમાં, રસ્તા સૂમસામ, બહાર નીકળો એટલે ઠંડો, હાડ ઓગળતો પવન. રસ્તા ઉપરની નિશાનીઓને આધારે destination પર પહોંચવાનું. અનુજને ભાઈ યાદ આવ્યો. આ બધી અડચણો વચ્ચે પણ પોતાનું કાર્ય કરતો હતો. ભાઈના ફોન પર કહેલી, પત્રોમાં લખેલા વર્ણનો અનુજને સાચા પડતાં જણાયા.

''આપણે હોસ્પિટલ નજીક પહોંચી રહ્યા છીએ. આપણે લગભગ દસ મિનિટમાં હોસ્પિટલ પહોંચી જઈશું.'' ["We are nearing the hospital. Will reach there in about ten minutes."] મિ. જ્હોન અનુજને માનસિક રીતે તૈયાર કરવાના ઉદ્દેશ્યથી કહ્યું.

"O.K."

અનુજ મનને મક્કમ બનાવી રહ્યો. પોતે ડૉક્ટર હતો પણ અત્યારે એક પેશન્ટનો ભાઈ હતો. અહીંના ડૉક્ટર શું સમાચાર આપશે એની આશંકા હતી. તે દિવસે ઇન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર, મિ. ડેવિડનો ફોન આવ્યો ત્યારે એમણે એટલું જ કહ્યું હતું કે ભાઈ critical છે. અનુજના હૃદયની ધડકન વધવા લાગી. શંકા અને આશંકાઓ એના મનને ઘેરવા લાગી. ભાઈ કઈ સ્થિતિમાં જોવા મળશે. ભાઈને જોઈને, ડૉક્ટરની સાથે વાત કરીને પછી ઘરે 'સ્વજન' પર ફોન કરશે. ત્યાં બધા ચિંતામય સ્થિતિમાં, આતુરતાથી એના ફોનની રાહ જોઈ રહ્યાં હશે. મમ્મી-પપ્પાનો ચિંતામય ચહેરો એની નજર સમક્ષ આવ્યો. ગાડીએ ઓટો ભાન પરથી exit લઈ લીધી.

અનુજને સામે સફેદ રંગનું મોટું બિલ્ડિંગ દેખાયું. Technische Universitat Munchen's (TUM's). TUMના નામથી જાણીતી જર્મનીની સોથી આધુનિક આ હૉસ્પિટલ હતી. અનુજે ઇન્ટરનેટ પર જોઈ લીધું હતું. TUM યુનિવર્સિટી સાથે સંકળાયેલી હોવાના કારણે, અદ્દભુત ટેક્નૉલૉજીથી સજ્જ હતી. જર્મનીની સૌથી સારી ગણાતી હૉસ્પિટલ હતી.

"Here we are."

જ્હોને ગાડી પાર્ક કરી. બંને અંદર હૉસ્પિટલના ફોયરમાં ગયા. અનુજના પગ વજનદાર થઈ ગયા. એક એક ડગલું અઘરું લાગતું હતું. જ્હોને રીસેપ્સશન પર બેઠેલી સ્ત્રી સાથે જર્મન ભાષામાં વાત કરી.

"Guten Tag! Main name ist. Herr John. Er Kommt aus India____." અનુજને બધા શબ્દ તો ન પકડાયા પણ Physik, MPA, Ein Unfall. જેવા શબ્દો સંભળાયા.

"Das tut mir leid [I am sorry about that]." સ્ત્રીએ અનુજ સામે જોતાં કહ્યું.

"Lets go...'' મિ. જ્હોને અનુજને કહ્યું.

અનુજ વાસ્તવિકતાનો સામનો કરવાનો નિર્ધાર કરી જ્હોન સાથે કૉરિડૉરમાં ચાલવા લાગ્યો. ભારતની ઉભરાતી હૉસ્પિટલોની સરખામણીમાં અહીંની હૉસ્પિટલો શાંત અને ચોખ્ખી લાગતી હતી. એલિવેટર લઈને એ લોકો અગિયારમે માળે ગયા. ત્યાંનો કૉરિડૉર એકદમ શાંત હતો. આખા કૉરિડૉરમાં લાઇટ્સ હતી અને કોઈ ચહલપહલ ન હતી. કૉરિડૉરના અંતમાં એક ઑફિસ હતી ત્યાં ગયા. દરવાજે હળવો ટકોરો માર્યો. ત્યાંના ડૉક્ટર રાહ જોતા હતા. જેવા એ લોકો રૂમમાં દાખલ થયા કે તેવા જ તેઓ ઊભા થયા.

''હલો. હું ડૉક્ટર એડવર્ડ છું.'' ["Hello, I am doctor Edward."]

''હલો. હું મિ. જ્હોન અને આ મિ. અનુઝી, ભાઈ ભારતથી આવ્યો છે.'' ["Hello, I am John and This is Anuzee. Brother from India."]

ડૉક્ટર એડવર્ડની ઉંમર આશરે સાઠની લગતી હતી. ચશ્માં પહેરેલાં હતા અને અનુભવી લગતા હતા. એમને અનુજની સામે જોઈ હકારમાં ડોકું હલાવ્યું. અનુજને એમની આંખોમાં સંપૂર્ણ સહાનુભૂતિ દેખાઈ.

માનવીને જોડતી લાગણીઓમાં ભાષા ક્યારેય નડતી નથી. અજાણ્યા પ્રદેશમાં, અજાણ્યા માનવી વચ્ચે પણ લાગણીઓ ખૂબ જ સ્પષ્ટપણે વરતાય છે. ડૉક્ટરે બંનેને બેસવાનો ઇશારો કર્યો અને પોતે પણ ખુરશીમાં બેઠા. જર્મન ઉચ્ચારવાળા અંગ્રેજીમાં કહ્યું;

''અકસ્માત જીવલેણ હતો. કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. બોડીને બહાર કાઢતા પણ તકલીફ પડી હતી. ગાડીની સ્પીડ વધારે હતી એટલે ધક્કો વધારે પડતો હતો. એરબેગ અને સીટબેલ્ટને કારણે રક્ષણ મળ્યું એટલે બચી ગયો પણ હજી હાલત ગંભીર છે. બે-ત્રણ સર્જરી કરી છે. મલ્ટીપલ ફ્રેક્ચર પણ છે.''

["The accident was very fatal. The car was smashed. We had difficulty in getting the body out. The car speed was high and the impact was damaging, the air bag provided the protection and he was saved only due to seat belt and air bag, but still the case is critical. We have performed two-three surgeries. There are multiple fractures too..."]

ડૉ. ઍડવર્ડ થોભ્યા. એમણે અનુજની આંખોમાંથી ઊભરાતું દર્દ જોયું. એ જે 'બોડી'ની વાત કરી રહ્યા હતા તે સામે બેઠેલા અનુજનો ભાઈ હતો. ડૉ. ઍડવર્ડે ઊભા થઈ અનુજને ગ્લાસમાં પાણી આપ્યું. જર્મનના ડૉક્ટરને પણ એટલી ખબર હતી કે અત્યારે પાણીની જરૂર છે. અનુજે પાણી પી લીધું. તેને ખબર નહોતી કે હવે પછીના સમાચાર ડૉક્ટર શું આપશે. ભારતમાં ઍક્સિડન્ટનો ફોન આવ્યા પછી જે આશંકાઓ થયા કરતી હતી, એ હવે એકદમ નજીક આવતી હતી. હવે આશંકાઓનો પ્રદેશ પૂરો અને વાસ્તવિકતાનો પ્રદેશ શરૂ થવાનો હતો. આશંકાઓ હજી આપણી કલ્પનાઓ છે. કલ્પનાઓ ઉપર આપણો કાબૂ હોય છે. વાસ્તવિકતા આપણા કાબૂમાં હોતી નથી. વાસ્તવિકતાઓ આપણા પર દયા ખાતી નથી.

"થેન્ક્યુ ડૉક્ટર. I am fine now.'' અનુજે ડૉક્ટર સામે આભારની લાગણીથી જોયું.

''હું સમજું છું. મેડિકલ ટૅક્નોલૉજીને કારણે અમે એને બચાવી શક્યા છીએ. એની સ્થિતિ હજી કટોકટી ભરી જ છે. અમુક ટ્રીટમેન્ટની અસર સારી થઈ છે પણ હજુ કાંઈ કહી શકાય નહીં. આપણે ફક્ત પ્રયત્ન કરી શકીએ.'' ["I understand. Thanks to the medical technology, we have been able to save him. He is very critical though. He is responding to some treatment but not all. I cannot say at this stage what will happen. We try our best!"] ડૉ. એડવર્ડે અનુજને જણાવ્યું.

''હું પણ એક ડૉક્ટર છું. મેં હમણાં જ એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ કર્યો. અહીં મળતી સારવાર માટે આભાર. શું હું તેના રિપોર્ટ જોઈ શકું?'' ["I am a doctor too. I have just completed my M.B.B.S. I fully appreciate the medical treatment that he is getting. Is it possible to get his reports? I would like to see them."]

''ચોક્કસ. નર્સને કહું તે તને બધા રિપોર્ટની ફાઇલ આપશે. ફાઇલ અહીં જ રાખવી પડશે. આગળની ટ્રીટમેન્ટ નક્કી કરવા માટે જોઈશે.'' ["Oh sure! I will call the nurse and she will give you. You can study them here only. We will need them for deciding further treatment."]

''હું તેને મળી શકુ?'' ["Can, I visit him?"]

''ચોક્કસ. હાલમાં તે બેભાનાવસ્થામાં છે. ઇન્ફેક્શનના ભયને કારણે રૂમમાં પ્રવેશ તો નહીં થઈ શકે પણ કાચમાંથી જોઈ શકશે.'' ["Sure. He is Unconscious. The entry to the room is restricted due to the problem of infection, as you know. But you can see him from across the glass."]

''હું સમજી શકું છું.'' ["I understand doctor."]

''જઈએ.'' ["Let's go."]

ડૉ. એડવર્ડ, જ્હોન અને અનુજ ઊભા થયા. અનુજે બધી હિંમત એકઠી કરીને વાસ્તવિકતાનો સામનો

કરવાનું નક્કી કર્યું. બહાર કૉરિડૉરમાં આવીને પછી તેને બીજા કૉરિડૉરમાં લઈ જઈને ત્યાં અંદર એક રૂમમાં લઈ ગયા. પ્રકાશ એકદમ ઓછો હતો. શાંતિ તો એટલી હતી કે શ્વાસનો અવાજ પણ સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો. અનુજનો શ્વાસ જોરથી ચાલી રહ્યો હતો.

"There" ડૉક્ટર એડવર્ડે કાચના પાર્ટિશનની પેલે પાર આંખથી ઇશારો કર્યો. અનુજે એ તરફ દૃષ્ટિ વાળી.

'ભાઈ!' અનુજથી મનમાં બોલાઈ ગયું. સામે ભાઈ હતો જ નહીં. સફેદ પાટામાં વીંટાળાયેલું એક શરીર હતું. ફક્ત હથેળીનો અને ચહેરાનો થોડો ભાગ ખુલ્લો હતો. પલંગની આજુબાજુ જાત જાતનાં મશીનો હતાં. નાક પર ઑક્સિજનનો માસ્ક હતો. મશીનો ગ્રાફ્સ બતાવી રહ્યાં હતાં. રૂમમાં એકદમ ઝીણો પ્રકાશ હતો. ભાઈની આંખો બંધ હતી, સૂતો હોય તેવું લાગતું હતું. ચહેરા પર કોઈ દર્દ ન હતું. ચહેરો એકદમ શાંત અને સ્વસ્થ લાગતો હતો. મશીનોને હવાલે કરેલું અને મશીનો વડે જીવતું એક શરીર પડ્યું હતું. અનુજથી વધારે જોવાયું નહીં. ડૉ. એડવર્ડ અને જ્હોન તો ક્યારના બહાર નીકળી ગયા હતા. અનુજની આંખમાં આંસુ આવ્યાં તો ખરાં પણ એણે બહાર નીકળવા નહીં દીધાં.

'ભાઈ જોઈ જાય તો!'

"ભાઈ! હું આવી ગયો છું, ડૉક્ટર પણ બની ગયો છું. હવે તમને સારા કરીને લઈને જ જઈશ." એણે ભાઈને મનમાં ને મનમાં વચન આપ્યું. ખાટલામાં પડેલું શરીર શું પ્રતિભાવ આપે? અનુજ પણ ત્યાંથી બહાર નીકળી કૉરિડૉરમાં આવી ગયો. ફરી તેઓ ડૉ. એડવર્ડની ઑફિસમાં ખુરશીમાં બેઠા.

"Doctor now what?" અનુજમાં પરિસ્થિતિને બરાબર સમજવાની ઇચ્છા જાગી. એની અંદરનો ડૉક્ટર હવે જાગ્રત થયો. ભાઈ ખાતર પણ એણે પરિસ્થિતિનો સામનો કરવો જ પડશે.

''અત્યારે કશું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.'' ["We are not sure. It is too early to predict anything."]

''અગત્યના અવયવો કિડની, હાર્ટ, મગજ?'' ["What about the vital organs? kidney, heart, brain?"]

''અગત્યના અવયવો બરાબર છે. મગજનો એક ભાગ ડૅમેજ છે અને બીજો ભાગ આલ્ફા એક્ટિવીટી બતાવે છે, જે નવાઈ પમાડે છે. મગજની બધી જ એક્ટિવિટીનું રેકૉર્ડિંગ થઈ રહ્યું છે. તું ડૉક્ટર છે એટલે તને બતાવી શકાશે પણ આ તબક્કે કશું પણ કહેવું મુશ્કેલ છે. હાલમાં જીવે છે પણ ગમે તે ઘડીએ મૃત્યુ પામી શકે છે. રાહ જોવા સિવાય આપણી પાસે કોઈ બીજો ઉપાય નથી.'' ["The vital organs are all functioning. Some parts of the brain are damaged, but some parts of the brain are showing alpha activity which is strange. We are recording all these activities, as you are a doctor we may make it accessible. At the moment I can say this. He is not dead and he is alive. He may go on either side at any point of time. Wait and watch is the only choice."]

ડૉ. એડવર્ડ કોઈ ઠાલાં આશ્વાસન આપવા માગતા ન હતા. એક ડૉક્ટર તરીકે એમની ફરજ હતી કે તેઓ સાચી હકીકત જ કહે. અનુજ વાસ્તવિકતા સમજી રહ્યો હતો.

''હું સમજી શકું છું ડૉક્ટર.'' ["I understand doctor."]

''ચિંતા નહીં કર ડૉ. અનુઝી. અમારા માટે પણ તારો ભાઈ અગત્યનો છે. અમે તેની કાળજી લઈએ છીએ. સર્વશ્રેષ્ઠ સારવાર તેને અપાઈ રહી છે. મારા ઉપર ગર્વમેન્ટ, ઔદ્યોગિક જગતના, રાજકીય અને બીજા અગત્યના લોકોના ફોન આવી રહ્યા છે. અમે અમારો બનતો પ્રયત્ન કરી રહ્યા છે.'' ["Don't worry Dr. Anuzee. Your brother is in best hands. He is as important to us as he is to

you. I assure you of all our best. I have received important calls from many people from government, from the director of the Institute, Industries, political leaders, other Scientist and many colleagues. We do our best.”]

ડૉક્ટર એમની સીટ ઉપરથી ઊભા થયા. જ્હોન અને અનુજ બંને પણ ઊભા થયા. અનુજે હાથ મિલાવ્યા. ફરી આભાર વ્યક્ત કરી રૂમમાંથી બહાર નીકળ્યા. હૉસ્પિટલમાંથી બહાર નીકળી, ગાડીમાં બેઠા અને ફરી ઓટોભાન ઉપર આવી ગયા.

‘‘ચિંતા નહીં કર. જ્યારે ડૉક્ટર એડવર્ડે કહ્યું કે અગત્યના લોકોના ફોન આવી રહ્યા છે ત્યારે તેઓ સાચું જ કહી રહ્યા હતા. આ અકસ્માતે વિજ્ઞાની જગતમાં શોક જન્માવ્યો છે. અકસ્માતના દિવસે મહત્ત્વની કૉન્ફરન્સ હતી. ઇન્સ્ટિટ્યૂટના બધા જ પ્રેઝન્ટેશન સાંભળવા આતુર હતા. ઘણા અગત્યના લોકો પણ ત્યાં જ હતા એટલે સૌને ખબર પડી હતી. ત્યારથી બધા ચિંતિત છે.’’ [“Don’t worry, Anuzee, Dr. Edward was right when he said that he received phone call from all important people. This accident has created a ripple of shock in the scientific circle. There was an important conference on the evening of the accident. Everyone at the Institute was eagar to hear the presentation. Many important people were present there when the news of the accident came. Since then everybody is worried and inquiring.”]

‘‘હા. કૉન્ફરન્સમાં જતા પહેલાં ભાઈએ ઘરે પપ્પાને ફોન કર્યો હતો. કૉન્ફરન્સ પતે પછી ફરી ફોન કરવાનો હતો પરંતુ...’’ [“Yes! bhai had called us before leaving for that conference. He talked to my father and said he would call again after he returned from the conference, but ....”]

અનુજ તે દિવસે કામમાં હતો એટલે વાત નહોતો કરી શક્યો એનો એને ખૂબ અફસોસ હતો.

‘‘અહીં રિંગબર્ગ કેસલમાં થતી કૉન્ફરન્સ વિજ્ઞાન જગતમાં પ્રતિષ્ઠિત છે. આ કેસલ અમને ભેટમાં મળેલ છે. અહીંની દર ત્રણ મહિને થતી કોન્ફરન્સ વિજ્ઞાનીઓને મળવાનું, શોધ જાહેર કરવાનું, તે અંગે ચર્ચા-વિચારણા કરવાનું અગત્યનું સ્થળ છે. જે વિજ્ઞાનીઓને પોતાની શોધ અંગે ટિપ્પણી જોઈતી હોય તે સૌ પ્રેઝન્ટેશન માટે રિક્વેસ્ટ કરે છે અને અગાઉથી જાહેરાત અને નક્કી કર્યા મુજબ પ્રેઝન્ટેશન કરે છે. અગત્યના લોકો આ કોન્ફરન્સમાં આવતા હોય છે.’’ [“That conference is a prestigious one. It is held in Ringberg castle which is donated to us. It has been a tradition of the institute to have such conference every three months. Whoever has made some progress in their field of research and wants to discuss in open or to receive feedback and comment are welcome to submit their request for such presentation. They are of course predecided and pre-announced. It is attened by important people.”]

‘‘એમ જ હશે. ભાઈ કૉન્ફરન્સને લઈને ઉત્સાહિત અને ઉત્તેજિત હતો એ અમને ખબર હતી. કેટલાય દિવસોથી એ મહેનત કરી રહ્યો હતો.’’

“I am sure. Bhai seemed very exited about it. He was preparing for it since days.”

‘‘તેણે એનો વિષય જાહેર ન્હોતો કર્યો પણ ઘણા લોકોમાં તે અંગે ઉત્સુકતા હતી.’’ [“He did not disclose the exact topic of the presentation but it had generated a very high expectation among many people.”]

અનુજને લાંબી જર્ની, ટાઇમનો બદલાવ અને ચિંતાને કારણે થાક લાગ્યો હતો. હવે તેનું શરીર કળતું હતું.

વિચાર કરવાની ક્ષમતા ઓછી થઈ લાગતી હતી. જ્હોનની વાતો પર ધ્યાન ઓછું હતું. જ્હોનને ખ્યાલ આવી ગયો.

"તને આરામની જરૂર છે. તારા ભાઈને ઘરે તને મૂકી દઉં. પરમ દિવસે તને ઇન્સ્ટિટ્યૂટમાં જવા માટે લેવા આવીશ. ત્યાંના ડિરેક્ટરે અને અન્ય સાથીદારોએ તને મળીને શુભેચ્છા સંદેશાઓ આપવા છે એટલે નાનકડી મિટિંગ ગોઠવી છે. આ ઘરની ચાવી અને મોબાઇલનો કાર્ડ. બીજી કોઈપણ વસ્તુની જરૂર હોય તો તરત જ જણાવજે." ["I will drop you at your brother's house. You need some sleep. I will come to take you to the institute day after tomorrow. The director has kept a small gathering. Everybody wants to give 'get well soon' wishes personally to you. Here is your card for mobile and keys of his house let me know if you need anything."]

"તમારી મદદ માટે ઘણો આભાર. મિ. જ્હોન. તમે ઘણી તકલીફ લીધી. મને લાગે છે કે મને થોડાક આરામની જરૂર છે." ["Thank you so much for taking the trouble Mr. John. I highly appreciate it. I think I need some rest."]

થોડી જ વારમાં ફરી ઓટોભાન પરથી exit લઈ, ટર્ન મારી, થોડા વધારે ટર્ન મારીને બંને એક રેસિડેન્શિયલ એરિયામાં આવ્યા. બધાં એક સરખાં ઘર દેખાતાં હતાં. અંધારું થવા માંડ્યું હતું. અહીંના ટાઇમ મુજબ હજી તો સાંજના ત્રણ વાગ્યા હતા. પરંતુ અંધારું જોઈને તો રાત પડવાની તૈયારી લાગે. જ્હોને ગાડી સાઇડમાં લઈને પાર્ક કરી.

"આપણે આવી પહોંચ્યા." ["There we are."] જ્હોને ઘર બતાવ્યું. અનુજ સીટબેલ્ટ છોડીને, દરવાજો ખોલીને નીચે ઊતર્યો. ગાડીમાંથી સામાન કાઢ્યો. ઘરના entrance પાસે ગયો. દરવાજો ખોલ્યો. જ્હોન પાછળ જ ઊભો હતો.

"મિ. જ્હોન તમારો ઘણો આભાર." ["Thanks for everything Mr. John."]

"તને મદદ કરવાનો મને આનંદ છે. તું ઓ.કે. છે? કોઈ મદદ?" ["My Pleasure. Will you be O.K.? Need help?"] મિ. જ્હોન અનુજને પૂરી સહાનુભૂતિ બતાવી રહ્યા હતા.

"મને આ ઘર ખબર છે. ભાઈ આ ઘરના ફોટા અને વિડીયો મોકલતો એટલે ઘર જાણીતું છે. હું આરામ કરીશ. સોમવારે મળીએ." ["I will be fine. I know this house very well, Bhai had sent many videos of the house. I think I'll just drop and sleep. see you on Monday."]

"સોમવારે તૈયાર થાય એટલે ફોન કરજે. લેવા માટે કોઈને મોકલીશ. બરાબર આરામ કરજે." ["Give me a call on Monday, once you are ready, I will arrange for the transportation to the institute, Rest well."]

જ્હોને ગાડી સ્ટાર્ટ કરી, ટર્ન લીધો અને ગયા. અનુજે આજુબાજુ નજર કરી. બધાં ઘર બંધ, રસ્તા સૂમસામ, પાર્ક કરેલી ગાડીઓની હારમાળા. બરોડાની જીવતી સોસાયટી યાદ આવી ગઈ. બરોડાનું ઘર હોત તો અડધી સોસાયટી ઘરમાં જ હોત. ઘરમાં જઈ પહેલો ફોન કરવાનું વિચારી અનુજ ઘરમાં દાખલ થયો. દરવાજો બંધ કરી ફોન પાસે ગયો. ઘર ખરેખર જાણીતું લાગતું હતું. અનુજ ફોન પાસે ગયો. બરોડાના ઘરે ફોન કર્યો. એક જ રિંગમાં પપ્પાએ ફોન ઉપાડી લીધો. ત્યાં બધા ફોનની રાહ જોતાં જ બેઠાં હતાં.

"અનુજ પહોંચી ગયો, બેટા?" હજી અનુજ બોલે એ પહેલાં જ પપ્પાનો અવાજ સંભળાઈ ગયો.

"હા, પપ્પા. બરાબર પહોંચી ગયો. ઘરે હમણાં જ પહોંચ્યો."

પપ્પાને પૂછતાં ડર લાગી રહ્યો હતો. અનુજ પપ્પાને ઓછામાં ઓછી ચિંતા થાય એ રીતે ભાઈના સમાચાર આપવા માગતો હતો. ફોન ઉપર એકાદ મિનિટની ચૂપકીદી છવાઈ ગઈ. અનુજે હિંમત એકઠી કરી.

નિમિત્તનો રૂમ અને સફેદ પાટામાં લપટાયેલું શરીર નજર સામે આવ્યું.

"પપ્પા, ઍરપૉર્ટ પરથી સીધો હૉસ્પિટલ ગયો હતો. ભાઈને જોયા. પપ્પા, ડૉક્ટરને પણ મળ્યો. પપ્પા....પપ્પા....'' કહેતા અનુજ રડી પડ્યો. ફોન મૂકી દીધો. ત્યાં જ ઊભો ઊભો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. પાછળ પાણીનો ગ્લાસ ધરનાર કોઈ ન હતું. ખભો પસવારીને શાંત કરનાર પણ કોઈ ન હતું. થોડી વારે ઊભરો ઠાલવીને શાંત થઈ ગયો. રસોડામાં જઈને િ◌ંકના નળમાંથી પાણી પીધું. જાતે જ પોતાને સાંત્વન આપ્યું.

'અનુજ તારે હિંમત હારવાની નથી. અહીંયા પણ નહીં અને 'સ્વજન'માં પણ નહીં. કુટુંબને માથે આવેલો કપરો કાળ તારે પસાર કરવાનો છે. સૌની કાળજી લેવાની છે. હિંમત અનુજ. હિંમત ધરજે. તારા મોટાભાઈએ તને જે તાલીમ આપી છે તેની આ પરીક્ષા છે. જિંદગીની સૌથી મોટી પરીક્ષા છે. તું તે હારી જશે, તો તારો મોટાભાઈ પણ હારી જશે. અનુજ હિંમત, અનુજ તાલીમ.'

નિમિત્ત દરેક પરીક્ષા વખતે અનુજને પરીક્ષા માટે તૈયાર કરતો. અનુજનો પરીક્ષાનો ડર નિમિત્ત બરાબર સમજતો હતો અને તેને પરીક્ષાના જંગ માટે તૈયાર કરતો. અનુજ ભાઈના શબ્દો 'અનુજ હિંમત, અનુજ તાલીમ' યાદ કરતો અને પરીક્ષાનું રિઝલ્ટ સૌ પહેલાં ભાઈને જ કહેતો. મમ્મી-પપ્પાને પણ નહીં.

સ્વસ્થ થઈ અનુજે ફરી 'સ્વજન' પર ફોન કર્યો. એને ખાતરી હતી કે ત્યાં પણ મમ્મી-પપ્પા, ઈશા અને બધાંને જોઈને અંશનો રડવાનો રાઉન્ડ પતી ગયો હશે.

"હલો, પાણી પી લીધું પપ્પા? મેં પણ પીધું. હવે સ્વસ્થ છું. હવે તમે સાંભળો હું હૉસ્પિટલ..."

અનુજે પપ્પાને બને તેટલી સાચી વાત કરી. ભાઈ કઈ હાલતમાં હતો એનું વર્ણન કરવાનું ટાળ્યું. હજુ ક્રિટિકલ છે એમ જ કહ્યું. ખોટી આશાઓ આપીને ફરી આંચકાઓ આપવાનું એને યોગ્ય ન જ લાગ્યું. ફોન મૂક્યો કે જાણે આજુબાજુની એકલતા એને ઘેરી વળી. ફરી જોરજોરથી પોક મૂકીને એ રડ્યો. સ્વસ્થ થયો. નાહીને કપડાં બદલી ડ્રોઈંગરૂમની લાઈટ્સ ઑફ કરી અંધારામાં સૂતો. બહાર વધારે અંધારું હતું કે હૃદયમાં..... તે કહેવાનું મુશ્કેલ હતું.



ઘરની બહાર એક ગાડીમાં ચહલપહલ થઈ. બે જણા ગાડીમાં બેઠા હતા. તે દિવસે ઊભેલ હતી એ જ ગ્રે કલરની ગાડી હતી. એ જ બે જણા બેઠા હતા. ડ્રાઇવરની બાજુમાં બેઠેલા માણસે મોબાઇલ પર ફોન લગાવ્યો. ફોન પર વાતચીત કરી અને ડ્રાઇવરને ઇશારો કર્યો. ડ્રાઇવરે ગાડી સ્ટાર્ટ કરી અને ગાડી રસ્તા પર ચાલવા લાગી.



ગોલ્ડીલૉક ઝોન

પ્રિય આત્મન્,

તેં ગોલ્ડીલોકની વાર્તા સાંભળી છે? નાનપણમાં મમ્મીએ કહેલી. મેં સાંભળેલી એટલે તેં પણ સાંભળેલી જ ને! ગોલ્ડીલોક નામની મઝાની છોકરી એક દિવસ ફરતાં ફરતાં જંગલમાં ખોવાઈ ગઈ. ત્યાં દૂર એક નાનકડું ઘર જોયું. ઘરમાં જઈને જુએ તો ઘર તો ખાલી. ચાલીને થાકી ગયેલી એટલે એને થયું કે ખુરશીમાં બેસીને થોડો આરામ કરું. ઘરમાં ત્રણ ખુરશી. એક ખુરશીમાં બેઠી તો મોટી મોટી અને કડક કડક. એને તો બિલકુલ ન ફાવી. બીજી મધ્યમ કદની ખુરશીમાં બેઠી તો એટલી પોચી, એટલી પોચી કે ગોલ્ડીલોક તો ખુરશીમાં જ પેસી ગઈ. એને તો એ પણ ન ફાવી એટલે ત્યાંથી ઊઠીને ત્રીજી ખુરશીમાં બેઠી. આ ખુરશી બરાબર માપસર! ન તો મોટી, ન તો નાની, ન તો કડક, ન તો પોચી. બરાબર ગોલ્ડીલોકને માફક આવે તેવી!

ગોલ્ડીલોકને તો ભૂખ લાગી. જોયું તો ડાઇનિંગ ટેબલ પર ખાવાની ત્રણ પ્લેટ. એમાં પણ બે ન ફાવી અને ત્રીજી પ્લેટમાં બધું બરાબર! પછી પલંગમાં સૂવા ગઈ. તેમાં પણ બે પલંગ ન ફાવ્યા અને ત્રીજો પલંગ બરાબર ગોલ્ડીલોકને ગમી જાય તેવો!

ટૂંકમાં ગોલ્ડીલોક એટલે એવી છોકરી, જેનાં નખરાં બહુ! એને બધું માપસરનું જ ગમે!

''આત્મન્, તું વિચારતો હશે કે અત્યારે રાતે બે વાગે, આ ક્વાર્કિયો નિમિત્ત, વિજ્ઞાનને છોડીને બાળવાર્તાની વાત કેમ કરતો હશે? પણ સાંભળ હું કાંઈ એટલો બધો પણ પાગલ નથી. મારું ભેજું ઠેકાણે જ છે હોં.''

આજે મેં બ્રહ્માંડમાં, આપણે જે વિશ્વમાં વસીએ છીએ તે કેટલું વિસ્મયભર્યું છે તે જાણ્યું. આપણી પૃથ્વી, પૃથ્વી પર પાંગરતી જીવસૃષ્ટિ એક ચમત્કાર જ છે! આપણે કેટલા ભાગ્યશાળી છીએ તેનો આપણને અંદાજ જ નથી. આટલી સુંદર, અજાયબભરી, વિવિધ જીવસૃષ્ટિ પાંગરી શકે એવી શક્યતાઓ ધરાવતા ક્ષેત્રને 'ગોલ્ડીલોક ક્ષેત્ર' કહેવામાં આવે છે. બ્રહ્માંડમાં જ્યાં ક્યારેક પણ જીવસૃષ્ટિ પાંગરી શકવાની શક્યતા હોય તેવા સાંકડા ક્ષેત્રને વિજ્ઞાનીઓ 'ગોલ્ડીલોક ઝોન' કહે છે. આ લીલા રંગથી દર્શાવવામાં આવતા ક્ષેત્રમાં જે ગ્રહ આવે ત્યાં જ જીવસૃષ્ટિ શક્ય બને છે. આપણા સૂર્યમાળામાં આવતા ગ્રહોમાં ફક્ત પૃથ્વી જ આ ગોલ્ડીલોક ઝોનમાં આવે છે. સૂર્યની નજીકના ગ્રહો ખૂબ ગરમ, દૂરના ગ્રહો ખૂબ ઠંડા પડે એટલે ત્યાં પાણી, પ્રવાહી સ્વરૂપે રહી ન શકે. ફકત પૃથ્વી પર જ પ્રવાહી સ્થિતિમાં પાણી હોવાને કારણે આપણા જેવા બુદ્ધિશાળી જીવ શક્ય બન્યા છે.

અદ્ભુત છે ને આ વાત! આપણે કેટલા ભાગ્યશાળી છીએ! ન્યૂટન તો ચોક્કસ માનતો કે બ્રહ્માંડમાં પૃથ્વી પર જીવ વિકસી શકે તેવો બનાવવા પાછળ ભગવાનનો હાથ છે! ભગવાને જ એવી બધી રીતે સંપૂર્ણ એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે.

હવે આપણે જાણીએ છીએ કે બ્રહ્માંડમાં બીજા પણ એવા ગોલ્ડીલોક ઝોન છે. તેમાં આવેલા ગ્રહોમાં અન્ય જીવસૃષ્ટિ ઉદ્ભવી શકે છે. મારી શોધ વડે હું બ્રહ્માંડમાં આવા ગ્રહો શોધવાનો છું. તેમનો સંપર્ક પણ કરવાનો છું. સમગ્ર બ્રહ્માંડમાં પથરાયેલા ક્ષેત્રને જોડતી કડી તે ગુરુત્વાકર્ષણ, ઇલેક્ટ્રોમેગ્નેટિક ફિલ્ડ અને સબળ અને નિર્બળ ન્યુક્લીઅર બળ. આ ચાર બળોને જોડતી કડી છે. હું એ કડી શોધીને જ રહીશ! મારી શોધ આ ફિલ્ડ થિઅરી ઉપર છે.

આટલા વિશિષ્ટ ગોલ્ડીલોક ઝોનમાં આવેલા મનુષ્યને પ્રબળ જિજ્ઞાસા આપવાનું કામ પણ કોઈ કારણ વગર થોડું થયું હશે! આટલી વિશિષ્ટ સ્થિતિના નિર્માણ કરવા બદલ આભાર માનવા માટે પણ મારે ભગવાનની શોધ કરવી પડશે ને!

આપણું વિશ્વ અને વિશ્વનું સંચાલન કરતા નિયમોમાં સૂક્ષ્મતમ ફેરફાર પણ જીવસૃષ્ટિનો નાશ કરવા માટે સક્ષમ છે. તો આટલી બધી ચોકસાઈ રાખીને નિયમો બનાવવાનું પ્રયોજન શું હોય શકે? આ પાછળ કોઈ મહાન ‘સત્તા’ હોય શકે એવી સંભાવનાનો સ્વીકાર એટલે જ ભગવાનના અસ્તિત્વનો સ્વીકાર! તું શું માને છે પ્રિય આત્મન્.

લિ. નિમિત્ત



રવિવારના લંચ વખતે ફણગો ફૂટ્યો

ઘરમાંથી સરસ સુગંધ આવતી હતી. નિમિત્તે ટેબલ set કર્યું હતું. Plates, quarter plates, fork, spoon, glasses. ટેબલની વચ્ચે મજાની કેન્ડલ પણ સળગાવી હતી. કિચનમાં કાચના બાઉલ્સમાં ભોજન તૈયાર હતું. વેજીટેબલ કરી, પુલાવ, પરાઠા, સલાડ, પાપડ, અથાણું. નિમિત્ત પણ સરસ તૈયાર થયો હતો. બ્લ્યુ જીન્સ અને સફેદ કલરનું પુલઓવર પહેર્યું હતું. ગમે તે ઘડીએ પીટર અને એમી આવતાં જ હશે. આજે રવિવારે લન્ચ માટે એમને આમંત્રિત કર્યાં હતાં. ત્રણેય વચ્ચે દોસ્તી જામી ગઈ હતી. ક્યારેક તેઓ શનિવારે ગાર્ચિંગ વિલેજ સાઇકલ પર જતાં. અહીંના શનિ-રવિ રજાની મજા લેતો એ થઈ ગયો હતો.. અઠવાડિયાના પાંચ દિવસ ખૂબ કામ કરવાનું અને શનિ-રવિવારે ગમતી પ્રવૃત્તિઓ કરીને તાજામાજા થઈ જવાનું. ઇન્સ્ટિટ્યૂટમાં પણ કામ સરસ ચાલી રહ્યું હતું. સંશોધન પ્રોગ્રેસ સારો હતો. ઇન્સ્ટિટ્યૂટમાં કામ કરવાનું વાતાવરણ એટલું સરસ હતું કે નિમિત્તને તો જાણે સ્વર્ગનો અનુભવ હતો. જિંદગીમાં જે મુકામ પર એણે પહોંચવું હતું એ મુકામ પર જવાના રસ્તે એ ઝડપભેર ચાલી રહ્યો હતો. નિમિત્ત અને મંઝિલ વચ્ચેનો રસ્તો સાફ હતો. એને સામે મંઝિલ દેખાઈ રહી હતી. બસ પહોંચવામાં થોડી જ વાર હતી. અહીંની રીતભાતથી પણ એ પરિચિત થઈ ગયો હતો. ઇન્સ્ટિટ્યૂટથી થોડે દૂર એણે નાનકડું ઘર પણ લઈ લીધું હતું. એના ઘણાબધા સહાધ્યાયીઓએ ઍપાર્ટમૅન્ટ લીધું હતું. પીટરે પણ. પરંતુ એ જ ભાડામાં નિમિત્તને ઘર મળી ગયું. નિમિત્ત હંમેશાં ધરતી પાસે ઘરમાં જ રહ્યો હતો એટલે એને ઘર વધારે ગમતું હતું. એની પોતાની રીતે ઘર સજાવી પણ દીધું હતું. ગમતાં પુસ્તકો, ગમતી સંગીતની સીડીઓ. હવે એ જાતે રસોઈ પણ બનાવી શકતો હતો. જિંદગી સરસ થઈ રહી હતી. ઇન્સ્ટિટ્યૂટમાં સરસ વ્યક્તિઓ, વિજ્ઞાનીઓને મળવાનો, સાંભળવાનો લહાવો મળતો હતો. અદ્ભુત દુનિયા હતી. બરોડાની કૉલેજ, પુણેની IUCAAઅને ત્યારબાદ MPA. એક પછી એક પડાવ પાર કરીને નિમિત્ત અહીં સુધી પહોંચી ગયો. ધીરજ, મહેનત અને સૌના આશીર્વાદથી પ્રાપ્ત કરેલી સફળતાનો નિમિત્તને સંતોષ હતો.

ડોરબેલ વાગ્યો. એમી અને પીટર આવી ગયાં હશે. એણે દરવાજો ખોલ્યો:

“Hi Nametee!!!” એમીનો ચિયરફુલ અવાજ સંભળાયો.

“Hi Amy! Hi Peter! Welcome. Come on in.”

“Hey Nametee!” પીટરે કહ્યું. બંને અંદર આવી ગયાં એટલે નિમિત્તે દરવાજો બંધ કરી દીધો.

‘‘વાહ શું ભારતીય મસાલાની સોડમ અદ્ભુત આવે છે! મને તો ભૂખ લાગી ગઈ!’’ [“Wow! amazing smell. All Indian spices and herbs. I feel hungry already.”] એમીએ નિમિત્તના હાથમાં એક કાગળની થેલી આપતા કહ્યું.

‘‘અમારા માટે બિઅર અને તારે માટે ક્રેનબેરી જ્યૂસ.’’ [“Beer for us and cranberry juice for you.”]

‘‘આવો. સુંદર લાગે છે એમી.’’ [“Come. Looking great Amy.”]

એમી, પીટર અને નિમિત્ત હૉલમાં સોફા પર બેઠાં. ગ્લાસ ગોઠવેલા જ હતા. એમીએ પીટર અને પોતાના ગ્લાસમાં બિઅર ભર્યો અને નિમિત્ત માટે જ્યૂસ ભર્યો. સૌ પોત પોતાનો ગ્લાસ લઈને બેઠાં.

"To our work and our friendship." એમીએ ગ્લાસ ઊંચો કરી ટોસ્ટ કર્યું.

"Work and friendship." નિમિત્તે કહ્યું.

"Work and friendship." પીટરે કહ્યું.

નિમિત્તે શિંગદાણા અને ગાંઠિયા કાઢ્યા હતા તે સામે પ્લેટમાં પડ્યા હતા. પીટર અને એમીને બરોડાના શિંગ અને ગાંઠિયા પ્રિય હતાં. રવિવારની સવારે ત્રણેય મિત્રો નિરાંતે વાતો કરતાં કરતાં સમય પસાર કરી રહ્યાં હતાં.

''તમે રોજબરોજ રસોઈમાં પણ આટલા મસાલા વાપરો?'' [''You use these spices everyday?"] એમીને હંમેશાં ભારતીય કલ્ચરમાં ખૂબ રસ પડે. એને તો રસોઈ પણ શીખવી હતી પણ નિમિત્તે એને ભારતીય ખાવાનું બનવાતાં શીખવાડવાનું મહાન કાર્ય હાથ પર લીધું ન હતું.

''અમે થોડા મસાલાઓ રોજ વાપરીએ પણ બધા જ નહીં.'' ["We usually use some spices everyday, but not all."]

''એટલે તો તમારું ખાણું મસાલેદાર હોય છે. મને ભારતીય ખાણું પસંદ છે પણ રોજ ખાઈ ન શકાય.'' ["Then your food must be so spicy. I love your Indian food but I cannot eat it everyday."] આંખો અને હાથના હલનચલન કરતા એમીએ હંમેશની અદામાં કહ્યું.

''હા મને પણ ભારતીય ભોજન પસંદ છે, પણ બીજે દિવસે સવારે ઓ...હ...'' ["Yaah. I love Indian food but the next morning ohhhoh..."]

પીટરે હસતાં હસતાં કહ્યું. ત્રણેય જણાં ખડખડાટ હસી પડ્યાં.

''સમજી શકું છું. અમે તો નાનપણથી મસાલાવાળુ ખાવાનું ખાઈએ છીએ તો પણ અમારાથી વધારે મસાલેદાર ખાવાવાળા પણ છે. એટલું મસાલેદાર તો હું પણ નહીં ખાઈ શકું.'' ["I know, we are used to eating such food since childhood, so it is not a problem for us. You know there are people in India who eat more spicy food than us. Even I can't eat that food."]

નિમિત્તે એકવાર રાજસ્થાનમાં ખાધેલું તેનું વર્ણન કર્યું. ત્રણેય જણ હસતાં હસતાં વાતો કરી રહ્યાં હતાં. થોડીવારે ભોજનના ટેબલ પર બેઠાં. નિમિત્તે માઇક્રોવેવમાં ગરમ કરીને ભોજન ટેબલ પર મૂક્યું. ટેબલ પર ત્રણેય જણાં ગોઠવાયાં.

''વાહ. સ્વાદિષ્ટ. નામિટે તું સરસ રસોઈ બનાવે છે. તેં ખૂબ મહેનત કરી છે.'' ["Absolutely delicious food Nametee. You are an amazing cook. You have taken so much trouble to make such delicious food."]

એમી વખાણ કરવામાં પાછી પડે તેમ ન હતી. પીટર પણ ડોકું હલાવતો હતો, પરંતુ એ ખાવા ઉપર જ વધારે ધ્યાન આપતો હતો.

''સુપર્બ છે. હું બધું જ ખાવાનું ખાઈ જઉં તો કહેતા નહીં. મારાથી રોકાવાનું જ નથી.'' ["Simply superb. I just love it. Don't tell me if I finish everything. I just can't stop eating."] પીટરે ખાતાં ખાતાં કહ્યું.

દરેક વખતે નિમિત્તને એ બંનેને જમાડવાની ખૂબ મજા આવતી. 'સ્વજન'માં મમ્મીના હાથનું ભોજન કરતી વખતે મમ્મીના ચહેરા પર જે સંતોષ જોવા મળતો તેનું રહસ્ય હવે સમજાયું. તમે કોઈને માટે રસોઈ બનાવો અને સામેવાળી વ્યક્તિ એ પ્રેમથી જમે ત્યારે જાણે બનાવનારને ઓડકાર આવે! મમ્મીની સરખામણીમાં તો આ સ્વાદ કાંઈ નથી તો પણ એમી અને પીટર એટલાં પ્રેમથી જમી રહ્યાં હતાં. જમીને સૌએ મળીને ટેબલ સાફ કરી નાખ્યું. dishwasherમાં ડીશ ગોઠવી દીધી. સૌએ જાણે પોતપોતાનું કામ કરી લીધું.

પછી કૉફીના મગ લઈને ત્રણેય જણાં પાછાં સોફા પર ગોઠવાઈ ગયાં.

“મજા આવી ગઈ. હવે આવતા રવિવાર સુધી જમાશે નહીં.” [“Oh! That was wonderful. I don’t think I will eat till next Sunday!”] એમીએ પેટ પર હાથ ફેરવતા ફેરવતા જાહેર કરી દીધું.

“એમી આવતા મહિના સુધી નહીં ખાતી ને! તું પણ છે ને...” [“Why not till next month. Amy, you can exaggerate, hum”] પીટરે એમીની મજાક ઉડાવી.

“અરે સાંભળો. મારી ઇન્સ્ટિટ્યૂટમાં આવતા અઠવાડિયે પ્રવચન સાંભળવા આવવું છે?” [“Hey guys would you like to attend a lecture at my institute next week?”] એમીએ પીટરની વાતને ઇગ્નોર કરતા કહ્યું.

“જીવવિજ્ઞાન પર? હું તો નથી આવવાનો?” [“Biology?! I don’t think so.”] પીટરે પહેલા જ હાથ ઊંચા કરી દીધા.

“તું કેમ કહી રહી છે એમી?” [“Why are you asking Amy.”] નિમિત્તને એમી પર વિશ્વાસ હતો. કોઈ કારણ હશે કે એમી suggest કરતી હશે.

“જાણું છું કે તમારા વિષયનું નથી. પણ ફિલ્ડ થિઅરી પર છે. પદાર્થવિજ્ઞાનમાં જેમ ફિલ્ડ થિઅરી આવે છે એવી ફિલ્ડ થિઅરી બાયોલૉજીમાં પણ છે એવું આ વિજ્ઞાની કહે છે. તેના ઉપર પ્રવચન છે એટલે મને એમ કે તમને બંનેને રસ પડશે.” [“I know it’s not your subject. But it is on Field theory. As you have field theory in physics. This Scientist suggests that there is a field theory in biology too. I thought that might interest you guys.”] એમીએ પીટર સામે ગુસ્સામાં જોયું અને નિમિત્ત સામે હસી.

“બાયોલૉજીમાં ફિલ્ડ થિઅરી. ગાંડી થઈ છે? બાયોલૉજીમાં થોડી ફિલ્ડ થિઅરી આવે!” [“Field theory in biology? You must be crazy. How can there be a field theory in biology.”] પીટર મચક આપતો ન હતો.

“બરાબર એ જ કારણે એમી આપણને પ્રવચન માટે કહે છે પીટર. એ વિજ્ઞાની કોણ છે?” [“That is precicely the reason, why Amy wants us to attend the lecture. Who is the Scientist Amy?”]

“તેમનું નામ ડૉ. હર્બર્ટ સ્પેન્સર છે. બાયોલૉજી ક્ષેત્રે તેમનું નામ છે. તને યાદ છે નામિટે આપણે પહેલી વખત મળ્યા ત્યારે તું મને ‘હોલી ગ્રેઇલ ઑફ ફિઝિક્સ’ અંગે સમજાવી રહ્યો હતો ત્યારે મેં તને જણાવ્યું હતું કે અમારા ક્ષેત્રમાં પણ એક વિજ્ઞાની અમારી પરંપરાગત થિઅરીને પડકારી રહ્યા છે. તે આ વિજ્ઞાની ડૉ. હર્બર્ટ છે. એમણે કરેલા જીવવિજ્ઞાનના પ્રયોગો રસપ્રદ છે અને એણે ઘણું ધ્યાન ખેંચ્યું છે. મને તેમના કામમાં રસ છે.” [“He is Dr. Herbert Spencer, a very well known name in biology field. Remember Nametee, our first meeting? I mentioned him when you were explaining your. ‘Holy grail of physics’. He is also questioning the traditional theories of biology. He has experimented on some ‘biological field’ and has generated a lot of attention and controversy. I am very much interested in his work.”]

એમીની આંખોમાં એમના માટે માન દેખાયું.

“હા. તું એવું બોલી રહી હતી ખરી. ક્યારે છે? તારી ઇન્સ્ટિટ્યૂટમાં?” [“Yes, you did mention him. I remember. When is it? Is it at your institute?”] નિમિત્તે રસ દાખવ્યો.

“આવતા શુક્રવારે ત્રણ વાગે, અમારી ઇન્સ્ટિટ્યૂટમાં. તને રસ છે નામિટે?” [“It is on next Friday. At

my institute at 3 pm. Are you interested Nametee?”]
“મને લાગે છે કે બાયોલૉજીમાં આવતી ફિલ્ડ થિઅરી અંગે જાણવાનું મને ગમશે. હું માનું છું કે જુદા જુદા વિષયોમાં વહેતી જ્ઞાનની સરવાણી અંતે તો એકત્રિત થાય છે. પીટર આપણે જઈએ? તને શું લાગે છે?” [“I think I would like to listen to him. Field theory in biology may interest me. I have always thought that the streams of different subject in science ultimately converge into a bigger stream of knowledge. Peter, let us go. What do you say?”]
“હંમ... મારું નક્કી નહીં. હું કામમાં હોઉં તો તમે બંને જજો.” [“Humm....I am not sure. If I am busy, you two continue.”] પીટરને હજી રસ પડતો નહોતો.
“એમી મને હજી ઊંડાણથી જણાવને! પ્રવચનમાં વધારે રસ પડશે.” [“Tell me more about his work Amy. So that I get familiar about his work before I attend his lecture.”] નિમિત્તની જિજ્ઞાસાવૃત્તિ સતેજ થઈ.
“જો બેઝિકથી શરૂ કરું ક્વૉન્ટમ વિજ્ઞાન કહે છે કે બે પાર્ટિકલ કેટલાય પ્રકાશવર્ષ દૂર હોય તો પણ તેમની વચ્ચે કનેકશન છે જે ગુરુત્વાકર્ષણ નથી. વિજ્ઞાનીઓ તેને ‘તે જે છે, તે’ એવું કહે છે અને તારા જેવા વિજ્ઞાનીઓએ શોધી રહ્યા છે. બરાબર? જીવવિજ્ઞાનમાં પણ અત્યાર સુધીની ઉત્ક્રાંતિની બધી થિઅરીઓ જાતિ-પ્રજાતિઓના ઉત્ક્રાંતિ અંગે વાત કરે છે. ડૉ. હર્બર્ટે ઘણા પ્રયોગો કરીને ક્રાંતિકારી થિઅરી અને સાબિતી આપીને ‘મોર્ફોજિનેટિક ફિલ્ડ’ની શોધ કરી છે. એમણે પ્રયોગ દ્વારા સાબિત કર્યું કે જો ઉંદરની એક જાતિને કોઈ એક કૌશલ (Skill) શીખવવામાં આવે તો બીજા ઉંદરો, જે આ કળા શીખ્યા નથી તેમને આ કૌશલ શીખતાં ઓછો સમય લાગે છે. આ ઉંદરની ત્યાર પછીની પેઢીને આ કળા શીખતાં એથી પણ ઓછો સમય લાગે છે. એટલું જ નહીં લાંબા અને નોંધપાત્ર ભૌગોલિક અંતરે આવેલા ઉંદરો પણ એ કળાને શીખવામાં ઓછો સમય લે છે. આથી એમણે એવી દરખાસ્ત મૂકી કે કદાચ તેઓ એક અદૃશ્ય ફિલ્ડ, જેને તેમણે ‘મોર્ફોજિનેટિક ફિલ્ડ’ નામ આપ્યું, દ્વારા પ્રત્યાયન કરી શકતા હોય. તેઓ અત્યારે આ જ ક્ષેત્ર પર સંશોધન કરી રહ્યા છે અને આ વિષય ઉપર જ એમનું પ્રવચન આવતા શુક્રવારે છે. [“Let me try with the basic. In quantum physics there is a connection between partical which are light years apart, which is not just a gravitational force. The physicist call it. ‘That which is.’ Scientist like you are trying to find that. Right? In biology, the theories till now is based on evolution and explain the evolution of species. Dr. Herbert Conducted experiments for many years on a revolutionary theory and proof of a morphogentic field. He proved through his experiments on rats that, if rats ‘learned’a particular skill then the time taken for other rats,the rats which have not learned that skill, would take less time in learning that skill. The next generation of rats would take still less time in learning that skill. Also the rats separated by a great and significant geographical distance would also take less time in learning that skill. He then claimed a possibility that they are connected by an invisible field through which they communicate. He called that invisible field ‘morphogenetic field.’ He is now doing more research on the very same field and his lecture next Friday is on the very same subject.”] એમીએ વાત સમજાવી દીધી.

“અદ્‌ભુત. હું તો ચોક્કસ આવીશ.” [“Wow! Thats amazing! I am definitely coming.”]

નિમિત્તને રસ પડી ગયો. એનું રિસર્ચ પણ હમણાં quantum field theory પર જ ચાલી રહ્યું હતું.

“મને લાગે છે કે હું પણ આવીશ. એકવાર સાંભળું તો ખરો!” [“I think, I will also join, Let me listen at least once.”] પીટરને રસ તો પડ્યો પણ નિમિત્ત જેટલો ઉત્સાહ બતાવ્યો નહીં.

“મને લાગે છે કે વિજ્ઞાન જ્ઞાનની નવી સરહદો વટાવી રહ્યું છે. બધા વિષયો એકત્રિત થઈ રહ્યા છે. આપણે આ નવા જ્ઞાનયુગમાં પ્રવેશી રહ્યા છે. હું જેમ જેમ ક્વોન્ટમ વિજ્ઞાન અંગે જાણતો જાઉં છું તેમ તેમ અધ્યાત્મની વધુ નજીક પહોંચતો જાઉં છું. પ્રત્યેક નવા આવિષ્કાર સાથે એકબીજાંનાં દુશ્મન એવા અધ્યાત્મ અને વિજ્ઞાન નજીક આવતાં જણાય છે.” [“I think science is everday crossing new frontiers of knowledge. It is also converging very fast. We are in the new phase of knowledge era. You know what? The more I read quantum mechanics, the more I find myself nearing spirituality. It’s like the two sworn enemies are becoming more and more friendly with each new discovery.” નિમિત્તે કહ્યું.

નિમિત્તનો આ રોજનો સ્વ-અનુભવ હતો. ગીતા વાંચે તો વિજ્ઞાનના નિયમો સમજાતા હતા અને વિજ્ઞાન વાંચે તો ગીતા સમજવામાં સરળતા રહેતી હતી. મનોમન એણે શાસ્ત્રીજીને પ્રણામ કર્યાં. જીવનના ખરે તબક્કે એમણે ‘કૃષ્ણનું જીવનસંગીત’ અને અન્ય પુસ્તકો ભેટ આપ્યાં હતાં. આજે નિમિત્તનું વ્યક્તિત્વ આવાં પુસ્તકોને આભારી હતું.

“એવું છે? મારે પણ વાંચવું જોઈએ. નામિટે તારે અનુવાદ કરવો જોઈએ.” [“Is that so? I must read it sometime, you must translate them Nametee”] એમીને નિમિત્તની આધ્યાત્મિક વાતોમાં રસ પડતો. પીટરને આવી બધી બાબતોમાં કોઈ જ રસ પડતો નહીં. એ તો બિયર ખોલીને શિંગદાણા ખાતો હતો.

હરિનો મારગ છે શૂરાનો...

પ્રિય આત્મન્,

આ શનિ-રવિની રજામાં તો મજા આવી ગઈ. મેં શનિવારે એકી બેઠકમાં ડેન બ્રાઉનની નૉવેલ 'દા વિન્સિ કોડ' વાંચી નાખી. ખૂબ સરસ અને રહસ્યમય હતી. જિસસ ક્રાઈસ્ટના જીવન અંગેની શોધને, 'ધ હૉલી ગ્રેઇલ' પણ કહે છે. એમના જન્મ, એમનું કર્મ, એમનું મૃત્યુ, એમના મેરી મેગડેલી સાથેના સંબંધો અને સંભવિત વંશ-વારસો એ બધું એમાં ખૂબ નાટ્યાત્મક રીતે રજૂ થયું છે. મને ખૂબ રસપૂર્ણ લાગ્યું.

પણ આત્મન્, હું રહ્યો ભૌતિકશાસ્ત્રનો વિદ્યાર્થી એટલે મારું મન વિચારે ચડી ગયું. જો ભૌતિકશાસ્ત્રની નૉવેલ લખાય ''The Holy Grail of Physics' તો એ holy grail શું હોય શકે તે વિચાર છેલ્લા કેટલાક દિવસોથી કરું છું. આજે તેનો જવાબ મળી ગયો. ધ્યાન આપજે હં, હું તને 'The Holy Grail of Physics'ની યાત્રાએ લઈ જાઉં.

આશરે ૨૦૦,૦૦૦ વર્ષો પહેલા, આફ્રિકામાં ક્યાંક આપણી મનુષ્ય જાતિ, હોમો સેપીએન્સનો ઉદ્‌ભવ થયો. તે તો તું જાણે જ છે. ત્યારથી તે કુદરતી ઘટનાઓ અને બ્રહ્માંડનાં રહસ્યો જાણવાનો પ્રયત્ન કરતો આવ્યો છે. તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ મનુષ્યની પ્રગતિનું પ્રેરકબળ રહ્યું છે. આજુબાજુ બનતી કુદરતી ઘટના એની પાછળનો નિયમ જાણવાનો એનો પ્રયત્ન રહ્યો છે. એટલે જ મનુષ્ય ચંદ્ર સુધી અને હવે તો એથી પણ વધુ આગળ પહોંચ્યો છે. પ્લેટો, એરિસ્ટૉટલ, આપણા ઋષિઓ, વિજ્ઞાનીઓ, વિચારકો અને સૌ પોતાની રીતે સૃષ્ટિ અને બ્રહ્માંડને સમજવાની કોશિશ કરી રહ્યા છે. ધર્મ, વિજ્ઞાન, અધ્યાત્મની રીતો અલગ છે પરંતુ ધ્યેય તો આખરે એક જ છે ને?

ભૌતિક ક્ષેત્રે કોપેર્નિકસ, ગેલિલિયો, ન્યૂટને વાસ્તવિકતાને સમજાવતાં અનેક નિયમો અને થિઅરીઓ આપી છે. બધી થિઅરીઓને ક્લાસિકલ થિઅરી કહે છે. તેના વડે બૃહદ કક્ષાએ તારાઓ, નિહારિકાઓ અને બીજા મોટા કદના અવકાશી પદાર્થોનો અભ્યાસ શક્ય બન્યો. સૂક્ષ્મકક્ષાએ અણુ, પરમાણુની શોધ થઈ. કોઈ પણ પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ કણ એટલે પરમાણુ પરંતુ પછી ન્યુક્લીઅસ પણ શોધાયો. તેમાં વળી બીજા પણ સૂક્ષ્મતમ કણ મળ્યા. વિજ્ઞાનીઓ બૃહદ કક્ષાએ અને સૂક્ષ્મ કક્ષાએ શોધ કરતા રહ્યા. સૂક્ષ્મ કક્ષાએ ક્વૉન્ટમ થિઅરી દ્વારા અને બૃહદ કક્ષાએ ક્લાસિકલ થિઅરી દ્વારા.

ઓસ્ટ્રિયાના વિજ્ઞાનિઓએ ૧૯૯૯માં કરેલા ડબલ સ્લીટના પ્રયોગે ભૌતિક ક્ષેત્રે બધી થિઅરી પર પ્રશ્નાર્થ ચિહ્ન લગાવી દીધું. ભૌતિકશાસ્ત્ર બે વિભાગમાં વહેંચાઈ ગયું. મોટા જથ્થા કે દળ ધરાવતા પદાર્થ માટે ક્લાસિકલ થિઅરી અને સૂક્ષ્મ કક્ષાએ ક્વૉન્ટમ થિઅરી એવું અત્યારે ચાલી રહ્યું છે. તને સમજાવેલું કે બટાકા માટે એક નિયમ અને રાઈના દાણા માટે બીજો નિયમ!

ડબલ સ્લીટના પ્રયોગે એક બીજી બહુ મોટી સમસ્યા ઊભી કરી. તે એ કે વિજ્ઞાનની શોધની પ્રક્રિયા પર જ પણ પ્રશ્નાર્થ ચિહ્ન લગાવી દીધું. મૉડલ – ડિપેન્ડન્ટ – રીઆલિઝમ પડી ભાંગ્યું. આ પ્રયોગે એવું સાબિત કરી દીધું કે ક્વૉન્ટમ કક્ષાએ પદાર્થના કણ નિર્જીવ નથી પણ વિચારે છે. સૂક્ષ્મકણો જેવા કે ક્વાર્ક, બેસોન, મેસોનનું વર્તન કોઈ ગુહ્ય નિયમોનું પાલન કરે છે. ગજબ છે ને ભાઈ!

ક્લાસિકલ થિઅરી અને મૉડલ – ડિપેન્ડન્ટ – રીયાલિઝમ પ્રમાણે કોઈ પણ ઘટનાનું 'અવલોકન' તે ઘટના પર અસર કરતું નથી. આ નિયમ ડબલ સ્લીટના પ્રયોગે ખોટો સાબિત કરી દીધો.

દાખલા તરીકે આપણે એક સફરજનનું અવલોકન કરીએ છીએ. તેનો આકાર, તેનું વજન, તેનો રંગ વગેરે વગેરે. આપણા અવલોકનની અસર એના ઉપર પડતી નથી. સીધી વાત છે ને, એમ જ હોય ને! આપણો

રોજબરોજનો અનુભવ એમ જ છે ને.

પ્રિય આત્મન્, ત્યાં જ તો અમે વિજ્ઞાનીઓ અચાંબામાં પડી ગયા. ક્વૉન્ટમ કક્ષાએ આવો રોજબરોજનો અનુભવ કામ લાગતો નથી. ક્વૉન્ટમ કક્ષાએ જ્યારે કોઈ સૂક્ષ્મકણનું અવલોકન કરવામાં આવે ત્યારે આપણા અવલોકનની અસર પડે છે. આ વાત વિચિત્ર લાગે છે પણ સત્ય છે. ડબલ સ્લીટ પ્રયોગ દ્વારા સિદ્ધ કરેલી અને વિજ્ઞાનીઓએ સ્વીકારેલી વાત છે.

સૂક્ષ્મ કક્ષાએ, ક્વૉન્ટમ કક્ષાએ ઘટના-અવલોકન અને અવલોકનકાર અલગ રહેતાં નથી. સફરજનના અવલોકનની અસર સફરજન ઉપર પણ પડે છે. અમે વિજ્ઞાનીઓ આ રહસ્યને સમજવાની કોશિશ કરી રહ્યા છીએ. જેમ જેમ આવા પ્રયોગો થતા રહે છે તેમ તેમ ભૌતિકક્ષેત્ર રહસ્યવાદ અને અધ્યાત્મની નજીક પહોંચતું જાય છે.

હવે ભૌતિક ક્ષેત્રે એક કટોકટી આવી છે. હાલમાં ભૌતિકક્ષેત્રે બે પ્રકારના નિયમો, બૃહદકક્ષાએ ક્લાસિકલ અને સૂક્ષ્મ કક્ષાએ ક્વૉન્ટમ નિયમો સ્વીકાર પામ્યા છે. પણ એમ કેમ ચાલે? ક્યારેક અમુક નિયમો અને ક્યારેક બીજા નિયમો!

અત્યારે ભૌતિકશાસ્ત્રમાં એક એવી થિઅરી પર કામ ચાલી રહ્યું છે, જે બંને પ્રકારના નિયમોને એકત્રિત કરી શકે, જેથી બૃહદ કક્ષાએ અને સૂક્ષ્મ કક્ષાએ એક જ પ્રકારના નિયમો લાગુ પાડી શકાય. આજના આઇનસ્ટાઇન ગણાતા સ્ટિફન હોકિન્સે એને નામ આપ્યું 'THE THEORY OF EVERYTHING.'

એક એવા નિયમની શોધ હશે: 'THE HOLY GRAIL OF PHYSICS'!

પ્રિય આત્મન્ કદાચ મારી શોધ એમ કરી શકશે? એ કદાચ અધ્યાત્મ અને વિજ્ઞાનનું મિલન હોય શકે?

એ કદાચ સત-અસત વચ્ચેનો ભેદ ઓગાળી શકે?

આપણા ઋષિઓ, વિજ્ઞાનીઓ, વિચારકો જે વિજ્ઞાન અને અધ્યાત્મની અલગ અલગ રીતો દ્વારા સૃષ્ટિ અને બ્રહ્માંડને સમજવાની કોશિશ કરી રહ્યા છે, તે અંતિમ વાસ્તવિકતા આ હોઈ શકે? ધર્મ, વિજ્ઞાન, અધ્યાત્મને જોડતી કડી એ જ તો આ નહિ? સત-અસતનું મિલનબિંદુ શું આ જ નહીં હોય?

મનુષ્યની અંતિમ જિજ્ઞાસા આ નિયમ દ્વારા સંતોષાઈ જશે? મનુષ્ય એના જીવનની બ્રહ્મજિજ્ઞાસાને પામી જશે?

આ શોધ અઘરી જરૂર છે પણ હું તૈયાર છું. આ જ મારા જીવનનું પણ અંતિમ ધ્યેય છે.

આ જ મારી વિજ્ઞાનયાત્રા, આ જ મારી જ્ઞાનયાત્રા અને આ જ મારું સત-અસત.

પ્રિતમે કહ્યું તેમ,

હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને;
પરથમ પહેલું પગલું મૂકી વળતું લેવું નામ જોને.
સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને,
સિંધુ મધ્યે મોતી લેવા માંહી પડ્યા મરજીવા જોને!

પ્રિય આત્મન્, આ મરજીવો પણ કૃષ્ણ સમક્ષ મસ્તક મૂકી વિજ્ઞાન મધ્યે માંહી પડેલો મરજીવો છે.

એને મોતી મળશે ખરું?

લિ. નિમિત્ત



અકસ્માત કે ષડ્યંત્ર ?

"ભાઈ ધીમે દોડને! મારા પગ દુઃખે છે." બે બાળકો રસ્તા પર દોડી રહ્યાં છે. નાનકડો અનુજ મોટાભાઈ નિમિત્તને પકડવા જાય છે. નિમિત્ત આગળ આગળ દોડતો, હસતો હસતો, પાછળ જોતો જોતો દોડતો જાય છે. ભાઈને બોલાવતો અનુજ પાછળ પાછળ દોડે છે, હાંફે છે છતાં પણ દોડ્યે રાખે છે. એવામાં સામેથી પૂરઝડપે કોઈ વાહન નિમિત્તની સામે ધસી આવે છે. નિમિત્તની નજર પાછળ હોય છે, આવતું વાહન એને દેખાતું નથી. અનુજને વાહન દેખાય છે એ બૂમ પાડે છે પણ અવાજ નીકળતો જ નથી. અનુજ જોર કાઢીને બૂમ પાડવા ઇચ્છે છે. અનુજ, નિમિત્તને બાજુ પર કરવા દોડે છે પણ પગ ઉપડતા નથી. વાહન નિમિત્તની ઉપર ધસી જાય છે. અનુજ ભાઈને વાહન સાથે અથડાતાં.....

"ભાઈ! ભાઈ!" અચાનક આંખ ખૂલી જાય છે. અનુજ ઝબકીને બેઠો થઈ જાય છે. આજુબાજુ હજી અંધારું જ છે. બે-ત્રણ પળ પછી અનુજનું વાસ્તવિકતા સાથે અનુસંધાન થાય છે. એ અહીં જર્મનીમાં છે. ભાઈનો ઍક્સિડન્ટ થયો એટલે એ આવ્યો છે. ભાઈ હૉસ્પિટલમાં છે અને critical છે. આજે સવારે લૅન્ડ થયો, પછી હૉસ્પિટલમાં ભાઈને જોઈને એના ઘરમાં આવ્યો. બરોડા ફોન કર્યો અને પછી સોફા પર જ સૂઈ ગયો. ગઈકાલે શનિવાર હતો. આજે, હમણા કેટલા વાગ્યા? કેટલા કલાક સૂઈ ગયો? ભાઈને કેમ છે? બધા વિચારો એક સામટા મનને ઘેરી વળ્યા, અંધારામાં જ ઊભો થયો, થોડું ફંફોસીને સ્વિચ ઓન કરી. પ્રકાશથી આંખો અંજાઈ ગઈ. થોડીવારે આંખ ખોલી. ટેબલ પર પડેલી ઘડિયાળમાં સમય જોયો. પાંચ વાગ્યા હતા. આ સવારના પાંચ હશે કે સાંજના, રવિવાર જ હશે ને! સોમવારના પાંચ તો નહીં હોય. શનિવારની સાંજ તો નહીં જ હોય. એનું શરીર ઊઠી ગયું પણ મન હજી આળસ મરડતું હતું. બે મિનિટ પાછો સોફા પર બેસી ગયો. પરિસ્થિતિનો તાગ મેળવ્યો. એ શનિવારે લેન્ડ થયો. મિ....હં.... જ્હોન લેવા આવ્યા. હૉસ્પિટલ ગયો....ભાઈને જોયા પછી મિ. જ્હોન અહીં ભાઈના ઘરે મૂકી ગયા... બરોડા ફોન.... પછી થોડીવાર માટે આંખ બંધ કરી આ સોફા પર..... આ 'થોડીવાર' એટલે કેટલી વાર?

હવે એણે એ જાણવું રહ્યું કે અત્યારે પાંચ વાગ્યા છે તે સવારના કે સાંજના? રવિવારની સાંજ કે સોમવારની સવારના પાંચ? ઊભા થઈ પહેલાં પાણી પીધું, ફ્રેશ થયો. બધી લાઇટ્સ ઓન કરી. વ્યવસ્થિત થઈને બારીના પડદા ખોલ્યા. બહારના એકાંત વાતાવરણમાં બહુ ખ્યાલ ન આવ્યો.

'અજબ છે! આવો અનુભવ તો ક્યારેય નથી થયો. શું કરે?' થોડીવારે ઝબકી, બરોડા ફોન કરીને પૂછે કે ત્યાં કયો દિવસ અને સમય થયો. એના પરથી...

"હલો, પપ્પા, અનુજ બોલું છું."

"બોલ બેટા, પરિસ્થિતિ કેમ છે? આરામ કર્યો?"

"પહેલાં ત્યાંનો સમય અને દિવસ કહો. અહીં સૂઈ ગયો પછી ઊઠ્યો તો ગૂંચવાઈ ગયો."

પપ્પા ફોન પર હસ્યા.

"હા, હા. એને જ જેટલેગ કહેવાય. જો અહીં સોમવારની વહેલી સવાર થઈ છે એટલે ત્યાં રવિવારની સાંજ પડી હશે. તું લગભગ ચોવીસ કલાક ઊંઘ્યો. સારું થયું. ચિંતાનો થાક પણ એટલો જ લાગે. ચાલ જમીને ફ્રેશ થઈ જા. પછી નિરાંતે ફોન કર."

અનુજે ફોન મૂક્યો. રવિવારે સાંજે પાંચ વાગ્યા. આજની સાંજ અને રાત છે. કાલે ઇન્સ્ટિટ્યૂટમાં જઈને મળવાનું છે. અનુજે હવે નિરાંતે ઘર જોયું. બૅગમાંથી સામાન કાઢીને ગોઠવ્યો. માઇક્રોવેવમાં ખાવાનું ગરમ કર્યું.

ફ્રીઝમાં દૂધ હતું. ચા બનાવી, સૅન્ડવિચ બનાવી અને ટેબલ પર બેસીને ખાધું. બરોડાથી નીકળ્યા પછી એક ટંક પણ વ્યવસ્થિત ખાધું નહોતું. છેલ્લા કેટલાય દિવસથી ભોજન પરથી રુચિ જ ઊઠી ગઈ હતી. ભાઈના ઘરમાં પહેલી વખત, ભાઈ વગર, આ પરિસ્થિતિમાં... ફરી મન ભરાઈ આવ્યું. ભાઈને કેમ હશે? અહીં વાહન વગર હૉસ્પિટલ પણ કેમ જવાય. કાલથી બધું ગોઠવાઈ જશે. મિ. જ્હોનને પૂછીને, ઇન્સ્ટિટ્યૂટમાં જઈને.....

સોમવારનો પ્લાન બનાવતો અનુજ નવી પરિસ્થિતિનો સ્વીકાર અને સામનો કરવા તૈયાર થયો. ફરી ઊંઘ આવે એ તો મુશ્કેલ હતું, પરંતુ આરામ કરી લીધો. કાલથી દોડાદોડી કરવી રહી.

સવારે બરાબર આઠના ટકોરે મિ. જ્હોન ફરી આવ્યા. અનુજને તેઓ અહીં સ્વજન જેવા જ લાગ્યા.

"ગુડ મોર્નિંગ મિ. જ્હોન!" અનુજે એમને આવકારતાં કહ્યું.

"ગુડ મોર્નિંગ અનુજ. You look fresh and rested.

"Yes, Ready for the work ahead." અનુજે કહ્યું.

"Shall we start. I'll explain the plan for today on the way. Its a Monday morning. We may get some traffic on the way."

"Oh yes! Let's start" ઘરનો દરવાજો બંધ કરી બંને ગાડીમાં ગોઠવાયા. સીટબેલ્ટ બાંધ્યો અને મિ. જ્હોને ગાડીને રસ્તા પર ચલાવવા માંડી.

દૂર ઊભેલી ગ્રે કલરની ગાડી – ફોન અને પછી એ ગાડી પણ સ્ટાર્ટ થઈ. આવી કોઈ ગાડીથી અજાણ મિ. જ્હોન અને અનુજ આજના દિવસનો પ્લાન ચર્ચી રહ્યા હતા.

સોમવારની સવાર હતી. રસ્તા પર ટ્રાફિક હતો, પણ બધી ગાડીઓ સડસડાટ જતી હતી. ટ્રાફિક એકદમ ડિસિપ્લિન્ડ હતો. આટલી બધી ગાડી પણ હોર્નનો અવાજ નહીં, ટ્રાફિક હવાલદાર પણ નહીં!

થોડીવારમાં સામે ઇન્સ્ટિટ્યૂટનું બિલ્ડિંગ દેખાયું. ભાઈને કારણે અનુજ MAX PLANCK INSTITUTE FUR ASTROPHYSIK, ટૂંકમાં MPAને જાણતો હતો. આ MPA અને એના જેવી બીજી ૮૦ સંસ્થાઓ મેક્સ પ્લેંક સોસાયટી ચલાવતી હતી. એ બધી વિજ્ઞાનની અનેક શાખાઓમાં સંશોધનો કરી રહી હતી. આ સંસ્થા MPA ૧૯૫૮માં સ્થપાઈ હતી. MPAમાં ન્યુક્લીઅર અને પાર્ટિકલ ફિઝિક્સ, તારામંડળોનો ઉદ્ગમ, કોસ્મિક વાતાવરણ, સુપરનોવા, ગેલેક્સીઓનો ઉદ્ગમ, બંધારણ અને બીજા યુનિવર્સના મોટાં માળખાંઓની ગતિવિધિઓ જેવા વિષય ઉપર સંશોધન કરતી હતી. આ બધા અભ્યાસ માટે તેનું અવલોકન કરવા માટે જાતજાતનાં ઉપકરણો, કમ્પ્યૂટર પ્રોગ્રામ, વગેરે અંગેનું સંશોધન અહીં થતું. ભાઈ પણ અહીં આવા જ કોઈ વિષય પર સંશોધન કરી રહ્યો હતો. ભાઈ ક્યારેક મજાકમાં કહેતોઃ

'હું 'મહતો મહીયાન અને અણોરણીયાન' – એમ બંને ઉપર એકસાથે સંશોધન કરી રહ્યો છું! હું કૃષ્ણે અર્જુનને ગીતાના અગિયારમા અધ્યાયમાં બતાવેલું વિશ્વરૂપ દર્શન કરી રહ્યો છું. કૃષ્ણે અજુનને બ્રહ્માંડનાં દર્શન માટે દિવ્યચક્ષુ આપેલાં. આજનું વિજ્ઞાન, કમ્પ્યૂટર અને બીજા હાઇટેક ઉપકરણો અદ્યતન દિવ્યચક્ષુ બની રહ્યાં છે.'

કાર્લ – સ્વેચર્સચાઇલ્ડ' સ્ટ્રીટ પર આવેલી આ MPAના ફોટા અનુજે ખૂબ વાર જોયા હતા.

ભાઈના ફોન, પત્રો અને ફોટાઓને કારણે આ અજાણી ધરતી પર પણ ઘણીવાર જાણીતી ફ્રેમ અચાનક સામે આવી જતી. ભાઈનું ઘર પણ એને પરિચિત લાગ્યું. ઘરની આજુબાજુની સ્ટ્રીટ, વૃક્ષ અને હવે આ ઇન્સ્ટિટ્યૂટ પણ!

ગાડી પાર્ક કરી બંને અંદર ગયા. બરાબર નવમાં પાંચ મિનિટ બાકી હતી. ઑફિસ ઉપર નેમપ્લેટમાં લખ્યું હતું Dr. David Michelson. હળવી ટકોર કરીને બંને અંદર ગયા. એક સરસ મોટી ઑફિસ હતી. એક તરફ મોટું ટેબલ હતું. ટેબલ પાછળ મોટી ખુરશી, ખુરશી પાછળની દીવાલ આખી કાચથી મઢેલી હતી. એમાંથી

સૂર્યપ્રકાશ આવી રહ્યો હતો. દરવાજો ખૂલતાં જ મિ. ડેવિડ ઊભા થયા. પંચાવનની આજુબાજુ ઉંમર હશે. વાળ બધા સફેદ. આઇનસ્ટાઇનનું વજન દસ કિલો વધી જાય અને એ જેવા લાગે તેવા જ લાગતા હતા. ચહેરા પર તેજ ચમકતું હતું. ગાલ ગુલાબી હતા. ઉષ્માભર્યું વ્યક્તિત્વ લાગતું હતું.

"Good morning. Mr. Anuzee, Welcome please." મિ. ડેવિડ હાથ લંબાવતાં આગળ આવ્યા.

"ગુડ મોર્નિંગ મિ. ડેવિડ." અનુજે હાથ મેળવ્યા. ભારત હોત તો વાંકો વળીને પગે લાગ્યો હોત.

મિ. જ્હોન એમનું અભિવાદન કરીને રૂમમાંથી બહાર ગયા.

"See you at the meeting Anuzee." જ્હોને અનુજને બહાર જતાં પહેલાં હાથ કર્યો.

"Please be seated." મિ ડેવિડે સોફા-ખુરશી તરફ ઇશારો કર્યો.

ટેબલથી થોડે દૂર બે સોફાસેટની ખુરશીઓ હતી. વચ્ચે એક ટી-ટેબલ હતું. મિ. ડેવિડ અને અનુજ ખુરશી પર ગોઠવાયા. મિ. ડેવિડે વાતચીતનો દોર શરૂ કર્યો.

''નામિટેનો અકસ્માત દુઃખદ છે. તે અમારી સંસ્થાનો હોનહાર વિજ્ઞાની છે.'' [''I am extremely sorry about Nametee's accident. He is one of our star Scientist.'']

''અમને પણ આંચકો લાગ્યો છે. તમે મને વિઝા અને ટિકિટ માટે મદદ કરી તે માટે આપનો ઘણો આભાર.'' ["We are also shocked and worried about him. Thank you so much for helping me for arranging my visa and the ticket. That was very kind of you."]

ડૉ. ડેવિડે તે ગમખ્વાર સાંજનું વર્ણન કર્યું. નિમિત્ત તે સાંજે રિંગબર્ગ કૅસલમાં યોજાયેલી કૉન્ફરન્સમાં પ્રેઝન્ટેશન કરવા જઈ રહ્યો હતો. આ પ્રતિષ્ઠિત જગ્યા મેક્સ પ્લેન્ક સોસાયટીને ડ્યૂક લુઇટપોલ્ડે ભેટ આપી હતી. મેક્સ પ્લેન્ક સોસાયટી સાથે સંકળાયેલી એંસી જેટલી સંશોધન સંસ્થાઓની કૉન્ફરન્સો આ જ સ્થળે યોજાતી. વિશ્વભરના વિજ્ઞાનીઓને મળવાનું અગત્યનું સ્થળ બની ગયેલી આ જગ્યાએથી અનેક પ્રતિષ્ઠિત વિજ્ઞાનીઓ પોતાની શોધ જાહેર કરતા. અનેક વિશ્વવિખ્યાત લોકો અહીં પ્રવચન પણ આપી ચૂક્યા હતા. નિમિત્તના તે દિવસના પ્રવચન માટે સૌને ભારે ઉત્સુકતા હતી. મહિનાથી નિમિત્તનું સંશોધન પૂર જોશમાં ચાલી રહ્યું હતું. સૌને લાગતું હતું કે એણે કોઈ મહત્ત્વની શોધ કરી છે. તેમણે અનુજને ભાઈની શોધ અંગે ખબર છે કે નહીં તે પૂછ્યું. અનુજે જણાવ્યું કે એને ફિઝિક્સમાં ગતાગમ નથી એટલે તે શોધ અંગે જાણતો નથી. અકસ્માત પહેલા નિમિત્ત સંશોધનકાર્યમાં વ્યસ્ત હતો. એથી એના ફોન પણ ઘટી ગયા હતા.

ડૉ. ડેવિડે અનુજ પ્રત્યે સહાનુભૂતિ દાખવતાં કહ્યું કે અહીં MPAના સહાધ્યાયીઓ આ કપરાકાળમાં એની સાથે છે. ફક્ત MPA નહીં પરંતુ જર્મન ગર્વનમેન્ટનો પણ સંપૂર્ણ સહકાર છે. અનુજનું સ્થાન અહીં મહેમાન જેવુ છે. અનુજને સંપૂર્ણ સહકાર મળશે. મિ. જ્હોનને અનુજની કાળજી લેવાની જવાબદારી સોંપવામાં આવી છે.

''ટૂંક સમયમાં જ એ મિટિંગ છે. સહાધ્યાયીઓએ તને મળવું છે. આપણે જઈશું?'' ["We have a gathering in a short time. There are colleagues who would like to meet you. Shall we go?"]

''અમારા આવા કપરા કાળમાં સપોર્ટ કરવા માટે તમારો ઘણો આભાર.'' ["I appreciate the help and support extended to us in this black hour of life."]

તેઓ ઊભા થયા. અનુજ પણ ઊભો થયો. બંને ચાલતા એક નાનો કૉરિડૉર પસાર કરી એક દરવાજા પાસે આવ્યા. દરવાજો ખોલીને બંને અંદર ગયા. એક નાનકડો કૉન્ફરન્સ રૂમ હતો. બધા ટેબલની પાસે ખુરશીમાં બેઠેલા હતા. જેવા મિ. ડેવિડ અને અનુજ અંદર ગયા તેવા બધા ઊભા થયા. મિ. જ્હોન પણ ત્યાં જ

હતા. તેમના સિવાયના બધા ચહેરા અપરિચિત હતા. ચાર-પાંચ સ્ત્રીઓ હતી તે સિવાયના બધા પુરુષો હતા. અમુક આધેડ વયના હતા જ્યારે અમુક એકદમ યુવાન હતા. બધું મળીને પચીસેક વ્યક્તિઓ હતી. બે ખુરશી ખાલી હતી. મિ. ડેવિડે હાથથી ઇશારો કર્યો એટલે સૌ બેઠાં. અનુજને પણ બેસવાનો ઇશારો કરી મિ. ડેવિડ ઊભા રહ્યા. એમણે નિમિત્તનાં વખાણ કર્યાં. પરિસ્થિતિથી સૌ વાકેફ હતા, પરંતુ એમણે ફૉર્મલ રીતે ફરીથી ઘટના અંગે જાણ કરી. અનુજનો નિમિત્તના નાના ભાઈ તરીકે પરિચય આપ્યો. સહાનુભૂતિના શબ્દો અને મદદ અંગે સહકાર આપવાની ખાતરી આપી. પોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

ત્યારબાદ દરેક જણે પોતાનો સ્વપરિચય આપ્યો અને નિમિત્ત માટે પોતાની લાગણી વ્યક્ત કરી. અનુજે સૌની લાગણી માટે આભાર વ્યક્ત કર્યો. અનુજને નિમિત્ત માટે માન તો હતું જ પરંતુ સૌની લાગણી જોઈ એને ભાઈ માટે ખૂબ ગર્વ થયો. ભાઈએ અહીં સૌનું હૃદય જીતી જ લીધું હતું.

સૌ ઊભાં થઈ ફરી હાથ મિલાવીને બહાર નીકળતાં ગયાં. છેલ્લે ચાર-પાંચ વ્યક્તિઓ જ બાકી રહી. એ સૌ અનુજ સાથે વધુ વાત કરવાના ઇરાદે ઊભાં હતા.

"હેલો. મારું નામ પીટર છે. હું અને નામિટે લગભગ ૨-૩ મહિનાના અંતરે જ MPAમાં આવ્યા. અમારી ઑફિસ પણ બાજુમાં જ છે. અકસ્માત અંગે સાંભળીને દુઃખ થયું." ["Hello. I am Peter. Our offices are next to each others. We joined MPA almost together, just a difference of 2-3 months. Really sorry to hear about the accident."]

"હેલો! મેં પણ તમારું નામ મારા ભાઈ પાસેથી સાંભળ્યું છે. તમે જ ભાઈને સાઇકલ ચલાવતાં શિખવાડેલું. આભાર." ["Hello! I have heard your name from my brother. You helped him with the bicycle right? Thanks for the support."]

"હેલો. મારું નામ એમી છે. હું MPA સાથે સંકળાયેલી નથી પરંતુ ઘણીવખત આવું છું. નામિટે અંગે સાંભળીને દુઃખ થયું." ["Hello. I am Amy. I don't belong to this institute but a frequent visitor to MPA. Really sorry for Nametee."]

"હેલો. તમારા નામનો ઉલ્લેખ ઘણીવખત સાંભળ્યો છે. તમારી મદદ વગર તો ભાઈ ભૂખે જ મરતે. તમે જ ભાઈને રસોઈનાં ઉપકરણો અને વોશિંગ મશીન ચલાવતા શિખવાડ્યું હતું ને! આભાર." ["Hello! I have heard your name very often. My brother would have almost starved without you. You taught him with the kitchen gadgets and washing machine right? Thanks."]

એમી મધ્યમ કદની છોકરી હતી. જર્મન સ્ત્રીઓની સરખામણીમાં ડેલિકેટ ફીચર્સ હતા. આંખો એકદમ ફ્રેન્ડલી અને ચમકતી હતી. એમીની આંખોમાં નિમિત્ત માટેની લાગણીઓ સ્પષ્ટ હતી. એ ક્શુંક વધારે કહેવા માગતી હતી, પરંતુ ખચકાતી હતી. એ ખચકાટ શાને માટે હતો? ખચકાટ ચોક્કસ હતો. અનુજે વધારે પૂછ્યું નહીં. પીટર અને એમીએ અનુજની વિદાય લીધી અને રૂમની બહાર નીકળી ગયાં.

હજી બીજા બે-ત્રણ જણ અનુજને વ્યક્તિગત રીતે મળી ગયા. પોતાનો સેલ નંબર પણ આપ્યો અને મદદની ઑફર પણ કરી. છેલ્લે ફક્ત મિ. ડેવિડ, મિ જ્હોન અને અનુજ બાકી રહ્યા. મિ. ડેવિડ પણ જવાની તૈયારીમાં હતા. અનુજ સાથે હાથ મેળવી મિ. ડેવિડે પણ વિદાય લીધી.

જ્હોન અને અનુજ MPA બિલ્ડિંગની બહાર નીકળી પાર્કિંગ તરફ જતા હતા ત્યાં જ એમી અને પીટર પણ બહાર નીકળીને તેમની કારમાં બેસવા જ જઈ રહ્યાં હતાં. એમીએ અનુજને હાથ કર્યો. પીટર ડોકું હલાવી તેની ગાડીમાં બેસી ગયો. એમી પણ ગાડીમાં બેસી ગઈ અને પીટરે ગાડી સ્ટાર્ટ કરી.

જ્હોન અને અનુજ પણ મિ. જ્હોનની ગાડીમાં બેઠા. અનુજને એમી અને પીટર વિશે વધારે જાણવાની ઉત્સુકતા થઈ, પરંતુ પ્રશ્નો પૂછીને વધારે પડતી જિજ્ઞાસા બતાવવી અનુજને ઠીક ન લાગી. એને એમી અને

પીટરની વર્તણૂક અજુગતી લાગી ખરી. ભાઈ ક્યારેક એ લોકોની વાત કરતો ત્યારે તો એવું લાગતું કે એ લોકો સારા મિત્રો છે.

જ્હોને ગાડી રોડ પર લઈ લીધી. ફરી રસ્તાઓ, ફરી ગાડીઓ. બપોરના બાર વાગ્યા હતા પણ તડકો કુમળો હતો. વાતાવરણમાં તાજગી હતી.

અહીંના લોકો વધુ કામ કરી શકે છે એનું રહસ્ય અનુજને સમજાઈ ગયું. ઘોંઘાટ નહીં, પોલ્યુશન નહીં, હવામાં તાજગી અને સ્ફૂર્તિ. શક્તિનો વેડફાટ જ નહીં. થાક લાગે જ ક્યાંથી?

''અનુઝી! આપણે રસ્તે જતાં ઇન્સ્પેક્ટરને મળવું પડશે. મને ફોન આવ્યો હતો.'' [''Anuzee, we will have to go to meet the inspector on the way, I had a call.'']

''ઇન્સ્પેક્ટર? કેમ?'' [''Inspector? Why?''] અનુજના ચહેરા પરના હાવભાઈ જોઈ મિ. જ્હોને કહ્યું;

''ચિંતા નહીં કર. આ તો એક્સિડન્ટનો મામલો છે એટલે રૂટિન ઇન્ક્વાયરી છે.'' [''Don't worry. It is a routine inquiry. It is an accident case.'']

અનુજને વાત ગમી નહીં પણ છૂટકો ન હતો.

થોડીવારે ઓટોભાનમાંથી ગાડી exit કરી એક લેનમાં આવેલા મકાન પાસે જ્હોને ગાડી પાર્ક કરી.

પોલીસ હેડક્વાર્ટર્સનું મકાન હતું. લીલો અને બદામી રંગનો યુનિફોર્મ પહેરેલા પોલીસોની અવરજવર હતી. લીલા અને સફેદ રંગની નિશાનીવાળાં વાહનો હતાં. રોડ અને હાઇવેની સલામતી જાળવતી પોલીસની ફરતી વાનો જે 'વરકેહસપોલઝી' (Verkehrspolizei) નામે ઓળખાય છે તે વાનો પણ કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી હતી. આ ફરતી વાનો હાઇવે પર સતત પેટ્રોલિંગ કરતી હોય છે અને તેમની સફેદ કોટ એમની ઓળખ હોય છે. જર્મનીના બધા જ ઓટોભાન પર થોડે થોડે અંતરે નારંગી રંગના ખાસ ટેલિફોન મૂકેલા હોય છે જ્યાંથી તમે ઍક્સીડન્ટ થાય કે જુવો તો મદદ મેળવી શકો. ઍક્સીડન્ટ માટેનો ઇમરજન્સી નંબર 112 ડાયલ કરીને પણ મદદ મેળવી શકાય. આ મકાન આ વિસ્તારનું હેડક્વાટર હતું. ગાડીમાંથી ઊતરીને જ્હોન સાથે અનુજે મકાનમાં પ્રવેશ કર્યો. ઑફિસની હારમાળાઓ અને પોલીસની અવરજવર વચ્ચે છેલ્લે આવેલી ઑફિસમાં બંનેએ પ્રવેશ કર્યો.

"હેલો ઇન્સ્પેક્ટર ફ્રિસ્ત્ઝ" જ્હોને અભિવાદન કર્યું. ફાઇલ વાંચી રહેલી વ્યક્તિએ ચશ્માંમાંથી નજર ઊંચી કરીને જોયું. એકાદ મિનિટ ઓળખાણ ન પડી. પછી તરત જ...

''મિ. જ્હોન. MPA. કેમ છો?'' ["Mr. John, MPA. Hallo. how do you do?"] તરત જ એમણે બાજુમાં ઊભેલા અનુજ તરફ દૃષ્ટિ કરી.

''તમે ભારતથી આવેલા ભાઈ હશો.'' ["You must be the brother from India."]

''હલો. હું અનુજ, નિમિત્તનો નાનો ભાઈ.'' ["Hello. I am Anuzee. Nimitt's younger brother."]

ઇન્સ્પેક્ટરની તેજ નજરે અનુજને ઓળખી લીધો.

ઇન્સ્પેક્ટરે બંનેને ખુરશીમાં બેસવાનો ઇશારો કર્યો.

''તમે જર્મની ક્યારે આવ્યા?'' ["When did you arrive in Germany?"]

''શનિવારે સવારે આવ્યો સર.'' ["I came on Saturday Morning, sir."]

''સર કહેવાની જરૂર નથી. મારું નામ ફ્રિસ્ત્ઝ છે. તમે નર્વસ કે ગભરાયેલ નથી ને મિ. અનુઝી!'' ["No need to address me as sir, My name is Fritze. Hope you are not scared or nervous Mr. Anuzee."]

''હું બિલકુલ સ્વસ્થ છું મિ. ફ્રિસ્ત્ઝ. પણ હું તમને શું જણાવી શકું?'' ["No, Mr. Fritze. I wonder what can I tell you!"] અનુજને હજી આ ઇન્સ્પેક્ટર ફ્રિસ્ત્ઝને મળવાની જરૂર સમજાતી ન હતી.

ઇન્સ્પેક્ટર ફ્રિસ્ત્ઝે જ્હોનની સામે જોયું. જ્હોન સમજી ગયા અને ખુરશીમાંથી ઊભા થયા.

“મારે થોડા ફોન કરવાના છે, હું બહાર રાહ જોઉં. પછી મળીએ મિ. ફ્રિસ્ત્ઝ.” ["I'll wait outside. I have a few phone calls to make. See you Mr. Fritze."]

ઑફિસનો દરવાજો બંધ થયો. અનુજ અને ઇન્સ્પેક્ટર ફ્રિસ્ત્ઝ એકલા પડ્યા. અનુજ પ્રશ્નોની રાહ જોતો બેઠો. ખરેખર તો એને પણ અમુક પ્રશ્નોના જવાબ જોઈતા હતા.

“મિ. અનુઝી તમને અકસ્માતની વિગતો અંગે ખબર છે?” ["Are you aware about the details of the accident Mr Anuzee?"]

“મને સંપૂર્ણ વિગત નથી ખબર. તમને વાંધો ન હોય તો મારે પણ અકસ્માત અંગે વધુ જાણકારી જોઈએ છે.” ["Not exactly sir. In fact, I want to know the details about the accident too, If you don't mind."]

“ચોક્કસ. પહેલાં મને કહો કે તમારા ભાઈનું ડ્રાઇવિંગ કેવું હતું? તે કયા પ્રકારનો ડ્રાઇવર હતો?” ["Not the least. But tell me first how was your brother's driving? I mean what kind of a driver is your brother?"]

અનુજને મનમાં ભારતના ઉભરાતા ટ્રાફિકનું દૃશ્ય યાદ આવી ગયું, ભીડવાળા, ટ્રાફિકના નિયમોનું સદંતર ઉલ્લંઘન કરતા અને ગલીઓ વચ્ચેથી સ્કૂટર ચલાવતા નિમિત્તની યાદ આવી. ભારતમાં આમ નહીં તો બીજી કેવી રીતે ચલાવાય? ભારતમાં જો ટ્રાફિકના નિયમોનું પાલન કરવા જાય તો વધારે ઍક્સિડન્ટ થાય. બે જ દિવસના અવલોકન પછી અનુજને સમજાઈ ગયું કે અહીં વાહન ચલાવવું અને ભારતમાં વાહન ચલાવવું એટલું જ અલગ છે કે જેટલા થેપલા અને બર્ગર અલગ છે!

“શું તે ક્યારેક ડ્રિંક્સ, ડ્રગ્સ...” [Did he drink or drugs or you know..."] ઇન્સ્પેકટરની આંખો ઝીણી થઈ.

“કોઈ સવાલ જ નથી. ફિઝિક્સ સિવાય કોઈ બીજો નશો મારો ભાઈ ક્યારેય કરે જ નહીં. તમે એની ટેસ્ટ કરી...?” ["Never! not a chance. Any kind of addiction besides astro physics, absoltely No. Did you test?"] અનુજને થોડો ગુસ્સો આવ્યો.

“અમારી રૂટિન કાર્યવાહી પ્રમાણે અમે ડ્રગનો ટેસ્ટ કરીએ છીએ. પણ રિપોર્ટ ક્લીયર છે. કોઈ નશો નથી.” ["Yes, we did because its part of our procedure. He is clean. No drugs, no alchohol."]

ઇન્સ્પેક્ટર ફ્રિસ્ત્ઝે થોડીવાર અનુજ સામે જોયા કર્યું. કશાક નિર્ણય પર આવવા માંગતા હતા. અનુજને પણ ઇન્સ્પેક્ટરની તાકતી નજરનો અંદાજ હતો.

“સર મને અકસ્માત અંગે જાણવું છે. અમે માની જ નથી શકતા કે નિમિત્તનો અકસ્માત થઈ શકે. ઓવર સ્પીડ નથી, ડ્રગ નથી, સલામત ડ્રાઇવર છે, નશો નથી તો પછી... શું સામેનો ડ્રાઇવર ઓવર સ્પીડ કે નશામાં હતો?” ["Sir, tell me the details of the accident. We were not ready to believe that Nimitt can meet with an accident. I mean he is a very safe driver. No over - speeding, no alchohol, was the other driver drunk or over - speeding?"]

“તને અકસ્માત અંગે જાણ નથી લાગતી મિ. અનુઝી. સામે બીજુ કોઈ વાહન ન હતું.” ["You are not aware about the accident Mr. Anuzee, are you? There was NO OTHER vehicle."] ઇન્સ્પેક્ટરે છેલ્લા વાક્ય પર ભાર મૂક્યો.

“શું? શું વાત કરો છો? એક જ વાહન... કેવી રીતે... અજબ છે... શું બન્યું...?” ["What? You mean,

only one Vehicle? How can it be? It can, but.... seems strange, what happened?"] અનુજ અચંબામાં પડ્યો તે ઇન્સ્પેકટર ફિસ્ત્ઝની ધ્યાન બહાર ન ગયું.

''મને પણ એ જ આશ્ચર્ય છે. અકસ્માત કોયડાભર્યો છે. એક જ વાહન, એકમાર્ગીય ટનલ, સ્પીડ બરાબર, નશો નહીં. મેં તે વખતનો કેમરા ફૂટેજ મંગાવ્યો છે. તેને કોઈ બીમારી, બ્લડપ્રેશર કે બીજુ કાંઈ...''
["That is exactly what puzzles me. He was driving in a single entry tunnel. He was not over speeding, no alcohol. I've asked for the camera footage. Did he have any medical conditions like blood pressure or any such ailments?"]

''ભાઈનો મેડિકલ રિપોર્ટ નૉર્મલ છે. નાનપણથી જ યોગા કરે છે.'' ["No. His medical report is perfact. He does Yoga since childhood."]

"Hum...hum...."

ઇન્સ્પેક્ટરે ફરી એકવાર અનુજ સામે તાક્યા કર્યું. પછી અચાનક પૂછ્યું:

''અનુઝી તને એક સંવેદનશીલ પ્રશ્ન પૂછવો છે. શું ભારતમાં કે અહીં તારા ભાઈનો કોઈ દુશ્મન ખરો?''
["Look Anuzee. Let me ask you a sensitive question. Did your brother by any chance have an enemy here or in India?"]

''દુશ્મન? ભાઈનો? કેટલો... (વાહિયાત)'' ["Enemy? my brother? how very....(rude)"] અનુજ rude બોલવા જતો હતો પણ સમયસર અટકી ગયો. એના expression ઇન્સ્પેક્ટર ફિસ્ત્ઝ ખૂબ બારીકાઈથી નિહાળી રહ્યા હતા. તેમની તેજ, અનુભવી નજર સમજી ગઈ કે અનુજ કશું જાણતો નથી. એમણે વધારે આગળ વાત જવા દીધી નહીં.

''ફક્ત રૂટિન પ્રશ્ન છે મિ. અનુઝી. આ એક્સિડન્ટ જિજ્ઞાસા જન્માવે તેવો છે. કોઈ ડ્રગ નથી. બીજુ કોઈ વાહન નથી, ઓવરસ્પીડ નથી અને કોઈ ફિઝિકલ કારણ નથી. તેના રેકોર્ડ પણ બરાબર છે. અત્યાર સુધીમાં એની કોઈ ટિકિટ મળી નથી. નોર્મલ સ્પીડે જતી કાર એક ટનલમાં પ્રવેશે છે અને અચાનક ભયંકર રીતે અથડાઈ જાય છે. શા માટે? ગાડીએ અચાનક વળાંક લીધો છે, એવું લાગે છે કે ડ્રાઇવરે અચાનક જ દીવાલ સાથે અથડાવાનું નક્કી કર્યું હોય એમ લાગે છે. ટાયરના વળાંક પરથી એવું લાગી રહ્યું નથી કે વચ્ચે કોઈ અવરોધ નડ્યો હોય. કોઈ અવરોધ હતો પણ નહીં. અચાનક વળાંક લઈને ગાડી દીવાલ સાથે અથડાઈ. શા માટે?'' ["Just a routine question Mr. Anuzee. You see the accident is curious. No drugs, no other vehicle, no overspeeding, no physical condition. His records are also straight. Not a ticket issued till date. A car with regular speed enters a tunnel and crashes badly. Why? It has taken a sharp turn. It seems as if the driver has just decided to go and hit the wall. The curve of the tyre marks does not indicate any barrier which the driver might have faced. There was no barrier. He just takes a sharp turn and collides with the wall. Why?"] ઇન્સ્પેક્ટર ઍક્સીડન્ટની ઘટના સમજી જ શકતા ન હતા.

''દુશ્મનીવાળી વાત ભૂલી જાવ ઇન્સ્પેક્ટર.'' ["Forget enemy theory Inspector."] અનુજ ભાઈની કોઈ સાથે દુશ્મની હોય એ વાત સ્વીકારવા તૈયાર જ નહોતો. આ ઇન્સ્પેક્ટર શું બોલી રહ્યો છે?

''અમે ફક્ત બધી સંભાવના વિચારી રહ્યા છે મિ. અનુઝી. અમારું કામ જ એવું છે. એક કામ કરો મારો નંબર લઈ સ્પીડ ડાયલમાં નાખી રાખો. તમારો નંબર પણ આપી રાખો. મને ગમે ત્યારે ફોન કરી શકો છો. આપણે કદાચ ફરી મળીશું.'' ["We are looking for all possibilities Mr. Anuzee. We look from all angles, Our job. Anyway, here's my cell number. Please feed it in your speed

dial. Give me your cell number too. We may need to meet again. You can call me anytime of course."]

''હું તમારો નંબર હાથવગો રાખીશ. આભાર મિ. ફ્રિસ્ત્ઝ.'' ["Thank you Mr. Fritze. I'll keep your number handy."] અનુજ ઊભો થયો.

ઇન્સ્પેક્ટર સાથે બહાર આવ્યો. મિ. જ્હોન કોઈ પોલીસ સાથે વાત કરી રહ્યા હતા. બંનેને જોઈને એમની તરફ આવ્યા.

"Interogation over?"

"Oh. No interrogation. You don't know what it is John." ફ્રિસ્ત્ઝે હસતાં હસતાં કહ્યું.

હળવી વાતચીત પછી બંને બહાર નીકળ્યા. ગાડીમાં બેઠા અને રસ્તે પડ્યા. અનુજ વિચારમાં ખોવાયેલો હતો. અનુજને લાગ્યું કે દુશ્મનવાળી વાત ફક્ત રૂટિન ન હતી. માનવસ્વભાવનો એટલો અભ્યાસ એણે પણ કર્યો છે. ડૉક્ટર તરીકે એની નજર પણ એટલી જ તેજ છે. ઇન્સ્પેક્ટર ફ્રિસ્ત્ઝે જાણી જોઈને પૂછ્યું હતું. ઇન્સ્પેક્ટરે અનુજ પર પણ મનમાં શંકા કરી. એમણે હજી પૂરેપૂરી વાત નથી કરી. એમનો ઇરાદો મારી ઊલટતપાસ કરવાનો હતો, પણ કેમ?

નિમિત્તનો દુશ્મન! જર્મનીમાં કે ભારતમાં? અશક્ય? આજે હમણાં બે જ કલાક પહેલાં જ તો MPAમાં બધાનો નિમિત્ત માટેનો પ્રેમ જોઈને આવ્યો છે. બધાંનાં નામ તો યાદ ન હતાં, પણ ચહેરા, એના પરની લાગણીઓ બધું નજર સામે જ હતું.

અનુજ અંદરથી ખળભળી ઊઠ્યો. હવે આવું બધું પણ સહન કરવાનું? ઇન્સ્પેક્ટર, પૂછપરછ, દુશ્મની! અનુજની ચૂપકી જોઈને જ્હોન ચૂપ રહ્યો. થોડી વાર પછી હળવેથી બોલ્યો.

''આપણે પહેલાં ખાઈએ પછી હોસ્પિટલમાં જઈશું?'' ["Shall we go to eat first and then to the hospital?"]

''હા. ચોક્કસ. પણ મને ભૂખ નથી.'' ["Yaah. Sure. I am not hungry though!''] વિચારોમાં ખોવાયેલા અનુજે જવાબ આપ્યો.

''તું ખાવાનું જોશે એટલે તને ભૂખ લાગશે. અમે જર્મન લોકો તો હંમેશાં ભૂખ્યા જ હોઈએ છીએ.''

["You will feel hungry when you see food. Come on. We Germans are hungry all the time."] જ્હોન વાતાવરણને હળવું બનાવવાની કોશિશ કરી રહ્યો હતો.

અનુજ હસ્યો. પણ મનમાં વિચારો ચાલુ જ હતા. દુશ્મન? ઇન્સ્પેક્ટર ફ્રિસ્ત્ઝ કહેવા શું માગતા હતા? આ પોલીસ લોકો બધાને ગુનેગાર સમજતા હશે?

જ્હોને ગાડી એક રેસ્ટોરાં પાસે ઊભી રાખી. બંને ગાડીમાંથી નીચે ઊતર્યા. જ્હોને ટ્રે ભરીને ખાવાનું લીધું અને અનુજે બર્ગર, ફ્રેન્ચ ફ્રાય અને મિલ્કશેક લીધાં. ભૂખ લાગી હતી. પેટપૂજા કરીને બંને ફરી ગાડીમાં બેઠા. જ્હોને ગાડી હૉસ્પિટલ તરફ જવા માટે વાળી લીધી. સાંજના ચાર વાગ્યા હતા. આકાશનો રંગ બદલાવા લાગ્યો. અહીં અંધારું કેટલું જલદી થઈ જાય છે! હૉસ્પિટલ જતી વખતે આવું અંધારું થવા લાગ્યું એ અનુજને ગમ્યું નહીં.

હૉસ્પિટલમાં ફરીથી એ જ ફ્લૉર પર ગયા. કૉરિડૉર તો ખાલી હતી. નર્સ-સ્ટેશન પર બે નર્સ બેઠેલી હતી. અનુજને જોઈને નર્સ ઊભી થઈ ગઈ. જર્મન ભાષામાં પ્રશ્નો પૂછ્યા. જ્હોને જર્મન ભાષામાં ઉત્તર આપ્યો. એણે અનુજની સામે જોઈ ડોકું હલાવ્યું. બીજી નર્સની સાથે વાત કરી. અનુજે પ્રશ્નાર્થ ચિહ્ન સાથે જ્હોન સામે જોયું. જ્હોને જણાવ્યું.

એમને હેડ નર્સ સાથે વાત કરવી પડશે. She is in charge. એ હમણાં આવે છે. નિમિત્ત સ્પેશ્યલ પેશન્ટ

છે એટલે એને પૂછ્યા વગર આપણને અંદર જવા દેવામાં આવે નહીં. ચિંતાનું કોઈ કારણ નથી.

અનુજને શાંતિ થઈ. થોડીવારે એક નર્સ કૉરિડૉરમાંથી એમની તરફ આવતી દેખાઈ. એમની ચાલ અને બોડી લેંગ્વેજ પરથી ખબર પડી જતી હતી કે તે અહીંની ઇન્ચાર્જ છે. જર્મન સ્ત્રીઓ ભારતીય સ્ત્રીઓની સરખામણીમાં ઊંચી અને કદાવર બાંધાની હોય છે. નર્સની પણ હાઇટ છ ફૂટની નજીકની હશે.

“Yes. How can I help you.” એણે આવીને અનુજ, જ્હોન બંને તરફ વારાફરતી જોયું. ન જેવું કહી શકાય તેવું સ્મિત એના ચહેરા પર હતું.

‘‘હલો. અમે નામિટેની મુલાકાતે આવ્યા છીએ. આ અનુઝી તેનો નાનો ભાઈ ભારતથી આવ્યો છે. અમે ડૉ. ઍડવર્ડની પરવાનગી લીધી છે.’’ [“Hallo. we came for Nametee. He is Anuzee. Younger brother from India. We have the permission from Dr. Edward.”]

‘‘હલો. હું નર્સ માર્ગી છું. ડૉ. ઍડવર્ડે મને વાત કરી રાખી છે. નામિટે ખાસ પેશન્ટ છે.’’ [“Hallo I am Margie. Yes, I know that, I have been told by the doctor. Nametee is a special patient.”] વાત કરતી વખતે એમની નજર અનુજ તરફ જ વધારે હતી.

‘‘હવે તેની તબિયત કેમ છે? કોઈ ફેરફાર?’’ [“Can you tell me, how is he? Any new developments?”] અનુજને ઇંતેજારી થઈ.

‘‘ફેરફાર નથી એ સારી નિશાની છે. એની સ્થિતિ પહેલાં જેવી જ છે. તમારે એની મુલાકાત કરવી છે? તમે તેને કાચના પાર્ટિશનમાંથી જોઈ શકો છો.’’ [“No development is good news right now. He is as it is. Would you want to visit him, through the partition of course?”]

“Yes. We would.” જ્હોન અને અનુજ બંને સાથે જ બોલ્યા.

“Come.”

અનુજ, જ્હોન અને માર્ગી કૉરિડૉર તરફ ચાલવા લાગ્યાં. અંદર જઈને ગઈકાલે હતાં ત્યાં જ કાચના પાર્ટિશન તરફ ઊભા રહ્યાં. અંદર આછું અંધારું હતું. મશીનોની વચ્ચે ખાટલા પર એક સફેદ પાટામાં વીંટળાયેલો દેહ હતો. જાત જાતનાં મશીનોમાંથી હળવી લાલ, પીળી, ભૂરી લાઇટ્સ દેખાઈ રહી હતી. અનુજ એ દેહને જોઈ રહ્યો હતો. થોડીવારે નર્સ અને જ્હોન બહાર નીકળી ગયાં. અનુજ હાલી ન શક્યો. ત્યાં જ ઊભો રહ્યો. એની આંખમાં આંસુ ઊભરાયાં.

‘ભાઈ, હું આવી ગયો છું. હવે તને સારું થઈ જશે. તેં કહ્યું હતું, એમ ડૉક્ટર પણ બની ગયો છું. તારા વગર કોઈને ગમતું નથી. તું કાંઈક બોલ....ભાઈ સારો થઈ જા... ઘરે આવી જા...’

અનુજની આંખમાંથી આંસુ ઊભરાયાં. વધારે રડીને ભાઈને ડિસ્ટર્બ ન કરી શકાય. થોડીવાર એમનો એમ ઊભો રહી કાચ પર જાણે ભાઈને ફેરવતો હોય એમ હાથ ફેરવી બહાર નીકળી ગયો. જ્હોન અને માર્ગીએ થોડી હમદર્દીથી એની સામે જોયું અને તેઓ ફરી નર્સ-સ્ટેશન પાસે આવી ગયાં.

‘‘તમારી પાસે રિપોર્ટ છે? હું પણ ડૉક્ટર છું. મારે રિપોર્ટ જોવા છે.’’ [“Do you have his report? can I see them? I am a doctor too.”]

‘‘તે ડૉક્ટર પાસે છે. હમણાં તેઓ મિટિંગમાં છે. થોડી રાહ જોશો?’’ [“They are with the doctor. He is in a meeting presently. Can you wait for some time?”]

“Ya. Sure we can.” જ્હોને જવાબ આપ્યો. નર્સ એમને ડૉક્ટરના વેઇટિંગ રૂમમાં લઈ ગઈ. બંને ત્યાં બેઠાં. અડધો કલાક રહીને ડૉક્ટર આવ્યા.

‘‘તમને થોભવું પડ્યું!’’ [“Sorry to keep you waiting.”] ડૉક્ટર એડવર્ડે બંનેનું અભિવાદન કરતાં કહ્યું.

"Its all right."

"Come in." ડૉક્ટર બંનેને ઑફિસમાં લઈ ગયા અને ખુરશી પર બેસવાનો ઇશારો કર્યો.

''હલો ડૉક્ટર, ભાઈની મુલાકાતે આવ્યા હતા. કોઈ અગત્યનો ફેરફાર?'' ["Hello. doctor. We had come to visit my brother. Any further important developments?"] અનુજે વાતચીત ચાલુ કરી.

''તબિયત એમ જ છે. અમે ચોવીસે કલાક દેખરેખ રાખીએ છીએ એટલે જરા જેટલો ફેરફાર પણ અમને જણાઈ આવશે. સારી વાત એ છે કે તબિયત બગડી નથી. અમારા મત મુજબ એ સારી નિશાની છે.'' ["Same as yesterday. We are continuously observing him. we would know about any slight change in any of the functions, But the good part is there is no further deterioration either. Stable conditions – a good sign according to me."] ડૉ. ઍડવર્ડ વર્ષોના અનુભવના આધારે કહી રહ્યા હતા. અનુજને ડૉક્ટર તરીકે એમની વાત બરાબર સમજાતી હતી.

''ડૉક્ટર! ભાઈ હોસ્પિટલમાં આવ્યો ત્યારની હાલત અંગે જાણવું છે.'' ["Doctor, I want to know about the condition when he arrived.''] ઇન્સ્પેક્ટરને મળ્યા પછી અનુજના મનમાં ક્યારનો આ પ્રશ્ન ઘોળાતો હતો.

''ઓહ, હાલત નાજુક હતી. કાર ખરાબ રીતે અથડાઈ હતી. સીટબેલ્ટ અને એરબેગને કારણે મરતા બચ્યો પણ પાંસળી, પગ, ઘૂંટણ પર જોરદાર આંચકાને કારણે ભારે ઈજા હતી. માથા પર પણ ઈજા હતી. અમને ગાડીમાંથી શરીરને બહાર કાઢવામાં પણ તકલીફ પડી હતી.'' ["Oh! He was in a bad shape. The car had hit badly. The Seat belt and airbag prevented the fatality but ribs, legs, knee had a hit. The head severe injury. We had difficulty taking the body out of the car."]

''શું ડ્રગ અને નશા માટેનું પરીક્ષણ થયું હતું?'' ["Was a test run for drugs or alchohol?"] અનુજના મનમાં બીજી વાતો ચાલતી હતી.

''હા, અકસ્માતના દરેક કેસમાં અમે આવી ટેસ્ટ કરતાં જ હોઈએ છીએ. ટેસ્ટ નેગટિવ હતો. આ અકસ્માત કોયડારૂપ છે. સામે કોઈ વાહન ન હતું અને એકમાર્ગીય ટનલ છે.'' ["Yes. In case of an accident, we have to do these tests as a routine. He was absolutely negative for any drugs. I am not sure as to how the accident must have happened. There was no other vehicle, and it's a one way tunnel."]

''મને કહેવામાં આવ્યું છે. તબિયત અંગે કંઈ કહી શકાય?'' ["I was told about it. Any prediction about his health?"]

''તું પોતે પણ ડૉક્ટર છે એટલે સમજી શકે છે કે આવા સંજોગોમાં કશું નિશ્ચિત હોતું નથી. સારી આશા કરી શકીએ. મને જે પૂછે તે બધાંને હું એમ જ કહું છું.'' ["Can't say any thing. You are a doctor yourself. It is very difficulty to predict. Let us hope for the best. I keep telling whoever calls for inquiries about his health."]

''બીજા કોણ પૂછે છે?'' ["Who else calls?"] અનુજ જાણવાની જિજ્ઞાસા ખાળી શક્યો નહીં.

''ઓહો, તે અગત્યની વ્યક્તિ છે. તેની તબિયત અંગે જાણવા માટે મારા પર અનેક ઇન્સ્ટિટ્યૂટ અને બીજા અનેક શુભેચ્છકોના ફોન નિયમિત આવે છે. કાર્ડ્સ પણ આવે છે. મેં એક ડાયરી પણ મૂકી રાખી છે કે જેથી મુલાકાતી તેને માટે શુભસંદેશાઓ લખી શકે. આ બધા લોકોની શુભેચ્છાઓ ફળે તો સારું. મને તારો નંબર આપ અનુઝી. હું જ તને ફોન કરી તબિયત અંગે સમાચાર આપતો રહીશ અને ચિંતા નહીં કર.'' ["Oh. Many. He is an important person. we have calls from the institute, His

other well wishers. Some send cards. In fact we have kept a diary, so people can write their wishes. Your brother has plenty of well-wishers. Lets hope their wishes bring results. Give me your number Anuzee. I will personally inform and update you about his conditions. You can come as often as you wish. Don't worry."]

''આભાર.'' ["Thank you very much doctor."]

હૉસ્પિટલમાંથી બહાર નીકળી અનુજ અને મિ. જ્હોન ગાડીમાં બેઠા. બંને શાંત હતા. અનુજની નજર સામેથી હજી ભાઈની તસવીર હટતી નથી. ચિંતાનો એક વંટોળ એને ઘેરી રહ્યો હતો. જ્હોન પણ ચૂપ હતો. એણે ગાડી સ્ટાર્ટ કરી અને રસ્તા ઉપર ડ્રાઇવ કરવા લાગ્યો. લાંબે રસ્તે બંને કાંઈ ખાસ બોલ્યા નહીં. જ્હોન એને ઘરે ઉતારીને ગયો.

''ખૂબ હેક્ટિક દિવસ હતો અનુઝી. તને આરામની જરૂર છે. ગુડનાઇટ.'' ["Hectic day, Anuzee. You need rest. Take care good night."] જ્હોન અનુજની મનોદશા સમજી શકતો હતો.

''સમજવા બદલ આભાર જ્હોન. ગુડનાઇટ.'' ["Thank you so much John. Thanks for understanding, Good night."]

અનુજ હવે ઘરે જઈ એકલો રહેવા માંગતો હતો. ઘરમાં આવી પહેલા એણે 'સ્વજન' પર ફોન લગાવ્યો.

"હલો મમ્મી, જયશ્રી કૃષ્ણ. પપ્પાને ફોન આપ."

એણે પપ્પાને ટૂંકમાં વાત જણાવી. ઇન્સ્પેક્ટર ફિસ્ત્ઝની મુલાકાત અંગે કશું કહ્યું નહીં. ફોન મૂકીને અનુજ સોફા પર બેઠો. થાક અને ચિંતાથી વ્યથિત હતો. થોડીવારે ઊઠ્યો. ફ્રેશ થયો અને પેટપૂજા કરી.

આજના દિવસનું સરવૈયું કાઢ્યું. ઇન્સ્ટિટ્યૂટમાં બધાંની નિમિત્ત માટેની લાગણીઓ જોઈને ખૂબ જ આનંદ અને ગર્વ થયો હતો. Director ડેવિડ, સહાધ્યાયીઓ અને સ્ટાફના લોકો કેટલી લાગણીથી નિમિત્ત માટે ભાવ વ્યક્ત કરી રહ્યા હતા. ઇન્સ્પેક્ટર પણ કદાચ એની રીતે બરાબર જ હતો. એ તો ફક્ત એની ડ્યૂટી કરી રહ્યો હતો. અનુજ બધું બરાબર છે એમ મન મનાવવાની કોશિશ કરી રહ્યો હતો પણ એના મનમાં કાંઈક ખૂંચતું હતું. ઇન્સ્પેક્ટર શું કહેવા મથતો હતો? વિચારતો વિચારતો ઊંઘી ગયો. રાત્રે ઊંઘમાંથી અચાનક ઝબકીને ઊઠી ગયો. એને પરસેવો છૂટી ગયો હતો. ગળે શોષ પડતો હતો. બાજુમાં રહેલો લૅમ્પ ચાલુ કર્યો.

હા, ઇન્સ્પેક્ટર ઍક્સિડન્ટ સિવાયના વિકલ્પો વિચારી રહ્યો હતો. ભાઈનો ઍક્સિડન્ટ ન પણ હોય. એ કદાચ.... બીજું પણ હોય.... બીજું શું હોઈ શકે?....હત્યા? આત્મહત્યા? અનુજની ઊંઘ ઊડી ગઈ. અરે ભગવાન! એ હત્યા હોઈ શકે છે? આત્મહત્યા? ભાઈ શું કામ આત્મહત્યા કરે? ભાઈ તો એના કામથી ખુશ હતો. જરા પણ ડિપ્રેસન લાગતું ન હતું. ઘરની વ્યક્તિઓને, મને તો ખબર પડી જ જતે ને! રેગ્યુલર ફોન આવતા હતા. પત્રો પણ આવતા હતા. આત્મહત્યા શક્ય જ નથી.

પોતાની મહત્ત્વની શોધ જાહેર કરવાના દિવસે અને એવી મહત્ત્વની ઘડીએ ભાઈ જેવી સમજદાર વ્યક્તિ ટનલમાં, દીવાલ સાથે ગાડી ઠોકી આત્મહત્યા ન જ કરે. શક્ય જ નથી, તો પછી? હત્યા? ભાઈ જેવી સાલસ વ્યક્તિ સાથે કોની દુશ્મની હોય? બધાની લાગણીઓ તો એણે આજે નજરે જોઈ હતી. ઇન્સ્પેક્ટર ક્યાં ભાઈને મળ્યો છે? એ ભાઈ વિશે શું જાણે છે? હત્યા પણ ન જ હોઈ શકે. હત્યા માટે દુશ્મની જોઈએ, મોટિવ જોઈએ. ભાઈ પાસે પૈસાનો ભંડારો તો છે નહીં, ભાઈ કોઈ પોલિટિકલ વ્યક્તિ નથી, કોઈ રજવાડાનો કુંવર તો છે નહીં. ભાઈ પાસે તો ફક્ત એમનું જ્ઞાન છે. જ્ઞાન માટે તો કોઈ......

'Knowledge is power. Knowledge is money', વારંવાર સાંભળેલું વાક્ય યાદ આવી ગયું. ભાઈનું જ્ઞાન એજ ભાઈની ખરી મૂડી. ભાઈનું જ્ઞાન જ ભાઈ.... ના, ના, અહીં તો ભાઈ જેવું જ્ઞાન દરેક વ્યક્તિ પાસે હશે. અહીં તો બધા જ વિજ્ઞાનીઓ છે. પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ છે. એમને શું ભાઈની હત્યા કરવાની જરૂર પડે.

આ ઇન્સ્ટિટ્યૂટમાં તો આવા કેટલાય વિજ્ઞાનીઓ છે, સૌ પોતપોતાની ફિલ્ડમાં રિસર્ચ કરતા હશે. એ જ તો આ ઇન્સ્ટિટ્યૂટની ખૂબી છે. આવા વિજ્ઞાનીઓ ભેગા કરે, ખોજ કરે તો પછી હત્યાની શું જરૂર છે. ખૂબ વિચારીને અનુજ એવા નિષ્કર્ષ પર પહોંચ્યો કે પોતે ખાલી ખાલી ઇન્સ્પેક્ટરની routine inquiryને વધુ પડતું મહત્ત્વ આપી રહ્યો છે. એનું મગજ ઊંધી દિશામાં ચાલી રહ્યું છે! આવી કોઈ વાત જ નથી. થોડા વખતમાં ભાઈને સારું થઈ જશે. અહીંની મેડિકલ સર્વિસ અદ્યતન છે. બધા જ એક્સ્પર્ટની અને શ્રેષ્ઠ સારવાર એને મળી રહી છે. પોતાની જાતને સમજાવતો અનુજ ફરી લાઇટ બંધ કરીને સૂઈ ગયો.



ઈન્સ્પેક્ટરનો રહસ્યમય ફોન

જેવા એ લોકો બહાર ગયા એવા ઇન્સ્પેક્ટર ફિસ્ત્ઝે પોતાનો મોબાઇલ ઉપાડ્યો. નંબર લગાવીને વાત શરૂ કરી.

''સર! તે કશું જાણતો નથી. તે અજાણ છે.'' ["Sir, he does not know, He is clean."]

"............"

''મેં પૂછ્યું ત્યારે તેના ચહેરા પર આશ્ચર્ય હતું. તે આ દિશામાં વિચારતો નથી.'' ["I asked him. He was surprised. He is not thinking in those line."]

"............"

''મેં એ તરફ ઇશારો કર્યો તો પણ એ સમજ્યો નહીં.'' ["I gave him a hint about it. He simply could not understand."]

"............"

''હવે કદાચ એ દિશામાં વિચારે. તેની આંખમાં એક સમજ મેં જોઈ.'' ["May be. Now he may think about it. I saw a kind of understanding in his eyes."]

"............"

''હા. આવતી કાલે તેના ફોનની રાહ જોઈશ, નહીં તો પરમ દિવસે હું સામેથી ફોન કરીશ.'' ["Yes, If he calls by tomorrow fine, otherwise I will call him again day after tomorrow."]

"............"

"O.K."

ઇન્સ્પેક્ટરે ફોન મૂકી દીધો. કૉફી મશીનમાં જઈને કૉફીનો કપ ભર્યો. ટેબલ પર બેસી કમ્પ્યૂટર સ્ક્રીન પર નજર માંડી. થોડી ક્લિક કરી કૅમેરા પર શૂટ કરેલી ફૂટેજ ફરી ફરી જોઈ. ઍક્સિડન્ટ ખરેખર કોયડાભર્યો છે. આટલા ઇમ્પેક્ટ પછી બચવાની શક્યતા નહીંવત જ ગણાય. એ કશું બોલી કે કહી શકવાની હાલતમાં છે નહીં, કોઈને નડતો હોય તો પણ હવે મરેલા જેવો જ છે. એની આખી જિંદગી આમ જ જશે. છતાંય કેમ એ આટલો મહત્ત્વનો છે તે ઇન્સ્પેકટર ફિસ્ત્ઝને સમજાયું નહીં. મહત્ત્વનો ન હોત તો ફોન ન આવત. આટલી બધી ચાંપતી, બારીક નજર રાખવા જેવું ઇન્સ્પેક્ટરને તો આ કેસમાં લાગ્યું નહીં.

હશે ભાઈ, આપણને ન સમજ પડે તેવું દુનિયામાં ઘણું બધું હોય છે. આપણે તો સાદા માણસ. આવા વિજ્ઞાનીઓની દુનિયા અજીબો-ગરીબ જ હોય છે. ગાડી તો પૂરેપૂરી નકામી થઈ ગઈ હતી. પરંતુ ગાડીમાં રહેલો સામાન ખાસ કરીને લેપટોપ અને અન્ય ફાઇલ્સ, કાગળિયા બધું જ તો એણે રેકર્ડ બનાવી જમા કરી દીધું હતું.

કૉફીનો છેલ્લો ઘૂંટડો ભર્યા પછી ઇન્સ્પેક્ટરે કમ્પ્યૂટર બંધ કર્યું અને બીજા ઑફિસરો સાથે વાતચીતમાં પરોવાયો.



પૂનમની રાતે બૌદ્ધ ભિક્ષુઓ

આજે પૂનમનો ચાંદ સોળે કળાએ ખીલ્યો હતો. પવનની અવરજવર નહિવત્ હતી. ચાંદનીએ જાણે સમગ્ર પૃથ્વીને રૂપેરી ચાદર ઓઢાડી દીધી હતી. સમગ્ર સૃષ્ટિ વિરાટ શીતળતામાં પોઢી ગઈ હતી. દૂર હિમાચ્છાદિત શિખરો વરસતી ચાંદનીને ઝીલીને શીતળ કિરણો ફરીથી ચંદ્રને મોકલતાં હતાં. રાત્રિ મૌન ધારણ કરીને ધ્યાનમગ્ન અવસ્થામાં હતી. શિખરોની નીચે, તળેટીના એક મઠમાંથી એક પછી એક પંદર ભિક્ષુકો બહાર નીકળ્યા. સૌના મૂંડન કરેલાં માથાં ચાંદનીમાં ચમકી રહ્યાં હતાં. સૌએ રાતા રંગનું અંગવસ્ત્ર વીંટાળેલ હતું. સૌના ખભા પર એક એ જ રંગનું ઉપવસ્ત્ર હતું. આગળ એમના માસ્ટર હાથમાં એક દંડ લઈને ચાલી રહ્યા હતા. પાછળ એવાં જ વસ્ત્રો પહેરેલાં પંદર યુવાનો ચાલી રહ્યા હતા. એમના ચહેરા પર શાંતિ હતી અને અપાર આનંદ હતો. સૌ મૌન હતા. આંખો ચમકતી હતી. માસ્ટર પથ્થરો ચઢીને તળેટીમાંથી પર્વત તરફ ઉપર ને ઉપર હિમશિખરો તરફ જઈ રહ્યા હતા. ચાંદનીના પ્રકાશમાં સૌની દેહાકૃતિ દેખાઈ રહી હતી. ખૂબ ચડ્યા પછી હિમાચ્છાદિત શિખરોની વચ્ચે એક સપાટ જગ્યા આવી. સૌ ત્યાં જમીન પર વર્તુળાકારે બેસી ગયા. માસ્ટરે દંડ સૌની વચ્ચે જમીનમાં ખોસી દીધો. સૌએ એક સરખો મંત્રોચ્ચાર શરૂ કર્યો.

"ઓમ...મણી...પદમે અહમ્..."

થોડીવારે સૌ મૌન થઈ ધ્યાનમાં બેસી ગયા. વાતાવરણ શાંત થઈ ગયું. આકાશમાંથી એક તેજલિસોટો ધરતી પર, દંડ તરફ તેજ ગતિએ આવી રહ્યો હતો. આખોને દંડમાં સમાઈ ગયો. દંડની ફરતે એક નાનું તેજોવર્તુળ ફરવા લાગ્યું. તેજોવર્તુળ વિસ્તરતું વિસ્તરતું ગોળાકારે બેઠેલા ગુરુ-શિષ્યોને પણ આવરતું ગયું. અંદર વિવિધ રંગના ઇયળ આકારના કણો હતા. બધા કણો અચાનક એક શૃંખલા બનાવીને મોજાના આકારમાં ફરવા લાગ્યા. આવી અનેક શૃંખલાઓ એકબીજાંની સાથે જોડાઈને વિવિધ આકૃતિઓ બનાવવા લાગી. નવી શૃંખલાઓ બનતી જાય અને જૂની તૂટતી જાય. થોડીવારે તેજોવર્તુળ સંકોચાતું સંકોચાતું ફરી દંડમાં સમાઈ ગયું. ફરી એક તેજલિસોટો નીકળીને આકાશ તરફ જઈને અદૃશ્ય થઈ ગયો. વાતાવરણ ફરી શાંત થઈ ગયું. શિષ્યો ધ્યાનાવસ્થામાં જ બેઠેલા રહ્યા.

ધીર, ગંભીર સાગરના પેટાળમાંથી આવતો હોય તેમ માસ્ટરનો અવાજ શિષ્યોને બોધ આપવા લાગ્યા.

"આ સૃષ્ટિમાં કશુંય આકસ્મિક નથી. દરેક ઘટના સૃષ્ટિનું સંચાલન કરતા મહાન નિયમ પ્રમાણે જ થાય છે. જગતના સર્વ વ્યાપારો, સર્વ વ્યવહારો કારણ-કાર્ય સાંકળ સાથે જોડાયેલા છે. શરીર મરે ત્યારે પણ કર્મ મરતાં નથી. આકસ્મિક જણાતી ઘટના આકસ્મિક લાગે છે. હોતી નથી. આ સૃષ્ટિમાં કશુંય 'બસ, એમ જ' થતું નથી. દરેક કાર્યની પાછળ કારણ હોય છે અને દરેક કારણને કારણે કાર્ય થાય છે. આ સૃષ્ટિનો મહાન નિયમ છે.

આ કાર્ય-કારણના નવ સ્તર હોય છે. પ્રત્યેક ઉપલું સ્તર તેની નીચેના સ્તરનું નિયમન કરે છે. આપણે સૌ આ અકળ અને સતત ચાલતા કાર્ય-કારણનાં પ્યાદાં છે. ઉપરનું સ્તર આપણને અહીં પૃથ્વી પર રહેલા સ્તરનું નિયમન કરે છે. ઉપરના સ્તરમાં વસનારા ગુરુઓ અને વળી એમની ઉપરના સ્તરમાં વસતા મહાન આત્માઓ આ દુનિયામાં વસતા સૌને એમના સ્વભાવ, એમની મનોદશા, એમના ચારિત્ર્ય, એમની શક્તિ અને સમગ્ર વાતાવરણને સંચાલિત કરે છે. આપણા જીવનમાં બનતી ઘટનાઓ પાછળ કોઈ કારણ છે. તમે અહીં બેઠા આ સૃષ્ટિના ગુહ્ય નિયમોનું જ્ઞાન મેળવી રહ્યા છે. એની પાછળ પણ આજ નિયમ કામ

કરે છે. તમે સૌ જનમોજનમના પ્રયાસ પછી અને પરીક્ષા પછી પસંદગી પામ્યા છો. તમે સૌ 'chosen ones' છો. જેમ જેમ તમે વિકસતા જશો તેમ તેમ તમે ઉપરના સ્તરે પહોંચતા જશો. આમ તમારી નીચે આવેલા સ્તર પર તમે કાબૂ મેળવતા જશો.

સૃષ્ટિના આ મહાન નિયમનું જ્ઞાન આજે તમને મળ્યું છે. જીવનની દરેક ઘટનાને જોવાની દૃષ્ટિ આજથી બદલાઈ જશે. ઉપરના સ્તરેથી આવતા સંકેતો તમારે ઝીલવાના છે. એ પ્રમાણે કાર્ય કરવાનું છે. તમારા કાર્યના સંદેશાઓ ફરી ઉપર જશે અને તમને નવા સંકેત મળશે. તમારું જીવન આ સૃષ્ટિના મહાન નિયમને સમજવામાં, એનું પાલન કરવામાં સક્ષમ બને એવી મારી પ્રાર્થના અને આદેશ છે." શિષ્યો ધ્યાનપૂર્વક માસ્ટરને સાંભળી રહ્યા હતા.

'ઓમ...અણી...પદમે...અહમં...' ફરી મંત્રોચ્ચાર શરૂ થયો. સૌ ધ્યાનમગ્ન થયા. થોડીવારે સૌ ઊભા થયા. માસ્ટરે જમીનમાંથી દંડ બહાર કાઢ્યો અને સૌ પર્વત પરથી ઊતરી તળેટી તરફ ઊતરવા લાગ્યા. ચંદ્ર અસ્ત થવાની તૈયારીમાં હતો. દૂર પૂર્વાકાશમાં સૂર્યોદયની ભવ્ય તૈયારીઓ થવા માંડી હતી. ફરી સૌ મઠમાં આવી ગયા. માસ્ટરને પ્રણામ કરી સૌ પોતપોતાની ઓરડીમાં ગયા. મઠમાં વચ્ચે આવેલા મોટા ધ્યાનના ઓરડામાં માસ્ટરજી ધ્યાનમાં બેઠા.

આજનું ગુહ્ય જ્ઞાન શિષ્યોએ ગ્રહણ કર્યું હતું, પરંતુ એક જગ્યાએથી આવતા સ્પંદનોમાં કચાશ હતી. કાર્ય-કારણની શૃંખલામાં એક કડી નબળી હતી. કઈ કડી નબળી હતી તે તેઓ કહી શકતા ન હતા. ઉપલા સ્તરને જાણ કરવી જોઈએ. માસ્ટરોના માસ્ટરોને જાણ કરવા ગુરુજી ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠા. ઉપરના સ્તરેથી એમની શંકાનું સમાધાન આવશે જ એવી એમને ખાતરી હતી. સંદેશો આવ્યો: માસ્ટરે સચેત રહેવાનું છે. ખૂબ સચેત રહેવાનું છે. એક નબળી કડી છે.

મિ. હર્બર્ટ અને ક્લર્ક સાથે પ્રથમ મુલાકાત

શુક્રવારે બપોરે એક વાગે નિમિત્તે કામ બંધ કરી દીધું. બપોરે બે વાગે નીકળવાનું હતું. પીટર પણ સાથે જ હતો, એટલે ઇન્સ્ટિટ્યૂટમાં જ કાફટેરિયામાં જઈને બંનેએ લંચ લઈ લીધું. નિમિત્ત એની ગાડીમાં પીટરને લઈ જવાનો હતો. એમી તો વ્યવસ્થામાં જ વ્યસ્ત હતી. એ સીધી એ બંનેને ઓડિટોરિયમમાં જ મળવાની હતી. નિમિત્ત ઉત્સાહમાં હતો. નવું જાણવાનું એને હંમેશાં ગમતું. પીટરનો ઉત્સાહ ઓછો જણાઈ રહ્યો હતો. નિમિત્ત વાત કરીને જરા એને પ્રોત્સાહિત કરી રહ્યો હતો. બે વાગ્યા એટલે બંને નિમિત્તની ગાડીમાં રિન્ગબર્ગ કેસલ જવા નીકળ્યા. Max Planck S ocietyનું પ્રવચન અને કૉન્ફરન્સ માટેનું માનીતું સ્થળ એટલે આ રિન્ગબર્ગ કેસલ. આ અઠવાડિયાના સંશોધન કામથી તો નિમિત્ત બહુ ખુશ હતો. પોતાની શોધની નજીક ને નજીક એ પહોંચી રહ્યો હતો. સંશોધન કરતી વખતે એને ઉપરથી દિવ્ય સંકેતો મળી રહ્યા હતા. એ ક્ષણોમાં એને કૃષ્ણ ખૂબ નજીક લાગી રહ્યા હતા અને સમગ્ર અસ્તિત્વ વિજ્ઞાનમય, અધ્યાત્મમય અને કૃષ્ણમય બની રહ્યું હતું.

સવારે ઊઠીને એ પ્રાણાયમ કરતો, પછી યોગાસન, પછી ધ્યાન, ત્યારબાદ એ બ્રેકફાસ્ટ કરતો અને રોજિંદું કામ આટોપતો. ક્યારેક 'સ્વજન'ને ફોન કરી દેતો. રોજિંદું કામ કરતી વખતે એ મસ્તીપૂર્વક ભજન લલકારતો. આડોશ-પાડોશને બેસૂરો અવાજ સંભળાય જાય એની ચિંતા અહીં ન હતી. પૂર્ણ પરિતોષથી, નિષ્કામ અને ઈશ્વરપરાયણ અવસ્થા કેવી હોય તેની અનુભૂતિ એને થઈ રહી હતી. ઉપનિષદોના ઋષિઓ મંત્રોનું ગાન કરતા ત્યારે કદાચ આવી જ અવસ્થાનો અનુભવ કરતા હશે ને?

તૈયાર થઈને નવને ટકોરે એ ઇન્સ્ટિટ્યૂટ જઈ વિજ્ઞાનદેવતાની આરાધના શરૂ કરી દેતો. 'વિજ્ઞાનદેવતા!' કેવું સરસ. આ ભારતીય સંસ્કૃતિ એવી જ છે. બધાને દેવ-દેવી બનાવી જ દે! સૂરજદેવ, સાગરદેવ પવનદેવ, નદીમાતા વગેરે... વિજ્ઞાન અને ધર્મ આમ તો આમને સામને કહેવાય. નિમિત્તે તો વિજ્ઞાનને પણ વિજ્ઞાનદેવતા બનાવી દીધા. આઇનસ્ટાઇન સાંભળે તો કેટલા હસે! ગેલિલિયો તો ગમ્મતે ચઢી જાય. કેમ નિમિત્તને મન તો ગેલિલિયો. આઇનસ્ટાઇન, ફ્રેનીમૅન એ બધા વિજ્ઞાનદેવતાના ભક્ત જ હતા. શું આઇનસ્ટાઇને આપેલું equation, $E=mc^2$ મંત્ર નથી? ઋષિ જેમ બ્રહ્માંડના સત્યોને શોધતા હતા એમ જ આ વૈજ્ઞાનિકો પણ બ્રહ્માંડનાં રહસ્યોની ખોજ નથી કરી રહ્યા? વિજ્ઞાનીઓ સાબિતીની મદદ લે છે તો ઋષિઓ પ્રતીતિની મદદ લે છે. એકલી પ્રતીતિ અને એકલી સાબિતી અધૂરી નથી લાગતી? સાબિતી પ્રતીતિને સ્વીકારે અને પ્રતીતિ સાબિતીને સ્વીકારે તો સત્યની શોધ સરળ ન થઈ પડે?

પીટર સાથે સામાન્ય વાત કરી રહેલા નિમિત્તનું મન આજે વિજ્ઞાન અને અધ્યાત્મના સુમેળ પર વિચારે ચડ્યું હતું. સામે કૉન્ફરન્સ અને લેક્ચર માટે જાણીતી રિંગબર્ગ કેસલ દેખાઈ. ગાડી પાર્ક કરીને બંને અંદર ગયા. એમી ક્યાંય નજરે ન પડી. પણ conference hallમાં થોડી ચહલપહલ હતી. થોડા લોકો આવી ગયા હતા. હૉલની બહારની જગ્યા પર એક ટેબલ પર કૉફી અને કુકીઝ પડ્યાં હતા. સૌ પોતાનો કપ ભરીને કૉફી પીતાં પીતાં હળવે સાદે વાત કરી રહ્યા હતા. આજના વક્તા ડૉ. હર્બર્ટ ખૂબ જ જાણીતા હતા. એમણે કરેલી શોધે જીવવિજ્ઞાનના વૈજ્ઞાનિકોમાં ખાસો ઊહાપોહ મચાવ્યો હતો. એમના પ્રયોગો અને એમની થિઅરી વિશે જાણવાની સૌને ખૂબ ઉત્સુકતા રહેતી. એમના વિરોધીઓ પણ એમની શોધમાં ઊંડો રસ લેતા. ડૉ. હર્બર્ટ એક સારા વક્તા પણ હતા. ફક્ત જીવવિજ્ઞાનીઓ જ નહીં, પરંતુ બીજા અનેક લોકો અહીં હાજર હતા. એમનું 'ફેન ફોલોઇંગ' ભારે હતું.

"Hey buddies. You came!" એમીનો ચિયરફૂલ અવાજ સંભળાયો. લોકોની વચ્ચેથી જગ્યા કરતી કરતી એ બંને પાસે આવી.

''હેય એમી. તું વ્યસ્ત લાગે છે.'' ["Hey Amy, you seem to be busy."] નિમિત્તે કહ્યું.

''આ બધી વ્યવસ્થામાં વ્યસ્ત છું. હવે દસ મિનિટમાં જ લેક્ચર શરૂ થશે. ડૉ. હર્બર્ટ આવી ચૂક્યા છે. ડિરેક્ટર સાથે કૉફી પીને લેક્ચર શરૂ કરશે. હું લેક્ચર પછી ફરી મળું.'' ["Oh. Yaah, was busy with the arrangements. The lecture will start in about ten minutes. Dr. Hurbet has already arrived. He is having coffee with the Director. See you after the lecture."]

એમી બંનેને મળીને ફરી વ્યવસ્થા માટે ગઈ. કૉફી પૂરી કરીને બંને જણાં અંદર હૉલમાં ગયાં અને સ્ટેજ બરાબર દેખાય એવી જગ્યા લઈ લીધી. ધીમે ધીમે સૌ અંદર આવતા ગયા અને ત્યાં જ સ્ટેજ પર ડૉક્ટર હર્બર્ટ, એમીની સંસ્થાના ડિરેક્ટર અને બીજી બેત્રણ વ્યક્તિએ સ્થાન ગ્રહણ કર્યું. પ્રોગ્રામ શરૂ થઈ ગયો. ડિરેક્ટરે બધાને આવકાર આપ્યો. સ્ટેજ પર બેઠેલી બીજી વ્યક્તિઓ પણ મહત્ત્વની લાગી. કોઈ એક મોટા ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ હતા અને ઇન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલા હતા. એક રાજકીય વગ ધરાવતી વ્યક્તિ હતી. એક જૂના ડિરેક્ટર હતા. હમણાંના ડિરેક્ટરે ડૉ. હર્બર્ટનો પરિચય ખૂબ સરસ રીતે આપ્યો. પ્રાથમિક ઔપચારિકતા પછી પોડિયમ પર ડૉ. હર્બર્ટ આવ્યા. તરત જ ઓડિટોરિયમમાં શાંતિ છવાઈ ગઈ. પિન ડ્રોપ સાઇલન્સ! ડૉ. હર્બર્ટ ખૂબ પ્રતિભાવાન હતા. ચહેરા પર સ્મિત, ગજબનો આત્મવિશ્વાસ હતો. એમણે પ્રવચન શરૂ કર્યું.

ડૉ. હર્બર્ટનું લેક્ચર સાંભળીને નિમિત્ત ભારે પ્રભાવિત થઈ ગયો. એણે ધાર્યું હતું એના કરતાં ઘણું વધારે સરસ પ્રવચન હતું. નિમિત્તની સામે તો જાણે એક નવું વિશ્વ ઉઘાડ પામ્યું. દુનિયામાં કેટલી અજાયબી છે! આપણા વિચારો ક્યારેક કેટલા કૂપમંડૂક હોય છે! જ્ઞાનની ક્ષિતિજ વિસ્તરે ત્યારે કેટલો અદ્ભુત આનંદ મળે છે! નિમિત્ત આજની વાત સાંભળીને લગભગ અધ્ધર થઈ ગયો. આવું પ્રવચન સાંભળે ત્યારે જાણે એ વાંસળીના સૂર સાંભળતી ગોપી હોય એટલો તલ્લીન થઈ જાય. એની ટેવ મુજબ એણે પ્રવચનના ઘણાબધા મુદ્દાઓ લખ્યા હતા. નિમિત્તની એક ટેવ હતી. પ્રવચનની નોંધ કે જરૂરી મુદ્દા એ એની નાની ડાયરીમાં ઉતારી જ લે. પછી ક્યારેક પત્રોમાં પણ એનો ઉલ્લેખ જરૂરથી કરે.

પ્રવચન પત્યું એટલે સૌ ઊભાં થયાં. એમી નિમિત્ત અને પીટર પાસે આવી.

''તો પ્રવચન કેવું લાગ્યું? કંટાળી તો ન્હોતા ગયા ને!'' ["So? How was it? Did you get bored?"] એમીને બંનેનો પ્રતિભાવ જાણવાની ખૂબ ઉત્સુકતા હતી.

''અદ્ભુત અનુભવ હતો. મને બોલાવવા માટે તારો આભાર એમી. આ પ્રવચનની તો મારા જીવન પર અમીટ છાપ રહેશે!'' ["It was amazingly wonderful experience. Thanks Amy for inviting me. It is going to have a lasting impression on my life."]

નિમિત્તે દિલ ખોલીને સાચો પ્રતિભાવ આપી દીધો. એમીનો ચહેરો ખીલી ઊઠ્યો. હું તો કહેતી જ હતી એવો ભાવ હતો.

"Peter?" એમીને પીટરનો પ્રતિભાવ પણ જાણવો હતો.

''હું નામિટેની જેમ લખતો તો ન હતો, પણ પ્રવચનમાં સંપૂર્ણ ખોવાયેલો હતો. બ્રિલિયન્ટ!'' ["I was not writing notes as Nametee but I was totally immersed in what he had to say Brillient!"] એમીની આંખમાં ગર્વ અને સંતોષ ડોકાયો.

એમીએ બંનેને ડૉ. હર્બર્ટને મળીને જાતે જ પ્રતિભાવ આપવા જણાવ્યું. સૌ કૉન્ફરન્સ રૂમમાંથી બહાર નીકળ્યાં. Coffee અને રિફ્રેશમૅન્ટ ટેબલ પાસે અને આમતેમ ટોળે વળી સૌ વાતો કરતાં હતાં. સૌને લેક્ચર ખૂબ ગમ્યું હતું અને તે અંગે જ વાત કરી રહ્યાં હતાં. બધાના ચહેરા પર સંતોષ વરતાઈ રહ્યો હતો. એમી

બંનેને બધાની વચ્ચે રસ્તો કાઢીને ફરી અંદર કૉન્ફરન્સ રૂમમાં સ્ટેજ ઉપર લઈ ગઈ. સ્ટેજ ઉપર ડૉ. હર્બર્ટ અને અન્ય મહાનુભાવો એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા. એમી ડૉ. હર્બર્ટ પાસે ગઈ.

''હેલો ડૉ. હર્બર્ટ. MPAમાંથી મારા મિત્રો તમને મળવા આતુર છે. તમારું પ્રવચન તેમને ગમ્યું. આ મારો મિત્ર નામિટે ભારતનો છે અને આ પીટર જર્મનીનો છે.'' ["Hello. Dr. Herbert, I would like you to meet my friends from MPA. They liked your lecture and are very eager to meet you. Here is Nametee from India and here is Peter from Germany."] ડૉ. હર્બર્ટે બંને તરફ વારાફરતી જોયું.

"Hello Nametee, you are from India! My favourite country." ડૉ. હર્બર્ટની નજર નિમિત્ત પર અટકી ગઈ.

"Really? I am glad to hear this, sir!" નિમિત્તને આશ્ચર્ય સાથે આનંદ થયો.

ડૉ. હર્બર્ટે કહ્યું કે ભારત એમને માટે સ્પેશિયલ છે. જીવવિજ્ઞાન અંગેના પ્રયોગો એમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં શરૂ કર્યા બાદ દક્ષિણ ભારતમાં હૈદ્રાબાદ પાસે આવેલા એક આશ્રમમાં થોડાક મહિનાઓ રહીને અભ્યાસ કર્યો હતો. ભારતની જ્ઞાન સાધનાનો પરિચય તેમને ત્યાં થયેલો. નિમિત્તને એમની વાતો સાંભળીને તેમનામાં રસ પડવા માંડ્યો.

"Really?"

ડૉ. હર્બર્ટે નિમિત્તને તેના સંશોધન અંગે પૂછ્યું. નિમિત્તે ટૂંકમાં જણાવ્યું. ડૉ. હર્બર્ટને ખૂબ રસ પડતો લાગ્યો. તેમણે પીટરને પણ તેના સંશોધન અંગે પૂછ્યું. એસ્ટ્રોફિઝિક્સના વિજ્ઞાનીઓને પ્રવચન ગમ્યું તે સાંભળીને ડૉ. હર્બર્ટને ખૂબ આનંદ થયો.

ત્યાં જ એમી પાછી આવી અને ડૉક્ટર હર્બર્ટને સંબોધી કહ્યું:

''સર. બધા તૈયાર છે. તમે કહો એટલે જઈએ.'' ["Sir we will go to dinner after you have finished. Others are ready."]

''ચોક્કસ. પીટર, નામિટે તમે પણ આવશો? એમી શક્ય છે? મારે ડિનર પર વધુ વાતો કરવી છે.'' ["Sure. Peter and Nametee, can you please join us for dinner? Amy is that possible? I would like to talk with them over dinner."]

''હું તપાસ કરી લઉં.'' ["I will see to it."]

ડૉ. હર્બર્ટને નિમિત્ત સાથે વાત કરવામાં વધુ રસ હતો. એમીને પૂછીને એ બંનેને પણ ડિનર માટે આમંત્રિત કરી દીધા. એમીની સંસ્થાના ડિરેક્ટર ત્યાં જ હતા. એમણે તરત જ નિમિત્ત અને પીટરને ડિનર માટે આમંત્રિત કરી દીધા. સ્ટેજ ઉપરની બીજી વ્યક્તિ ડૉ. હર્બર્ટે તે બંનેનો પરિચય કરાવ્યો.

''આ મિ. રોનાલ્ડ ક્લાર્ક છે. મોટા ઉદ્યોગપતિ છે. ફાર્માસ્યુટિકલ, હોટલ, બાયોટૅક્નોલોજી, કમ્યુનિકેશન જેવા અનેક બિઝનેસ ધરાવે છે. મારા અનેક સંશોધન પણ સ્પોન્સર કરે છે.'' ["He is Mr. Ronald Clarke;. He is into many industries, pharmaceutical, hotel, biotechology, communications to name a few. He is the sponsor of many of my research work."]

''હલો સર. હું નિમિત્ત. MPAમાં છું.'' ["Hello... Sir I am Nimitt. I am with MPA."] નિમિત્તે હાથ લંબાવી પોતાની ઓળખ આપી.

''તમને મળીને આનંદ થયો. મિ. નામિટે.'' ["Please to meet you Mr Nametee."] મિ. ક્લર્કે હાથ લંબાવતા કહ્યું.

''આ પીટર છે. બંને MPAમાંથી છે.'' ["Here is Peter. They are both from MPA."] હર્બર્ટે પીટરની ઓળખ આપતાં કહ્યું.

"Hello Peter."

એમણે પીટર અને નિમિત્ત સાથે હાથ મેળવ્યો. મિ. ક્લર્કની ઉંમર સાંઠ વર્ષની લાગતી હતી. એમનું વ્યક્તિત્વ ખૂબ જ આકર્ષક અને dignified હતું. પાવર અને પોઝિશન એમના વ્યક્તિત્વમાંથી છલકાતાં હતાં.

''તમે બંને MPAમાંથી છો. ત્યાં પણ મારા સારા કોન્ટેક્ટ્સ છે. તમારા સ્પેસ મિશનનાં ઉપકરણો અમે બનાવીએ છીએ.'' ["You are both from MPA, I have good contacts with them too. In fact we are the manufacturers of lots of equipments for space mission."] ક્લર્કનો કારોબાર ખૂબ જ વિશાળ અને ફેલાયેલો હતો.

"Shall we push off for dinner? Our tables are booked." ડિરેક્ટરે કહ્યું.

''ચોક્કસ.''

સૌ કૉન્ફરન્સ હૉલમાંથી બહાર નીકળી પાર્કિંગ તરફ ગયાં. બહાર નીકળ્યા તેવી એક શોફરડ્રિવન, બ્લેક કલરની મર્સિડીઝ બેન્ઝ એસ ક્લાસ ગાડી આવીને ઊભી રહી. ડ્રાઇવર દરવાજો ખોલી ઊભો રહ્યો. મિ. ક્લર્ક, ડાયરેક્ટર અને ડૉ. હર્બર્ટ એમાં બેસી ગયા. નિમિત્ત, પીટર, એમી નિમિત્તની સફેદ રંગની ઓપેલ ઇન્સીગિયા ગાડીમાં બેસી હોટલ જવા નીકળ્યાં. બીજી એક ગાડીમાં અન્ય લોકો બેઠા. કદાચ ક્લર્કનો સ્ટાફ હશે. એક સેક્રેટરી અને સીક્યુરિટીના લોકો હોઈ શકે. ગાડીમાં ગોઠવાયાને એમીએ ફરી બંનેને પૂછ્યું:

''તમને ખરેખર પ્રવચન ગમ્યું? સાચુ કહોને!'' ["Did you people really enjoy the lecture? Tell me frankly."]

''મને ગમ્યું તો ખરું પણ તેમનાં તારણો વધુ પડતાં આશાવાદી છે. ઉંદર પર સફળ પ્રયોગ થાય તેનો મતલબ એવો નહીં કે મનુષ્ય પર પણ સફળ થાય. માણસ અને ઉંદર સરખા થોડા છે!'' ["I enjoyed but I think the claims are too high. Rats are rats. I mean successful experminent on rats does not mean it will work on human being.] પીટર હંમેશાં તર્કયુક્ત દલીલ કરતો. જલદી કોઈ વાત સ્વીકારતો નથી. He was a skeptic.

''પણ ડૉ. હર્બર્ટ ક્યારે એવું બોલ્યા જ નથી. તેઓ હજી થિઅરી બનાવી રહ્યા છે. ઉંદર પછી એમણે શ્વાનો ઉપર...'' ["He never said it works on human beings. He is still working on the theory. But it was also successful on dogs. He.-----"] એમી પણ વાત જલદી સ્વીકારે તેવી નહોતી. બંને એકબીજાં સાથે ખૂબ તર્ક-દલીલ કરતા.

''જોયું ફરી શ્વાન ઉપર! ઉંદર, શ્વાન અને માણસ વચ્ચે કોઈ ફેર ખરો કે નહીં! એમી તું પણ છે ને...'' ["Again dogs. Rats, dogs and human beings can't be equated Amy. Come on"] પીટરે એમીની વાત અધવચ્ચે કાપતાં કહ્યું.

''પણ પીટર ડૉ. હર્બર્ટ એવું કહેતા જ નથી. તેઓ તો 'મોર્ફોજિનેટિક ફિલ્ડ' ઉપર એક થિઅરી બનાવી રહ્યા છે. તેમના પ્રયોગો વૈજ્ઞાનીક પદ્ધતિએ થયેલા છે. કારણ કે વિજ્ઞાને તેનો સ્વીકાર કરવો પડ્યો છે.'' ["But Perter, Dr. Herbert is not claming that at all, he is proposing a field which he called morphogenetic field. I think he is systematic in his experiments because the Scientist community had to accept his claims."] બંનેની વચ્ચે પડતા નિમિત્ત બોલ્યો. નિમિત્તનો એ કાયમનો રોલ હતો.

નિમિત્તને સામા પક્ષે રહેલા સત્યને પકડતાં બરાબર આવડતું હતું. પીટર અને નિમિત્ત બંને વૈજ્ઞાનિકો હતા પણ બંનેનો વિજ્ઞાન માટેનો અભિગમ તદ્દન અલગ હતો. પીટર તર્ક આધારિત સાબિતીને જ સ્વીકારતો, જ્યારે નિમિત્ત તર્કની સીમાને સામે પાર પણ સત્ય હોઈ શકે છે, એવું સ્વીકારીને નવાં સત્યોને સ્વીકારવા તત્પર

રહેતો.

“Exactly.” એમી બોલી. દર વખતે નિમિત્ત એમીનો મુદ્દો સમજી જતો, જ્યારે પીટર ઊંધી દિશામાં દલીલો કર્યા જ કરતો.

થોડીવારે હોટલનું ભવ્ય બિલ્ડિંગ દેખાયું એટલે ગાડી પાર્ક કરી ત્રણેય ઊતર્યાં. આ હોટલ હિલ્ટન જર્મનીની જાણીતી ફાઇવ સ્ટાર અને સૌથી સારી ગણાતી હોટલ હતી. બીજી બંને ગાડીઓ આવી ગઈ હતી. સૌ અંદર ગયાં. ટોપ ફ્લૉર પર આવેલી રેસ્ટોરાંમાં એક મોટા રાઉન્ડ ટેબલ પર ડૉ. હર્બર્ટ, મિ. ક્લર્ક અને ડાયરેક્ટર બેઠા હતા. ડૉ. હર્બર્ટે નિમિત્તને ઇશારો કરીને બાજુમાં રહેલી ખુરશીમાં બેસવાનું આમંત્રણ આપ્યું એટલે નિમિત્ત ત્યાં જઈને બેઠો. પીટર અને એમી બીજા ટેબલ પર અન્ય ત્રણ વ્યક્તિ સાથે બેઠાં.

‘‘નામિટે. તારા અને તારા સંશોધન વિશે મને જણાવ.’’ [“Nametee, tell me more about your self and your reasearch.”] ડૉ. હર્બર્ટને નિમિત્ત અને એના સંશોધનમાં રસ પડ્યો એમ લાગતું હતું. નિમિત્તને પણ ડૉ. હર્બર્ટના સંશોધન વિષે જિજ્ઞાસા હતી.

નિમિત્તે ટૂંકાણમાં પોતાના હાલમાં ચાલતા સંશોધન અંગે જણાવ્યું. ડૉ. હર્બર્ટની બાજુમાં બેઠેલા મિ. ક્લર્ક પણ ખૂબ ધ્યાનથી બંનેની વાતો સાંભળી રહ્યા હતા. વચ્ચે વેઇટર આવ્યો અને સૌએ પોતપોતાનો ઑર્ડર નોંધાવ્યો. નિમિત્તની નવાઈ વચ્ચે ડૉ. હર્બર્ટ પણ સંપૂર્ણ શાકાહારી નીકળ્યા. ડિનર સરસ હતું. હોય જ ને! આ જર્મનીની ખૂબ જ જાણીતી અને સૌથી મોંઘી રેસ્ટોરાં હતી. એમાં વળી હોટલના માલિક મિ. ક્લર્ક પણ સાથે જ હતા.

અંતમાં સૌએ ડિઝર્ટ મંગાવ્યું. જમીને ઊઠ્યાં ત્યારે ક્લર્કે નિમિત્ત અને ડૉ. હર્બર્ટ સાથે હાથ મિલાવ્યા. નિમિત્તનું ઇ-મેઇલ એડ્રેસ, ફોન નંબર લીધો અને પોતાનું કાર્ડ પણ આપ્યું. મિ. ક્લર્કે એમની સેક્રેટરીને બોલાવી અને નિમિત્તનો ઇ-મેઇલ અને નંબર એને આપી દીધો.

‘‘મિ. નામિટે, આપણે ફરી મળીશું. મારી સેક્રેટરી ફોન કરીને મુલાકાત ગોઠવશે. ગુડ નાઇટ, ડૉ. હર્બર્ટ હું રજા લઉં.’’ [“I think we will meet again. My secretary will get in touch with you and arrange for an appointment. Good night. Dr. Herbert, I take your leave.”]

“Good night Mr. Clarke.” બંનેએ મિ. ક્લર્કને કહ્યું. અન્ય સૌની વિદાય લઈ તેઓ ગયા.

‘‘નામિટે. મિ. કર્લક અગત્યના માણસ છે. અનેક સંશોધનો સ્પોન્સર કરે છે. મને લાગે છે કે તેમને તારામાં રસ પડ્યો છે. તું ભાગ્યશાળી છે. બોલાવે ત્યારે ચોક્કસ મળજે.’’ [“Nametee, Mr. Clarke is a very important person. He sponsors a lot of research. From what I observed today, he will want to meet you. You are lucky he took interest in you.Meet him when he asks.”]

‘‘ચોક્કસ મળીશ, મિ. હર્બર્ટ પણ મને મારા સંશોધન માટે સ્પોન્સરની જરૂર નથી. મારી સંસ્થાએ મને જોઈતું ફંડ આપ્યું છે.’’ [“Sure Dr. Herbert. I will meet him. But I don’t want any sponsor for my experiment. The Institute is funding me well.”]

‘‘તે તારી સંસ્થાને પણ ફંડ આપે છે. આ બાબતે ખુલ્લું મન રાખજે.’’ [“He is funding the institute as well. Think and be open about meeting him.”]

‘‘વારુ. ગુડ નાઇટ મિ. હર્બર્ટ.’’ [“O.K. Good night Mr. Herbert.”]

‘‘ગુડ નાઇટ નામિટે. સંપર્કમાં રહેજે.’’ [“Good night Nametee, Keep in touch.”] ડૉ. હર્બર્ટની રૂમ આજ હોટલમાં હતી.

પીટર અને એમી પણ ટેબલ પરથી ઊભાં થઈને આવ્યાં. એમણે પણ ડૉ. હર્બર્ટની વિદાય લીધી. ત્રણે જણ ગાડીમાં બેઠાં. આજની સાંજ સારી ગઈ. ઘણું જાણવાનું મળ્યું. મહત્ત્વની વ્યક્તિઓ સાથે ઓળખાણ થઈ.

આવી અનાયાસ મુલાકાતો ક્યારેક જીવનમાં નવો વળાંક લાવી શકે છે. પીટર અને એમીને એમના ઍપાર્ટમૅન્ટમાં ઉતારીને નિમિત્ત ઘરે આવી ગયો. એ હજી પ્રવચન અને ત્યારબાદ થયેલી વાતચીતના વિચારમાં જ હતો. હવે કાલે ને પરમદિવસ એમ બે દિવસ રજા છે. મનગમતાં પુસ્તકો, સંગીત સાથે સમય પસાર કરવાની મજા પડશે એમ વિચારી એ ઘરમાં પ્રવેશ્યો.

એને ક્યાં ખબર હતી કે નિયતિએ એક નવો જ વળાંક લઈ લીધો છે!



સત-અસત વચ્ચેનો સેતુ

પ્રિય આત્મન્,

આજે ઘણે દિવસે તારી સાથે બે વાત કરવા બેઠો. મને લાગે છે કે હું અંદરથી વિકસી રહ્યો છું. વિજ્ઞાન અને અધ્યાત્મને જોડતી કડી પર ડગલાં ભરી રહ્યો છું. આઇનસ્ટાઇન, ન્યૂટન, રિચર્ડ ફેઈનમેન મને વિજ્ઞાનના પાઠ ભણાવી રહ્યા છે અને ગીતા મને અધ્યાત્મના, આત્મજ્ઞાનના પાઠ ભણાવી રહી છે. હું ઠોઠ ખરો, પરંતુ મહેનતુ વિદ્યાર્થીની જેમ બંને મહાન શિક્ષકો ભણાવે તે આત્મસાત કરવાની કોશિશ કરી રહ્યો છું. મને સમજાઈ રહ્યું છે કે વિજ્ઞાન અને અધ્યાત્મની ભાષા ભલે અલગ હોય, પરંતુ વાત એક જ છે. વાસ્તવમાં તો વિજ્ઞાન અને આત્મજ્ઞાન, 'અંતે તો હેમનું હેમ હોયે'ની જ વાતો કરી રહ્યા છે. મારી શોધ આત્મજ્ઞાન અને વિજ્ઞાનના સમન્વયને સાબિતી સાથે સિદ્ધ કરશે.

આજનું ક્વૉન્ટમ વિજ્ઞાન ગીતાની, ઉપનિષદની પરિકલ્પનાઓને સિદ્ધ કરે છે. ગીતાના સાતમા અધ્યાયનો શ્લોક જ જુઓને!

જ્ઞાનં તે'હં સવિજ્ઞાનમિદં વક્ષ્યામ્યશેષતઃ ।
યજ્જ્ઞાત્વા નેહ ભૂયો'ન્યજ્ જ્ઞાતવ્યમ્ અવશિષ્યતે ॥
વિજ્ઞાન સાથે આ જ્ઞાન સંપૂર્ણ કહું છું તને,
જે જાણ્યાથી પછી બીજું જગે ના જાણવું રહે.

અમે વિજ્ઞાનીઓ જેને કોસ્મૉસ કહીએ છીએ તે પ્રકૃતિને ગીતાએ બે વિભાગમાં વહેંચી છેઃ પરા અને અપરા. અપરા એટલે જડસૃષ્ટિ. પરા એટલે ચેતનસૃષ્ટિ. અપરા, જડસૃષ્ટિ એટલે ભૌતિક વિજ્ઞાનનું જગત. એમાં જ પૃથ્વીતત્ત્વ, જળતત્ત્વ, વાયુતત્ત્વ, આકાશતત્ત્વ અને અગ્નિતત્ત્વ આવી જાય. એ દૃષ્ટિએ તારા, વિશ્વમંડળ, ગ્રહો, સૂર્યમાળા વગેરે વગેરે.... વિજ્ઞાનનો અભ્યાસ એટલે અપરા પ્રકૃતિનો અભ્યાસ. જ્યારે અધ્યાત્મ એટલે ચેતનસૃષ્ટિનો, પરા પ્રકૃતિનો અભ્યાસ. જો કે અધ્યાત્મવાદીઓ જડ અને ચેતનસૃષ્ટિ વચ્ચેનું સ્પષ્ટ વિભાગીકરણ સ્વીકારતા નથી.

વિજ્ઞાનગમ્ય જ્ઞાનને ઇશોપનિષદમાં અવિદ્યા કહે છે અને તે જ્ઞાનની સાધનાને ઋતસાધના કહે છે. અમે વિજ્ઞાનીઓ જે વિજ્ઞાનના નિયમો અનુભવજ્ઞાન, અવલોકનજ્ઞાન અને પ્રયોગજ્ઞાન દ્વારા સિદ્ધ કરીએ છીએ તે ઋતસાધના છે. ઋત એટલે સૃષ્ટિના નિયમો દ્વારા રજૂ થાય તે પરિવર્તનશીલ સત્ય. વિજ્ઞાન સૃષ્ટિના સત્યને નિયમો થકી રજૂ કરે છે. ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ બનાવી સૃષ્ટિના સત્યને કે ઋતને રજૂ કર્યું. આઇનસ્ટાઇને જનરલ રિલેટીવીટીનો નિયમ બનાવી સૃષ્ટિના 'ઋત'ને રજૂ કર્યું, પરંતુ ત્યારબાદ બીજા વિજ્ઞાનીઓ નિયમને પડકારીને નવા નિયમને રજૂ કરી શકે છે. હકીકતમાં આમ જ થઈ રહ્યું છે. ક્વૉન્ટમ વિજ્ઞાનના આવ્યા પછી આઇનસ્ટાઇનના નિયમોમાં પણ પરિવર્તન થઈ રહ્યું છે. વિજ્ઞાન વિકસી રહ્યું છે. વિજ્ઞાન જૂના નિયમોમાં સુધારો કરીને કે તેને ત્યજીને નવા નિયમો વિકસાવી રહ્યું છે. આમ પરિવર્તનશીલ નિયમો દ્વારા વ્યક્ત થતા જ્ઞાનને ઋત કહે છે. વિજ્ઞાન, ઋતસાધના દ્વારા સૃષ્ટિને જાણવાની સાધના કરી રહ્યું છે.

એટલે અલ્યા નિમિયા! વિજ્ઞાનીઓ જે જ્ઞાન મેળવે છે તે ઋતસાધના ગણાય. વિજ્ઞાનીઓ વડે સિદ્ધ થતા સૃષ્ટિના નિયમો ઋત છે. ઋતનું સંશોધન વિજ્ઞાનનું સંશોધન – એ બધું જ અપરા પ્રકૃતિ પૂરતું મર્યાદિત છે અને પરિવર્તનશીલ છે અને એટલે અસત છે. તું જ્યારે વિજ્ઞાનની ઉપાસના કરે છે ત્યારે તું અસતની ઉપાસના કરે છે. અસત એટલે અસત્ય નહી પરંતુ પરિવર્તનશીલ, ઋત અને નિયમયુકત છતાં અંતિમ નહીં એવું સત્ય. તને સમજ પડી?

અધ્યાત્મવિદ્યા સત તત્ત્વની સાધના છે. સત એટલે અપરિવર્તનશીલ, શાશ્વત એવી અંતિમ વાસ્તવિકતા

અને પરમ સત્ય. અધ્યાત્મ અંતિમ વાસ્તવિકતાની એટલે કે સતની શોધ છે.

હું આ સત અને અસતનો સમન્વય કરવા માગું છું. મારી ઉત્કલ્પના એ જ્ઞાન-વિજ્ઞાનને જોડતી, સત-અસતને જોડતી કડી હશે! આ જ મારું ધ્યેય છે. આ જ મારો કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ છે!

હે અસત માર્ગના મારા પથદર્શકો અને સત માર્ગના ગુરુઓ! મને તમારો શિષ્ય બનાવો! મારા ઉપર કૃપા કરો!

જયશ્રીકૃષ્ણ.

લિ. નિમિત્ત



ભાઈના કાતિલની શોધમાં ?

ડૉક્ટર એડવર્ડ એમની કૅબિનમાં કમ્પ્યૂટર ઉપર અભ્યાસ કરી રહ્યા હતા. પંચાવનની ઉંમરે એમના ચહેરા પર અનુભવની રેખાઓ અંકિત થયેલી હતી. અત્યારે એમનો ચહેરો ચિંતામય હતો. ચશ્માંમાંથી કમ્પ્યૂટરના સ્ક્રીન પર ધ્યાનથી જોઈ રહ્યા હતા. કમ્પ્યૂટરના સ્ક્રીન પર થોડો વધુ સમય અભ્યાસ કર્યો. રૂમની એક દીવાલ પર પુસ્તકોની હારમાળા હતી. એમાંથી એક પુસ્તક કાઢ્યું. સ્ટડી ટેબલ પર પાછા આવી પુસ્તકનાં પાનાં ઉથલાવ્યાં. એક પાના પર નજર ઠરી. ખૂબ ધ્યાનપૂર્વક અભ્યાસ કરતા પુસ્તક અને કમ્પ્યૂટર સ્ક્રીન પર જોયું. થોડીવારે એમને સંતોષ થતાં એમણે ફોન ઉપાડ્યો.

"હલો! માર્ગી? Can you come to my office." હૉસ્પિટલના ઇન્ટરકોમ પર વાત કરતાં એમણે જણાવ્યું.

થોડીવારે દરવાજા પર હળવો ટકોરો કરી નર્સ માર્ગી અંદર આવ્યાં. ડૉક્ટરે માર્ગી સાથે વાતચીત કરી અને પછી એમને જવાનું કહ્યું. એમણે તરત જ બીજો ફોન ઉપાડ્યો. નંબર ડાયલ કર્યો. રિંગ વાગી. સામે છેડે અનુજે તરત જ ફોન ઉપાડ્યો.

''હલો અનુઝી. હું TUM હોસ્પિટલમાંથી ડૉ. એડવર્ડ બોલું છું. થોડી વાત કરવી છે. જેમ બને તેમ જલદી હોસ્પિટલ આવી શકાશે?'' ["Hello Anuzee, I am doctor Edward from TUM hospital. Can I have a word with you? Can you come to the hospital as soon as possible?"]

"..........." સામે છેડેથી થોડો ચિંતિત અવાજ સંભળાયો.

''ચિંતાનું કારણ નથી. વાત કરવી છે. બને તેટલા જલદી આવો. હું રાહ જોઉં છું.'' ["No, nothing to worry. I would like to talk to you, come as soon as possible, I am waiting."] ડૉક્ટર એડવર્ડે કપાળ પર હાથ ફેરવતા કહ્યું.

ડૉ. એડવર્ડ જેમ બને તેમ જલ્દી હોસ્પિટલ બોલાવે છે, ભાઈ અંગે અગત્યની વાત કરવી છે એવા મતલબનો ફોન આવતાં અનુજના હૃદયના ધબકારા વધી ગયા. ડૉક્ટરનો ફોન હોય તો જરૂરથી કોઈ મહત્ત્વનું કામ જ હશે. અનુજ હજી ઘરે જ હતો. એણે જ્હોનને ફોન કર્યો. જ્હોને કહ્યું કે એ ગાડી લઈને આવે છે. અડધો કલાકમાં તો અનુજ તૈયાર થઈ ગયો. જ્હોન પણ તાકીદની જરૂરિયાતને સમજી તરત જ આવી ગયા. બંને હૉસ્પિટલ જવા નીકળ્યા.

''ચિંતા નહીં કર અનુઝી, બધુ ઠીક થઈ રહેશે.'' ["Don't worry Anuzee, everything will be fine."]

''એવું જ થાય તેવી પ્રાર્થના જ્હોન!'' ["I hope so John, I pray so."] અનુજ જ્હોન સાથે ભળી ગયો હતો.

અનુજને હૉસ્પિટલનો રસ્તો લાંબો લાગી રહ્યો હતો. એનું ચિંતિત મન વધારે ઝડપથી ચાલી રહ્યું હતું. ભાઈ અંગેના કોઈ ખરાબ સમાચાર નહીં હોય ને!

એક ડૉક્ટર તરીકે અનુજ એટલું તો સમજતો હતો કે ભાઈને એકદમ સારું થવાનું નથી. ભાઈ પહેલાંની જેમ એકદમ નોર્મલ તો નહીં જ થઈ શકે, પરંતુ ડૉક્ટર પણ આખરે તો માણસ જ હોય છે અને તે આશા અને નિરાશા વચ્ચે હંમેશાં ઝૂલતો જ રહે છે.

સામે TUM હૉસ્પિટલનું બિલ્ડિંગ દેખાયું એટલે અનુજનું હૃદય જોર જોરથી ધડકવા લાગ્યું, ગાડી પાર્ક

કરીને બંને જણા હૉસ્પિટલમાં ગયા. ડૉક્ટરના દરવાજે હળવેકથી ટકોરો કર્યો. ડૉક્ટરે તરત જ અંદર આવવા કહ્યું. ડૉક્ટર એમના ટેબલ પાસે ખુરશીમાં બેઠા હતા. તરત જ ઊભા થઈ ગયા અને સોફાસેટ પાસે ખુરશી પર બેસવાનો ઇશારો કર્યો. ત્રણે જણાએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું. અનુજ માંડ માંડ સંયમ રાખી રહ્યો હતો.

ડૉક્ટર એડવર્ડે pause લીધો. અનુજ ધ્યાનથી ડૉક્ટરના શબ્દો સાંભળી રહ્યો હતો. ડૉ. એડવર્ડ કહી રહ્યા હતા કે ભાઈની તબિયત તો જેમ છે તેમ જ છે. તેઓ ભાઈના બારીકમાં બારીક ચિન્હો પણ નિહાળી રહ્યા છે. ખાસ કરીને ચેતાતંત્રના. મગજમાં રહેલા ચેતાતંતુ આખરે તો કેમિકલ્સ અને વીજચુંબકીય પ્રવાહ જ છે! ડૉક્ટરની વાત સાંભળીને અનુજની ઇન્તેજારી વધી ગઈ. જ્હોન પણ એકચિત્તે સાંભળી રહ્યો હતો. ડૉક્ટરના હાવભાવને બારીકાઈથી નિહાળી રહ્યો હતો.

ડૉક્ટરની વાત અનુજ બરાબર સમજી રહ્યો હતો. ડૉ. એડવર્ડે કહ્યું કે તેઓ ભાઈની બ્રેઇન ઍક્ટિવિટીનો ચોવીસે કલાકનો રેકર્ડ રાખે છે. બ્રેઇન ઍક્ટિવિટીનો મોનિટર પર ગ્રાફ સતત દેખાતો રહે છે.

આજે ગ્રાફ પરથી જણાયું કે ભાઈની બ્રેઇન એક્ટિવિટી વધી ગઈ છે. મગજમાં ભાષાનું જે કેન્દ્ર આવેલું છે તે ભાગ આજે ઉત્તેજિત થયો હતો.

ડૉ. એડવર્ડે કમ્પ્યૂટર પર એક એવું સૉફ્ટવેર બનાવ્યું છે જેના વડે આ ગ્રાફને અંગ્રેજી આલ્ફાબેટ ઉચ્ચારતા જે ધ્વનિ ઉત્પન્ન થાય તેના ઉપર મેળવતા આલ્ફાબેટની એક શૃંખલા મળે છે, આ શૃંખલા પરથી શબ્દો બનાવી તેનું અર્થઘટન કરી શકાય. આ સોફ્ટવેર ૯૦ ટકા રિઝલ્ટ આપે છે. અનુજ થોડો ગુંચાયો એટલે ડૉ. એડવર્ડે દાખલો આપતા કહ્યું કે સોફ્ટવેર ધ્વનિમોજા અને મગજના મોજાને મેળવીને અંગ્રેજી આલ્ફાબેટની શૃંખલા જેવી કે G....U....T....E....N....T....A....G આપશે. આ શૃંખલા અંગ્રેજી આલ્ફાબેટની જ હશે કારણ કે સોફ્ટવેરમાં અંગ્રેજી આલ્ફાબેટના જ ધ્વનિમોજા છે. GUTENTAG શબ્દ જર્મની ભાષાનો છે એટલે એ ભાષાનો જાણકાર સમજી જશે કે મનમાં બોલાયેલા શબ્દો GUTEN TAG એટલે 'good day'. હવે અનુજ સમજ્યો કે ભાઈની બ્રેઇન એક્ટિવિટીમાં પકડાયેલા ગ્રાફને સોફ્ટવેરમાં રન કરતા કોઈ આલ્ફાબેટની શૃંખલા મળી છે, તે ગુજરાતીમાં હોય તો અનુજ સમજી શકે. માટે ડૉ. એડવર્ડે તેને અહીં બોલાવ્યો છે. તેને પણ ભાઈ બેભાન અવસ્થામાં શું સંદેશો આપી રહ્યો છે તે જાણવાની ઉત્સુકતા થઈ.

"તો સોફ્ટવેરે કઈ શૃંખલા બતાવી છે?" ["so what is the alphabets series that was shown by the software?"]

"થોભ. પ્રિન્ટ આઉટ લઈ આવું. માતૃભાષામાં લાગે છે." [Wait. I will bring the print out. It seems to be in your mother tongue."]

ડૉક્ટર એમના ટેબલની બાજુમાં રહેલા પ્રિન્ટર પરથી એક કાગળિયું લઈ આવ્યા. અનુજના હાથમાં આપ્યું. અનુજે ધ્યાનથી પ્રિન્ટર પર છપાયેલા અક્ષરો વાંચ્યા. કાગળના ઉપરના ભાગમાં ગ્રાફ હતો અને દરેકની નીચે અંગ્રેજીનો એક આલ્ફાબેટ લખેલો હતો.

અનુજ ધ્યાનથી જોવા લાગ્યો.

A............K..............I..............I..............L..............B..............A..............D..............M..............

અનુજ બેથી ત્રણવાર વાંચી ગયો. ગુજરાતી તો લાગતું નથી. ધ્યાનથી જોયું તો ' KIIL' શબ્દ પકડાયો. KIIL?

'KILL'ની જગ્યાએ 'KIIL' જોડણીની ભૂલ હોય શકે છે. ડૉક્ટરે કહ્યું જ છે કે સૉફ્ટવૅર 90 ટકા જ સાચું છે. વળી આ તો મનમાં બોલાયેલા શબ્દો છે. 'kiil' શબ્દ પછી તરત જ 'bad' જેવો શબ્દ છે. ત્યાર બાદ

'M'.

A KIIL, BAD, M – આ બધા શબ્દો વાંચીને અનુજ હાલી ગયો. ઍક્સિડન્ટ નથી, kiil છે? અનુજની નજર સમક્ષ ઇન્સ્પેક્ટરનો ચહેરો સામે આવ્યો. એમીનો ચહેરો, પીટરનો ચહેરો પણ કશુંક છુપાવતા હોય એવો એને આભાસ થયેલો. પડદા પાછળ કાંઈક રમત તો ચોક્કસ લાગે છે. ભાઈનો ઍક્સિડન્ટ કદાચ 'ઍક્સિડન્ટ' ન પણ હોય.

ડૉક્ટર એડવર્ડ તેના હાવભાવ ખૂબ બારીકાઈથી નિહાળી રહ્યા હતા. અનુજ વિચારોની તંદ્રામાંથી બહાર આવ્યો. ખેંચાયેલી ભ્રૂકુટિને એણે સીધી કરી. હાવભાવ પર કાબૂ મેળવી લીધો. થોડાક હોશિયાર બનવું પડશે.

''તો શું જણાય રહ્યું છે?'' ["So what do you make of it?"] ડૉક્ટરે ચશ્માંની ફ્રેમમાંથી પૂછ્યું.

''મને કશુંય ચોક્કસપણે જણાતુ નથી. માતૃભાષામાં હોઈ શકે છે. કોઈ મતલબ જણાતો નથી. પણ મને કહોને કે સોફ્ટવેરની એક્યુરસી કેટલી છે?'' ["I am not sure doctor, It may be in my mother tongue. I am not able to make any meaning out of it. But tell me what is the accuracy of the software?"]

''આગળ જણાવ્યું એ મુજબ સો ટકાની એક્યુરસી તો નથી. કોઈ આલ્ફાબેટ આમતેમ પણ થયા હોય કે રહી પણ ગયા હોઈ શકે.'' ["The accuracy is not hundred per cent as I said, some alphabets may be misplaced or missed out or omitted."]

''મને કદાચ પાછળથી પણ ખબર પડે. વિચારી જોઉં. આ પેપર મારી પાસે રાખું? હું ફિઝિક્સનો વિદ્યાર્થી નથી એટલે ભાઈના કામ અંગે ખાસ જાણતો નથી. આપણા સિવાય આ સોફ્ટવેર અંગે કોણ જાણે છે?'' ["I need time to think it over; it may strike later on. Can I keep the paper? I am not a physics person so, I don't know exactly what my brother was working on. Who else knows about the software besides us?"]

''હાલમાં કેવળ તું, હું અને મિ. જ્હોન જ જાણીએ છીએ.'' ["No one else presently, you, Mr. John and me, we are the only three people who know about it."]

''હું આમાંથી કાંઈ મતલબ કાઢી જોઉં. મારા ભાઈને કેવું છે? હું એની વિઝિટ કરી શકું?'' ["I will try to make some sense out of it. How is my brother doing otherwise, Can I visit him?"]

''તને જ્યારે ઇચ્છા થાય ત્યારે તું એને વિઝિટ કરી શકે છે. તેની હાલત જેમની તેમ જ છે. ઇન્ફેક્શનના કારણે વધુ કોમ્પ્લિકેશન ન થાય એ હેતુથી એને આઇસોલેશનમાં રાખીએ છીએ. અમારી શ્રેષ્ઠ, અનુભવી નર્સ માર્ગીને નામિટેની સંપૂર્ણ જવાબદારી આપવામાં આવી છે. તે કાબેલ છે અને મને ડાયરેક્ટલી રિપોર્ટ કરે છે. તેની સારવાર અંગે ચિંતા કરતો નહીં.'' ["Of course you can visit him whenever you desire. His condition is the same He is kept in isolation because we don't want the risk of infection to complicate more than what it is. Only sister Margi is given the full charge and responsibility of Nametee. She is our best help. She reports to me directly and is very competent. Do not worry about his treatment."]

''મારો ભાઈ સુરક્ષિત છે. આભાર.'' ["I know my brother is in safe hands. Thank you once again."]

અનુજ ડૉક્ટર સાથે વાત તો કરી રહ્યો હતો પણ મનમાં ચાલતા વિચારો બીજી દિશામાં હતા. ડૉક્ટરે પૂછ્યું ત્યારે પણ એણે એમ જ જણાવ્યું કે સમજાયું નથી. માતૃભાષામાં હોઈ શકે છે. સૉફ્ટવેર સો ટકા સાચું તો નથી પણ અનુજે વિચારવું પડશે. એણે કાગળ પોતાની પાસે રાખી લીધો. ઘરે જઈને શાંતિથી વિચારશે.

હાલમાં તો ડૉક્ટર પાસેથી માહિતી મેળવી, ભાઈને મળી લે.

જ્હોન બધી વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો. એની આંખમાં નિમિત્ત માટેનો પ્રેમ અને ચિંતા વર્તાતાં હતાં. ડૉક્ટરની રજા લઈ અનુજ ભાઈને રાખેલા ફ્લૉર પર ગયો. નર્સ માર્ગી ત્યાં જ હતી. અનુજને જોઈને એ અનુજ પાસે આવી.

માર્ગીએ ભાઈની તબિયત સ્ટેબલ છે તેમ જણાવ્યું. ડૉક્ટર એડવર્ડે નિમિત્તની સંપૂર્ણ જવાબદારી તેને સોંપી છે અને પોતે પણ તબિયત અંગેની ઝીણામાં ઝીણી વિગત તેમને જ જણાવે છે તેમ જણાવતાં અનુજને રાહત તો થઈ પરંતુ તેણે માર્ગી પાસેથી જાણવું હતું કે નિમિત્તે ક્યારેય હોઠનો ફડફડાટ કે આંખનું હલનચલન કે એવો બીજો કોઈ પ્રતિભાવ જોયો છે?

એવો કશોય પ્રતિભાવ જોયો નથી તેમ જણાવતા માર્ગી ખચકાઈ રહી હતી. એવું અનુજને લાગ્યું. અનુજને વધુ વાતચીત ઉચિત ન લાગી. નર્સની પરવાનગી લઈ એ ભાઈની રૂમ પાસે જવા કૉરિડૉરમાં વળ્યો. નર્સ અનુજની પીઠને જોઈ રહી. કહેવું જોઈએ કે નહીં, એનો નિર્ણય એ ન કરી શકી. કશુંય મહત્ત્વનું હોય એવું એને લાગ્યું નથી. પેશન્ટમાં તો કોઈ ફેર પડતો ન હતો પણ વચ્ચે વચ્ચે મોનિટર કરતા મશીનમાં કોઈ અડચણ આવતી હોય એવું ક્યારેક લાગતું. કોઈ પ્રકારનો ઇલેક્ટ્રિક સ્ટેટિકનો અવાજ આવતો હોય એવું લાગે. એણે ડૉક્ટર એડવર્ડને કહ્યું હતું. ડૉક્ટર એડવર્ડે તરત જ મશીનવાળાને બોલાવીને ચેક કરાવી દીધું હતું. ત્યારબાદ પણ ત્રણેક વાર એમ બન્યું હતું. એણે કોઈને કહ્યું ન હતું. અત્યારે અનુજને પણ જણાવ્યું નહીં.

અનુજ ફરી પારદર્શક કાચની બારી પાસે ઊભો રહી લાગણીસભર આંખે સફેદ પાટામાં વીંટાળાયેલા ભાઈને જોઈ રહ્યો. રૂમમાં ભાઈ પાસે જવાની ખૂબ ઇચ્છા થઈ. ભાઈને કપાળે હાથ ફેરવું, ભાઈની ખુલ્લી આંગળીઓને સ્પર્શ કરીને કહી દઉં કે ભાઈ હું અહીં, જર્મનીમાં છું. બધું ઠીક થઈ જશે. આંખ ખોલીને મને જોને! જે કહેવું છે તે આંખો વડે કહી દે.

ઍક્સિડન્ટ છે કે કોઈએ.... તને ખબર છે? તું શું કહેવા માંગે છે? મને કહે તો ખરો.....?

અનુજને ખબર ન પડી કે નિમિત્તની આંખમાંથી સતત આંસુ વહી રહ્યાં હતાં.

ગાડીમાં બેસીને અનુજ વિચારે ચઢી ગયો. એના હાથમાં ડૉક્ટરે આપેલું પ્રિન્ટઆઉટ હતું. ડૉક્ટરની સામે એણે કહ્યું નહીં પણ એના મનમાં સતત 'A KIIL' શબ્દ રમતો હતો. જેમ જેમ વધુ વિચારતો ગયો તેમ તેમ એને ભાઈનો ઍક્સિડન્ટ વધુ ને વધુ રહસ્યમય લાગતો ગયો. નિમિત્ત જેવી વ્યક્તિ એની જિંદગીની આટલી મહત્ત્વની ઘડીએ ગાડીને ગમે તેમ ચલાવે એ શક્ય ન હતું. વળી ઍક્સિડન્ટ કોઈની સાથે પણ ન હતો. માની લઈએ કે ડ્રગ લીધું હોય તો પણ બ્લડ ટેસ્ટનો રિપોર્ટ ક્લીયર હતો. સ્પીડ પણ લિમિટમાં હતી. મોસમ પણ સાફ હતી. સ્નો, વરસાદ, ધૂંધળું વાતાવરણ ન હતું. થોડી વારે એણે મૌન તોડ્યું:

''જ્હોન ઇન્સ્ટિટ્યૂટમાં કોઈ એવી વ્યક્તિ છે કે જે મારા ભાઈને ધિક્કારતી હોય.'' ["John. Tell me something. Was there anybody in the institute who hated my brother?"]

''મને ખ્યાલ છે ત્યાં સુધી કોઈ નહીં. કેમ પૂછે છે?'' ["No one as far as I know. Why are you asking this?"]

''અમસ્તુ જ. તે દિવસે ઇન્સ્પેક્ટરે મને પૂછ્યું પણ મેં એ બાબતે વિચાર્યું નહીં. એવી કોઈ વ્યક્તિ ખરી કે જેના મારા ભાઈની સાથે વણસેલા સંબંધો હોય.'' ["Just like that. The inspector asked me the other day, I did not think about it. Tell me, was there anyone with whom my brother had strained relationship."] અનુજે જ્હોન પાસેથી જાણવું તો હતું પણ એને વધારે જણાવવું ન હતું.

''હંમ...જો આમ સમજાવું. ઇન્સ્ટિટ્યૂટ કામ કરવાની સંપૂર્ણ ફ્રીડમ આપે છે. બધા સ્વતંત્ર રીતે પોતાનું

સંશોધન કરતાં હોય છે. ચર્ચા, વિચારણા કરે પણ સ્વતંત્ર હોય છે. આ વિજ્ઞાનીઓ થોડા એકલા, ધૂની અને વિચિત્ર હોય છે. પોતાના સંશોધન માટે માલિકીભાવ રાખતા હોય છે. ક્યારેક તેમની જિજ્ઞાસાવૃત્તિ અવળી દિશામાં પણ જાય છે. ક્યારેક તેઓ હરિફાઈવૃત્તિ ધરાવી મહત્ત્વાકાંક્ષી પણ બની જાય છે.'' ["Hmmm... let me put it this way. The institute gives full freedom to work. Everybody works independently on their own research. They share and discuss their work but otherwise they are independent. But these are Scientists, a bit wierd, individualistic, loners. Sometime they are very possessive about their research, they tend to be over protective about it. One researcher may become curious in the wrong way. In some rare occasion they become competetive and become credit oriented."]

''મહત્ત્વકાંક્ષી? મતલબ?'' ["Credit oriented? means?"] અનુજને આ વિજ્ઞાનીઓની અજીબ દુનિયા અંગે થોડી સમજ પડી અને થોડી ન પડી.

''વિજ્ઞાનીઓ મૂળભૂત રીતે જ જિજ્ઞાસુ હોય છે. પોતાની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવા જ સંશોધન કરતા હોય છે. ક્યારેક એવું બને કે બે વિજ્ઞાનીઓ અલગ રીતે અલગ ભૌગોલિક સ્થળે સંશોધન કરતા હોવા છતાં એક જ શોધ કરે. આવા કિસ્સાઓમાં જેની શોધ પ્રથમ જાહેર થાય તેને શોધની કીર્તિ મળે અને બીજો વિજ્ઞાની રહી જાય. તું તો જાણે છે કે શોધ માટેનો સર્વોત્તમ એવોર્ડ નોબલ પ્રાઇઝ છે. ક્યારેક જ્ઞાનના માર્ગ પરથી કોઈ ખોટા માર્ગે પણ આ વિજ્ઞાનીઓ વળી જઈ શકે. સંશોધનની દુનિયા આવેશભરી છે અને વિજ્ઞાનીઓ વિચિત્ર હોય છે.'' ["Basically Scientists are a curious lot. They work to satisfy their own curiocity or search for knowledge. There are incidents in science where two Scientists hit upon the same discovery at the same time,though they are working independently and miles apart. now in such a case if one Scientist's work is declared first, he may get the credit and the other may not get his due credit. The highest award for discovery is the Nobel prize as you know. In their quest for knowledge they sometime go on a wrong path and do things which they don't want to do. the world of research is passionate and scientist are a strange lot."] જ્હોને પોતાનું મંતવ્ય જણાવતાં કહ્યું કે આ વિજ્ઞાનીઓ થોડા અજીબ હોય છે ખરા. પોતાની દુનિયામાં ખોવાયેલા રહે છે. મૂડી અને એકાંતપ્રિય હોય છે. પોતાના સંશોધનમાંજ વ્યસ્ત રહે છે અને સંશોધન તેમને જીવનની જેમ સાચવે છે. સંશોધન ખૂબ સંવેદનશીલ અને આવેગ માંગે છે. વિજ્ઞાની ક્યારેક આવેશમાં તણાઈ જાય છે, મહત્વાકાંક્ષી, ઈર્ષાળુ બની રહે છે.

આટલાં વર્ષો અહીં રહીને એણે વિજ્ઞાનીઓને બહુ નજીકથી જોયા હતા.

''એટલે હરીફાઈ, ઈર્ષા અને તેને કારણે વેરવૃત્તિ મારા ભાઈ માટે પણ હોઈ શકે. કદાચ તેના 'અકસ્માત' પાછળ પણ કોઈની મેલી મુરાદ હોઈ શકે. પોતાને કીર્તિ જોઈતી હોય અથવા નિમિત્તને કીર્તિ ન લેવા દેવી હોય એમ બની શકે.'' ["So there is a possibility of jealousy, competition and therefore animosity even in the case of my brother. And since he met with an 'accident' it is possible that someone may have maligned intentions for hurting him. Wanting the credit or not wanting Nimitt to have credit due to him."]

જ્હોનની વાત સાંભળીને અનુજને લાગ્યું કે ઈર્ષા, હરીફાઈ અને તેને કારણે જન્મતી દુશ્મનાવટ, મેલી મુરાદની સંભાવનાને નકારી શકાય નહીં. નિમિત્ત માટે કોઈ મેલી મુરાદ ધરાવતું હોઈ શકે! કોઈ વ્યક્તિ

એવી હોઈ શકે જે ભાઈને તેના સંશોધનનો યશ ન મળે એવું ઇચ્છતું હોય. અનુજને લાગ્યું કે ના છૂટકે પણ એણે આ દિશામાં વિચારવું પડશે.

''હા. તાર્કિક રીતે એવી સંભાવના નકારી શકાય નહીં.'' ["Logically yes. We can not out right reject the possibility."] જ્હોને દુનિયા જોઈ હતી.

''તું અહીં બધાને જાણે છે તો તારા મત પ્રમાણે એવું કોણ હોઈ શકે?'' ["Who could it be according to you? Since you know everybody out there."] અનુજને થયું જ્હોનનો વિચાર જાણવો જરૂરી છે.

જ્હોને વિજ્ઞાનીઓની દુનિયા નજીકથી નિહાળી હતી. અનુજનો 'કોઈ શત્રુ હોઈ શકે?' પ્રશ્નનો એણે સીધો જવાબ ન આપ્યો. એણે કહ્યું એ પોતે વિજ્ઞાની નથી. સંશોધન એનો વિષય પણ નથી. નિમિત્તના સંશોધન કે શોધ અંગે પણ એ જાણતો નથી. MPAના ડિરેક્ટર પણ વિજ્ઞાનીઓના રોજબરોજના કામમાં દખલ કરતા નથી. કૉન્ફરન્સ, સેમિનાર, પબ્લિકેશન દ્વારા જ વિજ્ઞાનીઓના સંશોધનની ખબર પડે છે.

અનુજ હજી વિચારમાં જ હતો. આ વિજ્ઞાનીઓ પણ દુન્યવી લાગણીઓથી ધારીએ એટલા દૂર નથી. ફક્ત જ્ઞાનપિપાસુ હોવાથી માનવ સ્વભાવની નબળાઈઓથી દૂર નથી જઈ શકાતું. અનુજને લાગ્યું કે હવે એણે વધારે એક્ટિવ થવું પડશે. જાતે જ કોયડા ઉકેલવા પડશે. ખબર નથી કે કેટલા કોયડા ગૂંચવયેલા છે પરંતુ ઉકેલવા તો પડશે. જ્હોન ગાડી ચલાવતો હતો અને રસ્તો કપાતો જતો હતો. અનુજનું મગજ પણ ચાલતું હતું.

''જ્હોન, મને થોડી ચીજવસ્તુઓ ઘર માટે ખરીદવાની છે. ઘરે હતી તે ખૂટવા આવી છે. મને ઘરે મૂકે તે પહેલાં ખરીદી શકીએ?'' ["John I need to buy some supplies for the house. The supplies which were there are almost finished. Can we buy things before you drop me home?"]

''ચોક્કસ. સારુ થયું હમણાં કહ્યું. આપણે એક સુપર માર્કેટની નજીક જ છીએ. ઘરે મૂકતાં પહેલાં તને ત્યાં લઈ જાઉં.'' ["Ya, sure. Good you told me now. We are near the super market. I will take you there before droping you at your place."]

અનુજ અને જ્હોન ત્યાંના એક સુપર માર્કેટમાં ગયા. અનુજનો આ પહેલો અનુભવ. જાતજાતની, ભાતભાતની વસ્તુઓ. મોટી મોટી જાણે કે ગલીઓ. સારું થયું જ્હોન સાથે હતો. જોઈતી વસ્તુઓનું લિસ્ટ મનમાં હતું અને જરૂરિયાત પૂરતી જ વસ્તુઓ લેવાની હતી. નિમિત્તના ભેટ અને પત્રોનું કુરિયર આવતું એટલે થોડી વસ્તુઓથી પરિચિત હતો. દૂધ, બ્રેડ, બટર, નુડલ્સ, સૂપ, થોડા ફ્રૂટ્સ અને વેજિટેબલ્સ લઈ લીધાં. થોડી ચૉકલેટ્સ લઈ લીધી. બંને પાછા રસ્તે પડ્યા. થોડીવારે ઘર આવ્યું. અનુજ અને જ્હોન બંને ઘરમાં આવ્યા અને અનુજે કૉફી બનાવી. કૉફી પીતાં પીતાં અનુજે જ્હોનને એના મનમાં રમતી વાત કરી.

''જ્હોન તારો મત જોઈએ છે. હું અહીં ગાડી ભાડે કરીને ચલાવું એ શક્ય છે? હવે અહીં વધુ સમય રહેવું પડે તેમ લાગે છે તો હું સ્વતંત્ર રીતે ફરી શકું. તને દરેક વખતે તકલીફ ન આપવી પડે.'' ["John. I want an opinion from you. Is it possible that I rent a car and drive? If I am staying for long, can I drive on my own? I don't have to bother you every now and then."]

જ્હોને કહ્યું કે એને કોઈ તકલીફ પડતી નથી, પરંતુ એ કારની વ્યવસ્થા પણ કરી શકે છે. બસ અનુજ પાસે ગાડી ચલાવવાનું ભારતીય લાઇસન્સ હોવું જોઈએ. તેણે અનુજને સમજાવ્યું કે જર્મનીમાં ગાડી હાંકવાનો નિયમ છે કે જો ટેમ્પોરરી વિઝા હોય અને ભારતનું લાયસન્સ હોય તો ગાડી ચલાવી શકાય. છ મહિનાથી વધુ સમય રોકાવાનું હોય તો જર્મન ડ્રાઇવિંગ લાઇસન્સ લેવું પડે.

''કારનું શું?'' ["What about the car?"]

અનુજને જ્હોનની વાત સાંભળી રાહત થઈ. અહીં કાર ભાડેથી આપતી હર્ટ્ઝ, એવિસ જેવી સારી

કંપનીઓ છે. વળી કારમાં GPS નાખી દો એટલે જ્યાં જવું હોય ત્યાં જવાનું માર્ગદર્શન પણ મળી રહે. અનુજને લાગ્યું કે ગાડી ભાડેથી લઈ લેવાનો આઇડિયા સારો છે.

‘‘મને તને ફેરવવામાં કોઈ તકલીફ નથી પણ તારે સ્વતંત્રતાથી ફરવું હોય એ સમજી શકું છું.’’ ["I can take you wherever and whenever you want but I understand. You want to move freely."]

‘‘આપણે કાલે કરી શકીએ ?’’ ["Can we do it tomorrow ?"]

‘‘ચોક્કસ. હું ગોઠવણ કરી દઈશ. આપણે નજીકની ઓફિસથી કાર લઈ શકીએ. પણ મને યાદ છે કે નામિટે કહેતો હતો કે ભારત કરતા અહીં ડ્રાઇવિંગની સ્ટાઇલ ઊંધી છે.’’ ["Yes. Sure. I will have it arranged. We then go to the nearby station and pick up the car. But if I remember correctly, Nametee told me the driving in Germany is on the opposite side than what it is in India."]

‘‘મને ખબર છે. અમારે ત્યાં જમણી બાજુ અને અહીં ડાબી બાજુનું ડ્રાઇવિંગ છે. પહેલાં થોડો સમય લાગશે પછી મારાથી ચલાવાશે. હું તને ઓબઝર્વ કરતો હતો, મેં શીખી લીધું છે.’’ ["I know that. We have right-hand-drive and here it is left-hand-drive. It takes little orientation at first but then it is o.k. I will be able to drive. I was observing you, I have learnt it."]

‘‘સરસ. એ લોકો અહીં ગાડી ચલાવવાના કાયદાની ચોપડી આપશે. તે વાંચી લેજે. નિયમ ફોલો કરશે તો કોઈ તકલીફ નહીં પડે. મને ખાતરી છે કે તું ડ્રાઇવિંગ કરી શકશે.’’ ["Great then. Remember to read the laws of driving in Germany. They will give you a book of laws along with the car. Follow the rules and no trouble. I am sure you can drive."]

‘‘આભાર, જ્હોન. કાલે ગાડી ભાડે કરવા માટે જઈએ.’’ ["Thanks John. Tomorrow we go to rent the car."]

‘‘કોફી માટે આભાર.’’ ["Thanks for the coffee."] જ્હોન જવા માટે ઊઠ્યો.

અનુજ જ્હોનને વળાવીને અંદર જતો જ હતો ત્યાં એક ગ્રે કલરની કાર જોઈ. કદાચ આ કાર આડોશ-પાડોશની લાગે છે. એણે આ કાર ઘણીવાર જોઈ હતી એટલે પરિચિત લાગી.

અનુજ ઘરમાં આવ્યો. અચાનક એકલતા અને ચિંતાથી ઘેરાઈ ગયો. આજના બનાવોએ અચાનક વળાંક લીધો હતો. એણે ગજવામાંથી પ્રિન્ટ આઉટ કાઢ્યું.

A.............K.............I.............I.............L.............B.............A.............D.............M..........................

ડૉક્ટર અને જ્હોનની સામે એણે વ્યક્ત નહોતું થવું એટલે વધારે કાંઈ બોલ્યો નહોતો. હવે એણે ફરી ફરીને જાત જાતના combinations બનાવવા હતા. સ્ટડી ટેબલ પરથી પેપર અને પેન લીધાં અને combination બનાવવાં માંડ્યાં.

AKI – ILB...ADM.....

AKI…….

ILB…….

BA…….

DM………

ઘણાં બધાં combinations પછી પણ છેલ્લે મનમાં એ જ બેઠું.

A એટલે કદાચ accident.

KIIL – એટલે કોઈએ મારવાની કોશિશ.

BAD – એટલે ખરાબ રીતે, ખરાબ વ્યક્તિ..... પણ કશુંક તો ખરાબ જ.

M – કદાચ કોઈ M નામની વ્યક્તિ હોય શકે.

ભાઈ એટલો સારો હતો કે કોઈને ખરાબ માની જ ન શકે. હોંશિયાર હતો એટલે સામેની વ્યક્તિને પારખી જતો ખરો, પરંતુ સામેની વ્યક્તિને ક્યારેય જણાવા દેતો નહીં. અનુજને હવે જ્હોનની વાત સાંભળીને લાગવા માંડ્યું કે અહીંનું વાતાવરણ ઈર્ષા અને હરીફાઈથી ભરેલું હોઈ શકે છે. આટલી મોટી શોધ કરતા વિજ્ઞાનીઓ અંદર અંદર ઈર્ષા કરતા હશે? નૉબલ પ્રાઇઝ અને સન્માન મેળવવા માટે હરીફાઈ પણ કરતા હશે! ભાઈ ખૂબ જ મહત્ત્વની શોધને આરે પહોંચ્યો હતો એટલું તો એ જાણતો જ હતો. આ કૉન્ફરન્સમાં એની શોધ જાહેર થવાની હતી. એકવાર એ જાહેર થઈ જાય પછી કોઈ એને પોતાના નામે ન લઈ શકે. પછી એની ક્રેડિટ ભાઈને જ મળે.

શક્ય છે, ચોક્કસ શક્ય છે કે આ શોધ જાહેર ન થાય એવું કોઈ ઇચ્છતું હોય! પણ એવું કોણ હોય? ઇન્સ્ટિટ્યૂટમાં બધાં મળ્યાં ત્યારે એવી કોઈ લાગણી ન થઈ. બધાં પર્સનલી પણ મળી ગયાં. બધાને નિમિત્ત માટે પ્રેમ જણાયો. ઇન્સ્પેક્ટર પાસે કોઈ માહિતી છે. અનુજ બધાના ચહેરા અને એના હાવભાવ યાદ કરવા લાગ્યો. ડૉ. એડવર્ડ, ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર, સહાધ્યાયીઓમાં...પીટર...એમી....હા.... પીટર અને એમી એ બંનેની આંખોમાં લાગણી ઉપરાંત બીજું પણ કાંઈ હતું. ચોક્કસ યાદ છે. એમીનો ચહેરો કાંઈ છુપાવતો હોય એવું એને તે વખતે પણ લાગેલું. તે દિવસે ઇન્સ્ટિટ્યૂટમાંથી બહાર નીકળ્યાં ત્યારે પણ... એ બંને જો ભાઈના મિત્ર હોય તો ત્યાર પછી ક્યારેય અનુજને મળવા કેમ ન આવ્યા? ક્યારેય ફોન પણ કેમ ન કર્યો? ભાઈનો ઍક્સિડન્ટ સહજ નથી. કોઈ BAD – Mએ કરાવેલો ઍક્સિડન્ટ છે. KILL છે.

હવે કાલથી અનુજ પોતાની રીતે તપાસ કરશે. અજાણ્યા લોકો અને અજાણી ધરતી છે, તો શું થયું? નિમિત્ત ભાઈ છે. એ ભાઈના કાતિલને ચોક્કસ શોધશે. એ ભાઈને મળવા પાત્ર સન્માન ભાઈને અપાવીને જ રહેશે. એણે નિશ્ચય કરી લીધો.

આજના દિવસની વાત કરવા વડોદરા ‘સ્વજન’ ઉપર ફોન લગાવ્યો. વડોદરાના લોકોને દુઃખ ઉપરાંત બીજો ભાર હાલમાં આપવો નથી એમ નક્કી કર્યું.

“હલો પપ્પા, અનુજ બોલું.”

“બોલો બેટા. તારા ફોનની જ રાહ જોતા હતા. શું સમાચાર છે?”

“અહીં બધું ઠીક છે. ભાઈને મળવા હૉસ્પિટલ ગયો હતો. પરિસ્થિતિ એમની એમ છે. ડૉક્ટર કહે છે બગડી નથી એ સારી નિશાની છે. ભાઈની કાળજી હૉસ્પિટલવાળા બરાબર સાચવે છે. અહીં અદ્યતન સાધનો છે એટલે ટ્રીટમૅન્ટ બરાબર ચાલે છે. ત્યાંના શું હાલ છે?”

“અમે બધા તો ઠીક છીએ. મમ્મીને થોડી ખાંસી થઈ હતી પણ ઈશાએ દવા આપી દીધી છે. અંશનું તો બરાબર ચાલે છે. તને યાદ કરે. નિ-કાકા, નિ-કાકા કરીને નિમિત્તને બહુ યાદ કરે છે. એને કશી ખબર તો પડે નહીં પણ નિમિત્તને બહુ યાદ કરે છે. ફોન પાસે જઈને નિ-કાકા... એમ કહે. નિમિત્તના ફોનની રાહ જોયા કરે. અમે સમજતા નથી એવું સમજીને એ અમને નિમિત્તે મોકલાવેલાં રમકડાં બતાવીને, ફોન બતાવે.”

“સમજું છું પપ્પા.” અંશનાં તોફાનો વધી ગયાં હતાં.

“લે આ ઈશા સાથે વાત કર.” વિકાસભાઈએ ઈશાને ફોન આપ્યો.

“ઈશા, ત્યાં બધું બરાબર છે?”

“બરાબર તો ક્યાંથી હોય! સમય જ એવો છે. મમ્મી-પપ્પા, હું એકબીજાંને સાચવ્યા કરીએ છીએ. ત્રણેય મળીને અંશને. થોડો ઉચાટિયો થઈ ગયો છે. તને મિસ કરી રહ્યો છે. ભાઈને યાદ કરે છે. હમણાં પણ ફોન પર

વાત કરું છું ત્યારે.... તારો અવાજ કેમ ભારે છે? ત્યાં....” ઈશા અનુજનો અવાજ પારખી જતી.

“અહીં પણ એવું જ છે, ઈશા. ભાઈને જોવાતો નથી. આખું શરીર પાટામાં છે. રૂમની અંદર તો જવા જ નથી દેતા. બસ કાચની બહાર ઊભો રહીને, એ સફેદ પાટાવાળું શરીર જોઉં છું. મારી પાસે તો રડવા માટે પણ કોઈ ખભો નથી........ચાલ......પછી...ફોન કરું....” માંડ આટલું બોલીને અનુજે ફોન મૂકી દીધો. ખુલ્લા મને રડી પડ્યો. રડ્યા જ કર્યું. છાનો રાખનારું પણ કોઈ ક્યાં હતું?



પીટર અને એમી વચ્ચે તકરાર

પીટર અને એમી અનુજને મળીને MPAમાંથી બહાર નીકળ્યાં ત્યારે જ અનુજ અને જ્હોન પણ બિલ્ડિંગમાંથી બહાર નીકળી ગાડી તરફ જતા હતા. પીટર અને એમીએ અનુજને ફક્ત હાથ કરીને ગાડી મારી મૂકી. પીટર અને એમી બંને અનુજની નજરથી બચવા માગતાં હતાં. ગાડીમાં બંને થોડીવાર ચૂપ રહ્યાં. વાત કરવા જેવું હતું પણ શું? અનુજને ખબર તો નહીં પડી હોય ને? હાવભાવ સંપૂર્ણપણે ક્યાં કાબૂમાં રખાય છે. અંતરના ભાવ ક્યાંકથી તો ડોકિયું કરીને સામેવાળાને દેખાઈ જ જાય છે. વળી પીટર અને એમી તો નિમિત્તના મિત્ર પણ હતાં. નિમિત્તનો સ્વભાવ કેટલો સાલસ, હતો. બંનેને કેટલી બધી વાર હાથે બનાવેલું ભોજન પણ જમાડતો હતો. એના હાથની vegetable curry and Jeera rice તો favourite હતાં. એમી મનોમન નિમિત્તને યાદ કરી રહી હતી. થોડીવારે સામે રસ્તા પર તાક્યા પછી એમીએ વાત ચાલુ કરી.

''તને લાગે છે કે અનુઝીએ નોટીસ કર્યું?'' ["Do you think Anuzee noticed?"] એમીનો ચહેરો ખૂબ બોલકણો. એના હૃદયની ભાવનાઓનો આયનો. અત્યારે એના ચહેરા પર વ્યથા અને ગીલ્ટ સાફ સાફ લખેલું હતું.

''મને કેવી રીતે ખબર? હું કાંઈ કોઈનું મગજ વાંચી શકતો નથી.'' ["How would I know, I am not a mind reader."] પીટર થોડો અસ્વસ્થ અને ઇરિટેબલ મૂડમાં હતો.

''મને તેની આંખમાં નામિટે દેખાયો. તેની આંખો પણ નામિટે જેવી જ છે. ફક્ત આંખનો ફોટો જુઓ તો જરા પણ ખબર પડે નહીં.'' ["I see Nametee's eyes in him, They have the same eyes. In fact, if you just take the photograph of both the eyes, it would be difficult to differentiate."]

''હશે તો?'' ["May be so?"] આવી કટોકટીના સમયે પણ એમીને આંખની સરખામણી સૂઝે છે! સ્ત્રીઓ કમાલ છે!!!!

''મને લાગે છે પીટર કે આપણા અજુગતા અને અનકમ્ફર્ટેબલ વર્તનનો ખ્યાલ અનુઝીને આવી ગયો હશે. એને અણસાર આવી ગયો હશે કે આપણે તેને ટાળી રહ્યાં છીએ. કે આપણે......'' ["I think he must have noticed our uncomfortable feeling. That, we were avoiding him. That we are----"]

''કેવી વાત કરે છે એમી. તે કાંઈ કોઈનું મન ન વાંચી શકે. તે આજે એકસામટી એટલી બધી વ્યક્તિઓને મળ્યો, સાંભળ્યા, છે કે એને આપણું નામ કે આપણે યાદ પણ નહીં હોઈએ.'' ["Oh! come on Amy. He is not a mind reader. He met so many people, saw so many faces and heard so many people. He would not even remember oour names."]

''તેણે આપણું નામ ચોક્કસ સાંભળ્યું હશે. નામિટે એના કુટુંબીજનોની નજીક છે. તે અહીંથી તેમને માટે ભેટ મોકલે છે. વાતો કરે છે. મને ખાતરી છે કે એણે આપણી વાતો પણ કરી જ હશે. મને ખાતરી છે કે....'' ["He must have heard our name. Nametee is close with his family. I remember him mentioning his family often. He often talks to them, sends them gifts, I am sure......"]

''ભગવાનને ખાતર લવારા બંધ કરશે એમી! ધારો કે નામિટેએ આપણી વાતો કરી હોય તો અનુજ ફક્ત એટલું જ જાણશે ને કે આપણે નામિટેના મિત્રો છીએ! તેનાથી શું ફરક પડે છે?'' ["Oh! for God's

sake stop Amy. He may be close with his family. May be his brother knows we are his friends. So what? How does it matter"] પીટરે ખભા ઉછાળતા કહ્યું.

પીટરને થયું હવે એમી વાત બદલે તો સારું. જ્યારથી એક્સિડન્ટ થયો છે ત્યારથી બંને વચ્ચેનો સંબંધ પણ બદલાઈ ગયો છે.

''સાચી વાત તો એ છે કે...'' ["Well. The truth is..."]

''હું પણ સત્ય જાણું છું...'' ["I know what the truth is..."] પીટરે એમી સામે ગુસ્સાથી ભરેલી નજરે જોયું.

''સત્ય એ છે પીટર કે મને ખરાબ લાગી રહ્યું છે. મારા મનમાં સતત એ જ વિચાર ચાલે છે કે મારો અને તારો બંનેનો વાંક છે. આપણી જવાબદારી બને છે, મિત્ર તરીકે ફરજ બને છે કે આપણે અનુજને સત્ય હકીકત જણાવી દઈએ. આપણે દોષી છીએ કે નહીં એનો નિર્ણય અનુઝીને જ લેવા દઈએ. આપણે અનુઝીને પણ બચાવવો જોઈએ. એને કહેવું જોઈએ કે એનો જીવ પણ જોખમમાં છે. આપણે નામિટેના મિત્ર તરીકે એની પડખે ઉભા રહેવું જોઈએ. આપણે...'' ["The truth is, I feel bad, very bad. I keep on thinking may be it is my fault and your fault too. I think we should not run away from our responsibility to tell Anuzee. Let him judge whether we are guilty or not. We should tell him he is in danger too. We should protect him and Nametee. We should be with him at this hour. We should..."]

એમીને પણ દબાવી રાખેલી લાગણીઓ બહાર કાઢવી હતી. એ રાત્રે ઊંઘી નહોતી શકતી. હૉસ્પિટલમાં એકવાર નિમિત્તને જોયા પછી બીજીવાર નિમિત્તને જોવા જવાની હિંમત જ નહોતી કરી શકી.

''થોભ એમી. 'આપણે' નહીં 'તું.' હા. તું એકલી. તને આટલું બધું લાગી આવતું હોય તો તું એકલી જઈને કહે. યાદ કર એમી, આપણા જીવ પણ જોખમમાં છે.'' ["Wait Amy, not WE. YOU yes, you alone. If you feel so much about it. Remember We are in danger too."]

''આપણે જોખમમાં છીએ પરંતુ એ તો મૃત્યુના મુખમાં છે. કોઈ પણ ઘડીએ મૃત્યુ પામી શકે છે. તેનું મૃત્યુ કરાવી શકે છે, તે તને કેમ સમજાતું નથી?'' ["We are in danger but he is near death. He may die or may be made to die any moment. don't you understand?"]

''એમી, જે પણ કાંઈ થયું તે આપણાથી અજાણતાં થયું છે. આપણે એવું ધાર્યું ન્હોતું. આપણા કાબૂની બહાર હતું. આપણી સ્થિતિ એક મોટા મશીનમાં આવેલા નાના સ્ક્રૂ જેટલી જ છે. આપણે હજી આપણી ઇન્સ્ટિટ્યૂટ સાથે જ સંકળાયેલાં છે. તને તારા અને મને મારા સંશોધન માટે ઇન્સ્ટિટ્યૂટની જરૂર છે. આપણી કારકિર્દી, આપણી શોધ, આપણું સ્વપ્ન બધું જ ભાંગી પડશે. આપણે... હું આ જોખમ નથી લેવા માંગતો. આપણી નાની, અજાણતાં કરેલી ભૂલના બદલે આવું મોટું જોખમ હું નહીં લઉં.'' ["Amy, Whatever happened, it was not known to us. We did not anticipate it. It was not in our control. We are too small a peg in the whole machinary. You and I are still part of the Institute. You need the Institute for your research and I need mine. Our life of work is at stake. Our work, our dream, our commitment, our credentials. Every thing we worked so hard for is at the brink of ruin or success. We can't, at least, I can't take any chance for what is basically a small mistake."]

પીટરે ગાડી સાઇડ પર લઈને ઊભી રાખી. આજે એમી સાથે સ્પષ્ટ વાત કરવી જ પડશે. સંબંધોનો અંત આવે તો પણ. સંબંધ કરતાં સંશોધન જ મહત્ત્વનું છે. એમીએ પણ એમ જ કરવું જોઈએ. આ બધા

લાગણીવેડા, અપરાધીપણાની ભાવનાની જરૂર જ નથી. હજી પણ સ્ત્રીઓ બદલાઈ નથી! વિજ્ઞાની બને તો પણ અને ન બને તો પણ! આજે પીટર પોતાનું મંતવ્ય અને એનું stand એમીને સ્પષ્ટ કરી દેશે. એમી પોતાનો નિર્ણય જાતે કરી લેશે.

એમી પણ ધૂંધવાઈને બેસી રહી. ન ગમે તો પણ પીટરની વાત તો સાચી જ હતી. અનુજને કહીને શું ફાયદો? જેટલો અનુજ અજાણ હશે એટલો જ સુરક્ષિત હશે. ઍક્સિડન્ટ તો થઈ જ ચૂક્યો છે. હવે ફરી નિમિત્ત, જો જીવે કે જિવાડે તો પણ ફરીથી પહેલાં જેવો થઈ શકવાનો નથી. આ મોટાં માથાંઓની રમતમાં અનુજ અને નિમિત્ત બંને ખૂબ નાના પડે. નિમિત્ત હૉસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે છે અને અનુજ તદ્દન અજાણ્યો. સિંહોના વિશાળ જંગલમાં સસલું બિચારું શું કરે? એમી અને પીટર વચ્ચે છવાયેલી શાંતિનો ભંગ કરનારા મોબાઇલની રિંગ વાગી. પીટરે એમી સામે સૂચક જોયું. એમી સમજી ગઈ. એમીએ ફોન ઉપાડ્યો. સ્વસ્થ અવાજે બોલી:

"Hallo........."



ગુરુજીનો મંત્ર

હજી તો રાત્રિનો અંધકાર દૂર થયો ન હતો. હજી તો સૂર્યોદયનો અણસાર પણ ન હતો. હજી તો પક્ષીઓનો કલરવ શરૂ પણ થયો ન હતો. હજી તો તારાઓની ગૂફ્તેગુ ચાલી રહી હતી. સમગ્ર વાતાવરણ પર નિશાનો જ પ્રભાવ હતો. એવામાં આશ્રમના ઝાંપેથી પંદર શિષ્યોનું એક ટોળું બહાર નીકળ્યું. આગળ એક વૃદ્ધ ઋષિ ચાલી રહ્યા હતા. સંયમ અને તપથી કસાયેલું શરીર હતું. ઋષિનાં કપડાં ભગવારંગનાં હતાં. શરીરના ઉપરના ભાગમાં ફક્ત ઉપવસ્ત્ર હતું. ભવ્ય સફેદ દાઢી હતી. વાળની જટા ઉપર બાંધી દીધી હતી. શરીરમાં સ્ફૂર્તિ હતી. પાછળ ચાલી રહેલા શિષ્યો યુવાન વયના હતા. અઢારથી વીસ વર્ષની સૌની ઉંમર હશે. ગુરુજીના હાથમાં એક દંડ હતો. જંગલની કેડીએ નીકળેલા સૌ સ્ફૂર્તિથી રસ્તો કાપી રહ્યા હતા. આકાશના ટમટમતા તારા સૌને જાણે પંથ બતાવી રહ્યા હતા. ઘણીવાર ચાલ્યા પછી પર્વતની ટોચ પર એક સ્વચ્છ જગ્યા આવી. ત્યાં સૌ ગોળાકારમાં પદ્માસનમાં યોગમુદ્રામાં બેસી ધ્યાનસ્થ થયા. ગુરુજીએ એમનો દંડ વચ્ચે જમીનમાં ખોસ્યો.

ઓમ દ્યોઃ શાંતિ... સૌએ મંત્રોચ્ચાર શરૂ કર્યો.

થોડીવારે આકાશમાંથી એક તેજલિસોટો તેજ ગતિએ ધરતી તરફ, દંડ તરફની દિશામાં આવીને દંડમાં સમાઈ ગયો.. દંડની ફરતે એક નાનું તેજો વર્તુળ ફરવા લાગ્યું. વર્તુળ ધીમે ધીમે વિસ્તરતું ગયું. વિસ્તરતું ગયું અને ગોળાકારે બેઠેલા સૌ ગુરુ-શિષ્યોને પણ આવરતું ગયું. અંદર વિવિધ રંગના ઈંવળ આકારના કણો હતા. કણો સતત કંપનમય હતા. કોઈ કણો વધુ કંપન ધરાવતા હતા, તો કોઈ કણો સ્થિર લગતા હતા. થોડી વારે તેજોવર્તુળ ફરી સંકોચાતું ગયું. સંકોચાઈને ફરી દંડમાં સમાય ગયું. દંડમાંથી ફરી એક તેજલિસોટો નીકળ્યો અને આકાશ તરફ જઈને અદૃશ્ય થઈ ગયો. વાતાવરણ ફરી શાંત થઈ ગયું. શિષ્યો એની ધ્યાનાવસ્થામાં બેઠેલા રહ્યા. થોડીવારે આકાશે રંગ બદલવા માંડ્યો. પક્ષીઓનો કલરવ શરૂ થયો. આકાશે સૂર્યને આવકારવા ફરી એકવાર તૈયારી કરી.

ધીર, ગંભીર સાગરના પેટાળમાંથી આવતા ગુરુજીના અવાજ અને એમના શબ્દોને શિષ્યો ગ્રહણ કરવા લાગ્યાઃ

'સમગ્ર સૃષ્ટિ કંપનમય છે. સ્પંદનમય છે. કંપન એ આ સૃષ્ટિનો અફર નિયમ છે. ઋષિઓને લાધેલું આ પરમ સત્ય છે. આ બ્રહ્માંડમાં કશુંય સ્થિર નથી. સ્થિર દેખાતી સ્થૂળમાં સ્થૂળ વસ્તુ પણ હકીકતમાં સ્થિર નથી. જડ અને ચેતન વચ્ચેનો ભેદ હકીકતમાં કંપનદરનો ભેદ છે. આ કંપનદરનો એક માપદંડ બનાવીએ તો જેમ વધુ કંપન તેમ, માપદંડમાં એનું સ્થાન ઉપર અને જેમ કંપનદર ઓછો તેમ એનું સ્થાન માપદંડમાં નીચે. સ્થૂળ પદાર્થ જેમ કે માટીનું ઢેફું, કે પથ્થર પણ સ્થિર નથી પરંતુ એનો કંપનદર એટલો ઓછો છે કે તે સ્થિર કે નિર્જીવ દેખાય છે. નિર્જીવથી સજીવ તરફની ગતિ હકીકતમાં ઓછા કંપનદર તરફથી વધુ કંપનદર તરફની છે.

પરમચેતનાના અંશ રૂપ આપણી ચેતના પણ કંપન ધરાવે છે. આપણે જ્યારે નકારાત્મક વિચારો અને લાગણીઓ ધરાવીએ છીએ ત્યારે આપણી ચેતનાનો કંપનદર ઓછો થઈ જાય છે. આપણાં આ સ્પંદનો આપણા શરીરની બહાર ફેલાય છે. સામેની વ્યક્તિની ચેતના આપણાં સ્પંદનોને ઝીલી શકે છે. જ્યારે હકારાત્મક વલણો, વિચારો હોય ત્યારે આપણાં સ્પંદનો કંપનદરના ઉચ્ચ માપદંડ તરફ જતા જાય છે. આપણાં સ્પંદનો થકી આપણાં વાતાવરણમાં પ્રેમ અને હકારાત્મકતાનાં સ્પંદનો મોકલીએ છીએ.

આપણું મન વ્યક્તિ અને સૃષ્ટિમાંથી આવતાં સ્પંદનો ઝીલી શકે છે, મોકલી પણ શકે છે. આપણે સતત

સ્પંદનો મોકલતાં પણ રહીએ છીએ અને ઝીલતાં પણ રહીએ છીએ. આપણાં કર્મો, વિચારો, માનસિક અવસ્થાઓ કંપનદરના માપદંડ પર સતત ઉપર કે નીચે તરફ ગતિ કરતા રહે છે. આપણે સૌ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણે મન-વચન-કર્મથી માપદંડમાં ઉપર તરફ જતા જઈએ..." શિષ્યો એક ચિત્તે ગુરુની વાણી ગ્રહણ કરી રહ્યા હતા.

ઓમ! દ્યૌઃ શાંતિરન્તરિક્ષ શાંતિઃ પૃથિવી શાંતિરાપઃ શાંતિરૌષધયઃ શાંતિર્વનસ્પતયઃ શાંતિ વિશ્વેદેવાઃ શાંતિર્બ્રહ્મ શાંતિઃ સર્વં શાંતિઃ શાંતિરેવ શાંતિઃ સા મા શાંતિરેધિ ઓમ! શાંતિઃ શાંતિઃ શાંતિઃ //

સૌએ એકસાથે પ્રાર્થના કરી. થોડીવારે ગુરુજી ઊભા થયા. દંડ જમીનમાંથી બહાર કાઢ્યો. આકાશ તરફ ઊંચો કર્યો. શિષ્યો પણ સૌ ઊભા થયા. ઊગતા સૂર્યને નમસ્કાર કરી સૌ ફરી એ જ જંગલની વાટે ચાલી નીકળ્યા.

આશ્રમનો ઝાંપો વટાવીને સૌ ગુરુજીને પ્રણામ કરી પોતપોતાની કુટીરમાં ગયા. ગુરુજી આશ્રમની વચ્ચે આવેલી પોતાની કુટીરમાં ગયા. ધ્યાનમાં બેઠા. દીર્ઘ સમાધિઅવસ્થા પ્રાપ્ત કરી. આજે જે જ્ઞાન સૌ શિષ્યોને આપ્યું એ સૌ શિષ્યો કપરી પરીક્ષામાંથી ઉત્તીર્ણ થયા હતા. ભૂત, વર્તમાન અને ભવિષ્ય જોનારી એમની દૃષ્ટિમાં ઉત્તીર્ણ થયા હતા. છતાં આજે એમના તરફથી આવતાં સ્પંદનોમાં એમને ઊણપ જણાઈ. હોવો જોઈએ એનાથી કંપનદર ઓછો લાગ્યો. આનો અર્થ એ થયો કે હજી કોઈ શિષ્ય નકારાત્મક ઊર્જા ધરાવે છે. કોણ હતું એ?

બ્રહ્માંડના પરમ સત્યનો આવિષ્કાર કરવાની પાત્રતા વગર જ્ઞાન આપવું વિનાશક થઈ શકે છે. પાત્રતા વગરનું જ્ઞાન આપવાની અનુમતિ ગુરુને પણ નથી. સમાધિ અવસ્થામાં ગુરુએ એમના ગુરુઓની અનુમતિ માગી હતી, પરંતુ આજનાં સ્પંદનો અંગે પણ એમણે ગુરુઓને જણાવાનું યોગ્ય માન્યું. ગુરુઓએ સતેજ રહેવા કહ્યું. ગુરુ હવે સતેજ રહેશે, ખૂબ જ સચેત રહેશે.



મધપૂડો છંછેડાયો !

નિમિત્તે હિલ્ટન હોટલના પાર્કિંગમાં ગાડી પાર્ક કરી. ઊતરીને હોટલના રિસેપ્શન પર રીસેપ્સનિસ્ટને પોતાનું નામ કહ્યું અને મિ. હર્બર્ટને મળવા માગે છે એમ કહ્યું.

"Wait a moment sir."

રીસેપ્સનિસ્ટે પ્રૉફેશનલ સ્મિત કરતા કહ્યું અને હોટલના ઇન્ટરકોમ ઉપર ફોન જોડ્યો. બે-ત્રણ વાર રિંગ વાગી અને ફોન ઊંચકાયો.

''ગુડ મોર્નિંગ, ડૉ. હર્બર્ટ. મિ. નામિટે, તમારા મહેમાન આવ્યા છે, તેઓ કહે છે કે તમારી એપોઇન્ટમેન્ટ છે.'' ["Good morning Dr. Herbert. We have a guest for you. Mr Nametee has come to meet you. He says you have given the appointment."]

"......"

''જી સર. શુભ દિવસ.'' ["Very well sir, good day."] રિસેપ્સનિસ્ટે ફોન મૂકી દીધો. એણે નિમિત્તની સામે સ્મિત કર્યું અને કહ્યું,

''તમે એમના સ્યૂટમાં જઈ શકો છો. જમણી તરફ આવેલી લિફ્ટમાં સ્યૂટ બટન દબાવશો તો સીધા એ માળ પર જ પહોંચશો. તમે સ્પેશિયલ હોવા જોઈએ, કારણ કે ડૉ. હર્બર્ટ ક્યારેય કોઈને સ્યુટમાં મુલાકાત આપતા નથી.'' ["you can go to his suite. Take an elevator on the right and press the button suite. It will take you directly to his floor. You must be special. Dr. Herbert hardly ever invites anybody to his suite."]

રીસેપ્સનિસ્ટને ખૂબ નવાઈ લાગી કે આવા સાધારણ દેખાતા ભારતીય યુવાનમાં આટલા પ્રખ્યાત વૈજ્ઞાનિકને શું રસ પડ્યો હશે. ડૉ. હર્બર્ટ આ હોટલના ખાસ મહેમાન હતા. જ્યારે અહીં આવે ત્યારે તેઓ આજ હોટલમાં અને આ જ સ્યૂટમાં રોકાતા. એમની ખાસ કાળજી રાખવાનો ઉપરથી ઑર્ડર હતો. આ જાણીતી ચેઇન ઑફ હોટલના માલિક Mr. Clarkeના તેઓ 'ખાસ' હતા. આખા હોટલના સ્ટાફને ડૉ. હર્બર્ટની જરૂરિયાતો, પસંદગી, સર્વિસની ખાસ સૂચના હતી. એમને ભાવતાં બ્રેકફાસ્ટ, લંચ, ડિનર ખાસ એક શેફને સોંપવામાં આવ્યાં હતાં. અઠવાડિયાના દિવસ પ્રમાણે એમનું 'મેનુ' તૈયાર કરવામાં આવતું. આટલાં વર્ષની સર્વિસમાં ડૉ. હર્બર્ટે કોઈને એમના સ્યૂટમાં આમંત્રણ આપ્યું હોય એવું ક્યારેય બન્યું ન હતું. ફક્ત મિ. ક્લર્ક આવે, તે જ એમને મળવા સ્યૂટમાં જતા.

હશે! આપણે તો કામ સાથે કામ. એમણે બોલાવવા હોય એટલાને બોલાવે! રીસેપ્સનિસ્ટની નજરમાં અચરજ જોઈને નિમિત્ત મનોમન હસ્યો. જર્મન લોકોની સામે ભારતીય લોકો શારીરિક રીતે વામણા લાગે. એ લોકોની એવરેજ ઊંચાઈ જ સાડા છ ફૂટ જેટલી હોય. 6 ફૂટની સ્ત્રીઓ તો ઘણી! ભારતમાં તો છ ફૂટના પુરુષો તો હીરો બની જાય અને સ્ત્રીઓ મૉડલ! પણ મારી બહેન રિસેપ્સનીસ્ટ!! જરા અમારી 'બુદ્ધિની ઊંચાઈ' તો જો! ડૉ. હર્બર્ટ આમ જ થોડું સ્યૂટમાં બોલાવે!

નિમિત્તે રીસેપ્સનિસ્ટે આપેલી સૂચના પ્રમાણે લીફ્ટ લીધી અને સ્યૂટનું બટન દબાવ્યું. લિફ્ટ અવાજ કર્યા વગર ઉપર તરફ ચાલવા લાગી. નિમિત્તની જિજ્ઞાસા પણ જાણે ઉપર ભણી જવા લાગી. તે દિવસે લેક્ચર પતી ગયું પછી જમવા માટે તેઓ સૌ આજ હોટલમાં આવ્યા હતા. ડૉ. હર્બર્ટ અને મિ.ક્લર્કને નિમિત્તના સંશોધનમાં ઘણો રસ પડી ગયો હતો. નિમિત્તનું ઇ-મેઇલ અને સેલ નંબર લઈ લીધો હતો. ડૉ. હર્બર્ટનો ઇ-મેઇલ તો બીજે દિવસે જ આવી ગયો હતો. એમણે એમના સંશોધનનાં પેપર્સ મોકલ્યાં હતાં. નિમિત્તે વાંચીને જવાબ પણ

આપી દીધો હતો. સામે નિમિત્તે જર્નલમાં પબ્લિશ થયેલા પોતાના પેપર્સ મોકલાવ્યાં હતાં. ડૉ. હર્બર્ટે એ વાંચીને તેનો જવાબ પણ આપી દીધો હતો. બંનેના સંશોધનમાં કૉમન હતી તે field Theory હતી. નિમિત્તની ક્વૉન્ટમ ફિલ્ડ થિઅરી અને ડૉ. હર્બર્ટની જીવવિજ્ઞાનમાં આવતી મોર્ફોજિનેટિક ફિલ્ડ અંગેની થિઅરી.

ખગોળવિજ્ઞાન અને જીવવિજ્ઞાન નજીક આવી રહ્યાં હતાં. ડૉ. હર્બર્ટ અહીં ગાર્ચિંગ આવવાના હતા એટલે એમનો નિમિત્ત પર ફોન આવ્યો. મુલાકાત ગોઠવાઈ ગઈ. નિમિત્તને ડૉ. હર્બર્ટને સંશોધનમાં રસ પડ્યો હતો. એમની સાથે સંશોધન પણ થઈ શકે તેમ હતું પરંતુ નિમિત્તને થોડો ખચકાટ હતો. હમણાં જે એનું કામ ચાલી રહ્યું હતું એ સંપૂર્ણ એકાગ્રતા માગી લે તેવું હતું.

એ જે એલ્ગોરિધમ વિકસાવી રહ્યો હતો એ ખૂબ કૉમ્પ્લિકેટેડ હતો. ડૉ. હર્બર્ટ સાથે કામ કરીને એકાગ્રતા તોડવા માગતો ન હતો. બીજું પણ એક કારણ હતું. નિમિત્તને કોઈ સ્પોન્સર નહોતા જોઈતા. મિ. ક્લર્ક સારા હતા. ખૂબ જ પ્રભાવશાળી અને રાજકીય તથા સામાજિક વગ ધરાવતા હતા, પણ નિમિત્તને સંશોધન માટે ઇન્સ્ટિટ્યૂટ પૂરતું ફંડ આપી રહી હતી.

વૈજ્ઞાનિકોમાં આવો એક ટ્રેન્ડ છે. સંશોધન માટે તેઓ સ્પોન્સર શોધતા હોય છે. સ્પોન્સર આવી રીતે સંશોધન માટે ફંડ આપતા હોય છે. પછી જે સંશોધન થાય તેનો લાભ સૌ પ્રથમ એ સ્પોન્સરને મળે છે. Innovation, technology અને પછી commercializationનું એક ચક્ર ચાલતું રહે છે. સામાન્ય માણસ સુધી આવતી સગવડો કે સાધનો આજ રીતે આવતાં હોય છે. આ કંઈ નવી રીત નથી કે ખરાબ પ્રણાલિકા પણ નથી. સંશોધનો કાંઈ સસ્તાં નથી. વળી સંશોધનો સફળ જાય એની ગેરંટી પણ નથી હોતી. એ અસફળ જાય તો આખો ખર્ચો માથે પડે છે. આવા સ્પોન્સર્સ એ જોખમ ઉઠાવે છે.

વિજ્ઞાનની પ્રગતિ આવા સ્પોન્સરને કારણે મહદ અંશે થાય છે. સ્પોન્સર ન મળે તો સંશોધનમાં તકલીફ પડે છે. CERNનું જ ઉદાહરણ લઈ લો ને! નિમિત્તને એ સામેથી મળી રહ્યું હતું એ ખૂબ જ ગૌરવની વાત હતી પણ નિમિત્તનું હૃદય ના પાડી રહ્યું હતું. નિમિત્તને Innovationમાં રસ હતો. ત્યારબાદની પ્રક્રિયા technology અને commercialization નિમિત્તના રસક્ષેત્રની બહાર હતાં.

ખેર! આવી મહાન વ્યક્તિ એને સામેથી બોલાવે એ નિમિત્ત માટે ગૌરવની વાત હતી. નિમિત્તના ઉત્કૃષ્ટ કામનું સર્ટિફિકેટ હતું. લિફ્ટ સ્યૂટવાળા ફ્લૉર પર આવી ગઈ હતી. વીસમા માળ પર, હોટલની સૌથી ઉપરના માળ પર એ આવી ગયો હતો. કાચમાંથી નીચે નજર કરી તો જમીન દૂર લાગી. પાર્ક કરેલી ગાડીઓ રમકડાંની હોય તેવી લાગી. સ્યૂટનો દરવાજો બંધ હતો. એ બેલ વગાડે તે પહેલા જ દરવાજો ખૂલી ગયો. સામે ડૉ. હર્બર્ટ એને આવકારવા ઊભા હતા.

''આવકાર નામિટે. અંદર આવ.'' ["Welcome Nametee come in."]

''હલો સર.'' ["Hello Sir."]

નિમિત્તે થોડા શરમાઈને સંકોચાઈને કહ્યું. ડૉ. હર્બર્ટ અંદર ગયા. નિમિત્ત એમની પાછળ ગયો. સ્યૂટની ભવ્યતા જોઈને અંજાઈ ગયો. રૂમ વિશાળ હૉલ જેટલો મોટો હતો. ત્રણે બાજુ કાચની દીવાલો હતી. આજુબાજુ કોઈ ઊંચું મકાન ન હતું એટલે દૂર દૂર સુધી નજર પહોંચે ત્યાં સુધી ગજબનો લેન્ડસ્કેપ દેખાઈ રહ્યો હતો. ઉપર ફક્ત આકાશ દેખાતું હતું. એક તરફથી તડકો રૂમમાં પ્રવેશી રહ્યો હતો. આખો રૂમ પ્રકાશમય હતો. રૂમમાં ત્રણ બેઠક વ્યવસ્થા હતી. એક બાર પણ હતો. ત્યાં ઊંચાં સ્ટૂલ હતાં. એકથી વધારે વ્યક્તિઓ બેસી શકે તેવા બે સોફાસેટ ગોઠવેલા હતા. એક તરફ ફક્ત ત્રણ મોટી આરામદાયક ખુરશીઓ અને વચ્ચે ભવ્ય ટેબલ હતું. નિમિત્તની નજરે બધે ફરી વળી.

''બેસો.'' ["Please be seated"] ડૉ. હર્બર્ટે ત્રણ ખુરશીવાળી બેઠક તરફ ઇશારો કર્યો.

''થેંક્યૂ.'' ["Thank you."] નિમિત્ત એક ખુરશીમાં બેઠો.

‘‘શું લેશે નામિટે. કોઈ ડ્રિન્ક?’’ [“What will you have Nametee? Any drink?”] ડૉ. હર્બર્ટે વિવેક કર્યો.

‘‘ના આભાર. હું ડ્રિંક લેતો નથી.’’ [“No thanks, I don’t drink.”]

‘‘ઠીક મારું અનુમાન હતું જ. ફ્રૂટ જ્યુસ પણ છે.’’ [“Well. I should have gussed. I have fruit juice as well.”]

‘‘હું ફ્રૂટ જ્યૂસ લઈશ. આભાર.’’ [“I will have juice, thanks.”] ડૉ. હર્બર્ટે બારમાં રહેલા ફ્રીઝમાંથી ફ્રૂટ જ્યૂસ એક ગ્લાસમાં રેડ્યું. એમના પોતાના ગ્લાસમાં wine રેડ્યો અને બંને ગ્લાસ લઈને બેઠક પાસે આવ્યા.

‘‘આ લે તારો ગ્લાસ. ઘર સમજીને કમ્ફર્ટેબલ બેસ.’’ [“There you are. Be comfortable. Be at home.”] નિમિત્ત હજી થોડો સંકોચાતો હતો.

“Thanks” નિમિત્તે એનો ગ્લાસ પકડ્યો અને ખુરશીમાં પાછળ ખસીને અઢેલીને બેઠો. ડૉ. હર્બર્ટ સામે બેઠા. ગ્લાસ ઊંચો કરીને ટોસ્ટ કર્યું.

‘‘આપણા સંશોધનને.’’ [“To our research.”]

‘‘સંશોધનને.’’ [“To research.”] નિમિત્તે નરો વા કુંજરો વા – જેવું કર્યું અને ‘અવર’ શબ્દ ગપચાવી લીધો.

‘‘નામિટે. આપણે ફરી વાર મળી રહ્યા છીએ.’’ [“So, Nametee, we meet again.”] ડૉ. હર્બર્ટે ઉત્સાહપૂર્વક વાતચીત શરૂ કરી.

‘‘જી. તમારો ઇ-મેઇલ મને મળેલો. તમારું સંશોધન ઘણું રસપ્રદ છે.’’ [“Yes, I got your mail. Your research is interesting.”]

ડૉ. હર્બર્ટ ખુશમિજાજમાં જણાતા હતા.

‘‘તારું સંશોધન પણ ઉત્તમ છે. મેં તારા સંશોધન ઉપરના રિસર્ચ પેપર્સ વાંચ્યાં. તું ઉત્તમ કોટિનો સંશોધક છે. એટલે તો આજે આપણે ફરી મળી રહ્યા છીએ!’’ [“And your’s is good too. I read your research papers. You really are a dedicated researcher. That is why we meet again.”] નિમિત્તે જવાબમાં ફક્ત ડોકું ધુણાવ્યું. ડૉ. હર્બર્ટે આગળ ચલાવ્યું.

‘‘આપણે સાથે મળીને સંશોધન કરી શકીએ તે બાબતે વાતચીત કરવા જ તો આપણે આજે મળી રહ્યા છીએ. તારું સંશોધન ખગોળશાસ્ત્રમાં અને મારું જીવવિજ્ઞાનમાં. જો સાથે સંશોધન કરીએ તો એક નવો ઇતિહાસ રચી શકીએ. શું વિચાર છે નામિટે?’’ [“I wanted to meet you again for considering our working together. We both can combine our work together and create a new history in cosmology as well as biology. What do you think Nametee?”] ડૉ. હર્બર્ટ તો આગળ ને આગળ વધ્યે જ જતા હતા. નિમિત્તને કેવી રીતે ના પાડવી તે સમજ નહોતી પડતી.

‘‘તમારું સંશોધન રસપ્રદ, પદ્ધતિસર અને ઝીણવટપૂર્વકનું છે મિ. હર્બર્ટ પણ...’’ [“It was very interesting work and your experiments are very meticulous. Mr. Herbert but......”]

‘‘એટલે જ તો તને કહું છું કે આપણે સાથે સંશોધન કરીએ. મારી મિ. ક્લર્ક સાથે વાત થઈ. સંશોધન માટે જરૂરી ફંડ આપવા એ તૈયાર છે. અરે! એમણે તો ત્યાં સુધી કહ્યું કે ફંડને કારણે સંશોધન અટકવું જોઈએ નહીં. આપણા સંશોધન માટે ખૂબ બધુ ફંડ જોઈશે એટલે મને તો એમની વાત ગમી. હું તો ખુશ અને ઉત્તેજિત છું.’’ [“That is the reason. I am asking you that we work together. I had a talk with Mr. Clarke, he is willing to back our research. In fact he said funds should not be

a problem. Whatever it takes. Oh thats too good!! We need lots of funds for research. I am so excited.”]

ડૉ. હર્બર્ટ એમની રીતે આગળ ને આગળ વધતા જતા હતા. એમના ઇ-મેલમાં પણ અને અત્યારે વાતચીતમાં પણ. નિમિત્તે ખૂબ વિચારીને નક્કી કર્યું હતું કે એ ડૉ. હર્બર્ટ સાથે સંશોધનમાં જોડાશે નહીં. નિમિત્તને થયું કે મિ. હર્બર્ટને આજે મનની વાત કહેવી તો પડશે જ. જેટલું મોડું થશે એટલી ગેરસમજ વધશે. એને મિ. હર્બર્ટ માટે માન હતું, એમને નારાજ કરવાની ઇચ્છા ન હતી.

‘‘મિ. હર્બર્ટ. મને તમારા સંશોધનમાં રસ પડ્યો છે. પરંતુ હાલના તબક્કે હું ફક્ત મારા સંશોધન ઉપર મારું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરવા માંગું છું. હું મારી શોધની ખૂબ નજીક છું ત્યારે મારે મારું ધ્યાન બીજી બાબતો પર નથી લઈ જવું. હું...’’ [“Mr. Herbert, though I am very much interested in your work, I think it would be better if I focused only on my work at the moment. I am so deep into my own research, I think I am quite near to the solution. I need full concentration and time on the experiment. I...”] નિમિત્તનો ખચકાટ જોઈને ડૉ. હર્બર્ટ થોભ્યા.

‘‘એક મિનિટ થોભ. તને મારી પ્રપોઝલ અંગે શંકા છે. તને એમ લાગે છે કે આપણા સાથે કામ કરવાથી તારા સંશોધન ઉપર માઠી અસર થશે? મને સમજાવ.’’ [“Wait, wait, wait. You have reservations about my proposal? Do you think it would interfere with your research? I am confused. Please explain”] ડૉ. હર્બર્ટના ચહેરા પર મૂંઝવણ દેખાઈ.

‘‘ના, ના. હું તમારી પ્રપોઝલ ઉપર શંકા નથી કરતો. મારા કામ પર માઠી અસર પડશે એમ પણ નથી માનતો. હું તો ફક્ત એટલું જ કહું છું કે તમારી પ્રપોઝલ ઉપર પછી ક્યારેક વિચારીશ. પ્રથમ હું ક્વૉન્ટમ ફિલ્ડ પરનું મારું સંશોધન સમાપ્ત કરું પછી. હાલના તબક્કે બંનેને ભેગા કરવાની જરૂર નથી.’’ [“No, no. I am not doubting your proposal. I just think, it would be better if I take your proposal at a later date. After I finish my research work in quantum field theory. I think it is too early to mix up the two.”]

નિમિત્તે શક્ય એટલી નજાકતથી પોતાની વાત મૂકી સાથે કામ કરવાની ના પાડી દીધી.

‘‘તારી વાતમાં દમ છે. આપણા બંનેના સંશોધનને એકત્રિત કરી શકાય તેમ હોવા છતાં આપણે સ્વતંત્ર રીતે કામ કરીએ તે ઇચ્છનીય છે. તારું ક્વૉન્ટમ ફિલ્ડ અને મારું મોર્ફોજિનેટિક ફિલ્ડનું સંશોધન પછીથી એકત્રિત કરી શકીશું. મિ. ક્લર્કને વાત કરીને તારા સંશોધન માટે અલગ ફંડ પણ તને અપાવી દઈશ. તેઓ વાંધો નહીં લે તેની ખાતરી હું આપું છું.’’ [“That does make sense. I understand. Though there is a possibility of merging the two theory, let us work independently presently. You on quantum field and I on morphogenetic field theory. Later we may combine the two. I can convince Mr. Clarke to give you a separate sponsorship. He won’t mind it. I assure you.”] ડૉ. હર્બર્ટ તો આ માટે પણ તૈયાર જણાયા.

‘‘મિ. હર્બર્ટ મને મિ. કર્લક માટે ખૂબ માન છે પરંતુ મને મિ. કર્લકના ફંડની જરૂર નથી. મારું સંશોધન પતવાની અણીએ છે. મારો અલ્ગોરિધમ પતવાની તૈયારીમાં છે. મારી સંસ્થા MPAએ મને પૂરતું ફંડ આપી દીધું છે. મને વધારે ફંડની જરૂર નથી.’’ [“But Mr. Herbert, I don’t need the sponsorship from Mr. Clarke. I mean, I respect him, but I don’t need it. My experiment is on the verge of completion. I am about to develop the algorhythm. I have been funded by the institute to finish it.”] નિમિત્તને મિ. ક્લર્ક પાસેથી ફંડની જરૂર ન જણાઈ. એ લેવા માગતો પણ ન હતો.

''તને ફંડની જરૂર નથી? મિ. કર્લકને તો બીજી જ ઇમ્પ્રેશન પડી! તને ખબર છે મિ. કર્લક તારી સંસ્થા MPAને પણ ફંડ આપે છે. કદાચ તારું MPAનું ફંડ એમણે જ આપ્યું હોય!'' ["You don't need the fund? Mr. Clarke had a very different impression. He actually also funds your MPA you know, it is quite possible that your fund might actually have come from Mr. Clarke."] ડૉ. હર્બર્ટ થોડાક વિહ્વળ થયા હતા.

''તમે કહો છો એવું શક્ય છે. અમને અમારી સંસ્થામા ક્યાંથી ફંડ આવે છે, કોણ આપે છે તેની સાથે કશીય લેવાદેવા હોતી નથી. અમને MPA ફંડ આપે છે બસ. બાકીનું MPA જાણે અને તેના સ્પોન્સર. અમને બીજી કોઈ નાણાકીય વાતની ખબર નથી.'' ["I know it is possible. We don't know from which source the fund comes. As far as we are concerned it is coming from MPA. The rest is between MPA and its sponsors. We are hardly in the know of such financial matters and we don't care."] નિમિત્તે નમ્રતાપૂર્વક મક્કમતાથી પોતાનો મત જણાવી દીધો.

''હં... તારો મત સમજુ છું. નામિટે પરંતુ હવે હું ઊંડી મુશ્કેલીમાં મૂકાઈ ગયો.'' ["Hmmm... I see your point Nametee, but now I am in deep trouble."]

ડૉ. હર્બર્ટ ચિંતામાં જણાયા. એમણે ગ્લાસમાં બાકી રહેતો વાઇન ગટગટાવીને ખાલી કર્યો. કપાળે હાથ ફેરવવા લાગ્યા. ગહન વિચારમાં લાગ્યા. નિમિત્તને ચૂપ રહેવાનું જ વાજબી લાગ્યું. રસ્તો ડૉ. હર્બર્ટે જ કાઢવાનો છે. નિમિત્ત, મિ. ક્લર્કનું ફન્ડિંગ લેવાનો નથી. આ તબક્કે ડૉ. હર્બર્ટ સાથે પણ જોડાવવાનો ન હતો. નિમિત્ત વિજ્ઞાની હતો, વેપારી નહીં. એ સંશોધનનો અને સત્યશોધનો જીવ હતો. એ પૈસાપ્રેમી વણિક હોત તો ધંધો જ કરત ને! વિજ્ઞાનમાં રહેલા ધંધાથી એને નફરત હતી. એ જ્ઞાનપિપાસુ, વિજ્ઞાનનો ભક્ત હતો.

''વાત એમ બની નામિટે કે મને એવી ઇમ્પ્રેશન પડી કે તું મારી સાથે સંશોધન કરવા માટે રાજી છે. એટલે મેં મિ. કલર્કને પ્રપોઝલ આપી. મિ. કલર્ક તને મળ્યા હતા એટલે એમણે આપણા સંયુક્ત સંશોધનની ફંડની મારી પ્રપોઝલ મંજૂર કરી દીધી. ફક્ત મંજૂરી જ નહીં એમણે તો પૈસા આપી પણ દીધા. હવે તું ના પાડે તો મેં તેમને યુક્તિ કરી ફસાવ્યા એવી છાપ પડશે. તું મારી કફોડી પરિસ્થિતિ સમજી રહ્યો છે નામિટે?'' ["What has happend Nametee is, I got an impression that you would be happy to join me for research. I gave a proposal to Mr. Clarke for our joined research. He had met you, got interested in your work and therefore he approved my proposal. Not only that, he sanctioned a huge fund for our combined research. Now if you back out, he would feel offended. He would feel I tricked him into funding. Do you understand my position?"] હવે એમની આંખોમાં થોડો આગ્રહ અને થોડી માગણી જેવું દેખાયું.

''હું તમારી પરિસ્થિતિ સમજી રહ્યો છું પરંતુ મદદ કરી શકું તેમ નથી. મને એવો અંદાજો જ ન્હોતો કે તમે આટલા આગળ વધી ગયા છો. આપણી એવી કોઈ સ્પષ્ટ વાત ક્યારેય થઈ જ નથી. આપણે તો ફક્ત એકબીજાના સંશોધન અંગેના ઇ-મેઇલ જ કર્યા છે.'' ["I understand but I am helpless. I had no idea that you are going ahead so fast. I don't think that we ever got serious about joining. It was just a polite exchange of e-mails about research."]

નિમિત્તે પોતાની સાઇડથી વાત સ્પષ્ટ કરી. મિ. હર્બર્ટ ઇ-મેઇલમાં હિન્ટ આપતા હતા પણ નિમિત્તે આજની મિટિંગમાં વાતનો અંત લાવવાનું નક્કી કર્યું હતું. એનું સંશોધન અંતિમ તબક્કામાં હતું. હવે તે તેની સમગ્ર શક્તિને તેના સંશોધન પર કેન્દ્રિત કરવા માગતો હતો.

''સાચી વાત. આપણે સ્પષ્ટ વાત ક્યારેય નથી કરી. મને એવી છાપ પડી. કાંઈ નહીં આજે અમે ડિનર

સાથે લેવાના છીએ ત્યારે તેમની સાથે વાત કરી સ્પષ્ટતા કરીશ.'' ["Yes yes, we did not talk explicitely. I somehow got an impression. Any way, let me find a way out. I am meeting him today night for dinner. I will clearly talk to him."] ડૉ. હર્બર્ટ આમ તો મિ. ક્લર્કને મળવાના ન હતા, પણ તાકીદની મિટિંગ ગોઠવવી પડે તેવી પરિસ્થિતિ હતી.

''માફ કરજો મિ. હર્બર્ટ. મને આ ફંડ અને સ્પોન્સર બાબતોનો ઝાઝો ખ્યાલ નથી.'' ["I am so sorry. I don't know much about this funding and sponsor alliences."] નિમિત્તે જ્યૂસનો ખાલી ગ્લાસ ટેબલ પર મૂકી દીધો.

''અહં...હં... ચિંતાનું કારણ નથી. હું આજે જ વાત કરી લઈશ.'' ["Uh...uh...not to worry. I will talk to him today."] ડૉ. હર્બર્ટ થોડા વિચારોમાં ખોવાયેલા લાગ્યા. હવે વધુ સમય ગાળવામાં મજા નથી એમ સમજી નિમિત્તે ઊભા થવાની તૈયારી કરી.

''મિ. હર્બર્ટ, તમારી રજા લઉં. મારે બીજું અગત્યનું કામ...'' ["May I take your leave Mr. Hurbet? I have some important work..."]

''ચોક્કસ નામિટે. મને ખેદ છે કે આપણે સાથે કામ નથી કરી શકતા. મને મન હતુ. મને હજી લાગે છે કે તારે હકારાત્મક રીતે વિચારવું જોઈએ. તારો નિર્ણય છે. કદાચ ભવિષ્યમાં સાથે કામ કરીશું.'' ["Sure Nametee. I am sorry it is not working out. I was looking forward to our working together. I still think you should consider it positively. But anyway its your decision. May be in future."]

ડૉ. હર્બર્ટ ઊભા થયા. એક સજ્જનની જેમ તેમણે નિમિત્ત સાથે હાથ મિલાવ્યા. નિમિત્તે વિદાય લીધી. લિફ્ટમાંથી ઊતરીને ફરી ધરતી પર આવી જવાનો આનંદ થયો. મહેનત કરીને દાદર ચડવાનું સારું. વગર મહેનતની લિફ્ટમાં ઘડીકમાં ઉપર અને ઘડીકમાં નીચે આવવાનું એને મંજૂર ન હતું.

જેવો નિમિત્તની લિફ્ટનો દરવાજો બંધ થયો એવા ડૉ. હર્બર્ટે રૂમમાં આવી ફોન જોડ્યો. મિ. ક્લર્કની સેક્રેટરી મિસ. કેટે ફોન ઉપાડ્યો. મિ. ક્લર્કને આપ્યો. ફોન પર વાત કરી રહેલા બંને ચહેરાના હાવભાવ પ્રસન્ન ન હતા. પાર્કિંગ તરફ જઈ રહેલો નિમિત્ત આ ઘટનાથી સાવ અજાણ હતો. એને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે એણે મધપૂડાને છંછેડ્યો હતો!



વિજ્ઞાનદેવનાં ચરણોમાં

પ્રિય આત્મન્,

આજનો દિવસ ખરાબ હતો. ભગવાને આપેલા સૌ દિવસો સારા જ હોય છે, પરંતુ જે તે વ્યક્તિ માટે કદાચ તે સારા કે ખરાબ હોઈ શકે. આજે આવો જ એક અનુભવ થયો. શું થયું, ખબર છે? આજે મારી કિંમત મુકાઈ રહી હતી. વર્ષો પહેલાં ગુલામો વેચાતા હતા ત્યારે એક ઝાડ નીચે સૌ ગુલામોને ઊભા રાખવામાં આવતા. એમની બોલી બોલાતી. શારીરિક શક્તિને આધારે ખુલ્લેઆમ કિંમતો આંકીને એમને વેચવામાં આવતા. હવેની રીતો બદલાઈ છે. વધારે સભ્ય રીતે કિંમતો અંકાઈ રહી છે. હું ખગોળશાસ્ત્રનો વિજ્ઞાની છું. મારી શોધ હું ભક્તિભાવે કરું છું. બ્રહ્માંડનાં રહસ્યોની પાર પરમ શક્તિની આરાધના એ જ મારું જીવન છે. ડૉ. હર્બર્ટનું લેક્ચર સાંભળવા અને એમના સંશોધનમાં રસ લેવાનો મારો હેતુ સ્પષ્ટ હતોઃ 'જ્ઞાનસાધના.' આજે જે મિટિંગ થઈ તેમાં જ્ઞાનનું અપમાન હતું. વાતચીતનો મુખ્ય હેતુ જ્ઞાન નહી પરંતુ ધનપ્રાપ્તિ અને કીર્તિપ્રાપ્તિ હતો. આવા મહાન વિજ્ઞાનીઓ આમ કેમ કરતા હશે? આજે મારી શોધની કિંમત મારે જ આંકવાની હતી.

આત્મન્, હું આ દુનિયાની રીત જાણું છું, પરંતુ મારી શોધને હું વિજ્ઞાનના ચરણે ધરી દેવા માગું છું, વ્યાપારના ચરણે નહીં. આજે કદાચ ડૉ. હર્બર્ટને એ ગમ્યું નહીં હોય. તેમને હું મૂર્ખ લાગતો હોઈશ. તેમના જ્ઞાન માટે, શોધ માટે મને ખૂબ માન થયું. એમની મોર્ફોજીનેટિક ફિલ્ડની અને મારા ક્વૉન્ટમ ફિલ્ડની શોધને જો એક કરી દઈએ તો ટેલિકમ્યુનિકેશનની દુનિયા જ બદલાઈ જાય! ફક્ત પૃથ્વીની જ નહીં. સમગ્ર બ્રહ્માંડમાં કમ્યુનિકેશન કરી શકાય. કદાચ જો બીજા ગ્રહ પર જીવ વસતા હોય તો cosmic communication કરી શકાય. ઇન્ટરનેટને કારણે જેમ દુનિયા બદલાઈ ગઈ તેમ આ cosmic communicationને કારણે બ્રહ્માંડ સુધીનું communication કરી શકાય તેવી શક્યતા છે.

આવી શક્યતા ધરાવતી મહાન અને મહત્ત્વની શોધ વિજ્ઞાનદેવનાં ચરણોમાં સમર્પિત હોવી જોઈએ. બ્રહ્માંડનાં રહસ્યો ખોલી શકવાની ચાવી વિજ્ઞાન પાસે હોવી જોઈએ, કોઈ ઉદ્યોગપતિ પાસે નહીં. હું એવું કરી શકું નહીં. આજે મને ના પાડવામાં ઘણું કષ્ટ થયું. ના પાડવાનો મારો સ્વભાવ નથી. પરંતુ મારાં મૂલ્યો અને મારા સિદ્ધાંતો સાથે હું સોદો કરી શકતો નથી. મિ. ક્લર્કને મારી વાતો ન સમજાય એ હું સમજી શકું છું.

પૂર્વ અને પશ્ચિમની જ્ઞાન સાધનામાં આ જ તફાવત છે. આપણા ઋષિઓ જ્ઞાનની સાધનામાં જીવન સમર્પિત કરતા હતા.

પ્રિય આત્મન્, તું તો સમજે છે ને મારી વાત? હવે આ લોકો મારો સંપર્ક ન કરે તો સારું. મારી શોધ અંગે હું એમની વાત માનવાનો નથી અને મારો નિર્ણય પણ બદલવાનો નથી.

લિ. નિમિત્ત



અનુજે જ્હોનને ફોન લગાવ્યો

સવારના ખુશનુમા વાતાવરણમાં હટ્ર્ઝની ઑફિસમાં જ્હોન અને અનુજ ઊભા હતા. સામે કાઉન્ટર પર એક યુવાન છોકરો ઊભો હતો. જ્હોન એની સાથે જર્મનભાષામાં વાત કરી રહ્યો હતો. એણે બે-ત્રણ ફૉર્મ આપ્યાં. અનુજે ફૉર્મ ભરી દીધાં. ભારતીય લાઇસન્સની ફોટોકોપી અને ફૉર્મનાં બધાં કાગળિયાં લઈને યુવાન અંદરની ઑફિસમાં ગયો. થોડી વારે કાગળિયાં લઈને આવ્યો.

''દસ મિનિટમાં તમારી કાર તૈયાર થઈ જશે સર.'' ["It will take ten minutes for the car to be ready sir."]

"Thank you."

''તમારી કારનું GPS સર. તમને ગાડી મળશે ત્યારે પેટ્રોલની ટાંકી ફૂલ કરેલી હશે. તમે પાછી આપો ત્યારે પણ ટાંકી ફૂલ કરેલી જ આપજો નહીંતર ડિપોઝિટમાંથી રકમ કાપી લેવામાં આવશે. GPS પણ પરત કરવું પડશે, નહીં તો ફાઇન લાગશે. ગાડીમાં જર્મનીના ટ્રાફિકના નિયમો અને કાયદાની ચોપડી અંગ્રેજી અનુવાદ સાથે છે. જે વાંચી જવા વિનંતી છે, સર.'' ["Your GPS sir. The fuel tank is full. When you return the car make sure it is full or the equivalent amount will be deducted from your deposit. The GPS must be returned or there is a fine. There is a book of laws and rules related to driving in Germany with English translation. Be sure to read before you drive, sir."] બધા જ કસ્ટમરને કહેતો હશે એટલે પોપટની માફક બોલી ગયો.

"Thank you." જ્હોને પણ અનેક વખત સાંભળ્યું હશે એટલે એણે ડોકું હલાવી દીધું.

થોડીવારે એક માણસ ઑફિસમાં આવી ચાવી આપી ગયો.

''તમારી કાર બહાર તૈયાર છે. અમારી કંપની હટ્ર્ઝ પસંદ કરવા બદલ તમારો આભાર. સેફ જર્ની અને ગુડ ડે.'' ["Your car is waiting outside. Good day. Thank you for choosing Hertz. Have a Safe journey."] ચાવી અનુજના હાથમાં આપતા સ્મિત સાથે કહ્યું.

ચાવી લઈને બંને બહાર આવ્યા. લાલ રંગની ફોર્ડની મોન્ડીઓ ગાડી ઊભી હતી.

''અનુઝી તુ ગાડી ચલાવ, હું બાજુની સીટ પર બેઠો છું. અડધો કલાક પ્રેક્ટિસ કરી આવીએ. મેં એક કલાકની પાર્કિંગ ટિકિટ ખરીદી લીધી છે એટલે ફરી મને અહીં જ મૂકી દેજે. પછી હું મારી ગાડી લઈ લઈશ.'' ["You start driving Anuzee. I'll sit besides you. You again drop me here after we practice for about half an hour and then I take my car. I've already taken one hour of parking ticket."]

"Yah, sure."

અનુજ ડ્રાઇવર સીટ પર બેઠો. પહેલા એણે ગાડીનો અભ્યાસ કરી લીધો. ભારતીય ગાડીઓ જેમ જ હોય પણ સિગ્નલ, વાઇપર અને બીજા કન્ટ્રોલનો અભ્યાસ કરી લીધો. GPS attach કરવાનું શીખી લીધું. ગાડી સ્ટાર્ટ કરી ધીમી સ્પીડે રસ્તા પર ચલાવવા માંડી. GPSની direction આપનાર વૉઇસ એક લેડીનો હતો. એની instruction અને રસ્તા સાથે તાલ મેળવવાની થોડી પ્રૅક્ટિસ અનુજે કરવી પડી. રસ્તા પરની નિશાનીઓ વાંચતા આવડી ગઈ હતી. થોડા દિવસથી જ્હોનની સાથે જતાં-આવતાં એણે બરાબર અવલોકન કર્યું હતું. અડધો કલાકમાં તો અનુજ બરાબર ચલાવવા લાગ્યો. બરોડામાં બધા મિત્રો કહેતાઃ જે પાણીગેટ કે

દાંડિયાબજારમાં કાર ચલાવે તે દુનિયાના કોઈ પણ શહેરમાં કાર ચલાવી શકે પરંતુ, નિયમો, સ્પીડ લિમિટ વગેરેની ડિસિપ્લિનમાં ચલાવવું પણ એટલું જ અઘરું છે. હા, ભેંસ, ગાય, બકરી વગેરે અડફટમાં ન આવે. થોડી વાર પ્રૅક્ટિસ કરી જ્હોનને એણે ફરી હર્ટ્ઝની ઑફિસ પાસે મૂકી દીધો.

''આભાર. શુભ દિવસ.'' ["Thanks, good day."] એણે ગાડીમાંથી ઊતરતા જ્હોનને કહ્યું;

''તું કામ હોય તો બેધડક બોલાવી શકે છે. ક્યારેય પણ, કોઈપણ કામ માટે.'' ["You can still call me whenever you need. Any time, buddy."]

અનુજ ગાડીમાં એકલો બેઠો. ક્યાં જાય? એણે જ્હોનની મદદથી GPSમાં ઘરનું, MPA ઇન્સ્ટિટ્યૂટનું અને TUM હૉસ્પિટલનું ઍડ્રેસ ફીડ કરીને રહેવા જ દીધું હતું. 'home' બસ એટલું જ સ્ક્રીન પર ટચ કરે એટલે એ જે સ્થળે હોય ત્યાંથી 'ઘર' તરફના રસ્તાની ડાયરેક્શન બતાવવા માંડે. પૃથ્વીનો છેડો ઘર!

હજી સવારના દસ વાગ્યા હતા. અનુજે મનમાં એક પ્લાન બનાવ્યો. એણે પ્લાન પ્રમાણે ઍડ્રેસ ફીડ કર્યું અને જીપીએસ વાળા 'કાકી'એ એમની 'શિખામણ' ચાલુ કરી.

''૧૦૦ મીટર પછી ડાબી બાજુ વાળો.'' [''Turn left after hundred meters.'']

અનુજ મનમાં હસ્યો. જો ભારતના જીપીએસમાં આવો અવાજ ફીડ કરવાનો હોય તો! દરેક ભાષાની દરેક બોલી લેવાની પછી બરોડામાં જીપીએસ ઓન કરીને ભાષા સિલેક્ટ કરે તો 'કાકી' બોલે.

'ઓય ભઈલા. આગળ જઈને ડાબે લે! હમજાતું નઈ ને લા...'

અનુજને જીપીએસનો અવાજ ગમ્યો. ગાડીમાં કોઈ વ્યક્તિ સાથે હોય એવું લાગ્યું. હવે એ પોતાની મરજી મુજબ ફરી શકશે એનો એને આનંદ હતો. ગાડી ચલાવવાની ફાવટ તો સારી જ હતી, છતાં એણે સ્પીડ ઓછી જ રાખી. સીધા રસ્તા ઉપર કોઈ વાંધો નહોતો આવતો, પણ ટ્રાફિક સિગ્નલ પાસે કઈ લેનમાં જવું એનું ધ્યાન રાખવું પડે. ખોટી લેનમાં ઘૂસ્યા તો ચકરાવો મોટો થાય. રસ્તા પર sign બોર્ડ જર્મન ભાષામાં, પણ sign લેંગ્વેજ સમજ પડી જાય. મનુષ્યમાં પણ થોડું એવું જ છે. અહીંની ભાષા ન સમજાય પણ હાવભાવ તો સમજાઈ જ જાય છે.

થોડી જ વારમાં સામે sign board દેખાયું.

'ગાર્ચિંગ વિલેજ.' કાકી પણ બોલ્યાં: 'turn right.'

ગાડી એના ડેસ્ટિનેશન પર બરાબર આવીને અટકી. અનુજ અહીં પહેલી જ વખત આવતો હતો પણ એને કશુંય અજાણ્યું ન લાગ્યું. ફોટા, પત્રો, ભાઈની વાતોને કારણે એને આ ગાર્ચિંગ વિલેજ પોતીકું લાગ્યું. ગાડી પાર્ક કરીને એ ચાલવા માંડ્યો.

"Nature Garten' બોર્ડ મારેલી દુકાન આવી. બસ અહીં જ એણે પહોંચવાનું હતું. આ દુકાનને તો કેવી રીતે ખબર હોય કે એ અનુજ માટે તો કેટલી પોતીકી હતી! અહીંથી કેટલીય વસ્તુઓ 'સ્વજન' પહોંચી છે અને 'સ્વજન' પરથી કેટલીય વસ્તુઓ અહીં! 'સ્વજન' અને જર્મનીનો સેતુ આ દુકાનને કારણે કેટલો મજબૂત હતો. આ દુકાન અનુજ બરાબર જાણતો હતો. એણે દુકાનમાં પ્રવેશ કર્યો અને સીધો કાઉન્ટર પર ગયો.

''મિ. મેક્સ સાથે વાત થઈ શકશે?'' ["Excuse me. Can I talk to Mr. Max?''] કાઉન્ટર પર બેઠેલી યુવતીને એણે કહ્યું.

''મિ. મેક્સ હમણાં ૩૦ મિનિટમાં આવશે. હું તમારી મદદ કરી શકું?'' ["Mr. Max. will come after 30 minutes. May I help you?"] Counter પરની છોકરીએ ભાંગ્યાતૂટ્યા જર્મન મિશ્રિત અંગ્રેજીમાં સસ્મિત કહ્યું.

''હું તેમની રાહ જોઈશ. આભાર.'' ["I will wait, thank you."]

અનુજ દુકાનમાં અમસ્તો ફરવા લાગ્યો. એટલી બધી વસ્તુઓ, સરસ પેકિંગ, તાજાં અને જાતજાતનાં

ફળો, શાકભાજી. અનુજે જોઈતી થોડી વસ્તુઓ લઈ લીધી. થોડી જ વારમાં તેઓ આવ્યા. મિ. મેક્સ અને નિમિત્તનો એક ફોટો અનુજે જોયેલો હતો એટલે અનુજને એમને ઓળખતાં વાર ન લાગી. ઘરડો, કરચલીવાળો, હસમુખો ચહેરો. માથા પર જર્મન ટોપી હતી. ચેક્સવાળો કોટ, ફોટામાં હતો એવો જ આજે પણ પહેર્યો હતો. ગળામાં મફલર હતું. કાઉન્ટર પરની છોકરી અનુજ તરફ જ ઇશારો કરી રહી હતી. અનુજ એમને મળવા સામે ગયો.

"હલો મિ. મેક્સ. હું અનુજ, નિમિત્તનો નાનો ભાઈ." ["Hello Mr. Max. I am Anuj. Nimitt's younger brother."]

"ઓ...હો... અનુઝી. તારો ફોટો જોયેલો. ફોટા કરતાં તો તું યુવાન દેખાય છે." ["Ohh hallo! Anuzee! How are you? I have seen your photograph. You look younger than what you look in your photo."]

મેક્સે અનુજનો હાથ પકડી લીધો. એમના હાથ અને ચહેરો ઉષ્માપૂર્ણ હતા. હાવભાવ પરથી લાગી જ રહ્યું હતું કે નિમિત્ત એમને ખૂબ પ્રિય છે.

"મને નામિટેના અકસ્માતની ખબર હમણાં ચાર-પાંચ દિવસ ઉપર જ પડી. મને ખૂબ દુ:ખ થયું. તું તારા ભાઈને મળવા જ આવ્યો હશે. હવે તેને કેમ છે?" ["I came to know about Nametee's accident only four-five days before. Das tut mir leid. I am very sorry about it. Very sad. Very sad. How is he now? Did you come to visit him?"] મેક્સની આંખમાં નિમિત્ત માટેની લાગણી ઊભરાતી હતી.

"હા. હું મારા ભાઈને મળવા માટે જ આવ્યો છું. તે હજુ હોસ્પિટલમાં જ છે. તમને મારા ભાઈના અકસ્માતના સમાચાર કેવી રીતે મળ્યા? ન્યુઝ પેપર દ્વારા?" ["Yes I came for my brother. He is still in the hospital. You know about his accident. How did you come to know about it? News paper?"]

"ના.ના. ન્યુઝ પેપર દ્વારા નહીં. બે વ્યક્તિઓ નિમિત્ત અંગે પૂછપરછ કરવા આવી ત્યારે મને ખબર પડી, ત્યાં સુધી તો હું અજાણ હતો." ["No. no. not news paper. Two persons came to inquire. They asked me questions about Nametee. Till that time I did not know about his accident."]

"બે વ્યક્તિ! પૂછપરછ માટે? એમને શું જાણવું હતું?" ["Two persons Inquire? What did they ask?"] અનુજના મનમાં શંકાનો કીડો સળવળવા લાગ્યો. કોઈએ અહીં દુકાનમાં આવીને ભાઈ અંગે પૂછપરછ કરવાની શી જરૂર પડી?

"મને તેમનાં નામ યાદ નથી. કદાચ મને તેમણે નામ કહ્યાં પણ નથી. મને નામિટેના અકસ્માતની વાત સાંભળીને સખત આંચકો લાગ્યો હતો. હવે તેને કેમ છે?" ["I don't remember their nams. They did not mention names perhaps. I was shocked to hear about Nametee. How is he now?"] મેક્સ માટે પૂછપરછ કરતાં નિમિત્તની તબિયત વધારે અગત્યની હતી.

"હજી ભાઈની તબિયત કટોકટી ભરી જ છે, મિ. મેક્સ. પણ પૂછપરછ માટે આવેલા બે વ્યક્તિનું વર્ણન કરને! કેવા હતા? શું પૂછ્યું?" ["Nimitt is still critical Mr. Max. But tell me about the two persons. How were they? what did they ask?"] અનુજે જાતે તપાસ કરવાનું નક્કી કર્યું હતું.

"એ લોકો નામિટે અંગે જાણવા માટે ઉત્સુક હતા. નામિટે અહીં કેટલીવાર આવે છે? કેમ આવે છે? કોને મળે છે? શું ખરીદે છે? વગેરે... વગેરે. મને નામિટે અંગે કાંઈ જણાવતા નહોતા, ફક્ત મારી પાસેથી

માહિતી કઢાવવા માગતા હતા. એક વ્યક્તિ મારી સાથે વાત કરતી હતી. બીજી વ્યક્તિ સતત ફોન ઉપર હતી. ફોન ઉપર સામેથી કોઈ એને પ્રશ્નો કહી રહ્યા હતાં અને એ પ્રશ્નો એ લોકો મને પૂછતા હતા. મને એ બંને વ્યક્તિઓ બિલકુલ ગમી નથી. એક કલાક પછી ગયા ત્યારે શાંતિ થઈ.'' ["They were very curious and eager to know about him. They asked me how often Nametee came, What did he buy, did he meet somebody here. Why did he come here and all sorts of details. I did not like them. They told me nothing about Nametee's condition. Only wanted to know. One person was talking with me, the other person was on mobile. Somebody on the phone was telling him question and they were asking. Glad they left after nearly one hour."]

''એક કલાકની પૂછપરછ? ફોન ઉપર સામેની વ્યક્તિ સ્ત્રી હતી કે પુરુષ? કાંઈ યાદ છે?'' ["One hour! Who was on the other side of the phone? Man or woman? Any chance you remember?"]

''ખાસ યાદ નથી પણ કદાચ સ્ત્રીનો અવાજ હતો. કદાચ તીણો, કર્કશ અવાજ હતો. ચલ વાત ભૂલી જા અને તને ભાવતી કૂકીઝ ખા.'' ["I don't... remember exactly it was a female voice. It was a shrill voice. Forget them. Have cookies. Your favourite."] એણે એક rack પરથી નાનું પૅકેટ લીધું. અનુજે કૂકીઝનું પૅકેટ લઈને સ્મિત કર્યું. મેક્સ એને તરત જ પોતીકો લાગવા માંડ્યો. નિમિત્તે અહીં પણ સૌને પોતાના કરી લીધાં.

ના! સૌને નહીં.

'A.....K.....I.....I.....L.....' કદાચ કોઈ હતું, જેને ભાઈ નડતો હતો.

''આભાર મિ. મેક્સ. મારા ભાઈને કારણે મને તમે અને તારી દુકાન પરિચિત લાગે છે. મારા ભાઈ અંગે મને માહિતી આપી શકે? એના મિત્રો, મારા ભાઈના અહીંના જીવન અંગે વધુ જાણવું છે.'' ["Thanks Mr. Max. I feel I already know you and your shop because of my brother. Can you tell me more about his visit here, his friends anything you know. I want to know more about his life here."] અનુજે સહજ લાગે એ રીતે પૂછ્યું.

''નામિટે! વ્હાલો છોકરો. મારી દુકાને સપ્લાય લેવા નિયમિત આવતો. હંમેશાં એકલો જ આવતો. મારી પત્ની અને મારી સાથે વાતો કરતો. ક્યારેક ભારતીય નાસ્તા લઈને આવતો. મને પસંદ છે. તીખા, મસાલેદાર ખાસ કરીને તમારી બા...ખ...ર... જે હોય તે.'' ["Nametee! Sweet boy! Came here regularly for his supplies. Always alone. Talked with me, my wife. Sometimes came with Indian snacks. I loved them. They are spicy but I love BAKAR... whatever. Very nice."] ભાખરવડી. અનુજ સમજી ગયો. ભાઈ હંમેશાં પારલે-જી અને ભાખરવડીનાં પૅકેટ્સ મંગાવતો. અહીંના લોકોને એ બધું ખૂબ ભાવતું.

''ઘણીવાર એમી અને પીટરનું નામ લેતો. તેમને ક્યારેક લંચ કે ડિનર માટે આમંત્રિત કરતો. પરંતુ સૌથી વધારે તો એનાં કુટુંબીજનોને યાદ કરતો. તેને તેનું ભારતનં઼ુ કુટુંબ વ્હાલું હતું.'' ["He often mentioned Amy and Peter. He invited them for lunch or dinner. Mostly you people. His family in India.. He loved his family."]

''હું જાણું છું. શું પીટર અને એમી તેના મિત્રો હતાં?'' ["I know. Amy and Peter were his friends?!"]

''ક્યારેક એમનું નામ લેતો. એમને આમંત્રિત કરે ત્યારે સપ્લાય લેવા આવતો.'' ["Ya. Mentioned them sometime. He came for supplies whenever he invited them."]

''આભાર મેક્સ. ફરી મળીએ.'' ["Thanks Max. See you later."]

''નામિટેને ભગવાનના આશીર્વાદ. અનુઝી આવતો રહેજે. ગુડ ડે.'' ["God bless Nametee. Come often Anuzee. Good day."]

અનુજે બિલ ચૂકવીને જરૂરી વસ્તુઓ લઈ લીધી. ગાર્ચિંગ વિલેજમાં થોડું ફર્યો. ભાઈ જ્યાં વાંચતો અને બેસતો એ ગાર્ડન જોયો. ભાઈ જાણે એક બેન્ચ પર બેસીને નિમિત્ત વાંચતો હોય એવું દૃશ્ય એના મનમાં ઊગી નીકળ્યું! અનુજ પણ એ બેન્ચ પર બેઠો. એક કૂકીઝનું પૅકેટ ખોલ્યું અને વિચારે ચઢ્યો.

હૉસ્પિટલમાં ડૉક્ટરને મળીને આવ્યો છે ત્યારથી એનો અજંપો વધી ગયો છે. ભાઈના ઍક્સિડન્ટની પાછળ કોઈ રહસ્ય હોઈ શકે છે. કોઈના મલિન ઇરાદાનો શિકાર ભાઈ બની ગયો હોય એમ બને? સંશોધનની સાથે હરીફાઈ, પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા, ઈર્ષ્યા, અહંકાર, પૈસા વગેરે ઘણુંબધું જોડાયેલું હોય છે. શોધ ફક્ત જ્ઞાનપિપાસા માટે ન રહેતાં કંઈ બીજું જ બની જાય છે. ઘણી બધી વખત જ્ઞાન બાજુએ રહી જાય છે અને અન્ય ગણતરીઓ થવા લાગે છે. આ વિજ્ઞાનીઓ પણ અજબ લોકો હોય છે. શોધ જ્ઞાન માટે કરે છે અને પછી જ્ઞાન મળ્યા પછી જ્ઞાન સિવાયની વસ્તુઓ પાછળ દોટ મૂકે છે. એક ઊંચાઈ પ્રાપ્ત કર્યા પછી તેઓ સામાન્ય માણસ કરતાં પણ નીચ કક્ષાએ જઈ શકે છે!

ભાઈ એક મહત્ત્વની શોધના અંતિમ ચરણમાં હતો. એ પૂરી થઈ ગઈ હતી? ભાઈ તે દિવસે કૉન્ફરન્સમાં જાહેર કરવા જઈ રહ્યો હતો? એવી કેવી શોધ હતી? આવા સવાલો એના મનમાં ઊઠી રહ્યા હતા. હવે જે અજંપો હતો તે નવા જ પ્રકારનો હતો. જો કોઈ ભાઈની પાછળ જ પડ્યું હોય, તો ભાઈ અત્યારે પણ સલામત ન કહેવાય. હૉસ્પિટલમાં ડૉક્ટર એડવર્ડને ખબર હશે? ત્યાંની સલામતીની વ્યવસ્થા? ડૉક્ટર પોતે જ? ...ના....ના.... ડૉક્ટર એડવર્ડ ખૂબ જ પ્રામાણિક લાગ્યા. ઇન્સ્ટિટ્યૂટમાં કોઈ....? એને બધા ચહેરા યાદ આવ્યા. સૌની લાગણીથી ભરેલી આંખો યાદ આવી. નિમિત્ત માટે એવું કોણ વિચારે?

પીટર અને એમી. બંનેના ચહેરા યાદ આવ્યા. તે દિવસે MPAમાંથી બહાર નીકળીને જ્હોન ગાડીમાં બેસવા જતો હતો ત્યારે જ એ બંને પણ બહાર નીકળેલાં. અનુજને ટાળવા માંગતા હોય તેમ જલદી ગાડીમાં બેસી ગયાં એવી એક લાગણી અનુજને થયેલી.

મેક્સની વાત પરથી એમ લાગતું હતું કે તેઓ નિમિત્તના મિત્ર હતા. પીટર તો સાથે જ કામ કરનારો સહાધ્યાયી પણ હતો. પીટરને કદાચ ભાઈની શોધ અંગે જાણકારી હોઈ શકે છે. Yes yes yes. પીટર અને એમી પાસે કોઈ માહિતી તો છે જ. બંનેને મળવું જરૂરી છે. એ લોકો માહિતી આપશે ખરાં? કોશિશ તો કરી જ જોઉં. અનુજે જ્હોનને ફોન લગાવ્યો.



વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું !

પ્રિય આત્મન્,

તું કહેશે કે વળી પાછો 'આ નિમિયો', 'આ ક્વાર્કિયો' આવી ગયો, એના લવારા કરવા! પણ આજે તો હું નાચવાના મૂડમાં છું. જો તને કહું એટલે આપણે બંને સાથે મળીને ઇલેક્ટ્રોન-રાસ રમીએ. આજે તો 'કૃષ્ણનું જીવનસંગીત' વાંચીને ખુશ થઈ ગયો! તેમાં લેખકે ગીતાનો શ્લોક સમજાવ્યો છે. કૃષ્ણ ભગવાન છે અને વળી cosomologist પણ છે. એમણે જો ગીતાના શ્લોકમાં એવું કહેવું હોય તો એ કહી શકે કેઃ "વિજ્ઞાનીઓમાં હું ખગોળશાસ્ત્રી છું." અસ્તિત્વનાં બધાં રહસ્યો એમણે બ્રહ્માંડમાં સંતાડી દીધાં છે!

ટ્રેઝર હન્ટ કરીને એક રમત આવે છે, જેમાં છુપાવેલા 'ટ્રેઝર'ને શોધવા માટે બધી ટીમ્સ મથતી હોય. એ ટીમ્સને વખતોવખત clue કે સંકેતો આપવામાં આવે અને બધી ટુકડીઓ એ નિશાનીઓને આધારે ટ્રેઝર શોધતી રહે! જે ટીમ સૌથી પહેલાં એ ટ્રેઝર શોધી કાઢે તે જીતી જાય!

બસ, ભગવાન પણ બ્રહ્માંડનું રહસ્ય છુપાવીને બેઠો છે. જુદા જુદા રસાયણશાસ્ત્રના, જીવશાસ્ત્રના, વિજ્ઞાનીઓની ટીમ એ રહસ્યની શોધ કર્યા કરે છે. ભગવાન 'ઉપદ્રષ્ટા' બનીને આ બધી ટીમની મથામણ જોયા કરે છે. વખતોવખત 'વૈજ્ઞાનિક નિયમો'ની નિશાની આપ્યા કરે છે. એક નિયમની ભાળ મળે એટલે આખી વિજ્ઞાનીઓની ટીમ એ સંકેતને આધારે ફરી બ્રહ્માંડના રહસ્યની ખોજ કરે છે!

બરાબર ને કૃષ્ણ! તારા ટીખળ કરવાના સ્વભાવને બરાબર ઓળખી ગયો ને! સમગ્ર વિશ્વ તારે માટે તો વૃંદાવન જ છે ને! ગીતામાં તેં નવમા અધ્યાયમાં એક શ્લોકમાં આવો જ સંકેત (clue) આપ્યો છે ને! મને આજે મળી ગયો!

ગતિર્ભતા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્ ।
પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ ।।
પ્રભુ, ભર્તા, સુહૃદ, સાક્ષી, નિવાસ, શરણ, ગતિ;
ઉત્પત્તિ, પ્રલય, સ્થાન, નિધાન, બીજ, અવ્યય.

આ શ્લોક મને સમજાઈ જાય તો મારી ભક્તિ, જ્ઞાન અને કર્મ એક 'singularity'માં આવી જાય! મારી શોધ પણ થઈ જાય. હું બ્રહ્માંડમાં જે શોધ કરી રહ્યો છું તે એના મૂળભૂત નિયમો જ શોધી રહ્યો છું. એ જ મારું કર્મ છે અને બ્રહ્માંડને વિજ્ઞાન દ્વારા સમજાવવું એ જ મારી ભક્તિ છે!

ગતિર્ભર્તા એટલે ગતિ અને ભર્તા. ભર્તા એટલે પોષણ કરનાર. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી અનેક તારાઓ, નિહારિકાઓ અને આકાશગંગા જે સતત ગતિમાં લગભગ વર્તુળાકારે ગતિ કરે છે તેને કારણે જ આપણું અસ્તિત્વ છે. આ ગતિ માટે જવાબદાર તો ગુરુત્વાકર્ષણ છે, એટલે ગુરુત્વાકર્ષણને કારણે થતી ગતિ એ આ વિશ્વ માટે તો ભર્તા છે, પણ આ ગુરુત્વાકર્ષણનો ભર્તા કોઈ ખરો કે નહીં? એ બળ આવ્યું ક્યાંથી અને ટકી કેવી રીતે રહ્યું? અમે વિજ્ઞાનીઓ એ જ તો શોધી રહ્યા છીએ!

પ્રભુઃ એટલે જે ઉત્પતિનું કારણ છે તે! ઉત્પતિ એટલે ગતિ, બળ. પ્રકાશઃ દ્રવ્ય, જીવ અને જગતની ઉત્પત્તિ! સૂર્ય કાયમ ગતિમાં રહે તેમાં ન્યૂટનનો નિયમ, પરંતુ સૂર્યને એ ગતિ મળી ક્યાંથી?

અમે વિજ્ઞાનીઓ ચાર જાતનાં બળની વાતો કરીએ છીએ. પહેલું તે ગુરુત્વાકર્ષણનું બળ, બીજું બળ

ઇલેક્ટ્રોમેગ્નેટીઝમ, ત્રીજું તે વીક ન્યુક્લીઅર બળ અને ચોથું તે સ્ટ્રોંગ (પ્રબળ) ન્યુક્લીઅર ફોર્સ. ગુરુત્વાકર્ષણનું બળ નબળું અને લાંબી ક્ષેત્ર મર્યાદા ધરાવે છે. વળી તે હંમેશાં આકર્ષણ સ્વરૂપે જ હોય છે! ઇલેક્ટ્રોમેગ્નેટિક બળ પણ લાંબી મર્યાદા ધરાવે છે અને ગુરુત્વાકર્ષણ કરતાં વધુ પ્રબળ હોય છે, પરંતુ જે કણ ચાર્જ ધરાવતો હોય તેના પર જ અસર કરે. સરખા ચાર્જ પર અપાકર્ષણ અને વિરુદ્ધ ચાર્જવાળા કણ વચ્ચે આકર્ષણ થાય. આ બળ તેથી વિશાળકાય પદાર્થ વચ્ચે કેન્સલ થઈ જાય, પરંતુ અણુ-પરમાણુની કક્ષાએ અસરકારક. જીવવિજ્ઞાની અને રસાયણશાસ્ત્ર માટે આ બળ ખૂબ જ અગત્યનું. એમ કહી શકાય કે આ બળને કારણે જ જીવવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર છે.

ત્રીજું, નબળું ન્યુક્લીઅર બળ. રેડિયો ઍક્ટિવિટી માટે જવાબદાર. આપણને સીધું અસર કરતું નથી, પરંતુ તારાઓના દ્રવ્ય અને પ્રારંભિક વિશ્વ માટે અગત્યનું. ચોથું એ સ્ટ્રોંગ ન્યુક્લીઅર બળ. આ બળને કારણે અણુની અંદર આવેલા ન્યુક્લીઅરમાં પ્રોટોન અને ન્યુટ્રોન જોડાયેલા રહે છે. આ જરૂરી છે કારણ કે પ્રોટોન અને ન્યુટ્રોનની અંદર પણ બીજા સૂક્ષ્મકણો આવેલા છે. સૂર્યની શક્તિ આ સ્ટ્રોંગ ન્યુક્લીઅર ફોર્સને આભારી છે. એક જ શબ્દમાં ગતિ, બળ, પ્રકાશ, દ્રવ્ય, જગતના રહસ્યનું રહસ્ય એટલે **પ્રભુ**! અમે વિજ્ઞાનીઓ આ જ પ્રભુની શોધ કરી રહ્યા છે. છતાંય કેટલાક વિજ્ઞાનીઓ પોતાની જાતને નાસ્તિક કહે છે! હું એને મારી ભક્તિ કહું છું.

સાક્ષી એટલે તો એમ કે આ નિયમોને આધીન જે બ્રહ્માંડ ચાલી રહ્યું છે તેમાં પ્રભુ પણ દખલ કરતા નથી. તેઓ અધ્યક્ષ બનીને સૃષ્ટિમાં બૃહદકક્ષાએ અને સૂક્ષ્મકક્ષાએ ચાલતી 'લીલા'ના સાક્ષી છે.

આ સૃષ્ટિ મહાન નિયમો પ્રમાણે ચાલ્યા કરે છે. આ સમગ્ર બ્રહ્માંડ જ આપણું નિવાસસ્થાન છે. આપણે ક્યાં રહીએ અને ઍડ્રેસ કોને આપીએ છીએ એના પર ઘણો આધાર રાખે છે. વડોદરામાં રહીને મારા મિત્રને કહું ત્યારે પોળ, સોસાયટી, ગલી નંબર, એવી બધી નિશાની આપું છું. વડોદરા શહેર બોલતો નથી. અમદાવાદથી કે બીજા કોઈ શહેરથી પાર્સલ મગાવ્યું હોય તો શહેરનું નામ, બીજા પ્રદેશમાંથી આવતું હોય તો રાજ્યનું નામ, બીજા દેશથી આવતું હોય તો દેશનું નામ લખવું પડે. હજી આગળ આ જ તર્ક ચલાવીએ તો પૃથ્વી, સૌરમંડળ, મિલ્કી વે એમ આગળ જવું પડે ને! આપણું આશ્રયસ્થાન આખરે તો 'અખિલ બ્રહ્માંડ' જ કહેવાય ને! હું કોઈ સાવ નાનકડા ઘરમાં પણ રહેતો હોઉં, તો પણ આખરે તો હું બ્રહ્માંડનો જ નિવાસી!

શરણં એટલે તો શરણાગતિ. સુહૃદ એટલે મૈત્રીભાવ. પ્રભવ એટલે ઉત્પતિ. આપણે તો એને 'બિગ બેંગ' નામ આપી જ દીધું છે. વિજ્ઞાનીઓ વર્તમાન સમયની પાછળ જતાં જતાં બિગ બેંગ પછીના થોડા સમય સુધી તો પહોંચી જ ગયા છે. ધીમે ધીમે રહસ્યો ખૂલતાં જાય છે, તેમ તેમ કદાચ 'બિગ બેંગ' વખતે શું થયું તે સ્થિતિ પણ જાણી શકીશું? પ્રભવ, પ્રલય અને સ્થાનં એટલે ઉત્પત્તિ, નાશ અને એ બેની વચ્ચે સ્થાનં. આપણા ધર્મમાં આ ત્રણેય માટે ઉત્પત્તિના દેવ બ્રહ્મા, પ્રલયના દેવ શંકર અને (વચલી) સ્થિતિના દેવ એ જ વિષ્ણુ!

અલ્યા ક્વાર્ક તું સમજ! તું જ્યારે બિગ બેંગનો અભ્યાસ કરે છે ત્યારે તું બ્રહ્માની પૂજા કરે છે. જ્યારે તું 'big crunch'નો અભ્યાસ કરે છે ત્યારે તું શંકરની આરાધના કરે છે. જ્યારે તું સૃષ્ટિને ટકાવી રાખતા બળ, અણુ, પરમાણુ, ક્વાર્ક, ફોટોન, બેસોન મેસાન વગેરેનો અભ્યાસ કરે છે, ત્યારે તું વિષ્ણુ ભગવાનનાં ચરણોમાં છે!

બીજમવ્યયમ્ એટલે બીજ તો ખરું પણ તે અવિનાશી.

'વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું!' વડના ટેટામાં અસંખ્ય વડ રહેલા છે તે આપણને દેખાય? એક માણસનું આખું ભવિષ્ય એના ડી.એન.એ.માં લખાયેલું છે ને! સૃષ્ટિના ઉત્પાદનની આખી પ્રક્રિયા બીજ, તેનું પ્રગટીકરણ અને તેનો નાશ – એ જ ચક્ર ફરી રહ્યું છે ને! ડી.એન.એ.નો અભ્યાસ એટલે આ બીજમવ્યવ્યયમની પ્રક્રિયાનો અભ્યાસ નહીં તો બીજું શું?

'ચાલ હવે, ક્વાર્કિયા, ગાંડા થવાનું રહેવા દે! આ આત્મન્ને પજવવાનું છોડ અને સૂઈ જા. સારું છે કે તું તારા ગાંડાં આ આત્મન્ સામે કાઢે છે. કોઈ બીજા સામે કાઢત તો કદાચ અત્યાર સુધી જીવતો ન હોત!

આ આત્મન્ સારો છે! સાંભળ્યા કરે છે તારા લવારાઓ!

લિ. નિમિત્ત



બીડેલા હોઠ બીડેલા જ રહેશે !

'બીડેલા હોઠ બીડેલા જ રહેશે. જ્યાં સુધી સમજણના કાન મળશે નહીં ત્યાં સુધી આ હોઠ બીડેલા જ રહેશે.' પવનના સુસવાટા અફાટ રણમાં ફરી ફરીને ડાહપણની વાત કહી રહ્યા હતા. સદીઓથી ટમટમતા તારાઓ આ વાત જાણતા હતા. વર્ષોથી ધરતી પર નજર માંડીને નીચે, પૃથ્વી પર રહેલા લોકોને આજ વાત સમજાવી રહ્યા હતા. આજે અમાસ છે એટલે તારલાઓ વધારે ચમકતા હતા. રણમાં આખા શરીરને ઢાંકતુ સફેદ વસ્ત્ર ધારણ કરેલું ટોળું, અંધકારભરી રાતે ચાલતું હતું. આગળ ચાલતા આગેવાનના હાથમાં એક સફેદ દંડ હતો. પાછળ પંદર જણનું એક ટોળું ઝડપથી ચાલી રહ્યું હતું. નીચે રણની રેતી, ઉપર આકાશ, પવનના સૂસવાટા આવનારી આંધી સૂચવી રહ્યા હતા.

આગળ રહેલી વ્યક્તિએ આકાશ તરફ જોયું. તારાઓની ગણતરી માંડી, થોડી દિશા બદલી અને પાછું ચાલવા લાગ્યું. રાત હજી ગાઢ અંધારમય થઈ રહી હતી. સૂસવાટા બંધ પડી ગયા. ટોળું ચાલતું રહ્યું. હાથમાં દંડવાળા ગુરુ જેવા મનુષ્યે ફરી આકાશ તરફ જોયું. દંડ ઊંચો કરીને ઊભા રહ્યા. પાછળના બધા પણ થોભી ગયા. સૌને વર્તુળકારમાં બેસાડ્યા. પોતે પણ બેસી ગયા. હાથમાંનો દંડ બધાની વચ્ચે ગોળાકારના મધ્યભાગમાં, રેતીમાં ખોસી દીધો. સૌએ પલાંઠી વાળી દીધી. હાથ આકાશ તરફ કર્યા. આંખ બંધ કરી દીધી."

"યા... લી... અલ..."

બધા જ એકસરખો સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. પવન તદ્દન બંધ પડી ગયો. તારા પણ ટમટમવાનું ભૂલી ગયા. ધરતી જાણે ફરતી બંધ થઈ ગઈ હોય તેમ લાગ્યું. ઘણા સમય પછી આકાશમાંથી એક તેજલિસોટો ઊતરી આવ્યો અને દંડમાં સમાય ગયો. એક તેજોવર્તુળ ધીમે ધીમે ગોળાકારે ફરતું ફરતું સૌને આવકારતું ગયું. તેજોકારમાં વિવિધ રંગના ઇયળ જેવા આકારના કણો હલનચલન કરી રહ્યા હતા. યુવાનોએ એ દિવ્ય પ્રકાશમાં, આકારોની સાથે ઓતપ્રોત થઈ ગયા. થોડી વાર રહીને વર્તુળે ફરવાનું ચાલુ કર્યું. ધીમે ધીમે નાનું ને નાનું થતું ગયું અને ફરી ફક્ત દંડની આજુબાજુ ફરતું રહીને આકાશમાં તેજલિસોટો પાડીને અદશ્ય થઈ ગયું. ફરી અંધકાર વ્યાપી ગયો. યુવાનોએ આંખ બંધ કરી દીધી. ધરતીએ જાણે ફરી ગતિ પ્રાપ્ત કરી. પવને ફરી સુસવાટો ચાલુ કર્યો. તારાઓએ જાણે ટમટમવાનું ચાલુ કર્યું. આગેવાન વ્યક્તિએ સૌ યુવાનો સામે જોયું. આંખથી આંખ મેળવી. સૌએ પણ નજર મેળવી ડોકું હકારાત્મક રીતે હલાવ્યું. આગેવાન ઊભા થયા. રેતીમાં ખોસેલો દંડ બહાર કાઢ્યો. માથું ફરી ઢાંકી દીધું અને જે તરફથી આવેલા એ દિશામાં ફરી ચાલવા લાગ્યા. માથું ઢાંકીને યુવાનો પણ એમની સાથે ચાલવા લાગ્યા. રણની રેતીમાં ફરી એક સફેદ નાના વાદળ જેવો આકાર સરકતો ગયો.

અંધકારમાં એક મકાનનો ઓળો દેખાયો. વાદળ નજીક આવતું ગયું તેમ કાળા રંગની, લાકડાની બનેલી એક ધરમશાળા દેખાઈ. એક મોટો દરવાજો ખૂલ્યો. એક પછી એક સૌ એમાં ચાલ્યા ગયા. દરવાજો બંધ થઈ ગયો. અંદર મોટો ઓરડો હતો. મશાલને કારણે અજવાળું હતું. આગેવાન એમની જગ્યાએ ઊભા રહ્યા. માથા ઉપરનું વસ્ત્ર ખભા પર ઢાળી દીધું. એમની સામે ઊભેલા યુવાનોએ પણ એમ જ કર્યું. સૌની નજર આગેવાન પર હતી. આગેવાનનો ચહેરો ચમકી રહ્યો હતો. આંખોમાંથી તેજ ટપકતું હતું. થોડીવારે સાગરના પેટાળમાંથી આવતા ધીર, ગંભીર, ગહન અવાજમાં એમણે બોલવાનું શરૂ કર્યું:

"તમને સૌને આજે જે જ્ઞાન મળ્યું તે તમારા જનમોજનમની મહેનતની પ્રસાદી છે. તમે એને લાયક અને વફાદાર રહેશો?"

“જી, માસ્ટર.”

“આજે તમારું પ્રથમ ચરણ પૂર્ણ થયું. તમને સૌને પ્રથમ ચરણ પૂર્ણ કરવા બદલ અભિનંદન, પરંતુ આ સૌથી સહેલું ચરણ હતું. હવે પછીનાં બીજાં છ ચરણ ક્રમશઃ અઘરાં ને અઘરાં બનતાં જવાનાં છે. સમગ્ર બ્રહ્માંડને સંચાલિત કરતા નિયમોનું સત્ય સાત ચરણમાં વહેંચેલું છે. આપણા ગુરુના ગુરુઓની ભવ્ય પરંપરા થકી આપણા સુધી પહોંચ્યું છે. હું ભાગ્યશાળી છું કે મારા ગુરુએ એમનું સમગ્ર જ્ઞાન મને આપ્યું છે. સમગ્ર માનવજાતથી આ જ્ઞાન સંતાડી રાખવામાં આવ્યું છે. જનમોજનમની પરીક્ષા પછી પસંદગી પામેલાઓને આ જ્ઞાન આપવામાં આવે છે. તમે એમાંના એક છો, પરંતુ કોઈ પણ ઘડીએ, વિચારોના ફેરબદલાવ માત્રથી પણ તમે શિક્ષાને પાત્ર થઈ શકો છો. અહીં આ સ્થળ જેને અમે ‘THE GREAT PLACE’ કહીએ છીએ ત્યાંથી બહાર ફેંકાઈ જઈ શકો છો. આ સ્થળ વિચારોના તરંગોને પકડે છે. તમારા વિચારો મારા મન પર સતત ઝિલાય છે. વિચારોથી પણ ચલિત થયા તો હું તમારો ગુરુ, મારા ગુરુનો શિષ્ય, તમને શિક્ષા આપીશ. હવે આરામ કરો. આજનું જ્ઞાન દૃઢ કરો. કાલથી બીજા ચરણની તૈયારી શરૂ.”

ગુરુને બે હાથ ઊંચા કરી કમરેથી વળીને આદર આપ્યા બાદ સૌ પોતપોતાની રૂમની દિશામાં ગયા. ગુરુ વચ્ચે રહેલી મોટી જગ્યા પર એક બાજુ પર રાખેલા આસન ઉપર બેઠા. એમનો દંડ એમની બાજુ પર મૂકી દીધો. એમના કપાળ પર ચિંતાની નાની એક કરચલી દેખાઈ. આજે એમના માનસ પર એક વિચાર ઝિલાયો હતો. વિચાર જે દિશામાંથી આવ્યો એ બાજુ પર ત્રણ જણ હતા. વિચારની તીવ્રતા મંદ હતી, પરંતુ વિચાર નકારાત્મક હતો. ગુરુને એ મંજૂર ન હતો. નાનકડો નકારાત્મક વિચાર પણ ક્યારેક મોટું નકારાત્મક બળ બની જાય છે. ગુરુઓના ગુરુઓને પણ એ મંજૂર ન હતું. ચિંતાનો વિષય હતો. ગુરુએ સલાહ લેવી જોઈએ કે હજી રાહ જોવી જોઈએ. ત્રણમાંથી કયો શિષ્ય છે એ પકડવું જોઈએ. ગુરુએ હાથ આગળ કરી પ્રાર્થના શરૂ કરી દીધી.

પ્રાર્થનામાં તલ્લીન થઈ ગયા. જરૂર પડે પ્રાર્થનામાં સંકેત મળી જ જશે એવી એમની શ્રદ્ધા હતી. થોડીવારે સંકેત મળી પણ ગયો હતો. સાવચેતી, ખૂબ સાવચેતી રાખવાની હતી. નકારાત્મક વિચાર નહિ ચલાવી લેવાય.



મિ. ક્લર્ક નારાજ થયા

સાંજનો સાત વાગ્યાનો સમય હતો. એ જ હિલ્ટન હોટલ હતી. વીસમાં માળે આવેલા પ્રેસીડેન્શિયલ સ્યૂટમાંથી દેખાતું દૃશ્ય હવે બદલાઈ ગયું હતું. સાત વાગે અંધારું થઈ ચૂક્યું હતું. મોટી બારીના કાચની બહાર શહેરની લાઇટ્સ દેખાઈ રહી હતી. આકાશમાં થોડાં વાદળો હતાં એટલે તારાઓ દેખાતા નહોતા. ડૉ. હર્બર્ટ ડિનર માટે તૈયાર થઈ રહ્યા હતા. એમણે બ્લેક કલરનું પેન્ટ, બ્લ્યુ કલરનું શર્ટ પહેર્યું હતું. ટાઈ બાંધી રહ્યા હતા. જૅકેટ બેડ પર હતું. સ્યૂટનો બેડરૂમ પણ એટલો જ ભવ્ય હતો. ડબલ બેડ, ડ્રેસિંગ ટેબલ, બાથરૂમમાં જેકુઝી હતી. ડૉ. હર્બર્ટ બસ જેકુઝીમાંથી નીકળી તૈયાર થઈ રહ્યા હતા. મિ. ક્લર્ક કોઈ પણ સમયે આવી શકે છે. વાળ ઓળી, દાઢી કરી, આફ્ટર શેવ લગાવી તેમણે ડિનર જૅકેટ પણ પહેરી લીધું હતું. બેડરૂમમાંથી બહાર સીટિંગ રૂમમાં આવ્યા.

આજે સવારે નિમિત્ત સાથે થયેલી મિટિંગ અંગે વિચારી રહ્યા હતા.

ડૉ. હર્બર્ટને હતું કે નિમિત્ત એમની સાથે સંશોધન કરવાની એમની દરખાસ્ત સ્વીકારી લેશે. નિમિત્તે જે રીતે સંશોધનમાં રસ દર્શાવ્યો હતો, મિ. હર્બર્ટનાં સંશોધનો અંગે તુરંત જવાબ આપ્યો હતો અને જે રીતે એનું વ્યક્તિત્વ હતું એ જોઈને ડૉ. હર્બર્ટને વિશ્વાસ હતો કે વાંધો નહીં આવે. મિ. ક્લર્કને તેમણે એટલે જ હા પાડી દીધી હતી. ડૉ. હર્બર્ટ અને મિ. ક્લર્ક તો એ પ્રમાણે પ્લાન બનાવીને આગળ પણ વધી ચૂક્યા હતા. કૉન્ટ્રાક્ટ ડ્રાફ્ટ તૈયાર જ હતો. આજે નિમિત્તને બતાવીને તેની સંમતિ અને તેની સાઇન લઈ લેવાના હતા. નિમિત્તે અચાનક ના કેમ પાડી હશે? એને હજી વધારે પૈસા જોઈતા હશે? હજી એને વધારે ભાવ ખાવો હશે? એને એક વિજ્ઞાની તરીકે એના સંશોધનની કમર્શિયલ વેલ્યુની જાણ હશે એટલે હજી ઊંચે ભાવે વેચવી હશે? કોઈ બીજા પણ એને એપ્રોચ કરી, એનું સંશોધન ખરીદી લેવા માગતા હશે? હવે આજે મિ. ક્લર્ક શું કહેશે? જો એ ફંડિંગની ના પાડશે તો?

ડૉ. હર્બર્ટનો કૉન્ટ્રાક્ટ પણ કેન્સલ કરશે તો?

ડૉ. હર્બર્ટ તો સંશોધનના પ્લાનમાં આગળ નીકળી ચૂક્યા છે. પૈસા પણ અપાઈ ગયા છે. મિ. ક્લર્ક ના પાડી દે તો ડૉ. હર્બર્ટને તો ઘણું નુકસાન થાય. પૈસાનું પણ અને કારકિર્દીનું પણ. વૈજ્ઞાનિકો ઈર્ષાળુ હોય છે. ડૉ. હર્બર્ટ તો વિજ્ઞાની જગતમાં વાદ-વિવાદનો વંટોળ જગાવી ચૂક્યા છે. હવે જો આગળ સંશોધન ન કરે તો બીજા ઈર્ષાળુ વિજ્ઞાનીઓ હર્બર્ટની કારકિર્દીને ખતમ જ કરી નાખે. એક વિજ્ઞાની માટે આથી વિશેષ ખરાબ શું હોઈ શકે. આ તો જીવતેજીવત મૃત્યુ જ કહેવાય!

'નિમિત્ત! તેં જાણે અજાણે આ શું કરી નાખ્યું?' ડૉ. હર્બર્ટને શંકા હતી કે નિમિત્ત આ બધું અજાણે કરે છે કે એ બીજી મોટી રમત રમી રહ્યો છે! નિમિત્ત એક વિજ્ઞાની છે. તેનો આઈ ક્યૂ તો ઓછો છે નહીં. ધારે તો દાવપેચ રમી શકે છે. શક્ય છે કે કોઈ બીજા લોકો, ડૉ. હર્બર્ટના વિરોધીઓએ એનો સંપર્ક કર્યો હોય. તે દિવસે પ્રવચનમાં બીજા ઘણા લોકો હતા. એ લોકોએ જોયું હશે નિમિત્ત અમારી સાથે હોટલમાં આવ્યો હતો. એ લોકોને તરત જ આઇડિયા આવી ગયો હશે. સંશોધનને ખરીદવા માટે ઘણાં મોટાં માથાંઓ તૈયાર હોય છે. સામાન્ય દુનિયાને જરા પણ ખ્યાલ નથી હોતો કે આવાં સંશોધનોની દુનિયા કેવી હોય છે. કેટલા અબજો ડૉલરનો આ ખેલ છે તે તો ફક્ત તેમાં સંડોવાયેલા જ જાણે છે.

ડૉ. હર્બર્ટને પોતાની નામોશીભરી હાર દેખાવા માંડી! દુનિયા એમના પર હસતી હોય તેમ દેખાયું. આજે હવે મિ. ક્લર્ક શું કહે છે તે પર આધાર છે. ડૉ. હર્બર્ટે ખૂબ સાવચેતીપૂર્વક વાત કરવી પડશે. આખા પ્રોજેક્ટ

અને ફંડિંગને બચાવી લેવાનો પ્રયત્ન કરવો જ પડશે. કોઈક રસ્તો તો કાઢવો જ પડશે.... પણ... કયો.... રસ્તો?

ત્યાં જ ડોરબેલ વાગ્યો. મિ. ક્લર્ક હશે. ડૉ. હર્બર્ટ ઉતાવળે દરવાજો ખોલવા ગયા.

"Good evening Mr. Clarke." ડૉ. હર્બર્ટે હૅન્ડશેઇક કરતાં કહ્યું.

"Good evening Mr. Herbert." મિ. ક્લર્ક પ્રતિભાશાળી અને આકર્ષક લાગી રહ્યા હતા. એઓ હંમેશની જેમ તૈયાર થઈને, ફૉર્મલ સૂટમાં શોભી રહ્યા હતા.

''આવકાર મિ. કર્લક, તમારી જ હોટલમાં તમારું સ્વાગત!'' ["Come in please. I have the pleasure in inviting you in your own hotel."] મિ. હર્બર્ટ વિવેકપૂર્વક બોલ્યા. આ હોટલ મિ. ક્લર્કની જ તો હતી! એમને કારણે જ ડૉ. હર્બર્ટને આવી વી.આઈ.પી. ટ્રીટમૅન્ટ મળતી હતી.

''કેવી વાત કરો છો! અમને પણ તમારા જેવા પ્રતિષ્ઠિત વિજ્ઞાની અમારી હોટલમાં રહે તેનું ગૌરવ છે. અમે એવી જાહેરાત પણ કરીએ છીએ. અરે હા, મેં કેટને કહ્યું છે કે હવે પછીના કેટલોગમાં તમારી ટેસ્ટિમની છાપે, તને વાંધો તો નથી ને!'' ["Oh come on. We are equally honoured to serve brilliant scientist like you. It's our previlege. We also boast that a sciencentist of your calliber prefers to stay in our hotel. In fact I've asked kate to take your testimony for the next catelouge. Hope you don't refuse."] મિ. ક્લર્કે રૂમની વચ્ચેની મોટી બેઠક પર બેસતા કહ્યું.

''હું ખુશીથી આપીશ. અહીં થતી મારી આગતાસ્વાગતાની મને પૂરેપૂરી કદર છે.'' ["I will be delighted to give my testimony. I really appreciate your hospitality."]

આજે બપોરે નિમિત્ત ગયો પછી ડૉ. હર્બર્ટે ફોન કરીને અર્જન્ટ મીટિંગ ગોઠવી હતી. મિ. ક્લર્કે પણ આજની મુલાકાત નક્કી કરી દીધી હતી. કાલથી તેઓ મહિના માટે ટૂર ઉપર જવાના હતા. આખી દુનિયામાં ફેલાયેલા વિશાળ કારોબાર ઉપર તેઓ જાતે દેખરેખ રાખતા.

''તો હર્બર્ટ મને શું થયું તે જણાવો. આપણે વાતચીત શરૂ કરીએ તે પહેલા આપણું ડ્રિન્ક લઈએ!'' ["So, tell me Herbert. What happened. But let's have drinks first."] મિ. ક્લર્કે સોફા પર આરામદાયક સ્થિતિમાં બેસતા કહ્યું.

''ચોકક્સ. તમારું દરેક વખતે લો છો એજ ડ્રિન્ક બનાવું?'' ["Yes of course. Your usual drink?"] ડૉ. હર્બર્ટે બાર તરફ જતા કહ્યું.

''હા. દરેક વખતે લઉં છું એ જ પણ મોટો ગ્લાસ.'' ["Yes, make it large though,"] ડૉ. હર્બર્ટે એમનું અને પોતાનું ડ્રિન્ક બનાવ્યું. મિ ક્લર્કને ગ્લાસ આપ્યો અને સામેના સોફા પર બેસી ગયા. બહાર હવે સંપૂર્ણ અંધારું થઈ ગયું હતું. હવે તો આ રૂમનું પ્રતિબિંબ બહાર પડતું હતું.

''હવે કહો કે શું વાત છે. સવારે ફોન ઉપર અવાજ ઉત્તેજિત હતો. શું થયું?'' ["So, tell me! You sounded a little tense this morning. What happened?"] મિ. ક્લર્કની ધારદાર નજર અને સમગ્ર ધ્યાન હર્બર્ટ ઉપર હતી. હર્બર્ટે વાત શરૂ કરી. તે દિવસના પ્રવચન પછીના ડિનર પછી જે e-mail correspondence થયો ત્યાંથી માંડીને આજે બપોરે નિમિત્તે સાથે મળીને સંશોધન કરવાના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો તે બધું જ કહી દીધું. મિ. ક્લર્ક શાંતિથી સાંભળી રહ્યા હતા. એમના ચહેરા પર કોઈ હાવભાવ બદલાયા નહોતા. એમણે તો જીવનમાં અને ધંધામાં આવી કેટલીય કટોકટીઓ જોઈ નાખી હતી. આવી નાની-મોટી કટોકટીથી ગભરાઈ જાય તો આવી રીતે વિશાળ કારોબાર થોડો ચલાવી શકાય!

''હંમ્..... નામિટેએ તારી સાથે સંશોધનમાં જોડાવા ઇચ્છે છે એવો અણસાર આપ્યો, પણ આજે છેલ્લી ઘડીએ ના કહી દીધી. નામિટેની હા છે એમ સમજી તું પ્લાનમાં આગળ વધતો રહ્યો. હું બરાબર સમજ્યો?''

["Hmmm. As I understand, Nametee gave you an indication to join you and then said no at the final stage and you went ahead thinking that he will agree. Is that right?"]

''હા. આપણે પ્લાનમાં આગળ વધતા રહ્યા અને...'' ["Yes. WE went ahead and------"] હર્બર્ટે WE શબ્દ પર ભાર મૂકીને સ્પષ્ટતા કરી. નિમિત્તને અને ડૉ. હર્બર્ટને જોડવાનો માસ્ટર પ્લાન તો મિ. ક્લર્કનો હતો! તે દિવસે ડિનર સાથે લીધું અને નિમિત્તની વાતો સાંભળી એટલામાં તો મિ. ક્લર્કે એને માપી લીધો. હીરાની પરખ ન કરે તો મિ. ક્લર્ક શાના? ડૉ. હર્બર્ટને પણ એમણે જ પારખી જ લીધા હતા!

''સારું. આપણે, હવે આપણે શું કરવા માગીએ છીએ? નામિટે વગર આપણા મહાન પ્લાનનું શું થશે? તે અંગે કાંઈ વિચાર્યું છે?'' ["Alright, WE. What do we do now? What happens to our great, grand plan without Nametee. What have you thought?"]

મિ. ક્લર્ક આડીતેડી વાતમાં માનતા ન હતા. જે થઈ ગયું તેની પર શક્તિ વેડફવાનો કોઈ મતલબ ન હતો. તેઓ પ્રૉબ્લેમ કરતાં સોલ્યુશન પર વધારે કામ કરતા.

''સાચું પૂછો તો નામિટે વગર આપણી 'મહાન યોજના' મહાન રહેતી નથી.'' ["Without him the great, grand plan does not remain so great, to be frank."] ડૉ. હર્બર્ટે હકીકતનું બયાન કર્યું.

''સાચી વાત. મારો મત પણ તમારા જેવો જ છે. હવે આપણે શું કરીશું?'' ["Correct. That's my opinion too. So what do we do now?"]

''અત્યારે તો મને સૂઝતું નથી પણ કોઈ રસ્તો વિચારીશ.'' ["I am lost for now. But will think of a way out."] ડૉ. હર્બર્ટના અવાજમાં હતાશા હતી.

''આપણી પૈસાની ઑફર ઓછી નહોતી ને! એને હજી વધુ પૈસા જોઈએ છે? પૈસા તો વધારી શકાય છે. એ તો નિગોશીયેબલ છે. તું તો જાણે જ છે.'' ["I don't think the offer was less, was it? Does he want more? I mean that is always negotiable, you know?'']

પૈસાને કારણે મોટી યોજના અટકાવી દે તેવા ટૂંકી દૃષ્ટિના બિઝનેસમેન મિ. ક્લર્ક નહોતા.

''હું નથી માનતો કે વાત પૈસાની છે.'' ["I don't think it was money."] નિમિત્તના ગયા પછી મિ. હર્બર્ટ સતત વિચારતા રહ્યા કે નિમિત્તે ના શા માટે પાડી? પૈસાની વાત તો નીકળી જ નહોતી. નિમિત્ત પૈસાભૂખ્યો લાગ્યો પણ નહીં.

"Then?" મિ. ક્લર્કને એમ કે પૈસાથી બધું જ શક્ય છે. એમણે જીવનમાં એવું જ જોયું હતું.

''હું દક્ષિણ ભારતના આશ્રમમાં રહેતો હતો ત્યારે એણે એવા ભારતીય જ્ઞાનીઓને જાણ્યા છે. જ્ઞાનની ઉપાસનાને તેઓ ધન, કીર્તિ કે સત્તા કરતાં વધુ મહત્ત્વ આપતા. વેદ, ઉપનિષદથી પોષાયેલી જ્ઞાનપરંપરા આવા જ્ઞાનીઓને સંવૃદ્ધ કરે છે તે મેં અનુભવ્યું છે. નામિટે એ પરંપરાનો લાગે છે.'' ["I came across few people in India, When I was in an Ashram in South India, who lived for values and Pursuit of knowledge rather than money, power, fame. Indian philosophy enriched by vedas and Upnishadas have produced many such pandits. Nametee seems to be one such person."]

''હું માનતો નથી. પ્રત્યેક વ્યક્તિ સાથે એક અદૃશ્ય પ્રાઇસ ટેગ જોડાયેલું હોય છે. તમારે એનું પ્રાઇસ ટેગ વાંચીને તેની કિંમત વાંચવી પડે છે. ક્યારેક એ કિંમત પૈસાની ન હોય તો કીર્તિ, યશ કે સત્તાની....'' ["I don't believe it. Everybody has an invisible price-tag. You just have to read it dear. Price may be in cash or kind. He might be after fame or power or..."]

''તેની પર્સનલ લાઇફ અંગે હું વધુ જાણતો નથી. એમીને પૂછી જોવું પડશે. એ જ તો તેને મારા પ્રવચનમાં

લાવી હતી.'' ["I don't know about his personal life. I can ask Amy. She was the one to bring him to my lecture."]

''હું પણ મારી રીતે તપાસ કરી જોઈશ. આપણે હજી પ્રયત્ન કરીએ. હું કૅટને તપાસનું કામ સોંપી દઈશ. કોઈ માર્ગ નીકળશે એવી મને ખાતરી છે. માણસ માત્રની કોઈ નબળાઈ અવશ્ય હોય છે. નામિટે પણ માણસ છે. એની કોઈ નબળાઈ તો હશે જ! નબળાઈ મળી જાય તો આપણે તેનો ઉપયોગ કરીને આપણું ધાર્યું કરાવી શકીશું. થોડો સમય લાગશે. આ પ્રૉબ્લેમ મારા પર છોડી દો. હું ટૂર દરમ્યાન તેનું નિવારણ કરી શકીશ.'' ["I will also try my own ways to get more information. Lets give it a try. I will give instruction to kate. Let me take this problem along with me on my tour.. I am sure we can find out a solution. Nametee is only a human. He will have a weak point, we can bring him on negotiating table. Leave this problem to me."]

''હું પણ એમી સાથે વાત કરી જોઈશ. કદાચ એ તેને સમજાવી શકે તો...'' ["Hmmm. I will talk to Amy. She might be able to tell me about him. She can convince......"]

''ના. એમીને આ વાતની જરા પણ જાણ કરવાની નથી. એમીને જણાવવાની ભૂલ કરશો નહીં. તે દિવસે પ્રવચનમાં એક બીજો વિજ્ઞાની પણ હતો ને!'' ["No. She is not going to know anything about it. Don't make that mistake. There was one more scientist with them, If I remember correctly."] મિ. ક્લર્કની યાદશક્તિ તેજ હતી.

''હા. પીટર. એમીનો મિત્ર છે અને એ પણ MPAમાં છે.'' ["Peter. He is Amy's friend. He is with MPA too"]

'''અચ્છા પીટર. MPAમાં છે.'' [''Peter. He is with MPA.''] મિ. ક્લર્કે આ માહિતી એમના મગજના સ્પેશયલ સેક્શનમાં મૂકી.

''હું પીટરની તપાસ પણ કરીશ. પરંતુ નામિટેની બુદ્ધિપ્રતિભાની સરખામણીમાં તે મને સામાન્ય કક્ષાનો લાગ્યો.'' ["I will inquire about Peter too. But I did not find the spark in him. He seemed a regular Scientist. Not like Nametee, a brilliant one."] હર્બર્ટને નિમિત્તની પ્રતિભાનો પૂરેપૂરો ખ્યાલ આવી ચૂક્યો હતો.

''આપણે અત્યારે સમસ્યાનો ઉકેલ શોધી રહ્યા છે, બુદ્ધિપ્રતિભા નહીં હર્બર્ટ! આપણે આપણી મહાન યોજનાને અને આપણા મહાન ભવિષ્યને પડી ભાંગવામાંથી ઉગારી લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે.'' ["We are not looking for a spark now. We are looking for a solution to save our great, grand plan and great grand future, Herbert."] હર્બર્ટને મિ. ક્લર્કના પ્લાનની પૂરેપૂરી સમજ ન પડી પણ એમણે મિ. ક્લર્કની આંખમાં ચમકારો જોઈ લીધો. તણખલું મળે તો પણ મહાસાગર તરી જાય તેવા હતા મિ. ક્લર્ક. કદાચ એમને પીટરમાં એ તણખલું દેખાયું હોય! હર્બર્ટને તો પીટર અંગે થોડીક શંકા જ હતી.

''આપણે ડિનર માટે કહી દઈએ. કાલે વહેલી સવારે નીકળવાનું છે.'' ["Shall we call for dinner. I need to rest before I leave early tomorrow morning."]

''ચોક્કસ.'' ["Sure I will give a call."] ડૉ. હર્બર્ટ ઊભા થયા અને ડિનર માટે ફોન કર્યો.



સિન્ક્રો-ડેસ્ટિની એટલે...

પ્રિય આત્મન્,

આજે તારો જન્મદિવસ! તને બધા કેટલો પ્રેમ કરે છે! કેટલા બધા લોકોના ફોન આવ્યા. તું આટલે દૂર જર્મનીમાં છે તો પણ સૌ તને યાદ કરે. તારે માટે સૌએ પત્રો પણ મોકલાવ્યા. તારે માટે આજનો દિવસ ખાસ, બાકી બીજા બધા માટે તો એક સામાન્ય દિવસ. આપણા માટે તો આ દિવસ આપણા 'પ્રાગટ્યનો'. આ જ દિવસે કોઈ એક ક્ષણે એક હૉસ્પિટલમાં અચાનક 'ઉંવાં...ઉંવાં' સંભળાયું હશે. સૌ હરખાયાં હશે. નર્સ માટે વધુ એક કામનો દિવસ! ડૉક્ટર માટે વધુ એક પેશન્ટ અને ડિલિવરી. જ્યારે મમ્મી-પપ્પા માટે તો આનંદનો દિવસ. તને તો ખબર જ નહીં કે તું જન્મ્યો! વિશ્વના અબજો વ્યક્તિત્વોમાં વધુ એક વ્યક્તિત્વ. એક બાળક જન્મે ત્યારે ખરેખર તો એક આશા, એક સંભાવના જન્મ લે છે. એ ઉંવાં...ઉંવાં કરતું બાળક મોટું થઈને આઇનસ્ટાઇન બની શકે અને ગાંધીજી પણ બની શકે!

પણ આત્મન્ દરેક વ્યક્તિ પોતાનામાં રહેલી સંભાવનાને સાચી પાડી શકે છે? મેં મારામાં રહેલી સંભાવનાને સાચી પાડી છે? વ્યક્તિને ખબર કઈ રીતે પડે કે એનામાં શી સંભાવના રહેલી છે! શું અર્જુનને પોતાનામાં રહેલી સંભાવના ખબર હતી? બાળક અર્જુન જાણતો હતો કે શ્રેષ્ઠ ધનુર્ધારી બની શકે તેમ છે? ગુરુ દ્રોણ ન હોત તો? કૃષ્ણ ન હોત તો? મહાભારતનું યુદ્ધ ન થયું હોત તો? અને કૌરવો જો આટલા ખરાબ ન હોત તો અર્જુનનું અર્જુનત્વ બહાર આવત ખરું? પ્રિય આત્મન્! આ વિચારવા જેવું નથી? મારા જ જીવનમાં બારમા ધોરણમાં આટલું ખરાબ રિઝલ્ટ ન આવત, તો હું અહીં જર્મનીમાં MPAમાં હોત ખરો? મારી અંદરની સંભાવનાને સાર્થક કરી શકત ખરો? મારું કર્મક્ષેત્ર, મારી અંદરનો ખગોળશાસ્ત્રી ક્યાંક ડૉક્ટર બની જાત તો? પરંતુ મેં જ્યારે બી.એસસી. પસંદ કર્યું ત્યારે હું તો હારેલા યોદ્ધા જેવો હતો. હું તો રિઝલ્ટને કારણે નાસીપાસ થયેલો હતાશ વિદ્યાર્થી હતો. ત્યાંથી અહીં સુધી આવવાનો રસ્તો તો અનાયાસે જ બનતો ગયો. મને તો યાદ નથી કે પુણેમાં IUCAAમાં જવાના, MPAમાં જવાના વિચારો ક્યારે આવ્યા? કેમ આવ્યા?

આ બધી અંતઃસ્ફુરણાઓ ક્યાંથી આવે છે? કદાચ એ જ ગાળામાં M.Sc. બરોડામાં પુણેથી આવેલા કોઈ સરનું લેક્ચર ગોઠવાય છે, કદાચ એમ જ એક મિત્ર સહજભાવે મને એ લેક્ચર એટેન્ડ કરવા લઈ જાય છે. આવી અનેક ઘટનાઓ 'કાગનું બેસવું અને ડાળનું પડવું' જેવી હોય છે. આ કાગ અને ડાળ ભેગાં ક્યાંથી થાય છે? Synchronicity અને synchrodestiny તે શું આવા સુયોગનું નામ છે? જીવનની ઘટનાઓના તાણાવાણા ગૂંથાતા જાય છે. આપણે જોઈ શકતા નથી પણ જીવન પોતે આપણને એક ધ્યેય તરફ લઈ જાય છે. આવા ભવિષ્યને આપણી પરંપરામાં 'અનાગત' કહે છે. પણ આખરે કોણ નિર્ણય કરે છે?

આત્મન્, તું જ મારી અંદર બેઠેલો કૃષ્ણ તો નહીં.

તું જ મારી અંદરનો મારો સારથિ તો નહીં? નરસિંહ મહેતા કહે છે તેમ, 'દેહમાં દેવ તું...' તે મારી અંદર બેઠેલો દેવ, તે તું જ ને?

ચાલો, મધરાત થઈ છે. કાલે રજા છે. હવે હું સૂઈ જવાનો!

લિ. નિમિત્ત



અટપટું ઍલ્ગોરિધમ

રાત્રિનો સમય હતો. નિમિત્ત એના ઘરમાં સ્ટડી ટેબલ પર રાખેલા કમ્પ્યૂટર પર બેસીને કામ કરી રહ્યો હતો. જૂની અભ્યાસની ટેવ મુજબ રૂમમાં અંધકાર હતો. ફક્ત એનો ટેબલ લૅમ્પ જ પ્રકાશમાન હતો. નિમિત્તના ચહેરા પર અજબનો આનંદ હતો. એની આંખોમાંથી અનરાધાર આંસુ વહી રહ્યાં હતાં. બે હાથ જોડીને એ સંસ્કૃતનો શ્લોક બોલી રહ્યો હતો. એની સામે આજે બ્રહ્માંડનું રહસ્ય ખૂલી ગયું હતું. એની વર્ષોની મહેનત સફળ થઈ હતી. જે શોધ એ કરી રહ્યો હતો તે પૂરી થઈ હતી.

છેલ્લા કેટલાય દિવસોથી શોધ પૂર્ણતાને આરે હતી. નિમિત્ત ખાવા-પીવાનું ભૂલીને સતત આ શોધ પાછળ જ લાગ્યો હતો. શોધ પૂર્ણતાની તૈયારીમાં હતી પણ પૂર્ણ થતી નહોતી. કોઈ કચાશ રહી જતી હતી. આજે પાંચમો દિવસ હતો. ખાવાનું ભાન ન હતું. છેલ્લું ક્યારે શું જમ્યો એ યાદ પણ ન હતું.

નિમિત્ત એક ઍલ્ગોરિધમ લખી રહ્યો હતો. ઍલ્ગોરિધમ એટલે એવો પ્રોગ્રામ જેમાં એક પછી એક સ્વયંસૂચના દર્શાવતી એક પદ્ધતિ હોય. અલ-ખ્વારિઝમિ કરીને એક પર્શિયન ગણિતશાસ્ત્રીના નામ પરથી 'ઍલ્ગોરિધમ' શબ્દ આવ્યો છે.

નિમિત્તનો આ ઍલ્ગોરિધમ પ્રોગ્રામ બ્રહ્માંડના રહસ્યને જાણે આ ઍલ્ગોરિધમ વડે અનાવૃત કરવા પ્રયત્ન કરતો હતો. આ ઍલ્ગોરિધમ, એક કમ્પ્યૂટર પ્રોગ્રામ છે. ૩૦,૦૦૦ લાઇનના એ કમ્પ્યૂટર કોડવાળો ઍલ્ગોરિધમ જ્યારે રન કરવામાં આવે તો એ વિશિષ્ટ પ્રોગ્રામ દ્વારા ગ્રહોની ઉત્પતિ, ગ્રહો-નક્ષત્રોની, બૃહદ અને સૂક્ષ્મકક્ષાએ ગૂઢ રહસ્યપૂર્ણ માહિતીઓ મળી શકે તેમ હતું. જો આ ઍલ્ગોરિધમ કમ્પ્યૂટર પ્રોગ્રામ પૂર્ણ થાય તો ખગોળશાસ્ત્ર તથા મૅડિકલ ક્ષેત્રે જબરદસ્ત પરિણામ મળી શકે તે ચોક્કસ. નિમિત્તના ઍલ્ગોરિધમ પ્રોગ્રામ દ્વારા બ્રહ્માંડના રહસ્યો ઉકેલી શકાય. વિજ્ઞાનનાં બીજાં ક્ષેત્રોમાં ખાસ કરીને જીવવિજ્ઞાનમાં પણ આ કમ્પ્યૂટર કોડ ખૂબ જ કામ લાગે. બીજું એક ક્ષેત્ર પણ આખું જ બદલાઈ જાય અને એ છેઃ કમ્યુનિકેશન. આ કમ્યુનિકેશન ક્ષેત્રે એવી જબરદસ્ત ક્રાંતિ આવી જાય કે અત્યાર સુધીનાં બધાં ઉપકરણો કોલસાની સગડી જેવાં જ જૂનાં લાગે! માનવે ઉત્ક્રાંતિ કરી ત્યારે ચકમકથી અગ્નિ પેટાવ્યો. ત્યાંથી માંડીને કોલસાની સગડી જેવાં ઉપકરણો બનાવ્યાં તે પણ એક પ્રકારની અગ્નિક્રાંતિ જ હતી. હવે માઇક્રોવેવના જમાનામાં કોલસાની સગડી કેટલી જૂની લાગે! જો હવે ઍલ્ગોરિધમ પૂર્ણ થઈ જાય તો આખા વિશ્વમાં જ નહીં, સમગ્ર બ્રહ્માંડમાં કમ્યુનિકેશન થઈ શકે. વિશ્વના કમ્યુનિકેશનના આજનાં ઉપકરણો તો સાવ જ પછાત લાગે. નિમિત્તની શોધ પછી તો કમ્યુનિકેશન ઇન્ડસ્ટ્રી આખેઆખી બદલાઈ જવાની! વળી ભૌતિકવિજ્ઞાનની અત્યારની સમસ્યા ક્લાસિકલ વિજ્ઞાન અને ક્વૉન્ટમ વિજ્ઞાનને જોડતી કડી પણ મળી જાય. The holy grail of physics which is looking for a unification of classical theory and quantum theory can be found out. આ ઍલ્ગોરિધમ વડે બ્રહ્માંડ ઉત્પન્ન થયું તે જ વખતની સ્થિતિ જાણી શકાશે. આજ હશે અંતિમ સત્ય તથા વિજ્ઞાન અને અધ્યાત્મનું મિલન! માનવીય ઉત્ક્રાંતિનું ઉચ્ચતમ શિખર.

આ ઍલ્ગોરિધમ પૂર્ણ થતાં જ માનવ પ્રગતિના અંતિમ સોપાન પર સૌ પ્રથમ પગ મૂકવાનું શ્રેય નિમિત્તને મળશે. ભારતનો એક વિજ્ઞાની આખી દુનિયાને બ્રહ્માંડનું રહસ્ય બતાવી શકશે અને ખગોળશાસ્ત્રના અંતિમ કોયડાને ઉકેલી આપશે. ઋષિઓએ વેદ-ઉપનિષદ દ્વારા કરેલા આવિષ્કારોને સાચા ઠેરવી શકશે. સાબિતી અને પ્રતીતિનું એ ભવ્યાતિભવ્ય મિલન હશે! ભારતે દુનિયાને શૂન્યની ભેટ આપી હતી. હવે ભારત દુનિયાને

બ્રહ્માંડના સત્યની ભેટ આપશે. હવે સત-અસતનું મિલન થશે. બે ભાગોમાં વહેંચાયેલું સત્ય એક થશે અને માનવ ઉત્ક્રાંતિનાં નવાં શિખરો સર કરશે. માનવતા હવે નવા સત્ય સાથે જીવશે. પરંતુ નિમિત્ત હજી આ એલ્ગોરિધમ પૂર્ણ કરી શકતો નહોતો. આ અંતિમ સોપાન હજી પૂર્ણ થતું નહોતું.

બ્રહ્માંડ પોતે જ જાણે એનું રહસ્ય છતું કરવાની આનાકાની કરી રહ્યું હતું. નિમિત્ત એલ્ગોરિધમ લખી, કમ્પ્યૂટરમાં ફીડ કરી ટેસ્ટ રન કરતો હતો. ટેસ્ટ રન કરે તો ભૂલ આવતી હતી. ફરી કમ્પ્યૂટર પર બેસી, ફરી ટેસ્ટ રન કરતો હતો. ક્યાંક ફરી નાનકડી ભૂલ, ફરી key board, ફરી ટેસ્ટ, ફરી ભૂલ! નિમિત્ત શારીરિક, માનસિક ક્ષમતાની પરાકાષ્ટાએ પહોંચી ચૂક્યો હતો. અમુક ટેસ્ટ રન કરવા માટે ઇન્સ્ટિટ્યૂટની લૅબોરેટરીમાં પણ જવું પડતું હતું. નિમિત્ત ત્યાં જાય, ઘરે આવીને કમ્પ્યૂટર પર કામ કરે. ફરી ઇન્સ્ટિટ્યૂટ જઈ ટેસ્ટ રન કરે. બધા મિત્રો સાથેનો સંપર્ક પણ છેલ્લા કેટલાય દિવસથી ખોરવાઈ ચૂક્યો હતો. એલ્ગોરિધમમાં 30,000 લાઇનો છે. કોઈ લાઇનમાં એકાદ નાની ભૂલ રહી જાય છે. એ સતત મંડ્યો રહેતો હતો. બસ હવે આ અંતિમ ચરણ છે. હજી પગથિયું, હજી એક પગથિયું એમ પાર કરતો કરતો તે દરેક પગથિયું છેલ્લું છે એમ માનીને ચડતો જ ગયો, ચઢતો જ ગયો. ગઈકાલે સાંજે લગભગ છેલ્લા પંદર દિવસની સતત મહેનત, રોજની લગભગ બેત્રણ કલાકની જ ઊંઘ, એમાં વળી ખાવા-પીવાનું લગભગ નહિવત્! થાકીને કામ કરતાં કરતાં ટેબલ પર જ ક્યારે નાનકડું ઝોકું આવી ગયું તેની એને સમજ ના પડી.

ભૂખરા રંગનું આકાશ હતું. ચારે તરફ શાંતિ હતી. અફાટ રણ હતું. એ જાણે રણમાં ચાલી રહ્યો હતો. ભૂખ્યો હતો, તરસ્યો હતો, પણ એના પગ રોકાતા નહોતા. સફેદ પહેરણ પહેર્યું હતું. માથું સફેદ વસ્ત્રથી ઢાંકેલું હતું. ચાલતો હતો, સતત ચાલતો હતો. આકાશમાં કોઈ તારા ન હતા. ચારેબાજુ અંધકાર છવાયેલો હતો. પવનના સુસવાટા હતા. રેતીની ડમરીઓ ઊઠી રહી હતી. આંખો અને ચહેરા પર પણ રેતી વાગતી હતી, પરંતુ એનાં ચરણ રોકાતાં નહોતાં. આજુબાજુ રેતીના ઢૂવાઓ હતા. રેતીના ઢૂવાઓની વચ્ચેથી એ જઈ રહ્યો હતો. કેટલાય દિવસોથી ભૂખ્યો-તરસ્યો હતો પણ એ સતત ચાલી જ રહ્યો હતો. થોડીવારે વચ્ચે એક સપાટ જગ્યા આવી. આ જગ્યા એની જાણીતી હતી. અહીં એ પહેલા આવી ચૂક્યો હતો. ત્યાં આવીને ઘૂંટણ પર ઊભો રહી ગયો. ખૂબ જ હાંફી ગયો હતો. સફેદ વસ્ત્રની અંદર એણે કાંઈક છુપાવેલું હતું તે બહાર કાઢ્યું. એક સફેદ દંડ હતો. એ દંડ ચમકતા સફેદ રંગના કોઈ અજાણ્યા પદાર્થનો બનેલો હતો. બે ગોળાકારે વીંટાળેલા સાપના આકાર હતા. દંડની ઉપરનો ભાગ ગોળાકાર હતો. એમાં બે સાપનાં મોઢાં સામસામે હોય એવો આકાર હતો. એણે એ દંડ સામે રેતીમાં ખોસ્યો. એની સામે બેઠો. એણે બે હાથ ખભા પાસે લાવી મંત્રોચ્ચાર શરૂ કર્યો. આકાશ સામે જોયું. પવન થંભી ગયો. આજુબાજુની પૃથ્વી જાણે થંભી ગઈ. થોડીવારે આકાશમાંથી એક તેજલિસોટો જમીન તરફ આવ્યો. આવીને દંડમાં સમાઈ ગયો. એક નાનકડું તેજોવર્તુળ ફરવા લાગ્યું. ફરતું ફરતું એની આજુબાજુ ફરવા લાગ્યું. તેજોવર્તુળમાં વિવિધ રંગોના ઇયળ આકારના કણો હતા. અચાનક કણોનો આકાર બદલાવા લાગ્યો. બધા કણો બે આકારના થઈ ગયા. બીજો ગોળાકાર ૦ અને એક સીધો ૧. એ બંને આકારની શૃંખલા બની ગઈ અને ગોળાકારમાં ફરવા લાગી. થોડીવારે એ શૃંખલા ફરતી ગઈ, ફરતી ગઈ. થોડીવારે ફરી આકાર બદલાઈ ગયો. બધા કણો ફરી ઇયળ આકારના બની ગયા. તેજોવર્તુળ સંકોચાતું ગયું, દંડમાં સમાઈ ગયું અને ફરી આકાશમાં તેજલિસોટો બનીને જતું રહ્યું. આજુબાજુનું વાતાવરણ ફરી સામાન્ય થઈ ગયું. દૂર આકાશમાં સૂર્યોદયનું આગમન થયું. એ ઊભો થવા જતો હતો પણ.....! ધબ્બ દઈને અવાજ આવ્યો.

નિમિત્તની આંખ ખૂલી ગઈ. એ ખુરશી પરથી પડી ગયો હતો. રાત પડી ચૂકી હતી. આજુબાજુ અંધકાર હતો. વાસ્તવિક દુનિયામાં ફરી આવતાં એને થોડીક વાર લાગી. ઊભો થયો. પરિસ્થિતિનો તાગ મેળવ્યો. એ જર્મનીમાં, એના ઘરમાં હતો. એની સામે કમ્પ્યૂટર પડ્યું હતું. ચાલુ જ હતું. સ્ક્રીન પર એનો એલ્ગોરિધમનો

પ્રોગ્રામ હતો.

એલ્ગોરિધમના પ્રોગ્રામની દરેક લાઇન વાસ્તવિકતામાં કમ્પ્યૂટરને અપાયેલ instruction (આદેશ) હોય છે. કમ્પ્યૂટર ડિજિટલ છે એટલે કે બાયનરી છે. બાયનરી (દ્વિઅંકી પદ્ધતિ) એટલે બે જ સંકેત સમજે ક્યાં તો ૦ અથવા ૧. એલ્ગોરિધમ પ્રોગ્રામ એટલે આદેશ, પરંતુ તે લખવા માટે ૦ અથવા ૧ ની બાયનરીને સમજવું પડે. નિમિત્તે તે માટે સબ રૂટિન્સમાં બાયનરી પ્રોગ્રામ લખ્યા હતા. ૦૧૦૧...... ૦૧૦૧૦૧૦......૦૧૦૦૦૧૧૧૦૦૧૦...... એમ લાંબી શૃંખલાઓ બેસાડવી પડતી હતી. તેમાં જ ગૂંચવાડો ઊભો થતો હતો. આ બધી શૃંખલાઓ ફરી એકવાર જોતો હતો, ત્યાં અચાનક એના મનમાં ઝબકારો થયો. એલ્ગોરિધમની લાઇનોમાં રહેલા સબ રૂટિનના બાયનરીમાં....... યસ, અચાનક એની આંગળીઓ કીબોર્ડ પર ફરવા લાગી. સતત ફરતી રહી. દરેક લાઇન...... એની સબ રૂટીન,.સબ રૂટિનમાં.......બાયનરીમાં......... ૦૧૧૦...... ૧૧૦૦...... ૧૦૧૦૧૦૧...... એની આંગળીઓ ટાઇપ કરતી જ રહી. કમ્પ્યૂટર સ્ક્રીન પર આ બે આંકડાના કોમ્બિનેશન્સ બનતાં જ ગયાં. કેટલોય વખત આજ સિલસિલો ચાલુ રહ્યો.. નિમિત્તની નજર સ્ક્રીન પર હતી આંગળીઓ ટાઇપ કરતી જ રહી, ૩૦,૦૦૦ લાઇન, દરેક લાઇનના સબ રૂટીન. છેલ્લી લાઇન આવીને ટાઇપ કરીને નિમિત્ત ટેબલ પર ઢળી પડ્યો. બેભાન થઈ ગયો કે સૂઈ ગયો તેની ખબર તેને જ ન પડી.

કેટલોય સમય વીતી ગયો હશે. ઘણીવારે નિમિત્ત ફરી ઊઠ્યો, આંખો ચોળી. જાણે કે તંદ્રાવસ્થા તૂટી. એ પૂરેપૂરો ભાનમાં આવી ગયો. સામે સ્ક્રીન પર જોયું. પેઈજ up-down કરીને એલ્ગોરિધમની દરેક લાઇનો વાંચી. ૩૦,૦૦૦ લાઇનોમાં લખાયેલું એલ્ગોરિધમ નિમિત્તની નજર સામે હતું. એની આંખમાં ચમક આવી ગઈ. એણે ફરી ફરીને પેજ ઉપર નીચે કરીને એલ્ગોરિધમ ચેક કર્યું.

“Yes. I have done it. Eureka...... Eureka!”

એકલો એકલો રૂમમાં નાચવા લાગ્યો. બે-ત્રણ વાર પડતા બચ્યો. સોફાને પકડીને જમીન પર બેસી ગયો.

“Yes. I have completed the algorithm. આજે એની શોધ પૂર્ણ થઈ. આજે એના જીવનનું કર્તવ્ય એણે પૂર્ણ કર્યું!

અચાનક એને સપનું યાદ આવ્યું. ગજબનું સપનું હતું! રણ જેવું હતું. રણમાં એ ચાલતો હતો. એના હાથમાં કાંઈક દંડ જેવું હતું. એણે તેજોવર્તુળ..... હે ઈશ્વર! બે હાથ જોડી એ નતમસ્તક બેસી રહ્યો. એની આંખોમાંથી અનરાધાર આંસુ વહી રહ્યા હતા.

હે ભગવાન! મહાન શોધના આવિષ્કારો થાય ત્યારે ક્યારેક સપનામાં સંકેતો મળતા હોય છે. મારી સાથે પણ આમ જ થયું. મારી શોધનો ઉકેલ મને દિવ્ય સ્વપ્નમાં મળ્યો! મેં તંદ્રાવસ્થામાં જ આ કોડ સંપૂર્ણ કર્યો! આ કોની કૃપા થઈ? આ દંડ શું હતો? હું રણમાં કેમ હતો? વિચાર ખંખેરીને એ ઊભો થયો. કમ્પ્યૂટર સામે બેસીને એણે ફરી એલ્ગોરિધમ ફરી check કર્યું.

‘હા. બરાબર એકદમ બરાબર.’

એણે વાંચ્યું હતું. ઘણાબધા મહત્ત્વના આવિષ્કારોની પાછળ કુદરતનો સંકેત હોય છે. જાગ્રત અવસ્થામાં મન માહિતીઓ એકઠી કરે છે. પણ આટલા બધા ‘data’ને જાગ્રત મન analyse કરી શકતું નથી. માણસ ઊંઘી જાય ત્યારે અર્ધજાગ્રત મન એને analyze કરે છે. વ્યવસ્થિત ગોઠવણી કરે છે અને પછી સપનામાં એનો ઉકેલ આપી દે છે.

પ્રખ્યાત લાંબા વાળ અને લાંબી દાઢીવાળા રસાયણશાસ્ત્રના વૈજ્ઞાનિક ડિમિટ્રી મેન્ડેલીફને અતિમહત્ત્વની પિરિયોડિક ટેબલની શોધ સપનામાં મળેલી! મેન્ડેલીફ મહિનાઓથી આ શોધની પાછળ જહેમત કરી રહ્યા હતા. એમણે દરેક તત્ત્વના નામનું કાર્ડ બનાવ્યું. તેના પર એમણે એ તત્ત્વના ગુણધર્મ પણ લખી રાખ્યા હતા. એમને એવી આંતરસૂઝ હતી કે આ બધાંને સાંકળતી એક પેટર્ન છે. પણ એ પેટર્ન, એ ભાત એમને મળતી

નહોતી. મેન્ડેલીફ એ કાર્ડ્સને ગોઠવી ગોઠવીને જાતજાતની અને ભાતભાતની ગોઠવણ બનાવવા મથતા..... પણ કશુંક ખૂટતું હતું. એ પેટર્ન શોધીને, એક પેટર્નમાં ગોઠવી શકતા ન હતા. એમને એવું લાગી રહ્યુ કે કોઈ મહત્ત્વની કડી છે પણ એ કડી એમને મળતી નહોતી. દરેક પદાર્થનું atomic weight અલગ હોય છે અને એનું મહત્ત્વ છે, પણ કઈ રીતે એ તેઓ જાણી શકતા ન હતા. આવી જ રીતે ગોઠવણી-ગણતરી-ગોઠવણી-ગણતરી કરતા કરતા એમના ટેબલ પર જ માથું મૂકીને નિદ્રામાં સરી પડ્યા. સ્વપ્ન આવ્યું. ઉકેલનો ઝબકાર થયો અને ઊઠીને કામ કર્યું તો આજે આપણી સમક્ષ છે, એવા વ્યવસ્થિત પિરિયોડિક ટેબલનો આવિષ્કાર એમને થયો. એમના જ કહેવા મુજબ એમણે સ્વપ્નામાં પિરિયોડિક ટેબલ જોયું અને ઊઠીને એ પ્રમાણે પ્રત્યેક તત્ત્વના કાર્ડ ગોઠવ્યા.

બીજા રસાયણશાસ્ત્રી ઓગસ્ટ કેકુલી, જેમણે બેન્ઝિન રિંગની અતિ મહત્ત્વની શોધ કરી. એમને પણ રાતે સપનામાં જ ઉકેલ મળેલો. સન 1865ની એક ઠંડી રાત્રે તે પોતાની પ્રયોગશાળામાં કામ કરી રહ્યા હતા. હાઈડ્રોકાર્બન કમ્પાઉન્ડમાં, કાર્બન અને હાઈડ્રોજનના પરમાણુની ગોઠવણી અંગેની સમસ્યાનો ઉકેલ મળતો ન હતો. કામ કરતાં કરતાં ખુરશીમાં જ નિદ્રામાં સરી પડ્યા. એમને સપનામાં પરમાણુઓ કૂદતા દેખાયા. આ પરમાણુઓ કૂદતા કૂદતા સર્પાકારે ગોઠવાઈ ગયા. અચાનક વળાંક લઈને ફરતા સાપે ફરીને પોતાની જ પૂંછડી મોંમાં નાખી એટલે રિંગ જેવો આકાર બની ગયો. કેકુલીની આંખ ખૂલી ત્યારે પૂંછડી મોંમાં નાખેલા, ગોળાકાર સાપનું દૃશ્ય જ એમની આંખ સામે રમ્યા કર્યું! તેમણે બેન્ઝિન રિંગનો આવિષ્કાર કર્યો કે બેન્ઝિનમાં કાર્બનના અણુઓ વર્તુળાકારમાં હોય છે!

નિમિત્તની આંખો ભક્તિભાવથી છલકાઈ ગઈ. આજે કુદરતે, એના પ્રિય એવા કૃષ્ણે એના પર કૃપા કરી! એને પણ આવું સ્વપ્ન આવ્યું. નિમિત્ત પણ એક આટલો મહત્ત્વનો આવિષ્કાર કરી શક્યો. ઘરમાં રાખેલી કૃષ્ણની મૂર્તિ પાસે જઈ પગે લાગ્યો. અંધકારમય રાત્રિનો છેડો આવી ગયો હતો. જીવનમાં જ્ઞાનનો દિવ્ય પ્રકાશ પથરાવાની એ તૈયારી હતી! એણે એના ગમતા ભજનની સીડી મૂકી અને ભક્તિમય થઈને ભજન સાંભળ્યું: 'અખિલ બ્રહ્માંડમાં.....'



ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં

હજી કિસ્સો ઉકેલાતો નથી. અનુજની હિંમત ખૂટવા લાગી હતી. ભાઈના અકસ્માતની કોઈ કડી પકડાતી નથી. નિરાશા જાણે બારણે આવીને ઊભી હતી. અનુજ હારવા તૈયાર ન હતો. ભાઈની હાલત જોઈને કોઈપણ સંજોગોમાં લડવાનું બળ એને મળતું હતું. જો ઍક્સિડન્ટ હોય તો ભગવાનની સામે લડી શકાય નહીં. નિયતિનો ખેલ સ્વીકારવો જ પડશે, પણ જો એ માનવસર્જિત હોય અને એવું ચોક્કસ લાગે છે જ, તો પછી અનુજ એ વ્યક્તિને જરૂર શોધી કાઢશે. ભાઈના ગુનેગારને પકડીને એને સજા અપાવશે. આ જ એનું કર્તવ્ય છે. પોતાનું કર્તવ્ય પૂર્ણ કર્યા વગર એ ભારત પાછો નહીં ફરે. ભાઈને લીધા વગર એ ભારત નહીં ફરે. ભાઈ એની શોધ જગત સમક્ષ મૂકશે. આખું જગત ભાઈની પ્રતિભાને ઓળખશે. ભાઈની પ્રતિભાને યશ મળશે. બસ મારો કર્તવ્યપથ આ જ છે:

1. ભાઈના ગુનેગારને પકડવા.
2. ભાઈની શોધને જગત સમક્ષ પ્રગટ કરવી.
3. ભાઈને પ્રતિષ્ઠા અપાવવી અને એને ભારતમાં 'સ્વજન' પાછો લઈ જવો.

ખોવાયેલી હિંમત મેળવવાનું અને નિરાશાને ખંખેરવાનું એકમાત્ર સ્થળ એનાથી દૂર હતું. દૂર રહ્યા છતાંય ત્યાંથી એને સતત બળ મળતું રહેતું હતું. એણે 'સ્વજન' પર ફોન લગાવ્યો.

"હેલો પપ્પા, અનુજ બોલું."

"બોલ બેટા. તારા ફોનની જ રાહ જોતા હતા. હવે તારી પણ ચિંતા થાય છે. તું ત્યાં બરાબર છે ને દીકરા?"

"પપ્પા, ચિંતા કરવા જેવુ તો કશુંય નથી. તમારા બધાંની યાદ ખૂબ આવે છે. ભાઈ અહીં બે વર્ષથી એકલો કેવી રીતે રહેતો હશે? હું તો આટલા દિવસમાં જ કંટાળી ગયો છું. અહીં કેટલી એકલતા છે!"

"ભાઈ કેમ છે બેટા?"

"ભાઈ એમ જ છે પપ્પા. ડૉક્ટર કહ્યા કરે છે એ સારી નિશાની છે. પરંતુ મારાથી ભાઈને જોવાતો નથી. ભાઈને દર્દ થતું હોય તો પણ કેમ બોલી શકે? બસ કાચની બહારથી, સફેદ પાટામાં વિંટાળાયેલું એક શરીર છે. હું એ સફેદ શરીરને વારંવાર જોઈને આવું છું."

"બેટા, તું જ કહેતો હતો ને કે ભાઈની કાળજી સારી રખાય છે."

વિકાસભાઈ સમજી ગયા કે અનુજ નિરાશા અનુભવે છે. પોતે પણ અપાર ચિંતામાં છે. શર્વરી અને ઈશા પણ ચિંતા કરે છે. અંશની ધમાલ પણ વધી ગઈ છે. ADHD બાળકને સંભાળવાનું, એની કાળજી લેવાનું કેટલું અઘરું હોય છે. આ ફોન ચાલી રહ્યો છે ત્યારે પણ ઈશા અને શર્વરી અંશને માંડ સંભાળી રહ્યાં છે. એની જીદ એટલે જીદ. અત્યારે સંગીતની જીદ કર્યા કરે છે. બસ એને ગમતી જ સીડી વગાડવાની અને એમાં પણ ગમતું જ ગીત વગાડવાનું. કુટુંબના વડીલ તરીકે વિકાસભાઈએ કુટુંબ પર આવી પડેલી આફતનો સામનો હિંમત, ધૈર્ય રાખી કરવો પડશે. અનુજ પણ ત્યાં એકલો છે. અજાણ્યો પ્રદેશ છે. એ કેટલું કરી શકે? વિકાસભાઈને પિતાજી યાદ આવી ગયા. એમણે અનુજને હિંમત આપવાનું નક્કી કર્યું.

"પપ્પા, કાળજી તો સારી રખાય છે એમાં કોઈ શંકા નથી. ઘરે સૌ કેમ છે? અંશ... પાછળ કાંઈ અવાજો આવે છે ને... અંશની જીદ ચાલી રહી છે?" અનુજને અંશની જીદ ખબર હતી. આખું ઘર માથે લેતો. અત્યારે પણ એવું જ હશે.

“હા, બેટા અંશની જીદ આજકાલ વધી ગઈ છે. શર્વરી અને ઈશા એને સાચવે છે. હમણાં બસ સંગીત સાંભળવું છે, સીડી મુકાવી છે, પણ કયું ગીત સાંભળવું છે તે માટે જીદ કરે છે. ઈશા ગીત બદલી બદલીને...લે... મળી ગયું લાગે છે. ચાલ સાંભળવા માંડ્યો. શાંત થઈને સાંભળે છે. હાશ! છેલ્લા એક કલાકથી મથતા હતા. ચિંતા નહીં કર બેટા, એ શાંત થઈ ગયો છે. લે, મમ્મી સાથે વાત કર, પછી ઈશાને આપું.” વિકાસભાઈએ ફોન શર્વરીબહેનને આપ્યો.

“હલો મમ્મી? કેમ છો તમે? અંશ બહુ પજવે છે? મમ્મી, આ પાછળથી કયું ગીત વાગે છે? અંશ કયા ગીત માટે જીદ કરતો હતો?”

“અરે બેટા, એને નરસિંહ મહેતાનું ભજન સાંભળવું હતું. આપણે ત્યાં રોજ સવારે એની સીડી વાગે અને એ નાનપણથી સાંભળે એટલે એને પણ ગમતી થઈ ગઈ છે.” શર્વરીબહેન બોલ્યાં.

“અચ્છા તું કેમ છે મમ્મી. મને તારી... અરે, ફરી... અંશની ધમાલ...શું....થયું...?” અનુજ ત્યાંની પરિસ્થિતિ સમજી શકતો હતો પણ નિઃસહાય હતો.

“ઈશા.... જો ને આ.....”

“મમ્મી એક મિનિટ. એ શું કરે છે? શું કહેવા માગે છે? ફોન અંશ પાસે લઈ જા. એના કાન પર મૂક. મારો અવાજ સંભળાવ એને....”

“હા, બેટા.” શર્વરીબહેન ફોન અંશ પાસે લઈ ગયાં. અનુજ અંશને બોલાવવા માંડ્યો. બેકગ્રાઉન્ડમાં ભજન એને પણ સંભળાવવા માંડ્યું. એ અંશ સાથે વાત કરવા લાગ્યો.

“અંશ... પપ્પા... બોલું...” અંશે વૉલ્યુમ એકદમ લાઉડ કરી નાખ્યું. અનુજે ફોનમાં ભજન સાંભળ્યું. અંશનું તોફાન એકદમ વધી ગયું. ફોનમાં ભજન, પપ્પા, ઈશા, અંશ બધાના અવાજો એક સામટા સંભળાયા.

“બેટા ફોન મૂકું. પછી વાત કરીએ.” શર્વરીબહેને ઉતાવળમાં કહ્યું. અનુજ ત્યાંની પરિસ્થિતિ સમજતો હતો. અંશ તોફાન કરે ત્યારે એને સંભાળવાનું મુશ્કેલ હોય છે. ફોન મૂકી દીધો. ‘સ્વજન’થી ફરી પાછો દૂર ફેંકાઈ ગયો. ભજનના શબ્દો એના મગજમાં ઘૂમી રહ્યા. નરસિંહ મહેતાનું રોજ ઘરમાં ગૂંજતું ભજન... ‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ...’

અનુજ પણ ભજન ગાવા લાગ્યો. શ્રીહરિને યાદ કરવાની જરૂર હતી. એમના ઘરનું પ્રિય ભજન! નરસિંહ મહેતાના આજ પ્રભાતિયાની સીડી રોજ સવારે ઘરમાં વાગતી હોય.

‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ’... એ ગાતો ગાતો ઘરમાં કામ કરવા માંડ્યો. કપડાં મશીનમાં, વાસણો ડિશવૉશરમાં.... અચાનક થંભી ગયો... કાંઈક ઝબક્યું.

“અખિલ.....બ્રહ્માંડમાં....” શબ્દ છૂટો પાડી પાડીને એ ગાવા લાગ્યો.

‘A.... KIIL.... BAD.... M.... YES. YES, કદાચ ભાઈ એ જ બોલતો હતો. અખિલ એટલે A.... KILL.... બ્રહ્માંડ.... BADM.... હોઈ શકે. ભાઈ એની અર્ધજાગ્રત, અર્ધ-બેભાન અવસ્થામાં બાળપણના સંસ્કારો, હૃદયસ્થ પંક્તિઓ બોલતો હોય એ શક્ય છે! એણે એવા પેશન્ટ્સ હૉસ્પિટલમાં જોયા છે.

એનેસ્થેશિયાના ઘેનમાં હોય, ઘડપણમાં મૃત્યુની નજીક હોય ત્યારે ચેતનાની એ અવસ્થામાં સમય, સ્થળ ભૂલી જવાતાં હોય છે. માનસમાં રહેલી કોઈ વાત કે કોઈ ઘટના અંગે દર્દીઓ ક્યારેક બોલતા હોય છે.

ભાઈ પણ કદાચ અખિલ બ્રહ્માંડમાં... એ ભજન યાદ કરતો હશે. બાળપણનાં સ્મરણો કેટલા શક્તિશાળી હોય છે! સૉફ્ટવૅર કદાચ ગુજરાતીના ખ, હ એવા શબ્દો નહીં પકડી શક્યું હોય, કારણ કે એવા ગુજરાતી શબ્દો અંગ્રેજીમાં પકડવા મુશ્કેલ છે. અનુજની નિરાશા, હતાશા દૂર થઈ ગઈ. એ વ્યર્થ ચિંતા કરતો હતો. કોઈ બેડ M નથી. કોઈ KIIL નથી.

અનુજને જાણે ફરી હિંમત આવી ગઈ. ભાઈનું મગજ ચાલે છે. શરીર નથી ચાલતું તો શું થયું? ભાઈ

મગજથી જીવે છે.... થોડીવાર માટે અનુજ ખુશ થઈ ગયો. જર્મની આવ્યા પછી પહેલીવાર એને સારા સંકેત મળ્યા. એ ડૉક્ટર એડવર્ડને આજે જ મળવા જશે. ડૉક્ટરને કહેશે કે ભાઈનું બ્રેઇન બરાબર ચાલી રહ્યું છે. શરીરના મહત્ત્વના હિસ્સા હૃદય, મગજ, કિડની, લિવર. બાકીનું તો ચાલી જ રહ્યું છે. મગજ પણ...

પછી અટક્યો. એક મિનિટ. એ વાત સાચી કે, ભાઈ કોઈ BAD Mએ અકસ્માત કરાવ્યો એવો સંકેત નહોતા આપી રહ્યો. તે તો આ ભજન યાદ કરી રહ્યો હતો.. 'A KIIL BY BAD M.' એ અનુમાન અનુજનું હતું. પરંતુ ત્યારબાદની ઘટનાઓ, તપાસ, મેક્સને પૂછપરછ કરતી વ્યક્તિઓ એમી અને પીટરનું શંકાભર્યું વર્તન એ બધું કાંઈ અનુમાન ન હતું. અનુજ વિચારે ચઢ્યો. એને થયું કે હજી એ આ ગેરસમજ અંગે કોઈને વાત ન કરે. પોતાની રીતે વધુ તપાસ કરે અને પછી જ નિર્ણય લે.

સાંજ પડી ગઈ હતી. અનુજે એના ઘરનું પ્રિય ભજન ગાવાનું ચાલુ કર્યું. આમ તો એને યાદ હતું પણ વચ્ચે વચ્ચે અટકતો હતો. અનુજ આજે ખુશ થયો. એકલા એકલા ગણગણતા એને ઘર વ્યવસ્થિત કરવા માંડ્યું. ઘરમાં વેક્યુમ ફેરવ્યું. કપડાં વૉશિંગ મશીનમાંથી કાઢી dryerમાં નાખ્યાં. ડિશવૉશરમાંથી વાસણ કાઢી એની જગ્યા પર ગોઠવ્યાં. આજે થયું, રસોઈ બનાવીને ખાઉં. ફ્રીઝમાંથી હતાં એ શાકભાજી કાઢ્યાં અને જાતે ગડમથલ કરી, પુલાવ અને વેજિટેબલ કરી બનાવી. ટેબલ પર ગોઠવી. ગ્લાસમાં ઑરેન્જ જ્યૂસ કાઢ્યું અને એકલો એકલો ટેબલ પર બેઠો. સામે ભાઈ છે જ એમ માનીને ઑરેન્જ જ્યૂસનો ગ્લાસ ઊંચો કર્યો. એકલા એકલા જ હાથ ઊંચો કરી ભાઈ અને અંશ માટે toast કર્યો.

'ભાઈ તારા અને અંશ માટે.' પહેલીવાર અંશની ધમાલ સારી લાગી.

જમીને શાંતિથી સોફા પર બેઠો. આજે તો એણે એક ચૉકલેટ પણ ડિઝર્ટમાં ખાધી. કાલથી ફરી એક નવા જોમ સાથે તપાસ આદરશે. આજે ભાઈને માટે આશા જન્મી હતી. કાલે ડૉક્ટરને મળીને એટલું તો પૂછી જ શકે છે કે જો ભાઈના મગજમાં વિચારો આવતા હોય તો બ્રેન ઍક્ટિવ કહેવાય ને! તો પછી એ 'બ્રેન ડેડ' તો ન જ કહેવાય. ચારેય વાઇટલ ઑર્ગન્સ ચાલતાં હોય તો આશા રાખી શકાય. સારું થતાં વાર લાગે, ખોડખાંપણ રહી જાય પણ જીવી તો શકે જ ને! મેડિકલ સાયન્સ એટલું આગળ વધી ગયું છે કે માણસને જિવાડી તો શકે જ. સોફા પર બેસીને, ચૉકલેટ ખાતાં ખાતાં અનુજ ભાઈનાં સપનાં જોવા લાગ્યો. ભાઈ વ્હીલચેર પર બેઠો હશે. અનુજ એ વ્હીલચેરને 'સ્વજન'ના વરંડા પર લઈ જશે. ત્યાં સરસ મજાનો તડકો હશે. હીંચકા પર મમ્મી-પપ્પા બેઠાં હશે. સામે પોતે, ઈશા અને અંશ બેઠાં હશે. સૌ સરસ મજાની વાતો કરી રહ્યાં હશે..... ભાઈની શોધને કારણે ભાઈને દુનિયા આખીમાં પ્રસિદ્ધિ મળી હશે. સ્ટિફન હોકિંગ્સે એને અભિનંદન આપ્યાં હશે. કદાચ આ વખતનું નોબલ પ્રાઇઝ પણ ભાઈને... એ માટેના અભિનંદનના ફોનની ઘંટડી... અચાનક તંદ્રા તૂટી, સાચે જ ઘરના ફોનની ઘંટડી વાગી. ઘરનો ફોન એટલે 'સ્વજન'માંથી કે ઇન્ડિયામાંથી હોઈ શકે છે. જર્મનીના કોઈને આ નંબરની ખબર નહોતી. એણે ફોન ઊંચક્યો.

"હલો...."

સામેથી અવાજ ન આવ્યો.

"હલો, હું અનુજ... બોલો...." એકાદ બે ક્ષણની શાંતિ પછી અવાજ સંભળાયો. અવાજ ગુજરાતી ન હતો. અવાજ કોઈ સ્ત્રીનો હતો. અનુજ ચમક્યો. ડિસ્પ્લે થતો નંબર જર્મનીનો અને અજાણ હતો. અનુજ સચેત થઈ ગયો. ફોન મૂકવાની તૈયારીમાં હતો ત્યાં જ.....

''હલો. હું એમી બોલું. નામિટેની મિત્ર. આપણે કાલે સવારે ૧૦ વાગે ગાર્ચિંગ વિલેજમાં આવેલા Nature's Gartenમાં મળી શકીએ? અરજન્ટ છે. કોઈને જણાવતો નહીં અને ચોક્કસ જ મળજે.''

["Hello. This is Amy. Nametee's friend. Can we meet tomorrow at 10 a.m., at Nature's Garten in Garching village? It's urgent. Don't tell anybody. Bye. Do meet me for sure."]

ફોન મુકાઈ ગયો. અનુજ હજી રીસીવર પકડીને ત્યાં જ ઊભો હતો.

યુરોપના હવામાનની જેમ પળભરમાં જ વાતાવરણ બદલાઈ ગયું. એમીનો ફોન! એમી પાસે ઘરનો ફોન નંબર હતો? ભાઈએ આ ઘરનો નંબર ખૂબ નિકટના લોકોને જ આપ્યો હતો. એમી અને પીટર બંને નિમિત્તનાં મિત્રો છે એવું એ જાણતો હતો. પરંતુ બંનેનું વર્તન એવું ન હતું. એ લોકો જાણે અનુજને ટાળતાં હતાં. એમીની આંખો અને ચહેરો તો ઘણું કહી દેતો હતો. એમીએ ઘરે ફોન કેમ કર્યો હશે?. એમીએ અનુજને શાને માટે મળવું હશે? એમી પાસે કોઈ માહિતી હશે? ફક્ત એમી જ મળશે કે પીટર પણ સાથે હશે? બંને અનુજને મદદ કરવા માગતાં હશે? એ લોકો નિમિત્ત અને મારી સાઇડ પર છે કે 'એ લોકોની' સાઇડ પર? 'એ લોકો' કોણ છે? અનુજ સતર્ક થઈ ગયો. Restless થઈને રૂમમાં ચાલવા લાગ્યો. એમીને શું કહેવું હશે? અનુજનો મૂડ બદલાઈ ગયો. કાલે સવારે દસ વાગે ગાર્ચિંગ વિલેજ પહોંચવાનું હોય તો સવારે નવ વાગે નીકળવું પડશે. પછીનો પ્રોગ્રામ એમી કહે તેના પર જ છે. અનુજે પણ એમી સાથે વાત કરવી હતી. અહીં જર્મનીમાં ભાઈ અંગેની માહિતી એમી આપી શકે તેમ હતી. એ એમીનો નંબર લઈને સંપર્ક કરવાનો જ હતો. હવે એમીનો સામેથી ફોન આવ્યો. એણે મોબાઇલ પર કેમ નહીં કર્યો? મનમાં અને મનમાં એમી શું કહેશે અને પોતે એમીને શું શું પૂછશે એનો વિચાર કરતો સૂઈ ગયો. વચ્ચે એકવાર ઝબકીને જાગી ગયો. કશુંક સપનું આવતું હતું પણ આંખ ખૂલી ગઈ એટલે સપનું વિખરાઈ ગયું. ફરી પાછો સૂઈ ગયો. હવે સવારે વાત!



દરવાજાની પેલે પાર...

એક લાંબી પરસાળ છે. ઝાંખો પ્રકાશ છે પણ બધું જ સ્પષ્ટ દેખાય છે. એ ચાલી રહ્યો છે. દૂરને છેડે એક મોટો દરવાજો દેખાય છે. કેટલું પણ ચાલવા છતાં દરવાજો નજીક આવતો નથી. એ ઝડપ વધારે છે તો પણ દરવાજાનું અંતર ઘટતું નથી. એ ચાલે છે, ચાલતો રહે છે. ઝડપ વધારે છે, હજી વધારે છે પણ દોડી શકાતું નથી. નીચે આધાર છે પણ જમીન દેખાતી નથી. દીવાલ પર પથ્થર જડેલા હોય તેમ લાગે છે. બધું જ સાચું કે આભાસી તે ખબર પડતી નથી. દીવાલ નજીક લાગે છે પણ છે નહીં. અડવા જઈએ તો એટલી જ દૂર લાગે છે. આ કેવી જગ્યા છે? પેલા દરવાજાની પાર શું છે? એણે ઓરડામાં કેમ જવું છે? સવાલો અનેક છે પણ જવાબો નથી. એને તો એટલી જ ખબર છે પેલો દરવાજો ખોલવો છે. દરવાજાની પેલે પાર શું છે તે જાણવું જ છે!

કેટલું પણ ચાલે છે તો પણ દરવાજો એટલે જ દૂર છે! તો શું થયું? એ તો ચાલતો જ રહેશે. પણ એ એકલો જ કેમ છે? બીજું કોઈ આજુબાજુ કેમ નથી. આ પરસાળ નવી તો લાગતી જ નથી.

અહીં પહેલા કોઈ ચાલ્યું હશે? એને કેવા અનુભવ થયા હશે? પૂછવું હોય તો કોને પૂછવાનું. અહીંનો પ્રકાશ કાંઈ અલગ નથી? આવો પ્રકાશ પહેલાં જોયો છે? આ જગ્યા પહેલાં જોઈ છે? પહેલાં પણ એ આવી રીતે ચાલ્યો છે. દરવાજો બંધ કેમ છે? નજીક ચાલીને પાસે જઈશ, પછી પણ દરવાજો ખૂલી શકે ખરો? એ દરવાજાની આ તરફ છે કે પેલી તરફ. દરવાજો ખૂલશે પછી કાંઈ દેખાશે કે બીજી આવી પરસાળ જ મળશે! વિચાર બંધ કરો! ફક્ત ચાલો! હજી ચાલો... હજી... ચાલો... દરવાજો... ચાલો... હું ચાલીશ... દરવાજો ખોલીશ... હું... એકલો... ચાલીશ...



મિ. ક્લર્કની બિઝનેસ ટૂર

ડૉ. હર્બર્ટ સાથે ડિનર લઈને મિ. ક્લર્ક હોટલમાંથી બહાર નીકળ્યા. તરત જ એમની ગાડી પગથિયાં પાસે આવી. ડ્રાઇવરે દરવાજો ખોલ્યો, મિ. ક્લર્ક ગાડીમાં બેઠા અને ગાડી રસ્તા પર ચાલવા લાગી. મિ. ક્લર્ક ઊંડા વિચારમાં પડી ગયા. આજે એમનો દિવસ એમની ઇચ્છા મુજબ ગયો નહીં. એક મહિનાની ટૂર પર જતાં પહેલા એમણે આજે નિમિત્ત અને ડૉ. હર્બર્ટ સાથેનો કૉન્ટ્રાક્ટ સાઇન કરવાનું નક્કી કર્યું હતું. સવારે કેટે જ્યારે ઇન્ટરકોમ પર મિ. હર્બર્ટનો ફોન ટ્રાન્સફર કર્યો ત્યારથી જ એમના ચપળ મને વિચારી લીધું કે કશીક ગરબડ છે. એમણે તરત જ સાંજે ડિનર માટે હા પાડી દીધી. ડૉ. હર્બર્ટની વાત સાંભળીને થયું કે જીવનમાં એમનો 'હન્ચ' (શક) ક્યારેય ખોટો પડતો નથી. નિમિત્તમાં એમણે જે સ્પાર્ક જોયો તે બહુ ઓછા વિજ્ઞાનીઓમાં જોવા મળતો. ડૉ. હર્બર્ટનો આભાર કે એમને પણ નિમિત્તમાં રસ પડ્યો અને તે દિવસે લેક્ચર પછી નિમિત્તને પણ ડિનર માટે લઈ આવ્યા. આવી અનાયાસ બનતી ઘટના અને તેમાં રહેલી સંભાવના પારખવી એ મિ ક્લર્કની સફળતાનું રહસ્ય હતું. એક સામાન્ય મિડલ ક્લાસમાંથી આટલી ટોચ પર પહોંચવામાં આ ગુણ જ એમને કામ લાગ્યો હતો.

નિમિત્ત અને ડૉ. હર્બર્ટ જો ભેગા કામ કરે અને તેમની શોધ મિ. ક્લર્કને મળી જાય તો મિ. ક્લર્ક ટોચ પર પહોંચી જાય અને વર્ષો સુધી ટોચ પર ટકી પણ જાય. વિશ્વભરમાં ફેલાયેલો એમનો કારોબાર પ્રૉબ્લેમ ફેસ કરી રહ્યો હતો. ગવર્નમેન્ટ્સ, પોલિટિક્સ, પ્રદૂષણ – ઘણા વૈશ્વિક પ્રવાહો એમને નડી રહ્યા હતા. હમણા તો બધું ઠીક હતું. પરંતુ આવતાં પાંચ વર્ષમાં એમનો વિકાસનો ગ્રાફ નીચે જવાનો હતો. જો આજે કૉન્ટ્રાક્ટ સાઇન થઈ જતે, તો એમની ચિંતા ટળે તેમ હતી. નિમિત્તની શોધ પતવાની અણીએ જ હતી.
ડૉ. હર્બર્ટની સાથે મળીને શોધ કરત, તો બંનેની શોધનો લાભ લઈને ટૅક્નૉલૉજી વિકસાવીને જે ફાયદો મળત તેનો એ બંનેને અંદાજ પણ નહીં આવતો હોય. નિમિત્ત અને ડૉ. હર્બર્ટને પણ એનો યથાયોગ્ય ફાયદો મળતે જ. મિ. ક્લર્ક believed in fair deal.

નિમિત્તે કેમ ના પાડી હશે તેનું કારણ એ સમજી શક્યા નહીં. ના પાડવાનું કોઈ કારણ તો ચોક્કસ હશે. મિ. ક્લર્કને ડર એ હતો કે કદાચ નિમિત્ત એની શોધ એમના પ્રતિસ્પર્ધીને વેચી ન દે. નિમિત્ત અંગે જાણકારી મેળવવી પડશે. ડૉ. હર્બર્ટ સાથે કૉન્ટ્રાક્ટ કરતાં પહેલાં એમણે ' The Agency'ને સોંપીને ડૉ. હર્બર્ટ અંગે બધી જાણકારી મેળવી લીધી હતી.

રાતના દસ વાગી ગયા હતા. હવે કાલે વાત. કાલની ટોપ પ્રાયોરિટીના લિસ્ટમાં એમણે નિમિત્તને મૂકી દીધો. શોફરે ગાડી ગેટ પાસે ઊભી રાખી રિમોટ દબાવ્યું. કમ્પાઉન્ડનો ગેટ ખૂલી ગયો અને એક વિશાળ બંગલાના વિશાળ પ્રાંગણમાં ગાડીએ પ્રવેશ કર્યો. દરવાજા પાસે ગાડી ઊભી રહી એટલે ડ્રાઇવરે ઊતરીને ગાડીનો દરવાજો ખોલ્યો. મિ. ક્લર્ક બહાર નીકળ્યા અને ઘરમાં પ્રવેશ કર્યો. ઘરનો દરવાજો બંધ થયો.

વહેલી સવારે એ જ દરવાજો ખૂલ્યો. મિ. ક્લર્ક બહાર નીકળ્યા. ગાડીનો દરવાજો ડ્રાઇવરે ફરી ખોલ્યો અને ગાડી રસ્તા પર ઍરપૉર્ટ તરફ ચાલી નીકળી. રસ્તામાંથી મિ. ક્લર્કે કેટને ફોન જોડ્યો. કેટ એમની વર્ષો જૂની, વિશ્વાસુ સેક્રેટરી. કેટ unwed mother હતી. યુવાનીની ભૂલ! એની ઉંમર તો ચોવીસ વર્ષની જ હતી, પરંતુ એને ચાર વર્ષનું બાળક હતું. કેટની કામ કરવાની નિષ્ઠા ગજબની હતી. કામ સોંપ્યું એટલે પત્યું! કેટની ધગશ પણ એમણે પારખી લીધી હતી. ખૂબ સારો પગાર અને બાળકની સમગ્ર જવાબદારી મિ. ક્લર્કે ઉપાડી

લીધી હતી. કેટ એમને ઍરપૉર્ટ પર મળવાની જ હતી. જતાં પહેલાં અગત્યના કામ મિ. ક્લર્ક એમીને સોંપીને જવા માગતા હતા. ઍરપૉર્ટ આવી ગયું. એમનું પ્રાઇવેટ પ્લેન તૈયાર જ હતું.

''ગુડ મૉર્નિંગ સર.'' ["Good morning, sir."] કેટ રાહ જોઈને ઊભી હતી.

''ગુડ મોર્નિંગ કેટ. ટૂર પર જતાં પહેલાં અગત્યનાં કામો સોંપવાનાં હતાં.'' ["Good morning Kate. I wanted to discuss certain matter before I leave."]

"Yes, sir...."

મિ. ક્લર્કે નિમિત્ત અંગેની જાણકારી મેળવવાનું, એની બધી જ પ્રવૃત્તિ પર ધ્યાન રાખવાનું કામ કેટને સોંપી દીધું. જેવો નિમિત્ત ઉપરનો રિપોર્ટ આવે કે તરત જ એમને inform કરવાનું હતું. ' ધી એજન્સી' સાથે વાત મિ. ક્લર્ક કરી લેશે પણ રોજબરોજનું હૅન્ડલિંગ કેટ કરશે.

''કામ થઈ જશે કે તરત તમને રિપોર્ટ કરીશ સર. શુભયાત્રા સર.'' ["It will be done sir. I will report to you as soon as I get it. Have a safe journey sir."]

મિ. ક્લર્ક પ્લેનમાં જવા માટે નીકળી ગયા. કેટ ઍરપૉર્ટની બહાર નીકળી. ગાડીમાં બેસીને એણે ઘરે ફોન જોડ્યો. એના દીકરા જોશુઆને સ્કૂલ જવા માટે ઉઠાડવાનો હતો.



એમી અને અનુજ મળ્યાં

સ વારનું ખુશનુમા વાતાવરણ હતું. થોડું ધુમ્મસ હતું. ધુમ્મસની પેલે પારથી પણ સૂરજનાં કિરણો ધરતી પર આવી રહ્યાં હતાં. મનમાં ચાલી રહેલી ગડમથલનું ધુમ્મસ વટાવીને પણ જ્ઞાનનાં, સમજણનાં કિરણો જીવનમાં પ્રકાશ લાવશે?

અનુજ આજની મુલાકાત માટે તૈયાર થઈ ગયો. આજની મુલાકાત કદાચ નવી આશા આપે અથવા તો નવી ચિંતા પણ આપે. રાતે એમીના ફોન પછી અનુજનું મગજ શાંત પડ્યું ન હતું. એમી મળે પછી જ એની ચિંતા દૂર થવાની હતી. જર્મનીમાં ગાડી ચલાવવાની ફાવટ અનુજને આવી ગઈ હતી. અમુક રસ્તાઓ જાણીતા થઈ ગયા હતા. રસ્તા પર આવતી નિશાનીઓ પણ જાણીતી થઈ ગઈ હતી. જીપીએસને કારણે ખોવાઈ જવાનો ડર ન હતો. જ્યાં પણ હોય ત્યાંથી GPSના સ્ક્રીન પર ફક્ત ઘર ઉપર ટચ કરે એટલે ઘરનો રસ્તો બતાવવાનું ‘કાકી’ ચાલુ કરે. કાકીનો પરિચિત અવાજ હવે તેને પોતીકો લાગવા માંડ્યો હતો. ગાર્ચિંગ વિલેજની sign આવી એટલે એણે ટર્ન લીધો. ગાડી પાર્ક કરી. આજુબાજુ નજર કરી અને ‘Nature Garten’ દુકાનમાં પ્રવેશ કર્યો. મેક્સ કાઉન્ટર પાસે જ ઊભો હતો.

‘‘હાય મેક્સ!’’ [“Hi Max!”]

‘‘હાય અનુઝી, ગુડ ટુ સી યુ.’’ [“Hi Anuzee. Good to see you.”] મેક્સે હાથ ઊંચો કર્યો. અનુજે પણ હાથ ઊંચો કરીને અભિવાદન કર્યું. મેક્સ કાઉન્ટર પર બીજી હતો. અહીંના લોકો વધારે પડતી ઉત્સુકતા બતાવતા નથી એ વાત અનુજને ગમતી હતી. ‘ક્યાં જાવ છો?’ ‘કેમ જાવ છો?’ ‘આમ કેમ નથી જતા?’ ‘ફલાણા તો તેમ જ જાય’ – એવી બધી પળોજણમાં આ લોકો પડતાં જ નથી. સ્મિત, અભિવાદન અને પોતાનું કામ. અનુજને મેક્સ પર પૂરેપૂરો વિશ્વાસ હતો, પરંતુ આ તબક્કે એણે કોઈને જણાવવું ન હતું. ઘડિયાળમાં જોયું તો બરાબર દસ વાગ્યા હતા. હવે ગમે ત્યારે......ત્યાં જ એક યુવતી પ્રવેશદ્વાર પર દેખાઈ. બ્લેક કલરનું વનપીસ પહેર્યું હતું. આંખ પર મોટા ગોગલ્સ હતાં અને માથા પર સ્કાર્ફ ઓઢેલો હતો. ચહેરો પૂરેપૂરો દેખાતો ન હતો. ચહેરો પૂરેપૂરો ન દેખાય એ જ આશય હતો. અનુજે એને ઓળખી લીધી. એ એમી જ હતી. એમીએ અનુજને ઇશારો કર્યો અને દુકાનની બહાર નીકળી ગઈ. અનુજ એમી પાછળ બહાર નીકળ્યો. એમી પ્રવેશદ્વારની એકદમ બાજુ પર જ ઊભી હતી. અનુજને જોઈને હળવેથી ‘follow me’ બોલી અને ચાલવા માંડી. અનુજ ઇશારો સમજી ગયો અને થોડું અંતર રાખીને પાછળ પાછળ ચાલવા લાગ્યો. એકાદ બ્લોક ચાલીને એણે ટર્ન લીધો અને ‘La Pagola’ કરીને એક ઈટાલિયન રેસ્ટોરાં હતી, તેમાં અંદર જતી રહી. અનુજે પણ પાછળ પાછળ એમાં પ્રવેશ કર્યો. ખૂણાના એક ટેબલ પર એ બેઠી હતી. અનુજ પણ એ ટેબલ પર જઈને બેઠો. એમીએ ગોગલ્સ કાઢ્યાં અને સ્કાર્ફ નીચે કર્યું. હવે એનો ચહેરો બરાબર દેખાયો. એમીની આંખમાં ભય, ચિંતા અને અવઢવ સાફ દેખાતો હતો.

‘‘હાય! આવવા બદલ આભાર.’’ [“Hi! Thanks for coming.”] એમીએ વાત શરૂ કરીઃ

‘‘હાય! તેં મને બોલાવ્યો.’’ [“Hi, Yaah. You called me.”] અનુજને લાગ્યું કે પહેલા એમીને વાત કરવા દેવી અને પછી પ્રશ્નો પૂછવા. માહિતી જાણવા એ જ સારો રસ્તો છે.

‘‘હા મારે તારી સાથે તે દિવસથી વાત કરવી હતી. નામિટે મારો ખાસ મિત્ર છે. તેના અકસ્માત માટે મને ખેદ પણ છે અને જવાબદારી...’’ [“Yes. I wanted to talk to you since that day. Nametee is a very dear friend. I feel sorry for him...and...responsible too....”] એમીએ ખચકાટ સાથે કહ્યું.

‘‘જવાબદારી? એ તો અકસ્માત હતો.’’ [“Responsible? It was an accident.”] અનુજે વિચારીને શબ્દો ગોઠવતા કહ્યું. અકસ્માત અંગેનો પોતાના મનનો સંશય એણે એમીને જણાવવા દીધો નહીં.
‘‘હા. એ અકસ્માત જ હતો.’’ [“Yahh. It was an accident.”] accident શબ્દ પર એમીએ મૂકેલો ભાર અનુજના ધ્યાનની બહાર ન ગયો. ત્યાં જ વેઇટર ઑર્ડર લેવા આવ્યો. સમય મળે અને સહજ લાગે એ ખાતર બંને એ પાસ્તાનો ઑર્ડર આપી દીધો.
‘‘નામિટે તારી અને ફેમિલી અંગે ઘણી વાતો કરતો. તમને બધાને ખૂબ યાદ પણ કરતો. તને આ પહેલાં મળી નથી તો પણ તમે સૌ મારા પરિચિત હોય એવું લાગે છે!’’ [“Nametee often talked about you and your family members. He used to miss you people a lot. Meeting you is like meeting a person for the first time but knowing a lot about him.”] એમીએ સ્મિત કર્યું. અનુજ થોડો હળવો થયો. એમીનું સહજ સ્મિત અને પારદર્શક ચહેરો. એમીનું ભાઈએ કરેલું વર્ણન એને યાદ આવ્યું. સાવ સાચું હતું.
‘‘વૅલ તારું અને પીટરનું નામ પણ અમારા સૌ માટે પરિચિત છે. નિમિત્ત તમારી મિત્રતાની વાતો કરતો ત્યારે તમારા માટેનો ભાવ હું જોઈ શકતો.’’ [“Well. You and Peter are a familiar name in my family too. He used to appreciate your friendship a lot.”]
‘‘એટલા માટે તો હું અહીંયાં આવી છું.’’ [“That is why I am here.”] એણે અવાજ ધીમો કરીને કહ્યું. આજુબાજુ નજર ફેરવીને ફરી અનુજ તરફ જોયું.
“I see.” અનુજે સમગ્ર ધ્યાન હવે એમી પર હતું.
‘‘હું નામિટેને મળી તે એક અકસ્માત જ હતો. અમારી મિત્રતા પણ એક અકસ્માત જ હતો. હું એ બંનેને ડૉ. હર્બર્ટના પ્રવચનમાં લઈ ગઈ તે પણ એક અકસ્માત જ હતો. પરંતુ ત્યારબાદ જે બન્યું અથવા તો બની રહ્યું છે તેની મને કશી ખબર નથી. અમે તેમાં ભાગીદાર નથી. અમે તે લોકોની સાથે પણ નથી.’’ [“It was an accident that I met Nametee. It was an accident that we became friends. It was an accident that I took him to the lecture and he met Dr. Herbert. But after that whatever happened or is happning, I do not know. I do not understand. We are not part of it. We don’t know anything at all. We are not with them.”]

‘‘તે લોકો? કોણ?’’ [“Them? Who?”] અનુજના મનમાં એકસામટા પ્રશ્નો ઊમટ્યા. એણે એમી સામે જોયું. એમીની આંખોમાં ભય સાફ દેખાતો હતો. એમીની નજર વારંવાર બહાર તરફ જતી હતી. કાચની પેલે પાર લોકોની અવરજવર તે સતત જોયા કરતી હતી. એમી થોડીવાર ચૂપ થઈ ગઈ. ત્યાં જ વેઇટર ઑર્ડર લઈને આવ્યો. બંનેની સામે ડિશ મૂકી અને જતો રહ્યો. એમીએ એને પણ શંકા ભરી નજરે જોયો તે અનુજે જોઈ લીધું. આટલો બધો ભય કોનો હશે? ‘એ લોકો’ કોણ છે? આખી વાત શું છે?
‘‘એમી શાંત થઈને મને જણાવ કે કોણ અને શું તને પજવી રહ્યું છે. તારો મિત્ર પીટર, તેને આવી કશીક ખબર છે? તે તારી સાથે છે?’’ [“Amy. Please relax. Tell me what and who is bothering you. Your friend, Peter. Does he know? Is he with you?”]
‘‘ના. પીટરને નથી ખબર. તેને કેવી રીતે ખબર પડે? તું આ ગાર્ચિંગ વિલેજથી માહિતગાર હશે એમ ધારીને તને અહીં બોલાવ્યો.’’ [“No. Peter does not know. How can he? I called you here, in Garching village because you may be familier with this place.”]
‘‘બરાબર. હવે મને જણાવ કે મામલો શું છે?’’ [“O.K. fine. Now tell me exactly what is your concern?”]

''મને લાગે છે કે તે દિવસે પ્રવચન પછી બધી શરૂઆત થઈ હશે.'' ["I think it all must have started with the lecture."]

''કયું પ્રવચન?'' ["Which lecture?"] એમીની પાસેથી વાત સમજવી ખૂબ જરૂરી હતી.

''ડૉ. હર્બર્ટ કરીને એક જીવ વિજ્ઞાની છે. મને તેમના સંશોધનમાં રસ છે એટલે હું, પીટર અને નમિટેને મારી સાથે પ્રવચન સાંભળવા લઈ ગઈ.'' ["I, Peter and Nametee went to attend the lecture of Dr. Herbert. He is a biologist and I am very much interested in his work. So I took the initiative to invite them both."]

''મારા ભાઈને જીવવિજ્ઞાનમાં બિલકુલ રસ નથી.'' ["My brother is not interested in biology."] અનુજે તરત જ કહ્યું.

''જાણું છું. ડૉ. હર્બર્ટ જીવવિજ્ઞાનના ક્ષેત્રે ફિલ્ડ થિઅરીની વાત કરવાના હતા. ફિલ્ડ થિઅરી ભૌતિક શાસ્ત્રમાં પણ આવે છે એટલે એ બંને વચ્ચેના સેતુ અંગે પ્રવચન હતું તેમાં પીટર અને નામિટેને રસ પડ્યો.'' ["I know, but Dr. Herbert is talking about a biological field theory and that interested Peter and Nametee. They also have field theory in Physics. There was a talk about the how the two theories are connected."]

"O.K. Then?" અનુજને લેક્ચર અને accident વચ્ચે કોઈ ખાસ મેળ ન પડ્યો. એમીના કહેવા મુજબ પ્રવચન રસપ્રદ હતુ. બંનેને ગમ્યું અને એમી ડૉ. હર્બર્ટને જાણતી હોવાથી પ્રવચન પછી એ બંનેની ઓળખાણ કરાવી. નામિટેના પ્રશ્નોથી ડૉ. હર્બર્ટ પ્રભાવિત થયા હતા. તેમણે ઘણી વાતો કરી, એકબીજાના મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી લીધા. અનુજને હજી સમજ પડી નહીં કે આ વાતનો એક્સિડન્ટ સાથે શું સંબંધ છે. પણ કાંઈક તો હશે જ નહીં તો એમી સામે નહીં બેઠી હોત.

''વારું. ડૉ. હર્બર્ટ અને નિમિત્ત એકબીજાના સંપર્કમાં હતા. પછી?'' ["O.K. So, Nimitt was in touch with Dr. Herbert. Then?"]

''હા. બસ હું પણ તારા જેવું જ સમજતી હતી. મને હમણાં સુધી ખબર નહીં કે પીટર પણ ડૉ. હર્બર્ટના સંપર્કમાં હતો. હું તો મારા સંશોધનના કારણે એમની સાથે પહેલેથી જ સંપર્કમાં હતી. ડૉ. હર્બર્ટે ક્યારેય મને પીટર કે નામિટે સાથે સંપર્કમાં છે એવું જણાવ્યું નહીં.'' ["Yes. That is exactly how I understood the situation. I did not know till recently, that Peter was also in touch with him. I was independently in touch with Dr. Herbert for my own research work. He never mentioned anything about being in contact Nametee or Peter."]

અનુજ પૂરા ધ્યાનથી સાંભળી રહ્યો હતો. કોઈ મહત્ત્વની કડી હતી જે હજી મળી રહી નહોતી. નિમિત્ત, પીટર, એમી અને ડૉ. હર્બર્ટને જોડતી કોઈ કડી હતી, એટલી જ એમીને ખબર હતી.

''થોડા દિવસ પહેલાં પીટરને ધમકીભર્યો ફોન આવ્યો. પીટરે મચક આપી નહીં. તે લોકો શક્તિશાળી લાગી રહ્યા હતા. તેમણે ડૉ. હર્બર્ટનું પણ નામ લીધું. ફોન પછી પીટર ગભરાયેલો હતો તે વખતે તેણે મને તે અંગે વાત કરી. પીટર ન્હોતો જાણતો કે નામિટે પણ તેમના સંપર્કમાં છે અને કદાચ નામિટે પણ ન્હોતો જાણતો કે પીટર સંપર્કમાં છે.'' ["Just few days before, Peter got a threatening call from somebody. Peter did not give in. They seemed to be powerful people. They mentioned Dr. Herbert too. Peter seemed to be very nervous about the call. That was the time when he told me that he was in touch with Dr. Herbert independently. Peter did not know that Nametee was also in touch and Nametee also may not know Peter was in

touch."]
''ડૉ. હર્બર્ટ પીટર કે નિમિત્ત માટે જોખમકારક કેવી રીતે હોઈ શકે? એ તો જીવવિજ્ઞાની છે. એમનું કાર્યક્ષેત્ર અલગ છે. કોઈ હરીફાઈ નથી.'' ["Why would Dr. Herbert be a threat to Nimitt and Peter. I mean he is a biologist, their area of research own don't match. There is no competition."]
''કારણ તો હું પણ સમજી શકતી નથી. આ લોકો ખતરનાક છે. કદાચ પીટર અને નામિટેની જાણ બહાર તેઓ બંનેને એકબીજાની સામે વાપરી રહ્યા હોય. તે વખતે મને ખ્યાલ ન આવ્યો પણ હવે યાદ આવે છે કે કૉન્ફરન્સના દિવસો પહેલા બંને તણાવમાં હતા. અમારું મળવાનું પણ નહીંવત્ થઈ ગયેલું. મને લાગ્યું કે સંશોધનના કામને કારણે હશે પણ હવે લાગે છે કે કોઈ બીજુ કારણ હોઈ શકે છે.'' ["Even I don't understand that. But these people are dangerous. They may be using Peter and Nametee against each other, without them knowing it. I now recollect just before Nametee's conference they both were tense. The relationship between us was cold. We hardly met each other. I thought it was because of the work but looking back. I think may be there was another reason."]
''આ બધી વાતો અત્યારે કહેવાનો શો મતલબ? હવે શું?'' ["What now? Why do you need to tell me now?"] અનુજે થોડા કટાક્ષમાં કહ્યું.
''તને સાવચેત રહેવા માટે કહું છું. નામિટે, પીટર, તારી અને મારી જિંદગી જોખમમાં છે. આ લોકો ખતરનાક છે.'' ["I want you to be cautious. Your life, Nametee's life, my life, Peter's life all of us are in danger. These people seem to be dangerous."] એમીએ અનુજના કટાક્ષની નોંધ પણ લીધી ન હતી. એની આંખમાં ડોકાતો ભય સાચો હતો.

''કેમ?'' ["But why?"]
''કદાચ નામિટે પાસેથી તેમને કાંઈ મેળવવું હોય. કદાચ નામિટેનું સંશોધન એમને માટે જોખમકારક હોય. મને કારણ કેમ ખબર પડે? હું વિજ્ઞાની છું, જાસૂસ નહીં. નામિટે મારો ખાસ મિત્ર છે. તું એનો નાનો ભાઈ છે. તું અહીંના લોકો, પરિસ્થિતિથી તદ્દન અજાણ છે. તને સાવચેત કરવો મારી ફરજ છે.'' ["May be Nametee had something they wanted. May be Nametee's research was dangerous for them. How would I know Anuzee. I am a biologist not a detective. I don't come across such situation everyday. Nametee is a dear friend. You are his younger brother. You don't know anything, anybody over here. It is my duty to caution you."] એમીની આંખમાં આંસુ ઉભરાયાં. અનુજને એમાં સાચી લાગણી દેખાઈ.
''હવે આપણે શું કરીએ. પોલીસને જાણ કરીએ. ડૉક્ટરને કે પછી સંસ્થાના ડિરેક્ટરને?'' ["What do I do now? Do we inform the police, the doctor, the director?"] અનુજને જાણવું હતું કે કોણ લોકો સંડોવાયેલા છે.
''ના. આપણને કોણ કોણ અને કોની સાથે સંડોવાયેલાં છે તે અંગે કોઈ જાણ નથી. આ સંશોધનો મોટી કેક જેવા છે. દરેકને આ મોટી કેકનો હિસ્સો કે પછી આખી કેક જોઈએ છે. વિજ્ઞાનીઓની દુનિયા એમના સંશોધન જેટલી જ જટિલ હોય છે.'' ["I don't think so. We don't know who is involved and with whom. These research are like big pies. Everybody wants all of it. The world of scientists is as complicated as the topics they research about."]

''તેં મને આજે જ કેમ કહ્યું. આ પહેલાં આટલા દિવસોથી કેમ નહીં કહ્યું?'' ["Why did you not call me earlier? I mean why today and not before."] એમીની આંખમાં ફરી ભય દેખાયો. એના હાથમાંથી ફોર્ક પડી ગયો. હાથ થોડા ધ્રૂજવા લાગ્યા.

''મેં તને ગઈકાલે રાત્રે ફોન કર્યો.'' ["I called you yesterday."]

''હા, પણ હું એમ પૂછું છું કે એ પહેલાં...'' ["Yes, but I am asking..."]

''પીટર ગઈકાલથી લાપતા છે.'' ["Peter is missing since yesterday"] એમીએ અનુજની સામે જોઈને કહ્યું. હવે અનુજ બરાબર સજાગ થઈ ગયો. એમીનો ભય, એમીની આશંકા, બધું જ અનુજને સમજાઈ ગયું. એનું મોઢું પહોળું થઈ ગયું.

''શું કહે છે! આ તો ખતરનાક છે. તને ખાતરી છે કે પીટર લાપતા છે? તેં બરાબર તપાસ કરી છે? તને ખાતરી...?'' ["Oh my God! It is dangerous. Are you sure about this? Have you confirmed...?"]

''તને લાગે છે કે પૂરેપૂરી ખાતરી કર્યા વગર મેં તને ફોન કર્યો હશે?'' ["You think I would not have confirmed before I called you?"]

''પીટર તેના આગલે દિવસથી સવારથી ગાયબ છે. મને એમ કે કામને કારણે સંપર્ક નથી. તપાસ કરતાં ખબર પડી કે ઇન્સ્ટિટ્યૂટમાં પણ નથી અને ઘરે પણ નથી. મારા મેસેજનો જવાબ પણ ન્હોતો આપતો. મારો ફોન પણ ઊંચકતો ન હતો. ગઈકાલે બપોરે અજાણ્યા નંબર પરથી અજાણી વ્યક્તિનો ફોન આવ્યો, કર્કશ અવાજ ધરાવતી સ્ત્રીનો અવાજ હતો.'' [He is missing since the previous morning. I thought may be he was working. Since then he is no where. Not at the institute not at his home. He is not picking up the cell. He is not replying to my text. Then yesterday afternoon I got a call from an unknown number, a lady with shrill voice.'']

''તેણે ધમકીભર્યા સ્વરે કહ્યુ કે મારે ચૂપ રહેવું. પીટરના ગાયબ થવા અંગે કોઈને જણાવવું નહીં.'' [''She asked me to keep quite. Stop any search for Peter and don't you tell anybody."]

હવે અનુજની આંખમાં પણ ભય દેખાયો. વેઇટર ડિશ લેવા આવ્યો તો એમી સાથે એ પણ ચમકી ગયો. વેઇટર ગયો. ત્યાં સુધી બંને ચૂપચાપ બેસી રહ્યાં. જેવો ગયો કે તરત જ અનુજે કહ્યું:

''એમી મને કહીને, અહીં બોલાવીને તેં મોટું જોખમ ઉપાડી લીધું છે. હવે તું શું કરશે? તારી જાતને કેવી રીતે બચાવશે? હું મદદ કરી શકું?'' ["Amy. You have taken a big risk for your life by calling me here. How will you protect yourself now? How can I help you?"] એમી ભાઈ સાથેની દોસ્તી નિભાવવા જાનનું જોખમ લઈને આવી હતી. અનુજને એના પર શંકા કરવા બદલ પસ્તાવો થયો.

''મને મદદની જરૂર નથી. મને ખબર નથી કે હું ક્યાં જઈશ અને શું કરીશ. મેં આ નામિટે માટે કર્યું, તું સચેત રહેજે. તારી અને નામિટેની કાળજી લેજે. નામિટેની મિત્રતા માટે આટલું કરવું મારી ફરજ છે.'' [''I don't want your help. You can not help me. I did this for Nametee. I don't know what will happen to me or where will I go. But you be alert. Take care of yourself and Nametee."]

અચાનક એમીની નજર બહારના કાચ પર પડી. બહાર કોઈ માણસ દેખાયો. એમીએ તરત જ ગોગલ્સ પહેરી લીધા. સ્કાર્ફ ઓઢી લીધો અને આંખથી અનુજને ઇશારો કરી ઊભી થઈ ચાલી નીકળી. અનુજ થોડીવાર બેઠો. બિલ પે કર્યું. કોઈ માણસ દેખાયો નહીં છતાં પણ એ નજર આમતેમ ફેરવતો નીકળી ગયો.

અનુજને પોતાની ચિંતા થઈ, પણ નિમિત્તની વધારે ચિંતા થઈ. ભાઈને જોવા હૉસ્પિટલ જવું પડશે. એણે ગાડી હૉસ્પિટલ તરફ મારી મૂકી.

બીજી એક ગ્રે ગાડી પણ સલામત અંતર રાખીને પાછળ ચાલવા લાગી. ડ્રાઇવરની સીટની બાજુમાં બેઠેલી વ્યક્તિએ ફોન લગાવ્યો અને ગાડી, અનુજની ગાડીને ફોલો કરવા લાગી.



મિ. ક્લર્કના મનસૂબા

મિ. ક્લર્ક એમના પ્રાઇવેટ પ્લેનમાં બેસી ગયા. પ્લેને ટેકઑફ કર્યું. તેઓ લૉન્જમાં બારી પાસે બેઠા બહાર જોતા હતા. ઍટેન્ડન્ટ આવીને કૉફી આપી ગઈ. થોડીવાર રહીને તેઓ બ્રેકફાસ્ટ કરશે એવી સૂચના આપીને તેઓ વિચારે ચડી ગયા. તેમનું મન ગઈકાલની ડૉ. હર્બર્ટની વાતો પર હતું. ફ્લાઇટને પહોંચતાં ત્રણ કલાક થશે. આ સમય દરમ્યાન તેઓ પોતાનો પ્લાન બનાવી દેવા માગતા હતા. નિમિત્તનું સંશોધન, તેની આ શોધ એમના માટે જરૂરી છે. ડૉ. હર્બર્ટ અને નિમિત્તને પૂરેપૂરો ખ્યાલ પણ નથી કે તેઓની શોધથી મિ. ક્લર્કના બિઝનેસને કેટલો ફાયદો થઈ શકે.

મિ. ક્લર્ક વિચારતા હતા કે, ડૉ. હર્બર્ટ તો એમના જ છે. નિમિત્ત હાથમાંથી સરકી ગયો છે. નિમિત્ત અંગેની માહિતી બે-ત્રણ દિવસમાં આવી જશે. કેટ 'ધી એજન્સી'માં ફોન કરી દેશે અને પોતાની રીતે પણ થોડુંક જાણી લાવશે. કેટ ખૂબ હોંશિયાર છે. કોઈની પાસે માહિતી કઢાવવા માટે એ કોઈ પણ હદે જઈ શકે છે. ભૂતકાળમાં પણ એણે કેટલીયવાર એવી મહત્ત્વની માહિતીઓ મિ. ક્લર્કને આપી છે. આવી એકાદ માહિતી, કોઈ નબળી કડી જો હાથ લાગી ગઈ પછી તો મિ. ક્લર્ક આવા ખેલના માસ્ટર હતા.

નિમિત્તની શોધ ખગોળશાસ્ત્રની અને મિ. હર્બર્ટની શોધ જીવવિજ્ઞાનની. બંનેની ફિલ્ડ થિઅરી વચ્ચે સમન્વય કરે તો સમગ્ર બ્રહ્માંડમાં અને એ પહેલાં દુનિયામાં કમ્યુનિકેશનની ટૅક્નૉલૉજી બદલાઈ જાય. અત્યારે જે ટૅક્નૉલૉજી ચાલી રહી છે તે સેટેલાઇટની મદદથી ચાલી રહી છે. નિમિત્તની શોધ પછી આ ટૅક્નૉલૉજી આઉટ ઑફ ડેઇટ થઈ જવાની છે. મિ. ક્લર્ક બંને વિજ્ઞાનીઓની મદદથી એવી ટૅક્નૉલૉજી વિકસાવી શકશે કે જે અત્યારની ઑપ્ટિકલ ફાઇબર, સેટેલાઇટ અને કેબલ ટૅક્નૉલૉજીથી અનેક ગણી પાવરફુલ હોય. નિમિત્તની શોધ પછી વિજ્ઞાન ક્ષેત્રે જે આમૂલ પરિવર્તન આવશે તેની અસર બીજાં બધાં જ ક્ષેત્રોમાં પણ પડશે. મિ. ક્લર્કના જેટલા પણ બિઝનેસ છે તેમાં તેઓ એમના પ્રતિસ્પર્ધીને એટલા પાછળ છોડી શકશે કે તેઓ ક્યારેય એમની સાથે બરોબરી પણ નહીં કરી શકે. આ બધી શક્યતાઓને હાથમાંથી એમ જ ન જવા દેવાય! મિ. ક્લર્ક એટલી આસાનીથી હાર નહીં સ્વીકારે. આવી અમૂલ્ય તક જતી કરવા દેવાની એમની તૈયારી નથી જ. નિમિત્ત ના જ પાડે તો શું કરવું એ પણ વિચારી રાખવું જરૂરી હતું.

નિમિત્ત જો એમના પક્ષમાં આવી જાય તો! નિમિત્ત હીરો નહીં, હીરાની ખાણ હતો. એની ઉંમર પણ નાની છે. હજી તો કેટલુંય આગળ જશે અને તેની પાછળ મિ. ક્લર્ક પણ! આજના જમાનાનો સૌથી સારો બિઝનેસ એટલે કમ્યુનિકેશન! એ જો એમના હાથમાં આવી જાય તો? કેટલાય પેટન્ટસ, કેટલીય દેશની ગવર્નમેન્ટના એજન્ટ એમના ખિસ્સામાં હતા. મિ. ક્લર્ક દુન્યવી બાબતોના ખેલાડી હતા; દિવાસ્વપ્નોમાં રાચનારા નહીં, પણ દિવાસ્વપ્નો સાકાર કરવાનું જાણતા હતા. એવામાં નિમિત્ત ના જ પાડે તો શું કરવું એ પ્લાન પણ બનાવવો જરૂરી હતો. એ કેવી રીતે???

"Sir your breakfast is ready." રૂપાળી attendantએ કહ્યું.

"Thanks sweety. I am hungry too. Let's go."

મિ. ક્લર્ક સીટમાંથી ઊભા થયા અને ડાઇનિંગ ટેબલ પર ગયા. ૩૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ સૂર્યોદય જાણે સામે જ થઈ રહ્યો હતો! સૂર્યોદય જોતાં જોતાં બ્રેકફાસ્ટ કરી રહ્યા હતા, પણ એનો આનંદ માણતા ન હતા. આવો કરોડો યુરોનો મહામૂલ્ય સૂર્યોદય છોડી દઈને, ભવિષ્ય માટે કરોડો યુરોનો પ્લાન બનાવી રહ્યા હતા.

વળી પાછું એમનું મન નિમિત્ત પર અટક્યું. નિમિત્ત આખરે તો એક માણસ જ હતો. નિમિત્ત નહીં પણ એની શોધ એમના માટે અગત્યની હતી. નિમિત્તની શોધ પર નિમિત્તનો હક ખરો. મિ. ક્લર્ક તો પ્રામાણિકતાથી નિમિત્ત જે માગે તે કિંમત ચૂકવવા તૈયાર હતા. નિમિત્તને અન્યાય કરવાનો, ઓછી કિંમત આંકવાનો એમનો કોઈ જ ઇરાદો ન હતો. એમનાં પોતાનાં પણ મૂલ્યો અને નીતિધર્મો હતાં. મિ. ક્લર્ક સામેની વ્યક્તિને પૂરેપૂરી મદદ કરતા, સન્માન આપતા ડૉ. હર્બર્ટને એમણે સારામાં સારું વળતર આપ્યું હતું. મિ. ક્લર્ક જેને પોતાના ગણતા એમને માટે પૈસા ખરચવા, માન આપવામાં પાછું વળીને જોતા પણ નહીં. એમનું પોતાનું એક ધોરણ હતું. નિમિત્તને પણ ક્યાંથી ક્યાં પહોંચાડવા તૈયાર હતા. નિમિત્ત ભારતના મધ્યમવર્ગનો યુવાન હતો. કદાચ એણે સ્વપ્નમાં પણ કલ્પી ન હોય એવી જિંદગી એને આપવા તૈયાર હતા. એને ખ્યાલ પણ નહીં હોય કે ભૌતિક સગવડની જાહોજલાલી એટલે શું?

'Cosmic Communication Ltd' એમણે તો નવી કંપનીનું નામ પણ વિચારીને રાખ્યું હતું. આ કંપની તેઓ બનાવીને જ રહેશે. મિ. ક્લર્કની આ ખૂબી હતી. એક બિઝનેસ ઑપોર્ચ્યુનિટી દેખાય એટલે મનમાં એક નામ વિચારી કંપનીને એક નામ આપી દે. નામકરણ થઈ જાય એટલે જાણે કે બીજ રોપાઈ ગયું! પછી આ બીજમાંથી વટવૃક્ષ કેમ બનાવવું એ એમના હાથમાં હતું. ઘણું વિચારતાં એમને લાગ્યું કે નિમિત્ત ના પાડે તો કોઈ બીજી રીતે પણ એની શોધને પોતાની પાંખમાં લઈ લેવી. એ માટેનો પ્લાન બનાવી તૈયાર રાખવો જોઈએ. એકબાજુ નિમિત્તને પલાળીને એને સામ, દામ, દંડ, ભેદથી પ્લાનમાં સામેલ કરવો. પૂરેપૂરું વળતર, કે એને જે જોઈએ તે આપવું અને બીજી તરફ એવી પૂરેપૂરી તૈયારી રાખવી કે જો નિમિત્ત ના જ પાડે તો પછી એ જાણે! એની શોધ તો કોઈ પણ હિસાબે મેળવી જ લેવી. એવું કોણ હોય શકે જે આ પ્લાન માટે કામ લાગે?

"It was a wonderful breakfast. Thank you!" એટેન્ડન્ટ યુવતીને એમણે કહ્યું.

"My pleasure, sir"

મિ. ક્લર્કે છેલ્લે ફરી કૉફીનો કપ ભર્યો અને પોતાની બેઠક પર આવીને સોફા પર બેઠા. સામે નાના ગોળાકાર ટેબલ પર પેપર્સ, મૅગેઝિન્સ પડ્યાં હતાં. પરંતુ મિ. ક્લર્કને એમાં જરાય રસ ન હતો. એમણે આ સમસ્યાનું સોલ્યુશન લાવવું હતું. 'Cosmic Communication Ltd'ને આંચ આવવા દેનારને તો એ..... થોડીવારે મનમાં એક ઝબકારો થયો. એમણે બે પ્લાન પર એકસાથે કામ કરવાનું વિચાર્યું.

પ્લાન 1 – ડૉ. હર્બર્ટ એમની રીત મુજબ નિમિત્તને હજી ઊંચા ભાવ આપીને, Cosmic Communication Ltd'માં પર્સન્ટેજ આપીને, એમાં મોટો હોદ્દો આપીને કે હજી એ જે ડિમાન્ડ મૂકે તેનું પૂરેપૂરું પાલન કરીને એની શોધ હાંસલ કરવી. આ શોધની કેક જ એટલી મોટી હતી ને કે તેમાંથી એક ટુકડો આપવામાં કોઈ વાંધો મિ. ક્લર્કને આવે તેમ ન હતો. જો કે કેકનો મોટો ભાગનો હિસ્સો તો મિ. ક્લર્ક પાસે જ રહેવાનો. આ વિજ્ઞાનીઓને બીજી તો બિઝનેસની ગતાગમ હોય નહીં.

પ્લાન 2 – નિમિત્ત ના પાડે તો ઑપ્શન શું? તેમાં ડૉ. હર્બર્ટ કામ લાગે નહીં. એ સંજોગોમાં નિમિત્તની શોધ હાથમાં લઈ લેવી. શોધ વગરનો નિમિત્ત એટલે મણિ વગરનો નાગ! પછી તો નાનામોટા કેસ ફ્રેમ કરી એને બદનામ કરી શકાય. આવું કામ કરવા માટે તો એમની પાસે ઘણા લોકો છે અને 'ધી એજન્સી' છે! આવાં અનેક કામો એમણે ભૂતકાળમાં કરાવ્યાં છે. મિ. ક્લર્કના મોઘાં, બ્રાન્ડેડ, અસ્ત્રી ટાઇટ કપડાં ઉપર દૂર દૂર સુધી કોઈ છાંટોય ન ઊડે અને સામેવાળા પાસે પહેરવાનાં કપડાં પણ ન બચે! આ પ્લાન 2 પર એ જાતે દેખરેખ રાખશે. નિમિત્ત પરની બધી માહિતી મેળવ્યા પછી, 'ધી એજન્સી'ની મદદથી યેનકેન પ્રકારે નિમિત્તની શોધ મેળવી લેશે. શોધ હાથમાં આવ્યા પછીનું બાકીનું કામ તો કેટ જ પતાવી દેશે! જ્યાં સુધી શોધ જાહેર ન થાય ત્યાં સુધી એ શોધનો હકદાર નિમિત્ત જ છે એવું પુરવાર થઈ શકે નહીં, એટલે શોધને દુનિયા સમક્ષ જાહેર થવા દેવી નહીં. કોઈ પણ સંજોગોમાં નિમિત્તની શોધ જાહેર થવી જોઈએ નહીં. મિ. ક્લર્ક આ વાતનું ખાસ

ધ્યાન રાખવા સમર્થ હતા.

વૈજ્ઞાનિક શોધ એટલે શું? કોઈ પ્રયોગ, કોઈ ખાસ પદ્ધતિ, કોઈ ખાસ મહત્ત્વની માહિતી જ ને! આ શોધ એકવાર જાહેર થઈ જાય પછી એની પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા શોધ કરનારને જ મળે, પરંતુ જો શોધ એટલે કે એ માહિતી, પ્રયોગ દુનિયા સમક્ષા જાહેર થતાં પહેલાં હાથ લાગી જાય તો...હં...મં...પણ વિજ્ઞાનને લગતી માહિતીને સમજવા માટે, પ્રયોગને સમજવા માટે કોઈ 'બીજો' વિજ્ઞાની જ હોવો જોઈએ. સામાન્ય માણસને એમાં સમજ પડે નહીં. નિમિત્તની શોધ સમજી શકે એવો એક બીજો વિજ્ઞાની... હં... હજી આ પ્લાન ફુલપ્રૂફ નથી. એમ જ કાંઈ શોધ હાથમાં આવવાની નથી. હાથમાં આવે તો પણ એમને.... હં... એ કોણ હોઈ શકે? કોણ કામ લાગી શકે? મગજ તેજ ચાલવા લાગ્યું. થોડીવારે પ્લેનના લૅન્ડિંગની તૈયારી કરવાની જાહેરાત પાઇલટે કરી દીધી. મિ. ક્લર્કના ચહેરા પર સ્મિત આવી ગયું. પ્લાન બરાબર બની ગયો. સમસ્યાનો ઉકેલ આવી ગયો.

આવા 'Cosmic C ommunication Ltd'નો પ્લાન, બ્રહ્માંડમાં પ્રત્યાયનનો પ્લાન જમીન પર કેવી રીતે બને? એ માટે થોડી ઊંચાઈએ તો જવું જ પડે ને! પ્લેન લેન્ડિંગ કરીને રન-વે પર દોડવા લાગ્યું ત્યારે મિ. ક્લર્કને લાગ્યું કે આ ફ્લાઇટ એમને યાદ રહી જશે! પ્લાન 1 દ્વારા કે પ્લાન 2 દ્વારા 'Cosmic Communication Ltd' તો બનવાની જ છે ને! તેના પાયામાં રહેલા આ પ્લાન 1 અને પ્લાન 2 નો આઇડિયા જ્યાં આવ્યો એ ફ્લાઇટને મિ. ક્લર્ક યાદ રાખશે.

પ્લેનમાંથી ઊતરીને એમણે પહેલું કામ કેટને ફોન કરવાનું કર્યું.

''હલો કેટ.'' ["Hello Kate."]

''જી સર.'' ["Yes sir."]

''તેં?'' ["Have you?"]

''જી સર. મેં 'THE AGENCY'નો સંપર્ક કરી લીધો છે. તેઓ જેમ બને તેમ જલ્દી માહિતી આપશે. મેં પોતે પણ ફાઇલ બનાવવા માંડી છે.'' ["Yes sir! I have contacted the agency. They will give us the details as soon as possible. I have also started making the file."] કેટ મિ. ક્લર્કની કાર્ય પદ્ધતિ બરાબર જાણતી હતી. એને ખાતરી જ હતી કે પ્લેન લેન્ડ થાય એટલે ફોન આવશે જ.

''તારી કાર્યદક્ષતા અંગે મને કોઈ શંકા નથી કૅટ. મારે બીજી બે વ્યક્તિ માટે ફાઇલ પણ જોઈએ છે. તેમના નામ...'' ["I have no doubts about your efficiency Kate. But I also want another two files to be made. Their names are..."]

''જી સર. તમને આ બે ફાઇલ પણ સાથે જ આપી દઈશ.'' ["Yes, sir! You will get it along with this file."]

''કૅટ, THE AGENCYના ડાયરેક્ટરને કહે કે મારા અંગત નંબર પર ફોન કરે.'' ["Kate ask **THE AGENCY** director to call me, on my private number."]

"Yes sir." હવે મિ. ક્લર્કને શાંતિ થઈ. હવે તેઓ અહીંની ફેક્ટરીના પ્રૉબ્લેમ સોલ્વ કરશે. એ તો રૂટીન હતા!



અકસ્માતનું ઘૂંટાતું રહસ્ય

એમીથી છૂટો પડીને અનુજ શંકા ભરી નજરે આમતેમ જોતો ગાડીમાં બેસી ગયો. બધા જ ચહેરા અજાણ્યા હતા. શંકા કરે તો પણ કોને જોઈને! શંકા કરવા જેવું એને કોઈ લાગતું ન હતું અને આમ બધા જ શંકાસ્પદ લાગતા હતા! મગજ અને હૃદય બંને તેજ ગતિએ ચાલતાં હતાં. આવું બધું તો એણે નૉવેલમાં વાંચ્યું હતું, ક્યાં તો પિક્ચરમાં જોયું હતું. આવું કાંઈ જીવનમાં થોડું થાય? આવું એમી સાથે, ભાઈ સાથે થોડું બની શકે? આ તો બધું સ્વપ્નું જ લાગે છે. હજી થોડા દિવસ પહેલાં જ તો એનું રિઝલ્ટ આવ્યું. એ ડૉક્ટર બની ગયો. થોડા દિવસ પહેલાં તો મિત્રો સાથે વડોદરાની વિખ્યાત દુકાન 'સ્વાદ'ની પાણીપૂરી ખાવા ગયો હતો. થોડા દિવસ પહેલાં જ તો સૌ મિત્રોને ઘરે જમવા બોલાવ્યા હતા. મમ્મીએ સરસ ફ્રૂટસલાડ બનાવ્યું હતું. હમણાં જ તો ભાઈ સાથે વાત કરી હતી. ભાઈએ કેટકેટલાં અભિનંદન આપ્યા હતા. અચાનક શું બની ગયું? ઍક્સિડન્ટ... ત્યાર પછીની આ બધી ઘટનાઓ! કોઈ ભાઈના જીવ પાછળ, એમીના જીવ પાછળ, પીટર ગાયબ એના પોતાના જાનને જોખમ? જમીન-જાગીરની તકરાર વગર પણ આ બધું!.... એની નજર સામે એમીનો ચહેરો આવ્યો. એ હતી ગભરાયેલી, ચિંતાતુર અને લાગણીશીલ! અનુજને એમીની પણ ચિંતા થઈ.

પરંતુ હવે શું કરવું જોઈએ? હાથ પર હાથ રાખીને બેસી શકાય એવું ન હતું. એક તરફ ભાઈની તબિયત અને બીજી તરફ આવા હૉલીવૂડની સસ્પેન્સ ફિલ્મ જેવા બનાવો! અનુજને લાગ્યું કે ગાડીમાં બેસી રહેવાથી સમસ્યાનો હલ આવવાનો નથી. એણે કંઈક તો કરવું પડશે. થોડાં ઊંડાં પાણીમાં ઊતરવું પડશે. આપમેળે જ હલેસાં મારવાં પડશે. વિચારમાં ગાડી સ્ટાર્ટ કરી. પેલી 'કાકી'એ ડેસ્ટિનેશન પૂછ્યું.

'કેમ કાકી! મને મનફાવે એ ડેસ્ટિનેશન નહીં ચાલે?' 'કાકી'એ ફરી કહ્યું.

'Please enter destination'. અનુજે 'home' બટન ટચ કર્યું અને 'કાકી' બોલવા લાગ્યાં:

'Turn left after 50 meters.'

પહેલાં ઘરે જવું પડશે. શાંતિથી વિચારીને પ્લાન બનાવવો પડશે. જાતે જ માહિતી એકઠી કરવી પડશે. કોઈનો પણ વિશ્વાસ કરી શકાશે નહીં. અજાણ્યા શહેરમાં વધારે પડતી પૂછતાછ કરીને પણ બાજી બગાડવી નહીં. સૌ અજાણ્યા છે. સૌ પર શંકા કરવી પડશે અને સૌ પર વિશ્વાસ પણ મૂકવો પડશે. 'સ્વજન' પર જણાવવું કે નહીં તેનો પણ વિચાર કરવો પડશે. ત્યાંના લોકો તો જોખમમાં નહીં હોય ને! એટલું બધું ખરાબ ન હોય કે તેઓ નિમિત્તનાં મમ્મી-પપ્પાને હાનિ પહોંચાડે. બસ! હવે તે ખરેખર હૉલીવૂડના ફિલ્મની જેમ બધું જ વધારે પડતું કરે છે. અનુજ ઘરે આવી ગયો, ગાડી પાર્ક કરીને ઘરમાં પ્રવેશતાં પહેલાં આજુબાજુ જોઈ લીધું. બધું યથાવત જ હતું. આજુબાજુનાં ઘરો એમ જ નિર્જીવની જેમ હતાં. રસ્તાઓ સૂમસામ હતા, શેરીમાં ગાડીઓ પાર્ક કરેલી હતી. બધી એ જ ગાડીઓ હતી. દરવાજો ખોલીને અંદર ગયો. કૉફી મેકરમાં કૉફી બનાવી. ટેબલ પર બેઠો. થોડા દિવસ પહેલા તો મગજમાં biology સિવાય કશુંય ન હતું. છેલ્લા કેટલાય દિવસથી physics and quantum ફિલ્ડ થિઅરીમાં ચાંચ ડુબાડવાની કોશિશ કરી રહ્યો હતો. હવે વળી પાછું મર્ડર અને કિડનેપિંગ! આ બધું શું છે ભાઈ? એ વિચારતો રહ્યો, વિચારતો જ રહ્યો!

કૉફી પીને એણે 'સ્વજન' પર ફોન જોડ્યો. ત્યાંની હલચલની ખબર પણ રાખવાની જ. 'કોઈ પણ કામ કરે તે પૂરી ધગશ અને મહેનત સાથે કરવાની.' ભાઈની તાલીમ અને શિખામણ યાદ આવી.

"હલો... પપ્પા!"

"બોલ બેટા. કેમ છે? ત્યાંના શું સમાચાર છે?" અનુજે નક્કી કરી જ રાખ્યું હતું કે એ લોકોને જરૂરથી વધારે ચિંતા કરાવવી નથી. અનુજે કુનેહપૂર્વક ત્યાંના સમાચાર જાણવાના, ત્યાંની હલચલ ચિંતાજનક તો નથી ને! એ જાણવાનું, અહીંની પરિસ્થિતિ અંગે એ લોકોને ચિંતિત કરવાની જરૂર નથી.

"અહીંના સમાચાર જેમ હતા તેમ છે. ભાઈની સ્થિતિ એમ જ છે! અહીં સૌએ ભાઈ માટે 'get well soon'ના સંદેશાઓ મોકલ્યા છે. હું અહીં ડૉક્ટરના સંપર્કમાં રહું છું. ભાઈની સ્થિતિમાં કોઈ બીજો ફેર નથી. ત્યાં બધું કેમ છે? કોઈ સમાચાર કે ફોન આવ્યો હતો?" અનુજને ત્યાંના સમાચાર જાણવામાં સવિશેષ રસ હતો.

"અહીં પણ બધું એમ જ છે. નિમિત્તના મિત્રો ફોન કરે છે, મળવા આવે છે, અમારી કાળજી લે છે. બહુ સારા મિત્રો છે. જરૂર પડ્યે સૌ પડખે ઊભા છે. અંશના તોફાન વધી ગયાં છે. ચિંતાનું કોઈ કારણ નથી."

"બીજા કોઈ સમાચાર, કોઈ ફોન?" સહજ લાગે તે રીતે અનુજે પૂછ્યું.

"અરે, શાસ્ત્રીજીની તબિયત બગડી ગઈ છે. તને બોલવવા માટે આશ્રમમાંથી ફોન હતો ત્યારે ખબર પડી. મારાથી એમને મળવા હજી જવાયું નથી. ઘરે સૌને મૂકીને બહાર નીકળવાનું જ મન થતું નથી. તારો ફોન આવે તો...."

અનુજ સમજી ગયો. ત્યાં સૌના મનમાં ફડક હતી કે ગમે ત્યારે ભાઈ માટેના સમાચારનો અનુજનો ફોન આવે. જોજનો અંતરે પણ સૌનાં હૃદય એક સાથે જ ધબકી રહ્યાં હતાં.

"ઓહો, એમ વાત છે. ચિંતા ન કરો. મારા મિત્રને ફોન કરી દઈશ. એ આશ્રમમાં જઈને શાસ્ત્રીજીને જોઈ આવશે. જરૂર પડ્યે હૉસ્પિટલ પણ લઈ જશે. તમે ઘરે સૌની પાસે જ રહેજો. જરૂર લાગે તો સેલ ફોન પર ફોન કરજો નહીં તો હું તો રોજ ફોન કરતો જ રહીશ. જયશ્રી કૃષ્ણ પપ્પા."

"જયશ્રી કૃષ્ણ બેટા! ધ્યાન રાખજે. લે ઈશા સાથે વાત કર!" પપ્પાએ ઈશાને ફોન આપ્યો.

"હલો ઈશા! જરા દૂર જા. વાત કરવી છે." અનુજે થોડા ધીમા સ્વરે કહ્યું.

"હં. બોલો. શું ચિંતામાં છો?" ઈશાને તો અનુજનો ભાવ તરત જ પરખાઈ જતો.

"ઈશા, અહીં પરિસ્થિતિ અટપટી થતી જાય છે. વાત એક ઍક્સિડન્ટની નહીં પણ કંઈક કાવતરું હોય એમ લાગે છે. ભાઈનો ફ્રેન્ડ પીટર અને એમી યાદ છે? એમીએ આજે સવારે મને કહ્યું. તું ત્યાં સતેજ રહેજે. કોઈ અજાણ્યો ફોન કે શંકાસ્પદ લાગે કે તરત મને સેલ પર ફોન કરી દેજે. ફોન ટેપ થતો હોય તો પણ મને ખબર નથી. ઈશા અહીંની પરિસ્થિતિ બગડતી જાય છે. જાણે કે ભીંસ વધતી જતી હોય તેમ લાગે છે." અનુજ ઈશાને કહી થોડો હળવો થવા માંગતો હતો.

"અહીં તો એવા કોઈ ફોન આવ્યા નથી. સૌ સગાંવહાલાં, મિત્રોના જ ફોન આવે છે. મમ્મીનું બ્લડપ્રેશર વધી ગયું છે. મિતેશભાઈ મળવા આવેલા. એમણે દવા આપી છે. અંશ વધારે પજવે છે. એ સિવાય બધું ઠીક છે. તમારી ચિંતા અને ભાઈની ચિંતા થાય છે. ભગવાન સૌ સારાં વાનાં કરશે. તમે સાચવજો."

"હા. જો... ચાલ મૂકું. બીજો ફોન આવે છે.'' કહીને અનુજે ફોન મૂકી દીધો.

કોઈ બીજો ફોન આવતો ન હતો. અનુજને ઘરની બહાર હલચલ દેખાઈ. કોઈ મનુષ્યાકાર દેખાયો એટલે એણે ફોન મૂકી દીધો. ફોન મૂકીને બારી તરફ ગયો. એણે ચોક્કસ કોઈ હલચલ લાગી. કોઈ બારીની નીચે જ વળી ગયું એમ લાગ્યું. એ ગભરાઈ ગયો. ઘરનો દરવાજો ચેક કરી લીધો. અહીંનાં ઘરો પણ લાકડાનાં. ચાલીએ તો પણ જાણે હલે. ભારતના સિમેન્ટ કોંક્રીટના ઘરની સરખામણીમાં તો સાવ તકલાદી લાગે. એણે આજુબાજુ નજર કરી. સ્વરક્ષણ માટે હથિયારમાં તો વેલણ અને ચપ્પુ બે જ નીકળ્યાં. વેલણ હાથમાં પકડીને તે ઘરની બહાર નીકળ્યો. બારી તરફ હલચલ હતી ત્યાં ગયો. ઝાડી પાછળ કોઈ...

‘‘સૉરી. હું મારો ફૂટબોલ શોધી રહ્યો હતો.’’ [“Sorry. I was searching for my football.”] ૭ વર્ષનો બાળક નીકળ્યો.

“Its OK.” અનુજને હાશ થઈ.

‘‘તારું ઘર તો આ મારી બાજુનું ને!’’ [“You stay next to my house!”]

‘‘સામેની બાજુનું બીજુ ઘર.’’ [“Yaah, actually the opposite second house.”]

‘‘ઓહ સામે. ગ્રે ગાડીવાળું ઘર. તમારી ગ્રે ગાડી હું રોજ જોઉં છું.’’ [“Oh. I see, the Grey car house......Grey car. You have grey car. I see it every day.”]

‘‘એ ગ્રે ગાડી અમારી નથી.’’ [“We don’t have a grey car....”] એણે ફૂટબૉલ જમીન પરથી લઈ લીધો.

‘‘તો પછી એ ગાડી કોની... ?’’ [“Then whose car....”]

‘‘ખબર નહીં. પહેલાં ક્યારેય જોઈ નથી...’’ [“I don’t know. Never seen it.. before...”] ફૂટબૉલ લઈને બાળક ભાગી ગયો.



તેજોવર્તુળમાં મંત્રોચ્ચાર

ધ્યાનમાં બેઠેલા ગુરુજીની આંખો ખૂલી. સવાર થવાની તૈયારી હતી. ધ્યાનમાં સંકેત મળી ગયો હતો. આજે બીજા ચરણની તાલીમ શરૂ કરવાની હતી. યુવાનો તૈયાર થઈને એક પછી એક ગુરુજીની બતાવેલી જગ્યાએ એમની સામે બેસી ગયા. હાથ ઊંચા કરીને પ્રાર્થનામાં મગ્ન થઈ ગયા.

ઘણીવાર પછી ગુરુજીએ આંખો ખોલી. આજે કોઈ વિચાર પકડાયા નહીં. નકારાત્મક વિચારનો એક પણ તરંગ આજે પકડાયો નહીં. ગુરુજી શાંત થઈને ઊભા થયા. સામે બેઠેલા સૌ પણ ઊભા થયા.

"આજથી બીજા ચરણનું જ્ઞાન શરૂ કરીએ છીએ. બ્રહ્માંડને ચલાવનારાં સાત રહસ્યો છે. સાત નિયમો છે. પ્રત્યેક નિયમનું એક ચરણ છે. આ જ્ઞાન પામવાની પાત્રતા તમારે સતત પુરવાર કરવાની છે. સતત જાતને કેળવવાની છે. આ ગુહ્ય જ્ઞાન છે. પાત્રતા વગર મળી શકતું નથી. અહીં તમને જ્ઞાન મળી રહ્યું છે ત્યારે તમે 'The Great Place' પર જ છો. બહાર જઈ શકતા નથી. કોઈ તમને અને તમે કોઈને મળી શકતા નથી. આકરા નિયમોનું પાલન કરવું પડે છે. મન ઉપર સંપૂર્ણ કાબૂ, નિર્મળ હૃદય, સ્વચ્છ અને વિકાર વગરનું શરીર. આ ત્રણેય જ્યારે તેની સંપૂર્ણ અવસ્થા પ્રાપ્ત કરે ત્યારે જ આ જ્ઞાનનું અવતરણ થાય છે. વળી આ જ્ઞાન એકસાથે તમે સૌ તૈયાર હશો ત્યારે જ આવી શકશે. જ્યાં સુધી તમે પંદરે પંદર જણ મન, શરીર અને હૃદયથી તૈયાર ન હશો ત્યાં સુધી વર્તુળ સંપૂર્ણ થશે નહીં. પ્રથમ તો એ તેજોવર્તુળ ઉપરથી આવશે જ નહીં, આવશે તો ફેલાશે નહીં અને ફેલાશે તો તમને વર્તુળની અંદર લીધા વગર પાછું જતું રહેશે. બીજા નિયમ માટે તૈયાર?

"જી ગુરુજી."

"બીજા ચરણની તાલીમ શરૂ." સૌ હવે મૌન અને ધ્યાન માટે તૈયાર થઈ જાવ. સૌએ ખભા સુધી હાથ લાવીને આંખો બંધ કરી મંત્રોચ્ચાર શરૂ કર્યા.



માર્શલની ભૂમિકા શંકાસ્પદ

મિ. ક્લર્ક એમની વિશાળ ઑફિસમાં બેઠા હતા. એમના હાથમાં એક ફાઇલ હતી. સામે ટેબલ પર બીજી બે ફાઇલો પડી હતી. એમના ઑફિસ બિલ્ડિંગમાં આવેલો ટોપ ફ્લૉર આખો એમની ઑફિસ માટે ખાસ અનામત રાખવામાં આવ્યો હતો. એમાં પણ કૉરિડૉરના અંત ભાગમાં એમની વિશાળ ઑફિસ હતી. ત્રણ બાજુ પર ફક્ત કાચની જ દીવાલો હતી.. એમની ઑફિસમાંથી શહેરનો આખો વિસ્તાર જોઈ શકાતો. રૂમના મધ્યમાં એક વિશાળ ટેબલ, ત્રણ અલગ બેઠક વ્યવસ્થા હતી. એ ઑફિસ ટૅક્નોમાનવીય વિકાસનું ઉદાહરણ હતું, કારણકે બધી જ ટૅક્નૉલૉજી, બધાં જ ઉપકરણો અહીં હાજર હતાં. satelite ફોન, વીડિયો કૉન્ફરન્સ અને બીજાં અનેક ઉપકરણોની મદદથી તેઓ અનેક દેશોમાં ફેલાયેલો એમનો કારોબાર ચલાવતા.

આ ફ્લૉર ઉપર તેઓ કોઈ વ્યક્તિને મળવા બોલાવે એટલે જ એનું ભાગ્ય ખૂલી જાય! જેમનું ભાગ્ય બંધ કરવાનું હોય તેમને તો બધા નીચેના માળની ઓફિસવાળા જ પતાવી દે ! આ ફ્લૉર, એટલે બિલ્ડિંગનો રહસ્યમય પાવર-પ્લાન્ટ કેટલાય માણસો, કેટલીય કંપનીઓ, કેટલીય સરકારો અને કેટલાય રાજપુરુષોને એ સખણા રાખે! એક અમ્પાયર અને તેના કર્તાહર્તા હતા આ મિ. ક્લર્ક.

મિ. માર્શલ એમની સામે ટટ્ટાર બેઠા હતા. મિ. ક્લર્કની સામે ભલભલા ટટ્ટાર જ થઈ જતા. માર્શલને આ ઑફિસના પાવરનો પૂરેપૂરો ખ્યાલ હતો. લગભગ તો કેવળ કેટનો જ ફોન માર્શલ પર આવી જાય અને કામ થઈ જાય. માર્શલ આ ઑફિસમાં પહેલી વાર આવતો હતો. એટલે કામની ગંભીરતા અંગે કોઈ શંકા ન હતી. ભલભલા કામ તો ફક્ત ટેલિફોન પર જ થયા છે. તે પણ કેટના! આ એવું તે કેવું કામ હશે કે મિ. ક્લર્કે માર્શલને ઑફિસમાં બોલાવવાની જરૂર પડી!

“Hmmm.....Marshall.” મિ. ક્લર્ક ફાઇલમાંથી નજર ઊંચી કરતા બોલ્યા.

“Yes sir.”

‘‘કૅટે તને બધી વાત કરી દીધી છે. બરાબર?’’ [“Kate has briefed you before. Right?”]

“Yes. sir.”

‘‘તને ખબર છે કે શું કરવાનું છે. ફરી વખત ચોક્કસ કરવા માટે જ તને અહીં બોલાવ્યો છે. અત્યંત કાળજી રાખવાનું આવશ્યક છે.’’ [“Then you know what is to be done. I called you here to again reconfirm everything. It is important that utmost care is taken.”]

‘‘તેં બરાબર ચોક્સાઈપૂર્વક પ્લાન બનાવ્યો છે ને! તારા શ્રેષ્ઠ, ચુનંદા માણસોને કામ સોંપ્યું છે ને!’’ [“So Are your plans accurately made? Have you employed your best people?”]

‘‘જી સર. મેં તે કામ અમારા એજન્સીના શ્રેષ્ઠ માણસો જેવા કે...’’ [“Yes sir, The best that the agency has their names are...”]

‘‘મારે નામ જાણવા નથી.’’ [“I don’t want to know the names.”]

‘‘જી સર.’’ [“very well sir.”]

‘‘મારે નામ કે પદ્ધતિ જાણવી નથી. ગોપનીય જ રાખજે.’’ [“Nor do I want to know the methods. Be very discrete about it.”]

''જી સર.'' ["Yes sir."]

''આ બાબત વિસ્ફોટક બનવાની છે. તેના પ્રત્યાઘાત દૂર દૂર સુધી પહોંચશે. આપણે સામાન્ય રાજકીય કે એક્ટર, એક્ટ્રેસિસની વાત નથી કરી રહ્યા.'' ["This will create a lot of noise and lot of ripples. We are not dealing with ordinary politician or actor, actresses."]

''બને તેટલું સામાન્ય, કુદરતી લાગે તે પ્રમાણે કરવાનું છે. તારી એજન્સીમાં પણ કોઈને જાણ થવી જોઈએ નહીં.'' ["I want minimum intervention and as natural as possible. Nobody must know about it even in the agency".]

''જી સર. કેટે તમારો સંદેશ કહ્યો હતો. હું જાતે જ દેખરેખ રાખવાનો છું. મેં ફાઇલ સીધી કેટને જ આપેલી.'' ["Yes sir! Kate did convey your message. I am personally supervising the whole opration. The file was also given directly to Kate."]

''મને બધી ગોઠવણ કરતાં પરિણામમાં જ રસ છે.'' ["I don't want to know the details. I want result."]

''જી સર. પણ શું પરિણામ જોઈએ છે તે અંગે કશુંય જણાવ્યું નથી.'' ["Sure sir, but what exact results, that has not been told."]

''પરિણામ પદ્ધતિ ઉપર આધાર રાખે છે. તારો સંપૂર્ણ પ્લાન તૈયાર હોવો જોઈએ. સમય પણ હજી અનિશ્ચિત છે. તને મારો ફોન આવશે. હું કહીશ કે 'બટન ઑન કરવાનું છે' કે તરત જ પ્લાન મુજબ કરવાનું. શક્ય છે કે બટન ઑન ન પણ કરવું પડે અથવા તો ઓછા સમયગાળામાં પ્લાન મુજબ કરવું પડે. તારા તરફથી સંપૂર્ણ તૈયારી હોવી જોઈએ. તું સમજે છે?'' ["The result will depend on the process. The plan must be ready. The time is not exactly final. You will get a call from me to just press the 'on' button of the plan. You understand. As soon as you get a call from me, press the button. Not before that. We may not need to press the button. Or we may give you a very short notice. So be prepared."]

''જી સર. તમારા 'ON Button'ના સંદેશાની રાહ જોઈશ.'' ["Yes. Sir. I will wait for your call to press the 'ON' button."]

''અમારા તરફથી કોઈ મદદની કે બીજી કોઈ જરૂર?'' ["Do you need anything from our side?"]

''નહીં. અમારી હવે પૂરી તૈયારી છે.'' ["No. Sir. We got everything we need."]

''ઠીક ત્યારે ગમે તે ઘડીએ મારો ફોન આવી શકે છે.'' ["O.k. Then wait for my call. Any time now."]

''આભાર.'' ["Thank you, sir."]

''ઑલ ધ બેસ્ટ.'' ["All the best."]

મિ. ક્લર્કે ફાઇલ બંધ કરીને એમની પાસે જ રાખી. માર્શલ રૂમની બહાર તરફ ગયો. અંદર આવતી કેટ સાથે નજર મેળવી અને રૂમની બહાર નીકળી ગયો.

"Yes Kate." મિ. ક્લર્કે પોતાનું ધ્યાન કેટ તરફ ફેરવ્યું.

''સર તમે ફાઇલ જોઈ?'' ["Sir. Have you gone through the file."] કેટે ટેબલ પર મૂકેલી ફાઇલ પર નજર કરતાં કહ્યું.

''મેં ફાઇલ જોઈ. બધુ વ્યવસ્થિત છે. સારી ટેવો, સારું વર્તન, લાગણીશીલ, ચારિત્રવાન... બધુ સારું સારું જ છે!'' ["Yes. I have seen, seems like a very peculiar person. Regular habits, good

behaviour, affectionate, conscientious all good things!!'']

''જી સર. હું પણ અવગુણ શોધતી હતી પણ બધા સદ્‌ગુણો જ ભરેલા છે!'' ["Yes sir. I was looking for weakness, couldn't find. All good good."] કેટના ચહેરા પર અણગમો દેખાયો.

''એ જ નબળાઈ છે કેટ. ફક્ત સદ્‌ગુણો હોવા એ સૌથી મોટી નબળાઈ છે!'' ["That's the weakness Kate. Goodness is the strongest weakness!"]

''મતલબ?'' ["Means?"]

''મતલબ કે તેના સદ્‌ગુણો તેની સૌથી મોટી નબળાઈ છે!'' ["Means his goodness is a very strong weakness."] મિ. ક્લર્કે દૃઢતાપૂર્વક કહ્યું.

''આપણે આવા કેવળ સદ્‌ગુણોવાળી વ્યક્તિ આ પહેલાં ક્યારેય જોઈ નથી. આપણા માટે નવો અનુભવ છે.'' ["We never had to deal with 'goodness' personified, It's a new experience."]

''આ કેસમાં બીજા લોકો છે કે જેમનામાં ફક્ત સદ્‌ગુણો નથી.'' ["The case has other people too and they are not goodness personified.''] મિ. ક્લર્કે કેટને meaningful look આપી.

''હા. આ માટે ભગવાનનો આભાર. કેવળ સદ્‌ગુણો સાથે કામ કરવાનું મને ફાવતું નથી.'' ["Yes, thank God. I don't know how to deal with such goodness."]

કેટે પણ થોડુંક લુચ્ચું સ્મિત આપ્યું અને પછી ફાઇલો હાથમાં લઈ દરવાજા તરફ ચાલવા લાગી. એના હાથમાં રહેલી ત્રણ ફાઇલોમાં ત્રણ જણનું ભવિષ્ય હતું!



નર્સ માર્ગીનું મૌન

“હેલો ડૉક્ટર. ગુડ મોર્નિંગ.” [Hello Doctor! Good morning!”]

“ગુડ મોર્નિંગ. સારું થયું તું આવી ગયો.” [“Good morning Anuzee. I am glad you came.”]

“Why? something....” અનુજને સતત એક ભય રહેતો કે ગમે ત્યારે કોઈ પણ સમાચાર આવી શકે છે. ફોનની ઘંટડી વાગે ત્યારે સૌથી પહેલો વિચાર જ એવો આવતો.

ડૉક્ટર એડવર્ડે અનુજને રિલેક્સ કરતાં કહ્યું કે ચિંતાનું કોઈ કારણ નથી. તેઓ તો ભાઈની સ્થિતિ જોઈ બીજી મેજર સર્જરી કરવાનું વિચારી રહ્યા હતા. સર્જરીની વાત પછી કરશે, હાલમાં તેમણે ભાઈની બ્રેઇન એક્ટિવિટીનો ગ્રાફ બતાવવો હતો. અનુજ સંદેશો સમજી શકે તો ડૉક્ટર તરીકે તેમને ટ્રીટમેન્ટની સમજ પડે.

“સમજુ છું. મારા માટે પણ સંદેશો અગત્યનો હોય, જાણવાની જરૂર છે. આ વખતે શું છે?” [“Yes. I understand. In fact that is important for me too. May be he wants to give a message. What is it this time?”]

અનુજે પહેલા સંદેશાનો મતલબ કોઈને કહ્યો ન હતો. તેનાં બે કારણો હતાં. પહેલું કારણ એ સંદેશોનું કોઈ મહત્ત્વ હોય એવું લાગ્યું નથી. નાનપણના ઊંડાં સંસ્મરણો કે સંસ્કાર જાગ્રત થઈ જાય એવું એણે જોયું હતું. બીજું મહત્ત્વનું કારણ એ હતું કે અનુજને કોઈના પર પણ વિશ્વાસ રહ્યો ન હતો. કાંઈક કાવતરું ચોક્કસ હતું. અનુજ એની રીતે કાવતરાની તપાસ કરી રહ્યો હતો. એવા સંજોગોમાં કાવતરા કરનારને મદદ પહોંચાડવા માગતો ન હતો. નિમિત્ત એનો ભાઈ હતો. નિમિત્તના સંદેશાઓ ફક્ત અનુજને સમજ પડે તે જ સારું હતું.

“પ્રિન્ટઆઉટ તૈયાર જ રાખ્યો છે.” [“I have kept the print out ready, here.”]

ડૉ. એડવર્ડે એક કાગળિયું આપ્યું. પહેલાં આપેલું એ જ પ્રમાણે ઉપર ગ્રાફ અને નીચે અંગ્રેજીની આલ્ફાબેટ્સની શૃંખલા. અનુજે ધ્યાન કેન્દ્રિત કરીને વાંચ્યું.

‘F......O......H......F......M......F......F......S......’

ફરી ફરીને ત્રણથી ચાર વાર વાંચ્યું. ‘F....O....H....F....M....F...F...S......’ આ તો કાંઈ અટપટું જ છે. અનુજને તો કોઈ અર્થ સમજાયો નહીં.

“સમજાય છે? માતૃભાષા છે?” [“Does it make sense? Is it in your mother tongue?”] ડૉ. એડવર્ડ અનુજનો પ્રતિભાવ જાણવા ઉત્સુક હતા.

“ના ડૉક્ટર મને બિલકુલ સમજાતું નથી.” [“No doctor. I simply don’t understand any of it.”]

અનુજે નિમિત્તને ગમતાં ગીતો, ભજનો પણ યાદ કરી જોયાં. ન તો અંગ્રેજી લાગતું હતું ન તો ગુજરાતી!

“ઠીક છે. રાખી મૂક. પાછળથી ખ્યાલ આવી શકે. મહત્ત્વનું ન પણ હોય. બેભાનઅવસ્થાની અસંગત વાતો હોય.” [“Its o.k. keep it with you. You may realize it later. It may or may not be significant in any case. It may just be a random utterence you know.”]

“ભાઈની મળી શકું?” [“May I visit my brother?”] અનુજે ડૉક્ટરની રજા લેતા પૂછ્યું.

“હા મારે નિમિત્તના મગજના ઓપરેશનની વાતો કરવી છે પણ પહેલાં ભાઈ પાસે જઈ આવ.” [“I wanted to discuss the brain operation of Nametee, but please visit your brother first.”]

ડૉ. એડવર્ડ એક સારા ડૉક્ટર હતા અને એક સારા માનવ પણ!

"Sure. Thanks." અનુજ ડૉક્ટરની રૂમમાંથી બહાર નીકળી ગયો. હવે તો એ હૉસ્પિટલથી જાણકાર થઈ ગયો હતો. લિફ્ટ લઈને ઉપરના માળે પહોંચી ગયો. આજે નર્સ–સ્ટેશનમાં બીજી નર્સ હતી. સિસ્ટર માર્ગી દેખાયાં નહીં. એણે નર્સને પૂછ્યું.

"Hello. Can I meet Margie?." નર્સને ઇંગ્લીશ સમજતાં વાર લાગતી હતી.

"Margie, round, come. wait "

"O.K. understand wait." નર્સ સાથે ભાંગ્યા તૂટ્યા અંગ્રેજીમાં વાત કરતો હતો. ત્યાં જ કૉરિડૉરમાં માર્ગી દેખાયાં. અનુજને જોઈને જરા અચકાય ગયાં એવું અનુજને લાગ્યું. છેલ્લી બે-ત્રણ મુલાકાત વખતથી અનુજને માર્ગીનું વર્તન અતડું લાગતું હતું. કદાચ મારું આવવાનું એમને ગમતું નહીં હોય, કદાચ પેશન્ટને વારંવાર જોવા આવે એ નહીં ગમતું હોય. કદાચ ભારતીયો જ ન ગમતા હોય. અનેક તર્ક-વિતર્ક અનુજે કર્યા. જે પણ કારણ હોય, આ નર્સ માર્ગીને અનુજ પસંદ ન હતો. અનુજના પ્રશ્નો, અનુજની મુલાકાત એમને ગમતી ન હતી. અત્યારે જો એ કૉરિડૉરમાં આવી ન જ ગયો હોત તો એમણે કદાચ અનુજને ટાળ્યો હોત! ખેર અનુજ પ્રશ્નો તો પૂછવાનો જ છે. એમને ગમે કે ન ગમે.

"Good morning." અનુજે જ પહેલ કરી. વિવેક ચૂકે તો અનુજ શાનો!

"Good morning Anuzee." માર્ગીને અનુજનું નામ યાદ રહી ગયું હતું.

''ભાઈને મળવા ફરી આવ્યો છું. તે કેમ છે?'' ["I am here once again for my brother. How is he?"]

''ઓહ. સારો છે. હમણાં જ વિઝિટ કરીને આવી. બધી નિશાની સારી છે. ડૉ. એડવર્ડે તને જણાવ્યું જ હશે.'' ["Oh. He is fine. Just visited him. All signs are positive. I am sure, doctor Edward told you."]

''હા. ડૉક્ટરે કહ્યું. સર્જરી અંગે ચર્ચા કરવા ફરી તેમને મળવાનું છે.'' ["Yes, doctor did tell me. I am meeting him again for the discussion about surgery?"]

"Surgery?" ભાઈની તબિયત અંગે સામાન્ય વાતચીત દરમ્યાન જેવો સર્જરી શબ્દ નર્સના કાન પર પડ્યો તેવી તરત આંખ પહોળી થઈ ગઈ. તેમને ખબર ન પડી પણ માર્ગીની પહોળી થયેલી આંખ અનુજે નોંધી.

''ઓહ તમને નથી ખબર? કદાચ...'' ["Oh. You don't know about it? May be...."]

''કદાચ'' ["May be."] માર્ગીએ કારણ સ્વીકારી લીધું. ફરી હાવભાવ નોર્મલ કરી દીધા.

આજે ફોન કરે ત્યારે 'રિપોર્ટ' કરવો પડશે. આ સર્જરી તો મહત્ત્વની ઘટના છે. આજનો alphabet code પણ અટપટો છે. એમણે એક કાગળમાં લખી રાખ્યો છે પણ એ યાદ રહે એવો નથી. પેલો ધમકીભર્યો ફોન આવ્યો ત્યારથી માર્ગીની જિંદગી બદલાઈ ગઈ હતી. તેઓ સતત ભય અને તાણ અનુભવતાં હતાં. એમને 'ઍક્સિડન્ટ' થવાનો સતત ભય લાગતો હતો. મગજ શંકાશીલ થઈ ગયું હતું. ગાડી ચલાવતાં, વારંવાર બ્રેક ચાલે છે કે નહીં તે ચેક કરી લેતા. ગૅસ બંધ કર્યો કે નહીં એ જોવા બેથી ત્રણ વાર ઊઠતાં. લાકડાની વસ્તુને હાથ લગાડીને જ ઇલેક્ટ્રિક ઉપકરણો ચલાવતાં. હવે આ નવી ઑપરેશનની વાત સાંભળીને એમને ચિંતા પેઠી. 'પેલા લોકો' એમની પાસે કંઈ વધારે તો નહીં કરાવેને! આ 'રિપોર્ટિંગ' જ ભારે પડતું હતું. સ્વભાવમાં નહીં છતાં કરવું પડે. આ ઇન્ડિયન પેશન્ટે તો એમની જિંદગી બદલી કાઢી છે!

''હું ભાઈને મળવા જાઉં પણ તમારે ભાઈ વિશે કાંઈ અવલોકન કે મૂવમેન્ટ અંગે કહેવું છે?'' ["I will go to see my brother. But is there anything you would like to tell me about my brother?

Any observations? Any movements?"]

''ઓહ. પહેલાંની જેમ જ છે. ચિંતા નહીં કર.'' ["Oh. Its just the same. Not to worry."] માર્ગીએ નજર નીચી રાખી ફાઇલમાં જોવા માંડ્યું. અનુજે ભાઈની રૂમમાં જવા માટે કૉરિડૉરમાં ટર્ન લીધો. આ માર્ગી કાંઈક છુપાવે છે અને વળી ડરે પણ છે. કંઈક જાણે છે, પણ કોઈ રીતે એ અનુજને કશું જણાવતાં નથી. ભાઈની રૂમ પાસે જઈને કાચ પાસે ઊભો રહ્યો. ધીમેથી ગણગણ્યો.

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ".... ભાઈ તું આજ ભજન મનમાં ગાઈ રહ્યો છે ને! આપણા ઘરમાં સૌનું પ્રિય પ્રભાતિયું તને યાદ આવે છે ને! તને 'સ્વજન' જવું છે ને! હું તને લઈ જઈશ. અહીંથી તને સારો કરીને જ લઈ જઈશ. ત્યાં જઈને આપણે સૌ સાથે ગાઈશું. તને ખબર છે કે તારો જીવ જોખમમાં છે! તને ખબર હોય તો મને કાંઈક તો ઇશારો કર! સામે સફેદ પાટામાં વીંટાળાયેલો દેહ એમનો એમ હતો. અનુજનો જીવ કપાઈ જતો હતો. ઇન્ફેકશનની બીક ન હોત તો એ ક્યારનો અંદર પહોંચીને ભાઈને વળગી પડ્યો હોત! થોડીવારે થોભીને અનુજ બહાર નીકળી ગયો. ડૉક્ટર એડવર્ડની ઑફિસમાં ફરી ગયો. ડૉક્ટર ભાઈ પર એક બીજી મહત્ત્વની બ્રેઇન સર્જરી કરવા માગતા હતા. એ સર્જરી સફળ થાય તો ભાઈ કદાચ બોલી શકે. અનુજને ડૉક્ટર એડવર્ડ પર ભરોસો હતો. થોડા મેડિકલ પ્રશ્નો પૂછ્યા પછી એ પણ ઑપરેશન માટે સંમત થયો. વાત કરીને હૉસ્પિટલમાંથી બહાર નીકળી ગયો.

થોડા અંતરે ગ્રે કલરની ગાડી પણ નીકળી. આમ તો બધું નૉર્મલ હતું, પણ સહજ કશુંય નહોતું.



રહસ્યના અંતનો આરંભ

'F......O......H......F......M......F......F......S......

અનુજ ટેબલ પર બેસીને ફરી ફરીને ડૉક્ટરે આપેલો કાગળ વાંચી રહ્યો હતો. આનો શું મતલબ હોય શકે. આવી કોઈ કવિતા, આવું કોઈ ગીત યાદ આવ્યું નહીં. આ ગુજરાતી લાગતું નથી. ખગોળશાસ્ત્ર હોય તો એને બહુ સમજ પડે નહીં. આ નક્કી કોઈ અસહ્ય દર્દથી ઉચ્ચારાયેલા હેતુ વગરના ઉચ્ચારો છે. "ઓ...હ...માં..." એવું કાંઈ બોલવા ભાઈ જતો હશે. અડધા ગુજરાતીમાં હશે, બરાબર પકડાયા નહીં હોય અને સૉફ્ટવૅરે ભાંગરો વાટ્યો હશે.

આગળ પણ સૉફ્ટવૅર ગુજરાતી શબ્દ 'ખ' પકડી શક્યું નહીં અને અનુજ 'ખિલ' શબ્દને બદલે 'કિલ' પકડીને ચિંતામાં અડધો થઈ ગયો હતો. જો કે આ ભૂલ ન થઈ હોત તો! અનુજને કાવતરાની ખબર જ ન પડત. હજી પણ કાવતરું પકડાયું તો નથી, પરંતુ કાવતરું છે એવી ખબર ચોક્કસ પડી ગઈ છે! અનુજ પોતાની રીતે તપાસ કરતો હતો પણ અસહાય હતો. અહીં કોઈ કાંઈ બોલતું ન હતું. માહિતી પણ પૂરીપૂરી ન હતી. અનુજ એકલો પડી જતો હતો. હજી કોઈ કડી હાથ લાગી ન હતી. માર્ગી જાણતાં હતાં પણ કહેતાં ન હતાં. જ્હોન અજાણ છે. મેક્સ અજાણ છે. ડૉક્ટર એડવર્ડને કંઈ ખબર નથી. ઇન્સ્પેક્ટર અનુજ પાસેથી જાણવા ઇચ્છે છે! એમી તે દિવસ પછી મળી નથી. એમીની સલામતી માટે અનુજ પણ એનો સંપર્ક કરતો નથી. બાકી બધાં અજાણ્યાં છે. આવી વિકટ પરિસ્થિતિ છે તો પણ અનુજ પ્રયત્ન કરશે. ભાઈને સારો કરીને જ ભારત લઈ જવાનો છે. ભાઈની શોધને જાહેર કરીને પ્રતિષ્ઠા અપાવવાની છે. ભારતીય વિજ્ઞાનીના ગૌરવનો સવાલ છે. ભારતના વિજ્ઞાનીઓ જ્ઞાનની આરાધના કરે છે. આવું કાવતરું કરીને ભાઈની શોધને જાહેર ન થવા દેવાનો ઇરાદો સાફ દિલનો તો ન જ હોઈ શકે. તેની પાછળની ગમે તેટલી ઊંડી રમત હોય તેમાં પૈસા, પ્રતિષ્ઠા અને પાવર સિવાય બીજું શું હોય શકે! ભાઈનું સંશોધન પાછળનું ધ્યેય જ્ઞાન પ્રાપ્તિ સિવાય બીજું કાંઈ નહીં, એ તો અનુજ જાણતો હતો.

આ અસંગત લાગતા આલ્ફાબેટ્સની કડીનું શું મહત્ત્વ હોઈ શકે? હજી બીજો કોઈ સંદેશો ભાઈ આ રીતે મોકલી શકે? અનુજને કોઈ એક નાનકડી કડી, મદદ મળી જાય તો! એણે ભગવાનને પ્રાર્થના કરી. પછી થાકીને પ્રાર્થના અને વિચાર, એમ બંનેમાં ઓતપ્રોત થઈને સૂઈ ગયો.

ઊંઘમાં જાતજાતનાં સપનાંઓ આવ્યાં અને સાથે ચહેરાઓ પણ આવ્યા. કોઈ લાંબી કાળી ટનલમાં એ ચાલતો હતો. ખૂબ અંધારું હતું, કશુંય દેખાતું ન હતું. ફક્ત વચ્ચે વચ્ચે કોઈ આંખ, કોઈ ચહેરા, કોઈ કાનમાં આવીને શબ્દો બોલી જતા. એ બસ ચાલતો જ રહ્યો. આંધળા માણસની જેમ. હાથ ફેલાવી ને! અચાનક દૂરથી આવતી એક ગાડીનો અવાજ સંભળાયો. અવાજની દિશા ખબર નહોતી પડતી. એ ગોળ ગોળ ફરીને અવાજની દિશા પકડવાનો પ્રયત્ન કરતો હતો. અવાજ ખૂબ ઝડપથી નજીક આવતો હતો. વચ્ચે અચાનક કોઈના હસવાનો અવાજ આવતો હતો. ક્યારેક સ્ત્રીના રડવાનો અવાજ, ક્યારેક પુરુષના રડવાનો અવાજ, ક્યારેક બાળકના રડવાનો અવાજ, ગાડીનો અવાજ...સ્ત્રીનો અવાજ... પુરુષનો અવાજ... અચાનક એક ગાડી ખૂબ નજીક આવીને બાજુમાંથી પસાર થઈ ગઈ. ગાડીની અંદરની લાઇટ ચાલુ હતી. અંદર કોઈ બેઠેલું હતું. ગાડીની અંદરના પ્રકાશને કારણે થોડું દેખાયું, ફક્ત એક-બે સેકન્ડ માટે... ગાડીમાં બે માણસ હતા... એક જાડિયો, એકના હાથમાં ફોન...એ ફોન ઉપર...ગાડી...ગાડી...ગાડી ગ્રે કલરની હતી...ગાડી...

અનુજ પથારીમાં સફાળો બેઠો થઈ ગયો. સ્વપ્ન હતું. તૂટી ગયું! અનુજને આખાય શરીર પર પરસેવો વળેલો હતો. કેવું ખતરનાક સપનું હતું. એણે બેડરૂમની લાઇટ ચાલુ કરી, પાણી પીધું અને પાછો પથારીમાં બેઠો. સપનું યાદ કર્યું. સપનાંમાં સુષુપ્ત મનની ચિંતાઓ, ડર વગેરે સતાવે છે. કોઈવાર જાગ્રત મન જે અર્થઘટન નથી કરી શકતું તેવું અર્થઘટન કરે છે. સંકેતો આપે છે. અનુજ પોતાનાં સપનાં પર જ વિચાર કરતો રહ્યો. ચહેરાઓ – સમજી શકાય તેમ હતું. કારણ કે અચાનક જ ભારતીય જાણીતા ચહેરાઓ અદશ્ય થઈને જર્મન અજાણ્યા ચહેરાઓ એની સામે આવતા ગયા. સપનામાં દેખાતી એની અસહાય દશા પણ એ સમજી શક્યો. અહીં જર્મનીમાં એને અસહાય હોવાનું સતત લાગતું જ હતું. ભાષા અજાણી, લોકો અજાણ્યા, પ્રદેશ અજાણ્યા. ટનલ પણ સમજી શકાય. જ્યાં ભાઈનો ઍક્સિડન્ટ થયો હતો એ ટનલ એણે જોઈ હતી. ત્યાંથી ગાડીમાં ઘણીવાર પસાર થયો હતો એટલે એના માનસપટમાં ટનલ દેખાય તે એ સમજી શકતો હતો. અવાજ? અવાજમાં રડવાનું પણ શક્ય હતું કારણ કે સમય ખરાબ હતો. એ સતત અંદરથી રડતો હતો. હસવાનું પણ સમજી શકાય કે કાવતરાખોરો હસતા હશે એવું એને લાગતું હોય. સ્ત્રી, પુરુષ કે બાળકો પણ ઠીક છે કારણ કે તેઓ મનુષ્યો જ છે! ગાડી! ભાઈની ગાડી! ના. ગાડી ભાઈની ગાડી ન હતી. સપનામાં એને જે દશ્ય દેખાયું તે ભાઈના ઍક્સિડન્ટનું ન હતું. કોઈ બીજાની ગાડી હતી. ભાઈની જેની સાથે ઠોકાઈ એ ગાડી....ના...ભાઈની ગાડી કોઈ સાથે ઠોકાઈ જ ન હતી. તો પછી એ ગાડી....કોની? અંદર બે વ્યક્તિ, સ્ત્રી-પુરુષ...ના...ના બે પુરુષ જ હતા. ગ્રે.....કલર....હા. સમજાઈ ગયું. એણે એ ગાડી ઘણીબધી વખત જોઈ છે. એને એમ હતું કે એ ગાડી અહીં કોઈની...પણ...ના. અચ્છા...તો એ ગાડી... પેલા જર્મન બાળકના શબ્દો...never seen it before... O h my God. કોઈ એનો પીછો કરી રહ્યું છે!

કોઈ એના પર પણ નજર રાખી રહ્યું છે. Its dangerous. એનું intuition સાચું હતું. ઇન્સ્પેક્ટરની નજર પણ એટલે જ... માર્ગીની નજર...બીજું કોણ? વાત ગંભીર છે. ભાઈનો, એનો પોતાનો જીવ પણ ખતરામાં છે. એમી સાચી જ હતી. ચોક્કસ ભાઈને પણ... આ ઍક્સિડન્ટ હતો જ નહીં.

એને ખાતરી થઈ ગઈ. તેની રહીસહી શંકા દૂર થઈ ગઈ. એનો ભય સાચો છે. ભય રાખવો જરૂરી છે. અનુજના હૃદયની ધડકન વધી ગઈ! જીભ સુકાવા લાગી. મૃત્યુ જાણે આજુબાજુ ભમતું હોય તેવું જ એને લાગ્યું. ભાઈને પોતાના પર તોળાતા ભયનો જરાક પણ અંદેશો હશે? ઍક્સિડન્ટ પહેલાના છેલ્લા દિવસોમાં ફોન ન આવતા તે અનુજને યાદ આવ્યું. તે કામને કારણે હતા કે પછી ભયને કારણે? કોઈ ભાઈને બ્લેકમેઇલ કરી રહ્યું હતું? કોઈ ભાઈને દબાણ, ધાકધમકી આપતું હશે? વિચારોના ઘોડા ચારેબાજુ હણહણીને દોડી રહ્યા હતા. થોડીવારે હણહણાટી ઓછી થઈ. અનુજે મગજ ઉપર કાબૂ મેળવી લીધો. વિચારોને કાબૂમાં રાખીને સ્વસ્થ ચિત્તે વિચારવું પડશે. ભાઈને અને પોતાને બચાવીને હેમખેમ ભારત પાછા ફરવું પડશે. ત્યાં 'સ્વજન'માં સૌ રાહ જોઈને બેઠાં છે. સૌ અનુજ પર જ આધાર રાખીને બેઠાં છે. અનુજે હવે અનુજ નહીં, મોટાભાઈ બનવું પડશે. ઘરનો આધારસ્તંભ હવે પોતે છે. અનુજ પરિસ્થિતિ સમજી ગયો.

'Yes, Anuj, you can do it.' ભૂતકાળમાં ભાઈના સ્વરે બોલાયેલા શબ્દો અનુજના કાનમાં ગુંજી રહ્યા.

"હા ભાઈ. I can do it! I will do it! I am going to do it!"

નિરાશા ખંખેરી અનુજ પથારીમાંથી ઊભો થઈને ભાઈના સ્ટડી ટેબલ પર બેઠો. કાગળ-પેન લઈને બધું લખવા બેઠો. કયા લોકો હોઈ શકે છે. કઈ માહિતી તેને ઇન્ટરનેટ પરથી મળી શકે છે. Contact numbers. MPA વેબસાઇટ પર જઈને ત્યાંની માહિતી, ત્યાંના અમુક સંશોધનની સાઇટ, MPAના ઇવેન્ટ્સ, sponsers વગેરે વગેરે. વચ્ચે જઈને કૉફી બનાવી ફરી ટેબલ પર. એ જ જૂની સ્ટાઇલ. 'સ્વજન'ના ઘરનો રૂમ, સ્ટડી ટેબલ, ટેબલલૅમ્પ. આ 'સ્વજન' ન હતું. પરંતુ એ અભ્યાસની ટેવ, ભાઈએ પાડેલી વાંચનની પદ્ધતિ! બધું એ જ. એને લાગ્યું કે ભાઈ આજુબાજુ છે. હશે જ ને! આ ઘરમાં પણ ભાઈએ કેટલી રાતો અહીં આમ જ વાંચ્યું

હશે. એ ટેબલ પર, ખુરશી પર હાથ ફેરવવા લાગ્યો, પણ પછી ટટ્ટાર થઈને ફરી મંડ્યો.

સવાર થવાની તૈયારી હતી. એની પાસે કરવાનાં કામોનું લિસ્ટ રેડી હતું. આજે કોને મળવાનું, શું પૂછવાનું અને શું માહિતી ભેગી કરવાની એ બધો પ્લાન રેડી. રોજનાં કામોનું લિસ્ટ, ઘરે આવીને દિવસના કામની માહિતીની બધી ચકાસણી, તારવણી અને બીજે દિવસે... ફરી.... સંશોધનની પણ આ જ રીત હોય છે ને! ભાઈ જો હું સંશોધન કરી રહ્યો છું, પણ તારા પર જ!

સંશયાત્મા વિનશ્યતિ!

અનુજમાં એક નવું જોમ, નવો ઉત્સાહ, એક નવી આશા જન્મી. બસ આજથી શુભારંભ! નાહી ધોઈને તૈયાર થયો. એક નાની બૅગમાં નકશા, પેન, ડાયરી, કૅમેરા બધું તૈયાર કર્યું. બ્રેકફાસ્ટ બનાવવા માટે કિચનમાં ગયો. એને થયું આજે સરસ સંગીત પણ મૂકી દઉં. સવારે જેમ 'સ્વજન'માં સીડી મુકાય જાય એમ જ. એણે સીડી શોધવા માટે કબાટ ખોલ્યો. ભાઈની સવાર માટેની સીડી... એક પછી એક સીડી ઉથલાવતો ગયો..... હા નરસિંહ મહેતાવાળી સીડી જ સાંભળે. ભાઈ હૉસ્પિટલમાં પથારીમાં સૂતો સૂતો મનમાં જે પ્રભાતિયાં યાદ કરી રહ્યો હતો, એનાથી જ શરૂઆત કરે. એણે તો ગણગણવાનું પણ ચાલુ કરી દીધું: *'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ.....'*

અરે....આ શું છે? એ સીડીના કવરમાંથી એક કાગળ નીકળ્યો. ગડીવાળીને મૂકેલો હતો. અનુજે કાગળ કાઢ્યો, ખોલ્યો અને ધબ્બ દઈને ત્યાં કારપેટ પર જ બેસી ગયો. એ કાગળમાં બે જ વાક્ય જ લખ્યા હતા.

પ્રિય અનુજ, પાસવર્ડ છે : NARSINH.MEHTA_ATMAN.

Take care.

- નિમિત્ત.

તા.ક.:

પ્રિય અનુજ,

જો તું આ કાગળ વાંચી રહ્યો હોય તો પરિસ્થિતિએ નક્કી નવો વળાંક લઈ લીધો હશે. આ મારા જીવનનો કદાચ અંતિમ અધ્યાય પણ હોઈ શકે. જો એમ હોય તો તને મારા જીવનનું એક રહસ્ય મારે કહેવું જોઈએ. એક બીજી વ્યક્તિને પણ મારો સંદેશો પહોંચાડવો જોઈએ. આ સાથે બીજા બે કાગળો છે. તારા નામવાળો કાગળ તું વાંચજે. તને સમજાઈ જશે. બીજો કાગળ તારે કોઈકને પહોંચાડવાનો છે.

– નિમિત્ત

ભાઈ! આ શું! તને ખબર! તારા પર જોખમ? તારી શોધ... અનુજે એનું નામ લખેલો બીજા કાગળ ખોલ્યો, વાંચ્યો. ભાઈના જીવનના આ પાસા અંગે અનુજ અજાણ હતો. ભાઈએ ક્યારેય એ નામનો ઉલ્લેખ પણ ન્હોતો કર્યો. ભાઈ જ્ઞાનના માર્ગ પર ચાલવા માટે તેં અમૃતનો ત્યાગ કર્યો હતો! આ તે કેવો વનવાસ ભાઈ!

અનુજની આંખમાં પાણી આવી ગયાં. એકઠી કરેલી હિંમત જાણે વિખેરાઈ ગઈ. જો ભાઈએ અહીં આ સીડીમાં આવો કાગળ મૂક્યો હોય તો એનો મતલબ કે... અનુજ આગળ વિચારી શક્યો નહીં. હવે સમજાયું! ભાઈ ભલે બેભાન હોય એનું મગજ ચાલે છે. એને અહેસાસ છે કે અનુજ આજુબાજુમાં ક્યાંક છે. ભાઈએ એટલે કહ્યું કે 'અખિલ બ્રહ્માંડમાં....' ભાઈ ઇચ્છતા હતા કે તે નરસિંહ મહેતાની CD શોધે. એમાં ભાઈએ આ પાસવર્ડ લખ્યો છે. એ પાસવર્ડમાં જ ભાઈનું સંશોધન છુપાયેલું હશે. આ પાસવર્ડ શાનો હશે? ભાઈની શોધ ક્યાં હશે? ઇન્સ્ટિટ્યૂટમાં તો ભાઈની ઑફિસ સીલ કરી દીધેલી છે. વળી ત્યાં તો ભાઈ નહીં જ રાખે કારણ કે ત્યાં તો કદાચ કોમન સર્વર હશે! ભાઈનું લેપટોપ ભાઈની સાથે જ હતું એટલે એ તો કદાચ....હં....ભાઈનું લેપટોપ કોના કબજામાં હશે? ઇન્સ્પેક્ટર? ઇન્સ્ટિટ્યૂટ? કાવતરાખોર લઈ ગયા હશે? આ માહિતી પણ મેળવવી પડશે. ઘરનું કમ્પ્યૂટર? એમાં ક્યાં? અનુજને તો બેઝિક કમ્પ્યૂટર જ આવડતું હતું. પાસવર્ડ મળ્યો

પણ એ શાનો છે એ કેવી રીતે ખબર પડે? એ માટે કોણ મદદ કરી શકે?

અનુજને એટલી તો ખબર પડી ગઈ કે ભાઈની શોધ પાછળ જ કોઈ આદુ ખાઈને પડ્યું હતું. ભાઈને કદાચ એનો અંદાજો આવી ગયો હતો, એટલે એણે શોધને પાસવર્ડ બનાવીને સંતાડી દીધો હતો. હવે આ કાવતરાખોર લગભગ જર્મન હશે. એમને બાપ જન્મારે પણ નરસિંહ મહેતા જેવો કોડ સમજ પડશે નહીં. વળી અનુજને તે કોડ તરત જ ખબર પડી જાય.

અખિલ બ્રહ્માંડ એટલે નરસિંહ મહેતા. ભાઈને હૉસ્પિટલમાં અનુજની હાજરી વરતાઈ હશે એટલે એની અર્ધજાગ્રત અવસ્થામાં ભાઈ એ જ કહી રહ્યો હતો.

વાહ નિમિત્ત! વાહ! કમાલ છે. ગઈકાલની આદ્રભાવથી કરેલી પ્રાર્થનાનો જવાબ ભગવાન તેં આટલો જલદી આપી દીધો. 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે!' આંખમાં આંસુ સાથે અનુજથી આ પંક્તિ ઉદ્‌ગારાઈ ગઈ.

હજી બધું જ બાકી હતું, પરંતુ અંતનો આરંભ થઈ ચૂક્યો હતો. It was the beginning of an end. સ્વસ્થ થઈને અનુજે પ્રાર્થના કરી. બ્રેકફાસ્ટ કર્યો અને આજના દિવસનું 'Things to do'નું લિસ્ટ કાઢ્યું. ઘર બંધ કર્યું અને ગાડીમાં બેઠો. તીરછી નજરે ગ્રે કલરની પાર્ક કરેલી ગાડી પણ જોઈ. અંદર બે વ્યક્તિઓ પણ એ જ હતી. અનુજે ગાડી સ્ટાર્ટ કરી અને Rear view glassમાં નજર કરી પાછળ ગ્રે કલરની ગાડીની ઓલમોસ્ટ રાહ જોઈ! એણે ગાડીની સ્પીડ વધારી દીધી. અનુજને રસ્તો મળી ગયો હતો. ભાઈએ આવી હાલતમાં પણ અનુજને રસ્તો બતાવ્યો. બસ હવે એ ધ્યેય સુધી જરૂર પહોંચી જશે...



ધમકીભર્યા ફોન

રાત્રે નવ વાગ્યા હતા, પણ લાગતું હતું કે મધ્યરાત્રિ થઈ છે. હૉસ્પિટલ આમેય શાંત હોય છે. અત્યારે તો સામાન્ય અવરજવર પણ બંધ થઈ ગઈ હતી. નર્સ માર્ગી નાઇટ શિફ્ટમાં ડ્યૂટી પર હતાં, બીજી નર્સો ચાલી ગઈ હતી. નર્સ-સ્ટેશનમાં બેસીને માર્ગી બધી ફાઇલો અને રિપોર્ટ્સ ગોઠવી રહ્યાં હતાં. એમણે ચશ્માં પહેર્યાં હતાં અને શાંતિથી પોતાનું કામ કરી રહ્યાં હતાં. પેશન્ટ્સના વૉર્ડમાં હમણાં જ રાઉન્ડ પર જઈ આવ્યાં હતાં. બધું જેમનું તેમ જ હતું. આ ફ્લૉર પર આઇસીયુ અને સ્પેશયલ કૅર પેશન્ટ્સને જ રાખવામાં આવતા એટલે બીજા ફ્લૉર કરતાં અહીં વધારે શાંતિ રહેતી હતી. પેશન્ટ્સને મોનિટર કરતાં મશીન્સ હોવાને કારણે એમનું કામ સરળ હતું. માર્ગી તો રિટાયર થવાની ઉંમરનાં હતાં. તેઓ જ્યારે નવાં નવાં નર્સ બન્યાં ત્યારથી માંડીને તેમણે મેડિકલ ક્ષેત્રનો દરેક બદલાવ જોયો હતો. પહેલાની રીતો અને ઉપકરણો crude હતાં. જેમ જેમ ટૅક્નૉલૉજી વિકસતી ગઈ તેમ મેડિકલ ક્ષેત્રે પ્રગતિ કરી હતી. હવે તો રૉબોટિક સર્જરી પણ એમણે જોઈ. નવી ટૅક્નૉલૉજીને કારણે ડૉક્ટરનું કામ સરળ પણ થઈ ગયું અને અઘરું પણ. જાતજાતનાં મશીન હોય, ટેસ્ટ હોય, સ્કેન હોય એટલે નિદાન કરવું સરળ પડે, પરંતુ હવે ડૉક્ટર ફક્ત એમના વિષયનું જ ભણે એ ન ચાલે. એમને આ ઉપકરણો અને ટૅક્નૉલૉજી પણ જાણવાં પડે. હવેના પેશન્ટ પણ ઇન્ટરનેટ પર સર્ચ મારીને જ આવે. કોઈકવાર તો ‘અધૂરો ઘડો છલકાય ઘણો’ જેવી હાલત પણ થાય! જો અદ્યતન ટૅક્નૉલૉજી ન હોત, તો આ ફ્લૉર તો ખાલી જ હોત! આ ફ્લૉર પર બધા એવા જ પેશન્ટ હતા કે જે આજથી પાંચ વર્ષ પહેલાં જીવી જ ન શકત! આજની મેડિકલ સુવિધાના કારણે પેશન્ટ જીવી જાય ખરો અને મશીનને આધારે જીવ્યા કરે ખરો. આ ઍક્સિડન્ટવાળા વિજ્ઞાનીની જ વાત કરો ને! ઘટનાસ્થળે જ મૃત્યુ પામવો જોઈતો હતો. બધાં હાડકાં ભાંગેલાં હતાં. પાંસળીઓ પણ તૂટેલી, પરંતુ હૃદય ચાલતું હતું એટલે બચી ગયો. હવે તે માત્ર મશીનને સહારે જીવ્યા કરે છે. ફાઇલિંગ પતી ગયું એટલે માર્ગીએ કૉફીનો મગ ભર્યો. મોનિટર પર બધા ગ્રાફ એક સરખા જતા હતા. તેમના સામાન્ય બીપ સિવાય કોઈ અવાજ ન હતો. એક કલાક રહીને ફરી એક આંટો મારવાનો હતો. લાગતું હતું કે આજની રાત શાંતિથી વીતી જશે. ક્યારેક નાઇટ ડ્યૂટીમાં ખૂબ દોડાદોડી થાય. રાત્રે કામ આવે તો ઇમરજન્સીનું જ કામ આવે.

ત...ટ...ટ... અવાજ સંભળાયા. માર્ગીના કાન સરવા થઈ ગયા. છેલ્લા કેટલાય દિવસથી અચાનક આ અવાજ એમને સંભળાતો. કોઈક મશીનમાં જાણે circuitમાં પ્રૉબ્લેમ થતો હોય તેવો ઇલેક્ટ્રિક સ્ટેટિકનો અવાજ આવતો. જો ધ્યાન ન આપો તો સંભળાય પણ નહીં. માર્ગીએ આ બાબતે ડૉક્ટર એડવર્ડનું ધ્યાન દોર્યું હતું. મશીન મેઇન્ટેન્સ ડિપાર્ટમેન્ટવાળા આવીને ચેક પણ કરી ગયા હતા. મશીનમાં કોઈ ખામી જણાઈ નહોતી. પરંતુ માર્ગીએ તો ત્યાર પછી પણ અવાજ સાંભળ્યા હતા!

આ ફ્લૉર પર બધી જ વ્યક્તિઓ વી.વી.આઈ.પી હતી. મશીનની મદદથી એમને જિવાડવામાં આવી રહી હતી. સામાન્ય માણસ હોત તો આમાંના કોઈને આટલી અદ્યતન સગવડો મળત નહીં. અવાજ બંધ થઈ ગયો. થોડીવારે પાછો ચાલુ થયો. મોનિટર પર ગ્રાફમાં કોઈ મહત્ત્વનો ફેરફાર જણાતો નહીં, તો પણ માર્ગીને થયું લાવ એક આંટો મારીને જોઈ આવું. માર્ગી રાઉન્ડ પર નીકળ્યાં. છેલ્લે કૉરિડૉરમાંથી જઈને વિજ્ઞાની પાસેના

રૂમમાં અંદર જઈ ઊભાં રહ્યાં, પરિસ્થિતિ જેમ હતી તેમ જ હતી. સફેદ પાટામાં વીંટળાયેલો પેશન્ટ પણ એમ જ હતો. એની આજુબાજુના મોનિટર્સ પણ નોર્મલ રીડિંગ બતાવી રહ્યાં હતાં. બ્રેઇન એક્ટિવિટીનું રીડિંગ થોડું હાઈ હતું, પણ નોર્મલ રેન્જમાં જ હતું. આંખોનું પટપટાવાનું પણ સામાન્ય જ હતું. REM (Rapid Eye Movement) phase ચાલી રહ્યો હતો. પેશન્ટ કોઈ સપનું જોતો હશે. ચેક કરીને માર્ગી બહાર નીકળી ગયાં. પેશન્ટે આંખ ખોલી સામે જોયું. થોડીવાર સામે જોયા પછી આંખો બંધ થઈ ગઈ અને પાંપણોનું હલનચલન પણ બંધ થઈ ગયું. બ્રેન એક્ટિવિટીમાં ફરીથી પાછો ગ્રાફ દેખાયો. માર્ગી હવે જાણી ગયાં હતાં. કાલે સવારે ડૉક્ટરને ગ્રાફ આપી દેશે. ડૉક્ટર એમના કમ્પ્યૂટરમાં રન કરીને આલ્ફાબેટ્સની ચેઇન બનાવશે. આ પેશન્ટ વી.વી.આઇ.પી.ઓમાં પણ વી.આઇ.પી. લાગતો હતો. ડૉક્ટર ઉપર કેટલા ફોન આવતા હતા. માર્ગીને એમના પર થોડા દિવસો ઉપર, પેશન્ટના આવ્યાના, થોડા દિવસ થયા હશે ને, આવેલો એક ફોન યાદ આવી ગયો. અજાણ્યો નંબર હતો અને માર્ગી પોતાના ઘરે જ હતાં, એટલે કોઈએ ફોન ઉપાડ્યો નહીં. વારંવાર ફોન આવ્યો એટલે અંતમાં ઉપાડ્યો. ફોન ઊંચકીને એ હેબતાઈ જ ગયાં. આવો ફોન એમની આખી કારકિર્દીમાં આવ્યો ન હતો. અજાણ્યા નંબર પરના ફોન ઉપર કોઈ અવાજ – વિચિત્ર અવાજ, ન સ્ત્રીનો, ન પુરુષનો કહી શકાય એવો અવાજ હતો. અવાજે કહ્યું:

''તારે કેટલો વખત જીવવું છે માર્ગી?'' ["How long do you wish to live, Margi?"]

''કોણ બોલે છે? કેવો વાહિયાત પ્રશ્ન છે? હું પોલીસને રિપોર્ટ...'' ["Who is this? What a stupid question? I will report to police..."]

''પીંક બાથરોબમાં પોલીસને રિપોર્ટ કરવાનું વાજબી લાગે છે તને?'' ["Do you think you will call the police while still in a pink bathrobe?"]

''શું તમને કેવી રીતે ખબર?'' ["What? How do you know?"] માર્ગી ચમકી ગયાં. એમણે સાચે જ પિંક બાથરોબ પહેર્યો હતો. ઘરમાં એકલાં હતાં. પડદા બંધ હતા.

''ધમકી આપીને સમય વ્યય કરવાની અમારે જરૂર નથી. અમારી ખ્યાતિ અંગે શંકા હોય તો બધા જ 'અકસ્માત' અને તેમાં માર્યા ગયેલાં નામની યાદી મોકલી આપું. તને તારો 'ગંભીર અકસ્માત' ના કરાવવો હોય તો મારી વાત ધ્યાનથી સાંભળ અને અમે કહીએ તેમ કર. જે વી.વી.આઇ.પી. પેશન્ટોની કાળજી તું રાખે છે તેવી કાળજી તારી કોઈ રાખાવનું નથી. તું સમજી?'' ["Let me not waste our time in threatening you. If you want credentials about our expertise we can send all the names and the 'accidents' they met with. But if you don't want to die in a 'fatal accident' you will listen and comply with our requests. You are not as V.V.I.P as the patients you take care of. Nobody will keep you on the floor you are incharge of. Do you understand?"]

''તમારે મારી પાસે શું કરાવવું છે?'' ["What do you want me to do?"]

''હં... હવે તેં ડાહી વાત કરી. અમારે તારી પાસે કોઈનું ખૂન કરાવવું નથી. એ તો અમારું કામ છે. તારે તો અમારું એક નાનકડું કામ...'' ["That's like a good girl. Not much. No murder. That is our job, we don't delegate it. We want you to...."]

''આ મારાં મૂલ્યોથી વિરુદ્ધ છે.'' ["That is against my values."]

''સાચે જ? તારે અમારી પાસે...'' ["Really? Do you want us to...."]

''આ ખૂબ સુરક્ષિત જગ્યા છે. ત્યાં જવાની મારી...'' ["It is highly secured. I don't have access to..."]

''કેવી રીતે કરશે, તે તારી જવાબદારી છે. અમને રોજની જ માહિતી જોઈશે.'' ["How you manage is your problem. We just need the information everyday."]

''હું પ્રયત્ન કરીશ...'' ["I will try......"]

''ઠીક. અમે પણ પ્રયત્ન કરીશું કે...'' ["Sure. We will also try not to...."] ફોન મુકાઈ ગયો.

માર્ગી ખુરશીમાં બેસી ગયાં. હવે શું કરવું? વાત પરથી તો ખતરનાક લોકો લાગી રહ્યા હતા. શું એમણે આ ઘરમાં કૅમેરા મૂકી દીધા હતા? ક્યારે? ખૂબ વિચારીને એમણે એમના 'વેલ્યુસ' ને સમજાવી દીધું! જીવતા રહે તો જ એમની વેલ્યુ છે! વળી માગણી આમ તો નિર્દોષ લાગતી હતી. પેલા વિજ્ઞાની પેશન્ટની દિવસભરની માહિતી આપવાની હતી. અજુગતું કે એવું કાંઈ જણાય તો જાણ કરવાની. એમની આપેલી માહિતીનું એ લોકો શું કરે તે તેમનો પ્રૉબ્લેમ હતો. જીવ બચાવવા આટલી માહિતી આપે તે બહુ મોટી વાત ન કહેવાય ને! માર્ગીએ વિચાર્યું કે પોલીસને, હૉસ્પિટલ સીક્યુરિટીને અથવા તો ડૉ. એડવર્ડને જાણ કરે. પણ શું ફાયદો? કોણ કોણ સંડોવાયેલું છે તેની શું ખબર? વળી કદાચ પેશન્ટ બહુ ન જીવે તો! થોડાક દિવસની જ વાત છે અને સાદી માહિતી છે. ગભરાવાની જરૂર નથી. છતાંય આખો દિવસ માર્ગી ફફડેલાં જ રહ્યાં. ગૅસ ફાટવાની, શોર્ટ સર્કિટ થવાની, એમ દરેક વખતે કાંઈ અકસ્માત થશે એમ ભયનાં માર્યાં પોતાના ઘરમાં જ રહ્યાં.

રોજ હૉસ્પિટલમાંથી બહાર જાય પછી એક પબ્લિક ફોન પર ઊભાં રહેવાનું હતું. ત્યાંથી એક unregistered નંબર પર ફોન કરીને રિપોર્ટ આપી દેવાનો રહેતો. ફોન પરનો અવાજ એવું તો કાંઈ બોલી જ દેતો કે માર્ગીને ખ્યાલ આવી જતો કે પોતાના પર ચાંપતી નજર રખાઈ રહી છે. માર્ગી પોતાના જાન અંગે કોઈ પણ જોખમ ઉઠાવવા માગતાં ન હતાં. ફક્ત આ ઇલેક્ટ્રિક સ્ટેટિક અવાજનો રિપોર્ટ નહોતો આપ્યો. એમાં રિપોર્ટ આપવા જેવું જ કાંઈ ન હતું! પેશન્ટને મળવા આવનાર વ્યક્તિઓ, ફોન કરીને ખબર પૂછતી વ્યક્તિઓ, તબિયત અંગેના રિપોર્ટ અને આ આલ્ફાબેટની શૃંખલાની જ માહિતી તેમણે આપી હતી. ડૉક્ટરનો સૉફ્ટવૅર ડૉક્ટરના રૂમમાં જ રહેતો પણ માર્ગી એને યાદ રાખીને લખી લેતા અને પછી રિપોર્ટ આપે ત્યારે કહી દેતા. એ આલ્ફાબેટ શું છે તે તો ડૉક્ટરને, પેશન્ટના ભાઈને પણ ખબર નહોતી પડતી. આજે ફરી ગ્રાફ દેખાયો. કાલે ડૉ. એડવર્ડ software run કરશે એટલે એ વાંચી લેશે. આ ધમકીવાળા ફોન હવે બંધ થાય તો સારું. માર્ગીના સ્વભાવ વિરુદ્ધનું કામ હતું. વિચારતાં વિચારતાં માર્ગી પાછાં નર્સ-સ્ટેશન પર આવી ગયાં. એમને ઝોકું આવી ગયું તે દરમ્યાન પાછો સ્ટેટિક અવાજ આવ્યો. પેશન્ટની આંખ ખૂલી અને એણે સામે તાક્યા કર્યું, પણ માર્ગીને તેની ખબર પડી નહીં.



અનુજ જ્હોનને ભેટી પડ્યો

"હલો જ્હોન. આવવા બદલ આભાર." ["Hello John. Thanks for coming."] અનુજે સવારે ફોન કરીને જ્હોનને મેક્સની 'Nature Garten'માં મળવા માટે વિનંતી કરી હતી. ઘર પછીની સૌથી પોતીકી જગ્યા એને આ ગાર્ચિંગ વિલેજમાં આવેલી મેક્સની દુકાન 'Nature Garten' જ લાગી. વળી મેક્સને મળવાનું પણ એને ગમતું જ હતું. જ્હોને અનુજને મળવા માટે તરત જ હા પાડી દીધી હતી.

''હલો. અનુઝી. તને મળીને આનંદ થયો.'' ["Hi Annuze! Good to see you."] જ્હોનનો પ્રેમાળ સ્વર અનુજને ખૂબ વહાલો લાગ્યો. ત્યાં જ મેક્સ આવ્યો. એને પણ અનુજને જોઈને ખૂબ આનંદ થયો.

''હલો અનુઝી. ઘણા દિવસ પછી દેખાયો. તે દિવસે તને જોયો પણ કામમાં વ્યસ્ત હતો એટલે કદાચ મને મળ્યા વગર જ તું નીકળી ગયો.'' ["Hello Anuzee. See you after many days. I saw you the other day but then I was so busy you must have left."] મેક્સને તે દિવસે એમી આવી એટલે મળ્યા વગર જ નીકળી ગયો હતો તે યાદ આવ્યું.

''હા. તને કામમાં વ્યસ્ત જોઈ, હું નીકળી ગયો.'' ["Yaah. I saw you were very busy, so I left."] અનુજે મેક્સે આપેલું કારણ સ્વીકારી લીધું. એમીવાળી સાચી વાત આમ પણ ક્યાં કહેવી હતી.

''મેક્સ આ મિ. જ્હોન છે. તેઓ MPAમાં એડમિનિસ્ટ્રેશનના વડા છે. મિ. જ્હોન આ મેક્સ છે. આ સુંદર દુકાનના માલિક છે અને નિમિત્તના અને હવે મારા પણ મિત્ર છે.'' ["Max, This is Mr. John, He is with the MPA. He is the head of administration there. Mr. John this is Max. Owner of this wonderful shop and a friend of Nimitt, and now mine too!"]

"Hello Max." જ્હોને હેન્ડશેક કરતાં કહ્યું.

"Hello John." બંનેએ એકબીજા સાથે હૅન્ડશેક કર્યા.

''આપણા ત્રણેયને જોડતી કડી છે નામિટે, મારા સૌથી વ્હાલા ગ્રાહક કમ મિત્ર!'' ["So common between all the three of us is Nametee. I miss my most precious customer and friend."] મેક્સથી નિમિત્તને યાદ કર્યાં વગર રહેવાયું નહીં.

''આપણે સૌ તેને મિસ કરી રહ્યા છે.'' ["We all miss him."] અનુજે પણ કહ્યું.

''અનુઝી કુકીઝ સાથે આજે શું લેશે?'' ["What will you have besides your cookies Anuzee."]

''અરે મેક્સ. હું પછીથી આવીશ. થોડું કામ છે તે પતાવીને વળતાં આવીશ.'' ["Oh, Max, I'll come later. I have some work, I'll finish that and come back."]

''ઠીક. હું તારી રાહ જોઈશ.'' ["O.K . I'll wait."] મેક્સે હાથ ઉપર કરતા કહ્યું.

''જ્હોન આપણે બાગમાં જઈને શાંતિથી બેસીએ. મારે તારી સાથે અગત્યની વાત કરવી છે.'' ["Come on John. Let's go to the garden. We can sit quietly and talk. I have important things to talk."]

"Yaah. Sure." બંને દુકાનમાંથી બહાર નીકળી. ચાલતા ચાલતા ગાર્ડન તરફ ગયા. ત્યાં એક ઝાડ નીચે ટેબલ અને ખુરશી હતા ત્યાં સામસામે ખુરશી પર ગોઠવાયા. જ્હોને એનો કૉફીનો ગ્લાસ ટેબલ પર મૂકતા કહ્યું:

''અનુજ પહેલા મને જણાવ કે તું શંકાશીલ નજરે આમતેમ કેમ જોયા કરે છે? અને આટલો ગભરાયેલો

કેમ લાગે છે?'' ["Tell me Anuzee. Why are you looking suspiciously here and there and why are you so terrified?"] અનુજનો ભય અને અજંપો જ્હોનની ધ્યાન બહાર ગયો ન હતો.

''જ્હોન! વાત ગંભીર છે. દેખાઈ રહી છે તેવી પરિસ્થિતિ નથી.'' ["John! Things are serious situation is not what it seems to be."]

અનુજે જ્હોનને એક પછી એક બધી વાત કરી. છેલ્લે માર્ગી અને ગ્રે ગાડીની પણ વાત કરી. જ્હોન ધ્યાનથી એની વાત સાંભળતો જ ગયો. એના ચહેરા પર એક પણ હાવભાવ બદલાયા નહીં. અનુજે નક્કી કર્યું જ હતું કે એ જ્હોન પર સંપૂર્ણ વિશ્વાસ મૂકશે. અહીં જર્મનીમાં કોઈના પર તો એણે વિશ્વાસ મૂકવો જ પડશે. અનુજે એની અંતઃસ્ફુરણા પ્રમાણે જ્હોનને પસંદ કર્યો. આજે સવારે મળેલા પાસવર્ડ સિવાયની બધી જ વાત કરી.

''તને ખાતરી છે?'' ["Are you sure?"] જ્હોને અંતમાં પૂછ્યું.

''મને ચોક્કસ ખબર છે, ભાઈનો અકસ્માત નહોતો પણ ભાઈને મારવાનો પૂર્વયોજિત પ્રયાસ હતો. મને સંશોધન અંગે ખબર નથી પણ હત્યાના પ્રયાસ પાછળનું કારણ સંશોધન જ હતું એ વાત ચોક્કસ. ભાઈએ કોઈ મોટી શોધ કરી છે. કોઈને કે કોઈ ટોળકીને ભાઈની શોધ પ્રગટ ન થાય તેમાં રસ હતો. એ લોકોએ જ અકસ્માત લાગે તેવો હત્યાનો પ્રયાસ કર્યો. બધું પૂર્વાયોજિત હતું. નિમિત્તનો જીવ હજી જોખમમાં છે. મારી પાછળ પણ કોઈ પડ્યું છે. કોણ લોકો સંડોવાયેલા છે તેની મને ખબર નથી પણ મને પણ કોઈ ફોલો કરે છે. મને તારી મદદની જરૂર છે જ્હોન. તું મને મદદ કરશે?'' ["I am very sure. It was not an accident. It was an attempt to... murder... it was because of Nimitt's research. My brother has done some major break through research. Someone or a group of people perhaps do not want the research to be announced. That is why there was pre planned accident. It was all a strategy. He is still in dangar. I am in danger. Someone is following me. I don't know who all are involved. I need your help John. Will you help me?'']

જ્હોનના હાવભાવ બદલાયા નહોતા. બે-ત્રણ મિનિટનું મૌન પથરાયું. આજુબાજુની ચહલપહલ ચાલુ જ હતી. કૉફીનો ગ્લાસ ખાલી થયો. અનુજ ધડકતા હૃદયે જ્હોનના જવાબની, એના પ્રતિભાવની રાહ જોઈ રહ્યો હતો. અનુજે પાસવર્ડ સિવાયની બધી જ વાત કરી દીધી હતી. જ્હોન કોઈ પ્રતિભાવ કેમ નહોતો આપતો? જ્હોન પણ? ના. શક્ય જ નથી. અનુજે પોતાની જાતને રોકી. બધાં પર જ શક કેવી રીતે થઈ શકે? આખરે જ્હોને એનું મૌન તોડ્યું:

''અનુઝી! તને એમ લાગે છે કે હું અત્યાર સુધી તારી મદદ નહોતો કરી રહ્યો?'' ["Anuzee. Do you think I was not helping you uptil now?"] જ્હોને મંદ સ્મિત કરતા એ જ શાંત અવાજે કહ્યું.

''હા તું એરપોર્ટ પર મને લેવા આવ્યો. અહીં બધે ફેરવ્યો. કાર ભાડે કરવામાં મદદ કરી. આ અજાણી ભૂમિ પર તેં બધી જ રીતે મને મદદ કરી. નિમિત્ત તારા પર વિશ્વાસ કરતો હતો. હું તારા પર વિશ્વાસ મૂકું છું એટલે તું અમને મદદ તો કરી જ રહ્યો છે ને!'' ["Yes of course you were helping me. You came at the airport, You showed me around, you hired the car for me. You helped me in all possible ways. Nimitt trusted you, I trust you, so yes of course you are helping me."]

જ્હોન આંખમાં ચમક, ચહેરા પર મંદસ્મિત સાથે અનુજ સામે રહસ્યમય ભાવ સાથે જોઈ રહ્યો હતો. અનુજનો અજંપો વધી રહ્યો હતો. ફરી એકવાર આવા જ ભાવ સાથે એણે પૂછ્યું.

''અનુઝી તને એમ લાગે છે કે હું તારી મદદ નથી કરી રહ્યો કે હું નામિટેની મદદ નહોતો કરી રહ્યો?'' ["Anuzee do you think I was not helping you. Do you think I was not helping Nametee?"]

''હા જ્હોન. તું મદદ કરી રહ્યો છે પણ હવે મને અલગ પ્રકારની મદદની જરૂર છે પ્લીઝ.'' ["Yes John. You were. But now I need different kind of help. Please.''] અનુજે ફરી વિનંતીના સૂરમાં કહ્યું. જ્હોનની મદદ વગર અહીં બચવું અને ભાઈને બચાવવો અશક્ય હતું.

''અનુઝી તને આમતેમ ફરવા લઈ જવો, લોકોને મળવા લઈ જવો એ મદદ નથી. એ તો મારો આનંદ છે પણ... થોભ...'' ["Anuzee, showing you around, meeting people with you, getting you things is not a help, it is a pleasure! but.....wait...."]

એણે ગજવામાંથી ફોન કાઢ્યો અને એક નંબર લગાવ્યો. જર્મન ભાષામાં વાત કરી એટલે અનુજને સમજ ના પડી. વળી અવાજ પણ ધીમો હતો. ત્યાં જ અચાનક સામે રસ્તા પર ગ્રે કલરની ગાડી આવીને ઊભી રહી. અનુજ ખુરશીમાંથી ઊછળીને ઊભો જ થવા જતો હતો ત્યાં જ્હોનનો મોટો હાથ ખભા પર પડ્યો. એને બેસવાનું કહ્યું. અનુજ ગભરાઈ ગયો. ગાડીમાંથી ઊતરીને એક જાડો માણસ એ બંને તરફ આવ્યો. અનુજના ગળામાંથી શબ્દો જ નીકળ્યા નહીં! જ્હોન...એ...પણ... અશક્ય. આ એનો પીછો કરતા હતા એ જ માણસો હતા.

Oh...no! જ્હોન... અનુજ ખુરશીમાં જ ફસડાઈ પડ્યો. હવે ડૂબવાનું જ હતું. જ્હોન એના હાવભાવ જોઈ રહ્યો હતો. એ જ મંદ સ્મિત સાથે. આટલો પ્રેમાળ ચહેરો પણ આવો નીકળી શકે છે! અનુજ ભયથી મનોમન બોલી ગયો.

''તો અનુઝી શું હું તને અને નામિટેને અત્યાર સુધી મદદ ન્હોતો કરી રહ્યો?'' ["So Anuzee tell me. Was I not helping you and Nametee up till now?"]

''મતલબ? આ લોકો? તું...?'' ["Means, these people? you?"] અનુજના શબ્દો ગળામાં જ ગૂંગળાઈ ગયા.

જ્હોન પેલી વ્યક્તિ સાથે વાત કરવા લાગ્યો. ભાષા જર્મન હતી. અનુજને બે-ત્રણ શબ્દો માંડ સમજ પડ્યા. વાતચીત પતી એટલે અનુજની સામે ડોકું હલાવીને એ પાછો જતો રહ્યો. ગ્રે વાનમાં બેઠો અને વાન ત્યાંથી નીકળી ગઈ. અનુજની આંખો પહોળી તે પહોળી જ રહી ગઈ. એણે જ્હોન તરફ જોયું.

''શાંત થા અનુઝી. આ મારા લોકો છે. તેઓ તારી સલામતી માટે, મારા કહેવાથી તારો પીછો કરે છે. રાત્રે તારા ઘરની બહાર જ રોકાય છે. નામિટે હતો ત્યારે પણ તેઓ આમ જ કરતા હતા'' [Relax. Anuzee. They are my people. They are for your protection. I have instructed them to follow you. They even stay outside your house at night. They did the same for Nametee too!"] જ્હોને અનુજને આશ્વાસન આપ્યું.

''કેમ?'' ["W hy?"]

''મેં તને કહ્યું જ છે કે નામિટે મારો પ્રિય છે, મારા નાના ભાઈ જેવો છે. MPAમાં બધા બુદ્ધિશાળી વિજ્ઞાનિઓ કામ કરે છે. હું તો ફક્ત ઍડમિનિસ્ટ્રેશનમાં કામ કરું છું. બીજા બધા વિજ્ઞાનિઓને અમારી કોઈ દરકાર નથી. તેઓને મન અમે એક મશીન જેવા જ છીએ. નામિટે હંમેશાં મારો આદર કરતો, મને કુટુંબની જેમ ગણતો, મારી સાથે વાતો કરતો. મારા માટે બાકરવડી પણ લાવતો. ક્યારેક અમે સાથે કૉફી પણ પીતા. મને તેના માટે આદર અને લાગણી છે.'' ["I told you already. Nametee is like my younger brother. My favourite, You see, my role at MPA is just administration. The

other Scientists don't care about us. For them we are no more than the machines. Nametee was the only person who respected me and greeted me, treated me like a family. We often shared coffee. He would bring 'Bakarvadee.' I do care for him."] નિમિત્તના સાલસ સ્વભાવની સુગંધે જ્હોનનું હૃદય જીતી લીધું હતું.

ત્યાં જ પેલો જાડો માણસ ફરી દેખાયો. ગાડીમાંથી ઊતરી એ લોકો તરફ આવ્યો. હાથમાં એક થેલી હતી. એણે થેલી ટેબલ પર મૂકી, અભિવાદન કરીને જતો રહ્યો.

''આ લે અનુઝી. તારા મનપસંદ બર્ગર અને કૉફી.'' ["Here. Anuzee. Your favourite burger and coffee."] એણે પોતાને માટેનું અને અનુજ માટે મંગાવેલું ખાવાનું ટેબલ પર મૂક્યું.

''અકસ્માત થયો તેના કેટલાક દિવસો પહેલાં જ મને શંકા થઈ હતી. નામિટેનું વર્તન બદલાઈ ગયું હતું. તે તાણમાં રહેતો હતો. જેમ જેમ હું બારીકાઈથી જોતો ગયો તેમ તેમ હું ચોક્કસ થતો ગયો. 'કોઈ વાત એને પજવી રહી હતી' અહીં આ વિજ્ઞાનિઓની દુનિયા મેં જોઈ છે. હવે તો રિટાયર થવાને આરે છું. તેમની લાલચ, તેમની અસલામતી, ઈર્ષા મેં જોઈ છે. મારી છઠ્ઠી ઇન્દ્રિય સજાગ થઈ ગઈ. મેં તેની સલામતી માટે મારા આ માણસો રોક્યા. તેઓ એની પાછળ જતા. તું આવ્યો ત્યારે શરૂઆતમાં તારા ઉપર પણ મેં શંકા કરી હતી. પરંતુ, બે-ત્રણ દિવસમાંજ મારી શંકા દૂર થઈ ગઈ. તું પણ તારા ભાઈ નામિટે જેવો જ પ્રેમાળ અને સંસ્કારી લાગ્યો. મને લાગે છે કે મારે તારા માતા-પિતાને મળવા ભારત આવીને બાળઉછેર અંગે જાણવું પડશે.'' ["I knew something was amiss before accident when Nametee's behaviour changed. I could sense he was tense. The more I observed him, the more I was sure. I am nearing my retirement, Anuzee. I know things around here. I may not be good at physics but I am good at human behaviour. I know the world of Scientists, their insecurities, their envy, their fear, their pettiness and every thing. My sixth sense was altert. I started 'Helping' him. These are my people. They almost followed him. When you came here I was not sure. I did suspect you for a while but within two days. I realized thet you are also like Nametee, Lovable and respectable. I must come to India, just to meet your parents! To take tips from them about parenting."]

મમ્મી ગર્ભાવસ્થા દરમ્યાન સતત રામાયણ વાંચતી હતી એટલી એને ખબર હતી.

''હવે?'' અનુજે આગળ પૂછ્યું.

''અકસ્માત થયા પહેલા જ મને ગંદી રમતની શંકા હતી. કોઈ બનાવ પહેલા પણ મેં મારી 'મદદ' શરૂ કરી દીધી હતી. અકસ્માતના દિવસે મારા માણસો એનો પીછો કરી રહ્યા હતા. તેમણે ગાડીને ટનલમાં પ્રવેશતાં જોઈ. ટનલની અંદરનો અકસ્માત હજી રહસ્યમય જ છે. પોલીસની વાનને આવતી જોઈને કોઈને શંકા ન જાય તે માટે તેઓ ત્યાંથી નીકળી ગયા. તારા આવ્યા પછી તેઓ તને 'મદદ' કરી રહ્યા છે. હું તને 'મદદ' કરી જ રહ્યો છું.'' ["I suspected fowl play even before the accident. I was 'Helping' him without anything actually happening. On that day, these people were following him and they saw the car entering the tunnel. what happened in the tunnel remains a mystry, they left just as they saw the police car approaching, not to raise any suspicion. They are 'Helping' you after you came. I am helping you."] જ્હોને કહ્યું. અનુજ અવાક્ બનીને સાંભળી રહ્યો હતો.

''આ તારા માણસો છે? તેં ભાડેથી રાખ્યા છે?'' ["These are your men. Did you hire them?"]

‘‘એ એક બીજી જ લાંબી વાર્તા છે. મને તારા તરફથી આવા મતલબનો ફોન આવશે તેની ખાતરી હતી. મને ખાતરી હતી કે તારી શંકા પણ સળવળશે, એટલે જ જ્યારે તેં કીધું કે તારે સ્વતંત્રપણે ફરવા માટે ગાડીની જરૂર છે તો મેં તરત તેની વ્યવસ્થા કરી દીધી. પણ મને જણાવ કે આ બે માણસો ગ્રે ગાડીમાં તારો પીછો કરે છે તે તેં કેમ જાણ્યું. આ બે તો શ્રેષ્ઠ છે!’’ ["Well. Well. That is another long story. I was actually waiting for your call of this type. I knew you would start suspecting things over here. That is why when you said you wanted to move around independenty, I managed for the car. I thought that you would do your own investigation and eventually call me. But tell me how did you know that these two were following you in the grey car. I mean they are the best men!"] જ્હોન હસ્યો.

‘‘હું તો આવી બાબતોમાં ડોબો છું પણ મારું અર્ધજાગ્રત મન કદાચ એટલું ડોબું નથી!’’ ["I am dumb in these matter John. But may be my subconscious is not so dumb."] અનુજે જ્હોનને એના સ્વપ્નની વાત કરી. અનુજને હવે જ્હોન પર પૂરેપૂરો વિશ્વાસ બેસી ગયો. ભગવાનને કરેલી પ્રાર્થનાનો જવાબ જ્હોન હતો!

ભગવાને આપણને મદદ કરવી હોય તો એ આવી જ ‘મદદ’ મોકલે ને! કાંઈ પોતે પીતાંબર પહેરીને વાંસળી વગાડતાં ન આવે!

અનુજે એની બૅગમાંથી રાત્રે કરેલું ‘હોમવર્ક’ કાઢ્યું. લિસ્ટ, માહિતી બધી જ વાતો કરવામાં બંને પડ્યા. જ્હોન પણ અનુજથી ઇમ્પ્રેસ થયો અને બધી જ વાત સાંભળી. અનુજે જ્હોનને છેલ્લે પાસવર્ડવાળી વાત પણ જણાવી, પરંતુ જ્હોને પાસવર્ડ જાણવાની ઉત્સુકતા પણ બતાવી નહીં. અનુજને જ્હોન પર સંપૂર્ણ વિશ્વાસ આવી ગયો.

અજાણી ભૂમિ પર, અજાણ્યા લોકો વચ્ચે અણધારી આપત્તિમાં અનુજને જ્હોન મળી ગયો. કોણે કહ્યું કે ભગવાન નથી! કોણે કહ્યું કે પ્રાર્થના ફળતી નથી!

જ્હોને અનુજની બધી વાત સાંભળીને ત્રણ-ચાર ફોન કર્યા. અલબત્ત બધા જર્મનભાષામાં જ હતા. જ્હોને પણ પોતે જે સ્વતંત્ર તપાસ કરી હતી તેની માહિતી જણાવી દીધી. બંનેની વાતોના તાળા મળતા હતા. હવે એ લોકોની પણ એક ટીમ બની ગઈ! ‘એ લોકોની’ સામે હવે અનુજ અને જ્હોનની ટીમ પણ ઊભી હતી. ફોન ઉપર વાત પતાવીને જ્હોને કહ્યું:

‘‘આપણને જોઈતી માહિતી કાલ સુધીમાં મળી જશે. ત્યાં સુધી તું તારી રીતે અને હું મારી રીતે તપાસ કરું. આપણે ફરી પાછા કાલે મળીએ.’’ ["We will get our imformation by tomorrow. In the meantime you continue with your plan and I continue with my plan. See You then. We meet again tomorrow, and make plans."] જ્હોન હૅન્ડશેક કરીને જવા માટે ઊભો થયો.

‘‘થોભ.’’ ["Wait."]

અનુજ ઊભો થઈ જ્હોનને ભેટી પડ્યો.

‘‘આભાર જ્હોન. તું મારી પ્રાર્થનાનો જવાબ છે.’’ ["Thanks John. You are an answer to my prayer."]

‘‘અરે એમાં શું. તું અને નામિટે મારા પ્રિય છો!!’’ ["Oh. Its O.K. I love Nametee and you bro."] જ્હોને જતાં જતાં કહ્યું.

અનુજે બે હાથ જોડી આકાશ તરફ જોયું!



THE AGENCY

પબના અંધારિયા વાતાવરણમાં માર્શલ એક ખૂણાના ટેબલ પર બેઠો હતો. સામે એક બીજો માણસ હતો. બંનેની સામે ટેબલ પર મોટા ગ્લાસમાં બિઅર હતો. પબમાં મ્યુઝિક અને ચહલપહલ હતી. બંનેનું ધ્યાન વાતચીત પર જ હતું. માર્શલની સામે બેઠેલો માણસ વિશાળકાય હતો અને એની આંખો લાગણીવિહીન હતી. એ સીધી લીટીનો માણસ ન હતો. માર્શલ કેટલાંક ખતરનાક કામો કરાવતી 'ધી એજન્સી' ચલાવતો હતો, પરંતુ પોતે વ્યવસ્થિત બિઝનેસમેન જેવો જ લાગી રહ્યો હતો.. એજન્સીને એ બિઝનેસની જેમ જ ચલાવતો હતો. Good service, better profit and best agency! આ જ એનો સિદ્ધાંત હતો.

''હગ. ગયા અઠવાડિયે તેં શું કર્યું તેનો રિપોર્ટ મને આપ.'' ["Hugh, Tell me the report of the week, what have you done?"] બિઅરનો મોટો ઘૂંટ ભરતા હગને માર્શલે પૂછ્યું.

''પરિસ્થિતિ સંપૂર્ણ રીતે આપણા કાબૂમાં છે. બધા મુખ્ય માણસો ઉપર નિયંત્રણ મેળવી લીધું છે. હવે શું કરવાનું છે તે કહો.'' ["The situation is totally under control. We have caught hold of key persons, what do you want us to do now?"]

''મને હજી કોઈ આદેશ મળ્યો નથી. પણ હગ ધ્યાન રહે કે હું જાતે તને કહું નહીં ત્યાં સુધી તારે કાંઈ કરવાનું નથી સમજ્યો. હું કહું નહીં ત્યાં સુધી. તેમાં કોઈ ભૂલ કરતો નહીં.'' ["I haven't received any communication about that. But Hugh you will not do anything till I personally tell you. Understand? Till I personally Tell You. Make no mistake."]

''ચોક્કસ પણ ઘણો સમય થઈ ગયો. માર્ગી આપણા હાથમાં છે, તેની મદદથી હોસ્પિટલવાળા પેશન્ટનો જીવ લેવામાં તો થોડીક જ મિનિટો લગાડે. તેનો ભાઈ તો લાગણીશીલ મૂર્ખ છે. તેને કાંઈ સમજ પડતી નથી. ગાર્ચિંગ વિલેજ અને હોસ્પિટલના આંટા માર્યા કરે છે. મેક્સ અને જ્હોનને મળ્યા કરે છે. તે દિવસે હોસ્પિટલમાં માર્ગીને પ્રશ્નો પૂછતો હતો પણ માર્ગી, ડાહી અને ઘરડી ડોસી આપણા કહ્યામાં છે એટલે ચિંતા નથી.'' ["Sure, but its taking too long. We could kill the patient in the hospital in few minutes with nurse Margi in our control. The brother is an emotional fool. He anyway does not know much. He is just fooling around the places here and there. Garching village, Max, hospital and that John. That's all he knows and does. He was asking questions to Margi in the hospital but of course the nurse is too petrified not to obey our instructions. She is an old pussy cat."]

''તું હંમેશાં બીજા લોકોને ઓછા સમજે છે હગ. દરેક વખતે આ ભૂલ કરે છે.'' ["You always under estimate people Hugh. That's your mistake all the time."]

''આ વખતે મેં એવી કઈ ભૂલ કરી? દરેક વખતે હું ધાર્યું પરિણામ આપું છું ને! શું હું 'ધી એજન્સી'નો શ્રેષ્ઠ નથી?'' ["Whom did I underestimate this time? I have delivered results everytime. Have I not? I am the best in the agency. Am I not?"]

''તું પરિણામ આપે છે કારણ કે મારી પાસે બૅક-અપ પ્લાન તૈયાર હોય છે.'' ["You give results because I always have my back up plan."]

''મતલબ કે તું મારો પીછો પણ કરતો હોય છે.'' ["You mean you shadow me too!!"] હગને આ

વાત ગમી નહીં. જાડી બુદ્ધિનો જાડો માણસ!

"તારો નહીં. પરિણામનો. પ્લાનનો. ગ્રાહકને આપેલા પ્રોમિસનો!" ["Not you but the result, the plan, the customer – promise."]

"આ વખતે મારી એક ભૂલ તો બતાવી જો!" ["What is my flaw this time? Show me one?"]

હગને ભરોસો હતો.

"તને ખબર છે કે આપણે પીટરને 'ઊંચક્યો' પછી ઍમી અનુઝીને મળવા ગાર્ચિંગ વિલેજ ગઈ હતી. એ બંને વચ્ચે લાંબી વાતો થઈ હતી. અત્યાર સુધીમાં તો અનુઝી અકસ્માત અંગે શંકા કરતો થઈ ગયો હોઈ શકે. આ મોટી ભૂલ છે હગ!" ["Did you know after Peter was picked up, Amy met Anuzee at Garching village? They had a long talk. Anuzee may, by now, must have started doubting the 'normal' accident? That was a big mistake Huge."]

"શું વાત છે? ઍમી અનુઝીને મળી? ક્યારે?" ["What? Amy met Anuzee? When?"]

હગને જોરદાર ઝાટકો લાગ્યો.

"પીટરને લાગમાં લીધા બાદ." ["After Peter was picked up!"] કિડનેપ જેવો શબ્દ આ લોકો વાપરતા નહોતા.

"અરે ભગવાન! તો તો એ પણ ખતરો છે. આપણે ઍમીને પણ..." ["Oh my God. Then she is dangerous. Amy must also..."]

"તે પણ હવે 'ધ એજન્સી' પાસે છે" ["She is already with 'The Agency' now."]

"O h... O h..." હગને હવે ખબર પડી કે માર્શલ કેમ બૉસ હતો ને 'ધ એજન્સી' કેમ બેસ્ટ હતી.

"હવે આગળ શું કરવાનું છે?" ["What do we do now?"] હગને તો ફટાફટ કામ કરવાનું ગમે. તેનું ચાલે તો અત્યાર સુધીમાં તો નિમિત્ત, અનુજ પીટર અને ઍમી સ્વર્ગ – સૉરી નરકમાં પહોંચી ગયાં હોત! હગને ટોર્ચર કરીને મારવાનો શોખ હતો.

પણ માર્શલ એવો નહોતો. એને મારવામાં નહીં 'કસ્ટમર સર્વિસમાં' રસ હતો. એ તો 'The agency' નામે બિઝનેસ કરી રહ્યો હતો!

"આપણે રાહ જોઈએ." ["We wait."] માર્શલે શાંતિથી બિઅરનો ગ્લાસ ખાલી કર્યો.

"મને આ રાહ જોવાવાળી વાત બિલકુલ પસંદ નથી. ઍમી અને પીટર શું બક્યાં? તેં કંઈ યુક્તિઓ વાપરી? થર્ડ ડિગ્રી?" ["That is what I don't like. what did Peter and Amy blurr out? What techniques did you use? Third degree?"]

"મને પરિણામમાં રસ છે. ટ્રુથ સિરમ વડે હવે ખગોળશાસ્ત્ર સિવાયની બધી બાબતોથી વાકેફ છું." ["I am focussing on the result. The truth serum was enough! I know everything they know minus Astrophysics!"] એણે બીજા ગ્લાસ માટે ઇશારો કર્યો.

"શું બંને બીજો પણ લાગમાં લેવાયો છે એ જાણે છે?" ["Do they both know that the other one is 'picked up'?"]

"ઍમી પીટર અંગે તો જાણે જ છે. પણ પીટરને ઍમી અંગેની ખબર નથી." ["Amy of course knows Peter was, but Peter does not know about Amy."]

"Hm... Hm..."

"તે સારું છે. આપણે તેમને એકબીજાંની સામે વાપરીને વધુ માહિતી કઢાવી શકીએ." ["That is better. We can verify the facts, using them both against each other."]

"Hm... Hm..." હગ સમજી ગયો કે મિટિંગ પતી ગઈ છે. બાકી રહેલો બિઅર ગટગટાવીને એ ઊભો થઈ ગયો.

''પછી મળીએ અને રાહ જોઈએ!'' ["See you then. We must wait."] મોં ઉપર અણગમાના ભાવ સાથે બિઅરનો ગ્લાસ ટેબલ પર જોરથી મૂકી હગ બહાર નીકળી ગયો. માર્શલ બેઠેલો જ રહ્યો. બાજુના ટેબલ પર કેટ બેઠેલી હતી તે ઊભી થઈ. માર્શલ કે હગને એની ખબર પડી નહોતી કારણ કે ટેબલની વચ્ચે પાર્ટિશન જેવું હતું. માર્શલને નવાઈ લાગી નહીં કારણ કે આ બિઝનેસ એવો જ હતો. નેહલે કે ઉપર દેહલા અને દેહલા ઉપર...?

"Hi!" કેટે હગની જગ્યા લઈ લીધી.

"So?" કેટે એની ભ્રમર ઊંચી કરતાં પૂછ્યું.

''રાહ જોઈએ. તેં સાંભળ્યું ખરું?'' ["We wait. You already heard that, didn't you."]

''હા. પણ શોરબકોર હતો.'' ["Yes. But the noise was loud."] માર્શલને ખાતરી હતી કે કેટે બધું જ સાંભળ્યું છે. ફરી બધું કન્ફર્મ કરવા આવી છે.

''હવે શું આદેશ છે?'' ["What are the instructions now?"] કેટ સાથે જ માર્શલની વાતો થતી. રિપોર્ટ પણ બધા એને જ પહોંચતા હતા.

''મિ. કર્લક મને કહે એટલે તને જણાવું.'' ["I will tell you when Mr. Clarke tells me."]

''મારી વાતો છાનીમાની કેમ સાંભળતી હતી. મારી જાસૂસી કરે છે?'' ["Why were you overhearing? Are you spying on me?"]

માર્શલને કેટની આવી રીતો ગમતી નહીં. ધારે તો એ પણ કેટની ઉપર જાસૂસી કરાવે! I n fact એણે કરાવવી જોઈએ. માર્શલના ક્લાયન્ટ મિ. ક્લર્ક હતા. એના બોસ પણ એ જ. કેટ તો ફક્ત સેક્રેટરી હતી. ચા કરતાં કિટલી તપે એ કાંઈ માર્શલ સહન ન કરે!

''હું ફક્ત મારી ફરજ બજાવી રહી હતી.'' ["I was doing my job!"] કેટ પણ આવી રમતોમાં માહીર હતી. ગભરાઈ જાય તેવી ન હતી.

''હજી કેટલો વખત રાહ જોવી પડશે?'' ["How long do we wait?"]

''હું એ કહેવા આવી કે હવે ગમે તે ઘડીએ તૈયાર રહેજે.'' ["I just came to tell you: Be prepared, any moment now..."]

''મિ. કલર્ક મને જાતે કહેશે. મારી એમની સાથે વાત થઈ ગઈ છે કે છેલ્લો ઑર્ડર હું તેમની પાસેથી જ લઈશ.'' ["Mr. Clarke will tell me personaly, I will take the final call from him and Him alone. He knows that"]

''ચોક્કસ. નો પ્રૉબ્લેમ!'' ["Sure. No problem!!"] કેટ ત્યાંથી ઊઠીને જતી રહી અને માર્શલ એને જતી જોઈ રહ્યો!



હેપી મમ્મી !

"બસ આજના દિવસનું કામ બંધ કરીએ કૅટ." ["Let me call it a day, Kate."] કેટે બતાવેલી ફાઇલો પર સહી કરતાં મિ. ક્લર્ક બોલ્યા.

"Sure. Sir."

મિ. ક્લર્ક ઊભા થયા એટલે કેટે એમને એમનો કોટ પહેરવામાં મદદ કરી.

''આભાર કૅટ. કાલે મળીએ.'' ["Thank you Kate. See you tomorrow morning."]

હંમેશની આદત મુજબ ટેબલ એમનું એમ મૂકી મિ. ક્લર્ક ઑફિસમાંથી નીકળી ગયા. કેટ હતી ને! કેટે એની રોજની આદત મુજબ ફાઇલો અને કાગળિયાં ગોઠવી દીધાં અને ટેબલ વ્યવસ્થિત કરી દીધું. ફોન ઉપાડ્યો. નંબર જોડીને વાત કરી દીધી અને ખુરશી સીધી કરીને ઑફિસની બહાર નીકળીને ઑફિસ બંધ કરી દીધી. ઘરે જતાં પહેલાં બાથરૂમમાં ફ્રેશ થવા ગઈ. અરીસા સામે ઊભી રહીને વાળ સરખા કર્યા અને મેકઅપ સરખો કર્યો. ટૂંકા, બ્લન્ટ કરેલા વાળ હતા. નેવી બ્લ્યુ કલરનું સ્કર્ટ અને સફેદ ટક-ઇન કરેલું શર્ટ, ગળામાં મોતીની માળા હતી. હાઇ હિલ્સનાં સેન્ડલ પહેરેલાં હતાં. આખરે એ મિ. ક્લર્ક જેવા મોટા ઉદ્યોગપતિની પર્સનલ સેક્રેટરી હતી. મોંઘાં કપડાં, દેશ-વિદેશનો પ્રવાસ, પાવર, પોઝિશન બધું જ એની પાસે હતું. પરંતુ સામે અરીસામાં જે પ્રતિબિંબ દેખાતું હતું તેમાં કોઈ પાવર કે પોઝિશન દેખાઈ રહ્યાં ન હતાં. લોઅર મિડલ ક્લાસમાંથી સંઘર્ષ કરીને ઉપર પહોચેલી એ મૉડર્ન સ્ત્રી હતી, પરંતુ સામેના પ્રતિબિંબમાં દેખાતી સ્ત્રીની આંખમાં તો એક દર્દ હતું. એની આંખમાં એકલતા દેખાઈ રહી હતી. Rest રૂમની બહાર જે સુપર efficient, in charge સ્ત્રી હતી તે કેટ અત્યારે તો એક તરછોડાયેલી સ્ત્રી અને એકલા હાથે બાળક ઉછેરનારી માતા હતી.

આખો દિવસ ઑફિસમાં કામ હોય છે. બધી એકલતાને એણે કાર્ય- દક્ષતામાં પલટી નાખી હતી. એક સેકન્ડ માટે પણ તે કામ વગરની રહેતી નહીં, પરંતુ જેવું કામ પતે એટલે એકલતા એને ઘેરી વળતી. સૂનકાર એની આજુબાજુ વીંટળાઈ વળતો. એકલતા અને સૂનકારથી બચવા માટે એ વધારે કામ કરતી. ઘરે એના બાળક જોશુઆ માટે રાખેલી આયા માર્થા પ્રત્યે એને ઈર્ષા આવતી. એ આયા માર્થા એકદમ સરળ, થોડી બુદ્ધુ કહી શકાય એ પ્રકારની આયા હતી. જોશુઆને ખૂબ વહાલથી રાખતી. જોશુઆ પણ એની સાથે હળીભળી ગયેલો. મિ. ક્લર્ક સાથે એણે બહારગામ, દેશ-વિદેશ જવાનું હોય, તો પણ માર્થા જોશુઆને સાચવતી. આજે એણે ઑફિસ વહેલી છોડવી પડે તેમ હતું. એણે જોશુઆને સ્કૂલેથી લેવાનો હતો. 'પેરેન્ટ્સ મીટ' હતી. એણે કોઈની રજા લેવી પડે એમ તો હતું નહીં. સ્કૂલમાં જઈ ટીચરને મળીને જોશુઆને લઈને ઘરે જશે. કદાચ જોશુઆ કહે તો પોતે બહાર પાર્કમાં ફરવા, ખાવા જશે. આજે અડધો દિવસ એને માર્થા જેવું જ સુખ મળશે!

તૈયાર થઈને એ રેસ્ટ રૂમમાંથી બહાર નીકળી. મિ ક્લર્કની બાજુમાં આવેલી પોતાની ઑફિસનો દરવાજો બંધ કર્યો અને લિફ્ટ લઈને નીચે પાર્કિંગમાં ગઈ. ગાડી સ્ટાર્ટ કરીને સ્કૂલ તરફ ગાડી વાળી લીધી. ગાડીની સાથે સાથે જાણે એનો ભૂતકાળ પણ સાથે ચાલવા માંડ્યો!

ગરીબ કહી શકાય એવા મધ્યમ વર્ગમાં જન્મ. મા-બાપને હંમેશાં ઝઘડતાં જ જોયાં. મા-બાપ બેમાંથી એકની તો નોકરી હોય જ નહીં. ભણવામાં હોંશિયાર પણ ઘરમાં ભણવાનું વાતાવરણ જ નહીં. ઉંમર થતાં જ એ ઘરમાંથી, જેલમાંથી ભાગતી હોય તેમ ભાગી ગઈ. મુક્ત જીવન, નાની મોટી નોકરી, એક પછી એક અફેર્સ અને એક પછી એક બ્રેક-અપ્સ! જે પણ મળે તે નોકરી કરી લેવાની, ઓછા ભાડાની રૂમમાં રહેવાનું બસ! એવામાં એક રેસ્ટોરાંમાં વેઇટ્રેસ તરીકે કામ કરતી હતી ત્યાં એને એક સાથી મળી ગયો. લાગ્યું કે હવે કિનારો

મળી જશે. થોડા દિવસ સુખ-શાંતિ પણ મળી. એક દિવસ ખબર પડી કે પોતે પ્રેગ્નંટ છે, એકાએક સંબંધ બદલાઈ ગયો! પેલાએ લગ્નની ના પાડી દીધી. એક રાતે ચાલ્યો ગયો. ફરી ક્યારેય દેખાયો નહીં. એકલી, પ્રેગ્નંટ કેટ બદલાઈ ગઈ. જૂના મુક્ત વાતારણમાં જઈ ન શકી. જેમતેમ જાતને અને પેટમાં રહેલા બાળકને સાચવતી. બાળકને જન્મ આપીને કામ કરતી થઈ ગઈ. જિંદગીએ જે પાઠ ભણાવ્યા તે ભણતી ગઈ. હોંશિયાર તો હતી જ. પાર્ટ ટાઇમ નોકરી, જોશુઆ સાથે રાત્રિ કૉલેજમાં ભણતી પણ રહી. નોકરીમાં ઉપર ને ઉપર ચડતી ગઈ. એક હોટલમાં મૅનેજર હતી. ત્યાં મિ. ક્લર્ક આવેલા. કેટની કાર્યક્ષમતાનો પરિચય થયો અને એમણે કેટને નોકરી પર રાખી લીધી. ત્યાંથી ઉપર ચડતાં ચડતાં મિ. ક્લર્કે એમની પર્સનલ સેક્રેટરી બનાવી દીધી. બસ ત્યાંથી એની જિંદગી એટલે મિ. ક્લર્કની ઑફિસ, ઘર અને જોશુઆ!

શાળાનું મકાન આવી ગયું. ગાડી પાર્ક કરીને એ શાળામાં જોશુઆના ટીચરને મળી. રિપોર્ટ તો સારો હતો, જોશુઆ ભણવામાં સારો હતો. બીજી કોઈ ફરિયાદ ન હતી. જોશુઆને લઈને બહાર આવી. ગાડીમાં બેસાડીને એ નીકળી.

"જોશુઆ તારું પરિણામ તો સરસ આવ્યું છે ને! મમ્મા તો બહુ ખુશ છે. તું ખુશ છે?" ["Hey Joshua. You did well. Mama is happy. Are you happy?"]

"હા. મને મારી સ્કૂલ ગમે છે. મારા ટીચર પણ ગમે છે." ["Yaah. I like the school. I like my teacher."]

જોશુઆના હાથમાં ગિફ્ટરેપ કરેલું બૉક્સ હતું એને રમાડતાં કહ્યું,

"તો હવે શું કરવું છે. તને રમકડાં જોઈએ છે, કે આઇસ્ક્રીમ કે બાગમાં રમવું છે? તું જેમ કહે તેમ કરીએ આજે મમ્મા ફ્રી છે!" ["So what do you want to do now? You want toys, want to eat ice-cream? play in the park? Mama will do whatever Joshua wants. Mama is free!!"]

"મને રમકડા, આઇસક્રીમ અને પછી બાગમાં રમવું પણ છે. આપણે ઘરે જઈએ પછી મને વાર્તા પણ સાંભળવી છે." ["I want everything, toys, ice-cream, play in the park and then home. Then you tell me a story!"]

"વારુ. બધી માંગણીઓ આજે પૂરી કરીશ. ચાલો જઈએ." ["O.K . all wish granted. Let's go...."]

કેટે ખરેખર જોશુઆની બધી ઇચ્છાઓ પૂરી કરી. બંનેએ ખૂબ મજા કરી, પછી ગાડીમાં બેસીને ઘરે આવી ગયાં.

"ર્માથા. આજે તું જઈ શકે છે. કાલે વહેલી સવારે આવજે. કાલે મારે વ્યસ્ત દિવસ છે." ["Martha, you can go now. Come early tomorrow morning. I have a very busy day tomorrow!!"]

"જી મેમ. તમારું ડિનર?" ["Yes mam. Your dinner?"]

"અમે ડિનર પતાવીને આવ્યાં છીએ. ર્માથા. ઘરે જા." ["We had our dinner Martha. Go home."]

"જી. મેમ. આજે તમે અને જોશુઆ બંને ખુશ લાગો છો!" ["Yes mam. You look very happy today. Joshua too."]

"આભાર ર્માથા. આજે મને જોશુઆ સાથે સમય વ્યતીત કરવા મળ્યો એટલે ખુશ છું." ["Thanks Martha. I had had lots of time with Joshua. I am very Happy!"]

"હું જોશુઆના કપડા બદલાવીને જાઉં, મેડમ." ["I'll change Joshua's dress and go mam."]

"ર્માથા આજે કપડાં બદલાવવાનું કામ હું કરીશ. તું જા." ["Martha. I will do that today. You go."]

"વારુ. ગુડ નાઇટ મેડમ." ["O.K . mam. Good night mam."] માર્થા એનું પર્સ લઈને બહાર નીકળી.

કેટે જોશુઆને નવડાવ્યો. નાઇટ ડ્રેસ પહેરાવીને તૈયાર કર્યો. પોતે Fresh થઈ અને બંને જોશુઆના બેડરૂમમાં ગયાં.

‘‘મૉમ હવે મારી વાર્તાનો સમય થઈ ગયો. મને વાર્તા સાંભળવી છે.’’ [“Mom. Now is the story time. You tell me a story now.”]

‘‘ચોક્કસ બેટા. તારે કઈ વાર્તા સાંભળવી છે? તારી ગમતી વાર્તાની સી.ડી. મૂકી દઉં?’’ [“Yes. Sweet heart. Which story do you want to listen? Do you want me to put the CD, your favourite?”]

કેટે એના પોતાના અવાજમાં રેકર્ડ કરેલી સીડી બનાવી રાખી હતી. એ બહારગામ જાય કે ન હોય ત્યારે જોશુઆ વાર્તાની સીડી સાંભળતો!

‘‘ના. આજે સી.ડી. નહીં. આજે તો તું ઘરે છે. આજે મને C.D.ની જેમ જ વાર્તા કહે.’’ [“No. Not CD You are here today. You tell me the story, like in the CD.’’]

‘‘વારુ. કઈ વાર્તા?’’ [“O.K . which story?”]

‘‘ધ લાયન કિંગવાળી વાર્તા.’’ [“The lion king.”]

‘‘ઘણાં ઘણાં વર્ષો પહેલાં દૂર દૂર એક જંગલમાં સિંહ રહેતો...’’ [“Once upon a time, long, long ago, in a far away place...there lived a lion...”]

કેટ કહેતી ગઈ. જોશુઆ સાંભળતો ગયો અને સાંભળતો સાંભળતો સૂઈ ગયો. નાઇટ લૅમ્પનો આછો પ્રકાશ એના નિર્દોષ ચહેરા પર પડી રહ્યો હતો. કેટ એના માસૂમ ચહેરાને જોઈ રહી. એના વિખરાયેલા વાળમાં હાથ ફેરવતી રહી. એક નિસાસો નાખીને ઊભી થઈ.

‘‘તારે માટે જોશુઆ. તારે માટે જ બધું કર્યું છે. તું ખુશ તો હું ખુશ. હંમેશાં હંમેશાં માટે.’’ [“For you Joshua. I have done it for you. Joshua happy, Mamma happy. F or ever and ever.”]

ઊભી થઈને કેટ રૂમની બહાર ચાલી ગઈ.



કેટની ચીસ

છેલ્લી ફાઇલ સાઇન કરીને મિ. ક્લર્ક ઊઠ્યા. "બસ આજના દિવસનું કામ બંધ કરીએ, કેટ."

["Let me call it a day Kate."] કેટે આપેલી ફાઇલ પર સહી કરતા મિ. કલર્ક બોલ્યા.

"Sure Sir"

મિ. ક્લર્ક ઊભા થયા એટલે કેટે એમને એમનો કોટ પહેરવામાં મદદ કરી.

"આભાર કેટ. કાલે મળીએ." ["Thank you Kate. See you tomorrow morning."]

આ તો રોજનું કાર્ય હતું. મિ. ક્લર્કનું ટેબલ વ્યવસ્થિત કરવાનું, કમ્પ્યૂટર બંધ કરવાનું અને પછી ઑફિસ બંધ કરી દેવાની.

મિ. ક્લર્ક એમની પ્રાઇવેટ લિફ્ટમાં નીચે ઊતર્યા. ગાડી બિલ્ડિંગના પ્રવેશદ્વાર પર ઊભી હતી. શૉફર ગાડીનો દરવાજો ખુલ્લો રાખીને જ ઊભો હતો. લિફ્ટમાંથી નીચે ઊતરતા મિ. ક્લર્ક વિચારમાં પડ્યા હતા. હવે તો કોઈ નિર્ણય એમણે લેવો પડશે. સમય વીતતો જતો હતો. નિમિત્ત હૉસ્પિટલમાં સપોર્ટ સીસ્ટમ પર જીવી રહ્યો હતો. એમણે પીટર પાસેથી શક્ય એટલી માહિતીઓ કઢાવી હતી. ધાકધમકી, લાલચ અને પ્રલોભન આપીને નિમિત્તના સંશોધન અંગે જાણકારી મેળવી હતી. પીટર એકાદ-બે હિન્ટ આપે એટલે તેના ઉપર વધારે જાણકારી મેળવવા માટે પણ એમણે માણસો રોક્યા હતા. એમી પણ વધુ જાણતી ન હતી. એમીએ એક જ ભૂલ કરેલી. એણે અનુજનો સંપર્ક કરી દીધેલો. એમીએ અનુજને કેટલું કહ્યું હશે એ તો ખબર પડી ન હતી, પરંતુ અનુજના વર્તનમાં એવો કોઈ ફરક ન હતો. એ રોજ હૉસ્પિટલ અને શૉપિંગ વિલેજના આંટા મારતો હતો, મેક્સ અને જ્હોનને મળીને કૉફી પીતો હતો. ડૉ. હર્બર્ટને તો એમણે એમનો પ્લાન જણાવવા દીધો જ ન હતો. એણે ડૉ. હર્બર્ટને તો એવું જ માનવા દીધું કે પ્લાન પડતો મૂકી દીધો છે. The Agencyને સંપૂર્ણ રીતે તૈયાર રાખી હતી. એમનો એક જ ફોન માર્શલને જશે અને થોડાક ઍક્સિડન્ટ થશે! નિમિત્તની life support systemમાં કોઈ 'ટૅક્નિકલ મુશ્કેલી' ઊભી થશે. કદાચ અનુજનો પણ કોઈક અકસ્માત થશે!

પીટર, એમી, માર્ગી અને બીજાં બે... કોઈ આ બધા બનાવોને જોડી પણ નહીં શકે તેટલી સફાઈથી The Agency એને અમલમાં મૂકશે. આજે રાતે છેલ્લો પ્રયત્ન કરશે. નિમિત્તના લેપટોપમાંથી program decode કરવાનો, કાલે લેપટોપ પાછું ઇન્સ્પેક્ટરને આપી દેશે! નિમિત્ત નહીં તો કોઈ બીજા વિજ્ઞાનીની શોધ પોતે ખરીદી લેશે! હવે આ કેસ સાથે સંકળાયેલા આ બધાને પાછા 'ખુલ્લા' છોડે તો મિ. ક્લર્કના પગ નીચે પણ પાણીનો રેલો આવી શકે. તેવું જોખમ તો ક્લર્ક ક્યારેય નહીં ઉઠાવે. તેના કરતાં તો થોડાક accident સારા અને સસ્તા પડે! બસ આજની રાત અગત્યની છે.

લિફ્ટ ગ્રાઉન્ડ ફ્લૉર પર આવી એટલે મિ. ક્લર્ક બહાર આવ્યા. ગાડીનો દરવાજો ખુલ્લો જ હતો. તેમાં બેસવા જતા જ હતા ત્યાં બ્લેક સૂટ પહેરેલા બે માણસો દાદર ચડીને એકદમ નજીક આવી ગયા. થોડે જ દૂર રહેલી સીક્યુરિટી આવે એ પહેલાં જ આ વ્યક્તિઓ એમની આજુબાજુ ઊભા રહી ગયા.

"What is this? W ho..."

"Mr. Clarke we are..."

"What?..."

બંને માણસો ગાડીમાં મિ. ક્લર્ક સાથે જ ગોઠવાયા અને ડ્રાઇવરને ગાડી ચલાવવાનું કહ્યું.

❧ ❧ ❧

ડૉ. હર્બર્ટ એક વધુ પ્રવચન માટે તૈયાર થઈ રહ્યા હતા. બ્લેક પેન્ટ, ક્રીમ કલરનું શર્ટ, બ્લેક સૂટ પહેરીને

તેઓ વાળ ઓળીને તૈયાર જ હતા. એ જ હિલ્ટન હોટલના એ જ સ્યૂટમાં હતા. તૈયાર થઈને બેડરૂમમાંથી હોલમાં આવ્યા. ત્યાં જ સેલમાં રિંગ વાગી.

"Hello Dr. Herbert speaking."

"......"

"Good evening. I am ready. Will be coming in half an hour. Yes yes. Send the car."

આજે પણ એમનું લેક્ચર સફળ જ જશે એવી એમને ખાતરી હતી. એમના વિરોધીઓ ઘણા હતા. એમનું સંશોધન જ એવું હતું, પરંતુ એક વિરોધીની સામે એમને પચાસ સમર્થકો મળી રહેતા હતા. ડૉ. હર્બર્ટ એક સારા વિજ્ઞાની હતા અને સારા બિઝનેસમેન પણ! વેલ! પોતે સારા બિઝનેસમેન ન હતા પણ ખૂબ જ સારા બિઝનેસમેનને આકર્ષી શક્યા હતા. તે દિવસે નિમિત્તે સાથે સંશોધન કરવાની ના પાડી ત્યારે ચિંતા થઈ ગયેલી. મિ. ક્લર્ક ના પાડી દેશે તો પોતે શું કરશે – એવી ફડક પણ પેસી ગયેલી. પરંતુ મિ. ક્લર્કે એ પછી એમની સાથે નિમિત્તની વાત કાઢી જ નહીં! મિ. ક્લર્કે વિચાર પડતો મૂકી દીધો હશે! એમણે કહ્યું હતું કે એ જાતે તપાસ કરશે અને પછી વાત કરશે. એક મહિનાની ટૂર પરથી પાછા આવ્યા બાદ, ડૉ. હર્બર્ટ અને મિ. ક્લર્ક ઘણી વખત મળ્યા પણ ક્યારેય એમણે નિમિત્તની વાત કાઢી નહોતી.

સારું જ હતું. મિ ક્લર્કના મનમાંથી વાત નીકળી ગઈ. એમણે ડૉ. હર્બર્ટના સંશોધન ફંડમાં કોઈ કપાત પણ નહોતી કરી. જેમ ફંડ આપતા હતા તેમ જ ચાલતું હતું. ડૉ. હર્બર્ટ તો ફરી એમના સંશોધન અને પ્રવચનમાં રોકાયેલા હતા. થોડા દિવસો પહેલાં નિમિત્તના અકસ્માતના સમાચાર આવ્યા.

ડૉ. હર્બર્ટ તે વખતે યુએસએમાં હતા. અહીં હોત તો તેઓ પણ કૉન્ફરન્સમાં ગયા જ હોત. ગમે તેમ પણ નિમિત્ત હતો તો નખશિખ વૈજ્ઞાનિક. નિમિત્તને જોઈને ડૉ. હર્બર્ટને એમનો ભૂતકાળ યાદ આવી જતો. એક જમાનામાં તે પોતે ફક્ત વિજ્ઞાની હતા અને બીજું કશું નહોતા. હવે એવું નથી રહ્યું. વિજ્ઞાની હોવા ઉપરાંત તેમનામાં બિઝનેસ, પ્રસિદ્ધિ અને પાવરની લાલસા પણ ભળી ગઈ હતી. સફળતા, પૈસા, પાવરનો સ્વાદ એમણે ચાખી લીધો હતો. વૈભવની પણ ટેવ પડી ગઈ હતી. નિમિત્તની તબિયત જાણવા એમણે હૉસ્પિટલ ફોન કર્યો હતો. નિમિત્ત માટે એમણે ફૂલો અને સંદેશાઓ મોકલાવ્યા હતા. ડૉકટર સાથે વાત કરી હતી. ડૉક્ટરની વાત પરથી એવું લાગતું હતું કે નિમિત્તના બચવાની ખાસ આશા નથી. બચી જશે તો પણ પહેલાની જેમ સંશોધન નહીં કરી શકે.

ખેર! એક ખૂબ જ પ્રતિભાવાન વિજ્ઞાનીનું ભવિષ્ય બગડી ગયું. સાથે કામ કરીને નિમિત્તે ઘણું મેળવવાનું હતું. Sad. Really sad. કોટ સરખો કરી રહ્યા હતા ત્યાં જ હોટલનો ઇન્ટરકોમ વાગ્યો. એમણે ફોન ઉપાડ્યો.

"Yes."

"Dr, Herbert the car has come. Should we send the persons upstairs?"

"No. Ask them to wait there. I am coming downstairs."

એમની બૅગ ત્યાં સોફા પર જ પડી હતી. તે લીધી અને દરવાજો બંધ કરી, લિફ્ટ તરફ ગયા. લિફ્ટનો દરવાજો ખૂલ્યો તેમાંથી બ્લેક સૂટ પહેરેલા બે માણસો બહાર નીકળ્યા. ડૉ. હર્બર્ટને આ માણસોની વર્તણૂક પર ગુસ્સો આવ્યો. નવાઈ પણ લાગી! આવી કેવી રીતે આ લોકો ઉપર આવ્યા! એમને આવવા કોણે દીધા?

"What are you doing? W ho are..."

"Mr. Herbert. We are......"

"What?......"

///

માર્શલ એની ઑફિસ, THE AGENCYમાં બેઠો હતો. હાલમાં એના ત્રણ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા હતા.

એક ફિલ્મ ઇન્ડસ્ટ્રીના પ્રોડ્યુસરનો હતો. બીજો એક પતિનો હતો, છૂટાછેડા માટે પૂરતી સાબિતીઓ ઊભી કરવાની હતી અને ત્રીજો આ વિજ્ઞાનીનો હતો. મિ. ક્લર્કે આપેલો કેસ હતો એટલે સૌથી અગત્યનો એ જ હતો. બીજા બે કેસ તો માર્શલે બીજા સાથીદારને સોંપી દીધા હતા પણ આ કેસ એમણે પોતે જ હાથમાં રાખ્યા હતો. વળી માર્શલે સામે પણ એવી જ રીતે 'વચેટિયા'ને કાઢી નાખ્યા હતા. મિ. ક્લર્કની પર્સનલ સેક્રેટરી કેટ તો માર્શલને ગમતી જ ન હતી. તે મિ. ક્લર્કની સેક્રેટરી જ હતી, વાત તો એ રીતે કરે કે જાણે પોતે જ બૉસ ન હોય! બીજાને પોતાનાથી નીચે સમજે છે! માર્શલના કામમાં સલાહ આપવાવાળી એ કોણ? માર્શલના કામની દેખરેખ રાખવાની એની હેસિયત શું? બે કોડીની સેક્રેટરી!

ખરેખર હવે એ પોતે પણ આ પ્રોજેક્ટથી જ થોડો કંટાળી ગયો હતો. રાહ જ જોયા કરવાની. તૈયારી કર્યા પછી 'એક્શન' માટે આટલી બધી વાર કેમ એ પ્રશ્ન પૂછવાનો એને હક તો નથી, પરંતુ તે કંટાળી ગયો હતો. હગ અને બીજા માણસો પણ જાણે 'એકશન' એવી ઇન્સ્ટ્રક્શનની રાહ જોતાં રેસ્ટલેસ થઈને બેઠા હતા. સામે હાડકું પડ્યું હોય અને કૂતરાઓને ચેનથી બાંધી રાખ્યા હોય તો કેવા રેસ્ટલેસ થઈ જાય! હજી જો રાહ જોવાની હોય તો મુશ્કેલ છે. આ બધા જાડી બુદ્ધિના, ઍક્શનના માણસો! ખેર! માર્શલ પણ શું કરે?

ત્યાં જ એનો સેલ રણક્યો. મિ. ક્લર્કની ઑફિસમાંથી એમનો પર્સનલ નંબર! એણે ફોન ઉપાડ્યો.

''હું 'ON' બટન દબાવું છું. પ્લાન પ્રમાણે એક્શન શરૂ કરો.'' ["I am pressing the button ON. Start action as per plan."]

''જી. સર'' ["Yes. Sir."]

ફોન મુકાઈ ગયો. મિ. ક્લર્કનો જ ફોન આવ્યો એટલે માર્શલ ટટ્ટાર થઈ ગયો. એણે બીજા બે-ત્રણ ફોન લગાવી દીધા. બટન 'ON' press થઈ જ ગયું છે. હાશ, હવે આ કેસ પતવામાં! એણે પોતે પણ કામ કરવાનું હતું. ઊભો થઈને એ બહાર આવ્યો. ગાડીમાં નીકળીને 'field' પર જવા તૈયાર થયો. દાદર ઊતરીને એ હજી ગાડીમાં બેસવા જતો હતો ત્યાં જ બ્લેક સૂટ પહેરેલા બે માણસો અચાનક નજીક આવી ગયા. માર્શલ એક સેકન્ડ માટે હેબતાઈ ગયો. એ એની ગન કાઢવા જતો હતો ત્યાં પેલી બે વ્યક્તિએ એનો હાથ પકડી લીધો.

"What are you doing? W ho are..."

"Mr. Marshal. We are..."

"What...?"

❦ ❦ ❦

જોશુઆને સૂવડાવી કેટ એના બેડરૂમમાં આવી. આજે એને અચાનક એનો ભૂતકાળ યાદ આવી ગયો. બસ એમ જ! વીતેલી જિંદગી જાણે સામે આવીને વર્તમાનને સવાલો પૂછવા લાગી. ક્યાં સુધી આમ ચાલશે? વર્તમાન પરથી આગળ વધીને એ ઘડીભર ભવિષ્ય સુધી પહોંચી ગઈ. જોશુઆ મોટો થશે પછી? એ ઘરડી થશે પછી? મિ. ક્લર્ક મરી જશે પછી? કોઈ કારણસર નોકરીમાંથી પોતાને કાઢી મૂકશે પછી? એને કોઈ બીમારી નડે પછી?

જિંદગીનો પણ થાક લાગે ને! કેટ બાળપણથી જ સંઘર્ષ કરતી આવી છે. એકલા હાથે ટકી રહી છે. કામ જ કરવાનું અને હંમેશાં કાર્યક્ષમતા જ બતાવ્યા કરવાની! How much efficient can a person be? જેવી જરાક ઊણી ઊતરી એવી તરત જ એ મિ. ક્લર્કની નજરમાંથી ઊતરી જવાની! પછી એની શી કિંમત? ઑફિસમાં પોતે કેટલા બધાની ઈર્ષાનું કારણ બની છે. મિ. ક્લર્કની વફાદારીને કારણે પોતે કેટલાય દુશ્મન પણ ઊભા કર્યા છે. મિ. ક્લર્કને શું? તરત જ કોઈ આવી જ efficient અને જરૂરિયાતમંદ બીજી કોઈ કેટ મળી જશે.

'તારું શું થશે કેટ?' જિંદગીએ સવાલ કર્યો.

"તારા જોશુઆનું શું થશે?"

પછી efficiency અને વફાદારીનું સૂપ બનાવશે કે પાસ્તા? પછી તારું શું? જિંદગીમાં ક્યારેક કપરા નિર્ણય લેવા પડતા હોય છે. વીજળી ઝબૂકે મોતી પરોવી લેવાં પડતાં હોય છે.

ભૂતકાળ અને ભવિષ્યકાળમાં અટવાતી કેટ સૂઈ ગઈ. દુ:સ્વપ્નોની જાણે વણઝાર ચાલી. અચાનક આંખ ખૂલી ગઈ. અંધારું હતું પણ રૂમમાં હલચલ જણાઈ. લાઇટ કરી તો સામે બે અજાણ્યા માણસો ઊભા હતા! કેટથી ચીસ પડાઈ ગઈ.

"What are you doing... W ho are..." માંડ માંડ બોલી શકી.

"Ms. Kate we are..."

"What?"



યુરેકા યુરેકા!

સાંજે ડિનર પછી અનુજ આજના દિવસનું સરવૈયું કાઢવા બેઠો. આજનો દિવસ સારો ગયો. 'સારો ગયો' કેમ કહેવાય? ભાઈ હજી તો હૉસ્પિટલમાં જ હતો. જીવનું જોખમ પણ ઓછું થયું ન હતું. 'એ લોકો' હજી પકડમાં આવતા ન હતા. માહિતી મળતી હતી પણ અર્થ કે અંકોડા પકડાતા ન હતા.

પાસવર્ડ તો અનુજને મળી ગયો પણ એ શાનો છે? તે ક્યાં મળી ગયો? તો પણ આશાવાદી અનુજને આજનો દિવસ સારો ગયો તેમ લાગ્યું. જર્મની આવ્યા પછીના સૌથી સારા ન્યૂઝ તો એ કે જ્હોનનો સાથ મળી ગયો! જ્હોન જાણે પ્રભુએ મોકલેલ દેવદૂત હતો. જમીને ફ્રેશ થઈને અનુજ સારા વિદ્યાર્થીની માફક સ્ટડી ટેબલ ઉપર બેસી ગયો. હવે એનું કામ શરૂ થયું. બધી માહિતીઓ પ્રમાણે એ હવે કોયડો ઉકેલવાનું કામ કરશે. ઇન્ટરનેટ પર સર્ચ મારીને બધું ચકાસી જોશે અને આવતી કાલનો પ્લાન બનાવશે. જ્હોન પણ એના માણસો દ્વારા શોધ ચલાવશે. 'એ લોકો' હવે પક્ડમાં આવી જ જશે!

એની બૅગમાંથી એણે આજના ફોટોગ્રાફ્સ, માણસોનું બેકગ્રાઉન્ડ, એકત્ર કરેલી સામગ્રી, માહિતી બધું ટેબલ પર મૂક્યું. ભાઈનો પાસવર્ડવાળો કાગળ ફરી ખોલ્યો. આ પાસવર્ડ જેનો છે તે, મેળવવા માટેના જ બધા ઉધામા છે એટલું તો આ નવો નિશાળિયો શીખી જ ગયો! ભાઈની શોધનું રહસ્ય જાણવા સૌ મથે છે. 'એ લોકો'ને ભાઈ સાથે પર્સનલ દુશ્મની છે જ નહીં. ભાઈની શોધ એ જ ભાઈના જીવનું જોખમ! આવા રહસ્યની ચાવી એની પાસે આવી ગઈ છે, પણ એ ચાવી કેમ લગાવવી, ક્યાં લગાવવી એની ખબર પડતી નથી! કાંઈ વાંધો નહીં. એનો પણ ઉપાય નીકળશે. અનુજે ફરી પાછો પાસવર્ડ વાંચ્યો.

NARSINH.MEHTA_ATMAN. આ નરસિંહ મહેતા તો એની સમજમાં આવી ગયું અને સીડી પણ સમજમાં આવી. 'આત્મન્' શબ્દ એટલો જચ્યો નહીં. ભાઈને ક્યારેય આત્મન્ શબ્દનો ઉપયોગ કરતો જોયો નથી! કદાચ 'આત્મન્'માં પણ હજી કોઈ સંકેત હોય! અનુજને થયું કે આના પર વધુ વિચાર કરવો જોઈએ. આ 'આત્મન્' એક વધુ કડી હોઈ શકે છે!

હં...મં... 'આત્મન્' એ નામનું કોઈ ભજન, ગીત, પુસ્તક... વ્યક્તિ...કોણ?... શું?... મિત્ર? ભાઈની આટલી નજીક હોવા છતાં આ શબ્દ અનુજને પરિચિત ન હતો. એણે ફરી વાંચ્યો. ઘરમાં ઊઠીને ફાંફાં મારવા માંડ્યો. ટેબલ ફંફોસવા લાગ્યો. ભાઈનો 'આત્મન્' નામનો કોઈ મિત્ર હતો? બરોડામાં તો કોઈ નહોતું. અનુજ ભાઈના બધા મિત્રોથી પરિચિત હતો! પુણેમાં કોઈ ભાઈએ ક્યારેય એવો ઉલ્લેખ કર્યો નથી. આ 'આત્મન્' શબ્દ જો ભાઈએ પાસવર્ડમાં રાખ્યો હોય તો એનો કોઈ મતલબ તો હશે જ. વળી જો આવો કોડ અનુજને સંબોધીને લખ્યો હોય તો......અનુજને સમજ પડે એવું જ કાંઈ... પણ શું? ભાઈના મોઢેથી ક્યારેય અનુજે 'આત્મન્' શબ્દ સાંભળ્યો નથી. આ કોયડો ઉકેલ્યા વગર આગળ નહીં વધાય એવી ખાતરી અનુજને થઈ ગઈ. એણે કૉફી બનાવી અને કૉફીનો મગ લઈને સોફા પર બેઠો. એ મનોમન બોલ્યોઃ 'This Atman thing is a challenge.'

'આત્મન્'. આ શબ્દ ક્યાં વપરાય છે? ભાઈના પ્રિય કૃષ્ણ અવતારમાં? ના. છતા એણે કૃષ્ણાવતારના સાતેય ભાગનાં પુસ્તકો ઉથલાવીને જોઈ લીધું. નથી. 'આત્મન્' શબ્દ આત્મા પરથી આવેલો શબ્દ. આત્મા એટલે soul. આત્મા એટલે જીવતત્ત્વ, જીવ... પોતાની જાત... અંતઃકરણ... મૂળ પ્રકૃતિ...સ્વભાવ... હં...મ... આત્મા એટલે 'S omething to do with ones own self.' ભાઈનું અંતઃકરણ, ભાઈનો સ્વ... ભાઈનું પોતાનું

શું હોઈ શકે? આ આત્મન્ ઇશારો કોના તરફ હશે? અનુજ સમજી શકે તેવો નિમિત્તનો સ્વ, નિમિત્તનું અંતઃકરણ... ભાઈની કોઈ જગ્યા... કોઈ... બુક...પત્ર... હં જગ્યા ન હોય શકે. અંતઃકરણ કોઈ જગ્યા ન હોય શકે! કોઈ જગ્યાએ મૂકેલું કાંઈ... જેમ કે સીડીમાં મૂકેલો પત્ર... હા, એમ હોય શકે! ભાઈએ એના અંતઃકરણની વાત કરી હોય એવી જગ્યા... સીડી... પુસ્તક... રાત ઘેરી થઈ રહી હતી અને કોયડો પણ એટલો જ ઘેરો બનતો હતો.

અનુજ ઘરની બધી લાઇટ્સ કરીને રેસ્ટલેસ થઈને ઘરમાં ફર્યા કરતો હતો. ભાઈનું અંતઃકરણ એ કેવી રીતે વ્યક્ત કરતો હશે? એ તો સૌને પત્રો લખીને યાદ આવ્યું; ભાઈ ઇ-મેઇલ મોકલે, ફોન કરે, skype કરે પછી પણ પત્રો તો લખતો જ. ભાઈ કહેતો કે પત્રો દ્વારા જે લાગણીઓ વ્યક્ત થઈ શકે, તે બીજી કોઈ રીતે ન થઈ શકે.

ચોક્કસ. આ 'આત્મન્' એટલે ભાઈનું અંતઃકરણ. ભાઈએ આત્મન્ને અનુલક્ષીને જે લખ્યું હશે તે જ અનુજ વાંચે એટલે જ કોડમાં આત્મન્ લખ્યું છે! એમાં જ અનુજ માટે કોઈ સંકેત હશે. એ જ આ કોયડાની ચાવી હશે. કમ્પ્યૂટર પર શોધવાનો અર્થ જ નહોતો કારણ કે ભાઈએ કમ્પ્યૂટર પર નહીં જ લખ્યો હોય. ભાઈએ ફિઝિકલી પત્ર સ્વરૂપે ક્યાં તો બીજી રીતે પણ કાગળ પેનથી જ લખ્યું હશે. ઘરમાં જ ક્યાંક છે. શોધ ઘરમાં જ કરવી પડશે. અનુજે શોધ ચાલુ કરી. Systematically. ઘરના દરવાજાથી શરૂ કરીને, ઘરની અંદરની તરફ આવતો ગયો. એક એક કબાટ, એક એક ખાનું અને ફાઇલો ફંફોસી. કપડાનો કબાટ, ગ્રોસરી અને ફ્રીઝને પણ છોડ્યું નહીં. લાઇબ્રેરીનાં પુસ્તકો, મ્યુઝિકની સીડી, કદાચ અવાજ રેકર્ડ કરીને રાખ્યો હોય. બે-ત્રણ કલાક થઈ ગયા. રાત્રિનો ત્રીજો પ્રહર થવા આવ્યો. હવે કોઈ જગ્યા બાકી રહી નહીં. કારપેટ નીચે, તકિયા નીચે, ગાદલા નીચે ગુજરાતની ગૃહિણીની 'યુનિક' જગ્યાઓ! લોટના ડબ્બા જ નહોતા તો પણ લોટના પૅકેટ ફંફોસ્યાં. થાકીને ફરી સોફા પર બેઠો. વિચાર આવતા સોફા પરથી ઊભો થઈ સોફાની સીટની પાછળ પણ હાથ નાખી જોયો. કશેય કાંઈ મળ્યું નહીં.

'હવે ભાઈ તું જ કહી દે!' ડૉક્ટર એડવર્ડે આપેલો પેલો બીજો કોડવાળો કાગળ યાદ આવ્યો.

F...O ...H...F...M...F...F...S...

આમાં કોઈ ઇશારો હોઈ શકે? ફરી ફરીને વાંચ્યો અને જાતજાતના મતલબ નીકળ્યા, પણ 'વાત ન કરી ખરી!' ફરી નરસિંહ મહેતાની પંક્તિ યાદ આવી. 'ભાઈ તેં પણ ખરી ગ્રંથ ગરબડ કરી અને વાત ન કરી ખરી.' આટલું બધું અઘરું બનાવી દેવાનું? ગ્રંથ...ગરબડ... હં પત્રો કે લખેલ કાગળ ક્યાં આરામથી સંતાડી શકાય? પુસ્તકોની જગ્યા પર જ ઓછામાં ઓછો શક જાય. કદાચ ભાઈને ખાતરી હતી કે એના ઘર પર પણ 'એ લોકો' છાપો મારી શકે છે એટલે ભાઈએ... હંમ... ફરી એ પુસ્તકો ગોઠવેલાં હતાં ત્યાં ગયો. પુસ્તકો... કૃષ્ણાવતાર... કૃષ્ણનું જીવન સંગીત... સોક્રેટિસ... ઉપનિષદ...કઠોપનિષદ... 'ગ્રંથ ગરબડ', 'આત્મન્', સ્વ',... આત્મા ઉપરનું ચિંતન અને વિશ્લેષણ તો ઉપનિષદોમાં જ થયું છે... ને એણે કઠોપનિષદ કાઢ્યું. એ ખોલતાં જ એક પુસ્તકની અંદર રાખેલી ડાયરી નીચે પડી. એણે ઉપાડી ને ડાયરી ખોલી.

"Eureka! I have found it!!" આર્કિમિડિઝને થયેલી એવી જ લાગણી થઈ!! ધારે તો એ પણ આર્કિમિડિઝની જેમ કપડાં વગર !! ડાયરી હાથમાં લઈને ઘરમાં સોફાની આજુબાજુ દોડતો દોડતો નાચ્યો તો ખરો જ.

Yes! Yes! Yes! બીજી કડી પણ હાથમાં આવી. કાંઈક તો ડાયરીમાં હશે જ! ડાયરી ઉઘાડીને જોયું તો આખી ડાયરી 'પ્રિય આત્મન્'ને સંબોધાયેલી હતી. અનુજ ડાયરી લઈને સ્ટડી ટેબલ પર બેસી ગયો. બાજુમાં પોતાની ડાયરી અને પેન લઈને બેઠો. એણે તો પોતાની નોંધ પણ ટપકાવવાની ને!! કાલે સવારે પાછું... સૉરી આજે સવારે ફરી 'investigation' કરવાનું છે.

ડાયરી ખોલીને વાંચવા બેઠો.

પ્રિય આત્મન્,

મને સમજાતું નથી કે......

મારી શોધ... મારો યજ્ઞ... model dependent...

પ્રિય આત્મન્,

બ્રહ્માંડની ઉત્પત્તિ... માઇક્રોવેવ... બેકગ્રાઉન્ડ......

પ્રિય આત્મન્,

Double slit experiment... રહસ્ય... quantum physics......

ક્વાર્કિયા, singularity...... એકોહમ બહયુસ્યામ્...... super cluster.

પ્રિય આત્મન્,

Holy grail of physics... grand design... ક્વાર્કિયા...

અનુજ બધા પત્રો વાંચી ગયો. સમજ ના પડી તેને અંગે વધુ જાણવા માટે ઇન્ટરનેટ પર સર્ચ મારી.

વચ્ચે કોડવાળો કાગળ પણ કાઢ્યો. F...O...F...

ખૂબ ગડમથલ કરી અનુજને એવું સમજાયું કે ભાઈની શોધ છે તે એક કમ્પ્યૂટર પ્રોગ્રામ, એક ઍલ્ગોરિધમ છે.

ભાઈએ બે મહત્ત્વના ઍલ્ગોરિધમ પ્રોગ્રામ બનાવ્યા છે. એક છે SURFGEN – surface generator અને બીજો છે FRIENDS OF FRIENDS (FOF). FOF પ્રોગ્રામ વડે બ્રહ્માંડનો એક મોટો વિસ્તાર પસંદ થાય અને SURFGEN પ્રોગ્રામ વડે આ પસંદ કરેલા વિસ્તારની બધી જ માહિતી MPAમાં રહેલા DEC આલ્ફા મશીનમાં આવી જાય. આ બંને ઍલ્ગોરિધમ પ્રોગ્રામ ભેગા કરીએ તો DEC આલ્ફા મશીન પર 'કોસ્મિક વેબ'ની સંપૂર્ણ દળ, કદ, આકાર જેવી લાક્ષણિકતાઓ મિનિટમાં આવી જાય. એટલે માનો કે બ્રહ્માંડનો એ વિસ્તાર, એની ઉત્પત્તિ, સ્થિતિ, અને ભવિષ્ય સંપૂર્ણ જાણી શકાય. એમ કરતાં કરતાં, સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને ભવિષ્ય અંગેની માહિતી જાણી શકાય. હાલમાં વિજ્ઞાન જે 'ગ્રાન્ડ ડિઝાઇનને' શોધી રહી છે તે ભાઈએ શોધી કાઢી છે.

ભાઈ has found the 'Holy Grail of Physics.' The mystry of the universe is solved!! ભાઈ તે દિવસે કૉન્ફરન્સમાં આ બંને પ્રોગ્રામની મદદથી એક અતિ વિરાટ ૨,૦૦,૦૦૦ જેટલા 2df તારા-વિશ્વનો સર્વે કરીને સૌને પ્રત્યક્ષ તેની સાબિતી આપવાનો હતો!!!

'એ લોકો' આ algorhythm અંગે અને ભાઈની શોધ અંગે કદાચ જાણતા હશે! તે દિવસે એમીએ જે લેક્ચરની વાત કરી હતી, ત્યારબાદ ડૉ. હર્બર્ટ અને બીજા કોઈ સાથે જમવા ગયા તેનો સંબંધ ભાઈની શોધ સાથે જ છે. એ લોકોને ભાઈની શોધનું મૂલ્ય ખબર હશે. એણે ડૉ. હર્બર્ટ ઉપર સર્ચ મારી એમના અંગે જાણી લીધું. ડૉ. હર્બર્ટ કોઈ જાણીતા ઉદ્યોગપતિ મિ. ક્લર્ક સાથે પણ જોડાયેલા હતા. અનુજે મિ. ક્લર્કના બિઝનેસ અંગેની પણ સર્ચ મારી. દેશવિદેશમાં ફેલાયેલો વિશાળ સામ્રાજ્ય જેવો કારોબાર હતો. ડૉ. હર્બર્ટ એમની સાથે સંકળાયેલા હતા. તેઓ જીવ વિજ્ઞાનમાં શોધ કરી રહ્યા હતા ખાસ કરીને માર્ફોજિનેટિક ફિલ્ડ ઉપર.

ડૉ. હર્બર્ટની શોધને પણ ભાઈનો algorhythm મળી જાય તો સમગ્ર બ્રહ્માંડમાં રહેલા ક્વૉન્ટમ ફિલ્ડની સાથે માર્ફોજિનેટિક ફિલ્ડની પણ માહિતી મળી જાય. કયા તારા વિશ્વમાં પૃથ્વીના જેવા ગ્રહવાસીઓ છે એની ભાળ પણ મળે અને તેમની સાથે communication પણ થઈ શકે! મિ. ક્લર્કનો બિઝનેસ communication ક્ષેત્રે પણ છે. એટલે એમને ભાઈની શોધમાં રસ પડે એ શક્ય ખરું. શોધ પછીના વ્યાપારીકરણમાં રસ હોય એટલે આ શોધ એમણે ભાઈ પાસેથી યેનકેન પ્રકારેણ મેળવવી હોય એવું અશક્ય નથી.

આખીય વાત આ બે એલ્ગોરિધમ પ્રોગ્રામની SURFGEN અને FOFની છે એટલું અનુજ સમજી ગયો. ભાઈ કેટલો હોંશિયાર! એને ખબર જ હતી કે જો એને કાંઈ થયું તો એનો નાનો ભાઈ અનુજ જર્મની આવશે જ! એ બેભાનવસ્થામાં પણ ભાઈ અનુજને સંકેત આપીને દોરતો હતો! આ 'એ લોકોની' રમતમાં જ એમી અને પીટર પણ જાણે-અજાણે સંડોવાયેલાં હતાં. પીટર પણ વિજ્ઞાની ખરોને! કદાચ આ ઍલ્ગોરિધમ મળી જાય તો! એ પણ પ્રોગ્રામ રન કરી શકે! પીટર તો કદાચ 'વેચાય' પણ જાય! અનુજે હજી થોડી સર્ચ મારી. વિચારતાં લાગ્યું કે એનો તર્ક સાચી દિશામાં છે. ભાઈની શોધ જાહેર ન થાય તેમાં 'એ લોકો'નો હાથ છે. 'એ લોકો' કદાચ ડૉ. હર્બર્ટ કે મિ. ક્લર્ક સાથે સંકળાયેલા હોઈ શકે છે.

ભાઈ તેં Holy Grail of Physicsની mystery solve કરી અને મેં કદાચ તારા accidentની! હવે આજે જ્હોનને મળીને બધું કહેવું પડશે, જ્હોનને પણ બરાબર લાગે તો પછી તો ઘણાંબધાં કામ કરવાં પડશે. કેવી રીતે સાબિત કરશે? એનો તર્ક ખોટો તો નહીં હોયને? વિચારમાં ને વિચારમાં અનુજ સોફા પર જ ક્યારે સૂઈ ગયો તેની ખબર ન પડી.

અચાનક ઘરનો ડોરબેલ વાગ્યો એટલે સફાળો ઊઠી ગયો. કપડાં વ્યવસ્થિત કરી ઘરનો દરવાજો ખોલવા ગયો. દરવાજે જ્હોન ઊભો હતો. સાથે બીજા બે માણસો પણ હતા. બંનેએ બ્લેક સૂટ પહેરેલા હતા.

ફરી અનુજને ફડક પેસી. જ્હોન આવા શંકાસ્પદ માણસોને લઈને કેમ આવ્યો હશે. એ કદાચ 'એ લોકો' સાથે... ના. ના. શક્ય જ નથી. વધારે પડતી શંકા કરે છે!..... એણે દરવાજો ખોલ્યો.

''અનુઝી! તું બરાબર છે? તું ફોન કેમ ઉપાડતો નથી?'' ["Anuzee! How are you? Why are you not picking up my phone?"] જ્હોન ચિંતિત અને ઉત્તેજિત લાગતો હતો.

"You called me? I was....."

"See your miscalls. Where is your cell." મિ. જ્હોન ચિંતામાં હતા. અનુજે ફોન ઊંચક્યો નહીં એટલે ચિંતા સાથે આવ્યા. ગઈકાલ રાતથી એમનું 'ઑપરેશન' ચાલે છે અને અનુજ ફોન ન ઉપાડે!

ગઈકાલ રાતથી આજ સવાર સુધીમાં તો કેટલા પાણી વહી ગયાં! આ ભાઈ આરામથી સૂઈ ગયા? કમાલ છે!

''રિલેક્સ જ્હોન. હું સલામત છું. ખરેખર તો મેં... આ બે જણા કોણ છે? એમની પાસે બંદૂક કેમ છે?'' ["Relax John. I am fine. In fact I have solved my.......W ho are these two? Why do they have guns?"]

''રિલેક્સ. એ બંને મારી સાથે છે. હું તને મદદ કરવા મોટા એક્શન ડ્રામામાં છું અને તું મને રિલેક્સ થવાનું કહે છે! સાંભળ તારી પાસે તૈયાર થઈને મારી સાથે આવવા માટે ફક્ત પાંચ મિનિટ છે. આ જ ક્ષણે તારો સમય શરૂ થાય છે...'' ["Relax. They are with me. I am in the middle of all high level action drama trying to help you and you ask me to relax! Now listen you have exactly five minutes to get ready. We leave in five minutes. Your time starts now."]

જ્હોને ઘડિયાળ બતાવતાં કહ્યું. જ્હોન અને પેલા બે માણસો ઘરમાં અંદર આવી ગયા. જ્હોન કૉફી મશીન પાસે ગયો અને અનુજ બેડરૂમ તરફ ભાગ્યો. ચોથી મિનિટે બહાર! બીજી એક મિનિટમાં કાગળિયાં, કૅમેરા, ફાઇલ, ડાયરી જે હાથમાં આવ્યું તે નાનકડી બૅગમાં ભરી તૈયાર ઊભો. જ્હોન મજાની કૉફી પી રહ્યો હતો. હસતાં હસતાં એણે તૈયાર રાખેલો બીજો મગ અનુજને આપ્યો. પેલા બે તો ઠોયા જેવા અક્કડ, Attentionમાં જ ઊભા હતા.

'Here. Take your cup and lets go' આજનો જ્હોન કોઈ અલગ જ માણસ હતો! એનું આવું રૂપ તો અનુજે જોયું જ નહોતું! જ્હોન મોટા ડગલા ભરતો. ફટાફટ બહાર નીકળ્યો. એ પાછળ પેલા બે સૌની પાછળ

પાછળ ચાલતો, confused અનુજ!

સૌ ગાડીમાં ગોઠવાયા. પેલા બે જણ આગળ બેઠા. જ્હોન અને અનુજ પાછળ. આ ગાડી તો જ્હોનની નહોતી! આ વળી કોની ગાડી છે? શું ચાલી રહ્યું છે? જ્હોન હવે કંઈ કહે તો સારું અને પછી પોતાને પણ સાંભળે તો સારું! અનુજ પાસે કેટલી અગત્યની વાત હતી!

''જ્હોન પ્લીઝ મને કહે ને શું ચાલી રહ્યું છે?'' ["John. Will you please tell me what is going on?"]

''ચોક્કસ ડિયર. ઓન ધ વે.'' ["Sure dear. On the way."]

''ક્યાં?... ઓન ધ વે?'' ["Where to... on the way?"]

''હવે અનુઝી તું રિલેક્સ થા અને કોફી પી!'' ["Now relax Anuzee and enjoy your coffee."] મિ. જ્હોને relax શબ્દ પર કટાક્ષ માર્યો. મિ. જ્હોન ઉપર ફોન આવ્યો એટલે એણે ફોન પર વાત કરવા માંડી. અલબત્ત બધી જર્મન ભાષામાં જ. અનુજને બિલકુલ સમજ ન પડી પણ મિ. જ્હોનનો અવાજ આજે જુદો જ હતો. આજનો જ્હોન કોઈ અલગ જ માનવી હતો! પેલા બે તો અક્કડ જેવા બેસી રહ્યા હતા એટલે અનુજ નાછૂટકે કૉફી પીતો બેસી રહ્યો.

થોડીવારે સામે મોટું બ્લેક ગ્રેનાઇટમાં શોભતું તોતિંગ બિલ્ડિંગ આવ્યું. ઉપર મોટા અક્ષરે લખ્યું હતું BND.

BND? BND એટલે Bundesnachrichtendienst, તો જર્મન Federal intelligence service નહીં? BNDના નામથી જાણીતી જર્મન intelligence service wire tapping અને electronic surveillance માટે ખૂબ જાણીતી છે. BNDનું બિલ્ડિંગ જોઈ અનુજના હોશ ઊડી ગયા. બેત્રણ દિવસથી પોતે ઇન્ટરનેટ પર બધી સર્ચ મારે છે અને પૂછપરછ કરે છે તેનું જ આ પરિણામ લાગે છે! પોતાને BND કેમ લઈ જવામાં આવે છે? એણે તો હજી કોઈ ઉપર આક્ષેપ મૂક્યો જ નથી! હજી તો એ ફક્ત તર્ક જ કરતો હતો. સર્ચ મારી એના ઉપરથી તો પકડી ન જ શકે ને. સર્ચ કરવા માટેનો કોઈ જર્મન કાયદો પોતે તોડ્યો છે? જ્હોન એની ધરપકડ કરે છે? જ્હોન એને BNDના ઑફિસરોને સોંપી દેશે? એ તો નિર્દોષ છે. ઊલટાનું ગુનેગારો પકડવામાં મદદ કરે છે. એણે જ્હોન સામે મદદ માંગતા કહ્યું: "જ્હોન, there is a mistake, I was only searching..."

જ્હોન ફોન ઉપર વાત કરવામાં વ્યસ્ત હતો. અનુજના હાવભાવ જોઈ રહ્યો હતો. એની આંખમાં રમૂજ હતું, ફોન પર લાગલગાટ બોલ્યે જતો હતો. અહીં અનુજનું હૃદય જોર જોરથી ધડકી રહ્યું હતું. ઊંડો શ્વાસ લેતો પોતાને શાંત કરવાની કોશિશ કરી રહ્યો હતો. જ્હોને એની પહોળી થયેલી, પ્રશ્નાર્થવાળી આંખને જોઈ કહ્યું: "W ait a little longer dear."

ગાડી બિલ્ડિંગના પોર્ચમાં ઊભી રહી એટલે બધા નીચે ઊતર્યા. એમની પાછળ અનુજ પણ ઉતર્યો. જ્હોન, બે ગનવાળા માણસો અને અનુજ દાદર ચઢીને ઉપર ગયા અને ત્યાંથી લિફ્ટમાં ઉપર. સાતમા માળે લિફ્ટ ઊભી રહી એટલે લિફ્ટમાંથી બહાર નીકળી બધા એક રૂમમાં ગયા. ત્યાં એક અર્ધ ગોળાકાર ટેબલ ગોઠવેલું હતું. એની ફરતે ખુરશીમાં થોડી વ્યક્તિઓ બેઠી હતી. સામે વચ્ચેની ખુરશીમાં મિ. જ્હોન બેઠા અને બીજી એક ખુરશીમાં બેસવા માટે અનુજને ઇશારો કર્યો. અનુજ પોતાની બૅગ પકડીને બેસી ગયો!

અનુજ સામે બેઠેલી વ્યક્તિઓને જોઈ રહ્યો. થોડાક જાણીતા અને થોડાક અજાણ્યા ચહેરા? એક તો માર્ગી હતી. એ તો હૉસ્પિટલની નર્સ, એ કેમ અહીં? ભાઈને કંઈ થયું? બીજી એક સ્ત્રી અજાણી હતી. યુવાન હતી. બીજા તો... હા. આ તો મિ. હર્બર્ટ લાગે છે. સર્ચ મારી ત્યારે ફોટો જોયેલો, એમની બાજુમાં બેઠેલા...ooohhhh આ તો ચોક્કસ મિ. ક્લર્ક. એમનો ફોટો તો રાત્રે જ જોયો અને બીજી કોઈ અજાણી બે વ્યક્તિઓ હતી. અનુજે એમને ક્યારેય જોઈ ન હતી. રૂમના દરેક ખૂણામાં એક એક કમાન્ડો જેવા માણસો હતા. હવે કોઈ ઑફિસર આવશે અને બધો ખુલાસો કરશે ત્યારે જ રહસ્ય ખૂલશે! હવે જ્હોનને રાતવાળી

વાત ક્યારે કરશે? આ જ્હોન પણ છે ને...... કેટલી મહત્ત્વની કડી અનુજે શોધી, પણ જ્હોન તો બોલવાનો મોકો જ આપતો નથી! ત્યાં જ જ્હોને બોલવાનું શરૂ કર્યું, એનો સત્તાવાહી અવાજ સાંભળી અનુજ હબક ખાઈ ગયો, જ્હોન જ... અનુજની પહોળી થયેલી આંખ સામે જોવાની ફુરસદ જ્હોન પાસે ન હતી.

''ગુડ મોર્નિંગ. મારું નામ જ્હોન છે. તમે સૌ અહીં મોટા ઉદ્યોગપતિ, હોંશિયાર વિજ્ઞાની, કાર્યદક્ષ સેક્રેટરી કે નર્સ તરીકે નહીં પણ એક જર્મન નાગરિકની હેસિયતથી અહીં બેઠાં છો અને જર્મન નાગરિક હોવાથી જર્મન કાયદાથી બંધાયેલા છો. BND પાસે તમને પ્રશ્નો પૂછવાનો કાયદાકીય અધિકાર છે. તમે એને સહકાર આપવા બંધાયેલા છો. તમે જાણો છો તે મુજબ BNDને કોઈપણ જર્મન નાગરિક અંગે જવાબદારી અને અધિકાર છે પછી તે કોઈ પણ હોય. તમે તમારા વકીલને બોલાવી શકો છો અને સહકાર આપવાનો ઇનકાર કરી શકો છો. અલબત્ત તેનાં પરિણામો પણ ભોગવવાં પડશે. તમે સર્વ જાણો છો કદાચ એકદમ સારી રીતે જાણો છો કે તમે અહીં કેમ ઉપસ્થિત છો. મિ. કલર્ક, ડૉ. હર્બટ, મિસ કેટ, મિ. માર્શલ અને મિસ માર્ગી. તમને ખબર જ છે તો તમે જાતે જ કન્ફેસ કરશો કે અમારે તમને 'મદદ' કરવી પડશે?'' ["Guten morgan Everyone. My name is John. You are here not as a big industrialist, a brilliant Scientist, an efficient secretary or a nurse. You are a citizen of Germany and as a citizen you are not above law and order. The BND is legally empowered to question you. You are bound to cooperate and comply. BND has a responsibility and power over any German citizen, whoever he or she may be. You are however free to call your lawyer or refuse to cooperate but not without its consequences. There is a reason which brings you all here and you all know it, perhaps too well. Mr. Clarke, Dr. Herbert, Ms. Kate, Mr. Marshal, Margie, you all know why you are here. Would you like to confess by yourself or you need our 'Help' for the confession?"]

જ્હોનની નજર બધા તરફ ફરી વળી. કોઈ કઈ બોલ્યું નહીં.

"Mr. Clarke, would you like to confess anything?"

જ્હોને મિ. ક્લર્ક સામે જોયું. મિ. ક્લર્ક શાંત હતા. એમને પરિસ્થિતિને પામી જતાં વાર ન લાગી. ગઈકાલે સાજે લિફ્ટમાંથી નીચે ઊતર્યા ત્યારે પેલી બે વ્યક્તિઓએ BNDનો I-card બતાવ્યો ત્યારથી જ એમણે નક્કી કરી લીધું હતું કે તેઓ BNDને સહકાર આપશે. અસહકાર આપીને BNDને દુશ્મન બનાવવા કરતાં સહકાર આપવો એ વધુ લાભદાયક બાબત હતી. BND પુરાવા વગર કશુંય આમેય પુરવાર કરી શકવાની ન હતી. પુરાવા વગર BND એમનો વાળ પણ વાંકો કરી શકશે નહીં. આટલા મોટા ઉદ્યોગપતિ થઈને BNDને સહકાર આપીને તેઓ સારા નાગરિક બની જશે. પોતાના 'સારા નાગરિક'ની છાપ એમને જ કામ આવશે. સરકારમાં રહેલા એમના એજન્ટો પછી કેસ નબળો પાડવામાં મદદ કરશે. અત્યારે સંપૂર્ણ સહકાર જ યોગ્ય છે. જ્હોન અને સૌની નજર એમના પર હતી. એમણે ખૂબ જ શાંત અવાજમાં બયાન ચાલુ કર્યું.

''ગઈકાલ સાંજથી હું એક જવાબદાર અને સહકાર આપતા નાગરિકની જેમ વર્તી રહ્યો છું મિ. જ્હોન. મારા સ્થાન અને અધિકાર દ્વારા હું કાયદાની મદદ ધારું તો લઈ શકું એમ છું. પરંતુ હું એક સારો જર્મન નાગરિક છું અને મારે ફક્ત એટલું જ કહેવું છે કે મેં ફક્ત નામિટેને તેની રિસર્ચ વેચવા માટે જ સમજાવેલો અને તે કોઈ ગુનો નથી. મેં કોઈ ગુના કર્યો નથી. અમે તો રિસર્ચ પેટન્ટસ ખરીદીએ છીએ. તેમ કરવું કોઈ ગુનો નથી. અમે રિસર્ચ માટે ફંડ આપીએ છીએ પછી એનું વ્યાપારીકરણ કરી પ્રોડક્ટ્સ અને સર્વિસ આપીએ છીએ. આમ કરવું એ તો અમારો ફાળો છે, ગુનો નહીં મિ. જ્હોન.'' ["I have been behaving as a responsible and a cooperative citizen since yesterday evening Mr. John. I am aware of my rights and position to all legal help if I want, but I wish to be a good German citizen and therefore I

only want to say that I only persuaded Mr. Nametee to sell his research to me. That is hardly an offence. I have NOT commited any crime. we do buy researches, patents. That is NOT a crime. we even fund researches. we commercialize and provide products and services. That is a contribution and NOT a crime, Mr. John."] અંદરથી ખળભળી ઊઠેલા મિ. ક્લર્ક થોડા જુસ્સાથી બોલ્યા.

જ્હોનની ધારણા હતી કે મિ. ક્લર્ક ધમાલ કરી એમના વકીલને બોલાવી નાટકો કરશે. મિ. ક્લર્ક ધાર્યા કરતાં હોંશિયાર નીકળ્યા. કબૂલ પણ ન કર્યું અને 'સારા નાગરિક' બની ગયા.

"'Only persuaded', Mr. Clarke? મિ. જ્હોને 'only' અને 'persueded' બંને શબ્દો પર ભાર મૂકયો. મિ. ક્લર્ક શાંત રહ્યા.

મિ. હર્બર્ટ? જ્હોને હવે એમની તરફ જોયું. અનુજે તો ફક્ત એમના ફોટા જ, તે પણ ગઈકાલે રાત્રે જોયા. આટલા મોટા વિજ્ઞાની પણ?

"Dr. Herburt?" જ્હોને હર્બર્ટ તરફ દૃષ્ટિ કરતા પ્રશ્ન પૂછ્યો.

''મને સમજાતું નથી કે હું અહીં શા માટે છું. હું જર્મનીનો પ્રતિષ્ઠિત વિજ્ઞાની છું. નામિટે એક ઉચ્ચ કક્ષાનો વિજ્ઞાની છે અને તેનું સંશોધન ઉત્કૃષ્ટ છે. મને તેના સંશોધનમાં રસ હતો અને છે. મારે તેની સાથે મળીને કામ કરવું હતું. મેં નામિટેને, મિ. કલર્કની ઓફર અંગે વિચારવા સમજાવેલો. મિ. કલર્ક નામિટેની રિસર્ચ લિગલ કોન્ટ્રાક્ટથી ખરીદવાના હતા. તે શું ગુનો છે? મને નથી લાગતું. એ તો મારો BND પ્રત્યેનો આદર છે કે હું આવો વ્યવહાર સહન કરી રહ્યો છું.'' ["I don't know why I am here. I am a respected German Scientist. Nametee is a brilliant Scientist and his research is an excellent one. I was and I am still interested in his research. I wanted to work with him and I did convince Nametee to consider Mr. Clarke's offer. Mr. Clarke was legally going to purchase his research, with a legal contract. Is that a crime? I don't think so. It is my respect for BND that I accept this treatment.''] મિ. હર્બર્ટ જોશપૂર્વક બોલી ગયા.

''હું સ્વીકારું છું મિ. હર્બર્ટ કે તમે કોઈ ગુનો નથી કર્યો. તમે તમારી સલામતી માટે પણ અહીં છો. તમારો જીવ જોખમમાં હતો. તમારા સહકાર બદલ આભાર. હું તો ફક્ત મારી ડ્યૂટી કરી રહ્યો છું.'' ["I accept you have not committed any crime, Mr. Herbert. You are here for your own good. Your life was also in danger. Anyway, thanks for your co-operation. I am only doing my duty.''] મિ. જ્હોને શાંતિથી કહ્યું.

"Ms. Kate?" જ્હોને નજર કેટ તરફ કરી.

''હું મિ. કલર્કની પર્સનલ સેક્રેટરી છું. મારું કામ તેમના ઓર્ડર ફોલો કરવાનું છે. મારી પાસે અપેક્ષિત ન હોય એવું એકપણ ખોટું કામ મેં કર્યું નથી. હું એક વિશ્વસનીય અને જવાબદાર નોકર છું. હું ગુનેગાર નથી.'' ["I am personal secretary of Mr. Clarke. I just carry out his orders. That is my job. I have not done anything that was not expected of me. I am a dutiful and loyal employee. I am NOT guilty."] કેટે બધી જવાબદારીનું પોટલું મિ. ક્લર્ક પર નાખી દીધું.

''ઓહ, સાચ્ચેજ મિસ કેટ! તું ફક્ત વિશ્વસનીય અને જવાબદાર નોકર છે? અમે તને સાબિતી આપીએ?'' ["Oh! Really Ms. Kate. Are you just a loyal, dutiful employee? Shall we show you the proof of your loyalty?"] જ્હોનને હતું જ કે કેટ આસાનીથી પકડમાં નહીં આવે.

મિ. જ્હોન જાણતા જ હતા કે સાબિતીની જરૂર પડશે. કેટના બાળકની સંભાળ રાખતી માર્થાને BNDએ

સાધી લીધી હતી. મિ. જ્હોને ખૂણામાં ઊભેલા એક ઑફિસરને ઇશારો કર્યો એટલે એણે એક સ્વિચ પાડી. રૂમમાં audio system ચાલુ થઈ. સ્પીકર પરથી અવાજ સંભળાયો.

''હું ON બટન દબાવું છું. પ્લાન પ્રમાણે એકશન શરૂ કરો.'' ["I am pressing the button ON. S tart the action as per plan.''] મિ. ક્લર્કનો અવાજ સ્પષ્ટ સંભળાયો.

સૌએ મિ. ક્લર્ક તરફ જોયું. BND પાસે સાબિતી આવી ગઈ છે. હવે સૌ ફસાઈ ગયાં. મિ. ક્લર્ક એકદમ ગુસ્સામાં લાલચોળ થઈ ગયા. એમના શાંત ચહેરા પર લોહી ધસી આવ્યું.

''શું વાહિયાત વાત છે? આ મારો અવાજ નથી. મેં માર્શલને કોલ કર્યો જ નથી. પ્લાન અમલમાં મૂકાયો જ નથી. મેં ક્યારેય ઓર્ડર આપ્યો નથી. મને ફસાવવામાં આવી રહ્યો છે. હમણાં જ મારા વકીલને બોલાવો.'' ["What nonsense is it? This is not my voice. I never called Marshal. The plan was never executed. I never gave any order. I am being framed. Call my lawyer immediately."] મિ. ક્લર્કને આટલા ગુસ્સામાં કોઈએ ક્યારેય નહોતા જોયા.

''બરાબર મિ. કલર્ક. હું એનું નામ નથી બોલ્યો. ખેર, મને ખબર છે મિ. કલર્ક કે તમે માર્શલને ફોન નથી કર્યો આ તમારો અવાજ નથી.'' ["W ell, Mr. clarke I never mentioned his name. Any way, I know Mr. Clarke that you never called Marshal. This is NOT your voice."]

મિ. જ્હોને એક એક શબ્દ પર ભાર મૂકીને કહ્યું. મિ. ક્લર્કની આંખો ઝીણી થઈ.

''તો પછી?'' ["Then... ?"]

મિ. ક્લર્કે જ્હોન સામે જોઈને કહ્યું. જ્હોનની નજર કેટ ઉપર હતી અને કેટ બે હાથથી માથું પકડીને બેઠી હતી. ડૉ. હર્બર્ટ, મિ. માર્શલ, અનુજ, માર્ગી, સૌ અચરજ ભરી નજરે એકબીજા સામે જોઈ રહ્યા હતા.

મિ. જ્હોને જવાબ આપવાને બદલે ફરી પેલા ઑફિસર સામે જોયું. ઑફિસરે ડોકું ધુણાવ્યું અને રિમોટ દબાવ્યું. રૂમમાં ફરી aduio ચાલુ થઈ.

એક બાળવાર્તાની સીડી ચાલુ થઈ, The Lion Kingની વાર્તા ટેપ કરેલી હતી.

'Once upon a time in far away place...' અવાજ કેટનો હતો, પછી અવાજ બદલાઈ ગયો. મિ. ક્લર્કનો અવાજ સંભળાયો. પછી એક વિચિત્ર અવાજ.... પછી સ્ત્રીનો અવાજ, એક કર્કશ, પાંચ-સાત વ્યક્તિઓના અવાજમાં Lion Kingના કેરેકટર્સ એવાં મુફાસા, સીમ્બા, ઝાઝુ એમ જુદા જુદા અવાજો હતા. સૌ એકબીજાંના ચહેરા જોવા લાગ્યા. ફકત કેટે બે હાથ વડે ચહેરો છુપાવી દીધો હતો. જ્હોન સૌના હાવભાવ બારીકાઈથી જોતો હતો. મિ. ક્લર્કને સૌથી પહેલો અંદાજ આવ્યો.

''ઓહ માય ગોડ. કેટ?'' ["Oh my God. Kate?"] એમણે ધીમે રહીને અવાક બનીને કેટ તરફ જોતાં કહ્યું.

''તમે બરાબર સમજ્યા મિ. કલર્ક. તમારી વિશ્વાસુ, વફાદાર, સેક્રેટરી પાસે અવાજની ટેલેન્ટ છે. અમારા ઇન્વેસ્ટિગેશન દરમ્યાન અમને ખબર પડી. તેની આયા માર્થાએ અમને મદદ કરી. ગઈકાલે તમારા ઓફિસ છોડ્યા પછી એણે તમારા અવાજમાં મિ. માર્શલને ફોન કરીને 'ON' બટન પ્રેસ કરવાનો આદેશ આપ્યો. અમે સાવધાન જ હતા એટલે તમારી ટેલિફોન ઓપરેટર જે પણ અમારો 'સોર્સ' ગણાય. તેણે મને તરત જ ફોન કર્યો અને અમે તૈયાર જ હતા.'' ["Yes Mr. Clarke, you understand correctly. your trusted, loyal, secretary has a special talent of voices. we found that during our investigation. Her baby-sitter Martha helped us. Yesterday after you left the office, she called Mr. Marshal from your office in your voice and pressed the button ON. we were very vigilant, so your telephone operator who was also our source called me

immediately and of course we were ready."] મિ. જ્હોને ફોડ પાડતાં કહ્યું.

''તમે લોકો એફિસિયન્ટ છો મિ. જ્હોન! તમે ફાસ્ટ છો. થોડીજ મિનિટનો સવાલ છે. પણ કેટ? કેમ હું તારા પર વિશ્વાસ મૂકતો હતો.'' ["I must say you people are really efficient Mr. John. I must say that it was quick. It was a matter of minutes. But Kate? W hy...... I trusted you."] મિ. ક્લર્કને સખત આંચકો લાગ્યો હતો. એમને કેટ ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો.

''મારે પણ જાણવું છે કે શા માટે?'' [Yes. Even I want to know why?"] મિ. જ્હોને કહ્યું.

કેટે ચહેરો છુપાવી દીધો. દુનિયાને ચહેરો બતાવવા લાયક જ ન રહ્યો. હવે એનું ભવિષ્ય પણ એના ભૂતકાળ જેટલું જ અંધકારમય થઈ જવાનું હતું. વીજ વીજળી ઝબૂકે મોતી પરોવવા ગઈ, ત્યાં વીજળી એના પર જ પડી.

''મારા બાળકના ભવિષ્ય માટે...... આઇ એમ સૉરી...'' ["I did it for my son's future. I am sorry...] કેટ તદ્દન ભાંગી પડી. એણે જોશુઆનું ભવિષ્ય પણ બગાડી નાખ્યું!

''પણ હું તો તને સારી રીતે રાખતો હતો. પગાર પણ સારો હતો. જોશુઆની સંપૂર્ણ જવાબદારી પણ લીધી હતી. આટલું પૂરતું ન હતું કેટ?'' ["But I was treating you well. Pay was good. I took Joshua's full responsibility, Kate! Was it not enough?"] આટલા હોંશિયાર હોવા છતાં એમણે કેટને underestimate કરી. મિ. ક્લર્કને કેટ માટે એક દીકરી જેવી લાગણી હતી એટલે કેટ ઉપર વિશ્વાસ મૂક્યો હતો.

''તમારા હરીફોએ મને અઢળક પૈસાની ઓફર કરી. એક સામટા... નવો પાસપોર્ટ હું લલચાઈ ગઈ. આજે થોડા 'accident's' થયા હોત. તમારા પર દોષ આવત હું પૈસા, મારા દીકરાને અને સલામત ભવિષ્ય સાથે USA ગઈ હોત. એ લોકોએ મને વચન આપ્યું હતું. આઇ. એમ. સૉરી...'' ["Your competitors offered me lots of money. Immediate transaction. New passport. I was tempted. Today few 'accidents' would have happened. All the blame would have come to you. I would have gone to USA with my son, money and a secure future. They promised me that. I am sorry..."] આથી આગળ એ બોલી ન શકી. મોઢું છુપાવીને રડવા માંડી.

''મિ. કલર્ક તમારી જિંદગી પણ જોખમમાં હતી. તમારા હરીફો તમને ખતમ કરવા માંગતા હતા. તમારો બિઝનેસ, તમારી ખ્યાતિ બધું જ... કેટ એ લોકો સાથે સંપર્કમાં હતી. એણે એ લોકોને બધું જ જણાવી દીધું હતું. તમારી સલામતીની ચિંતા અમને હતી. મિ. હર્બર્ટ, માર્ગીની પણ સલામતી અમારે રાખવાની હતી. ફક્ત મિ. માર્શલ, 'ધ એજન્સી'ના બિઝનેસમેન સિવાય.....'' ["Your life was in danger Mr. Clarke. Your competitors wanted to destroy you., your reputation, your business. Kate was in touch with them and told them everything. Your safely was also our concern. So was for Mr. Hurburt, and Margie too. Except Mr. Marshal the business man of 'The Agency."]

''તમને અમારા પ્લાનની ખબર કેવી રીતે પડી?'' ["How did you come to know about the plan Mr. John."] મિ. ક્લર્કને જ્હોન માટે માન થયું.

''BNDની ખ્યાતિ અને પદ્ધતિ હોય છે.'' ["BND has its reputation and we have our own methods"]

મિ. જ્હોને ગર્વથી કહ્યું. એમણે સૌ ઉપર નજર રાખી હતી. તે દિવસે મિ. ક્લર્કના ઑફિસમાંથી નીકળ્યા પછી તરત એમનો જ અવાજ ઑપરેટરે સંભાળ્યો એટલે સૂચના મુજબ એણે જ્હોનને ફોન કર્યો. જ્હોને ફિલ્ડ

ટીમ નજીક તૈયાર રાખી જ હતી તેને ફોન કર્યો. બીજી ટીમો પણ સૂચના મુજબ કામ કરતી ગઈ. માર્ગી ઉપર ફોન આવ્યો એટલે તે નાછૂટકે નિમિત્તના રૂમમાં મશીન manipulate કરવા જઈ રહી હતી. અનુજને સાવધાન કરવા ફોન કર્યો તો ભાઈ ફોન ન ઉપાડે. ચિંતા થઈ એટલે જ્હોન જાતે ગયો, ભાઈ તો શાંતિથી સૂતા હતા!

અનુજ આ આખોય ખેલ આંખો ફાડીને જોતો જ રહ્યો. આ સાદા ટી શર્ટ અને જીન્સમાં ફરતો જ્હોન BNDનો ઑફિસર છે! ત્યાં જ દરવાજો ખૂલ્યો અને યુનિફૉર્મ પહેરેલી, સિનિયર દેખાતી વ્યક્તિએ પ્રવેશ કર્યો. મિ. જ્હોન પાસે આવી સેલ્યુટ કરીને કહે:

''સર તમારા આદેશ મુજબ બધુ જ કરી દીધું છે.'' ["Sir. We have carried out everything as per your order. Any thing else?"] અનુજની આંખો વધારે પહોળી થઈ. આ સિનિયર દેખાતો ઑફિસર જ્હોનને 'સર' કહે છે. જ્હોન એનાથી પણ વધારે સિનિયર છે! જ્હોને અનુજની સામે જોઈને આંખ મિચકારી.

મિ. ક્લર્ક અને મિ. હર્બર્ટ અંદરોઅંદર વાત કરી રહ્યા હતા. કમાન્ડો આવીને કેટને અને માર્શલને રૂમની બહાર લઈ ગયાં. માર્થાને પણ ઘરે જવાનું કહેવામાં આવ્યું.

''પીટર અને એમી હવે સલામત છે?'' ["Peter and Amy, are they safe now?"] મિ. જ્હોને ઑફિસરને પૂછ્યું.

''જી સર. તેમને મેડિકલ ચેકઅપ માટે લઈ જવાયા છે.'' ["Yes, sir, they have been taken for medical check up."]

''મિ. કલર્ક અને મિ. હર્બર્ટ હવે તમે જઈ શકો છો. જરૂર પડ્યે કોન્ટેક્ટ કરશું. થેંક્યુ. ગુટેન ટેગ.'' ["Mr. Clarke and Mr. Herburt, You are free to go now. We may contact you in case required. Thank you. Guten Tag."] મિ. ક્લર્ક પૂરેપૂરા સ્વસ્થ ન હતા. કેટ અને માર્શલની ઊલટતપાસમાં મિ. જ્હોન એમની પર આંગળી ચીંધી શકે છે પણ એમના વકીલ પહોંચી વળશે. એમનાં કપડાં ઈસ્ત્રી ટાઇટ જ રહેશે.

''અમારો સહકાર તમને મળશે, જ્હોન.'' ["You have our co-operation John."] મિ. ક્લર્કે જ્હોન સાથે હાથ મેળવતા કહ્યું.

મિ. હર્બર્ટ જતાં પહેલાં અનુજ પાસે આવ્યા.

''નામિટે માટે મને માન છે.'' ["I am sorry about Nametee. I respect him."]

"Its all right. Mr. Herbert." અનુજે પણ હૅન્ડશેક કર્યો.

હવે રૂમમાં ફક્ત અનુજ અને મિ. જ્હોન જ રહ્યા.

''જ્હોન મને જણાવ કે તું ખરેખર કોણ છે?'' ["John tell me, who exactly are you?"]

મિ. જ્હોનના ચહેરા પર ફરી પાછું એ જ માયાળુ સ્મિત આવી ગયું. ઑફિસર જ્હોન ગાયબ, મિત્ર જ્હોન ફરી આવી ગયો!

''હું BNDનો િસનિયર ઓફિસર છું. ઇન્વેસ્ટીગેશનની ટીમનો હેડ છું. MPA મારી જવાબદારી છે.'' ["I am the head of the investigation team. A senior officer of BND. MPA is my responsibility."]

''સાચ્ચેજ!'' ["You really are?"] અનુજના હાવભાવ જોવા જેવા હતા. મોઢું પહોળું જ થઈ ગયેલું.

''કોઈવાર એવું થાય! નામિટે હવે સલામત છે. તું હવે સલામત છે. મિસ્ટરી ઉકેલાય ગઈ અને કોઈનો જીવ ગયો નહીં.'' ["Happens! Nametee is safe now. You are safe now. No lives lost and mystery solved."] મિ. જ્હોનના ચહેરા પર મિત્રતા નિભાવ્યાનો અને કર્તવ્ય નિભાવ્યાનો સંતોષ દેખાયો.

"જ્હોન. આખી મિસ્ટરી હજી નથી ઉકેલાઈ." ["John. Not full mystery."] હવે અનુજની આંખમાં ચમક દેખાઈ.

"કેમ? હવે શું બાકી રહ્યું?" ["W hy, what is left?"]

"મારા ભાઈની મોટી રિસર્ચ! એની શોધ!" ["The research! My brother's big research!"]

"ઓહ એ મિસ્ટરી, મારાથી નહીં ઉકેલાય. હું વિજ્ઞાની નથી." ["Yaah that mystery, I can not solve. I am not a Scientist."]

"મેં તે ઉકેલી નાખી." ["I solved that Mystery."] અનુજે ગર્વ સાથે કહ્યું.

"સાચ્ચે? કેવી રીતે?" ["Really. How?"] જ્હોન ખુશ થઈ ગયો.

"હું આખી રાત જાગતો હતો. તું તારું ઓપરેશન કરતો હતો ત્યારે હું મારું ઓપરેશન કરતો હતો. તારા આવવાના થોડીવાર પહેલાં જ હું ઊંઘ્યો." ["I was awake the whole night, while you were busy with your 'operation', I was busy with my 'operation.' I just dozed off for a while before you came."]

અનુજે જ્હોનને SURFGEN અને FOF પ્રોગ્રામની વાત કરી.

"ગજબ અનુઝી. પણ તું તો ફિઝિક્સ વિશે કશુંય જાણતો નથી!" ["Great. Great. Anuzee. But you don't know anything about physics, how come could you?"]

"હું ફિઝિક્સ વિશે નથી જાણતો પણ મારા ભાઈને જાણું છું!" ["I may not know physics but I know my brother!"]

અનુજે ગર્વથી છાતી ફુલાવતાં કહ્યું. ત્યાં જ મિ. જ્હોનના મોબાઇલની રિંગ વાગી. મિ. જ્હોને વાત કરી. જર્મન ભાષામાં પણ અમુક શબ્દ અનુજને સમજાઈ જતા હતા. વાત કરતાં મિ. જ્હોનના હાવભાવ ચિંતામાંથી આનંદમાં પલટાઈ ગયા.

"ઓહ. ગ્રેટ ન્યુઝ. અમે આવીએ છીએ." ["O h. That is great news. We are coming."] મિ. જ્હોને ફોન મૂકીને અનુજને કહ્યું.

"ડૉ. એડવર્ડનો ફોન હતો. એણે નામિટે પર કરેલી બ્રેઇન સર્જરી સફળ રહી છે. નામિટે ભાનમાં આવી ગયો છે." ["The call was from Dr. Edward. He performed the surgery on Nametee and it is successful. Nametee has gained consciousness."]

"આપણે હોસ્પિટલ જઈએ." ["Let us go to the hospital."]

બંને મિ. જ્હોનની ગાડીમાં બેસીને હૉસ્પિટલ જવા નીકળ્યા.

સૂર્યનાં કિરણો આખા રસ્તાને ઉજ્જ્વળ કરી રહ્યાં હતાં.



તેજોમય આકૃતિ

આખીય હૉસ્પિટલ શાંત હતી. ઊપલા V.V.I.P પેશન્ટની કૉરિડૉર તો એથીય શાંત હતી. નિમિત્ત brain operation પછી ફરી એ જ રૂમમાં, એ જ અવસ્થામાં સૂતો હતો. આજુબાજુ બધાં મશીન હતાં. આખા શરીર ઉપર ઇલેક્ટ્રોડ લગાવી દીધેલા હતા. નિમિત્ત કઈ અવસ્થામાં હતો, એની એને પોતાને ખબર નહોતી. આજુબાજુની દુનિયાથી એ અજાણ હતો અને વચ્ચે ક્યારેક આજુબાજુ ચાલી રહેલી હલનચલનની ખબર એને પડતી હતી. ચિત્રવિચિત્ર અનુભવો થઈ રહ્યા હતા. માનસપટ પર જાતજાતનાં દશ્યો દેખાઈ રહ્યાં હતાં. ક્યારેક સ્ત્રીનો પ્રેમાળ ચહેરો, ક્યારેક કોઈ વૃદ્ધનો ચહેરો દેખાતો હતો. ક્યારેક લાગતું કે એક લાંબી પરસાળ છે, જેમાં એ ચાલી રહ્યો છે અને દૂર આવેલો દરવાજો ખૂલતો નથી. ક્યારેક અફાટ રણમાં અંધકાર ભરી રાતે ચાલી રહ્યો છે, ક્યારેક જંગલમાં કેડીઓ પર, ક્યારેક હિમાચ્છાદિત પહાડો પર ચડી રહ્યો છે. કોઈવાર પરિચિત વ્યક્તિની હાજરી વરતાય છે, લાગણીઓ ઊભરાય છે. અજાણી અવસ્થાઓ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે. ક્યારેક ગળું સુકાય છે, ખૂબ શોષ પડે છે, ક્યારેક અગ્નિના તડ તડ અવાજો વચ્ચે ઘેરાયેલો છે. ક્યારેક સફેદ પ્રકાશવાળા આકાશમાં, ક્યારેક નારંગી રંગના આકાશનો અહેસાસ થાય છે. ક્યારેક સંપૂર્ણ અંધકાર!

ક્યારેક કોઈ તેજોમય આકૃતિ સામે ઊભી હોય તેમ લાગે છે. એનો આકાર પરિચિત લાગે છે. એનો અવાજ ખૂબ જાણીતો છે અને એ બધું હૃદયમાં અનોખાં સ્પંદનો જગાવે છે. એ તેજોમય આકૃતિની હાજરી શાંતિની અનુભૂતિ કરાવે છે. કોઈ તેજોવર્તુળ છે, આજુબાજુ બીજા સાથીદારો છે. સૌએ સફેદ ડગલા જેવાં વસ્ત્ર પહેર્યાં છે. શરીર પર રાખ ચોપડી છે. માથે મુંડન છે. ખુલ્લી જટા છે.

ફરી... ફરી... સામે દેખાતો દરવાજો ખૂલતો નથી... પોતે ચાલતો રહે છે... રેતી છે... પવન છે... ગુરુજી... ગુસ્સો... અંધકાર...

આવી...આવી... ફરી એ જ તેજોમય આકૃતિ આવી... દૂરથી આવતો હોય એવો ધ્વનિ સંભળાયો. આ મારા મનનો વહેમ છે? શું હું જીવું છું? શું સ્વર્ગ આવું હોય?

સામે ફરી એ જ આકૃતિ ઊભી છે. એ આકૃતિના પ્રકાશને કારણે આંખો અંજાઈ જાય છે. એ કાંઈ બોલી રહી છે, પણ અવાજ પકડાતો નથી, પરંતુ નિમિત્ત આજે એમને પ્રશ્ન પૂછશે. એ આકૃતિ સિવાય એને જવાબ કોણ આપશે? મગજથી વિચારવા ઇચ્છે છે, પણ મગજ ચાલતું નથી. મગજ દુ:ખે છે. સામેથી અવાજ આવે છે:

"નિમિત્ત!"

"હું નિમિત્ત છું? હું ક્યાં છું? મને શું થયું છે? મારું શરીર છે કે હું શરીરવિહોણો છું. તમે... જાણીતા... મારું નામ... જાણો છો?... કહો સમજાવો... મારા પ્રશ્નનો જવાબ આપશો?" નિમિત્ત બોલી રહ્યો હતો કે મન દ્વારા જ પ્રત્યાયન થઈ રહ્યું હતું તેની ખબર પડતી ન હતી. પરંતુ એ આકૃતિ સઘળી વાતો પામતી હતી તે નક્કી.

"હા, તું નિમિત્ત છે. આ જન્મમાં તું નિમિત્ત છે. તું હૉસ્પિટલમાં છે.

"મને જણાવો. તમે... મને કહો... મને... તમે કોણ...?"

"હું તારો ગુરુજી. તને મળવા વારંવાર આવું છું." એ આકૃતિએ કહ્યું.

"હું હૉસ્પિટલમાં છું? મારા મનમાં અનેક......"

નિમિત્તનું માથું સણકા મારી રહ્યું હતું. પરંતુ તેના મનમાં ચાલી રહેલા પ્રશ્નોના જવાબ એણે જાણવા હતા.

"તારા માનસપટ પર દેખાઈ રહ્યા છે તે આ જન્મ અને આગલા જન્મોનાં દૃશ્યો છે, અનુભવો છે. જન્મોજન્મની તારી સ્મૃતિઓ, તારા સંસ્કાર, તારી અનુભૂતિઓ તારા માનસપટ પર સાદૃશ્ય થાય છે. આ અવસ્થામાં આવું થવું સ્વાભાવિક છે.

"તમે અહીં? કેવી રીતે?"

તું ભૂલી ગયો? હું સ્થળ અને કાળથી પર છું. મારા અહીં આવવાની ખબર કોઈને પડતી નથી. હા, મારાં તેજકિરણોને કારણે અહીંના મશીનમાં થોડો ફેર પડે છે, થોડા સ્ટેટિકના અવાજો આવે છે, પરંતુ એ નહીંવત્ હોવાથી કોઈને ખબર પડતી નથી." આટલું કહીને આકૃતિ હસી!

"તમે મને કેવી રીતે ઓળખો?" નિમિત્ત બોલવાની કોશિશ કરી રહ્યો હતો, પણ સફળ ન થયો. તેજોમય આકૃતિને નિમિત્તના બોલવાની જરૂર ન જણાય.

"આ જન્મમાં તું નિમિત્ત છે. મને તારા બધા જ જન્મો યાદ છે. તને તારો અને મારો પહેલો મેળાપ યાદ કરાવું?"

એ આકૃતિએ પથારીમાં પડેલા નિમિત્તની આંખ સામે દૃષ્ટિ કરી. પ્રકાશનાં બે કિરણો એ આકૃતિની આંખોમાંથી નીકળ્યાં. બેજાન જેવી નિમિત્તની આંખોમાં પહોંચી ગયાં. નિમિત્તની આંખોમાં શક્તિનો સંચાર થયો. એની દૃષ્ટિ અનેક પડળોને આરપાર વીંધતી કોઈ અન્ય કાળ અને સ્થળ પર સ્થિર થઈ. ત્યાં અંધારું હતું. ધીમે ધીમે ઉજાસ થતો ગયો. એક મોટો ઓરડો હતો. ઓરડામાં અનેક સ્તંભ હતા. પ્રત્યેક સ્તંભ પર એક મશાલ સળગતી હતી. એ ઓરડામાં વચ્ચે ઊભો હતો. આજુબાજુ બીજા યુવાનો હતા. બધું મળીને એ લોકો પંદર જણા હતા. સૌએ માથાથી પગ સુધીનું સફેદ રંગનું પહેરણ પહેર્યું હતું. એમની આંખોમાં અનોખી તેજસ્વિતા હતી. થોડીવારે ઓરડામાં દૂરથી કોઈ આવતું હોઈ એવો અવાજ થયો. સફેદ વસ્ત્રથી ઢંકાયેલા વાદળની જેમ સરકતા ગુરુજી સામે આવીને ઊભા. નિમિત્તને યાદ આવવા માંડ્યું.

'C hosen ones!!!'

'મંજૂર, મંજૂર, મંજૂર!'

એ ચાલવા લાગ્યો. બીજા યુવાનો પણ ચાલવા લાગ્યા ગુરુજીની પાછળ પાછળ, દરવાજો ખૂલ્યો. બહાર સફેદ રેતીનું રણ હતું. આકાશ નિરભ્ર હતું. ટમટમી રહેલા તારાઓ...

નિમિત્તની દૃષ્ટિ ફરી અનેક પડળોને આરપાર વીંધતી વર્તમાનમાં આવી. એ પથારીમાં પડ્યો હતો. એણે સામે ઊભેલી તેજોમય આકૃતિ તરફ જોયું.

'હું તમારો..."

"હા. તું મારો શિષ્ય. ત્યારે પણ અને આજે પણ!"

"તેં ત્યારે પણ ભૂલ કરી અને આજે પણ!"

"માફી... શિક્ષા... હું ક્ષમા..."

"ક્યારેય નહીં. તને નિયમ ખબર છે. તને પરંપરા ખબર છે..." સામે ઊભેલી તેજોકૃતિ ફરી બોલી.

"મને સમજાવો... ગુરુજી... હું... તમારો... માનીતો... શિષ્ય..."

"હા. તું મારો માનીતો શિષ્ય છે એટલે જ તારી સમક્ષ છું. તને વારંવાર મળવા આવું છું. તને દરેક વખતે સમજાવું છું, મારી વાત ધ્યાનથી સાંભળ...

થોડો વિરામ લઈ ગુરુજીએ બોલવાનું શરૂ કર્યું. સાગરના પેટાળમાંથી આવતો એમનો ધીરગંભીર અવાજ નિમિત્તનો જાણીતો હતો.

"મનુષ્ય જાતિ આદિ કાળથી જીવનના અંતિમ સત્યને, બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને અંતને જાણવા માટે

ઉત્સુક છે. પરમ સત્યને પામવાની મથામણ કરે છે. વિજ્ઞાનીઓ એમની શોધ દ્વારા, ફિલસૂફો એમના વિચાર દ્વારા, કલાકારો એમની કૃતિઓ દ્વારા બ્રહ્માંડના સત્યને કોઈ ને કોઈ સ્વરૂપે પ્રગટ કરે છે. આવા અનેક પ્રયત્નોને કારણે મનુષ્યની ઉત્ક્રાંતિ થાય છે. અમે તમારી બધી મથામણને નિહાળીએ છીએ. માનવજાતના આવા પ્રયત્ન જોઈને અમને ખૂબ ગર્વ થાય છે. મનુષ્યની ઉત્ક્રાંતિમાં ક્યારેક કટોકટીની પરિસ્થિતિ આવે છે. સમગ્ર મનુષ્ય જાતિનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જાય છે, આવી કટોકટીની પરિસ્થિતિમાં એક અવતાર જન્મ લે છે અને માનવજાતિને હેમખેમ ઉગારે છે. અવતાર એ જ કે જે સમગ્ર માનવજાતિને ઉત્ક્રાંતિની દિશામાં એક મોટું ડગલું મંડાવે, જેના પ્રયત્નને કારણે માનવીનું જીવન વધુ અર્થપૂર્ણ બને. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, જીસસ, મોઝિઝ કે પયગંબર હોય કે વિજ્ઞાનમાં ગેલિલિયો, ન્યુટન, ડાર્વિન કે આઇનસ્ટાઇન કે તારો માનીતો સ્ટિફન હોકિંગ હોય. નવી વિચારશૈલી, નવો ધર્મ, નવો આવિષ્કાર અંતે તો મનુષ્યને ઉત્ક્રાંતિની દિશામાં આગળ ધપાવે છે. તું સમજે છે નિમિત્ત?"

નિમિત્તની આંખોમાં પ્રશ્નાર્થ જોઈને આકૃતિ અટકી ગઈ!

"કટોકટી, અવતાર અને ઉત્ક્રાંતિ વચ્ચે શું સંબંધ?" નિમિત્તના મનમાં ઊગેલો પ્રશ્ન તેજામય આકૃતિ પામી ગઈ. તે હસી,

"તારો સ્વભાવ જિજ્ઞાસુ છે તે હું જાણું છું. આજે તારી બધી જ શંકા દૂર કરવા આવ્યો છું. ધ્યાનથી સાંભળ;

તેં ક્યારેય એવું વિચાર્યું છે કે, અવતાર ક્યારે અને કેમ જન્મે છે? તું માનવીય ઇતિહાસ વાંચશે તો જણાશે કે ખરી કટોકટીની પળે, મનુષ્યની સામૂહિક આકાંક્ષા મુજબ જ અવતાર જન્મે છે. અવતાર જે તે યુગની સામૂહિક આકાંક્ષાની અપેક્ષાની જ પૂર્તિ કરે છે. કટોકટી કહો કે ધર્મની ગ્લાનિ કહો, વાત સામૂહિક આંકાક્ષાની જ છે. જ્યારે જ્યારે મનુષ્યની ઉત્ક્રાંતિ ખોટકાતી જણાય છે ત્યારે ત્યારે એક અવતાર જન્મ લે છે અને સમગ્ર માનવજાત ઉત્ક્રાંતિની દિશામાં એક ડગલું માંડે છે. તમે અવતારને ધર્મ સાથે કે અધ્યાત્મ સાથે જોડો છો, અમે સામૂહિક આકાંક્ષાઓ અને ઉત્ક્રાંતિ સાથે."

બહાર કૉરિડૉરમાં હલચલ જણાઈ એટલે આકૃતિ અદશ્ય થઈ ગઈ. ડૉ. એડવર્ડ રૂમમાં આવ્યા. નિમિત્તને તપાસી, મશીનનું અવલોકન કરીને નીકળી ગયા. શાંતિ થતાં જ તેજોમય આકૃતિ ફરી આવી. નિમિત્તના પ્રશ્નો તૈયાર જ હતા.

"અવતાર જન્મે ત્યારે ઉત્ક્રાંતિ થાય કે ઉત્ક્રાંતિની જરૂર હોય ત્યારે અવતાર જન્મે? તમે એટલે કોણ? તમને મનુષ્યની ઉત્ક્રાંતિમાં આટલો રસ કેમ?" નિમિત્ત જીભથી બોલવાની કોશિશ કરતો હતો.

"આવો પ્રશ્ન તું પૂછશે એની મને ખાતરી જ હતી. તારા પ્રશ્નનો ઉત્તર હું આપીશ, પરંતુ એ સમજવા માટે તારે મનુષ્યની ચેતના વિષે જાણવું પડશે. મનુષ્યની ચેતનાના ત્રણ સ્તર છે. Conscious state અથવા જાગ્રત અવસ્થા, Subconscious state એટલે અર્ધચેતન અવસ્થા અને Unconscious state, જેને અચેતન અવસ્થા કહે છે. જાગ્રત અવસ્થા એક પ્રદૂષિત અવસ્થા છે. એમાં મનુષ્ય એના સાચા સ્વરૂપમાં હોતો નથી. અમે તેમાં રસ લેતા નથી, પરંતુ અચેતન, Unconscious અવસ્થામાં તેનું અસલ સ્વરૂપ જાણવા મળે છે. એ અવસ્થામાં એનો અસલ 'સ્વ' પ્રગટ થાય છે. અમે એકાદ મનુષ્યની ચેતનાની નહીં, પણ સમગ્ર માનવજાતની સામૂહિક અચેતનની નોંધણી રાખીએ છીએ. મનુષ્યના સામૂહિક અચેતનમાં મનુષ્યનો ઇતિહાસ પડ્યો છે. એનું દર્દ, એની હિંમત, એની જંગાલિયત, એની કરુણા, એની પ્રબળ જિજ્ઞાસા, બધું જ એમાં પડ્યું હોય છે. આ સામૂહિક અચેતન (collective unconscious) જ એની પ્રગતિનો ખરો માપદંડ છે. આ માપદંડને આધારે જ સામૂહિક આકાંક્ષા મુજબ ઉત્ક્રાંતિની દિશા મુજબ અવતાર જન્મે છે. સમજ્યો નિમિત્ત?"

માથામાં થતી અસહ્ય પીડાને કારણે નિમિત્તથી આહ ભરાઈ ગઈ. આકૃતિ એ પામી ગઈ. એણે પ્રકાશનું એક કિરણ નિમિત્ત તરફ મોકલ્યું જેથી નિમિત્તની પીડા ઓછી થાય. એણે આંખથી આભાર માન્યો. તરત જ આકૃતિએ ફરી બોલવાનું શરૂ કર્યું :

"મનુષ્ય કેટલો વિશિષ્ટ છે એનો ખ્યાલ જો મનુષ્યને હોત તો દુનિયાની પરિસ્થિતિ આટલી વિષમ ન હોત. પૃથ્વી પર આટલી વિવિધ જીવસૃષ્ટિ પાંગરે એ માટેની તમામ જરૂરિયાતો આવી ક્યાંથી અને વળી આવી શા માટે? સમગ્ર બ્રહ્માંડમાં જીવસૃષ્ટિ ઉદ્ભવી શકે તેવો સાવ નાનકડો વિસ્તાર માત્ર એક જ છે, જેને તમે 'ગોલ્ડીલોક ઝોન' નામ આપ્યું છે. સૂર્યમાળામાં ફક્ત પૃથ્વી જ આ ઝોનમાં છે, એ તો તું જાણે છે ને? આટલી વિવિધ જીવસૃષ્ટિ પાંગરી શકે તે માટે પ્રાણવાયુ, પ્રવાહી સ્વરૂપે પાણી, ગુરુત્વાકર્ષણ, તાપમાન બધું જ જાણે પ્રમાણસર. તમારી ગોલ્ડીલોકની વાર્તા જેવું જ! મનુષ્ય આટલો 'ખાસ' કોનો? અને કેમ? આવી વિશિષ્ટ સાનુકૂળ પરિસ્થિતિ માટે કોઈ જવાબદાર ખરું? શું આ ફક્ત એક અકસ્માત છે કે કોઈ ગ્રાન્ડ ડિઝાઇન છે? આ પ્રશ્નનો જવાબ વિજ્ઞાન તર્ક અને સાબિતી દ્વારા, ધર્મ ભગવાનની પરિકલ્પના દ્વારા અને અધ્યાત્મ દ્વારા પ્રતીતિના પ્રદેશમાં શોધી રહી છે. અફસોસ એ વાતનો છે કે ધર્મ, વિજ્ઞાન અને અધ્યાત્મનું અંતિમ લક્ષ્ય એક જ હોવા છતાં એ ત્રણેય ભેગાં નથી થતાં અને વળી ક્યારેક તો આમને સામને હોય છે. તારી શંકાઓ દૂર થઈ રહી છે, નિમિત્ત?"

"તમે એમ કહેવા માંગો છો કે મનુષ્ય ખૂબ 'ખાસ' છે. તમને એની ઉત્ક્રાંતિમાં વિશેષ રસ છે એટલે તમે અમારી સામૂહિક આકાંક્ષાઓ મુજબ અવતાર મોકલીને અમારી પ્રગતિ કરાવો છો. હું હવે બરાબર સમજ્યો."

"તારી બુદ્ધિશક્તિમાં મને પહેલેથી જ વિશ્વાસ હતો અને છે, સ્નેહ પણ ખરો. હજી તારી શંકા પૂરેપૂરી દૂર થઈ નથી એ હું જોઈ શકું છું. બોલ શો પ્રશ્ન છે?"

"તમે એટલે કોણ?" નિમિત્તે પ્રશ્ન પૂછી જ નાખ્યો.

તેજોમય આકૃતિ હસી, જાણે કે એને ખબર હતી કે આ પ્રશ્ન આવશે જ. નિમિત્ત એટલું જાણી ગયો હતો કે સામે ઊભેલી આકૃતિ નિમિત્તને આરપાર ઓળખે છે.

"તમે નહીં, નિમિત્ત! આપણે!"

"આપણે? કોણ છીએ આપણે? હું કોણ છું?"

"તને તારી અને મારી સાચી ઓળખ આપવાનો સમય આવી ગયો છે. આપણે ''THE SCRIBE OF THE GODS." તેજોમય આકૃતિએ આકાશ તરફ જોઈને માનપૂર્વક કહ્યું.

"THE SCRIBE OF THE GODS? એટલે?" નિમિત્તે આશ્ચર્ય સાથે પૂછ્યું.

"હા. આપણે THE ALLના લહિયા છીએ. THE ALL એટલે અમાપ, અદ્વિતીય, અવર્ણનીય બ્રહ્માંડનું અંતિમ સત્ય. સમગ્ર વૈશ્વિક ચેતના. નાનામાં નાનો કણ કે મોટામાં મોટી ગેલેક્સી પણ અંતે તો એ ચેતનાનું જ પ્રગટ સ્વરૂપ છે. તે ક્યારેક કવિઓની કવિતા દ્વારા, ક્યારેક ચિત્રકારના ચિત્ર દ્વારા, ક્યારેક વિજ્ઞાનીના આવિષ્કાર દ્વારા, ક્યારેક ઋષિઓના મંત્ર દ્વારા, ક્યારેક અવતારી પુરુષોના કર્મ દ્વારા, ક્યારેક આધ્યાત્મિક વ્યક્તિઓના વિચાર દ્વારા ભૌતિક જગતમાં વસતા માણસો સામે વ્યક્ત થાય છે. મોઝિઝના TEN COMMANDEMENTS, આઇનસ્ટાઇનનું E=mc2 equation, જીસસનો પ્રેમનો સંદેશો, તાંત્રિકોનું શિવશક્તિ મિલન, તાઓનો 'એ માર્ગ' ઋષિઓનું મંત્રદર્શન, કૃષ્ણની ગીતા, બધું અંતે તો એ પરમ ચેતનાનો જ વિસ્તાર છે. 'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં પછી અંતે તો જે હેમ છે તે પરમ ચેતના જ છે. આ પરમ ચેતના એટલે જ THE ALL."

"THE SCRIBE?"

"SCRIBE એટલે લહિયા. આ મહાન સત્-તાના આપણે સૌ લહિયા છીએ. જેમ મહાભારત લખવા માટે મહર્ષિ વેદવ્યાસે ગણેશજીને એમના લહિયા બનાવ્યા હતા, તેમ THE ALL આપણને તેમના લહિયા બનાવે છે. આપણા જેવા SCRIBE તેમની આજ્ઞા અનુસાર, તેમની ઇચ્છા અનુસાર ક્યારેક વિજ્ઞાની બનીને, ક્યારેક કલાકાર બનીને, ક્યારેક આધ્યાત્મિક વ્યક્તિ બનીને વૈશ્વિક ચેતનાના અંશને વ્યક્ત કરી છીએ. તેમની આજ્ઞા અને ઇચ્છા મુજબ.

THE SCRIBE OF THE GODSને પસંદ કરવાની, એમને તાલીમ આપવાની એક પ્રણાલી હોય છે. આ માટેનું સ્થળ અને બધું જ અત્યંત ગુપ્ત હોય છે. આ 'સ્ક્રાઇબ'ને પસંદ કરતાં પહેલાં એમના ગુરુ એમની કસોટી કરે છે. એમ કરવામાં નાનકડી, અંશમાત્ર પણ નબળાઈ પણ ચલાવી લેવાતી નથી. ગુરુની દેખરેખ હેઠળ જનમોજનમની તૈયારી પામેલા આ 'સ્ક્રાઇબ' જુદા જુદા ક્ષેત્રમાં આવિષ્કાર કરે છે. ક્યારેક વિજ્ઞાની બનીને, ક્યારેક કવિ બનીને, ક્યારેક ચિત્રકાર બનીને, ક્યારેક ફિલસૂફ બનીને જે વ્યક્ત કરે છે, તે ઉપરની 'મહાન સત્-તા'ની ઇચ્છા અનુસાર કરે છે. દરેક સદીમાં કેવળ પંદર scribe જ પસંદ થાય છે.

'એકોહમ બહુસ્યામ્'. એ 'એકોહમ' 'THE ALL' આપણા થકી, સ્ક્રાઇબ થકી એને બહુસ્યામ્ કહે છે. તું પણ એમાંનો જ છે. એ સ્ક્રાઇબની ટોળીમાંથી ક્યારેક કોઈ ન્યૂટન બને, ક્યારેક ગેલિલિયો, લિયોનાર્દો-દ-વિન્સિ પણ આજ ટોળીનો અને મેડમ ક્યુરી પણ આમાંથી જ! નરસિંહ મહેતા પણ એમાંના જ! આ SCRIBE થકી માનવજાતની ઉત્ક્રાંતિ આગળ વધતી જાય છે. તું સમજી રહ્યો છે, નિમિત્ત?''

"જી ગુરુજી. પણ મારો પ્રશ્ન છે."

"બોલ. આજે તો તારી શંકાનું સમાધાન કરવાનો નિર્ધાર કરીને જ આવ્યો છું. બોલ શો પ્રશ્ન છે?"

"ગુરુજી આ SCRIBE અને અવતાર વચ્ચે શું સંબંધ?"

"હંમ... તેં ફરી બરાબર પ્રશ્ન પૂછ્યો. એટલે જ તો તું મારો અને THE ALLનો માનીતો છે. સાંભળ, જો! તને આગળ કટોકટીની વાત કરી. મનુષ્યની ઉત્ક્રાંતિ થતી રહે તેમાં THE ALLને રસ છે. આ ઉત્ક્રાંતિ થવા માટે THE SCRIBE વિવિધ ક્ષેત્રોમાં આવિષ્કારો કરે છે, તે મેં તને આગળ સમજાવ્યું. કટોકટી એટલે એવો સમય કે પરિસ્થિતિ જ્યાં સમગ્ર માનવ અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ જાય. એવે સમયે 'THE ALL' પોતે SCRIBE બનીને કે પછી કોઈ એમની વિશિષ્ટ રીતે એ કટોકટીની ક્ષણને ટાળે છે. ત્યારે તે અવતાર બની જાય છે. વાત ઉત્ક્રાંતિ અને કટોકટીની છે નિમિત્ત. હવે સમજ્યો?"

"જી ગુરુજી. અવતાર એટલે વિશિષ્ટ SCRIBE. ક્યારેક THE ALL અવતાર બનીને પણ કટોકટીની પરિસ્થિતિ પાર પાડવામાં મનુષ્યને મદદ કરી ઉગારી લે છે. હું હવે સમજ્યો."

નિમિત્તની આંખમાં એક ચમક આવી ગઈ. તેજોમય આકૃતિની વાણી એ હૃદયમાં ઉતારી રહ્યો હતો. એના અજ્ઞાનનાં પડળો ભેદાઈ રહ્યાં હતાં. આકૃતિ એને નિહાળી રહી હતી.

"હું આ પંદરમાનો એક SCRIBE છું?"

"હા. આ સદીના સ્ક્રાઇબમાં, વિજ્ઞાનના ક્ષેત્રમાં તારી પસંદગી થયેલી છે. તારી શોધની અંતિમ સમસ્યાનો ઉકેલ તને સ્વપ્નમાં આવેલો હતો તે યાદ છે? અહીં તને તારા અજાગ્રત મનમાં વારંવાર આવેલાં સ્વપ્નાંઓ યાદ છે? ક્યારેક તું ઋષિના જૂથમાં હતો, ક્યારેક તાંત્રિકોની સાથે સ્મશાનમાં હતો. ક્યારેક ઝેન માસ્ટર સાથે હિમાલય પર હતો ને ક્યારેક રણમાં કોઈ સૂફી માસ્ટર દ્વારા તારી તાલીમ ચાલતી હતી. યાદ આવે છે?" બ્રહ્માંડનું સંચાલન કરતા સાત નિયમો છે. પસંદ કરેલા SCRIBEને વિશિષ્ટ, ગુહ્ય પદ્ધતિઓ દ્વારા એનું જ્ઞાન અપાય છે. તને એ જ્ઞાન આપ્યું છે. તારી કસોટી, તારી તાલીમ તને વચ્ચે વચ્ચે અહીં માનસપટ પર સાદૃશ થતી હતી. યાદ છે?

"તાલીમ? કસોટી? પસંદગી? હા, યાદ આવે છે?"

"હું વિજ્ઞાની છું? મેં શોધ કરી છે? મારી શોધ?"

"હા. તું આ જન્મે વિજ્ઞાની છે. તેં કોસ્મોલૉજીમાં મહત્ત્વની શોધ કરી છે. તું આ શોધ જગત સમક્ષ મૂકવા જઈ રહ્યો હતો, પરંતુ તેં હજી મંજૂરી મેળવી નહોતી. તું ઉતાવળ કરી રહ્યો હતો. આમેય દરેક જૂથમાં તારી જિજ્ઞાસા, હોવી જોઈએ એથી વિશેષ હતી એવું દરેક જૂથના ગુરુને લાગતું હતું, પરંતુ 'પરમ સત્તા' 'THE ALL' તને છૂટ આપતી હતી. 'પરમ સત્તા'ને જિજ્ઞાસાનો ગુણ અધિક પ્રિય છે. તને તારો ઍક્સિડન્ટ યાદ છે?"

"મારો અકસ્માત?"

"લે યાદ કર." પ્રકાશનું એક કિરણ નિમિત્ત તરફ મોકલવા માટે આકૃતિએ એક દંડ સામે કર્યો.

નિમિત્તને એ સાંજનું દૃશ્ય યાદ આવ્યું. એ ગાડીમાં બેસીને રિંગબર્ગ કેસલ જવા નીકળ્યો. ખૂબ ખુશ હતો. આજે કૉન્ફરન્સમાં એ એની શોધ જગત સમક્ષ જાહેર કરવાનો હતો. એનો ઍલ્ગોરિધમમાં વિકસેલો કમ્પ્યૂટર પ્રોગ્રામ સૌને બતાવવાનો હતો. એની શોધ મહાન હતી. આજે એ ઇતિહાસ રચવાનો હતો. મહાન ખગોળશાસ્ત્રીઓએ પણ એની નોંધ લેવી પડશે. આજે ભારતનું નામ, માતા-પિતાનું નામ અને પોતાનું નામ સુવર્ણ અક્ષરે લખાવાનું હતો.

"આપણા આ અનાદિ અને અનંત એવા બ્રહ્માંડની અનેક અજાયબીભરી લાક્ષણિકતાઓ છે. આ લાક્ષણિકતાઓમાંની એક તે બ્રહ્માંડના બંધારણમાં રહેલી છે. ખગોળશાસ્ત્રના ઇતિહાસમાં હાલ સમય સીમાચિહ્ન છે. છેલ્લી એક સદીમાં એમાં પણ છેલ્લાં પચાસ વર્ષમાં માનવજાતે ખૂબ પ્રગતિ સાધી છે. બ્રહ્માંડનાં અનેક રહસ્યો ખૂલ્યાં છે. બ્રહ્માંડની અનેક માહિતીઓને કારણે આપણે 'મહતો મહીયાન' અંગે જાણી શક્યા છીએ. એ સાથે સાથે જ 'અણોઃ અણિયાન્'ના ક્ષેત્રમાં પણ બોસોન, મેસેન. ક્વાર્ક જેવા મૂળભૂત કણો અંગે માહિતી મેળવી લીધી છે. B ig B ang T heory પ્રમાણે ઉત્પત્તિની સ્થિતિ જાણવા માંગીએ. ઉત્પત્તિના સો સેકંડ પછીની ઘણીબધી માહિતી અને જાણકારી સુધી પહોંચી ગયા છીએ. હવે ઉત્પત્તિ અને ત્યાર બાદની 99 સેકંડની બ્રહ્માંડની સ્થિતિનો ઉકેલ બાકી છે. આજે વિજ્ઞાનની સામે મોટો પડકાર છે, શુદ્ધ અને સત્ય સિમ્યુલેશન, તેના દ્વારા ન્યુમિરિક લિમિટને તેની ઉત્કૃષ્ટ કક્ષાએ લઈ જવાં અને એવા મૉડલને બહોળા સ્વરૂપે રજૂ કરવી.

આવા સંજોગોમાં એક કુશળ સૉફ્ટવૅર અલોગોરિધમ વિકસાવવાની ખૂબ જ તાતી જરૂરિયાત હતી. આ ઍલ્ગોરિધમ સેટ અને એને સંલગ્ન પ્રોગ્રામ મેં વિકસાવ્યો. છે. આજે હું તમારી સમક્ષ એનું demonstration આપવાનો છું..." નિમિત્ત પોતાની speech યાદ કરી રહ્યો હતો.

"યાદ આવ્યું?"

"હા."

એણે ટનલમાં પ્રવેશ કર્યો તે નિમિત્તને યાદ આવ્યું. સામે પ્રકાશ હતો. એક તેજોમય આકૃતિ સામે ઊભી હતી. તેના હાથમાં દંડ હતો. તેમણે એ દંડ આગળ કરીને પ્રકાશનો એક મોટો તેજ લિસોટો નિમિત્તની કાર તરફ મોકલ્યો. નિમિત્તની આંખો તેજમાં અંજાઈ ગઈ. ગાડી પરથી એનો કાબૂ જતો રહ્યો.

"મારો અકસ્માત તમે કરાવ્યો? કેમ?"

"શોધ માટે અભિનંદન. અમે સૌ હું અને મારી ઉપરના સૌ તારા પ્રયત્નો ઉપર સતત નજર રાખતા હતા. ભગવાને મનુષ્યને જે 'Free will' (ઇચ્છાશક્તિ) આપી છે તેનો ઉપયોગ તેં તારી પ્રબળ જિજ્ઞાસાને સંતોષવા માટે કર્યો. એને 'બ્રહ્મજિજ્ઞાસા' કહે છે. તારામાં સર્વ લક્ષણો છે. ભક્તિ, જ્ઞાન અને કર્મનું તું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. એટલે તારી જિજ્ઞાસા સંતોષવા માટે બ્રહ્માંડનું રહસ્ય જાણી શકાય એ પ્રોગ્રામ તને સ્વપ્નમાં બતાવવામાં આવ્યો. તને સ્વપ્ન આવ્યું હતું. યાદ છે? આખો પ્રોગ્રામ તને સ્વપ્નામાં આવેલો

હતો. તારો આ પ્રોગ્રામ જેને તેં 'સર્ફજેન' 'SURFGEN' નામ આપ્યું છે તે દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તિ અને હજી સુધી રહસ્યમય રહેલા સત્યને ત્યારપછીની માત્ર એક સેકન્ડની સ્થિતિ જાણી શકાશે. આ ભેદ જો ઊકલી ગયો, તો બ્રહ્માંડનાં બધાં રહસ્યોનો ઊકેલ મળી શકે. તારો આ પ્રોગ્રામ વિજ્ઞાનની અન્ય શાખા ખાસ કરીને જીવ વિજ્ઞાનક્ષેત્રે અને પ્રત્યાયન ક્ષેત્રે ખૂબ ઉપયોગી થઈ પડશે. જીવવિજ્ઞાની ડૉ. હર્બર્ટ અને ઉદ્યોગપતિ મિ. ક્લર્કને આવો ખ્યાલ આવી ગયો હતો. તેમને તારી શોધ ખરીદવી હતી. તેઓ સામ, દંડ, ભેદ બધી નીતિ અપનાવી ચૂક્યા હતા. તું ત્યારે પણ તારી શોધ અંગે પ્રામાણિક રહ્યો અને 'વેચાઈ ન ગયો.'

તેં બ્રહ્માંડની ઉત્પત્તિનું રહસ્ય ઉકેલી કાઢ્યું ખરું, પરંતુ એને જાહેર કરવું કે નહીં, માનવજાત એ માટે તૈયાર છે કે નહીં એ બધા નિર્ણયો એક વ્યક્તિ નથી કરી શકતી. સાચું પૂછો તો એ નિર્ણય 'વ્યક્તિ' નથી કરી શકતી. નિર્ણય છેક ઉપરથી આવે છે અને હું એનું પાલન કરું છું અને કરાવું છું. આ જ મારું કર્તવ્ય છે."

"હું, મારી શોધ....હવે...."

નિમિત્ત બધી વાત પામી રહ્યો હતો. સામે દેખાતી તેજોમય આકૃતિની સઘળી વાતો સમજી રહ્યો હતો.

"ચાલ, તારી શોધને simulation દ્વારા નહીં, પરંતુ મનુષ્યની આંખને અનુરૂપ ત્રિપરિમાણમાં, મનુષ્યની પંચેદ્રિય દ્વારા પામી શકાય એવા સ્વરૂપમાં બ્રહ્માંડનું દર્શન કરાવું. નિમિત્ત! તું એનો અધિકારી છે. આ અવર્ણનીય, અકલ્પનીય દશ્યનો તું અધિકારી છે તેજોમય આકૃતિએ ફરી દંડ આગળ કર્યો.

નિમિત્ત એની સામે દેખાતા દિવ્ય દશ્યને જોઈ રહ્યો. આકાશ, બ્રહ્માંડ, નિહારિકાઓ, તારાઓનાં ઝૂમખાંઓ... ક્યાંક તારાઓ વિસ્ફોટ પામી રહ્યા હતા. નવા તારાઓ જન્મ લેતા હતા, મોટા મોટા સૂર્યો હતા, તેમની આજુબાજુ અનેક સૂર્યમાળાઓ, તારાદ્રવ્યો, તારાવિશ્વો અને અસંખ્ય ઝૂમખાંની વચ્ચેનો દ્રવ્યરહિત ખાલી વિસ્તાર 'વોઇડ્સ' સૌ નિહાળી ફરીને પાછો એ જ જગ્યાએ, ખાટલામાં, તેજોમય આકૃતિ સામે અસલ સ્થિતિમાં આવી ગયો.

"નિમિત્ત, તેં એક બ્રહ્માંડ જોયું. આવાં હજી તો અનેક બ્રહ્માંડો છે. દરેક બ્રહ્માંડના નિયમો પણ અલગ છે. મનુષ્યજાતિ હજી અવઢવમાં છે. હજી એ સંપૂર્ણ ઉત્ક્રાંતિ પામી નથી. તમે લોકો બે વિભાગમાં વહેંચાઈ ગયા છોઃ 'ભગવાન છે અને 'ભગવાન નથી'. ધર્મ એમ કહે છે કે આ બ્રહ્માંડ એની ઉત્પત્તિ, સંચાલન અને વિનાશ ભગવાનના હાથમાં છે. વિજ્ઞાન કહે છે સૃષ્ટિના નિયમો છે અને સૃષ્ટિ એના નિયમ પ્રમાણે ચાલે છે, પરંતુ એ નિયમોની ઉત્પત્તિ ક્યાંથી થઈ? વિજ્ઞાન સાબિતીઓ દ્વારા, પ્રયોગો દ્વારા એ નિયમો શોધે છે. એણે ગણિતનાં સૂત્રો દ્વારા પ્રગટ કરે છે. એટલે માને છે કે સૃષ્ટિના નિયમો સ્વસંચાલિત છે, એની પાછળ કોઈ ભગવાનનો હાથ નથી. તું એ બનેનું સંમિશ્રણ છે, કૃષ્ણનો ભક્ત છે, ભગવાનમાં માને છે અને વિજ્ઞાની પણ છે અને શોધ પણ કરે છે. તું વિજ્ઞાન અને અધ્યાત્મ – એમ બંનેનો સ્વીકાર કરે છે. તું પોતે જ સત-અસતનો સમન્વય છે. That is why you are the chosen one."

"મારી શોધ? હવે...?"

"હવે? નિમિત્ત તેં ક્યારેય એવું વિચાર્યું છે કે મહાન શોધ પૃથ્વી પર કઈ રીતે થાય છે? ક્યારે થાય છે? માનવવિકાસના તબક્કાઓ છે. દરેક તબક્કામાં પ્રગતિ થાય છે. પછી થોડો સમય પ્રગતિ અટકી જાય છે. પછી બીજો તબક્કો શરૂ થાય છે. શોધ થાય છે. શોધના આધારે ટૅક્નૉલૉજી વિકસે છે. એ ટૅક્નૉલૉજીને કારણે ઉપકરણો વિકસે છે. મનુષ્ય જીવન સરળ અને આરામદાયક બને છે. દરેક પ્રગતિને અંતે મનુષ્યજીવન વધુ સગવડમય બને છે. વધુ પ્રેડિક્ટેબલ બને છે. મનુષ્ય કુદરત પર અંકુશ કરી શકે છે, બરાબર? પણ જે વૈજ્ઞાનિક શોધો થઈ છે તે કેવી રીતે થઈ છે? એની પાછળનું પ્રેરક બળ કયું? ક્યારેક

અકસ્માતથી તો ક્યારેક સપનામાં. દરેક મહાન શોધની પાછળ એક વાર્તા હોય છે. વિજ્ઞાનીઓની એક આંતરિક અવસ્થા હોય છે. વિજ્ઞાની એની શોધમાં ઊંડો ઊતરેલો હોય છે. આ આંતરિક અવસ્થામાં એ વિજ્ઞાની બ્રહ્માંડના સર્જનહારની ખૂબ નજીક હોય છે. આ અવસ્થા ફક્ત પસંદગી પામેલા 'સ્ક્રાઇબ' જ પામી શકે છે. સર્જનહારની અનુમતિથી એ શોધનો આવિષ્કાર કરી શકે છે, પરંતુ મનુષ્યજાતિ દરેક શોધને પાત્ર નથી હોતી. ક્યારેક મનુષ્યજાતિ એ શોધનો અકલ્યાણકારી વિનિયોગ પણ કરે છે. યુદ્ધનાં શસ્ત્રો બનાવી માનવસંહાર કરે છે. શોધની પાત્રતા સર્જનહાર પોતે નક્કી કરે છે.

મનુષ્યના સામૂહિક અચેતન (ક્લેક્ટિવ અનકોન્સિયસ)ને સર્જનહાર પરખે છે. સમૂહના અચેતન પ્રમાણે શોધનો આવિષ્કાર કરવા દેવામાં આવે છે. તેં જે શોધ કરી છે, તે જાણવાની પાત્રતા હજી સમૂહ અચેતને મેળવી નથી. તારો ઍક્સિડન્ટ એ સર્જનહારની આજ્ઞાથી મેં કરેલો છે. બહારના લોકો તને મારવા માટે ઉત્સુક હતા જ. પ્રયત્ન તો એમનો હતો જ કે એ સાવ ઍક્સિડન્ટ લાગે તેવી રીતે તને મારી નાખે. હજી બહાર તો એ ષડ્યંત્ર ચાલી રહ્યું છે. તારો ભાઈ એકલે હાથે એ ષડ્યંત્રનો પર્દાફાશ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે, પરંતુ હકીકત તો એ છે કે આ બધાની પાછળનું ખરું કારણ હું છું. સર્જનહારની આજ્ઞાનું પાલન કરવું એ 'THE SCRIBE' નો નિયમ છે. આ સર્જનહાર એટલે 'THE ALL'. વિજ્ઞાન બ્રહ્માંડની 'THE GRAND DESIGN' સુધી પહોંચી ગયું છે. પરંતુ 'THE GRAND DESIGN'ની ઉપર એક 'THE MASTER DESIGN' છે. જ્યાં સુધી એ સર્જનહાર, 'THE MASTER'નો સંદેશો ન આવે ત્યાં સુધી મેં આ બધું નાટક ચાલવા દીધું છે. હવે સંદેશો આવી ગયો છે."

નિમિત્ત બધી વાત સમજી રહ્યો હતો. પોતે આ 'THE SCRIBE' નો ખાસ(યોઝન) સભ્ય હતો. ઘણાબધા જન્મોમાં એણે ઘણીબધી રીતે વૈશ્વિક ચેતનાને વ્યક્ત કરી હતી. આ જન્મમાં તે નિમિત્ત હતો. એણે મહત્ત્વની શોધ કરી હતી. આ કમ્પ્યૂટરના અલ્ગોરિધમ પ્રોગ્રામ વડે બ્રહ્માંડનું અંતિમ સત્ય શોધી કાઢ્યું હતું, પરંતુ માનવજાત સમક્ષ એને વ્યક્ત થવા દેવું કે નહીં એનો નિર્ણય સર્જનહારે હજી સુધી કર્યો ન હતો. હવે એ નિર્ણય આવી ચૂક્યો હતો અને નિમિત્ત એનો સંપૂર્ણ સ્વીકાર કરવાનો હતો. સામે રહેલી તેજોમય આકૃતિના દર્શન કરવાની એની ઇચ્છા રોકી શક્યો નહીં.

"ગુરુજી, મને તમારાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા છે. શું એ શક્ય છે."

"હં...મ... હું વિચારતો જ હતો કે તેં આટલી વાર કેમ લગાડી. મને જોવાની તારી જિજ્ઞાસા તું વ્યક્ત કરે તેની જ રાહ જોતો હતો. લે જોઈ લે મને..."

સામે રહેલી તેજોકૃતિ પ્રગટ થઈ. પહેલાં તે સફેદ વસ્ત્રમાં આકૃતિ બની. ત્યાર બાદ જટાધારી સાધુ, ત્યાર બાદ ઝેન માસ્ટર, તાંત્રિક અને પછી સૂફી માસ્ટર! દરેક વખતે એ જ તેજસ્વી ચહેરો, લાંબી ભવ્ય દાઢી, ધારદાર આંખો, હાથમાં સફેદ દંડ છેલ્લે જે આકૃતિ સ્થિર થઈ, તે જોઈને નિમિત્ત એકદમ અચંબામાં પડી ગયો. શક્ય હોત તો ખાટલા પરથી ઊભો જ થઈ જાત! એની સામે ખાદીધારી શાસ્ત્રીજી મંદ સ્મિત કરતાં ઊભા હતા.

"શાસ્ત્રીજી તમે? ગુરુજી તમે...?"

"હા. હું જ. 'THE SCRIBE'નો ગુરુ. તારા દરેક જન્મનો ગુરુ."

શાસ્ત્રીજી હસ્યા. એ જ પ્રેમાળ હાસ્ય. આગળ આવીને એમણે નિમિત્તના કપાળ પર હાથ ફેરવ્યો.

"શાસ્ત્રીજી, હવે શું નિર્ણય આવ્યો છે? મારી શોધ? મારું જીવન?"

"ઉપરથી નિર્ણય આવી ગયો છે."

"મારે આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરવું છે. મને મારી શિક્ષા મળી ગઈ છે. હું મારી જિજ્ઞાસાને કાબૂમાં રાખીશ. હું THE SCRIBE'નો સભ્ય છું, તો સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીશ."

"તારી શિક્ષા પૂર્ણ છે. તને તારા ભાગની પ્રતિષ્ઠા, માન બધું જ મળશે, પરંતુ 'THE ALL'નો સંદેશો છે કે..."
"મંજૂર છે!" સાંભળ્યા વગર જ નિમિત્તે મંજૂરી આપી દીધી.
"તારી શોધ બ્રહ્માંડનું સમગ્ર રહસ્ય ખોલી દે છે! બિગ બેંગની ઘડી, ત્યારની સંપૂર્ણ પરિસ્થિતિ જો સામૂહિક ચેતનાના આ તબક્કે માનવજાતને મળશે, તો તે પચાવી શકશે નહીં. ગોલ્ડીલોક ઝોનમાં આવેલા મહામૂલ્યવાન ગ્રહનો વિનાશ થઈ શકે છે. તારી શોધને સમગ્રપણે જાહેર ન કરવાનો આદેશ છે. તારો પ્રોગ્રામ ૩૦,૦૦૦ લીટીનો છે, જે સંપૂર્ણ રહસ્ય ખોલી દેશે. 'THE ALL'ને આ મંજૂર નથી. તારો પ્રોગ્રામ 25,000 લીટીનો કરી નાખ્યો છે. આ પ્રોગ્રામ વડે બ્રહ્માંડના સત્યની ઘણા નજીક પહોંચી શકશો, પરંતુ સંપૂર્ણ રહસ્ય ખૂલશે નહીં. મંજૂર છે?"
"મંજૂર ! મંજૂર!"
"તને સંપૂર્ણપણે સારો કરીને એકદમ નોર્મલ કરી શકાય એમ છે. તું પોતે પણ જાણે છે કે સર્વ શક્તિ આખરે આપણા કહ્યામાં છે, પરંતુ એવો ચમત્કાર દુનિયા માટે સારો નથી. અત્યારના મેડિકલ ક્ષેત્રમાં શક્ય હોય એટલો સારો તને કરી દીધો છે."
"પ્રણામ. ગુરુજી, પ્રણામ શાસ્ત્રીજી!"
"શુભં ભવતુ." શાસ્ત્રીજી ફરી તેજોમય આકૃતિ બનીને અદશ્ય થઈ ગયા!
નિમિત્ત સંપૂર્ણપણે ભાનમાં આવી ગયો. એની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં.



કૉન્ફરન્સરૂમમાં થયો ચમત્કાર !

સુશોભિત લાઇટ્સને કારણે અંધકારભર્યા વાતાવરણમાં રિંગબર્ગ કેસલ પ્રકાશમય લાગી રહ્યો હતો. આજે અહીં કૉન્ફરન્સ હતી. અંધારામાં તેજલિસોટા પાડતી અનેક કાર અને અન્ય વાહનો લગાતાર આવી રહ્યાં છે. દુનિયાભરની મિડિયા વાન્સ અને મિડિયાના લોકો હાથમાં માઇક પકડીને લોકોના પ્રતિભાવ જાણી રહ્યા છે. રિંગબર્ગ કેસલમાં આવેલો કૉન્ફરન્સ રૂમ ખીચોખીચ ભરાયેલો છે. ખૂબ જ ચહલપહલ ચાલી રહી છે. દુનિયાભરના ટોચના વિજ્ઞાનીઓ એકત્ર થયા છે. CERNમાંથી, NASAમાંથી અને બીજી અનેક instituteમાંથી વિખ્યાત વિજ્ઞાનીઓ આવ્યા છે. આજે ખાસ દિવસ છે. હજી લોકો મોટી સંખ્યામાં આવી જ રહ્યા છે. મોટી ગાડીઓમાંથી વિજ્ઞાન જગતના જાણીતા ચહેરાઓ ઊતરી રહ્યા છે. વિદ્યાર્થીઓ આવ્યા છે. સૌ એક ખાસ મહેમાનની રાહ જોઈ રહ્યા છે.

Announcer સૌને એમનું સ્થાન ગ્રહણ કરવાની વિનંતી કરે છે. પ્રોગ્રામ શરૂ થવાની તૈયારીમાં છે. સૌ અંદર આવેલા મોટા ઓડિટોરિયમમાં જાય છે. ઓડિટોરિયમમાં આછું અંધારું થાય છે. ફક્ત સ્ટેજ ઉપર પ્રકાશ પથરાયેલો છે. બહાર એક ગાડી આવીને ઊભી રહે છે. દરવાજો ખૂલે છે. ગાડીમાંથી અનુજ બહાર નીકળે છે. બીજા દરવાજામાંથી મિ. જ્હોન બહાર નીકળે છે. એ બંને મળીને સીટને ઍડ્જસ્ટ કરીને વ્હીલચેર બહાર કાઢે છે. વ્હીલચેરમાં નિમિત્ત બેઠો હોય છે. બહાર ઊભેલાં રહેલાં સૌ તાળી પાડીને એનું અભિવાદન કરે છે. કૅમેરાથી સતત ફોટા લેવાઈ રહ્યા છે અને તેની લાઇટ્સના ઝબકારા થાય છે. અનુજ વ્હીલચેરને હૉલ તરફ લઈ જાય છે. અનુજનો ચહેરો ખુશખુશાલ છે. ચહેરા પર આત્મસંતોષ દેખાય રહ્યો છે. બધા વિજ્ઞાનીઓ ઊભા થાય છે. સૌની નજર સ્ક્રીન પર અને દરવાજામાંથી વ્હીલચેરમાં દાખલ થતા નિમિત્ત ઉપર છે. અનુજ વ્હીલચેરને ધીમે ધીમે આગળ વધારે છે. વ્હીલચેર પર બેઠેલો નિમિત્ત આ દશ્ય જોઈ રહ્યો છે. સૌના અભિવાદન ઝીલતો ઝીલતો એ સ્ટેજ તરફ જઈ રહ્યો છે.

સૌથી પહેલી હરોળમાં આવી જ એક બીજી વ્હીલચેરમાં મહાન વૈજ્ઞાનિક સ્ટિફન હૉકિંગ બેઠા છે. બંને એકબીજાંની સ્થિતિ જોઈને સામસામે માર્મિક સ્મિત કરે છે. બધા વિજ્ઞાનીઓ એક પછી એક નિમિત્તનું અભિવાદન કરે છે. સૌની આંખમાં નિમિત્ત માટેનું માન છલકાતું હતું. અનુજ આ દશ્ય જોઈને હરખાતો, વચ્ચે વચ્ચે નિમિત્તના ખભા પર હાથ ફેરવતો હતો, રૅમ્પ ઉપરથી વ્હીલચેર લઈ જઈને સ્ટેજ ઉપર પહોંચી જાય છે. એમની ઇન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર મિ. ડેવિડ, મિ. જ્હોન પણ સ્ટેજ ઉપર જ છે. સ્ટેજ પરથી નિમિત્તે ખીચોખીચ ભરાયેલો હૉલ જોયો. એણે ત્રીજી હરોળમાં બેઠેલાં એમી અને પીટરને પણ જોયાં. બંનેએ હાથ કર્યો. નિમિત્તે આંખથી અભિવાદન કર્યું.

ડિરેક્ટરે માઇક પરથી સૌને બેસી જવા માટે કહ્યું. સૌએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. સ્પેશિયલ મૂકેલી વ્યવસ્થાને કારણે નિમિત્ત જે લખે તે માઇકમાં સંભળાય એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્ટિફન હૉકિંગ જે વોઇસ સિમ્યુલેશન મશીનને કારણે બોલી શકતા હતા, એ જ વ્યવસ્થા નિમિત્ત માટે પણ કરવામાં આવી હતી. એક નાનકડી સ્પીચ આપીને, નિમિત્તને આવકારીને ડિરેક્ટરે નિમિત્તને એની શોધ અંગે સૌને જણાવવાનું કહ્યું.

સમગ્ર હૉલમાં શાંતિ છવાઈ ગઈ. નિમિત્તના આવિષ્કાર અને એની શોધ સૌએ સાંભળવી હતી. નિમિત્તે ટાઇપ કરવાનું ચાલુ કર્યું. એનો અવાજ થોડીવાર રહીને સંભળાતો હતો. શ્રોતાઓ આ રીતે સાંભળવા ટેવાયેલા હતા કારણ કે સ્ટિફન હોકિન્સ અહીં અનેક પ્રવચન આપી ચૂક્યા હતા.

સ્ટેજ પર પાછળ ગોઠવાયેલા મોટા સ્ક્રીન ઉપર આખું બ્રહ્માંડ દેખાયું. નિમિત્તે વિકસાવેલો SURFGEN અને FOF પ્રોગ્રામ તેના DEC આલ્ફા મશીન સાથે જોડ્યો હતો. અનુજે તે ક્ષણે NARSINH.MEHTA_ATMAN, password enter કર્યો. સ્ક્રીન બે ભાગમાં વહેંચાઈ ગયું. એક સ્ક્રીન ઉપર 2df તારાવિશ્વ દેખાયું. 2df ૨,૦૦,૦૦૦ જેટલા તારા વિશ્વો ધરાવે છે. બીજા અડધા સ્ક્રીન પર આ તારાવિશ્વની બધી માહિતી, ટેબલ અને ગ્રાફ સ્વરૂપે દેખાવા લાગી.

આખું ઑડિયન્સ સ્તબ્ધ બનીને જોતું રહી ગયું. નિમિત્તે એની શોધ સમજાવતાં બોલવાનું શરૂ કર્યું:

નિમિત્તે એના ઍલ્ગોરિધમ પ્રોગ્રામ અંગે સૌને વાત કરી. એણે બે ઍલ્ગોરિધમ પ્રોગ્રામ વિકસાવ્યા છે. FOF અને SURFGEN જે એકબીજાં સાથે સંકળાયેલા છે. FOF પ્રોગ્રામ વડે બ્રહ્માંડના એક મોટા ક્ષેત્રને select એટલે કે મર્યાદિત કરવામાં આવે છે. જેમ કે હમણાં 2df તારાવિશ્વને મર્યાદિત એટલે કે select કરવામાં આવ્યું છે. ત્યાર બાદ SURFGEN પ્રોગ્રામ રન કરવામાં આવે તો આ select કરેલા વિસ્તારની સર્વ લાક્ષણિકતાઓનું લગભગ 99% સાતત્ય અને સચોટપણે વર્ણન થઈ શકે. તેને ત્રિ-પરિમાણીય સ્વરૂપે N–BODY SIMULATION દ્વારા જોઈ શકાય. તેની અંદર રહેલા સર્વ પદાર્થ, એમનું બંધારણ અને પરિસ્થિતિનું સચોટ નિરૂપણ થઈ શકે.

આ રીતે એક પછી એક, એમ બ્રહ્માંડનાં બધા જ ક્ષેત્રોની માહિતી મેળવી શકાય. અત્યારે જે કમ્પ્યૂટરની ટૅકનૉલૉજી, એડવાન્સ્ડ ન્યૂમરિક ટૅક્નિક્સનો ઉપયોગ કરીને, આ રીતે એકત્ર કરેલી ખૂબ વિશાળ માહિતીનું વિશ્લેષણ શક્ય છે. આ માહિતીનું વિશ્લેષણ કરી તેને જો ગાણિતિક સૂત્ર, જેને મિન્કોસ્કી ફન્કશન્સ MFs દ્વારા ઉકેલી શકાય છે. MFs સૂત્ર ઉકેલતાં જ ખગોળ વિજ્ઞાનના પડકાર રૂપ કોયડા ઉકેલી શકાય છે. MFs સૂત્રમાં એક ઘટક (variable) સમય પણ છે. એટલે સમયનો આયામ પણ આવરી લેવાય છે. દાખલા તરીકે અત્યારના સમય ને t-૦ ગણીએ તો ભૂતકાળમાં જવા માટે t-1, t-2, t-૩, t-4, એમ કરીને સમયના આયામમાં પાછળ ને પાછળ જઈ શકાય છે. આ જ પ્રમાણે t+1, t+2, t+૩ કરતાં કરતાં ભવિષ્ય તરફ પણ જઈ શકાય છે.

આમ, FOF દ્વારા એક પછી એક બ્રહ્માંડનો મોટો વિસ્તાર મર્યાદિત કરતાં જઈ, SURFGEN દ્વારા તેની બંધારણીય માહિતી મેળવી, ઍડ્વાન્સ ન્યૂમરિક ટૅક્નિક્સનો ઉપયોગ કરી, બંધારણીય ઘટકોનું વિશ્લેષણ કરી, MFs ગાણિતિક સૂત્ર દ્વારા ઉકેલ લાવીને બ્રહ્માંડની ઉત્પત્તિ તથા રચનાનું રહસ્ય ઉકેલી શકાય છે. તદ્‌ઉપરાંત, MFsમાં રહેલા સમયના આયામ દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તિ પછીના ખૂબ નજીકના સમય સુધી પણ જઈ શકાય છે. ભવિષ્યમાં થનાર બ્રહ્માંડની સ્થિતિ અંગે 99% સચોટ અને સાતત્યપૂર્ણ રીતે નિર્દેશી શકાય છે.

કોસ્મોલૉજીની હાલની પડકાર રૂપ સમસ્યા બે અલગ થિઅરીની સમસ્યા, મોટા પદાર્થ માટે ક્લાસિકલ થિઅરી અને સૂક્ષ્મ કણો માટે ક્વૉન્ટમ થિઅરીનો હલ પણ MFs સૂત્રનો, સમય આયામ સાથેના ઉકેલથી આવી જશે.

ફક્ત કોસ્મોલૉજીના ક્ષેત્રે જ નહીં પરંતુ આ શોધથી વિજ્ઞાનની બીજી શાખા ખાસ કરીને જીવવિજ્ઞાન, અને પ્રત્યાયનમાં એનો ઉપયોગ કરી આ બંને ક્ષેત્રની ટૅક્નૉલૉજી ખૂબ આગળ થઈ શકે.

નિમિત્ત બોલતો રહ્યો, અનુજ લેપટોપ પર પાસવર્ડ enter કરીને બધું મોટા સ્ક્રીન પર બતાવતો ગયો. ઑડિયન્સ એકચિત્તે સાંભળતી રહી. પૂરા બે કલાક નિમિત્ત બોલતો રહ્યો, સામે રહેલા વિજ્ઞાનીઓ એકચિત્તે સાંભળતા રહ્યા અને જોતા રહ્યા. નિમિત્તનું વકતવ્ય પૂરું થયું એટલે સૌએ ઊભાં થઈને સ્ટૅન્ડિંગ ઑવેશન આપ્યું. પૂરી ત્રણ મિનિટ એકસરખી તાળીઓ પડતી જ રહી. ફક્ત બે જ જણ બેસેલા રહ્યા. એક નિમિત્ત પોતે અને બીજા સ્ટિફન હોકિંગ્સ. ત્યાર પછી પ્રશ્નોતરી શરૂ થઈ. સૌ પ્રથમ શરૂઆત સ્ટિફન હોકિંગ્સે જ કરી. સૌ

પ્રથમ એમણે ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં. એમણે કહ્યું:

"આ પ્રોગ્રામ પૂર્ણ થતા જ આપણે 'ધ હોલી ગ્રેઇલ ઓફ ફિઝિક્સ' પર પહોંચી જઈશું. આ ૨૫,૦૦૦ લીટીનો અલ્ગોરિધમ પ્રોગ્રામ દ્વારા આપણે બ્રહ્માંડની ઉત્પત્તિની બરાબર ૬૦ સેકન્ડ પછીની બ્રહ્માંડની પરિસ્થિતિ જાણી શકીશું. આજ પ્રોગ્રામને જો લગભગ ૩૦,૦૦૦ લાઈનનો કરી વધુ સબરૂટિન બનાવે તો બિગબેંગની પરિસ્થિતિ સુધી પહોંચી શકાય. ફિઝિક્સ આટલું આગળ વધી શક્યું, માનવજાતને જ્ઞાનની આ સીમા સુધી લઈ જવાનું શ્રેય નામિટેને જાય છે." ["With this program, we have almost reached the Holy grail of Physics. With this 25,000 line long SURFGEN program,we can now go back and study the condition of the universe 60 seconds after the big bang. If he can still extend the code to say about 30,000 lines, with more sub routines, they can reduce the 60 seconds and go to the exact condition of the universe at the moment of Big bang. This is the furthurest that Physics has gone. Nametee get the honour of taking knowledge to a level mankind has never gone before..."]

પછી એમણે નિમિત્તને એકાદ-બે પ્રશ્નો પણ પૂછ્યા અને નિમિત્તે એનો જવાબ પણ આપ્યો. નિમિત્ત અને સ્ટિફન હોકિંગને વાત કરતાં સાંભળવાની શ્રોતાઓને ખૂબ મજા આવી. બંને વ્હીલચેરમાં મશીનની મદદથી પ્રત્યાયન કરી રહ્યા હતા. બીજા વૈજ્ઞાનિકો પણ અભિનંદન આપીને પ્રશ્નો પૂછ્યા. નિમિત્તે એમને પણ જવાબ આપ્યા.

અંતમાં ફરી એકવાર સૌએ તાળીઓ પાડીને ખૂબ જ માન આપ્યું. ડિરેક્ટરે સૌનો આભાર માન્યો. એમની વાત અને સ્ટિફન હોકિંગ્સના પ્રતિભાવ પરથી એવું સૌએ અનુમાન પણ કરી લીધું હતું કે નિમિત્તને આ વખતનું નોબેલ પ્રાઇઝ મળી શકે!!

નિમિત્ત મનોમન કૃષ્ણની પ્રાર્થના કરી રહ્યો હતો. હૉલમાંથી સૌ બહાર નીકળી રહ્યા હતા. નિમિત્તે આંખ બંધ કરી તો વાંસળી વગાડતા કૃષ્ણની છબી સામે આવી. કૃષ્ણની વાંસળીના સૂર આખા બ્રહ્માંડમાં રેલાઈ રહ્યા હતા. એની દૃષ્ટિ સમક્ષ શાસ્ત્રીજીની તેજોકૃતિ દેખાઈ. એ જ દિવ્ય આકૃતિ બદલાતી ગઈ અને એને બધા જન્મમાં બનેલા ગુરુજીઓ દેખાયા. ક્યારેક ઋષિ, ક્યારેક લામા, ક્યારેક હર્મિટ અને ક્યારેક અઘોરી જટાવાળા અને ક્યારેક સૂફી માસ્ટર!

નિમિત્તને મંજૂર હતું – દરેક જન્મમાં 'THE SCRIBE' બનવાનું મંજૂર હતું! બ્રહ્માંડનાં રહસ્યોને વ્યક્ત કરવાનું એને મંજૂર હતું.

મિ. જ્હોન અને અનુજની સાથે નિમિત્ત ફરી ગાડીમાં બેસી ગયો. ગાડી રસ્તા પર ચાલવા લાગી... રનવે પર... આકાશમાં... લેન્ડિંગ... ફરી ગાડી... અને એ આવી પહોંચ્યો વડોદરાના ઘરે 'સ્વજન' પર. માતા-પિતા, ભાભી બધાં સગાંવહાલાં એનું સ્વાગત કરવા એને આવકારવા 'સ્વજન' ઉપર તૈયાર જ હતાં. માતા-પિતાની વચ્ચે એક સોહામણી યુવતી ઊભી હતી. નિમિત્ત અને એની આંખો મળી. અનુજ વ્હીલચેરનું હેન્ડલ છોડીને માતા-પિતા પાસે ગયો. એ સોહામણી યુવતી ધીમે ધીમે નિમિત્ત પાસે આવી. બંને એકબીજાં સામે હસ્યાં. એણે નિમિત્તના વ્હીલચેરનું હેન્ડલ પોતાના હાથમાં લીધું. આ દશ્ય જોઈને સૌની આંખમાં પાણી આવ્યા. અનુજને મનમાં સંતોષ થયો કે બંધ પત્રને યોગ્ય સરનામે મોકલીને એણે ઠીક જ કર્યું છે. ભાઈનો વનવાસ પૂર્ણ થયો. ઝેરના કટોરા પછી હવે અમૃતનો કટોરો ભાઈને પરિતૃપ્ત કરશે. દૂર પૂર્વાકાશમાં થતા સૂર્યોદયે આશીર્વાદનાં સોનેરી કિરણો મોકલ્યાં.



પારિભાષિક શબ્દો

(૧) મૉડલ ડિપેન્ડન્ટ રીઆલિઝમ: Model Dependent Realism
વિજ્ઞાનમાં વપરાતી એવી પ્રથા (ideal view) જેમાં વાસ્તવિકતાને દર્શાવતી કોઈ પણ થિઅરી અને તેને લગતા નિયમો જેને અવલોકન સાથે સરખાવી શકાય. મૉડલ દ્વારા વાસ્તવિકતાને જાણવાનો, એ પ્રમાણે અવલોકન કરવા માટે એક framework પૂરું પાડે છે.

(૨) ક્વૉન્ટમ વિજ્ઞાન: Quantum Physics
પદાર્થના અણુ, પરમાણુ અને એનાથી નાના મૂળકણોનો અને તેના નિયમોનો અભ્યાસ.

(૩) IUCAA : Inter-Unversity Centre For Astronomy and Astrophysics
યુનિર્વસિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા સ્થપાયેલી, સ્વયંશાસિત પુણે – સ્થિત સંસ્થા. આ સંસ્થા ખગોળવિદ્યા અને ખગોળવિજ્ઞાનને લગતા અભ્યાસ અને સંશોધન કરવા માટે સ્થપાયેલી છે. ઉત્કૃષ્ટ ગુણવત્તા માટે વિશ્વભરમાં જાણીતી છે.

(૪) ક્લાસિકલ થિઅરી: Classicle Theory
પદાર્થ વિજ્ઞાનની એક શાખા જે અણુથી મોટા પદાર્થના અભ્યાસ અને નિયમો સાથે સંકળાયેલી છે. ન્યૂટનના નિયમોનો સમાવેશ ક્લાસિકલ થિઅરીમાં થાય છે.

(૫) ડબલ-સ્લિટ-એક્સપેરિમેન્ટ: Double-Slit-Experiment
સન ૧૯૯૯માં ઑસ્ટ્રિયાના વિજ્ઞાનીઓએ કરેલો મહત્ત્વનો પ્રયોગ, જેના અંતે હાલના પદાર્થવિજ્ઞાનના નિયમોને નવો પડકાર મળ્યો.

(૬) બિગબૅંગ: Big Bang
૧૩.૭ અબજ વર્ષો પહેલાં એક મોટો ધડાકો થયો અને બ્રહ્માંડ અસ્તિત્વમાં આવ્યું. વિસ્ફોટ પછી તેનું વિસ્તરણ ખૂબ ઝડપથી થયું. વિસ્તરણનો દર (Cosmological inflation) સમજવો હોય તો કલ્પના કરો કે ૧ સેન્ટીમિટરનો નાનો પૈસો અચાનક ૧૦ અબજ ગણો વિસ્તરણ પામ્યો!

(૭) સિન્ગ્યુલારિટી: Singularity
આઇનસ્ટાઇને આપેલી જનરલ રિલેટિવિટીની થિઅરી એક એવા સમયબિંદુની આગાહી કરે છે કે જે સમયે બ્રહ્માંડનું તાપમાન, ઘનતા અને વક્રતા અનંત હતી. બ્રહ્માંડના ઉત્પત્તિ સમયની આ સ્થિતિને ‘Singularity’ કહે છે. આમ, Singularity એટલે સમય અને અવકાશનું એવું મિલનબિંદુ, જ્યાં ભૌતિક જથ્થો અમાપ, અનંત થઈ જાય છે.

(૮) સીએમબીઆર: CMBR, Cosmic Microwave Background Radiation
બ્રહ્માંડના અત્યંત ગરમ વિસ્ફોટને કારણે બચેલો કિરણોત્સર્ગ. આપણા માઇક્રોવેવ ઓવનમાં જે કિરણો વપરાય છે તે જ કિરણો સમગ્ર બ્રહ્માંડમાં આજે પણ છે. CMBRને કારણે બિગ બૅંગ થિઅરીને સમર્થન મળે છે. આ કિરણોત્સર્ગની શોધ બૅલ લૅબોરેટરીના વિજ્ઞાનીઓએ આકસ્મિક રીતે જ કરેલી. આપણે ટી.વી. ચાલુ કરીએ ત્યારે સ્ક્રીનમાં દેખાતા મમરા કે બરફના કણો જેવું જે દેખાય છે તે આ CMBRને કારણે છે.

(૯) ગોલ્ડિલોક ઝોન: Goldilock Zone

બ્રહ્માંડમાં આવેલાં તારામંડળોમાં એવો વિસ્તાર જ્યાં જીવસૃષ્ટિનો ઉદ્‌ભવ શક્ય હોય. આ વિસ્તારનું તાપમાન એવું હોય, જ્યાં પાણી પ્રવાહી સ્વરૂપે રહી શકે. સપ્રમાણ તાપમાન ઉપરાંત બીજી અનેક જરૂરિયાતો પણ સપ્રમાણ હોય જેથી જીવસૃષ્ટિ સંભવિત હોય તેવા વિસ્તારને, 'ગોલ્ડિલોક ઝોન', કહે છે અને લીલારંગથી દર્શાવવામાં આવે છે. આપણી સૂર્યમાળામાં આવો એક નાનકડો પટ્ટો (Goldilock Zone) છે અને સૂર્યમાળામાં ફક્ત પૃથ્વી જ આ ઝોનમાં છે, એટલે જ પૃથ્વી પર આટલી વિવિધ જીવસૃષ્ટિ શક્ય છે. વળી સમગ્ર બ્રહ્માંડમાં આવા બીજા ગોલ્ડિલોક ઝોન પણ છે!

(૧૦) મૂળકણો: ક્વાર્ક (Quark), બેરિયોન (Baryon), મેસોન (Meson)◌:

ઓગણીસમી સદીનાં પાછલાં વર્ષોમાં મૂળકણો અને તેનાં ભૌતિક વિજ્ઞાનની ઉત્ક્રાંતિ કે વિકાસ થાય તેવી મહત્ત્વની શોધો થઈ. તેમાં સૌથી અગત્યની શોધ તે ક્ષ-કિરણોની, રેડિયો એક્ટિવિટી અને ઇલેક્ટ્રોનની. આ શોધો આધુનિક ભૌતિક વિજ્ઞાન તરફ દોરી ગઈ અને પરમાણુના આધુનિક બંધારણને સમજવામાં અને અનેક અવપરમાણ્વીય (સબ-એટોમિક) કણોને ખોળી કાઢવા માટે સહાયરૂપ બની. ઈ.સ. ૧૯૬૦-૬૫ના સમયગાળામાં મૂળકણોનું સંશોધન કાર્ય એવે તબક્કે પહોંચ્યું કે કોઈક એને એક અજનબી પ્રાણીસંગ્રહાલય સાથે સરખાવી શકે. આ સમય સુધીમાં એકસાથે પણ વધુ મૂળકણો શોધાયા હતાં. તેમના ભાત ભાતના વિશિષ્ટ ગુણધર્મો એટલા વિચિત્ર લાગતા હતા કે દરેકનું અલગ અલગ વર્ણન કર્યા સિવાય છૂટકો ન હતો, પરંતુ હવે વ્યવસ્થિત ગોઠવણી શક્ય બની છે.

બ્રહ્માંડના બધાય પદાર્થોની રચના ફક્ત છ ક્વાર્ક (Quarks) અને છ લેપ્ટોન(Leptons) કણોમાંથી જ થઈ છે તે સર્વ સ્વીકાર્ય છે.

ક્વાર્ક કણો અને તેના અંગેના સિદ્ધાંત શોધવાનો યશ ભૌતિકશાસ્ત્રી મુરે ગેલમન (Murray Gell-mann)ને મળે છે. આજે છ ક્વાર્ક કણો શોધાયેલા છે. આ મૂળકણો એકાકી સ્વરૂપે ન દેખાતાં હોવા છતાં ભૌતિક વિજ્ઞાનમાં ખૂબ અગત્યના કણો છે. દરેક પ્રોટોન અને ન્યૂટ્રોનમાં ત્રણ-ત્રણ ક્વાર્ક આવેલા છે.

(૧૧) બેરિયન (Baryon) :

મૂળ:કણોનો એક વધુ ગુણધર્મ છે 'કોણીય વેગમાન'. મૂળકણોનાં કોણીય વેગમાન પ્રમાણે બે વર્ગ બને છે. પ્રોટોન જેવાં અર્ધાંક કોણીય વેગમાનવાળા કણો એટલે કે ફર્મીકણોને બેરિયન કહેવામાં આવે છે. ત્રણેય રંગના ક્વાર્કથી બનતો સ્થિર કણ એટલે બેરિયન.

જે હેડ્રોન કણોનાં કોણીય વેગમાન પૂર્ણાંક હોય તેને મેસોન (Meson) કહેવામાં આવે છે. ક્વાર્ક અને એન્ટીક્વાર્કના જોડાણથી બનતો અસ્થિર કણ એટલે મેસોન.


* મૂળ કણોમાં ત્રણ ગુણધર્મ રહેલા છે. પ્રથમ અગત્યનો ગુણધર્મ તે તેમનું દ્રવ્યમાન એટલે કે દળ. બીજો મહત્ત્વનો ગુણધર્મ તે તેનાં પરનો વિદ્યુતભાર. ત્રીજો મહત્ત્વનો ગુણધર્મ તે તેનું 'દેખીતું' આંતરિક કોણીય વેગમાન. આ 'દેખીતું' શબ્દપ્રયોગ એટલા માટે કે આ મૂળકણો લગભગ બિંદુ જેવા જ, લગભગ શૂન્ય કદનાં હોય છે. તેને કોણીય વેગમાન કેવી રીતે હોય, એ માત્ર કલ્પનાતીત છે. આ મૂળ કણો એવી રીતે વરતે છે કે જાણે કે એને કોણીય ગતિ અને કોણીય વેગમાન હોય. આ વેગમાન બહારના કોઈ બળથી ઉત્પન્ન થતું નથી પણ મૂળકણના બંધારણનો જ ભાગ છે એટલે કે એની અંતર્ગત ખાસિયત છે, એટલે જ આંતરિક છે.

મૂળ કણોના ક્વૉન્ટમવિશ્વમાં ભૌતિક વિજ્ઞાનની ઘણી બધી રૂઢ માન્યતાઓ અને કલ્પનાઓ તૂટી પડે છે. આ સૂક્ષ્મ અને સૂક્ષ્માતીત અવસ્થા, પરિસ્થિતિ અને વિવિધતાને કારણે ભૌતિકશાસ્ત્ર, તેના નિયમો અને

ભાષા અસંબદ્ધ બની જાય છે. ચિરપ્રતિષ્ઠિત (ક્લાસિકલ) ભૌતિકશાસ્ત્રના નિયમો આ ક્વૉન્ટમ જગતમાં કામ લાગતા નથી.
આ ક્વૉન્ટમ જગત માટે નવું જ ભૌતિકશાસ્ત્ર રચવામાં આવ્યું છે, જેમાં સાપેક્ષવાદ અને ક્વૉન્ટમવાદ મહત્ત્વનો ભાગ ભજવે છે. ક્વૉન્ટમવાદે ભૌતિકશાસ્ત્રમાં એક નવી ક્રાન્તિ આણી છે અને નવા પડકારો પણ સર્જ્યા છે.

નોંધઃ વિજ્ઞાનની નવી સર્જાતી પરિભાષા હજી તો નવાં શિખરો સર કરતી જ રહે છે. આ નવલકથામાં જે વાતો થઈ છે તે અધૂરી છે, પરંતુ તેમાં આવનારી સદીઓમાં જે ઉઘાડ માનવજાતને પ્રાપ્ત થનાર છે તેનો અણસાર જરૂર થઈ શકે.

પરિશિષ્ટ-૧



ખરી પડેલા પુષ્પની સુગંધ

કોઈ પુષ્પ ખીલતાં પહેલાં જ ખરી પડે ત્યારે માળીને દુઃખ થાય છે. જિગરનું મૃત્યુ એવે સમયે થયું, જ્યારે એ પોતાનામાં પડેલી શક્યતાઓને વાસ્તવિકતામાં ફેરવવાની તૈયારી કરી રહ્યો હતો. કોસ્મોલોજીના ક્ષેત્રે શ્રી જયંત નારલિકર જેવા વિજ્ઞાનીના માર્ગદર્શન હેઠળ એણે પોતાનું પીએચ.ડી. પૂરું કર્યું હતું. આવા યુવાનને રોમમાં કાર અકસ્માત થાય અને મૃત્યુ ઉઠાવી લે ત્યારે માતપિતાની વેદનાની કલ્પના અન્ય લોકો ન કરી શકે. જિગરમાં પદાર્થવિજ્ઞાનમાં વૈશ્વિક કક્ષાએ પ્રદાન કરવાની બધી જ સંભાવનાઓ પડેલી હતી. જર્મનીમાં એ એસ્ટ્રો-ફિઝિક્સમાં સંશોધન કરનારો એકમાત્ર એશિયન હતો.


'ડૂબેલા સૂરજનું અજવાળું', પુસ્તકની
વિશિષ્ટતા એ છે કે એમાં જિગરની
એવી ડાયરીના અંશો પ્રગટ થયા છે,
જે વાંચીને હૈયું રડી ઊઠે છે.
જિગરના પત્રોમાં પણ એની
અધ્યાત્મદ્રષ્ટિ પ્રગટ થઈ છે.
એ ઈશ્વરભક્ત હતો અને વિજ્ઞાની
પણ હતો. પિતા વિપિનભાઈ મને
મળવા આવ્યા ત્યારે જણાવ્યું કે
મારાં ઈશુ પરનાં પુસ્તકો જિગરે
ખૂબ ધ્યાનપૂર્વક વાંચ્યાં હતાં. વળી
મારાં ઉપનિષદભાષ્યો પણ એ
વાંચી ચૂક્યો હતો. આવા હોનહાર
વાચક ગુમાવ્યાનો ગમ અત્યારે
મને રડાવી દે છે. એને
મળી ન શક્યો તેનું દુઃખ છે, પરંતુ
માતપિતાના દુઃખ આગળ એ દુઃખની

સત્ય વિજ્ઞાન કથા.

આ પુસ્તકમાં ડૂબેલા સૂરજનું અજવાળું
નવી પેઢીના હજારો યુવાનો સુધી
પહોંચે તેવી સંભાવના પડેલી છે.
જો [illegible] બીજાં દસ વર્ષ જીવ્યા
હોત તો ઘણું કદાચ પદાર્થ વિજ્ઞાનના
ક્ષેત્રનું નોબેલ પારિતોષિક પામીને
ભારતને ગૌરવ અપાવ્યું હોત.
આવું કહેવામાં ક્યાંય અતિશયોક્તિ
નથી એની પ્રતીતિ આ પુસ્તક
વાંચનારને અવશ્ય થશે. કોઈ
ખરી પડેલા પુષ્પની સુગંધ
ઓછી અસરકારક નથી હોતી.
આ પુસ્તક ઘણા વાચકો સુધી પહોંચે
તેવી આશા રાખું છું.

ગુણવંત શાહ

ટહુકો, વડોદરું.
૧૫-૧૨-૨૦૦૭



પરિશિષ્ટ-૨

જિગરના પિતાનો પત્ર
આશીર્વચન ઈશ્વરના, શુભેચ્છા અમારી

"પપ્પા, તમે ક્યારના ક્યાં ગયાં'તા? જુઓને મમ્મીને કેટલો તાવ ચડ્યો છે? એમ કરો હું તમારી સાથે સાઇકલ પર બેસીને ત્રિવેદીકાકાના દવાખાને આવું છું અને ચિરાગ, તું મમ્મી પાસે બેસ. ચલો પપ્પા જઈએ!" આમ નાનકડો જિગર એક પછી એક નિર્ણય જણાવીને સાઇકલ પર બેસી ગયો. અમે જોતાં જ રહી ગયા કે આવડો નાનકડો જિગર કેટલું સમજે છે?

આવા તો કેટલાય પ્રસંગો છે જેમાં જિગર નાનપણથી જ અલગ પ્રકૃતિનો છે એમ સમજાતું. ઘરમાં લેવાતી ગણિતની ટેસ્ટમાં માર્ક ઓછા આવે એટલે ચિરાગનું તો આવી જ બને. સારી પેઠે મારે. એ જ જિગર મોટો થયા પછી ચિરાગને પોતાનો ગુરુ માને. આ સમજણ એને વિવિધ પ્રકારની પુસ્તકોની સામગ્રીમાંથી મળી એમ કહીએ તો ચાલે. દર્શક, ક.મા. મુનશી, ડૉ. ગુણવંત શાહ, કુંદનિકા કાપડિયા વગેરે એના પ્રિય લેખકો. ડચ ચિત્રકાર વિન્સેન્ટ વાનગોગ વિશેનું પુસ્તક 'સળગતા સૂરજમુખી', 'ગાંધીજીની આત્મકથા', 'મહાભારત', 'રામાયણ', 'ભગવદ્ગીતા', 'ઉપનિષદ' વગેરે એનાં માનીતા પુસ્તકો. એના ટેબલ ઉપર આ બધાં પુસ્તકો પડ્યાં જ હોય. વળી એમ પણ કહે કે જ્યારે જ્યારે અમે બંને ભાઈઓ સ્હેજપણ મૂંઝવણ અનુભવીએ એટલે સૉક્રેટીસ, કૃષ્ણાવતાર, કૃષ્ણનું જીવનસંગીત, ગાંધીજીના સત્યના પ્રયોગો વગેરે પુસ્તકોમાંથી એકાદને વાંચીએ એટલે અમને અમારો ઉકેલ મળી જાય. આવા આ જિગરને અમારી વચ્ચેથી વિદાય થયે આ ૨૦૧૫ના નવેમ્બરની તા. ૨૭મી એ અગિયાર વર્ષ પૂર્ણ થશે. અમારી રોજની પ્રાર્થનામાં જિગરના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ, પરંતુ જ્યારે અમે જયેશ શાહ દ્વારા જાણ્યું કે ડૉ. ગુણવંતભાઈના દીકરી ડૉ. મનીષાબહેન અમારા જિગરને શબ્દદેહ આપીને પોતાની નવલકથામાં જીવંત કર્યો એક નવલકથાના નાયકના રૂપમાં એ જાણીને અમે ખૂબ રાજી થયાં.

જિગરના પ્રિય લેખકોમાં સૌથી વધુ ડૉ. ગુણવંત શાહનાં લખેલાં પુસ્તકો જોવા મળે. એટલે સુધી કે મિત્રોની વર્ષગાંઠની ઉજવણીમાં ભેટ તરીકે ડૉ. ગુણવંત શાહના જ પુસ્તકને આપવાનું સૌથી વધુ પસંદ કરે. વળી પુસ્તક વાંચ્યું કે નહીં? એમ પણ પૂછી લે. પછી મિત્રો સાથે ચર્ચા જામે. ગુણવંત શાહ શું કહેવા માગે છે? એની તો લાંબી ચર્ચા જામે. ક્યારેક 'પતંગિયાની અવકાશયાત્રા'નો પણ વારો આવી જાય!

દુન્યવી દૃષ્ટિએ અલગ તરી આવતા અમારા આ જિગરને અત્યંત વ્યસ્ત જીવનચર્યામાં આટલા ઓછા સમયમાં આવડી મોટી નવલકથાના નાયક તરીકે જીવંત કરવો એ ખરેખર દુષ્કર કાર્ય મનીષાબહેને પાર પાડ્યું છે જે અભિનંદનને પાત્ર છે. મન તો એવું માનવા પ્રેરાય છે કે જિગરનો આત્મા તો મનીષાબહેનને પ્રેરણા નહીં આપતો હોય!

મનીષાબહેન! જિગરને શબ્દદેહથી પુનર્જીવિત કરવામાં તમે નિમિત્ત બન્યાં છો! ત્યારે અમે 'શેઠ પરિવાર' અને 'દેસાઈ પરિવાર'ના સર્વે સભ્યો આપના અત્યંત ઋણી છીએ. આપની આ નવલકથા 'સત-અસત' ગુજરાતના રસિક વાચકો ભાવથી વાંચે અને ખૂબ પ્રસિદ્ધ પામે તેવી અમે સૌ ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ. અમે ડૉ. ગુણવંત શાહ, અવંતિકાબહેન, મનીષભાઈ, અમીષાબેન તેમજ કુટુંબના દરેક સભ્યને આ તકે યાદ કરીએ છીએ.

કૉલેજ જીવનમાં ગુણવંતભાઈનાં પુસ્તકોના વાચનથી જ જિગરનું માનસિક પોત વણાયું અને તે આટલી હદે ફિલોસોફીમાં અને કૃષ્ણાભિમુખ વિજ્ઞાની બની શક્યો, એમ કહીએ તો ખોટું નથી.

ગુજરાતના વિચારપુરુષ, કેળવણીકાર, સાહિત્યકાર, ઉપનિષદના જાણકાર અને મર્મજ્ઞ એવા ગુણવંતભાઈ શાહનાં દીકરી મનીષાબહેન ઈશ્વરની કૃપાપાત્ર બને અને ઈશ્વરના આશીર્વાદ એમના ઉપર હરહંમેશ વરસતા રહે તેવી શુભેચ્છા. કદાચ ઈશ્વરની ઇચ્છા હશે જ કે મનીષાબહેન આવી સુંદર નવલકથા લખે, એમ માનવું રહ્યું!

વિપિન શેઠ
વીણા શેઠ
ડૉ. ચિરાગ શેઠ – વિરલ શેઠ
અર્જુન - સિદ્ધાર્થ

તા. ૨૩-૦૯-૨૦૧૫
બુધવાર

પરિશિષ્ટ-૩
સત્યઘટના સાથે જોડાયેલી હકીકતો

- આ નવલકથાનો નાયક જાતુષ વિજ્ઞાની હતો. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ પૂર્ણ કરી, પૂનાની IUCAAમાં અભ્યાસ કરી, જર્મનીમાં આવેલ મેક્સ પ્લેન્ક ઇન્સ્ટિટ્યૂટમાં વધુ અભ્યાસાર્થે ગયો હતો.

- અતિ મહત્ત્વની શોધના અંતિમ ચરણમાં, ૨૭ નવેમ્બર, ૨૦૦૪ના રોજ 'મારે હજુ બ્રહ્માંડમાં ખૂબ ઊંચે ઊડવું છે' – એવું ઊર્ધ્વસ્વપ્ન સેવી રહેલા જાતુષને રોમથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર ટર્નિંગ ગામ પાસે, વહેલી સવારના વરસાદી ધુમ્મસી વાતાવરણમાં અટકી પડેલા ૩૦ પૈડાંવાળા મહાકાય ટ્રેલર સાથે કારનો ઍક્સિડન્ટ થયો હતો અને જાતુષ ઘટના સ્થળ પર જ મૃત્યુ પામ્યો હતો.

- જાતુષે SURFGEN અને FOF, ૨૫,૦૦૦ લીટીનો ઍલ્ગોરિધમ વિકસાવ્યો હતો. આ code વિજ્ઞાનક્ષેત્રે ખૂબ મહત્ત્વનો હતો. આ કમ્પ્યૂટર કોડના ઉકેલના ખગોળક્ષેત્રના તથા મેડિકલક્ષેત્રનાં જબરજસ્ત પરિણામો મળી શકે તેવી ગૂઢ વાત નિહિત છે. આ વિશિષ્ટ કોડમાં બ્રહ્માંડની ઉત્પત્તિ, ગ્રહો-નક્ષત્રો વગેરેને લગતી ગૂઢ-રહસ્યપૂર્ણ વાતો ભરેલી છે.

- જાતુષ કનૈયાલાલ મુનશીના 'કૃષ્ણાવતાર' અને ગુણવંત શાહનાં પુસ્તકો ખાસ કરીને 'કૃષ્ણનું જીવનસંગીત'નો ઊંડો અભ્યાસી હતો.

- જાતુષ એના પરિવારજનો અને સ્નેહીજનો સાથે ખૂબ નિકટતા ધરાવતો હતો. કથામાં દર્શાવાયું છે તે અનુજનું પાત્ર ખરેખર એના મોટાભાઈ ડૉ. ચિરાગ શેઠ છે. પરિવારજનોએ એના સ્નેહીજનોને લખેલા પત્રોનો સંગ્રહ પ્રકાશિત કર્યો છે 'ડૂબેલા સૂરજનું અજવાળું.'

- પુસ્તકમાં દર્શાવેલી વિજ્ઞાનની માહિતીઓ સાચી છે અને સ્ટિફન હૉકિંગના પુસ્તકો, 'A Brief History of Time', 'The Theory of Everything' અને 'The Grand Design'માંથી લેવામાં આવી છે.

- ડૉ. રૂપર્ટ શેલડ્રેઇકની 'મોર્ફોજિનેટિક ફિલ્ડ'ની પરિકલ્પના જાણીતી થયેલી છે.

- ડબલ સ્લિટનો પ્રયોગ પણ પુરવાર થયેલા છે. 'THE HOLY GRAIL OF PHYSICS'ની સંકલ્પના વિજ્ઞાનનું સમર્થન ધરાવે છે.

- નવલકથામાં વર્ણવાયેલા રહસ્યવાદીઓ, એમના મહાન સાત નિયમો અંગેની કલ્પના ધ ગ્નોસ્ટિક સોસાયટી દ્વારા બહાર પડેલી 'THE HERMETICUM AND HERMETIC TRADITION' પરથી લેવામાં આવેલી છે. અલબત્ત બીજા ધર્મોને જોડવાની કલ્પનાપદ્ધતિ લેખકની પોતાની છે.

- નવલકથામાં કરેલી મૃત્યુની પ્રક્રિયાનું વર્ણન તિબેટના બુદ્ધિસ્ટ લેખક રોબર્ટ એ.એફ. યુરમાનના પુસ્તક 'THE TIBETAN BOOK OF THE DEAD'માંથી લેવામાં આવ્યું છે.



પરિશિષ્ટ-4
સંદર્ભ ગ્રંથો

(૧) ડૂબેલા સૂરજનું અજવાળું પ્રો. વિપીન શેઠ, ડૉ. ચિરાગ શેઠ

(૨) કૃષ્ણનું જીવનસંગીત ગુણવંત શાહ (આર. આર. શેઠ)

(૩) The Grand Design Stephen Hawking & Leonard Mlodinow, Bantam Press

(૪) The Theory of Everything Stephen Hawking
Jaico Publishing House

(૫) A Brief History of Time Stephen Hawking

(૬) The Tibetan Book of Dead Robert A.F. Thurman
Foreward by H. H.
The Dalai Lama.

(૭) શક્યતાના શિલ્પી શ્રી અરવિંદ ગુણવંત શાહ (આર. આર. શેઠ)

(૮) A New Science of Life Rupert Sheldrake

(૯) Synchrodestiny Dipak Chopra

●●

કૉપીરાઈટ

Sat-Asat
A psycho-philosophical novel
Written by Dr. Manisha Manish

Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**
Mumbai ı Ahmedabad
2016

ePub version 2.0.1
ISBN : 978-93-5122-405-1

કવર-ડિઝાઇન:વિવેક શાહ

લેખકનાં અન્ય પુસ્તકો

મરો ત્યાં સુધી જીવો (સંપાદક)
ધ બૉસ (સહ-લેખક)
કૃષ્ણં શરણં ગચ્છામિ (સંપાદક)

સંપર્ક સૂત્ર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પેઢીઓથી ઉત્તમ પુસ્તકો માટે

મુંબઈ ઓફિસ

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,
અર્થબાગ,
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨) ૨૨૦૧૩૪૪૧

અમદાવાદ ઓફિસ

'દ્વારકેશ'
રોયલ્સ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com